# શ્રીમદ્ભગવદ


# ગીતા

# કુર્આન

## ના પ્રકાશમા

‘‘જે મનુષ્ય આ (ઈશ્વરના આદેશો અને નિયમો પર આધારિત) ધર્મ વિશે કરવામાં આવેલ સંવાદ પર વિચાર કરશે અને ધીમે–ધીમે તેને સમજશે, તે જ્ઞાન દ્વારા ઈશ્વરની પ્રસન્નતા પ્રાપ્ત કરશે અને હું (ઈશ્વર) તેની બધી આશાઓને પૂરી કરીશ, આવો મારો નિર્ણય છે.’’

(ભગવદ્ ગીતા, અધ્યાય–૧૮, શ્લોક નં. ૭૦)



આ જીવન અને મૃત્યુ પછીના જીવનમાં સફળ થવા માટે આ દિવ્ય ગ્રંથને જીવનમાં એક વાર અવશ્ય વાંચો.

# ભગવદ્ગીતા
## કુર્આનના પ્રકાશમાં

આ પુસ્તકના ઉર્દૂ સંસ્કરણને
સને ૨૦૧૬ માં
મહારાષ્ટ્ર રાજ્ય ઉર્દૂ સાહિત્ય એકેડેમી
તરફથી
**ડૉ. સાજિદ સિદ્દીકી**
ને
**મા. ના. શ્રી વિનોદ તાવડે**
(મા.મંત્રીશ્રી, અલ્પસંખ્યક, મહારાષ્ટ્ર રાજ્ય)
ના હસ્તે
**સાહિત્યિક પુરસ્કાર**
આપવામાં આવ્યો.









सत्यमेव जयते
महाराष्ट्र शासन
अल्पसंख्याक विकास विभाग
महाराष्ट्र राज्य उर्दू साहित्य अकादमी
مہاراشٹر اسٹیٹ اُردو ساہتیہ اکادمی
محکمہ اقلیتی ترقیات، حکومت مہاراشٹر

سند
ڈاکٹر ساجد صدیقی، مالیگاؤں
کو ۲۰۱۶ء میں مطبوعہ کتابوں میں منتخب کتاب
بھگوت گیتا قرآن کی روشنی میں
کے لیے ایوارڈ سے نوازا جاتا ہے۔

प्रमाणपत्र
डॉ. साजिद सिद्दीकी, मालेगांव
यांच्या भगवत गिता कुराण की रोशनी में, या पुस्तकाची
सन २०१६ करिता "निवडक पुस्तक" म्हणून
पारितोषिकासाठी निवड करण्यात
आलेली आहे.

मा.ना.श्री. दिलिप कांबळे
(मा.राज्यमंत्री, अल्पसंख्याक विकास, महाराष्ट्र राज्य)

मा.ना.श्री. विनोद तावडे
(मा.मंत्री, अल्पसंख्याक विकास, महाराष्ट्र राज्य)

मा.श्री. श्याम तागडे
(प्रधान सचिव, अल्पसंख्याक विकास विभाग, महाराष्ट्र राज्य)

# શ્રીમદ્ ભગવદ્

# ગીતા

## કુર્આનના પ્રકાશમાં


સંસ્કૃતથી ઉર્દૂ અનુવાદ : **ડૉ. સાજિદ સિદ્દીકી**

ઉર્દૂથી હિન્દી અનુવાદ : **એડ. નિલેશ ચંદ્રભુષણ ઓઝા**
B.E. (Electronics and Communication)
LL.B.
All India President of Indian Bar Association (IBA)
Chairman of the Maharashtra Chapter of Transperency International India (TII)
(Author of "How to get Justice against Wrong Judgement and Police Atrocities")
ISBN : 978-81-951129-4-4

**ક્યૂ એસ. ખાન**
B.E. (Mech)
Author more than Ten Books
Read and Download from - www.qskhan.com

હિન્દીથી ગુજરાતી અનુવાદ : મુહમ્મદ જમાલ પટીવાલા
Muhammad Jamal Patiwala (Modasa, Gujarat)

**No Copyright**

આ પુસ્તકના કોપીરાઈટ પ્રકાશકની પાસે છે. પરંતુ એ વાતની અનુમતી છે કે આ પુસ્તકને વેચવા માટે કે વિનામૂલ્યે વિતરણ કરવા માટે કોઈપણ વ્યક્તિ આને પ્રકાશિત કરી શકે છે અને આ પુસ્તકને કોઈપણ ભાષામાં અનુવાદની અનુમતી છે, શરત એ છે કે આ પુસ્તકની મૂળ શિક્ષામાં કે લખાણમાં ફેરફાર, વધારો-ઘટાડો કે પરિવર્તન ન કરવામાં આવે. અમે આના બદલામાં કોઈ રોયલ્ટી નથી માગતા. સારા પ્રિન્ટિંગ માટે તમે અમારા પાસેથી આની સોફ્ટ-કોપી મંગાવી શકો છો.

| | | |
|---|---|---|
| Name of Book | : | Shrimad Bhagwad Gita Quran na Prakash ma |
| ISBN No. | : | ISBN 978-81-951129-4-4 |
| Edition | : | First (June 2021) |
| Price | : | ₹ 400/- |
| Published by | : | Gita Publication<br>Premises Number 1,<br>Bachan Sing Compound,<br>Off. L.B.S. Road, Sonapur,<br>Bhandup (W), Mumbai-400078 (India) |
| Website | : | www.gitaquran.com / www.qskhan.com |
| Email | : | qsk1961@gmail.com |
| Tele. | : | +91-22-25965930 |

# પ્રસ્તાવના

ડૉ. સાજિદ સિદ્દીકી સાહેબે સાત વર્ષ સુધી તનતોડ મહેનત કરીને ભગવદ્ ગીતાનો ઉર્દૂમાં અનુવાદ કર્યો હતો, જેની વિદ્વાનોએ ખૂબ પ્રશંસા કરી. મહારાષ્ટ્ર સરકારે પણ આ અનુવાદના વખાણ કરી અને પુરસ્કારથી સન્માનિત કર્યા.

પવિત્ર કુર્આનમાં લખ્યું છે કે,

હે મુહમ્મદ (સલ્લ.)! અમે તમારા તરફ એ જ પ્રમાણે અવતરિત જ્ઞાન મોકલ્યું છે, જે રીતે નૂહ (મનુ) અને તે પછીના પયગંબરો તરફ અવતરિત જ્ઞાન મોકલ્યું હતું, અને અમે ઈબ્રાહીમ અને ઈસ્માઈલ અને ઈસ્હાક અને યાકૂબ અને તેમની સંતાન (યૂસુફ) અને ઈસા અને ઐયૂબ અને યૂનુસ અને હારૂન અને સુલૈમાન તરફ મોકલ્યું, અને અમે દાઊદને ઝબૂર (અવતરિત ગ્રંથ) પ્રદાન કર્યો. (સુરઃ નિસા, ૪ : આ. ૧૬૩)

અર્થાત્, ઈશ્વરે બધા પયગંબરોને એક સમાન આદેશની સાથે ધરતી પર મોકલ્યા હતા. તેથી આપણે એમ પણ કહી શકીએ છીએ કે જેટલા અવતરિત ગ્રંથો છે તે બધામાં એક સરખા ઈશ્વરીય આદેશો છે.

ભગવદ્ ગીતામાં આદેશો ઈશ્વરના છે, શબ્દો મહાઋષી વેદ વ્યાસજીના છે. જ્યારે અમે ડૉ. સાજિદ સાહેબના અનુવાદને વાંચ્યો, તો ઈશ્વરના એ જ આદેશો અમને ભગવદ્ ગીતામાં મળ્યા જેવા આદશો પવિત્ર કુર્આનમાં છે. આ આદેશો અને જ્ઞાન મનુષ્યના પોતાના જીવનમાં અને સમાજમાં સુખ-શાંતિ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે, તેથી અમે ડૉ. સાજિદ સાહેબના ઉર્દૂ અનુવાદને હિન્દીમાં અનુવાદ કરીને તમારા સામે પ્રસ્તુત કરી રહ્યા છીએ. (જેને હવે ગુજરાતીમાં પણ પ્રસ્તુત કરી રહ્યા છીએ.) અમને આશા છે કે આનાથી સમાજમાં એક-બીજા પ્રત્યે સદ્ભાવ અને પ્રેમનું વાતાવરણ ઊભું થશે.

ડૉ. સાજિદ સાહેબને પુરસ્કારો મળ્યા અને વિદ્વાનોએ જે પ્રશંસા કરી તેને પણ અમે આ પુસ્તકમાં પ્રકાશિત કરી રહ્યા છીએ.

સંભવ છે કે અમારાથી કોઈ શ્લોકને સમજવામાં અને અનુવાદ કરવામાં ભૂલ-ચૂક થઈ હોય, જો તમને લાગે કે અમારાથી કોઈ ભૂલ-ચૂક થઈ છે, તો અમને અવશ્ય બતાવશો, જેથી પછીના સંસ્કરણમાં તેને સુધારી શકાય.

અમે ઈશ્વરથી પ્રાર્થના કરીએ છીએ કે ઈશ્વર આપણા-સૌને તેના આદેશોને સાચી રીતે સમજવાની સદ્બુદ્ધિ આપે, અને તેના પર ચાલવાની શક્તિ અને સામર્થ્ય પ્રદાન કરે.

આપનો ભાઈ,
**એડ. નિલેશ ચંદ્રભુષણ ઓઝા**
**ક્યૂ. એસ. ખાન**



**સ.૨૦૧૬માં મહારાષ્ટ્ર સરકારે ડૉ. સાજિદ સિદ્દીકી સાહેબના ઉર્દૂ અનુવાદને 'મહારાષ્ટ્ર રાજ્ય ઉર્દૂ સાહિત્ય એકેડેમી' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યો હતો.**

# પ્રસ્તાવના

ડૉ. રેખા વ્યાસ અને પ્રો. હેમંથ દત્તાત્રેય ખૈરનારજીએ આ પ્રસ્તાવના ડૉ. સાજિદ સિદ્દીકી સાહેબના ભગવદ્ ગીતાના અનુવાદ માટે લખી હતી. તમારી જાણકારી માટે અમે તેને અહીં પ્રસ્તુત કરી રહ્યા છીએ.

**– ડૉ. રેખા વ્યાસ –**

**(ચારે વેદોની અનુવાદક અને અઢાર પ્રકાશિત પુસ્તકોની લેખિકા)**

**આમુખ - અદ્‌ભુત દૃષ્ટાંત અને મશાલ**

''મારા પરિચિતો મહદ્અંશે મને કહે છે કે અમારી જેમ તમે પણ પરિચિતોના કામ કરવાનું રાખો તેનાથી સારું રહે છે.'' હું તેમને કહુંછું કે હું જેમનું કામ કરુંછું તેઓ પરિચિત જ થઈ જાય છે, કામના માધ્યમથી થયેલ પરિચય ખૂબ પુખ્ત, આત્મીય અને મજબૂત હોય છે. ડૉ. સાજિદજીથી પણ પરિચય ખૂબ જ વિશાળ કાર્યના માધ્યમથી થયો અને એટલો મજબૂત થઈ ગયો કે લાગતું જ નથી કે આ પરિચય મારા વેદોના અનુવાદની પ્રશંસામાં આવેલ તેમના ફોનની પ્રતિક્રિયાનું પરિણામ છે અને નવો પરિચય છે.

**कर्म प्रधान विश्वरचि राखा**

કર્મ સૃષ્ટિનું મૂળ છે અને ગીતાનું મૂળ આ જ કર્મ છે. સાજિદજીએ આ જ કર્મ-ગ્રંથ ગીતા અર્થાત્ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો અનુવાદ કરીને તેમાં કર્મઠતાનું એક વધારે પ્રકરણ જોડી દીધું છે. આટલા બધા ગ્રંથોમાંથી જો તેમણે આ ગ્રંથ પસંદ કર્યો છે, તો નિશ્ચિતરૂપે તેમના મનો-મસ્તિષ્ક પર તેના દર્શનની છાપ ચોક્કસ હશે.

ડૉ. શ્રી સાજિદે ખૂબ સરળ, પ્રચલિત બોલચાલ અને આત્મીય અનુવાદ કર્યો છે. અનુવાદનું આ સૌથી સશક્ત અને પ્રાણવાન પાસું છે. ઉર્દૂનું આવરણ તેને લાખો લોકો સુધી પહોંચાડશે. ડૉ. સાજિદ ગીતાના સાર સુધી પહોંચ્યા છે. આ પણ અનુવાદની શક્તિ છે. માત્ર શબ્દાનુવાદ હોય તો આ વાત બનતી નથી.

આ અનુવાદ કેવળ અનુવાદ કે તરજુમો નથી, કોઈ ગ્રંથનું ભાષાંતર માત્ર પણ નથી, બલ્કે સંસ્કૃતિઓનો સંગમ, રાષ્ટ્રીય એકતાનું ઉદાહરણ છે, જે આપણી સૌથી મોટી આવશ્યકતા છે. આજે ભારત પુનઃ વિશ્વ-ગુરુ અને શક્તિ બની જાય, જો આ પારસ્પારિક વૈમનસ્ય અને વિધ્વંસની ભાવના સમાપ્ત થઈ જાય.

દુર્ભાગ્યવશ આપણે મહાન ગ્રંથોને ધર્મના હવાલાથી જોવાની આદત બનાવી રાખી છે, જ્યારે કે આ આચાર-શાસ્ત્ર છે, તેને કોઈપણ અપનાવી શકે છે. આ ગ્રંથો સૌના છે અને સૌ તેના છે. ડૉ. સાજિદના અનુવાદથી સમાજની ઘણી ભ્રમણાઓ તૂટશે. ગીતા વિશે ઓછું જાણનારાઓ આને યુદ્ધ-ગ્રંથ સમજવાની ભૂલ કરે છે, જ્યારે કે આ કર્તવ્ય તરફ કેન્દ્રિત કરવાવાળો ગ્રંથ છે. પોતાના-પારકાના ભેદને મિટાવવા, શરીર અને આત્માનું અંતર બતાવનાર ગ્રંથ છે. આજના ભટકતા, ભોગવાદ તરફ ઉન્મુખ થતા સમાજ માટે ડૉ. સાજિદનો અનુવાદ 'અદ્‌ભુત દૃષ્ટાંત અને મશાલ' છે.

**– ડૉ. રેખા વ્યાસ**
**(દિલ્હી)**

**– પ્રો. હેમંત દત્તાત્રેય ખૈરનાર –**

**એમ.એ., સંસ્કૃત, તિલક મહારાષ્ટ્ર વિશ્વવિદ્યાલય.**
**બી.એડ. સંસ્કૃત-અંગ્રેજી, કવિ કુલગુરુ કાલિદાસ વિશ્વવિદ્યાલય, રામટેક, નાગપુર.**
**એમ.એડ. સંસ્કૃત, મુંબઈ વિશ્વવિદ્યાલય.**
**વેદ વિષય માટે વિશ્વવિદ્યાલયમાં પ્રથમ ક્રમાંક (ગોલ્ડ મેડલ) પ્રાપ્ત કરનાર.**

'શ્રીમદ્‌ભગવદ્‌ગીતા' માનવ-સંસ્કૃતિનો એક અણમોલ ઉપહાર છે. ગીતા માત્ર એક ધાર્મિક ગ્રંથ નથી, બલ્કે તે માનવ-જીવનને સન્માર્ગ બતાવનાર પવિત્ર ગ્રંથ પણ છે. માનવ-જીવનની તમામ સમસ્યાઓનો હલ આ ગ્રંથમાં મોજૂદ છે. શ્રી પાંડુરંગશાસ્ત્રી આઠવલે, જેઓ સ્વાધ્યાય સંસ્થાના વિશ્વ-સ્થાપક છે, તેઓ કહે છે કે,

"Geeta is not only Bibles of Hinduism,
but Geeta is a Bible of Humanity."

''ગીતા માત્ર હિંદુત્વનો બાઈબલ નથી, બલ્કે ગીતા સમસ્ત માનવ-જાતિનો બાઈકલ છે.''

જીવનના પ્રયાસમાં મનુષ્ય કેવો વર્તાવ કરે એ બતાવતાં માનવ-જીવનના શ્રેષ્ઠ ઉદ્દેશ્યોને ગીતા દર્શાવે છે. પુરુષોત્તમ યોગ, ભક્તિયોગ, સ્થિતપ્રજ્ઞયોગ, કર્મ, મીમાંસા, આ વિષયો પર વિસ્તારપૂર્વક ચર્ચા પવિત્ર ગ્રંથ ગીતામાં છે. અર્થાત્, માનવ-જીવનના ઉત્તમ વીકાસના માર્ગને ગીતા દર્શાવે છે.

આદરણીય ડૉ. સાજિદ સિદ્દીકી સાહેબે ગીતાનું અધ્યયન કરીને મુસલમાનોના પવિત્ર ગ્રંથ કુર્આન-શરીફના ધાર્મિક દૃષ્ટિકોણને એક-બીજાના સમાન કરવાનો જે પ્રયત્ન કર્યો છે, તેની પ્રશંસાને શબ્દોમાં વ્યક્ત કરવું ખૂબ જ મુશ્કેલ છે.

ઈશ્વર એક જ છે અને આપણે સૌ એ જ એક ઈશ્વરની સંતાન છીએ. આ ભાવનાને દર્શાવવા માટે આદરણીય સાજિદ સિદ્દીક સાહેબ દ્વારા લખવામાં આવેલ સંસ્કૃત ભાગને તપાસવાનું સૌભાગ્ય મને સાંપડ્યું, હું તેના માટે પોતાને ધન્ય સમજું છું.

શ્રી ડૉ. સાજિદ સિદ્દીકી સાહેબના પુસ્તકનું અધ્યયન કર્યા પછી હિંદુ અને મુસ્લિમ સમાજમાં એકતાનું વાતાવરણ નિર્માણ કરવામાં અવશ્ય મદદ મળશે. ઈશ્વર તેમના આ પ્રયાસને સફળ કરે, એ જ મારી શુભકામનાઓ છે.

**– પ્રો. હેમંત દત્તાત્રેય ખૈરનાર**
**(સંસ્કાર સંસ્કૃત ક્લાસીસ, માલેગાંવ કેમ્પ)**

# અનુક્રમણિકા

પ્રસ્તાવના ........ ૦૩
વિષય અનુસાર અનુક્રમણિકા ........ ૧૨
ધાર્મિક ગ્રંથોનું મહત્ત્વ ........ ૧૭

**અધ્યાય-૧ ........ ૧૯**
**અર્જુન વિષાદ યોગ**

યોદ્ધાઓનું વર્ણન ........ ૨૦
અર્જુને સૈન્યનું નિરીક્ષણ કર્યું ........ ૨૪
અર્જુનની નિરાશા ........ ૨૫
અર્જુનનું યુદ્ધ ન કરવાનું કારણ ........ ૨૮

**અધ્યાય-૨ ........ ૩૦**
**સાંખ્ય યોગ**

શ્રી કૃષ્ણજીનું અર્જુનને સાંત્વના આપવી ........ ૩૧
અર્જુનનું પોતાના વિચારો વ્યક્ત કરવું ........ ૩૧
શ્રી કૃષ્ણજીના ઉપદેશો ........ ૩૩
ઈશ્વરનો પરિચય ........ ૩૫
અવતરિત જ્ઞાન ........ ૩૬
(Spirit) અંતરાત્મા કે રૂહનું વર્ણન ........ ૩૬
ક્ષત્રિયના કર્તવ્યો ........ ૪૦
કર્મ-બંધન (અનિવાર્ય કર્તવ્યો) ........ ૪૨
જેઓ એક ઈશ્વરને નથી માનતા તેમનો વ્યવહાર ........ ૪૩
માનવ-જાતિ માટે ઈશ્વરના નિર્દેશો ........ ૪૪
હંમેશા નિઃસ્વાર્થ કર્મ કરો ........ ૪૬
ઈશ્વરમાં દૃઢ શ્રદ્ધાના લક્ષણો ........ ૪૮
ઈચ્છાઓને વશમાં રાખવાનાં ઉપાયો ........ ૪૯
મનુષ્યના વિનાશનો આરંભ કેવી રીતે થાય છે ? ........ ૫૦
ઈચ્છાઓને વશમાં રાખવાનું મહત્ત્વ ........ ૫૦

**અધ્યાય-૩ ........ ૫૪**
**કર્મયોગ**

કર્મયોગનો પરિચય ........ ૫૫
ધર્મમાં કર્મ અને શ્રદ્ધા બંનેનું મહત્ત્વ ........ ૫૬
અનિવાર્ય કર્મ કરવાની રીત ........ ૫૭
અનિવાર્ય કર્મ કરવાથી ઉન્નતિ મળે છે ........ ૫૮
અનિવાર્ય કર્મ કરવાથી સુખ-શાંતિ મળે છે ........ ૬૦
કર્મોનો ઉદ્દેશ્ય જન-કલ્યાણ હોવો જોઈએ ........ ૬૨
સત્કર્મો માટે પ્રેરણા ........ ૬૩
અજ્ઞાનીઓને સત્કર્મો માટે કેવી રીતે પ્રેરિત કરવા ........ ૬૩

ઈશ્વરના આદેશોનો સારાંશ ........ ૬૬
કર્તવ્યોને પૂરા કરવાના માર્ગના અવરોધો ........ ૬૬
પોતાના સ્વભાવને સમજો અને ધાર્મિક કર્તવ્યોને પૂરા કરો ........ ૬૭
પોતાના કર્તવ્યોને પૂરા ન કરવાના કારણો ........ ૬૭
કામ-ભાવનાને કેવી રીતે વશમાં કરવી ? ........ ૬૯

**અધ્યાય-૪ ........ ૭૦**
**જ્ઞાન કર્મસંન્યાસયોગ**

પ્રાચીન કાળના દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરનારા મહાપુરુષો ........ ૭૧
ઈશ્વર દ્વારા માનવ-જાતિના માર્ગદર્શનની પદ્ધતિ ........ ૭૩
દિવ્ય જ્ઞાનનો લાભ ........ ૭૪
દિવ્ય જ્ઞાનને ન માનવાનાં કારણો ........ ૭૫
દિવ્ય જ્ઞાનનું મહત્ત્વ ........ ૭૫
કર્મ વિશે મહત્ત્વપૂર્ણ જ્ઞાન ........ ૭૬
મહત્ત્વપૂર્ણ દિવ્ય જ્ઞાન ........ ૭૮
ઈશ્વરની પ્રાર્થનાની અનેક પ્રકારની પદ્ધતિઓ ........ ૭૯
ઈશ્વરની પ્રાર્થના ન કરવાનાં નુક્સાન ........ ૮૧
જ્ઞાન અને પ્રાર્થના મુક્તિના માર્ગો છે ........ ૮૧
દિવ્ય જ્ઞાનનું મહત્ત્વ ........ ૮૨
ઈશ્વરની પ્રાર્થના ન કરવાવાળાઓનો અંત કેવી રીતે થશે ? ........ ૮૪
દિવ્ય જ્ઞાન સંક્ષિપ્તમાં ........ ૮૪

**અધ્યાય-૫ ........ ૮૬**
**કર્મસંન્યાસયોગ**

કર્મયોગ શ્રેઠ છે ........ ૮૭
કર્મયોગનું મહત્ત્વ ........ ૮૮
ઈશ્વર કર્મોનો હિસાબ લેશે ........ ૯૧
ભગવદ્ ગીતાનું મહત્ત્વ ........ ૯૨
દિવ્ય જ્ઞાનનું મહત્ત્વ ........ ૯૨
સુખ-શાંતિ કેવી રીતે પ્રાપ્ત કરશો ? ........ ૯૩
સ્વર્ગ કેવી રીતે પ્રાપ્ત કરશો ? ........ ૯૪

**અધ્યાય-૬ ........ ૯૭**
**આત્મસંયમયોગ**

સાચો સંન્યાસી કોણ ? ........ ૯૮
મન અને આત્માને વશમાં કરવાનું મહત્ત્વ ........ ૯૯
ધ્યાનયોગની પદ્ધતિ ........ ૧૦૧
ધ્યાનયોગ માટે યોગ્યતા ........ ૧૦૨
દુઃખ દૂર કરવાનાં ઉપાયો ........ ૧૦૨
ધ્યાનયોગના લાભો ........ ૧૦૩
કર્મયોગીઓ અને સંન્યાસયોગીઓ માટે મહત્ત્વપૂર્ણ આદેશો ........ ૧૦૪

ધ્યાનયોગથી વિચારોમાં સુધારણાનું વર્ણન ........ ૧૦૬
ધ્યાનયોગ કરવાની મુશ્કલીઓ ........ ૧૦૭
નિષ્ફળ યોગીનું પરિણામ ........ ૧૦૮
યોગીનું ઉચ્ચ સ્થાન ........ ૧૧૧

**અધ્યાય-૭ ........ ૧૧૨**
**જ્ઞાનવિજ્ઞાનયોગ**

ઈશ્વર અને અન્ય લોક વિશે જ્ઞાનનું મહત્ત્વ ........ ૧૧૪
સૃષ્ટિની રચનાના પદાર્થો ........ ૧૧૪
ઈશ્વરની સૌથી મહત્ત્વપૂર્ણ રચના અન્ય લોક છે ........ ૧૧૫
ઈશ્વરનો પરિચય ........ ૧૧૫
ઈશ્વરને ન ઓળખવાનાં કારણો ........ ૧૧૭
સત્વ, રજો અને તમો ગુણ મનુષ્યની પરીક્ષા માટે છે ........ ૧૧૭
ઈશ્વરમાં કોણ શ્રદ્ધા રાખે છે ? ........ ૧૧૮
દેવતાઓને પૂજવાનું કારણ ........ ૧૧૯
બુદ્ધિહીન વ્યક્તિઓની ભૂલ ........ ૧૨૧
જીવનમાં ચિંતાઓનું કારણ ........ ૧૨૨
ઈશ્વરમાં શ્રદ્ધાનું મહત્ત્વ ........ ૧૨૨

**અધ્યાય-૮ ........ ૧૨૪**
**અક્ષરબ્રહ્મયોગ**

ઈશ્વરનો પરિચય ........ ૧૨૫
સ્વર્ગમાં પ્રવેશને યોગ્ય કેવી રીતે બનીએ ? ........ ૧૨૭
મૃત્યુના સમયે ઈશ્વરને યાદ કરવાનું મહત્ત્વ ........ ૧૨૮
સ્વર્ગ કેવી રીતે પ્રાપ્ત કરીએ ? ........ ૧૨૯
અન્ય લોકનું વર્ણન ........ ૧૩૨
ઈશ્વરને ઓળખો ........ ૧૩૩
સ્વર્ગ અને નર્કમાં પ્રવેશની પ્રક્રિયા ........ ૧૩૪

**અધ્યાય-૯ ........ ૧૩૭**
**રાજવિદ્યાયોગ**

આ દિવ્ય ગ્રંથમાં અવતરિત જ્ઞાન છે ........ ૧૩૭
અધર્મ વ્યક્તિઓનું ભવિષ્ય ........ ૧૩૮
ઈશ્વરની મહાનતાનું વર્ણન ........ ૧૩૮
પ્રલયના દિવસે પુનઃજીવિત કરવાનું વર્ણન ........ ૧૩૯
મૂર્ખ લોકોની ગેરસમજ ........ ૧૪૧
અજ્ઞાનીઓનું ભવિષ્ય ........ ૧૪૧
ઈશ્વરમાં શ્રદ્ધા રાખનારાઓના ગુણો ........ ૧૪૧
માનવ-જાતિનું વર્ગીકરણ ........ ૧૪૨
બીજાઓને પ્રાર્થના કરનારાઓની ગેરસમજને ઈશ્વરે આ રીતે દૂર કરી ........ ૧૪૨
ઓછા પુણ્ય-કર્મ કરનારાઓનું ભાગ્ય ........ ૧૪૫

ઈશ્વરનું શરણ ........ ૧૪૬
દેવતાઓની પૂજાનું કારણ ........ ૧૪૬
અનિવાર્ય કર્મ કેવી રીતે પૂરા કરવામાં આવે ? ........ ૧૪૭
ઈશ્વર માટે બધા મનુષ્યો એક સમાન છે ........ ૧૪૮
ઈશ્વરમાં શ્રદ્ધા રાખનારા ઈશ્વરના પ્રિય છે ........ ૧૪૮
તમામ મનુષ્યો સ્વર્ગ પ્રાપ્ત કરી શકે છે ........ ૧૪૯
સંસારની વાસ્તવિકતા ........ ૧૪૯

**અધ્યાય-૧૦ ........ ૧૫૧**
**જ્ઞાનવિજ્ઞાનયોગ**

ઈશ્વરનો પરિચય ........ ૧૫૨
ઈશ્વરમાં શ્રદ્ધાનું મહત્ત્વ ........ ૧૫૨
પ્રાણીઓમાં પ્રજનનની ક્ષમતા ઈશ્વરની મહાનતાનું પ્રમાણ છે ........ ૧૫૨
ઈશ્વરમાં શ્રદ્ધા રાખનારાઓનો વ્યવહાર ........ ૧૫૪
બુદ્ધિ યોગમ્ ........ ૧૫૪
અર્જુન દ્વારા ઈશ્વરની પ્રશંસા ........ ૧૫૫
અર્જુનની ઈશ્વરને વિનંતી ........ ૧૫૬
ઈશ્વરની દિવ્ય રચનાઓ ઈશ્વરની મહાનતા દર્શાવે છે ........ ૧૫૭

**અધ્યાય-૧૧ ........ ૧૬૫**
**વિશ્વરૂપદર્શનયોગ**

ઈશ્વરની દિવ્ય રચનાઓ જોવા માટે અર્જુનની વિનંતી ........ ૧૬૬
ઈશ્વરે પોતાની દિવ્ય રચનાઓ અર્જુનને બતાવી ........ ૧૬૭
ઈશ્વરે અર્જુનને દિવ્ય દૃષ્ટિ પ્રદાન કરી ........ ૧૬૮
ઈશ્વરની જ્યોતિ ........ ૧૭૦
અર્જુને ઈશ્વરની પ્રશંસા કરી ........ ૧૭૦
ઈશ્વરની મહાનતાનું વર્ણન ........ ૧૭૨
યમરાજનું અર્જુનની સામે આવવું ........ ૧૭૫
યમરાજના ભયાનક રૂપનું વર્ણન ........ ૧૭૫
યમરાજે પોતાનો પરિચય આપ્યો ........ ૧૭૭
અર્જુનનું ખેદ વ્યક્ત કરવું ........ ૧૮૧
અર્જુનની દિવ્ય રચનાઓને ફરીથી જોવાની વિનંતી ........ ૧૮૨
ઈશ્વરનો ઈન્કાર ........ ૧૮૩
મહત્ત્વપૂર્ણ ઉપદેશ ........ ૧૮૫

**અધ્યાય-૧૨ ........ ૧૮૬**
**ભક્તિયોગ**

મૂર્તિપૂજાનો નિષેધ ........ ૧૮૭
ઈશ્વરમાં શ્રદ્ધા રાખનારાઓ સ્વર્ગ કેવી રીતે પ્રાપ્ત કરે છે ? ........ ૧૮૮

નિરાકાર ઈશ્વર પર ધ્યાન કેન્દ્રિત ન થય તો શું કરવામાં આવે? ................................ ૧૮૮
અધ્યાયનો સારાંશ ................................ ૧૯૩

**અધ્યાય-૧૩ ................................ ૧૯૪**
**ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ**

ઈશ્વર અને તેની મહાન રચનાઓને મનુષ્યએ તેના ભાવની સાથે સમજવાનો પ્રયાસ ................................ ૧૯૫
મનુષ્યમાં બુદ્ધિ અને ભાવના ઈશ્વરની મહાનતાના પ્રતીક છે ................................ ૧૯૬
ધાર્મિક જ્ઞાન જ તત્ત્વજ્ઞાન છે ................................ ૧૯૮
ઈશ્વરના એ વિશેષ ગુણો જે કોઈ અન્યમાં નથી હોઈ શકતા ................................ ૧૯૮
ભાગ્ય શું છે? ................................ ૨૦૨
ભાગ્ય, ઈશ્વર અને ઈશ્વરના શાસનને ઓળખો ................................ ૨૦૩
આ સંસારને કઈ દૃષ્ટિથી જોવું જોઈએ ................................ ૨૦૫
પ્રાણીઓમાં જીવનનો સ્રોત ઈશ્વર છે ................................ ૨૦૬
એ જ્ઞાન અને શ્રદ્ધા જેના કારણે સ્વર્ગ પ્રાપ્ત થાય છે ................................ ૨૦૭

**અધ્યાય-૧૪ ................................ ૨૦૯**
**ગુણત્રયવિભાગયોગ**

ધાર્મિક જ્ઞાનનું મહત્ત્વ ................................ ૨૧૧
પ્રાણીઓના ઉત્પન્ન થવાનું વર્ણન ................................ ૨૧૧
સત્વ-ગુણની વિશેષતાઓ ................................ ૨૧૨
રજો-ગુણની વિશેષતાઓ ................................ ૨૧૨
તમો-ગુણની વિશેષતાઓ ................................ ૨૧૩
મનુષ્ય પર ગુણોનો પ્રભાવ ................................ ૨૧૩
સત્વ-ગુણ પ્રબળ હોવાની નિશાનીઓ ................................ ૨૧૩
રજ-ગુણ પ્રબળ હોવાની નિશાનીઓ ................................ ૨૧૪
તમ-ગુણ પ્રબળ હોવાની નિશાનીઓ ................................ ૨૧૪
સત્વ-ગુણ પ્રબળ હોવાનું મહત્ત્વ ................................ ૨૧૪
રજ અને તમ-ગુણ નર્કમાં લઈ જશે ................................ ૨૧૫
કર્મો પર ગુણોનો પ્રભાવ ................................ ૨૧૫
વિચારો પર ગુણોનો પ્રભાવ ................................ ૨૧૫
નર્કમાં ત્રણેય ગુણોવાળાઓને કઈ રીતે રાખવામાં આવશે? ................................ ૨૧૬
ત્રણેય ગુણોથી ઉપર ઉઠવાનું મહત્ત્વ ................................ ૨૧૬
અતીત (સંયમી) સ્વભાવવાળા વ્યક્તિની વિશેષતાઓ ................................ ૨૧૭
અધ્યાયનો સારાંશ ................................ ૨૧૯

**અધ્યાય-૧૫ ................................ ૨૨૦**
**પુરુષોત્તમયોગ**

વડના ઝાડ સમાન અદ્ભુત છે ................................ ૨૨૧
અન્ય લોકની શોધનું મહત્ત્વ ................................ ૨૨૨
સ્વર્ગનું વર્ણન ................................ ૨૨૩

પ્રાણીઓના જીવનનું રહસ્ય ........................................................ ૨૨૩
પ્રલયના સમયે જીવિત થવાનું વર્ણન ........................................................ ૨૨૪
ઈશ્વરને ઓળખવાનો અને તેની જ પ્રાર્થનાનો આદેશ ........................................ ૨૨૫
ઈશ્વરને ઓળખવું જ તત્ત્વજ્ઞાન છે ........................................................ ૨૨૭

**અધ્યાય-૧૬ ........................................................ ૨૨૮**
**દૈવાસૂરસંપદવિભાગયોગ**

ઈશ્વરની પ્રાર્થનાથી ઉત્પન્ન થતા ગુણો ........................................................ ૨૨૮
આસૂરના પ્રભાવથી ઉત્પન્ન થવાવાળા ગુણો ........................................................ ૨૩૦
આસૂરી ગુણોનું વર્ણન ........................................................ ૨૩૦
આસૂરી ગુણવાળા વ્યક્તિઓનું પરિણામ ........................................................ ૨૩૪
કામ, ક્રોધ અને લોભ પણ વિનાશક ગુણો (કે ભાવનાઓ) છે ........................................ ૨૩૫
ઈશ્વરનો મહત્ત્વપૂર્ણ આદેશ ........................................................ ૨૩૬

**અધ્યાય-૧૭ ........................................................ ૨૩૭**
**શ્રદ્ધાત્રયવિભાગયોગ**

ઈશ્વરમાં શ્રદ્ધા જન્મથી જ મનુષ્યના સ્વભાવમાં છે ........................................ ૨૩૯
મનુષ્યની શ્રદ્ધા કેવી રીતે બદલાય છે ? ........................................................ ૨૪૦
ત્રણેય ગુણોવાળા કોની ઉપાસના કરે છે ? ........................................................ ૨૪૦
અવતરિત ગ્રંથોને ન માનવાવાળા રાક્ષસી ગુણોવાળા છે ........................................ ૨૪૧
પોતાના પ્રિય ભોજનથી પોતાના ગુણોને ઓળખો ........................................ ૨૪૨
ગુણો અનુસાર પુણ્ય કરવાની પદ્ધતિમાં અંતર ........................................ ૨૪૩
શરીરના તપનું વર્ણન ........................................................ ૨૪૩
વાતચીતના તપનું વર્ણન ........................................................ ૨૪૪
ચિંતન-મનનના તપનું વર્ણન ........................................................ ૨૪૪
ગુણો અનુસાર તપ કરવાની પદ્ધતિમાં અંતર ........................................ ૨૪૪
ગુણો અનુસાર દાન આપવાની પદ્ધતિમાં અંતર ........................................ ૨૪૫
ઈશ્વરના ત્રણ નામ - ૐ, તત અને સત નું વર્ણન ........................................ ૨૪૭
ઈશ્વરમાં શ્રદ્ધાનું મહત્ત્વ ........................................................ ૨૪૮

**અધ્યાય-૧૮ ........................................................ ૨૪૯**
**મોક્ષ સંન્યાસ યોગ**

સંન્યાસ અને ત્યાગમાં અંતર ........................................................ ૨૫૧
યજ્ઞ, દાન, તપ કદાપિ ન છોડવા જોઈએ ........................................................ ૨૫૧
સત, રજ અને તમ ગુણોવાળાઓની ત્યાગ કરવાની પદ્ધતિ ........................................ ૨૫૨
સાચો ત્યાગી સ્વર્ગ પ્રાપ્ત કરશે ........................................................ ૨૫૪
પોતાના કર્મને પારખવાનું પ્રમાણ ........................................................ ૨૫૫
કઈ ભાવનાઓના પ્રભાવથી કર્મ કરવાથી કર્મ પાપ નથી હોતું ........................................ ૨૫૬
ત્રણ ગુણ અનુસાર જ્ઞાનના પ્રભાવિત થવાનું વર્ણન ........................................ ૨૫૭
ત્રણ ગુણો અનુસાર સત્કર્મના પ્રભાવિત થવાનું વર્ણન ........................................ ૨૫૭

ત્રણ ગુણો અનુસાર મનુષ્યના સ્વભાવના બદલાવાનું વર્ણન ..................................... ૨૫૮
ત્રણ ગુણો અનુસાર વિચાર અને સમજના બદલાવાનું વર્ણન ..................................... ૨૬૦
ત્રણ ગુણો અનુસાર લોકોના સંકલ્પના બદલાવાનું વર્ણન ..................................... ૨૬૧
ત્રણ પ્રકારના સુખ-શાંતિનું વર્ણન ..................................... ૨૬૨
ઈશ્વરે મનુષ્યમાં જન્મથી જે વ્યવસાયિક ગુણો મૂક્યા છે તે અનુસાર જ વ્યક્તિએ વ્યવસાય અપનાવવો જોઈએ. ૨૬૩
ઈશ્વરને ઓળખવા માટે અનિવાર્ય ગુણો અને કર્મ ..................................... ૨૬૬
મનુષ્ય કોઈની સહાયતા વગર સ્વયં ઈશ્વર સુધી પહોંચી શકે છે ..................................... ૨૬૮
સફળતામાં ઈશ્વરની કૃપા-દૃષ્ટિનું મહત્ત્વ ..................................... ૨૬૮
અર્જુન અને સમગ્ર માનવ-જાતિને ઈશ્વરના આદેશો ..................................... ૨૬૮
ઈશ્વરની પરીક્ષા લેવાની પદ્ધતિ ..................................... ૨૬૯
અર્જુન અને સમગ્ર માનવ-જાતિ માટે સોનેરી ઉપદેશો ..................................... ૨૭૦
જ્ઞાનનો પ્રચાર કેવી રીતે કરવામાં આવે ? ..................................... ૨૭૧
જ્ઞાનના પ્રચારકનું મહત્ત્વ ..................................... ૨૭૨
અર્જુનનું યુદ્ધ માટે માની જવું ..................................... ૨૭૩
સંજયના વિચારો અને આચરણ ..................................... ૨૭૩

**નોંધો** ..................................... **૨૭૫**

N-1 ઈશ્વરનો પરિચય ..................................... ૨૭૫
N-2 રૂહ, આત્મા અને બુદ્ધિ-યોગમ્નો પરિચય ..................................... ૨૯૨
N-3 બુદ્ધિ-યોગમ્નો પરિચય ..................................... ૩૦૪
N-4 અન્ય લોક ..................................... ૩૦૭
N-5 કર્મફળની આશા કેમ ન કરવી જોઈએ ? ..................................... ૩૧૦
N-6 સંગમ ..................................... ૩૧૨
N-7 યોગ ..................................... ૩૧૩
N-8 કામ-ભાવના શું છે ? ..................................... ૩૧૪
N-9 શ્લોક નં.૨.૧૭, ૨.૧૨ અને ૪.૫ નું સ્પષ્ટીકરણ ..................................... ૩૧૫
N-10 ભગવાન શબ્દનો અર્થ ..................................... ૩૨૦
N-11 શ્લોક નં. ૪.૪૧ નો અર્થ ..................................... ૩૨૧
N-12 ભાગ્ય શું છે ? ..................................... ૩૨૨
N-13 યજ્ઞ શું છે ? ..................................... ૩૨૬
N-14 ગાયત્રી મંત્ર શું છે ? ..................................... ૩૨૭
N-15 શંકરજી અને હઝરત આદમ (અલૈ.)માં સમાનતાઓ ..................................... ૩૨૮
N-16 પ્રલયની વાસ્તવિકતા ..................................... ૩૩૦
N-17 શ્લોક નં. ૧૫.૭ ની વ્યાખ્યા ..................................... ૩૩૨
N-18 શૈતાન કોણ છે ? ..................................... ૩૩૪
N-19 પુનર્જન્મ શું છે ? ..................................... ૩૩૮

# વિષય અનુસાર અનુક્રમણિકા

| વિષય | સંબંધિત શ્લોક |
|---|---|
| અહિંસા | ૧૦.૪/૫, ૧૩.૮, ૧૬.૨, ૧૭.૧૪, ૧૮.૨૫, ૧૮.૨૭ |
| ઈશ્વર એક છે | ૨.૪૧, ૬.૩૧, ૭.૧૭, ૯.૧૫, ૧૩.૫, ૧૪.૨૭ |
| ઈશ્વરના નામો | ૧૭.૨૩ |
| ઈશ્વરનો પરિચય | ૨.૧૭, ૮.૯, ૮.૨૨, ૯.૪, ૯.૫, ૯.૬, ૯.૧૬, ૯.૧૯, ૧૦.૨, ૧૦.૩, ૧૦.૮, ૧૦.૨૧, ૧૦.૩૧, ૧૦.૩૭, ૧૦.૪૧, ૧૦.૪૨, ૧૧.૩, ૧૪.૩, ૧૪.૪, ૧૪.૨૭, ૧૫.૧૨, ૧૫.૧૩, ૧૫.૧૪, ૧૫.૧૫, ૧૫.૧૭, ૧૫.૧૮, ૧૫.૧૯ |
| ઈશ્વરની પ્રશંસા | ૧૧.૧૮, ૧૧.૨૨, ૧૧.૩૭, ૧૧.૪૦ |
| ઈશ્વરના ગુણો | ૫.૨૯, ૭.૭, ૭.૨૪, ૭.૨૫, ૭.૨૬, ૮.૩, ૯.૪, ૯.૬, ૧૦.૨, ૧૧.૧૨, ૧૩.૧૩, ૧૩.૧૪, ૧૩.૧૫, ૧૩.૧૬, ૧૩.૧૭, ૧૩.૧૮, ૧૩.૧૯, ૧૩.૨૩, ૧૩.૩૨, ૧૩.૩૩, ૧૪.૩, ૧૪.૪, ૧૫.૧૨, ૧૫.૧૩, ૧૫.૧૪, ૧૫.૧૫, ૧૫.૧૬, ૧૫.૧૭ |
| ઈશ્વરના આદેશો | ૧.૪૫, ૩.૧૯, ૩.૩૦, ૩.૪૧, ૩.૪૩, ૬.૪૭, ૧૮.૫૭, ૧૮.૬૨, ૧૮.૬૫, ૧૮.૬૬ |
| અનિવાર્ય ધાર્મિક કર્તવ્યો | ૨.૩૯, ૩.૧-૩.૫, ૫.૬-૫.૧૪, ૬.૧, ૧૮.૫ |
| ઈશ્વરની કૃપાનું મહત્ત્વ | ૨.૫૯, ૭.૧૪, ૯.૩૪, ૧૦.૧૦, ૧૦.૧૧, ૧૮.૫૨, ૧૮.૫૬, ૧૮.૫૮, ૧૮.૬૬ |
| ઈશ્વરની સુરક્ષાનું વચન | ૯.૨૨ |

| વિષય | સંબંધિત શ્લોક |
|---|---|
| ઈશ્વરના જ્યોતિર્મય અંશનું વર્ણન | ૧૦.૪૦, ૧૦.૪૧, ૧૧.૪૭, ૧૫.૭ |
| મનુષ્યના ગુણો, જે ઈશ્વરની મહાનતા દર્શાવે છે | ૧૩.૬-૧૩.૧૧ |
| ઈશ્વરમાં શ્રદ્ધાનો ગુણ જન્મથી | ૧૭.૨, ૧૭.૩ |
| મૂર્તિપૂજાની મનાઈના શ્લોક | ૧૨.૧, ૧૨.૨ |
| મૂર્તિપૂજાનું કારણ | ૨.૪૧, ૪.૧૨, ૭.૨૦, ૯.૨૩ |
| મૂર્તિપૂજા કરનારાઓનું ભવિષ્ય | ૭.૨૩, ૯.૨૪, ૧૨.૨ |
| પ્રલયનું વર્ણન | ૩.૨૪, ૭.૬, ૯.૭, ૮.૨૨ |
| પ્રલયના દિવસે પુનઃજીવિત થવાનું વર્ણન | ૯.૮, ૧૫.૮, ૧૫.૯, ૧૫.૧૦, ૧૫.૧૧ |
| પ્રલયના દિવસે કર્મોનો હિસાબ આપવાનું વર્ણન | ૫.૧૫ |
| અન્ય લોક (મૃત્યુ પછી જીવન)નું વર્ણન | ૨.૨૨, ૪.૪૦, ૪.૩૧, ૬.૩૮, ૬.૪૦, ૭.૫, ૭.૬, ૮.૨૦ |
| મોક્ષનું વર્ણન | ૪.૩૨, ૫.૨૭/૨૮, ૧૩.૩૫, ૧૬.૫, ૧૭.૨૫, ૧૮.૬૬ |
| રૂહનું વર્ણન | ૨.૧૯, ૨.૩૦ |
| આત્માનું વર્ણન | ૬.૫, ૬.૬, ૮.૩, ૧૫.૭, ૧૫.૧૬, ૧૫.૧૭, ૧૫.૧૮ |
| જીવનમાં પરીક્ષાનું વર્ણન | ૭.૧૪, ૭.૨૫, ૧૪.૫, ૧૮.૬૧ |
| સ્વર્ગનું વર્ણન | ૮.૧૬, ૮.૨૩, ૮.૨૬, ૯.૨૦, ૧૫.૫, ૧૫.૬ |

| વિષય | સંબંધિત શ્લોક |
|---|---|
| સ્વર્ગ માટે યોગ્યતા | ૨.૧૫, ૨.૩૭, ૨.૭૧, ૨.૭૨, ૪.૨૪, ૪.૩૯, ૫.૨૫, ૫.૨૬, ૫.૨૯, ૬.૨૮, ૬.૪૫, ૭.૨૯, ૮.૧૦, ૮.૧૩, ૮.૧૫, ૯.૨૦, ૯.૩૧, ૯.૩૨, ૯.૩૩, ૧૧.૧૫, ૧૨.૪, ૧૩.૨૯, ૧૩.૩૫, ૧૪.૧૪, ૧૪.૨૦, ૧૫.૫, ૧૬.૨૨, ૧૮.૪૯, ૧૮.૫૪, ૧૮.૫૫, ૧૮.૬૮, ૧૮.૭૧ |
| નર્કનું વર્ણન | ૧.૪૧, ૧.૪૩, ૨.૪૦, ૪.૪૦, ૬.૪૦, ૯.૨૧, ૯.૨૪, ૧૬.૧૬, ૧૬.૨૦ |
| દેવતા | ૩.૧૧, ૩.૧૨, ૭.૨૦, ૭.૨૧, ૭.૨૨, ૭.૨૩, ૯.૨૦ |
| સ્વર્ગમાં રહેવાવાળા પ્રાણીઓનું વર્ણન | ૧૧.૫, ૧૧.૨૪ |
| ધાર્મિક જ્ઞાનનું મહત્ત્વ | ૨.૪૦, ૪.૧-૪.૧૧, ૪.૪૧, ૪.૩૩, ૫.૧૬, ૫.૧૭, ૭.૨, ૯.૨, ૧૩.૧૨, ૧૪.૧, ૧૪.૨, ૧૫.૨૦, ૧૬.૨૩, ૧૬.૨૪, ૧૮.૧૮, ૧૮.૧૯, ૧૮.૨૦, ૧૮.૨૧, ૧૮.૨૨ |
| ભાગ્ય | ૧૩.૨૦ - ૧૩.૨૪, ૧૮.૫૯ |
| પ્રાર્થના | ૪.૨૬, ૪.૩૨, ૬.૧૦ - ૬.૨૩, ૮.૫ - ૮.૧૦, ૧૨.૧૨ |
| પથભ્રષ્ટ થવાનું કારણ | ૩.૧૬, ૩.૩૪, ૩.૩૭, ૭.૨૦, ૭.૨૧, ૭.૨૨, ૭.૨૭, ૯.૨૩ |
| સંગમ (શિર્ક, અનેકેશ્વરવાદ)નું કારણ | ૪.૧૨, ૭.૨૦, ૯.૧૧, ૯.૧૨, ૯.૨૩, ૧૨.૨ |
| સંગમની મનાઈ (નિષિદ્ધતા) | ૨.૪૫, ૩.૨૦, ૩.૨૫, ૫.૨૫, ૬.૩૧, ૬.૩૨, ૧૧.૫૫, ૧૨.૪, ૧૨.૧૩, ૧૩.૫ |

| વિષય | સંબંધિત શ્લોક |
|---|---|
| સંગમ કરનારાઓ માટે સ્પષ્ટીકરણ | ૯.૧૬, ૯.૧૯ |
| નર્કથી કોણ બચી શકશે | ૨.૪૦, ૪.૩૨, ૫.૨૮, ૬.૪૦, ૧૮.૬૬ |
| દિવ્ય માર્ગદર્શન | ૧૦.૧૦, ૧૦.૧૧ |
| તપનું વર્ણન | ૧૭.૧૪, - ૧૭.૧૯ |
| દાનનું વર્ણન | ૧૭.૨૦ - ૧૭.૨૨ |
| ત્યાગનું વર્ણન | ૧૮.૧, ૧૮.૧૮ |
| સુખ-શાંતિનો માર્ગ | ૨.૭૧, ૩.૧૫, ૭.૩૦, ૫.૨૧, ૫.૨૯, ૬.૧૭, ૬.૨૩, ૯.૨૨, ૧૦.૯, ૧૨.૭, ૧૮.૩૬ |
| મનુષ્યના ત્રણ પ્રકારના સ્વભાવ | ૮.૩, ૧૪.૫ - ૧૪.૨૦, ૧૮.૪૦ |
| મનુષ્યની માનસિકતા | ૧૮.૨૯ - ૧૮.૩૨ |
| દૃઢ નિશ્ચયનું વર્ણન | ૧૮.૩૩ - ૧૮.૩૫ |
| મહાપુરુષોના ગુણો | ૨.૫૫, ૨.૫૮, ૫.૭, ૫.૧૧, ૬.૧, ૬.૮, ૯.૧૩, ૯.૧૪, ૯.૨૦, ૯.૩૦, ૧૨.૧૩ - ૧૨.૨૦, ૧૪.૨૨ - ૧૪.૨૬, ૧૬.૧, ૧૬.૩, ૧૮.૫૩ |
| દુર્જનોના ગુણો | ૨.૪૩, ૩.૨૭, ૧૬.૪ - ૧૬.૨૩, ૧૭.૧ - ૧૭.૬ |
| આત્મ-સંયમ | ૨.૬૦, ૨.૬૧, ૬.૩, ૬.૪, ૬.૨૮, ૬.૩૫, ૬.૩૬ |
| નિઃસ્વાર્થ કર્મનું વર્ણન | ૬.૨, ૧૨.૧૧, ૧૨.૧૨, ૧૪.૧૫, ૧૮.૧૨ |
| સત્કર્મોનું વર્ણન | ૧૮.૧૩, ૧૮.૨૮ |
| અપેક્ષિત સત્કર્મોનું વર્ણન | ૧૮.૫૧, ૧૮.૫૫ |

| વિષય | સંબંધિત શ્લોક |
| --- | --- |
| સમાજ-સેવા | ૨.૪૫, ૩.૨૦, ૩.૨૫, ૫.૨૫, ૬.૩૧, ૬.૩૨, ૧૧.૫૫, ૧૨.૪, ૧૨.૧૩, ૧૩.૫, ૧૮.૫૪ |
| સામાજિક સમાનતા | ૫.૧૮, ૮.૧૯, ૯.૨૯, ૯.૩૦-૯.૩૩, ૧૧.૫૫, ૧૨.૪, ૧૨.૧૩, ૧૮.૫૪ |
| ધાર્મિક-જ્ઞાનના પ્રચારનું મહત્ત્વ | ૧૮.૬૭ - ૧૮.૭૧ |
| વર્ણાશ્રમ ધર્મ | ૧૮.૪૧ - ૧૮.૫૦ |
| યોગેશ્વર શ્રીકૃષ્ણ | ૧૧.૯, ૧૮.૭૫, ૧૮.૨૮ |
| શ્રી કૃષ્ણ મહાપુરુષ | ૭.૧૯, ૧૦.૧૪, ૧૦.૩૭, ૧૧.૩, ૧૧.૩૭, ૧૧.૫૦, ૧૮.૭૪ |
| મહાપુરુષોના નામો | ૪.૧, ૪.૮, ૧૦.૬, ૧૧.૧૫ |

# ધાર્મિક ગ્રંથોનું મહત્ત્વ

ધાર્મિક ગ્રંથોના આદેશો પર ચાલવાનું મહત્ત્વ આપણે નિમ્નલિખિત બાર શ્લોકથી સમજી શકીએ છીએ.

१) यः शास्त्र-विधिम् उत्सृज्य काम-कारतः ।
न सः सिद्धिम् अवाप्नोति न सुखम् न पराम् गतिम् ॥१६.२३॥

જે (વ્યક્તિ) (કેવળ) પોતાની ઇચ્છાઓને પૂરી કરવાનું કામ કરે છે, ધાર્મિક નિયમોને છોડી દે છે, તે ન પ્રાર્થનાઓમાં પરિપૂર્ણતા () પ્રાપ્ત કરી શકે છે (અને) ન (જીવનમાં) સુખ (પામે છે), અને ન સૌથી શ્રેષ્ઠ જીવનનું લક્ષ્ય (અર્થાત્) સ્વર્ગ પ્રાપ્ત કરી શકે છે.

२) एवम् प्रवर्तितम् चक्रम् न अनुवर्तयति इह यः ।
अध-आयुः इन्द्रिय-आरामः मोघम् पार्थ सः जीवति ॥३.१६॥

આ રીતે, હે અર્જુન ! જે વ્યક્તિ આ સંસારમાં વેદોએ નિર્ધારિત કરેલ નિયમો અનુસાર પોતાના જીવનના દિવસ-રાતને સુનિશ્ચિત નથી કરતો, તેનું જીવન પાપોથી ભરાઈ જાય છે, (કારણ કે) તે એ ઉદ્દેશ્યથી જીવિત રહે છે કે પોતાની ઇન્દ્રિયોથી આનંદ લેવામાં ડૂબેલો રહે.

३) अ-शास्त्र विहितम् भोरम् तप्यन्ते ये तपः जनाः ।
दम्भ अहंकार सयुक्ताः काम राग बळ अन्विताः ॥१७.५॥

પાખંડ, કપટ, અહંકાર, પોતાની ઇચ્છાની પૂર્તિમાં વ્યસ્ત, ક્રોધ અને સત્તાથી પ્રભાવિત થઈને તે જે શાસ્ત્રોને ન માનીને જીવન વ્યતીત કરે છે, તે તપઃ (ઈશ્વરની પ્રાર્થના કરવાવાળા) લોકોને ઘોર યાતનાઓ આપે છે.

અર્થાત્, જે લોકો ધાર્મિક નથી હોતા તેઓ અન્ય ધાર્મિક લોકો માટે પણ દુઃખ અને સંકટનું કારણ બને છે.

४) एतत योनीमि भूतानि सर्वाणि इति उपधारय ।
अहम् कृत्स्नस्य जगतः प्रभवः प्रलयः तथा ॥१७.६॥

નિઃસંદેહ, અનેક પ્રકારના પ્રાણીઓના શરીર (નું નિર્માણ કરીને), તેમને સ્થિત રાખવાવાળા અને શરીરની અંદર (હૃદયમાં) સ્થિત મને ન દેખાઈ રહેલા (ઈશ્વરને આ લોકો હૃદયથી) કાઢી નાખવા માગે છે. આ લોકોને નિશ્ચિતરૂપે દુષ્ટ અને શૈતાન જ સમજો.

(જે પ્રશ્ન અર્જુનને શ્લોક નં. ૧૭.૧માં કરવામાં આવ્યો હતો, તેનો જવાબ આ શ્લોકમાં છે.)

५) अनेक चित्त विभ्रान्ताः मोह जाल समावृताः ।
प्रसक्ताः काम-भोगेषु पतन्ति नरके अशुचौ ॥१६.१६॥

અનેક ચિંતાઓ (અને) મૂંઝવણો (અને) ભ્રમ (ની) જાળમાં ફસાયેલા, મનની ઇચ્છાઓને પૂરી કરવાના એદી (), (મૃત્યુ પછી) ગંદા નર્ક (માં) ઉતરી જાય છે.

● જેઓ ન ધાર્મિક ગ્રંથોને માને છે અને ન ઈશ્વરના આદેશનું પાલન કરે છે, છેવટે તેઓ નર્કમાં જ પડે છે.

આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થવાના ફાયદાઓ :

६) तस्मात् शास्त्रम् प्रमाणम् ते कार्य अकार्य व्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्र विधान उक्तम कर्म कर्तुम् इह अर्हसि ॥१६.२४॥

● આ કારણસર તમારા કર્તવ્યો શું છે, અને કયા કાર્યો તમારે નથી કરવાના તેનો નિર્ણય

કરવા માટે ધાર્મિક જ્ઞાન જ તમારું પ્રમાણ હોવું જોઈએ. (આ કારણસર) શાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરો, ધર્મના નિયમોને સમજો, ઈશ્વરના આદેશોને જાણો, (અને) આ સંસારમાં (તે) અનુસાર પોતાના કર્તવ્યોને પૂરા કરો.

૭) अपि चेत् पापेम्यः सर्वेम्यः पाप-कृत-तमः ।
सर्वम् ज्ञान-प्लवेन एव वृजिनम् सन्तरिष्यति ।।४.३६।।

● જો બધા પાપીઓમાં તમે સૌથી મોટા પાપનું આચરણ કરવાવાળા છો, તો પણ નિઃસંદેહ આ જ્ઞાનની નૌકા દ્વારા પાપોના સમુદ્રને કોઈ અવરોધ વગર પાર કરી લેશો.

૮) यथा एधांसि समिद्धः अग्निः भस्म -सात कुरुतेअर्जुन ।
ज्ञान-अग्तिः सर्व-कृमाणि भस्मसात् कुरुतेतथा ।।४.३७।।

● હે અર્જુન ! જે રીતે બળતી આગ, ઈંધણ (ના લાકડાને) ભસ્મ કરી નાખે છે, એવી જ રીતે આ દિવ્ય જ્ઞાનનો પ્રકાશ સંપૂર્ણ (પાપ) કર્મોને ભસ્મ કરી નાખે છે.

૯) न हि ज्ञानेन सद्दशम् पवित्रम् इह विद्यते ।
तत् स्वयम् योग संसिद्धः कालेन आत्मनि विन्दति ।।४.३८।।

● નિઃસંદેહ, આ દિવ્ય જ્ઞાન સમાન આ સંસારમાં (બીજું) (કોઈ સાધન) નથી, (જે પાપોથી) પવિત્ર કરે. આ (દિવ્ય જ્ઞાન દ્વારા) (વ્યક્તિ) સ્વયં ઈશ્વરથી જોડાઈ જાય છે, અને સમય વિતવાની સાથે તે પોતાના અંદર સંપૂર્ણ (શાંતિ) પામે છે.

૧૦) श्रद्धा-वान् लभतेज्ञानम् तत्-परः संयत इन्द्रियः ।
ज्ञानम् लब्ध्वा पराम् शान्तिम् अचिरेण अधिगच्छति ।।४.३९।।

● જેની ઈશ્વરમાં દૃઢ શ્રદ્ધા છે, અને જેણે પોતાની ઇન્દ્રિયોને વશમાં કરી લીધી છે, (એ જ) આ દિવ્ય જ્ઞાનને પ્રાપ્ત કરે છે. આ દિવ્ય જ્ઞાન (અનુસાર પ્રાર્થના કરીને) (તે) એ મહાન ઈશ્વર(નો આશીર્વાદ) પણ પામી લે છે. (પછી) વિલંબ ન કરીને તે મહાન (ઈશ્વરનું) શાંતિ-સ્થાન (સ્વર્ગ) પણ પ્રાપ્ત કરી લે છે.

૧૧) श्रेयान् द्रव्य-मयात् यज्ञात् ज्ञान-यज्ञः परन्तप ।
सर्वम् कर्मं अखिलम् पार्थ ज्ञानेपरिसमाप्यते ।।४.३३।।

● હે અર્જુન ! દિવ્ય જ્ઞાન (ના પ્રકાશમાં) ઈશ્વરની પ્રાર્થના કરવી (એ) શ્રેષ્ઠ છે, સાંસારિક વસ્તુઓના દાન દ્વારા (ઈશ્વરની પ્રાર્થના કરવાથી). હે અર્જુન ! બધા કર્મોની સિદ્ધિ (Perfection)નો આધાર દિવ્ય જ્ઞાનની પૂરેપૂરી જાણકારી પર છે.

૧૨) ज्ञानेन तु तत् अज्ञानम् येषाम् नाशितम् आत्मनउ ।
तेषाम् आदित्य-वत् ज्ञानम् प्रकाशयति तत् परम् ।।५.१६।।

● પરંતુ તે (તમામ) મનુષ્યો, જેમના જ્ઞાનને અજ્ઞાનતાએ નષ્ટ કરી નાખ્યું છે, આ સાચું જ્ઞાન એ બધાથી શ્રેષ્ઠ ઈશ્વરને તેમના પર સૂર્યની જેમ પ્રકાશિત કરી નાખે છે.

● આ પવિત્ર ગ્રંથને વાંચો, યાદ રાખો અને તેનું પાલન કરો. આ આપણા સૌને સ્વર્ગના માર્ગ પર લઈ જશે.

(અધ્યાય–૧)

# અર્જુનવિશાદયોગ

## પરિચય

અર્જુન અને તેના ભાઈઓની સાથે અન્યાય થયો હતો. આ કારણસર અર્જુનની પાસે યુદ્ધ સિવાય અન્ય કોઈ ઉપાય ન હતો. રણભૂમિમાં જ્યારે અર્જુન (પાંડવો) અને દુર્યોધન (કૌરવો)ની સેનાઓ આમને-સામને થઈ, તો અર્જુને શ્રીકૃષ્ણ સામે બંને સેનાઓની વચ્ચે ઊભા થઈને બંને સેનાઓને જોવાની ઇચ્છા પ્રગટ કરી. અર્જુનના કહેવાથી શ્રી કૃષ્ણએ અર્જુનના રથને બંને સેનાઓની વચ્ચે ઊભો કરી દીધો.

જ્યારે અર્જુનને બંને સેનાઓને જોઈ, તો બંને બાજુ પોતાના જ પરિવાર અને સગા-સંબંધીઓ દેખાયા.

અર્જુન શાસક પરિવારથી હતા. તેમનું એવું માનવું હતું કે શાસક અને સમાજના પ્રતિષ્ઠિત પરિવારની જીવન-શૈલીને જ સમાજ અપનાવે છે. (ભગવદ્ ગીતાના પ્રકરણ-૩, શ્લોક-૨૧નો પણ આ જ અર્થ છે.) જો તેમનો શાસક પરિવાર પરસ્પરના યુદ્ધમાં નષ્ટ થઈ જાય છે, તો ઉચ્ચ નૈતિક મૂલ્યો અથવા કુળધર્મ જેનું તેમના કારણે પ્રચલન છે, તે પણ નષ્ટ થઈ જશે, અને સંપૂર્ણ સમાજના પરિવારો પર અધર્મ છવાઈ જશે. અધર્મના વધવાથી સ્ત્રીઓ દૂષિત થશે અને વર્ણ-સંકર (અનૌરસ) બાળકો જન્મ લેશે, અને આ બધાનું કારણ એ લોકો હશે, જેમણે પરિવારને પરસ્પર લડાવીને નષ્ટ કરી નાખ્યો.

આ કારણસર શાસક પરિવારને વિનાશથી બચાવવા માટે અર્જુને રણભૂમિની વચ્ચોવચ્ચ યુદ્ધનો ઇન્કાર કરી દીધો.

ધૃતરાષ્ટ્ર એ સમયે અંધ રાજા હતો. દુર્યોધન તેમનો મોટો પુત્ર અને અધર્મનું પ્રતીક હતો. તેના એકસો ભાઈઓ હતા. ધૃતરાષ્ટ્રના મંત્રી સંજયમાં એ વિશેષતા હતી કે તે મહેલમાં બેઠાં-બેઠાં રણભૂમિને જોઈ શકતો હતો. એ રીતે સંજય આંખો દેખ્યો અહેવાલ અંધ ધૃતરાષ્ટ્રને બતાવતા રહેતા.

આ યુદ્ધ અધર્મ વિરુદ્ધ સત્યની સ્થાપનાનું યુદ્ધ હતું. એ કારણે શ્રી કૃષ્ણજી, જેઓ યોગેશ્વર પણ છે, તેમણે રણભૂમિમાં જ અર્જુનની શંકાઓનું સમાધાન કર્યું અને સત્ય-ધર્મ શું છે અને મનુષ્યના અનિવાર્ય કર્મો શું છે તેનો ઉપદેશ આપ્યો.

આ દિવ્ય પુસ્તક ભગવદ્ ગીતા શ્રી કૃષ્ણ દ્વારા અર્જુનને આપવામાં આવેલ ઉપદેશોનો સંગ્રહ છે. જે ઉપદેશો દ્વાપર યુગમાં જેટલાં મહત્ત્વપૂણ હતા, એ ઉપદેશો સદૈવ માનવ-જાતિ માટે દરેક યુગમાં મહત્ત્વપૂર્ણ રહ્યા છે. આ કારણસર સત્યને જાણવા માટે આ દિવ્ય પુસ્તકને અવશ્ય વાંચો અને યાદ રાખો.

## પ્રકરણ

### યોદ્ધાઓનું વર્ણન

### ૧.૧

**धर्म-क्षेत्रे कुरु-क्षेत्रे समवेताः युयुत्सवः ।**
**मामकाः पाण्डवाः च एव किम् अकुर्वत सजय ।।१।।**

ધૃતરાષ્ટ્રે કહ્યું, હે સંજય ! રણભૂમિ કુરુક્ષેત્રમાં નિઃસંદેહ યુદ્ધની ઈચ્છાથી એકત્ર થઈને મારા અને પાંડુના પુત્રોએ શું કર્યું ?

(धृतराष्ट्र उवाच) ધૃષ્ટરાષ્ટ્રે કહ્યું, (संजय) હે સંજય ! (धर्मक्षेत्र) રણભૂમિ (कुरुक्षेत्रे) કુરુક્ષેત્રમાં (एव) નિઃસંદેહ (युयुत्सव) યુદ્ધની ઈચ્છાથી (समवेत) એકત્ર થઈને (मामका) મારા (च) અને (पाण्डवा) પાંડુના પુત્રોએ (किम) શું (अकुर्वत) કર્યું ?

### ૧.૨

**दृष्ट्वा तु पाण्डव-अनीकम् व्यूढम् दुर्योधन तदा ।**
**आचार्यम् उपसंगम्य राजा वचनम् अब्रवीत् ।।२।।**

સંજયે કહ્યું, હે રાજા ! આ સમયે પાંડવોની સેનાને પંક્તિઓમાં ઊભેલી જોઈને દુર્યોધન પોતાના ગુરુ દ્રોણાચાર્ય પાસે ગયા અને થોડીક વાતો કહી.

નોંધ = વ્યૂહનો અર્થ છે યુદ્ધ-સમયે કરવામાં આવતી સેનાની સ્થાપના (નાલંદા વિશાળ શબ્દ સાગર, પૃ.નં. ૧૩૧૪)

(संजय उवाच) સંજયે કહ્યું, (राजा) હે રાજા (ધૃતરાષ્ટ્ર) ! (तदा) આ સમયે (पाण्डवानी कम्) પાંડવોની સેનાને (व्यूढम्) પંક્તિઓમાં ઊભેલી (दृष्टवा) જોઈને (दुर्योधनः) દુર્યોધન (आचार्यम्) પોતાના ગુરુ દ્રોણાચાર્ય (उपसंगम्य) ની પાસે ગયા (तु) અને (वचनम्) થોડીક વાતો (अक्रवीत) કહી.

### ૧.૩

**पश्य एताम् पाण्डु-पुत्राणाम् आचार्य महतीम् चमूम् ।**
**व्यूढाम् द्रुपद-पुत्रेण तव शिष्येण धी-मता ।।३।।**

(દુર્યોધને કહ્યું,) હે આચાર્ય ! તમારા બુદ્રિશાળી શિષ્ય દ્રુપદના પુત્ર દ્વારા મોરચા પર ઊભી કરવામાં આવેલ પાંડવોના પુત્રોની આ મહાન સેનાને જુઓ.

(आचार्य) (દુર્યોધને કહ્યું,) હે આચાર્ય ! (तव) તમારા (धीमता) બુદ્ધિશાળી (शिष्येण) શિષ્ય (द्रुपद-पुत्रेण) દ્રુપદના પુત્ર દ્વારા (व्युढाम) મોરચા પર ઊભી કરેલી (पाण्डु-पुत्राणाम्) પાંડુના પુર્તોની (महतीम्) મહાન (एतम्) આ (चमूम्) સેનાને (पश्य) જુઓ.

### ૧.૪

**अत्र शूराः महा-इषु-आसाः भीम-अर्जुन समाः युधि ।**
**युयुधानः विराट च द्रुपदः च महारथः ।।४।।**

અહીં પાંડવોની સેનામાં યુયુધાન, રાજા વિરાટ જેવા શૂરવીરો અને દ્રુપદ જેવા મહારથીઓ, મોટા બાણ અને ધનુષ્યવાળા ભીમ અને અર્જુન સમાન છે.

અહીં પાંડવોની સેના (માં) (युयुधान) યુયુધાન (विराट) વિરાટ રાજા (शूरा) જેવા શૂરવીરો (च) અને (द्रुपद) દ્રુપદ જેવા (महारथ) મહારથીઓ (महा-इषु-आसा) મોટા બાણ અને ધનુષ્યવાળા (भीम) ભીમ (च) અને અર્જુન (समाः) સમાન છે.

નોંધ : પ્રકરણના આરંભમાં અમે 'યોદ્ધાઓનું વર્ણન' એવું શીર્ષક લખ્યું છે. આ અમે પ્રકરણને સારી રીતે સમજવા માટે લખેલ છે. મૂળ ગ્રંથમાં આવા ઉપશીર્ષકો નથી.

## ૧.૫

**धृष्टकेतु चेकितानः काशिराजः च वीर्यवान् ।**
**पुरूजित् कुन्तिभोजः च शैब्य च नरपुन्डवः ।।५।।**

(તેની સેનામાં) ધૃષ્ટકેતુ, ચેકિતાન, તથા વીસ્યવાન પરાક્રમી કાશિરાજ, અને કૃન્તિભોજ, તથા મનુષ્યોમાં શ્રેષ્ઠ શૈલ્ય (પણ છે).

(धृष्टकेतु) (તેમની સેનામાં) ધૃષ્ટકેતુ (चेकितान) ચેકિતાન (च) તથા (वीर्यवान) પરાક્રમી (काशिराज) કાશિરાજ (च) અને (कुन्तिभोज) કુન્તિભોજ (च) તથા (नरपुडवे) મનુષ્યોમાં શ્રેષ્ઠ (शैब्य) (પણ છે).

## ૧.૬

**युधामन्युः च विक्रान्तः उत्तमौजाः च वीर्यवान् ।**
**सौभद्रः द्रौपदेयाः च सर्वे एव महारथाः ।।६।।**

પરાક્રમી યુધામન્યુ અને પરાક્રમી ઉત્તમૌજા (પણ છે), સુભદ્રાના પુત્ર (અભિમન્યુ) અને દ્રોપદીના પાંચેય પુત્રો (પણ છે). સૌ નિઃસંદેહ મહારથી છે.

(विक्रान्त) પરાક્રમી, (युधामन्यु) યુધામન્યુ (च) અને (वीर्यवान) પરાક્રમી (उत्तमौजा) ઉત્તમૌજા (પણ છે), (सौभद्रः) સુભદ્રાના પુત્ર (અભિમન્યુ) (च) અને (द्रौपदेयाः) દ્રૌપદીના પાંચેય પુત્રો પણ છે. (सर्वे) સૌ (एव) નિઃસંદેહ (महारथा) મહારથી છે.

## ૧.૭

**अस्माकम् तु विशिष्टाः ये तान् निबोध द्विज-उत्तम ।**
**नायकाः मम सैन्यस्य संज्ञा-अर्थम् तान् ब्रवीमि ते ।।७।।**

હે બ્રાહ્મણોમાં સૌથી શ્રેષ્ઠ (દ્રોણાચાર્ય) અમારા પક્ષમાં પણ જો મુખ્ય (પરાક્રમી છે) તેમના પર (પણ તમે) ધ્યાન આપો. તમારી જાણકારી માટે મારી સેનાના (જે) નાયક છે તેમને (હું) કહું છું.

(द्विजोत्तम) હે બ્રાહ્મણોમાં સૌથી શ્રેષ્ઠ (દ્રોણાચાર્ય !) (अस्माकम्) અમારા પક્ષમાં (તું) પણ (ये) જે (विशिष्टा) મુખ્ય (પરાક્રમી છે) (तान्) તેમના પર (પણ તમે) (निबोध) ધ્યાન આપો (ते) તમારી (संज्ञा अर्थम) જાણકારી માટે (मम) મારી (सैन्यस्य) સેનાના (જે) (नायकाः) નાયક છે (तान्) તેમને (હું) (ब्रवीमि) કહું છું.

## ૧.૮

**भवान् भीष्मः च कर्णः कृपः च समितिज्जयः ।**
**अश्त्थामा विकर्णः च सौमदत्ति तथा एव च ।।८।।**

ભીષ્મ પિતામહ, કર્ણ, અને કૃપાચાર્ય, અને અશ્વત્થામા, અને સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા, અને નિઃસંદેહ તમે પણ સદૈવ વિજયી રહેવાવાળાઓમાંથી છો.

(भीष्म) ભીષ્મ પિતામહ (कर्ण) કર્ણ (च) અને (कृप) કૃપાચાર્ય (च) અને (अश्वत्थामा) અશ્વત્થામા (च) અને (सौमदत्ति) સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા (च) અને (एव) નિઃસંદેહ (भवान) તમે (तथा) પણ (समितिज्जय) સદૈવ વિજયી રહેવાવાળાઓમાંથી છો.

## ૧.૯

**अन्ये च बहवः शूराः मत् अर्थे त्यक्त जीविता ।**
**नाना शस्त्र पहरणाः सर्वे युद्ध-विशारदाः ।।९।।**

આમના ઉપરાંત ઘણા શૂરવીરો મારા માટે પોતાનું જીવન ત્યાગવા માટે અનેક પ્રકારના અસ્ત્રની સાથે છે, (અને) બધા યુદ્ધ-કળામાં અત્યંત કુશળ છે.

(अन्ये) આ ઉપરાંત (बहवः) ઘણા (शुरा) શૂરવીરો (मत्) મારા (अर्थे) માટે (जीवितः) પોતાનું જીવન (त्यक्त) ત્યાગવા માટે (नाना) અનેક પ્રકારના (शस्त्र) અસ્ત્રની સાથે છે. (सर्वे) (અને) સૌ (युद्ध) યુદ્ધ-કળામાં (विशारदा) અત્યંત કુશળ છે.

## ૧.૧૦

**अपर्याप्तम् तत् अस्माकम् बलम् भीष्म अभिरक्षितम् ।**
**पर्याप्तम् तु इदम् एतेषाम् बलम् भीम अभिरक्षितम् ।।१०।।**

અમારી આ સેનાની શક્તિ ભીષ્મ પિતામહના નેતૃત્વમાં અસીમિત છે. પરંતુ એ (પાંડવોની) એ (સેનાની) શક્તિ ભીમના નેતૃત્વમાં સીમિત છે.

(अस्माकम्) અમારી (इदम्) આ સેના (बलम) ની શક્તિ ભીષ્મ પિતામહની (अभिरक्षितम्) સંરક્ષણમાં અસીમિત છે. (तु) પરંતુ (एतेषाम) આ (પાંડવોની) (तत्) એ (बलम) (સેનાની) શક્તિ (भीम) ભીમના (अभिरक्षितम्) સંરક્ષણમાં (अभिरक्षितम्) સીમિત છે.

## ૧.૧૧

**अयनेषु च सर्वेषु यथा-भागम् अवस्थिताः ।**
**भीष्मम् एव अभिरक्षन्तु भवन्तः सर्वे ए हि ।।११।।**

(દુર્યોધને પોતાની સેનાના મહારથીઓને કહ્યું) અને નીઃસંદેહ દરેકને મોરચામાં જે રીતે અલગ-અલગ ભાગોમાં સ્થિત કર્યા છે, એ સૌએ પોત-પોતાની ટુકડીઓમાં રહીને જે રીતે પોતાની રક્ષા કરે છે એ રીતે અવશ્ય ભીષ્મ પિતામહની રક્ષા કરવી જોઈએ.

(દુર્યોધને પોતાની સેનાના મહારથીઓને કહ્યું) (च) અને (एव) નિઃસંદેહ (सर्वेषु) દરેકને (अयनेषु) મોરચામાં (यथा) જે રીતે (भागम) અલગ-અલગ ભાગોમાં (अवस्थिता) સ્થિત કરવામાં આવ્યા છે (सर्वे) એ સૌને (भक्त) પોત-પોતાની ટુકડીઓમાં રહીને જે રીતે પોતાની રક્ષા કરે છે એ રીતે (एव हि) અવશ્ય (भीष्यम) ભીષ્મ પિતામહ (अभिरक्षन्तु) ની રક્ષા કરવી જોઈએ.

## ૧.૧૨

**तस्य संजनयन् हर्षम् कुरु-वृद्धः पितामहः ।**
**सिंह-नादम् विनद्योच्चैः शङ्खम् दध्मौ प्रताप-वान् ।।१२।।**

એ દુર્યોધનમાં હૃદયમાં આનંદ ઉત્પન્ન કરવા માટે કૌરવોમાં વૃદ્ધ પ્રભાવશાળી ભીષ્મ પિતામહે સિંહ સમાન ગરજીને જોરથી શંખ વગાડ્યો.

(तस्य) એ દુર્યોધનના (हर्षम) હૃદયમાં આનંદ (सज्जनयन) ઉત્પન્ન કરવા માટે (कुरुवृद्धः) કૌરવોમાં વૃદ્ધ (प्रतापवान) પ્રભાવશાળી (पितामहः) ભીષ્મ પિતામહે (सिंहनादम) સિંહ સમાન (विनद्य) ગરજીને (उच्चै) જોરથી (शख्डम्) શંખ (दध्मौ) વગાડ્યો.

## ૧.૧૩

**ततः शख्डाः च भेर्यः च पणव-आनक गोमुखाः ।**
**सहसा एव अभ्यहन्यन्त सः शब्दः तुमुलः अभवत् ।।१३।।**

તે પછી શંખ અને મોટા-મોટા ઢોલ-મૃદંગ અને વાજાઓ સહસા અચાનક એકી સાથે વાગવા લાગ્યા. તેનો જે અવાજ હતો તે નિઃસંદેહ ખૂબ જ ભયંકર હતો.

(तत) તે પછી (शंख) શંખ (च) અને (भैर्यः) મોટા-મોટા ઢોલ (पणव-आनक) મૃદંગ (च) અને (गोमुखा) વાજાઓ સહસા અચાનક (अभ्यहन्यन्त) એકી સાથે વાગવા લાગ્યા (शब्दाः) તેનો જે અવાજ હતો (सः) તે (एव) નિઃસંદેહ (तुमुल) ખૂબ જ ભયંકર (अमवत्) હતો.

## ૧.૧૪

**ततः श्वेतैः हयैः युक्ते महति स्यन्दने स्थितौ ।**
**माधवः पाण्डवः च एव दिव्यौ शख्डौ प्रदध्मतुः ।।१४।।**

તે પછી સફેદ ઘોડાઓ-યુક્ત મહાન રથપર બેસેલા શ્રી કૃષ્ણ અને પાંડુ-પુત્ર અર્જુને પણ દિવ્ય શંખોને જોરથી વગાડ્યા.

(तत्) તે પછી (श्वेतै) સફેદ (हयै) ઘોડાઓથી (युक्ते) યુક્ત (महति) મહાન (स्यन्दने) રથ પર (स्थितौ) બેસેલા (माधव) શ્રી કૃષ્ણ (च) અને (पाण्डव) પાંડુ-પુત્ર અર્જુને (एव) પણ (दिव्यौ) દિવ્ય (शख्डौ) શંખોને (प्रदध्मतु) જોરથી વગાડ્યા.

## ૧.૧૫

**पाञ्चजन्यम् हृषीकेशः देवदत्तम् धनजय ।**
**पौण्डम् दध्मौ महा-शङ्खम् भीम-कर्मा वृक-ःदरः ।।१५।।**

શ્રી કૃષણએ પાંચજન્ય (નામનો શંખ વગાડ્યો) ધનંજય અર્જુને દેવદત્ત (નામનો શંખ વગાડ્યો) (અને) સૌથી મોટો પૌન્ડુ નામનો શંખ ખૂબ વધારે ભોજન કરવાવાળા (અને ખૂબ) કામ કરવાવાળા ભીમે વગાડ્યો.

(हृषीकेश) શ્રી કૃષ્ણએ (पाध्यजन्यम) પાંજન્ય (નામનો શંખ વગાડ્યો) (धनंजय) અર્જુને (देवदत्तम्) દેવદત્ત (નામનો શંખ વગાડ્યો) (महा) સૌથી મોટો (पौण्डम्) પૌન્ડુ નામનો (शंखदम) શંખ (वृक उदर) ખૂબ વધારે ભોજન કરવાવાળા (भीम-कर्मा) (અને ખૂબ) કામ કરવાવાળા ભીમે (हृदमो) વગાડ્યો.

## ૧.૧૬

**अनन्त-विजयम् राजा कुन्ती-पुत्रः ।**
**युधिष्ठरः नकुलः सहदेवः च सुघोष-मणिपुष्पकौ ।।१६।।**

હે રાજા (ધૃતરાષ્ટ્ર) ! કુન્તી-પુત્ર યુધિષ્ઠિરે અનંત વિજય (નામનો ખંશ વગાડ્યો અને) નકુલ અને સહદેવે સુઘોષ (તથા) મણિપુષ્પક (નામના શંખ વગાડ્યા).

(राजा) હે રાજા (ધૃતરાષ્ટ્ર) ! (कुन्ती पुत्र) કુન્તી-પુત્ર (युधिष्ठर) યુધિષ્ઠિરે (अनन्त विजयम्) અનંત વિજય (નામનો શંખ વગાડ્યો તથા) (नकुल) નકુલ (च) અને (सहदेव) સહદેવે (सुघोष) સુઘોષ (તથા) (मणिपुष्पकौ) મણિપુષ્પક (નામના શંખ વગાડ્યા).

## ૧.૧૭

**काश्यः च परम-ईषु-आसः शिखण्डी च महाःरथः ।**
**घृष्टद्यम्नः विराटः च सात्यकिः च अपराजितः ।।१७।।**

શ્રેષ્ઠ ધનુષ્યવાળા કાશિરાજ અને મહારથી શિખન્ડી તથા ધૃષ્ટધુમ્ન અને રાજા વિરાટ અને અજેય સાત્યકિ.

(परम ईषु आस) શ્રેષ્ઠ ધનુષ્યવાળા (काश्य) કાશિરાજ (च) અને (महारथ) મહારથી (शिखण्डी) શિખન્ડી (च) અને (धृष्टधुम्न) ધૃષ્ટધુમ્ન (च) અને (विराट) રાજા વીરાટ (च) અને (अपराजित) અજેય (सात्यकि) સાત્યકિ.

## ૧.૧૮

**द्रुपदः द्रौपदेयाः च सर्वशः पृथिवी-पते ।**
**सौभद्रः च महा-बाहुः शडान् दध्मुः पृथक-पृथक् ।।१८।।**

રાજા દ્રુપદ અને દ્રૌપદીના પાંચેય પુત્રો અને શક્તિશાળી ભુજાઓવાળા સુભદ્રા-પુત્ર અભિમન્યુ બધી બાજુથી હે રાજન ધૃતરાષ્ટ્ર અલગ-અલગ શંખ વગાડવામાં આવ્યા.

(द्रुपद) રાજા દ્રુપદ (च) અને (द्रोदेया) દ્રૌપદીના પાંચેય પુત્રો (च) અને (महाबाहु) શક્તિશાળી ભુજાઓવાળા (सौभद्र) સમુદ્ર-પુત્ર અભિમન્યુ (सर्वेश) બધી બાજુથી (पृथिवी-पते) હે રાજન ધૃતરાષ્ટ્ર ! (पृथक-पृथक) અલગ-અલગ (शखान) શંખ (दध्मुः) વગાડવામાં આવ્યા.

## ૧.૧૯

**सः घोषः धार्तराष्टाणाम् हृदयानि व्यदारयत् ।**
**नभः च पृथिवीम् च एव तुमुलः अभ्यनुनादयन् ।।१९।।**

નિઃસંદેહ એ શંખોની ભયંકર ગૂંજે આકાશ અને પૃથ્વીને હચમચાવી નાખી અને ધાર્તરાષ્ટ્રના પુત્રોના હૃદયને ચીરી નાખ્યા.

(एव) નિઃસંદેહ (स) એ શંખોની (तुमुल) ભયંકર (घोषः) ગૂંજે (नभ) આકાશ (च) અને (पृथिवीम्) પૃથ્વીને (अभ्यनुनादयन्) હચમચાવી નાખી (च) અને (धातिराष्ट्रणम्) ધાર્તરાષ્ટ્રના પુત્રોના (हृदयानि) હૃદયોને ચીરી નાખ્યા.

## ૧.૨૦

**अथ व्यवस्थितान् दृष्टवा धार्तराष्टान् कपिध्वजः । प्रवृत्ते शस्त्र-सम्पाते धनुः अद्यम्य पाण्डवः । हृषीकेशम् तदा वाक्यम् इदम् आह मही-पते ।।२०।।**

હે રાજે ! પછી ધૃતરાષ્ટ્રના પુત્રોને જોતાં, એ રથ જેના ધ્વજ પર હનુમાનનું ચિહ્ન હતું, (એ રથ પર ) બેસેલા પાન્ડુ-પુત્ર અર્જુને પોતાનું ગાન્ડિવ ધનુષ્ય ઉઠાવી લીધું અને શસ્ત્ર ચલાવવા માટે આગળ વધતાં, શ્રી કૃષ્ણને એ સમયે આ વાક્યો કહ્યા.

(महीपते) હે રાજા (अथ) પછી (धार्तराष्ट्रान) ધૃતરાષ્ટ્રના પુત્રોને (दृष्टवा) જોતાં (कपिध्वज) એ રથ જેના ધ્વજ પર હનુમાનનું ચિહ્ન હતું, (व्यवस्थिता) (એ રથ પર) બેસેલા (पाण्डव) પાન્ડુ-પુત્ર અર્જુને (धनु) પોતાનું ગાંડિવ ધનુષ્ય (अधम्य) ઉઠાવી લીધું અને (शस्त्र) શસ્ત્ર (सम्पाते) ચલાવવા માટે (प्रकृते) આગળ વધતાં (हृषीकेशम्) શ્રી કૃષ્ણને (तदा) તે સમયે (इदम्) આ (वाक्यम्) વાક્યો (आह) કહ્યા.

## <u>અર્જુને સેનાનું નિરીક્ષણ કર્યું</u>

## ૧.૨૦-૨૨

**अर्जुन उवाच, सेनयोः उभयोः रथम् स्थापय मे उच्युत । यावत् एतान् निरीक्षे अहम् योद्धु-कामान् अवस्थितान् ।।२१।।**

અર્જુને કહ્યું, હે અચ્યુત (શ્રી કૃષ્ણ) ! મારા રથન. તમે બંને સેનાઓના મધ્યમાં ઊભો કરી દો, ત્યાં સુધી કે હું યુદ્ધની ઇચ્છાથી ઊભેલા એ લોકોને જોઈ લઉં (અને જાણી લઉં કે) મારે આ યુદ્ધમાં કયા લોકો સાથે યુદ્ધ કરતાં સામનો કરવાનો છે.

અર્જુને કહ્યું, હે અચ્યુત (શ્રી કૃષ્ણ) ! (मे) મારા (रथम) રથને તમે (उभयो) બંને (सेनयोः) સેનાઓ (मध्य) વચ્ચે (स्थापय) ઊભો કરો, (यावत्) ત્યાં સુધી કે (अहम) હું (यौद्ध) યુદ્ધની (कामान्) ઇચ્છાથી (अवस्थितान्) ઊભેલા (एतान) એ લોકોને (निरी) જોઈ લઉં (गया) (અને જાણી લઉં કે) મને (अस्मिन) આ (रण) યુદ્ધમાં (कै) કયા (सह) લોકોની સાથે (यौद्धव्यम्) યુદ્ધ કરતાં (समधम) મુકાબલો કરવાનો છે.

## ૧.૨૩

**योत्स्यमानान् अवेक्षे अहम् ये एते अत्र समागताः । धार्तराष्टस्य दुर्बुद्धेः युद्धे प्रिय चिकीवर्षः ।।२३।।**

દુષ્ટ બુદ્ધિવાળા ધૃતરાષ્ટ્રના પુત્ર (દુર્યોધન)ની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે યુદ્ધમાં જેઓ અહીં યુદ્ધ કરવા માટે આવેલા છે હું તેમને જોવા માંગું છું.

(दुर्बुद्ध) દુષ્ટ બુદ્ધિવાળા (धार्तराष्टास्य) ધૃતરાક્ષ્ટ્રના પુત્ર (દુર્યોધન)ની (प्रिय) પ્રસન્નતા (चिकीर्षव) પ્રાપ્ત કરવા માટે (युद्ध) યુદ્ધમાં (ये) જેઓ (अत्र) અહીં (योत्स्यमानान्) યુદ્ધ કરવા માટે (समागता) આવેલા છે (अमृम) હું (एते) તેમને (अवेक्षे) જોવા માંગું છું.

## ૧.૨૪

**अर्जुन उवाच, एवम् उक्तः ऋषीकेशः गुडाकेशन भारत । सेनयोः उभयोः मध्ये स्थापयित्वा रथ-उत्तमम् ।।२४।।**

સંજયે કહ્યું,
હે ભારતવંશી રાજા (ધૃતરાષ્ટ્ર) ! આ રીતે અર્જુનના કહેવાથી શ્રી કૃષ્ણ (એ) બંને સેનાઓ (ના) મધ્ય ભાગ (માં) (શ્રેષ્ઠ રથને) ઊભો કરીને.

સંજયે કહ્યું,
(भारत) હે ભારતવંશી રાજા (ધૃતરાષ્ટ્ર) (एवम्) આ રીતે (गुडाकेशन) અર્જુનના (उक्त) કહેવાથી (हृषीकेश) શ્રી કૃષ્ણ(એ) (उभया) બંને (सेनयो) સેનાઓ (ના) (मध्य) મધ્ય ભાગ(માં) (रथ उतमम्) શ્રેષ્ઠ રથને (स्थापयित्वा) ઊભો કરીને.

## ૧.૨૫

**भीष्म द्रोण प्रमुखतः सर्वेषाम् च महोक्षिताम् ।**
**उवाच पार्थ पश्य एतान् समवेतान् कुरुन इति ।।२५।।**
ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય અને બધા રાજાઓની સામે (શ્રી કૃષ્ણએ) આ પ્રકારે કહ્યું, હે પાર્થ ! અહીં એકત્ર થયેલ આ કુરુવંશીઓને જુઓ.

(भीष्म) ભીષ્મ પિતામહ (द्रोण) દ્રોણાચાર્ય (च) અને (सर्वेषाम) બધા (महीक्षिताम्) રાજાઓની (प्रमुखतः) સામે (इति) (શ્રી કૃષ્ણએ) આ પ્રકારે (उवाच) કહ્યું (पार्थ) હે પાર્થ ! (समवेतान) અહીં એકત્ર થયેલ (एतान) આ (कुरुन) કુરુવંશિઓને (पश्य) જુઓ.

## ૧.૨૬

**तत्र अपश्यत् स्थितान् पार्थः पितृन् अथ पितामहान ।**
**आचार्यन् मातुलान् भ्रातृन् पुत्रान् पौत्रान् सखीन् तथा ।।२६।।**
તે પછી અર્જુને એ બંનેય સેનાઓમાં ઉપસ્થિત પિતાઓને, પિતામહોને, આચાર્યોને, મામાઓને, ભાઈઓને, પુત્રોને, પૌત્રોને તથા મિત્રોને, સસરાઓને અને શુભચિંતકોને પણ જોયા.

(अथ) તે પછી (पार्थ) અર્જુને (तत्र) એ (उभयो) બંને (एव) ય (सेनयो) સેનાઓમાં (स्थितान) ઉપસ્થિત (पितृन) પિતાઓને (पितामहान) પિતામહોને (आचार्यान) આચાર્યોને (मातुलान्) મામાઓને (भ्रातृन) ભાઈઓને (पुत्राण) પુત્રોને (पौत्राण) પૌત્રોને (तथा) તથા (सखीन्) મિત્રોને (श्वशुरान्) સસરાઓને (च) અને (सुहृद) શુભચિંતકોને (अपि) પણ (अपश्यत्) જોયા.

## ૧.૨૭

**तान् समीक्ष्य सः कौन्तेयः सर्वान् बन्धून् अवस्थितान् ।**
**कृपया परया आविष्टः विषीदन् इदम् अब्रवीत् ।।२७।।**
અર્જુને એ બધા બાંધવોને (યુદ્ધ-સ્થળ પર આમને-સામને) ઊભેલા જોયા તો (તેનું હૃદય) દયાથી ભરાઈ આવ્યું (અને) તે દુઃખી થઈને આ રીતે બોલ્યો.

(कौन्तेयः) અર્જુને (तानः) એ (सर्वान) બધા (बन्धून) બાંધવોને (अवस्थितान्) (યુદ્ધ-સ્થળ પર આમને-સામને) ઊભેલા (समीक्ष्य) જોયા તો (परया) (તેનું હૃદય) અત્યંત (कृपया) દયાથી (आविष्ट) ભરાઈ આવ્યું (सः) (અને) તે (विषीदन्) દુઃખી થઈને (इदम्) આ રીતે (अब्रवीत्) બોલ્યો.

<u>અર્જુનની નિરાશા</u>

## ૧.૨૮

**अर्जुन उवाच, दृष्टवा इमम् स्वजनमकृष्ण युयुत्सुम् समुपस्थितम् ।**
**सीदन्ति मम गात्राणि मुखम् च परिशुष्यति ।।२८।।**
યુદ્ધની ઇચ્છાથી પોતાની સામે આ કુટુંબ સમુદાયને જોઈને હે શ્રી કૃષ્ણ, મારું શરીર ધ્રુજી રહ્યું છે અને મોઢું સૂકાઈ રહ્યું છે.

(युयुत्सम) યુદ્ધની ઇચ્છાથી (समुपस्थितम्) પોતાની સામે (इमम्) આ (स्वजनम्) કુટુંબ સમુદાયને (दुष्टवा) જોઈને (कृष्ण) હે શ્રી કૃષ્ણ, (मम्) મારું (गात्राणि) શરીર (सीदन्ति) ધ્રુજી રહ્યું છે (च) અને (मुखम्) મોઢું (परिशुष्याति) સૂકાઈ રહ્યું છે.

## ૧.૨૯

**वेपथुः च शीरी मे रोमह्वर्ष च जायते ।**
**गाण्डीवम् स्त्रंसते हस्तात् त्वक् च एव परिदह्यते ।।२९।।**
મારા શરીરમાં ધ્રુજારી (આવી રહી છે) અને રૂંવાટા ઊભા થઈ રહ્યા છે, અને હાથથી ગાન્ડિવ ધનુષ્ય છૂટી રહ્યું છે અને ચામડી પણ બળી રહી છે.

(मे) મારા (शरीरे) શરીરમાં (वेपथुः) ધ્રુજારી (આવી રહી છે) (च) અને (रोमहर्षः) રૂંવાટા ઊભા (जायते) થઈ રહ્યા છે (च) અને (हस्तात्) હાથથી (गाण्डिवम्) ગાંડિવ ધનુષ્ય (स्त्रंसते) છૂટી રહ્યું છે (च) અને (त्वक्) ચામડી (एव) પણ (परिदह्येते) બળી રહી છે.

## ૧.૩૦

**न च शक्नोमि अवस्थातुम् भ्रमति इव च मे मनः ।**
**निमित्तानि च पश्चामि विपरीतानि केशव ।।३०।।**
મારું મન ભ્રમિત થઈ રહ્યું છે, અને આ રીતે ઊભા રહેવું (મારા માટે) સંભવ નથી.

(मे) મારું (मनः) મન (भ्रमति च) ભ્રમિત થઈ રહ્યું છે (च) અને (ए) આ રીતે (अवस्थातुम्) ઊભા રહેવું (शक्नोमि) (મારા માટે) સંભવ (न) નથી.

## ૧.૩૧

**न च श्रेयः अनुपश्यामि हत्वा स्वजनम् आहवे ।**
**न काङ्क्षे विजयम् कृष्ण न च राज्यम् सुखानि च ।।३१।।**
હે કૃષ્ણ ! હું લક્ષણોને (પણ) વિપરીત જોઈ રહ્યો છું, અને હે કૃષ્ણ ! યુદ્ધમાં પોતાના કુટુંબ સમુદાયોને મારીને (મને કોઈ) લાભ પણ નથી જોવાઈ રહ્યો.

(केशव) હે કૃષ્ણ ! (હું) (निमित्तानि) લક્ષણો (શુકનો/પરિણામ)ને (च) પણ (विपरीतानि) વિપરીત (पश्चामि) જોઈ રહ્યો છુ (च) અને (आहव) યુદ્ધમાં (स्वजनम्) સ્વજનોને (हत्वा) મારીને (श्रेय) શ્રેય (લાભ પણ) (न) નથી (अनुपश्यमि) જોવાઈ રહ્યો.

## ૧.૩૨

**किम् नः राज्येन गोविन्द किम् भौगैः जीवितेन वा ।**
**येषाम् अर्थे काङ्क्षितम् नः राज्यम् भोगाः सुखानिच ।।३२।।**
હે કૃષ્ણ ! આપણે બધાને (સ્વજનો વગર) જીવવાથી (પણ) શું લાભ ? ભોગથી (આનંદનો શું લાભ ?) રાજયથી શું (લાભ ?) હે કૃષ્ણ ! (આ કારણે) ન (તો) હું વિજય ઇચ્છું છું, અને ન રાજય (ઇચ્છું છું), અને ન સુખોને (ચાહું છું).

(गोविन्द) હે કૃષ્ણ ! (न) આપણે બધાને (जीवितेन) (સ્વજનો વગર) જીવવાથી (પણ) (किम्) શું લાભ ? (भोगैः) ભોગથી (આનંદનો શું લાભ ?) (राज्येन) રાજયથી (किम) શું (લાભ ?) (कृष्ण) હે કૃષ્ણ ! (न) (આ કારણે) ન (એ) (विजयम) વિજય (काङ्ष्टे) ઇચ્છું છું (न) ન (राज्यम्) રાજય (ઇચ્છું છું) (च) અને (न) ન (सुखानि) સુખોને (ચાહું છું).

## ૧.૩૩

**ते मे अवस्थिताः युद्धे प्राणाम् त्यक्त्वा धनानि च ।**
**आचार्याः पितरः पुत्राः तथा एव च पितामहाः ।।३३।।**
(પરંતુ) જેમના માટે આપણે રાજય, ભોગ અને સુખ-શાંતિની ઇચ્છા કરીએ છીએ, તેઓ (જ) એ બધા (પોતાના સંબંધે) પ્રાણ અને ધનને ત્યાગવા યુદ્ધમાં ઊભા છે.

(येषाम) જેમના (अर्थे) માટે (नः) આપણે (राज्यम्) રાજય (भोगा) ભોગ (च) અને (सुखानि) સુખ-શાંતિની (काडक्षितम्) ઇચ્છા કરીએ છીએ (ते) તેઓ (જ) (इमे) એ બધા (પોતાના સંબંધે) (प्राणाम) પ્રાણ (च) અને (धनानि) ધનને (त्यकत्वा) ત્યાગવા (युद्धे) યુદ્ધમાં (अवस्थिताः) ઊભા છે.

## ૧.૩૪ / ૧.૩૫

**मातुलाः श्वशुराः पौत्राः श्यालाः सम्बन्धिनः तु ।**
**एत्तान् न हन्तुम् इच्छामि ध्नतः अपि मुधुसूदन ।।३४।।**
**अपि त्रै-लोक्य राज्यस्य हेतोः किम् नुमही-कृते ।**
(તેમ છતાં) જો આચાર્ય, પિતા, પુત્ર, અને એ જ રીતે પિતામહ, મામા, સસરા, પૌત્ર, સાળાઓ, તથા (અન્ય) સંબંધીઓ પણ મારા પર પ્રહાર કરે છે (તો

(तथा) જો (आचार्य) આચાર્ય (पितर) પિતા (पुत्रा) પુત્ર (च) અને (एव) એ જ રીતે (पितामहाः) પિતામહ (मातुला) મામા (श्वशुरा) સસરા (पौत्रा) પૌત્ર (श्याला) સાળાઓ (तथा) તથા (सम्बन्धिन) (અન્ય) સંબંધીઓ (अपि) પણ (ध्नत) મારા પર પ્રહાર કરે છે (તો પણ) (एतान्) તેમને (हन्तुम) મારવા (न) નથી (इच्छामि) ઇચ્છતો.

તેમને (હું) મારવા નથી ઇચ્છતો. હે કૃષ્ણ ! ત્રણેય લોકો (નું રાજ્ય) મળે તો પણ (હું આમને મારવા નથી ઇચ્છતો), તો પછી પૃથ્વી માટે (હું આમને) (મારું જ) કેમ ?

(मे) હે કૃષ્ણ ! (मनः) ત્રણેય લોકો (નું રાજય) (भ्रमति च) મળે (च) તો પણ (હું આમને મારવા નથી ઇચ્છતો) (ए) તો પછી (अवस्थातुम्) પૃથ્વી માટે તો (હું આમને) (शक्नोमि) (મારું જ) કેમ ?

## ૧.૩૬

**निहत्य धार्तराष्टान् नः का प्रीतिः स्यात् जनार्दन ।**
**पापम् एव आश्रयेत् अस्मान् हत्वा एतान् आततायिनः ।।३०।।**

આ સંબંધીઓને મારવાથી આપણને પાપ જ મળશે. હે કૃષ્ણ ! (આ કારણે) ધૃતરાષ્ટ્રના પુત્રોને મારીને આપણા લોકોને શું ખુશી થશે ?

(एतान) આ (आततायिन) સંબંધીઓને (हत्वा) મારવાથી (अस्मान) આપણને (पापम्) પાપ (एव) જ (आश्रयते) મળશે (जनार्दन) હે કૃષ્ણ ! (આ કારણે) (धार्तराष्ट्रान) ધૃતરાષ્ટ્રના પુત્રોને (निहत्य) મારીને (नः) આપણા લોકોને (का) શું (प्रीतिः) ખુશી (स्यात) થશે ?

## ૧.૩૭

**तस्मात् न अहोः वयम् हन्तुम् धातृराष्टान् स-बान्धवान् ।**
**स्वजनम् हि कथम् हत्वा सुखिनः स्याम माधव ।।३७।।**

હે કૃષ્ણ ! પોતાના સ્વજનોને મારીને (આપણે) કેવી રીતે સુખી થઈશું ? તેથી પોતાના બાંધવો અને ધૃતરાષ્ટ્રના પુત્રોને મારવા આપણા માટે ઉચિત નથી.

(माधव) હે કૃષ્ણ ! (स्वजनम्) પોતાના સ્વજનોને (हत्वा) મારીને (આપણે) (कथम्) કેવી રીતે (सुखित) સુખી (स्याम) થઈશું (तस्मात) તેથી (स्वबान्धवान्) પોતાના બાંધવો (અને) (धार्तराष्ट्रान) ધૃતરાષ્ટ્રના પુત્રોને (हन्तुम) મારવા (वयम) આપણા માટે (अहो) ઉચિત (न) નથી.

## ૧.૩૮

**यदि अपि एते न पश्यन्ति लोभ उपहत चेतसः ।**
**कुल-ज्ञय कृतम् दोषम् मित्र-द्रोहे च पातकम् ।।३८।।**

જો આ લોકોને બધાનો વિનાશ કરવા અને મિત્રોની હત્યા કરવા જેવું પાપ કરવામાં પણ કોઈ દોષ નથી જોવાઈ રહ્યો, તો (તેનું કારણ છે કે) લોભે (તેમના) વિવેક (સત્યને સમજવાની ક્ષમતાને) નષ્ટ કરી નાખ્યું છે.

(यदि) જો (एते) આ લોકોને (कुल) બધાનો વિનાશ કરવા (च) અને (मित्र) મિત્રોની (द्रोह) હત્યા કરવા (पातकम्) જેવું પાપ (कृतम्) કરવામાં (अपि) પણ (दोषम) કોઈ દોષ (न) નથી (पर्श्यान्त) જોવાઈ રહ્યો, (તો તેનું કારપ એ છે કે) (लोभ) લોભે (चेतस) (તેમના) વિવેક (સત્યને સમજવાની તેમની ક્ષમતા)ને (उपहत) નષ્ટ કરી નાખી છે.

## ૧.૩૯

**कथम् न ज्ञेयम् अस्माभिः पापात् अस्मात् निवर्तितुम् ।**
**कुल-क्षय कृतम् दोषम् प्रपश्यद्भिः जनार्दन ।।३९।।**

હે જનાર્દન (કૃષ્ણ) ! એ (લોકોના) દોષ (ચૂકને) આપણે બરાબર જાણી ગયા. (આપણે તેને) પાપ (પણ) સમજીએ (છીએ તો) બધા (ના) વિનાશને રોકવા માટે આપણા દ્વારા શા માટે પ્રયાસ કરવામાં ન આવે.

(जनार्दन) હે જનાર્દન (કૃષ્ણ) ! (अस्मात) એ (લોકોના) (दोषम) દોષ (ચૂકને) (प्रपश्यद्भि) આપણે બરાબર જાણી ગયા. (पापत्) (આપણે તેને) પાપ (ज्ञेयम्) (પણ) સમજીએ (છીએ તો) (कुल) બધા (ના) (क्षय) વિનાશને (निवर्तितुम) રોકવા માટે (अस्माभिः) આપણા દ્વારા (कथम्) શા માટે (न) ન (कृतम्) કરવામાં આવે પ્રયાસ.

## અર્જુનનું યુદ્ધ ન કરવાનું કારણ

### ૧.૪૦

**कुल-क्षये प्रणश्यन्ति कुल-धर्माः सनातनाः ।**
**धर्मे नष्टे कुलम् कृत्स्नम् अधर्मः अभिभवति उत ।।४०।।**

કહેવામાં આવે છે કે (સત્તાધારી) બધાના વિનાશથી હંમેશાથી ચાલી આવી રહેલ કુલ-ધર્મ નાશ પામે છે, અને ધર્મના નાશ થવાથી બચી ગયેલ સંપૂર્ણ સમાજના સમગ્ર પર અધર્મ છવાઈ જાય છે.

(उत) કહેવામાં આવે છે કે (कुल) (સત્તાધારી) બધાના (क्षय) વિનાશથી (सनातना) હંમેશથી ચાલી આવી રહેલ (कुल-धर्मा) કુલ-ધર્મ (प्राणश्यन्ति) નષ્ટ પામે છે, (धर्म) અને ધર્મના (नष्टे) નષ્ટ થવાથી બચી ગયેલ (कृत्सनम्) સંપૂર્ણ સમાજના (कुलम्) સમગ્ર પર (अधर्म) અધર્મ (अभिभवति) છવાઈ જાય છે.

### ૧.૪૧

**अधर्म अभिभावत् कृष्ण प्रदुष्यन्ति कुल-स्त्रियः ।**
**स्त्रीषु दुष्टासुवार्ष्णेय जायते वर्ण-सङ्करः ।।४१।।**

હે કૃષ્ણ ! અધર્મના અધિક વધી જવાથી કુળની સ્ત્રીઓ દૂષિત થઈ જાય છે. હે કૃષ્ણ ! સ્ત્રીઓ દૂષિત થઈ જવાથી વર્ણ-સંકર પ્રજા પેદા થઈ જાય છે.

(कृष्ण) હે કૃષ્ણ ! (अधर्म) અધર્મના (अभिभावत) અધિક વધી જવાથી (कुल) કુળની (स्त्रि) સ્ત્રીઓ (प्रदुष्यन्ति) દૂષિત થઈ જાય છે. (वार्ष्णेय) હે કૃષ્ણ ! (स्त्रीषु) સ્ત્રીઓના (दुष्टातु) દૂષિત થવાથી (वर्ण-सङ्कर) વર્ણ-સંકર પ્રજા (जायते) પેદા થઈ જાય છે.

### ૧.૪૨

**सङ्करः नरकाय एव कुल-ध्नानाम् कुलस्य च ।**
**पतन्ति पितरः हि एषाम् लुप्त पिण्ड उदक क्रियाः।।४२।।**

આ વર્ણ-સંકરથી જ સમુદ્ર (અને) ધરતીની પ્રકૃતિ પર વિનાશ ફેલાઈ જાય છે, અને કુળને ઘોર અંધકારમાં નાખવવાળા કુળના પિતૃઓને નિઃસંદેહ નર્કમાં નાખવામાં આવે છે.

(एषाम) આ (सङ्कर) વર્ણ-સંકરથી (हि) જ (उदक) સમુદ્ર (અને) (पिण्ड) ધરતી (कृपा) ની પ્રકૃતિ પર (लुप्त) વિનાશ ફેલાઈ જાય છે (च) અને (कुल) કુળને (ध्याम्) ઘોર અંધકારમાં નાખવાવાળા (कुलस्य) કુળના (पितर) પિતૃઓને (एव) નિઃસંદેહ (नरकाय) નર્કમાં (पतन्ति) નાખવામાં આવે છે.

### ૧.૪૩

**दाशै एतैः बुलध्नानाम् वर्ण-सङ्करः करकैः ।**
**उत्साद्यन्ते जाति-धर्माः कुल-धर्माः च शाश्वताः ।।४३।।**

કુળનો વિનાશ કરવાવાળા (અને) વર્ણ-સંકર વંશને જન્મ આપવાવાળા આ દોષોથી હંમેશાથી ચાલી આવી રહેલ કુળ-ધર્મ અને જાતિ-ધર્મ નષ્ટ થઈ જાય છે.

(कुलध्नानाम्) કુળનો વિનાશ કરવાવાળા (અને) (वर्ण-सङ्कर कारकै) વર્ણ-સંકર વંશને જન્મ આપવાવાળા (एतैं) આ (दाषै) દોષોથી (शाश्वता) હંમેશથી ચાલી આવી રહેલ (कुल-धर्मा) કુળ-ધર્મ (च) અને (जाति-धर्म) જાતિ-ધર્મ (उत्साधन्ते) નષ્ટ થઈ જાય છે.

---

**નોંધ ૧.૪૧ :** જમીન અને સમુદ્રમાં બગાડ (રમખાણો/ઉપદ્રવો/ ) ફેલાઈ ગયેલ છે લોકોના પોતાના હાથો વડે કમાયેલ પાપોના કારણે. (ઈશ્વરે રોક્યા નહી) જેથી તેઓ એ (પાપીઓને) તેમના કેટલાક કરતૂકોની મજા ચખાડે. કદાચ તેઓ (પાપોથી) અટકી જાય. (પવિત્ર કુર્આન, સૂરઃ ૩૦, આ. ૪૧)

## ૧.૪૪

**उत्सन्न कुल-धर्माणाम् मनुष्याणाम् जनार्दन ।**
**नरके नियतम् वासः भवति इति अनुशुश्म ।।४४।।**

જનાર્દન ! જે મનુષ્યોના કુળ-ધર્મ નષ્ટ થઈ જાય છે, (એ મનુષ્યોનું) ઠેકાણું હંમેશ માટે નર્કમાં હોય છે એવું (મેં) જ્ઞાનીઓથી સાંભળ્યું.

(जनार्दन) જનાર્દન ! (मनुष्याणाम) જે મનુષ્યોના (धर्माणाम्) કુળ-ધર્મ (उत्सन्न) નષ્ટ થઈ જાય છે (वास) (એ મનુષ્યોનું) ઠેકાણું (अनियतम्) હંમેશા માટે (नरके) નર્કમાં (भवति) હોય છે (इति) એવું (મેં) (अनुशुश्रम्) જ્ઞાનીઓથી સાંભળ્યું.

## ૧.૪૧

**अहोबत महत् पापम् कर्तुम् व्यवसिताउ वयम् ।**
**यत् राज्य-सुख-लोभेन हन्तुम् स्वजनम् उद्यताः ।।४५।।**

આહ ! ખૂબ ખેદની વાત છે કે રાજયથી મળનારા સુખના લોભમાં પોતાના સ્વજનોને મારવા માટે આપણે બધા તૈયાર થઈ ગયા, જે આપણે ખુબ મોટું પાપ કરવાનો નિશ્ચય કર્યો છે.

(अहो) આહ ! (बत) ખૂબ મોટા ખેદની વાત છે કે (राज्य) રાજયથી (सुख) મળનારા સુખના (लोभेन) લોભમાં (स्वजनम्) પોતાના સ્વજનોને (हन्तुम) મારવા માટે (उद्यता) આપણે બધા તૈયાર થઈ ગયા, (यत) જે (वयम्) આપણે (महत्) ખૂબ મોટું (पापम्) પાપ (कर्तुम) કરવાનો (व्यवसिताः) નિશ્ચય કર્યો છે.

## ૧.૪૨

**त्यदि माम् अप्रतीकारम् अशस्त्राम् शस्त्र-पाणयः ।**
**धार्तराष्टाः रणे हन्युः तत् मे क्षेम-तरम् भवेत् ।।४२।।**

જો હાથોમાં શસ્ત્ર લઈને ધૃતરાષ્ટ્રના પુત્રો યુદ્ધ-ભૂમિમાં સામનો ન કરવાવાળા અને નિઃશસ્ત્ર મને મારી પણ નાખે (તો) તે મારા માટે વધારે ઉત્તમ હશે.

(यदि) જો (शस्त्रपाणय) હાથોમાં શસ્ત્ર લઈને (धार्तराष्ट्र) ધૃતરાષ્ટ્રના પુત્રો (रणे) રણભૂમિમાં (अप्रतीकारम्) સામનો ન કરવાવાળા (अशस्त्रम्) અને નિઃશસત્ર (माम्) મને (हन्यु) મારી પણ નાખે (તો) (तत्) તે (में) મારા માટે (क्षेमतरम्) વધારે ઉત્તમ (भवेत्) હશે.

## ૧.૪૩

**संजय उवाच, एवम् उक्तवा अर्जुनः सङ्ख्ये रथ उपस्थे उपाविशत् ।**
**विसृज्य स-शरम् चापम् शोक संविग्न मानसः ।।४३।।**

આવું કહીને ઉદાસ મનવાળા અર્જુન બાણની સાથે ધનુષ્યનો ત્યાગ કરીને યુદ્ધ-ભૂમિમાં રથના પાછળ બેસી ગયા.

(एवम्) આવું (उक्तवा) કહીને (शोक संविग्न मानस) ઉદાસ મનવાળા (अर्जुन) અર્જુન (स-शरम) બાણની સાથે (चापम्) ધનુષ્યનો (विसृज्य) ત્યાગ કરીને (सङ्ख्ये) યુદ્ધ-ભૂમિમાં (त्यापस्ये) રથની પાછળ (उपविशत) બેસી ગયા.

# (અધ્યાય—૨)
# સાંખ્યયોગ

## પરિચય

● આ પ્રકરણમાં સાંખ્યયોગ અને બુદ્ધિયોગનો પરીચય છે. ધાર્મિક ગ્રંથોમાં 'સાંખ્ય'નો શાબ્દિક અર્થ છે વિશ્લેષણ. તો આ યોગમાં ધાર્મિક તથ્યોનું વિશ્લેષણ કરવામાં આવેલ છે. બુદ્ધિયોગનો સાધારણ અર્થ છે ધર્મમાં શું સાચું છે તેને સમજવું.

● અર્જુનને એ વાતનો શોક હતો કે તેનો સમગ્ર પરિવાર આ યુદ્ધમાં માર્યો જઈ શકે છે. તો ઈશ્વરે તેને શરીર અને રૂહ (આત્મા) વિશે શ્લોક નં. ૨.૧૩ થી ૨.૩૦ સુધી વિસ્તારપૂર્વક બતાવ્યું કે શરીરના અંદર જે રૂહ છે તે અવિનાશી છે. આ કારણસર કોઈના મરવાનો શોક ન કરો. આ શરીર અને રૂહના સંબંધનું વિશ્લેષણ સાંખ્ય જ્ઞાનથી કરવામાં આવેલ છે.

● શ્લોક નં. ૨.૩૮ પછી ઈશ્વરે બુદ્ધિયોગનું વર્ણન કર્યું છે. આમાં મુખ્ય જ્ઞાન એ છે કે મનુષ્યને ઈશ્વરના આદેશો અનુસાર ઈશ્વરમાં શ્રદ્ધા રાખીને પોતાના અનિવાર્ય કર્તવ્યો (કર્મ-બંધન)ને પૂરા કરવા જોઈએ. બુદ્ધિયોગનું વર્ણન શ્લોક નં. ૨.૩૮ થી ૨.૫૯ સુધી છે.

● અંતમાં ઈશ્વરે કર્મ-બંધનને પૂરા ન કરવાનું કારણ બતાવ્યું છે, અને તે છે પોતાની ઈચ્છાઓ અનુસાર પોતાનું જીવન વ્યતીત કરવાની ઈચ્છા.

## સારાંશ

● શ્લોક નં. ૨.૧ થી ૨.૯ સુધી અર્જુનની યુદ્ધ ન કરવાની ઈચ્છાનું વર્ણન છે.

● શ્લોક નં. ૨.૧૦ થી શ્લોક નં. ૨.૧૭ માં શ્રી કૃષ્ણજી જે કંઈ સમગ્ર ભાગવદ ગીતામાં લખેલ છે તેને જ સંક્ષિપ્તમાં અર્જુનને સમજાવે છે, જેથી તેનો શોક દૂર થઈ જાય.

● શ્લોક નં. ૨.૧૮ પછી મહદ્ અંશે ભગવદ્ ગીતા ઈશ્વર-વાણી છે, જે ઈશ્વરે શ્રી કૃષ્ણના માધ્યમથી અર્જુન અને સમગ્ર માનવ-જાતિને કહેલ છે.

● શ્લોક નં. ૨.૧૮ થી ૨.૩૦ સુધી રૂહ (Spirit) કે અંતરાત્માનું વર્ણન છે. આત્મા, અંતરાત્મા, પ્રાણ વિશે વધારે જાણકારી માટે નોંધ નં. N-2 વાંચો.

● શ્લોક નં. ૨.૩૪ થી ૨.૬૦ સુધી કર્મ-બંધનનું વર્ણન છે.

● શ્લોક નં. ૨.૬૦ થી ૨.૭૨ માં કર્મ-બંધન પૂરા ન કરવાનાં કારણોનું વર્ણન છે.

# પ્રકરણ

**શ્રી કૃષ્ણજીનું અર્જુનને સાંત્વના આપવું.**

## ૨.૧

**(संजय उवाच)**

**तम् तथा कृपया आविष्टम् अश्रु-पूर्ण-आकृत ईक्षणम् ।**
**विर्षादन्तम् इमद् वाक्यम् उवाच मधु-सूदनः ।।१।।**

સંજયે કહ્યું, જ્યારે (શ્રી કૃષ્ણએ) દયાથી ભરેલા દુઃખી (અર્જુનને) (અને તેની) આંખોને સંપૂર્ણપણે આંસુઓથી ભરેલી (જોઈ), ત્યારે શ્રી કૃષ્ણ(એ) (અર્જુનને) આ શબ્દો કહ્યા.

(संजय उवाच) સંજયે કહ્યું, (तम) જ્યારે (શ્રી કૃષ્ણએ) (कृपया) કૃપા (દયા)થી (अविष्टम्) ભરેલા (विषीदन्तम्) દુઃખી (અર્જુનને) (ईक्षणम्) (અને તેની) આંખોને (पूर्ण) સંપૂર્ણપણે (अश्रु) આંસુઓથી (आकृत) ભરેલી (જોઈ) (ત્યારે) (મધુસૂદન) શ્રી કૃષ્ણ(એ) (इदस) (અર્જુનને) આ (वाक्य) શબ્દો (उवाच) કહ્યા.

## ૨.૨

**कुतः त्वा कश्मलम् इदम् विषमे समुपस्थितम् ।**
**आर्य जुष्टम् अस्वर्ग्यम् अकीर्ति करम् अर्जुन ।।२।।**

આ કઠિન સમયમાં તમારા (મનમાં) આ કાયરતાપૂર્વક (નિશ્ચય) ક્યાંથી આવ્યો ? હે અર્જુન ! અજ્ઞાનતાપૂર્વક ડગ (કર્મ) સ્વર્ગ તરફ નથી લઈ જતા, (બલ્કે) અપમાનકારક હોય છે.

(विषमे) આ કઠિન સમયમાં (त्वा) તમારા (મનમાં) (इदम) આ (कश्मलम्) કાયરતાપૂર્વક (નિશ્ચય) (कृत) ક્યાંથી (समुपस्थितम्) આવ્યો ? (अर्जुन) હે અર્જુન ! (अनारर्य) અજ્ઞાનતાપૂર્વક (जुष्ठम) ડગ (કર્મ) (अस्वर्ग्यम्) સ્વર્ગ તરફ નથી લઈ જતા, (બલ્કે) (अकीर्ति करम्) અપરમાનકારક હોય છે.

## ૨.૩

**क्लैब्यम् मा स्म गमः पार्थ न एतत् त्वयि उपपद्यते ।**
**क्षुद्रम् हृदय दौर्बल्यम् त्यक्त्वा उत्तिष्ठ परम्-तप ।।३।।**

હે અર્જુન ! કાયરતાને ન અપનાવો. આ ખુબ જ ખરાબ વાત છે. તમને શોભા નથી આપતું. હે અર્જુન ! હૃદયની (આ) દુર્બળતાને છોડીને (યુદ્ધ માટે) ઊભા થઈ જાઓ.

(पार्थ) હે અર્જુન ! (कलैव्यम्) કાયરતાને (मासा) ન (गम) અપનાવો. (एतत) આ (क्षुद्रम) ખૂબ જ ખરાબ વાત છે. (त्वा) તમને (अपद्यते) શોભા (न) નથી આપતી. (परमतप) હે અર્જુન ! (हृदय) હૃદયની (दौर्बल्यम) દુર્બળતાને (त्यकत्वा) છોડીને (उत्तिष्ठ) (યુદ્ધ માટે) ઊભા થઈ જાઓ.

<u>અર્જુનનું પોતાના વિચારો વ્યક્ત કરવું.</u>

## ૨.૪

**अर्जुन उवाच,**

**कथम् भीष्मम् अहम् संख्ये द्रोणम् च मधुसूदन ।**
**इषुभिः प्रतियोत्सामि पूजा-अर्हा अरि-सूदन ।।४।।**

અર્જુને કહ્યું, હે મધુસૂદન (કૃષ્ણ) ! યુદ્ધમાં હું કેવી રીતે ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય પર બાણોથી પલટવાર કરીશ. હે અરિ-સૂદન (કૃષ્ણ) ! આ લોકો મારા માટે આદરણીય છે.

(अर्जुन उवाच) અર્જુને કહ્યું, (मधुसूदन) હે મધુસૂદન ! (संख्ये) યુદ્ધમાં (अहम) હું (कयम) કેવી રીતે (भीष्मम्) ભીષ્મ પિતામહ (द्रोण) દ્રોણાચાર્ય પર (इपुमि) બાણોથી (प्रतियोत्स्यमि) પલટવાર કરીશ. (अरि-सुदन) હે અરિ-સૂદન (કૃષ્ણ)! (पूजा) આ લોકો મારા માટે આદરણીય (अर्हा) છે.

## ૨.૫

**गुरुन् अहत्वा हि महा-अनुभावान् श्रेयः भैक्ष्यम् अपि इहलोके ।**
**हत्वा अर्थ कामान् तु गुरुन् इह एव भुञ्जीय भोगान् रुधिर प्रदिग्धान् ।।५।।**

નિઃસંદેહ આ સંસારમાં આ મહાન મહિમાવાન ગુરુજનોની હત્યા ન કરીને એ ઉત્તમ છે કે હું ભિક્ષા માંગીને પોતાની આવશ્યકતાઓને પૂરી કરું. જીવનના આનંદ કામનાની ઈચ્છામાં હું આ ગુરુજનોની હત્યા કરી પણ નાખું, પરંતુ આનંદ લેવાની વસ્તુઓથી આનંદ લેવા માટે નિઃસંદેહ આ સંસાર મને રક્તથી રંજિત મળશે.

(हि) નિઃસંદેહ (इह) આ સંસારમાં (महानुभावान्) આ મહાન મહિમાવાન (गुरुज) ગુરુજનોની (अहत्वा) હત્યા ન કરીને (श्रेय) એ ઉત્તમ છે કે (भैक्ष्यम्) હું ભિક્ષા માંગીને (भोक्तुम्) પોતાની આવશ્યકતાઓને પૂરી કરું. (अर्थ) જીવનના આનંદ કામનાની ઈચ્છામાં (गुरुन्) હું આ ગુરુજનોની (हत्वा) હત્યા (अपी) પણ કરી નાખું (तो) પરંતુ (भोगान) આનંદ પ્રાપ્ત કરવાની વસ્તુઓથી (भुञ्जीय) આનંદ લેવા માટે (एव) નિઃસંદેહ (इह) આ સંસાર મને (रुधिर) રક્તથી (प्रदिग्धान्) રંજિત (सना) મળશે.

## ૨.૬

**न च एतत् विद्म कतरन् नः गरीयः यत् वा जयेम् यदि वा जयेम् यदि वानः जयेयुः ।**
**यान् ए हत्वा न जिजीविषायः ते अवस्थिताः प्रमुखे धार्तराष्टः ।।६।।**

(અમે તો) એ પણ નથી જાણતા જે અમારા (માટે) ઉચિત છે. કાં તો અમે વિજયી થઈ શું, અથવા (તેઓ) અમારા પર વિજય પ્રાપ્ત કરશે. પરંતુ એ સૌ ધૃતરાષ્ટ્રના પુત્રો જે હમણા અમારા સામે ઊભા છે, તેમને મારીને અમે કદાપિ નહીં જીવવા માંગીએ.

(एतत) (અમે તો) એ (च) પણ (न) નથી (विद्मः) જાણતા (कतरत) જે (नः) અમારા (માટે) (गरीय) ઉચિત છે. (यत् वा) કાં તો (जयेम) અમે વિજયી થઈશું (वा) અથવા (તેઓ) (नः) અમારા પર (जयेत) વિજય પ્રાપ્ત કરશે. (यदी) પરંતુ (ते) એ સૌ (धार्तराष्ट्र) ધૃતરાષ્ટ્રના પુત્રો (प्रमुखे) જેઓ હમણા અમારા સામે (अवस्थित) ઊભા છે (यान) તેમને (हत्वा) મારીને અમે (त्वा) કદાપિ નહીં (जिजीविषाम) જીવવા માંગીએ.

## ૨.૭

**कार्षण्य दोष उपहत स्वाभावः पृच्छामित्वाम् धर्म सम्मूढ चेताः ।**
**यत् श्रेयः स्यात् निश्चितम् बृहि तत् मे शिष्यः ते अहम् शाधि माम् त्वाम् प्रपन्नम् ।।७।।**

મારા પોતાના સ્વભાવમાં દયાળુતા છે, જેના કારણે હું ભૂલ કરું છું. આ કારણસર તમારા પાસે સત્ય-ધર્મ જાણવા માટે મારું હૃદય વ્યાકુળ છે. હવે તમને ઈશ્વરના આદેશો પૂછું છું, જે મારા માટે શ્રેષ્ઠ છે. નિશ્ચિત થઈને મને (એ ઉપદેશ) કહો. મને કેવળ તમારો સહારો છે, અને હું તમારો શિષ્ય પણ છું. આ કારણસર મારું માર્ગદર્શન કરો.

(स्व) મારા પોતાના (भावः) સ્વભાવમાં (कार्पण्य) દયાળુતા છે. (दोष) (જેના કારણે હું) ભૂલ (उपहत) કરું છું. (त्वाम) (આ કારણસર) તમારા પાસે (धर्म) સત્ય-ધર્મને (चेता) (જાણવા માટે મારું) હૃદય (सम्मुढ) વ્યાકુળ છે. (तत) (હવે તમને ઈશ્વરના) એ (આદેશો) (पृच्छामि) પૂછું છું (यत) જે (श्रेय) (મારા માટે) શ્રેષ્ઠ (स्यात) છે. (निश्चितम्) નિશ્ચિત બનીને (मे) મને (એ ઉપદેશ) (बृहि) કહો. (माम) મને (त्वाम) (કેવળ) તમારો (प्रपन्नम) સહારો છે, (अहम) (અને) હું (ते) તમારો (शिष्य) શિષ્ય પણ છું. (शाधि) આ કારણસર મારું માર્ગદર્શન કરો.

## ૨.૮

**न हि प्रपश्यामि ममः अपनुद्यात् यत् शोकम् उच्छाषणाम् इन्द्रियाणाम् ।**
**अवाप्य भूमी असपम्नम् ऋद्धम् राज्यम् सुराणाम् अपि च चाधिपत्यम् ।।८।।**

જો (મને) આ ધરતી પર શત્રુરહિત, દુઃખ અને કષ્ટરહિત, દેવતાઓથી પૂર્ણ, અને સર્વશ્ઠ રાજ્ય પણ મળી જાય, તો પણ નિઃસંદેહ મને દખાતું નથી કે આ મારા દુઃખને હળવું કરશે.

(अपि) જો (મને) (भुमी) આ ધરતી પર (असपत्नम्) શત્રુરહિત (ऋद्धम) દુઃખ અને કષ્ટરહિત (सुराणम) દેવતાઓથી પૂર્ણ (च) અને (चापत्यम) સર્વશ્રેષ્ઠ (राज्यम्) રાજ્ય પણ (अवाण्य) મળી જાય (हि) (તો પણ) નિઃસંદેહ (मम) મને (न) નથી (प्रपश्यामि) દેખાતું કે આ (शोकम) મારા દુઃખને (उच्छाषणाम) હળવું કરશે.

## ૨.૯

**संजय उवाच,**
**एवम् उक्त्वा हृषीकेशम् गुडाकेशः परन्तपः ।**
**न योत्स्येइति गोविन्दम् उक्त्वा तूष्णीम् बभूवः ।।९।।**

સંજયે કહ્યું, અર્જુને શ્રી કૃષ્ણનીને આ પ્રમાણે કહ્યું, હે કૃષ્ણ ! સત્ય એ છે કે હું યુદ્ધ નહીં કરું. આ પ્રમાણે કહીને અર્જુન ચુપ થઈ ગયા.

(संजय उवाच) સંજયે કહ્યું, (परन्तप) અર્જુને (हृषीकेशम्) શ્રી કૃષ્ણજીને (एवम्) આ પ્રમાણે (उक्त्वा) કહ્યું, (गोविन्दम्) હે કૃષ્ણ ! (ह) સત્ય એ છે કે (न योत्सये) હું યુદ્ધ (न) નહીં કરું. (इति) આ પ્રમાણે (उक्त्वा) કહીને (गुडाकेश) અર્જુન (तुष्णीम्) ચુપ (बभूव) થઈ ગયા.

## ૨.૧૦

**संजय उवाच तमुवाच हृषीकेशः प्रहसनः इन भारत ।**
**सेनयोः उवयोः मध्ये विषीदन्तम् इदम् वचः ।।१०।।**

સંજયે કહ્યું, હે ભારત (ધુતરાષ્ટ્ર) ! શ્રી કૃષ્ણએ બંને સેનાઓની વચ્ચે એ ઉદાસ અર્જુનને હસીને આ પ્રમાણે આ વાતો કહી.

(સંજય ઉવાચ) સંજયે કહ્યું, (ભારત) હે ભારત (ધૃતરાષ્ટ્ર) ! (हृषीकेश) શ્રી કૃષ્ણજીએ (उभयोः) બંને (सेनयोः) સેનાઓની (मध्ये) વચ્ચે (तम्) એ (विषीदन्तम्) ઉદાસ અર્જુનને (प्रहसन) હસીને (इव) આ પ્રમાણે (इदम्) આ (उवाच) વાતો કહી.

### <u>શ્રી કૃષ્ણજીના ઉપદેશો</u>

## ૨.૧૧

**श्री भगवान उवाच,**
**अशोच्यान् अन्वशोचः त्वम् प्रज्ञावादान् च भाष से ।**
**गत असून अगत असून च न अनुशोचन्ति पण्डिताः ।।११।।**

શ્રી કૃષ્ણજીએ કહ્યું, હે અર્જુન ! તમે જ્ઞાનીની જેમ પણ વાત કરો છો, અને (તેમના માટે) શોક કરો છો (તેમના માટે) શોક ન કરવો જોઈએ. જ્ઞાની તેમના માટે શોક નથી કરતા જેમના પ્રાણ જતા રહ્યા, અને (તેમના માટે પણ નહીં જેમના) પ્રાણ નથી ગયા.

(श्री भगवान उवाच) શ્રી કૃષ્ણજીએ કહ્યું, (त्वम्) (હે અર્જુન !) તમે (प्रज्ञावादान) જ્ઞાનીની જેમ પણ વાત કરો છો (च) અને (अन्वशोच) (તેમના માટે શોક કરો છો (अशोच्यान) (જેમના માટે) શોક ન કરવો જોઈએ. (पण्डित) જ્ઞાની પંડિત (अनुशोचन्ति) તેમના માટે શોક (न) નથી કરતા, (असून) જેમના પ્રાણ (गत) જતા રહ્યા (च) અને (તેમના માટે પણ નથી કરતા જેમના) (असून) પ્રાણ (अगत) નથી ગયા.

## ૨.૧૨

**न तु एव अहम् जातु न आसम् न त्वम् न इसे जन-अधिपाः। न च एव न भविष्यामः सर्वे वयम् अतः परम् ।।१२।।**

(કોઈ એવો) કાળ ન હતો જ્યારે હું (ધર્મનો ઉપદેશ આપવાવાળો) ન રહ્યો હોઉં, અને કોઈ એવો કાળ ન હતો જ્યારે તમારા (જેવા ધર્મની સ્થાપના કરવાવાળા) ન રહ્યા હોય, અને કોઈ એવો કાળ ન હતો જ્યારે માનવ-જાતિ પર અત્યાચાર કરવાવાળા આ રાજા લોકો ન રહ્યા હોય, અને આનાથી આગળ ભવિષ્ય કાળમાં પણ એવો કોઈ યુગ નહીં હોય જ્યારે આપણે સૌ ન હોઈએ.

(जातु) (કોઈ એવો) કાળ (न) ન (હતો જ્યારે) (अहम) હું (ધર્મનો ઉપદેશ આપવાવાળો) (न) ન (आसम्) રહ્યો હોઉં, (न) (અને કોઈ એવો કાળ) ન (હતો) (त्वम्) (જ્યારે) તમારા (જેવા ધર્મની સ્થાપના કરવાવાળા ન રહ્યા હોય, (न) (અને કોઈ એવો કાળ) ન (હતો જ્યારે) (जन अधिपा) (માનવ-જાતિ પર અત્યાચાર કરવાવાળા આ) રાજા લોકો (ન હતા), (अतः परम्) અને આનાથી આગળ (भविष्याम्) ભવિષ્ય કાળમાં પણ (सर्वे वयम्) (એવો કોઈ યુગ નહીં હોય જ્યારે) આપણે સૌ ન હોઈએ.

## ૨.૧૩

**देहिनः अस्मिन् यथा देहे कौमारम् यौवनम् जरा । तथा देह-अन्तर प्राप्तिः धीरः तत्र न मुह्यति ।।१३।।**

દેહધારી આ મનુષ્યને જે રીતે બાળપણમાં, યુવાનીમાં અને ઘડપણમાં એક અલય શરીર મળે છે, એવી જ રીતે દેહની અંદર જે આત્મા છે, તેને પણ મૃત્યુ પછી (સ્વર્ગ-લોકમાં) એક નવું શરીર પ્રાપ્ત થાય છે. તેથી જ્ઞાની લોકો (મૃત્યુ વિશે) ભ્રમમાં નથી રહેતા.

(देहीन) દેહધારી (अस्मिन्) આ મનુષ્યને (यथा) જે રીતે (कौमारम्) બાળપણમાં, (यौवनम्) યુવાનીમાં (जरा) અને ઘડપણમાં (देहे) એક અલગ શરીર મળે છે (तथा) એવી જ રીતે (देह-अन्तर) દેહની અંદર જે આત્મા છે, તેને પણ (प्राप्ति) મૃત્યુ પછી (સ્વર્ગ-લોકમાં) એક નવું શરીર પ્રાપ્ત થાય છે. (तत्र) તેથી (धीर) જ્ઞાની લોકો (મૃત્યુ વિશે) (मुह्यति) ભ્રમમાં (न) નથી રહેતા.

## ૨.૧૪

**मात्र-स्पर्शाः तु कौन्तेय शीत् उष्ण सुख दुःख दाः । आगम अपायिनः अनित्याः तान् तितिक्षस्व भारत ।।१४।।**

હે અર્જુન ! જે રીતે ઠંડી અને ગરમીની ઋતુઓ આવતી-જતી રહે છે, સુખ-દુઃખ (પણ જીવનમાં એવી જ રીતે આવતા-જતા રહે છે). પરંતુ આ તમને કેટલા કષ્ટમાં નાખે છે, આ માત્ર એ વાત પર નિર્ભર કરે છે કે તમે તેમને કેવી રીતે અનુભવો છો. હે અર્જુન ! તેમને (એવી જ રીતે સહન કરો જે રીતે તમે ઋતુના પરિવર્તનને સહન કરો છો.)

(कौन्तेय) હે અર્જુન ! (शीत उष्ण) જે રીતે ઠંડી અને ગરમીની ઋતુઓ (अपायितः) આવતી-જતી રહે છે, (सुख दुख) સુખ-દુઃખ (પણ જીવનમાં એવી જ રીતે આવતા-જતા રહે છે). (तु) પરંતુ (दा) આ તમને કેટલા કષ્ટમાં નાખે છે. આ (मात्र स्पर्शा) માત્ર એ વાત પર નિર્ભર કરે છે કે તમે તેમને કેવી રીતે અનુભવો છો. (भारत) હે અર્જુન ! (तान) તેમને (એવી જ રીતે રીતે સહન કરો, જે રીતે તમે ઋતુના પરિવર્તનને સહન કરો છો).

---

**નોંધ ૨.૧૨ :** આ શ્લોકનો અર્થ એ છે કે ઈશ્વરના દિવ્ય જ્ઞાનનો પ્રચાર કરવાવાળા જ્ઞાનીઓ, સત્યની સ્થાપના માટે સંઘર્ષ કરવાવાળા પવિત્ર લોકો અને માનવ-જાતિ પર અત્યાચાર કરવાવાળા દુષ્ટ સત્તાધારી, હંમેશાથી સમાજમાં રહેશે, અને આ સત્ય અને અસત્યના મહાભારત જેવું યુદ્ધ દરેક યુગમાં લડાતું રહેશે.

## ૨.૧૫

**यम् हि न व्यथयन्ति एते पुरकुषम् पुरुष-ऋषभ् ।**
**सम दुख सुखम् धीरम् सः अमृतत्वाय कल्पते ॥१५॥**

હે પુરુષોમાં સૌથી શ્રેષ્ઠ અર્જુન ! જે વ્યક્તિ પરેશાન નથી થતો, અને દુઃખ, સુખમાં એક સમાન રહે છે, એવો જ વ્યક્તિ યોગ્ય છે સ્વર્ગનો, જ્યાં મૃત્યુ નથી.

(पुरुषम ऋषभ) હે પુરુષોમાં સૌથી શ્રેષ્ઠ અર્જુન ! (पुरुषम्) જે વ્યક્તિ (व्यथयन्ति) પરેશાન (न) નથી થતો અને (दुःख) દુઃખ (सुखम्) સુખમાં (सम) એક સમાન રહે છે, (सः) એવો જ વ્યક્તિ (कल्पते) યોગ્ય છે (अमृत्वाय) સ્વર્ગનો, જ્યાં મૃત્યુ નથી.

## ૨.૧૬

**न असतः विद्यते भावः न अभावः विद्यते सतः।**
**उबयोः अपि दृष्ट अन्तः तु अनयोः तत्त्व दर्शिभिः ॥१६॥**

(આ સંસાર અને મનુષ્યનું શરીર અસ્થાયી છે.) પરંતુ આપણે તેને જોઈ શકીએ છીએ. (ઈશ્વર અને મૃત્યુ પશ્ચાત જીવન) સત્ય છે, પરંતુ આ બંને આપણે જોઈ શકતા નથી. નિઃસંદેહ આમના વિશેનું સત્ય અને તથ્ય અને મહત્ત્વ (Concluding Position) એક જ્ઞાની (તત્ત્વદર્શી) જ જોઈ શકે છે.

(असतः) (આ સંસાર અને મનુષ્યનું શરીર) આ અસ્થાયી છે. (भावः विद्यते) પરંતુ આપણે તેમને જોઈ શકીએ છીએ. (सतः) (ઈશ્વર અને મૃત્યુ પશ્ચાત જીવન) સત્ય છે. (अभावः विद्यते) પરંતુ આપણે તેમને જોઈ નથી શકતા. (तु) પરંતુ (उभयो) આ બંને (न) એક સમાન નથી. (अपि) નિઃસંદેહ (अनयो) આમના વિશેનું (तत्त्व) સત્ય અને તથ્ય (अन्तः) અને મહત્ત્વ (दर्शिभि) એક જ્ઞાની (તત્ત્વદર્શી) (दृष्ट) જ જોઈ શકે છે.

<u>ઈશ્વરનો પરિચય</u>

## ૨.૧૭

**अविनाशि तु तत् विद्धि येन सर्वम् इदम् ततम् ।**
**विनाशम् अव्ययस्य अस्य न कश्चित् कर्तुम् अर्हति ॥१७॥**

(હે અર્જુન !) નિઃસંદેહ તમારે જાણવું જોઈએ કે તે ઈશ્વર અવિનાશી છે, જેના કારણે આ સમગ્ર વિશ્વનું અસ્તિત્વ છે.

(तु) (હે અર્જુન !) નિઃસંદેહ (विद्धि) તમારે જાણવું જોઈએ કે (तत्) એ ઈશ્વર (अविनाशी) અવિનાશી છે, (येन) જેના કારણે (अस्य) આ (सर्वम) સમગ્ર વિશ્વનું (ततम्) અસ્તિત્વ છે.

---

**નોંધ ૨.૧૩ :** અથર્વવેદમાં એક શ્લોક આ પ્રમાણે છે –

**अनस्थाः पूताः पवनेन शुद्धाः शुचयः शुचिमपि यन्ति लोकम् ।**
**नैषां शिश्नं प्र दहति जातवेदाः स्वर्गेलोके बहु स्त्रेणमेषाम् ॥ (अथर्ववेद, कांड-४, सुक्त-३४, मंत्र-२)**

પવિત્ર કરવાવાળાઓ દ્વારા પવિત્ર થઈને એવા શરીરની સાથે જેમાં હાડકાં નહીં હોય, એ પ્રકાશિત થઈને સ્વર્ગ-લોમાં પહોંચે છે. તેમના શરીરને આગ બાળતી નથી. સ્વર્ગ-લોકમાં તેમના માટે અત્યંત આનંદ છે.

---

**નોંધ ૨.૧૫ :** પવિત્ર કુર્આનની સૂરઃ નં. ૧૦૩ આ પ્રમાણે છે : ''કાળના સોગંદ ! મનુષ્ય વાસ્તવમાં નુકસાનમાં છે, સિવાય એ લોકોના જેઓ ઈમાન લાવ્યા, અને સત્કર્મો કરતા રહ્યા, અને એક-બીજાને સન્માર્ગનો .પદેશ આપતા રહ્યા અને સંયમથી વર્તવાનો (સબ્ર, કે ધૈર્ય કરવાનો) આદેશ આપતા રહ્યા. (પવિત્ર કુર્આન, સૂરઃ અલ-અસ્ર, સૂરઃ નં. ૧૦૩, આયત નં. ૧-૩)

અવતરિત જ્ઞાન

## ૨.૧૮

**अन्त-बन्त इमेदेहाः नित्यस्थ उक्ताः शरीरिणः ।**
**अनाशनः अप्रमेयस्य तस्मात् युद्धस्व भारत ।।१८।।**

ઈશ્વરે કહ્યું, શરીર (રાખવાવાળા માનવ-જાતિના) શરીરનો અંત થશે. પરંતુ તેમાં અવિનાશી રૂહ (અંતરાત્મા) છે, જેનું અનુમાન નથી લગાવી શકાતું, જે હંમેશા એક જેવો રહે છે. તેથી હે અર્જુન ! યુદ્ધ કરો.

(उक्ता) ઈશ્વરે કહ્યું, (शरीर) શરીર (રાખવાવાળા માનવ-જાતિના) (देह) શરીરનો (अन्त-बन्त) અંત થશે. (इमे) પરંતુ આમાં (अनाशिना) અવિનાશી રૂહ (અંતરાત્મા) છે, (अप्रमेयस्य) જેનું અનુમાન નથી લગાવી શકાતું. (नित्यस्थ) જે હંમેશા એક સમાન રહે છે. (तस्मात) તેથી (भारत) હે અર્જુન ! (युद्धस्व) યુદ્ધ કરો.

(Spirit) અંતરાત્મા કે રૂહનું વર્ણન

## ૨.૧૯

**यः एनम् वेत्ति हन्तारम् यः च एनम् मन्यते हतम् ।**
**उवौ तौ न विजानीतः न अयम् हन्ति न हन्यते ।।१९।।**

જે મનુષ્ય આ (અવિનાશી રૂહ)ને મારવાવાળી માને છે, અને જે મનુષ્ય આ (રૂહને) મરવાવાળી માને છે, આ બંને કંઈ નથી જાણતા. આ રૂહ ન કોઈનો વધ કરે છે (અને) ન મરે છે.

(य) જે મનુષ્ય (एवम्) આ (અવિનાશી રૂહને) (हन्तारम्) મારવાવાળી (वेत्ति) માને છે (च) અને (य) જે મનુષ્ય (एनम्) આ (રૂહને) (हतम्) મરવાવાળી માને છે (उभौ) આ બંને (न विजानीत) કંઈ નથી જાણતા. (एनम्) આ રૂહ (न) ન (हन्ति) કોઈનો વધ કરે છે, (न) (અને) ન (हन्यते) મરે છે.

---

**નોંધ ૨.૧૭ :** ભગવદ્ ગીતાના શ્લોક નં. ૧૭.૨૩ આ પ્રમાણે છે –

''(સામાજિક જીવનના) આરંભમાં બ્રાહ્મણોને (ઈશ્વરે) નિર્દેશ આપ્યો કે (ઈશ્વરના) ત્રણ નામોથી જે 'ॐ', 'સત', 'તત' (છે), (ઈશ્વરને) યાદ કરવાનું રાખો. એ જ પ્રમાણે આ (નામોથી બ્રાહ્મણ) યજ્ઞ અને વેદોની શિક્ષાનો પ્રબંધ કરતા હતા. (ભગવદ્ ગીતા, ૧૭:૨૩)

અર્થાત્, ઈશ્વરે મનુષ્યને પોતાના ત્રણ નામ બતાવ્યા હતા. ॐ, સત, તત. શ્લોક નં. ૨.૧૭ માં 'તત' નામનું વર્ણન છે. શ્લોક નં. ૨.૧૮ થી ૨.૩૦ સુધી રૂહનું વર્ણન છે. શ્લોક નં. ૨.૧૭ થી ઈશ્વરની વાણી છે, જે શ્રી કૃષ્ણજીએ પોતાના મુખથી અર્જુનને કહી.

આ શ્લોક પછી મોટાભાગે ઈશ્વરની વાણી છે. તેથી જ્યાં પણ 'શ્રી ભગવાન ઉવાચ' લખેલું હશે, આપણે તેનો અનુવાદ 'ઈશ્વરે કહ્યું' એવો કરીશું. આ શ્લોક નં. ૨.૧૭ ને અને શ્રી કૃષ્ણજીના વ્યક્તિત્વને સમજવા માટે નોંધ નં. N-9 નું અધ્યયન કરો.

---

**નોંધ ૨.૧૭ :** ઈશ્વરે કહ્યું, અને ઈશ્વરની સાથે કોઈ અન્ય ઉપાસ્યને ન પોકારો. તેના સિવાય અન્ય કોઈ ઉપાસ્ય નથી. દરેક વસ્તુ નષ્ટ થવાવાળી છે, સિવાય તેના અસ્તિત્વના. નિર્ણયનો અધિકાર તેને જ પ્રાપ્ત છે, અને તમને તેના જ તરફ પાછા ફેરવવામાં આવશો. (પવિત્ર કુર્આન, સૂરઃ અલ-કસસ, નં. ૨૮, આયત નં. ૮૮)

## ૨.૨૦

**न जायते म्रियते वा कदाचित् न अयम् भूत्वा भविता वा न भूयः ।**
**अजः नित्यः शाश्वतः अयम् पुराणः न हन्यते हन्यमाने शरीरे ।।२०।।**

આ (આત્મા) ન જન્મ લે છે અને ન મૃત્યુ પામે છે અને કોઈપણ સમયે ન તેનું અસ્તિત્વ હતું, ન તેનું અસ્તિત્વ છે, ન તેનું અસ્તિત્વ હશે. આ (આત્મા) સૌથી પ્રાચીન છે. આ શરીરના મૃત્યુની સાથે નથી મરતો.

(अयम्) આ (આત્મા) (न) ન (जायते) જન્મ લે છે (वा) અને (न) ન (म्रियते) મૃત્યુ પામે છે (वा) અને કોઈપણ સમયે (न) ન (भूत्वा) તેનું અસ્તિત્વ હતું, (भविता) ન તેનું અસ્તિત્વ છે, (न भूयः) ન તેનું અસ્તિત્વ હશે. (अयम्) આ (આત્મા) (पुराण) સૌથી પ્રાચીન છે. (शरीरे) આ શરીરના (हन्यमाने) મૃત્યુની સાથે (न हन्यते) નથી મરતો.

## ૨.૨૧

**वेद अविनाशिनम् नित्यम् यः एनम् अजम् अव्ययम् ।**
**कथम् सः पुरुषः पार्थ कम् धातयति हन्ति कम् ।।२१।।**

જે મનુષ્ય જાણે છે કે આ (આત્મા) અવિનાશી છે, અનંત છે, અજન્મી છે, અમર છે, તે પુરુષ કેવી રીતે કોઈને મારી શકે છે, (અથવા કેવી રીતે) કોઈનો વધ કરાવી શકે છે.

(यः) જે મનુષ્ય (वेद) જાણે છે કે (एनम्) આ (આત્મા) (अविनाशिनम्) અવિનાશી છે, (नित्यम्) અનંત છે, (अजम्) અજન્મા છે, (अव्ययम्) અમર છે, (सः) તે (पुरुषः) પુરુષ (कयम्) કેવી રીતે (कम्) કોઈને (हन्ति) મારી શકે છે, (कम्) (અથવા કેવી રીતે) કોઈનો (धातयति) વધ કરાવી શકે છે.

## ૨.૨૨

**वांसांसि जीर्णानि यथा विहाय नवानि गृहणति नरः अपराणि ।**
**तथा शरीरणि विहाय जीर्णानि अन्यानि संयाति नवानि देही ।।२२।।**

જે રીતે મનુષ્ય જૂના કપડાંનો ત્યાગ કરી દે છે અને બીજા નવા કપડાં ધારણ કરે છે, એ જ રીતે (આ આત્મા) જૂના શરીરનો ત્યાગ કરીને નવું શરીર બીજા લોકમાં ધારણ કરે છે.

(यथा) જે રીતે મનુષ્ય (जीर्णानि) જૂના (वांसांसि) કપડાંનો (विहाय) ત્યાગ કરી દે છે (अपराणि) અને બીજા (नवानि) નવા કપડાં (गृहणति) ધારણ કરે છે, (तथा) એ જ રીતે (આ આત્મા) (जीर्णानि) જૂના (शरीरणि) શરીરનો (विहाय) ત્યાગ કરીને (नवानि) નવું (देही) શરીર (अन्यानि) બીજા લોકમાં (संयाति) ધારણ કરે છે.

નોંધ : મૃત્યુ પછીના જીવનને સમજવા માટે નોંધ નં. N-4 વાંચો, જે અન્ય લોકથી સંબંધિત છે.

---

**નોંધ ૨.૧૯ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે ફરિશ્તાઓને કહ્યું, ‘‘જ્યારે હું મારી રૂહ (આત્મા)માંથી આદમમાં રૂહ (આત્મા)ને ફૂંકુ (અને જ્યારે આદમ જીવિત થઈ જાય) તો તમે આદમને સિજદો (દંડવત) કરજો.’’ (સૂરઃ હિજ્ર, સૂરઃ નં. ૧૫, આયત નં. ૨૯)
અર્થાત્ એ આત્મા જ છે, જેના કારણે મનુષ્ય જીવિત છે, અને આ જ કારણસર તેમાં વિવેક છે. રૂહ, આત્મા અને પ્રાણ વિશે વધુ જાણકારી માટે નોંધ નં. N-2 વાંચો.

## ૨.૨૩

**न एनम् छिन्दन्ति शस्त्राणि न एनम् दहति पावकः ।**
**न च एनम् क्लेदयन्ति आपः न शोषयति मारुतः ।।२३।।**

આ રૂહ (આત્મા)ની ન હથિયારથી ટુકડા કરી શકાય છે, ન આ રૂહને અગ્નિ બાળી શકે છે, અને ન આ (રૂહ)ને પાણી પલાળી શકે છે, અને ન (આ રૂહને) વાયુ સૂકાવી શકે છે.

(एनम्) આ (રૂહ)ની (न) ન (शस्त्राणि) હથિયારથી (छिन्दन्ति) ટુકડા કરી શકાય છે, (न) ન (एनम) આ (રૂહ)ને (पावक) અગ્નિ (दहति) બાળી શકે છે, (च) અને (न) ન (एनम्) આ (રૂહ)ને (आप) પાણી (कलेदयन्ति) પલાળી શકે છે, (न) ન (આ રૂહને) (मारुत) વાયુ (शोषयति) સૂકાવી શકે છે.

## ૨.૨૪

**अच्छेद्यः अयम् अदाह्यः अयम् अक्लेद्यः अशोष्यः एव य ।**
**नित्यः सर्व-गतः स्थाणुः अचलः अयम् सनातनः ।।२४।।**

આ રૂહ તૂટવાવાળી નથી, બળવાવાળી નથી, આ રૂહ પલળવાવાળી નથી. આ (રૂહ)ને સૂકાવી શકાતી નથી, અને નિઃસંદેહ આ રૂહ અનંત, ન બદલાવાવાળી, બ્રહ્માંડમાં દરેક જગાએ રહેવાવાળી અને દૃઢ છે (અર્થાત્ સમયથી પહેલા શરીરનો સાથ છોડતી નથી).

(अयम्) આ (રૂહ) (अच्छेद्य) તૂટવાવાળી નથી, (अदाह्यः) બળવાવાળી નથી. (अथम्) આ (રૂહ) (अक्लोद्य) પલળવાવાળી નથી. (अशोष्य) આ (રૂહ)ને સૂકાવી શકાતી નથી, (च) અને (एव) નિઃસંદેહ (अयम्) આ (રૂહ) (नित्य) અનંત (स्थाणु) ન બદલાઈ શકે એવી (सर्वगतः) બ્રહ્માંડમાં દરેક જગાએ રહી શકે એવી (अचल) દૃઢ છે (અર્થાત્ સમયથી પહેલા શરીરનો સાથ નથી છોડતી).

## ૨.૨૫

**अव्यक्तः अयम् अचिन्त्यः अयम् अविकार्यः अयम् उच्यते ।**
**तस्मात् एराम् विदित्वा एनम् न अनशोभितुम अर्हसि ।।२५।।**

ઈશ્વરે કહ્યું, આ (રૂહ) ન દેખાવાવાળી છે. આ (રૂહ) ન સમજમાં આવે એવી છે. આ (રૂહ) ન બદલાવાવાળી છે. તેથી આ (રૂહ)ને જાણી લીધા પછી તમારે અવશ્ય ચિંતા ન કરવી જોઈએ.

(उच्यते) ઈશ્વરે કહ્યું, (अयम्) આ (રૂહ) (अव्यक्तः) અદૃશ્ય ન દેખાવાવાળી, (अयम्) આ (રૂહ) (अचिन्त्य) ન સમજમાં આવે એવી છે. (अयम्) આ (રૂહ) (अविकार्य) ન બદલાવાવાળી છે. (तस्मात्) તેથી (अयम्) આ (રૂહ)ને (विदित्या) જાણી લીધા પછી (अर्हसि) તમને અવશ્ય (अनुशोचितुम) ચિંતા ન કરવી જોઈએ.

## ૨.૨૬

**अथ च एनम् नित्य-जातम् नित्यम् वा मन्यसेमृतम् ।**
**तथा अपि त्वम् महा-बाहोन एनम शोचितुम् अर्हसि ।।२६।।**

તેમ છતાં જો તમે વિચારો છો કે આ (રૂહ) હંમેશા જન્મ લેવાવાળી છે, અથવા હંમેશા મરવાવાળી છે, તો પણ હે અર્જુન ! આ જન્મ અને મૃત્યુ વિશે તમારે ચિંતા ન કરવી જોઈએ.

(अथ) તેમ છતાં (त्वम्) (જો) તમે (मन्यसे) વિચારો છો કે (एनम्) આ (રૂહ) (नित्यम् जातम्) હંમેશા જન્મ લેવાવાળી છે, (वा) અથવા (नित्यम मृतक) હંમેશા મરવાવાળી છે, (અવશ્ય) (तथा) તો પણ (महाबाहो) હે અર્જુન ! (एनम्) આ જન્મ અને મૃત્યુ વિશે (अर्हसि) તમારે એટલી (शोचितुम) ચિંતા (न) ન કરવી જોઈએ.

## ૨.૨૭

**जातस्य हि ध्रुवः मृत्युः ध्रवम् जन्म मृतस्य च ।**
**तस्मात् अपरिहार्ये अर्थेन् त्वम् शोचितुम् अर्हसि ।।२७।।**

નિઃસંદેહ જેનાથી જન્મ લીધો તે અવશ્ય મૃત્યુ પામશે. તેથી એ પણ અટલ છે કે આપણે જન્મ અને મૃત્યુની ઘટનાથી બચી નથી શકતા. તેથી હે અર્જુન ! તમારે આ વિશે આટલા ચિંતિત ન થવું જોઈએ.

(हि) નિઃસંદેહ (जायस्थ)જેનાથી જન્મ લીધો (ध्रुवः) તે અવશ્ય (मृतस्थ) મૃત્યુ પામશે. (तस्मात) તેથી (ध्रवम्) એ પણ અટલ છે કે (जनम मृतस्थ) આપણે જન્મ અને મૃત્યુ (अपरिहार्य) ની ઘટનાથી બચી શકતા નથી. (त्वम) તેથી હે અર્જુન ! તમારે આ વિશે (शोचितुम) આટલા ચિંતિત (न) ન (अर्हसि) થવું જોઈએ.

## ૨.૨૮

**अव्यक्त-आदीनि भूतानि व्यक्त मध्यानि भारत ।**
**अव्यक्त निधनानि एव तत्र का परिदेवता ।।२८।।**

હે અર્જુન ! બધા પ્રાણીઓ જન્મથી પહેલા પ્રગટ ન હતા. વચ્ચે જન્મ પછી જોવા મળે છે, અને પછી મૃત્યુ બાદ જોવા નહીં મળે. તો (જો તેઓ) (મૃત્યુ પામીને અપ્રગટ થઈ ગયા તો તેમાં) દુઃખની શું વાત છે.

(भारत) હે અર્જુન ! (भुतानि) બધા પ્રાણીઓ (आदीनि) જન્મથી પહેલા (अव्यक्त) પ્રગટ ન હતા. (मध्यानि) વચ્ચે જન્મ પછી (व्यक्त) જોવા મળે છે, (एव) અને પછી (निधनानि) મૃત્યુ પછી (अव्यक्त) જોવા નહીં મળે. (तत्र) તો (જો તેઓ) (परिदेवता) (મૃત્યુ પામીને અપ્રગટ થઈ ગયા તો તેમાં) દુઃખની (का) શું વાત છે.

## ૨.૨૯

**आश्चर्यवत् पश्यति कश्चित् एनम् आश्चर्यवत् वदति तथा एव च अन्यः ।**
**आश्चर्यवत् भ एनम् अन्यः श्रृणोति श्रुत्वा अपि एनम् वेद न च एरा कश्चित् ।।२९।।**

કોઈ આ (રૂહ)ને આશ્ચર્યની જેમ જુએ છે, અને આમ પણ બીજા લોકો એનું આશ્ચર્યની જેમ વર્ણન કરે છે, તેમજ અન્ય લોકો આ (રૂહ)ને આશ્ચર્યની જેમ સાંભળે છે, અને સાચું તો એ છે કે કેટલાક લોકો આ (રૂહ) વિશે સાંભળીને પણ કંઈ નથી સમજી શકતા.

(कश्चित) કોઈ (एनम) આ (રૂહ)ને (आश्चर्यवत) આશ્ચર્યની જેમ (पश्यति) જુએ છે, (च) અને (तथा) એવી રીતે (एव) જ (अन्य) બીજા લોકો તેનું (आश्चर्यवत्) આશ્ચર્યની જેમ (वदति) વર્ણન કરે છે, (च) તેમજ (अन्य) અન્ય લોકો (एनम्) આ (રૂહ)ને (आश्चर्यवत्) આશ્ચર્યની જેમ (श्रृणोति) સાંભળે છે, (च) અને (एव) સાચું તો એ છે કે કેટલાક લોકો (एराम्) આ (રૂહ) વિશે (श्रुत्वा) સાંભળીને (अपि) પણ (कश्चित) કંઈ (न) નથી (वेद) સમજી શકતા.

---

**નોંધ ૨.૨૭ :** ઈશ્વરે પેદા કર્યા મૃત્યુ અને જીવનને, જેથી તમારી પરીક્ષા કરે કે તમારા પૈકી કર્મની દૃષ્ટિએ કોણ સૌથી સારો છે. તે પ્રભુત્વશાળી, મોટો ક્ષમાશીલ છે.

(પવિત્ર કુર્આન, સૂરઃ અલ-મુલ્ક, આયત-૨, અનુવાદ : મુહમ્મદ ફારૂક ખાં)

## ૨.૩૦

**देही नित्यम् अवध्यः अयम् देहेसर्वस्य भारत ।**
**तस्मात् सर्वाणि भूतानि न त्वम् शोचितुम अर्हसि ।।३०।।**
હે અર્જુન ! આ (રૂહ) જે સૌ મનુષ્યોના શરીરમાં છે, અમર છે, અને તેની હત્યા નથી કરી શકાતી. તેથી તમારે બધા પ્રાણીઓના મૃત્યુ પર પણ આટલું દુઃખ ન કરવું જોઈએ.

(भारत) હે અર્જુન ! (अयम्) આ (રૂહ) (सर्वस्य) જે સૌ મનુષ્યોના (देही) શરીરમાં છે, (नित्यम्) તે અમર છે, (अवध्य) અને તેની હત્યા કરી શકાતી નથી. (त्वम्) તેથી તમારે (सर्वाणि) બધા (मुतानि) પ્રાણીઓના મૃત્યુ પર પણ (शोचितुम) આટલું દુઃખ (न) ન (अर्हसि) કરવું જોઈએ.

## <u>ક્ષત્રિયનાં કર્તવ્યો</u>

## ૨.૩૧

**स्व-धर्मम् अपि च अवेक्ष्य न विकम्पितुम् अर्हसि ।**
**धर्म्यात् श्रेयः अन्यत् क्षत्रिफ्यस्य न विद्यते ।।३१।।**
નિઃસંદેહ તમારા પોતાના પર જે ધાર્મિક કર્તવ્ય છે તેના વિશે વિચાર કરવા સિવાય તમારે બીજો કોઈ વિચાર ન કરવો જોઈએ, કેમ કે એક ક્ષત્રિય માટે ધર્મની સ્થાપના માટે યુદ્ધ કરવાથી વધારે શ્રેષ્ઠ બીજું કંઈ નથી.

(अपि) નિઃસંદેહ (स्व) તમારા પોતાના પર (धर्मम्) જે ધાર્મિક કર્તવ્ય છે (अवेक्ष्य) તેના વિશે વિચાર કરવા સિવાય (विकम्पितुम) તમારે બીજો કોઈ વિચાર ન કરવો જોઈએ, (हि) કેમ કે (क्षत्रियस्य) એક ક્ષત્રિય માટે (धर्म्यात) ધર્મની સ્થાપના માટે (युद्धात) યુદ્ધ કરવાથી (श्रेय) વધારે શ્રેષ્ઠ (अन्यत्) બીજું કંઈ નથી.

## ૨.૩૨

**यदृच्छया च उपन्नम् स्वर्ग द्वारम् अपावृतम् ।**
**सुखिनः क्षत्रियाः पार्थ लभन्तेयुद्धम् ईदृशम् ।।३२।।**
હે અર્જુન ! પોતાને આ રીતે યુદ્ધનો અવસર મળવો મોટા સુખની વાત છે, અને આ અવસર સ્વર્ગનું ખુલ્લું દ્વાર છે.

(पार्थ) હે અર્જુન ! (यहच्छया) પોતાને (इहराम) આ રીતે (युद्धम्) યુદ્ધનો (उपन्नम्) અવસર મળવો (सुखिन) મોટા સુખ (ખુશી)ની વાત છે, (च) અને આ અવસર સ્વર્ગનું (अपावृतम्) ખુલ્લું (द्वारम) દ્વાર છે.

## ૨.૩૩

**अथ चेत् त्वम् इमम् धर्म्यम् संग्रामम् न करिष्यसि ।**
**ततः स्व-धर्मम् कीर्तिम् च हित्वा पानम् अवाप्स्यसि ।।३३।।**
પોતાના ધાર્મિક કર્તવ્ય અનુસાર જો તમે ધર્મની સ્થાપનાનું આ યુદ્ધ તમે નહીં કરો, તો તમે પોતાના યશ (સન્માન)ને પણ ખોઈ નાખશો, અને તમને પાપ પણ મળશે.

(स्व-धर्मम्) પોતાના ધાર્મિક કર્તવ્ય અનુસાર (चेत) જો (त्वम्) તમે (धर्म्यम) ધર્મની સ્થાપનાનું આ (संग्रायम्) યુદ્ધ (न) નહીં (करिष्यसि) કરો, (ततः) તો તમે (कीर्तिम) પોતાના યશ (સન્માન)ને પણ (दित्वा) ખોઈ નાખશો, (च) અને (पापम्) તમને પાપ પણ (अवाप्यस्यसि) મળશે.

---

**નોંધ ૨.૩૦:** અને જે લોકો ઈશ્વરના માર્ગમાં માર્યા જાય તેમને મૃત ન કહો, બલ્કે તેઓ જીવિત છે, પરંતુ તમને અનુભૂતિ થતી નથી. (પવિત્ર કુર્આન, સૂરઃ અલ-બકરહ (૨), આયત-૧૫૪, અનુવાદ: મુહમ્મદ ફારૂક ખાં)

## ૨.૩૪

**अकीर्तिम् च अपि भूतानि कथयिष्यन्ति ते अव्ययाम् ।**
**सम्भावितस्य च अकीर्ति मरणाम् अतिरिच्यते ।।३४।।**

અને નિઃસંદેહ સૌ લોકો તમારા આ અપમાનજનક કર્મની ચર્ચા કરશે, અને અપમાનિત થવું મૃત્યુથી વધારે દુઃખદાયી છે.

(च) અને (अपि) નિઃસંદેહ (भुतानि) બધા લોકો (ते) તમારા આ (अकीर्तिम्) અપમાનજનક કર્મની (समवितस्य) ચર્ચા કરશે (च) અને (अकीर्ति) અપમાનિત થવું (मरणात्) મૃત્યુથી (अतिरिच्यते) વધારે દુઃખદાયી છે.

## ૨.૩૫

**भयातरणाम् उपरतम् मस्यन्तेत्वाम् महारथाः ।**
**येषाम् च त्वम् कहु-मतः भूत्व यास्यसि लाधवम् ।।३५।।**

મોટા-મોટા યોદ્ધાઓ જેમના માટે તમે ખૂબ આદરણીય છો, સમજશે કે તમે રણભૂમિથી ડરના કારણે પલાયન કર્યું, એ રીતે તમે અપમાનિત થઈ જશો.

(महारथा) મોટા-મોટા યોદ્ધાઓ (येषाम्) જેમના માટે (त्वाम्) તમે (बहुमत) ખૂબ આદરણીય છો (यस्यन्ते) સમજશે (त्वाम्) (કે) તમે (रणात) રણભૂમિથી (भयात) ડરના કારણે (उपरतम्) પલાયન કર્યું, (लाधवम्) (એ રીતે તમે) અપમાનિત (भुत्वा) થઈ (यास्यरिप) જશો.

## ૨.૩૬

**अवाच्य वादान् च बहून् वदिष्यति तव अहिताः ।**
**निन्दन्तः तव सामर्थ्यम् ततः दुःख-तरम् नु किम् ।।३६।।**

તમારા શત્રુઓ તમારી યોગ્યતાની નિંદા કરતાં ઘણા ન કહેવા જેવા શબ્દો પણ કહેશે. તેનાથી વધારે દુઃખની વાત બીજી કઈ હશે ?

(तव) તમારા (अहिता) શત્રુઓ (तव) તમારી (सामर्थ्यम्) યોગ્યતાની (निन्दन्त) નિંદા કરતાં (बहुन) ઘણા (अवाच्यकदान) ન કહેવા જેવા શબ્દો (च) પણ (वदिष्यन्ति) કહેશે (ततः) તેનાથી (दुखतरम्) વધારે દુઃખની વાત (नु किम्) બીજી કઈ હશે ?

## ૨.૩૭

**हतः वा प्राप्स्यसि स्वर्गम् जित्वा वा भोक्ष्यसेमहीम् ।**
**तस्मात् उक्तिष्ठ कौन्तेय युद्धाय कृत निश्चयः ।।३७।।**

હે અર્જુન ! જો (યુદ્ધમાં તમે) માર્યા જશો (તો) તમને સ્વર્ગ મળશે, અને જો યુદ્ધમાં તમે વિજયી થાઓ છો તો પૃથ્વીનું રાજ્ય અને આનંદ મળશે. તેથી નિશ્ચય કરીને યુદ્ધ માટે ઊભા થઈ જાઓ.

(कौन्तेय) હે અર્જુન ! (वा) જો (યુદ્ધમાં તમે) (हतः) માર્યા જશો (તો) (स्वर्गम्) તમને સ્વર્ગ (प्राणस्यसि) મળશે, (वा) અને જો યુદ્ધમાં તમે (जित्वा) જીતી થાઓ છો તો (महीम) પૃથ્વીનું રાજ્ય (मोक्ष्यसे) અને આનંદ મળશે, (तस्मात्) તેથી (कृतानिश्चय) નિશ્ચય કરીને (युद्धाय) યુદ્ધ માટે (उत्तिष्ठ) ઊભા થઈ જાઓ.

## ૨.૩૮

**सुख दुःखे समेकृत्वा लाभ-अलाभौ जय-अजयौ ।**
**ततः युद्धाय युज्यस्व न एवम् पापम् अवाप्स्यसि ।।३८।।**

(હે અર્જુન ! આ તમારા માટે) અનિવાર્ય (છે કે તમે) સુખ-દુઃખ, લાભ અને હાનિ, હાર-જીતમાં

(कृत्वा) (હે અર્જુન ! તમારા માટે) અનિવાર્ય (છે કે તમે) (सुख) સુખ (दुःख) દુઃખ, (लाभ - अलाभी) લાભ અને હાનિ, (जय - अजयौ) હાર-જીતમાં (समे) એક સમાન રહો (ધીરજ રાખો).

યુદ્ધ એવી રીતે કરો જેવી રીતે કરવું જોઈએ (અર્થાત્ માત્ર ધર્મની સ્થાપના માટે). આ રીતે કરવાથી તમને પાપ નહીં મળે.

(युद्धस्व) યુદ્ધ એવી રીતે કરવું જોઈએ (અર્થાત્ ધર્મની સ્થાપના માટે) (एवम्) આ રીતે કરવાથી તમને (पापम्) પાપ ન) નહીં (अवाप्स्यसि) મળે.

## કર્મ-બંધન (અનિવાર્ય કર્તવ્યો)

## ૨.૩૯

**एषा तेऽभिहता सांख्ये बुद्धिः योगेतु इमाम् शृणु ।**
**बुद्धया युक्तः यया पार्थ कर्म-बन्धम् प्रहास्यति ।।३९।।**

હે અર્જુન ! મેં તમને આ બધું વેદોના જ્ઞાનમાંથી સમજાવ્યું જે તમારા વિચારોને ઈશ્વર સાથે જોડી દે છે. પરંતુ હવે આ (ઉપદેશને) ધ્યાનથી સાંભળો, કેમ કે આનાથી તમે પોતાના કર્તવ્યોને પૂરા કરવામાં પ્રગતિ કરશો.

(पार्थ) હે અર્જુન ! (ते) મેં તમને (एषा) આ બધું (सांख्ये) વેદોના જ્ઞાનમાંથી (अभिहिता) સમજાવ્યું, (बुद्धि) જે તમારા વિચારોને (योगे) ઈશ્વર સાથે જોડી દે છે. (तु) પરંતુ હવે (इमाम्) આ (ઉપદેશને) (बुद्धया युत्क) ધ્યાનથી (शृणु) સાંભળો, (यथा) કેમ કે આનાથી તમે (कर्म-बन्धम्) પોતાના કર્તવ્યોને પૂરા કરવામાં (प्रहस्यसि) પ્રગતિ કરશો.

## ૨.૪૦

**न इह अभिक्रम नाशः अस्ति प्रत्यवायः न विद्यते ।**
**सु-अल्पम् अपि अस्य धर्मस्य त्रायतेमहत् भयात् ।।४०।।**

આ ધર્મના જ્ઞાનની સાથે જે કોઈ કર્મ કરે છે, તો ન તેનો નાશ થાય છે, ન તે નર્કમાં પડે છે. નિઃસંદેહ ધર્મમાં થોડું પણ કામ જે ધર્મના જ્ઞાનની સાથે કરવામાં આવે, તે નર્કમાં જવાના મોટા ભયથી મુક્ત કરી દે છે.

(इह) આ ધર્મના જ્ઞાનની સાથે (अभिक्रम) જે કોઈ કર્મ કરે છે, તો (न) ન (नाशअस्ति) તેનો નાશ થાય છે, (प्रत्यवाय न विद्यते) ન તે નર્કમાં પડે છે. (अपि) નિઃસંદેહ (धर्मस्य) ધર્મમાં (सु-अल्पम) થોડું પણ કામ (अस्य) જે ધર્મના જ્ઞાનની સાથે કરવામાં આવે છે (महत) તે નર્કમાં જવાના મોટા (भयात) ભયથી (त्रायते) મુક્ત કરી દે છે.

## ૨.૪૧

**व्यवसाय-आत्मिका बुद्धिः इह कुरु-नन्दन ।**
**बहु-शाखाः हि अनन्ताः च बुद्धयः अव्यवसायिनाम् ।।४१।।**

હે અર્જુન ! આ ધરતી પર જે મનુષ્યોના વિચારો કે સમજ દૃઢ, સ્થિર, સ્પષ્ટ હોય છે તેઓ એક (ઈશ્વરમાં વિશ્વાસ રાખે છે) અને નિઃસંદેહ જેમના વિચારો કે સમજ દૃઢ કે સ્પષ્ટ કે સ્થિર નથી, તેઓ અનંત (વસ્તુ કે શક્તિની પ્રાર્થના કરે છે) અને અલગ-અલગ માર્ગ પર ચાલે છે.

(कुरुनन्दन) હે અર્જુન ! આ ધરતી પર (आत्मिका) જે મનુષ્યોના (बुद्धि) વિચારો કે સમજ (व्यवसाय) દૃઢ, સ્થિર, સ્પષ્ટ હોય છે, (एका) તેઓ એક (ઈશ્વરમાં રાખે છે) (च) અને (हि) નિઃસંદેહ (बुद्धय) જેમના વિચારો કે સમજ (अव्यवसायिनाम्) દૃઢ કે સ્થિર કે સ્પષ્ટ નથી, તેઓ (अनन्ता) અનંત (વસ્તુ કે શક્તિની પ્રાર્થના કરે છે) (बहु-शाखा) અને અલગ-અલગ માર્ગ પર ચાલે છે.

## જેઓ એક ઈશ્વરને નથી માનતા તેમનો વ્યવહાર

### ૨.૪૨

**याम् इमाम् पुष्पिताम् वाचम् प्रवदन्ति अविपश्चितः।**
**वेद-वाद-रताः पार्थ न अन्यत् अस्ति इति वादिनः ।।४२।।**

હે અર્જુન ! આ બધા અજ્ઞાની અને દંભ કરનારા લોકો માત્ર વાતો કરે છે, અને વેદોના ઉપદેશની આલોચના કરવામાં વ્યસ્ત રહે છે. તેમનું લક્ષ્ય આના સિવાય બીજું કંઈ નથી હોતું. (અજ્ઞાની પુરુષોના લક્ષ્ય વિશે નિમ્નલિખિત શ્લોકો છે.)

(पार्थ) હે અર્જુન ! (याम्) આ (इमाम) બધા (अविपश्चित) અજ્ઞાનીઓ અને (पुष्पितम) દંભ કરનારા લોકો (वाचम प्रवादन्ति) માત્ર વાતો કરે છે, (वेद वाद) અને વેદોના ઉપદેશની આલોચના કરવામાં (रता) વ્યસ્ત રહે છે. (वादिन) આમનું લક્ષ્ય (अन्यत्) આના સિવાય (न) બીજું કંઈ નથી હોતું. (અજ્ઞાની પુરુષોના લક્ષ્ય વિશે નિમ્નલિખિત શ્લોકો છે.)

### ૨.૪૩

**काम-आत्मानः स्वर्ग-पराः जन्म-कर्म-पल-प्रदाम ।**
**क्रिया-विशेष बहुलाम् भोग ऐश्वर्य गतिम् प्रति ।।४३।।**

મનને આનંદ આપવાવાળા કર્મોમાં વ્યસ્ત રહેવું, (સત્કર્મ ન કરવા છતાં) મૃત્યુ પછી સ્વર્ગમાં આરામવાળા જીવનની આશા કરવી, માત્ર એ કર્મો કરવા જે આ જીવનમાં સારું ફળ આપે અને મૃત્યુ પછી સારું જીવન આપે, માત્ર એ જ કર્મો કરવા જે ઈશ્વરને પ્રસન્ન કરવાથી વધારે પોતાના મનને પ્રસન્ન કરે છે. આનંદલ સત્તા, અપાર ધન અને સમૃદ્ધિ માટે સદા પ્રયાસ કરતા રહેવું.

(काम-आत्मान) મનને આનંદ આપવાવાળા કર્મોમાં વ્યસ્ત રહેવું, (स्वर्ग-परा) (સત્કર્મ ન કરવા છતાં) મૃત્યુ પછી સ્વર્ગમાં આરાવાળા જીવનની આશા કરવી, (जन्म-कर्म-फल-प्रदान) માત્ર એ કર્મો કરવા જે આ જીવનમાં સારું ફળ આપે અને મૃત્યુ પછી સારું જીવન આપે, (क्रिया-विशेष) કેવળ એ કર્મો કરવા જે ઈશ્વરને પ્રસન્ન કરવાથી વધારે પોતાના મનને પ્રસન્ન કરે છે, (भोग) આનંદ, (बहुलाम) સત્તા (ऐश्वर्य) અપાર ધન અને સમૃદ્ધિ (प्रति) માટે સદા (गतिम) પ્રયાસ કરતા રહેવું.

### ૨.૪૪

**भोग एश्वर्य प्रसक्तानाम् तया अपहृत-चेतसाम् ।**
**व्यवसाय-आत्मिकाः बुद्धिः समाधौ न विधीयते ।।४४।।**

જેઓ આનંદ અને અપાર ધન અને સમૃદ્ધિ માટે નિરંતર પ્રયાસ કરતા રહે છે. આ પ્રકારના વિચારો અને પ્રયાસના કારણે તેમના વિચારો અને બુદ્ધિ ઉલઝી જાય છે. (આ કારણસર તેમના પાસે એવા કોઈ કર્મો) નથી હોતા જે ઈશ્વરને પ્રસન્ન કરવા માટે દઢ સકલ્પની સાથે મન અને બુદ્ધિથી કરવામાં આવેલ હોય.

(भोग) જેઓ આનંદ અને (ऐश्वर्य) અપાર ધન અને સમૃદ્ધિ માટે (प्रसक्तानाम) નિરંતર પ્રયાસ કરતા રહે છે. (तथा) આ પ્રકારના વિચારો અને પ્રયાસના કારણે (चेतसाम) તેમના વિચારો અને બુદ્ધિ (अपहृत) ઉલઝી જાય છે. (न) (આ કારણસર તેમના પાસે એવા કઈ કર્મો નથી હોતા) (समाधौ) જે ઈશ્વરને પ્રસન્ન કરવા માટે (व्यवसाय-आत्मिका-बुद्धि) દઢ સંકલ્પની સાથે મન અને બુદ્ધિથી કરવામાં આવેલ હોય.

## માનવ-જાતિ માટે ઈશ્વરના નિર્દેશો

### ૨.૪૫

**त्रै-गुण्य विषयाः वेदाः निस्त्रै-त्रै-गुण्य भवअर्जुन ।**
**निर्द्वन्द्वः नित्य-सत्त्व-स्थः निर्योग-क्षेमः आत्मवान् ।।४५।।**

પવિત્ર વેદોમાં ત્રણ ગુણ (સાત્વિક, તમસ, રજસ)નું વર્ણન છે. હે અર્જુન ! આ ત્રણેય ગુણોને છોડી દો. સુખ-દુઃખથી પરેશાન થવાનું છોડી દો. ઈશ્વરના આદેશોનું હંમેશા પાલન કરો. માત્ર પોતાના સુખ-શાંતિ અને ઉન્નતિના જ કાર્યોમાં ન લાગેલા રહો. જન-કલ્યાણ માટે પણ પ્રયાસ કરો અને કેવળ ઈશ્વર પર નિર્ભર રહેવાવાળા બનો.

નોંધ : આ શ્લોકને સમજવા માટે પ્રકરણ નં.૧૪નો પરિચય વાંચો, જેમાં અતીત ગુણનું વર્ણન છે.

(वेदा) પવિત્ર વેદોમાં (त्रै) ત્રણ (गुण्य) ગુણો (સાત્વિક, તમસ, રજસ) (विषया) નું વર્ણન છે. (अर्जुन) હે અર્જુન ! (निस्त्रै-गुण्य-भव) આ ત્રણેય ગુણોને છોડી દો. (निर्द्वन्द्व) સુખ-દુઃખથી પરેશાન થવાનું છોડી દો. (सत्व) ઈશ્વરના આદેશોનું (नित्य) હંમેશા (स्थ) દૃઢતાથી પાલન કરો. (क्षेम) માત્ર પોતાના સુખ-શાંતિ અને ઉન્નતિના જ કાર્યમાં (निर्योग) લાગેલા ન રહો, જન-કલ્યાણ માટે પણ પ્રયાસ કરો (आत्मवानः) અને કેવળ ઈશ્વર પર નિર્ભર રહેવાવાળા બનો.

### ૨.૪૬

**यावान् अर्थः उद-पानेसर्वतः सम्प्लुत-उदके ।**
**तावान् सर्वेषु वेदेषु ब्राहाणस्य विजानतः ।।४६।।**

જે પ્રકારે એક મોટા જળાશયથી (તળાવથી) (મનુષ્યની) બધી આવશ્યકતાઓ પૂરી થઈ જાય છે, (પરંતુ) નાના તળાવથી નથી થતી, એ જ પ્રકારે જેની સંપૂર્ણ શ્રદ્ધા વેદોના ઉપદેશો અનુસાર એક ઈશ્વરમાં હોય છે (તેની પણ) બધી (આવશ્યકતાઓ એક ઈશ્વરથી પૂરી થઈ જાય છે).

(યાવાન) જે પ્રકારે એક (सम्प्लुत उदके) મોટા જળાશયથી (તળાવથી) (सर्वत) (મનુષ્યની) બધી (अर्थ) આવશ્યકતાઓ પૂરી થઈ જાય છે, (उदपाने) (પરંતુ) નાના તળાવથી નથી થતી, (तावान्) એ જ પ્રકારે (विजानतः) જેની સંપૂર્ણ શ્રદ્ધા (वेदेषु) વેદોના ઉપદેશો અનુસાર (ब्राहाणस्य) એક ઈશ્વરમાં હોય છે, (सर्वेषु) (તેની પણ) બધી (આવશ્યકતાઓ એક ઈશ્વરથી પૂરી થઈ જાય છે.)

---

**નોંધ ૨.૪૪ :** જે વ્યક્તિ તત્કાળ પ્રાપ્ત થવાવાળા (સાંસારિક સુખ)ને ચાહે છે, તેને અમે તેમાંથી આપી દઈએ છીએ જેટલું અમે તેને આપવા માગીએ, પછી અમે તેના માટે નર્કને તૈયાર કરી રાખેલ છે, જેમાં તે તિરસ્કૃત અને ધુત્કારેલ પ્રવેશ કરશે. (પવિત્ર કુર્આન, સૂરઃબની ઇસરાઈલ (૧૭), આયત-૧૮, અનુવાદ : અબ્દુર્-રહમાન ચાઉસ)

**નોંધ ૨.૪૫ :** શ્લોક નં. ૧૪.૨૦થી ૧૪.૨૬ માં અતીત ગુણોનું વર્ણન છે, જેને અપનાવવાની કોશિશ કરવી જોઈએ.

## ૨.૪૭

**कर्मणि एव अधिकारः मा फलेषु कदाचन ।**
**मा कर्म-फलहेतुः भुः मा ते सङ्गःअस्तु अकर्मणि ।।४७।।**

નિઃસંદેહ પોતાના કર્તવ્યના પાલન કરવાનો અધિકાર તમને છે. (પરંતુ કાર્યના) પરિણામ (પર તમારું) કોઈ (નિયંત્રણ નથી). ન તમે (પોતાના) કર્મોના પરિણામનું પોતાને કારણ અથવા કરવાવાળા સમજો, અને ન તમે એવી વિચારધારાને અપનાવો જેમાં પોતાના કર્તવ્યને પૂરું કરવામાં આવતું નથી.

(एरां) નિઃસંદેહ (कर्मणि) પોતાના કર્તવ્યના પાલન કરવાનો અધિકાર તમને છે, (फलेषु) (પરંતુ કાર્યના) પરિણામ (પર તમારું) (कदाचन) કોઈ (નિયંત્રણ નથી), (मा) ન તમે (कर्म-फल) (પોતાના) કર્મોના પરિણામનું (हेतु भुः) પોતાને કારણ અથવા કરવાવાળા સમજો, (मा) અને ન (ते) તમે (संगम-अस्तु) એવી વિચારધારા ને અપનાવો જેમાં (अकर्माणि) પોતાના કર્તવ્યને પૂરું કરવામાં આવતું નથી.

## ૨.૪૮

**योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनजय ।**
**सिद्धि-असिद्धयोः समः भुत्वा समत्वम् योगः उच्यते ।।४८।।**

ઈશ્વરે કહ્યું, હે અર્જુન ! <u>સંગમ</u> છોડી દો. પોતાના કર્તવ્યનું પાલન કરો. ઈશ્વરના સંપર્કમાં રહો. સફળતા અને નિષ્ફળતામાં ધૈર્યની સાથે એક સમાન રહો. આવું કરવું ધૈર્ય (કર્મ) દ્વારા ઈશ્વરની પ્રાર્થના છે.

<u>**નોંધ :**</u> 'સંગમ'ને સમજવા માટે નોંધ નં. N-૬ વાંચો. સાધારણ શબ્દમાં આનો અર્થ છે કે એક ઈશ્વરની પ્રાર્થનાની સાથે કોઈ અન્યની પણ પ્રાર્થના કરવી.

(उच्यते) ઈશ્વરે કહ્યું, (धनंजय) હે અર્જુન ! (संगम) સંગમ (त्यकत्वा) છોડી દો, (कर्माणि) પોતાના કર્તવ્યનું પાલન કરો, (योगस्थ) ઈશ્વરના સંપર્કમાં રહો. (सिद्धि) સફળતા અને (असिद्धयो) નિષ્ફળતામાં (समः) ધૈર્યથી એક સમાન (भुत्वा) રહો. (समत्वम-योग) આવું કરવું ધૈર્ય (કર્મ) દ્વારા ઈશ્વરની પ્રાર્થના છે.

---

**નોંધ ૨.૪૬ :** જે ઈશ્વર પ્રત્યે સચેત (અને ઉત્તરદાયી) બનશે, ઈશ્વર તેના માટે (બધી કઠિનાઈઓથી નીકળવાનો) માર્ગ કાઢશે. (જે વ્યક્તિ ઈશ્વર પ્રત્યે સચેત અને ઉત્તરદાયી બની રહેશે) ઈશ્વર તેને ત્યાંથી આજીવિકન આપશે, જ્યાંથી તેણે કલ્પના પણ કરી નહીં હોય, અને જે વ્યક્તિ ઈશ્વર પર ભરોસો કરશે, તો ઈશ્વર તેના માટે પૂરતો છે. નિઃસંદેહ ઈશ્વર પોતાનું કામ પૂરું કરીને રહે છે. ઈશ્વરે દરેક વસ્યુ માટે એક પ્રમાણ (ભાગ્ય, સીમા) નિર્ધારિત કરી રાખી છે. (પવિત્ર કુર્આન, સૂરઃ અત્-તલાક (૬૫), આયત : ૨-૩)

---

**નોંધ ૨.૪૭ :** શું મનુષ્ય એ પામી લે છે જે તે ઇચ્છે, અર્થાત્ શું મનુષ્ય જે ચાહે એ જ સત્ય હોય છે). વર્તમાન દુનિયા (આ પૃથ્વી-લોક) અને પરિણામની દુનિયા (અર્થાત્ અન્ય લોક)નો માલિક તો ઈશ્વર જ છે. (પવિત્ર કુર્આન, સૂરઃ અન્-નજ્મ (૫૩), આયત : ૨૪-૨૫)

---

**નોંધ ૨.૪૭ :** પયગંબર મુહમ્મદ સાહેબે કહ્યું, મનુષ્યને માત્ર ઇચ્છા કરવાની અને કોશિશ કરવાની ક્ષમતા છે. (પરિણામ પર મનુષ્યનું કોઈ નિયંત્રણ નથી) પરિણામ માત્ર ઈશ્વરની ઇચ્છા મુજબ થશે. (મુસ્નદ ઇબ્ને હમ્બલ)

## સદૈવ નિઃસ્વાર્થ કર્મ કરો

## ૨.૪૯

**दूरेण हि अवरम् कर्म बुद्धियोगात् धनंजय ।**
**बुद्धौ शरणम् अन्विच्छ कृपणाः पल-हेतवः ।।४९।।**

હે અર્જુન ! દિવય જ્ઞાન જે તમને ઈશ્વરથી મળેલ છે (તેના આધારે) ખરાબ કર્મોથી દૂર રહો. પોતાની સમજ અને વિચારોને ઈશ્વરના શરણમાં આપવાનો પ્રયાસ કરો. જે ફળ મળવાની લાલચમાં બધા કર્મો કરે છે તે કંજૂસ છે.

(धनंजय) હે અર્જુન ! (बुद्धे योगात्) દિવ્ય જ્ઞાન જે તમને ઈશ્વરથી મળેલ છે (તેના આધારે) (अवरम्) ખરાબ (कर्म) કર્મોથી (दूरेण) દૂર રહો. (बुद्धे) પોતાની સમજ અને વિચારને (शरणम्) ઈશ્વરના શરણમાં આપવાનો (अन्विच्छ) પ્રયાસ કરો. (फल हेतव) જે ફળ (बला) મળવાની લાલચમાં બધા કર્મ કરે છે તે (कृपणा) કંજૂસ છે.

## ૨.૫૦

**युद्धि-युक्तः जहाति इह उभे सृकृत-दुष्कृते ।**
**तस्मात् योगाय युज्यस्व योगः कर्मसु कौशईम् ।।५०।।**

તેઓ જેનો ઈશ્વર પર પાકો વિશ્વાસ છે (તેઓ માત્ર ઈશ્વરને પ્રસન્ન કરવાવાળા કર્મ કરે છે) અને પુણ્ય અને પાપ બંને વિચારોથી મુક્ત થઈ જાય છે. આ કારણસર આ પૃથ્વી-લોકમાં જ પોતાની શ્રદ્ધાને ઈશ્વર સાથે જોડી રાખવામાં લાગી જાઓ. (એ કાર્ય જે) ઈશ્વર સાથે જોડી દે, એ જ કર્મોને કરવાની શ્રેષ્ઠ પ્રણાલી છે.

<u>**નોંધ :**</u> 'યોગ'ના શબ્દ-કોષમાં ૩૮ અર્થ બતાવવામાં આવ્યા છે. તેમાં એક છે ઈશ્વરથી જોડાવું અને બીજો છે દૂત (સંદેશવાહક). વાંચો નોંધ નં. N-૭.

(बुद्धि-युक्तः) તેઓ જેમનો ઈશ્વરમાં પાકો વિશ્વાસ છે (તેઓ માત્ર ઈશ્વરને પ્રસન્ન કરવાવાળા કર્મ કરે છે) (सृकृत दुष्कृते) અને પુણ્ય અને પાપ (उभे) બંને વિચારોથી (जहाति) મુક્ત થઈ જાય છે. (तस्मात) આ કારણસર (इह) આ પૃથ્વી-લોકમાં જ (योगाय) પોતાની શ્રદ્ધાને ઈશ્વર સાથે જોડી રાખવામાં (युज्यस्व) લાગી જાઓ. (योगः) (એ કાર્ય જે) ઈશ્વરથી જોડી દે, (कर्मसु) એ જ કર્મો કરવાની (कौशलम्) સર્વશ્રેષ્ઠ પ્રણાલી છે.

## ૨.૫૧

**कर्म-जम् बुद्धि-युक्ताः हि पलम् त्यक्त्वा मनीषिणः ।**
**जन्म-बन्ध विनिर्मुक्ताः पदम् गच्छनि अनामयम् ।।५१।।**

પવિત્ર ધાર્મિક વ્યક્તિ જેનો ઈશ્વરમાં દઢ વિશ્વાસ હોય છે, તે તેના કર્મોથી ઉત્પન્ન થવાવાળા લાભનો ત્યાગ કરી દે છે. નિઃસંદેહ તે નર્કમાં વારંવાર જન્મ લેવાના બંધનથી મુક્ત થઈ જાય છે, અને સ્વર્ગને પ્રાપ્ત કરે છે, જ્યાં કષ્ટ પીડા નથી.

(मनीषिण) પવિત્ર ધાર્મિક વ્યક્તિ (बुद्धि युक्ता) જેનો ઈશ્વરમાં દઢ વિશ્વાસ હોય છે તે (कर्मजा) તેના કર્મથી ઉત્પન્ન થવાવાળા (फलम् फल) લાભનો (त्यक्त्वा) ત્યાગ કરી દે છે. (ही) નિઃસંદેહ તે (जन्म-बन्ध) નર્કમાં વારંવાર જન્મ લેવાના બંધનથી (विमिर्मुक्ता) મુક્ત થઈ જાય છે, (पदम) અને સ્વર્ગ (गच्छन्ति) ને પ્રાપ્ત કરે છે, (अनागयम्) જ્યાં કષ્ટ (दुर्गति) પીડા નથી.

## ૨.૫૨

**यदा मोह कलिलम् बुद्धिः व्यतितरिष्यति ।**
**तदा गन्ता असि निर्वेदम् श्रोतव्यस्य श्रुतस्य च ।।५२।।**

હે અર્જુન ! જ્યારે (તમારી) બુદ્ધિ (ધન અને શક્તિ પ્રાપ્ત કરવાના) મોહના કાદવથી બહાર આવી જાય, ત્યારે તમે ધન અને શક્તિની પ્રાપ્તિ વિશે જે કંઈ સાંભળ્યું અને જે કંઈ સાંભળશો તેનાથી તમે પ્રભાવિત નહીં થાઓ.

(यदा) (હે અર્જુન !) જ્યારે (बुद्धि) (તમારી) બુદ્ધિ સમજ (मोह) (ધન અને શક્તિ પ્રાપ્ત કરવાના) મોહના (कलिलम्) કાદવથી (व्यतितरिष्यति) બહાર આવી જાય, (तदा) ત્યારે તમે (श्रोतव्यस्य) ધન અને શક્તિની પ્રાપ્તિ વિશે જે કંઈ સાંભળ્યું (च श्रतुस्य) અને જે કંઈ સાંભળશો, (निर्वेदम्) તેનાથી તમે પ્રભાવિત નહીં (गन्ता असि) થઈ જાઓ.

## ૨.૫૩

**श्रुति विप्रतिपन्ना तेयदा स्थास्यति निश्चला ।**
**समाधौ अचला बुद्धिः योगम् अवाप्स्यसि ।।५३।।**

જ્યારે તમે લોકોની (મોહ-માયા)ની વાતોથી પ્રભાવિત થવા નહીં લાગો, (ત્યારે તમારી) બુદ્ધિ એ અવસ્થાને પ્રાપ્ત કરશે જે સ્થિર, દઢ-સંકલ્પ અને ઈશ્વરની યાદથી જોડાયેલ, (અને) ઈશ્વરની પ્રાર્થના અને તેની કૃપાથી) સંતુષ્ટ રહે છે.

(यदा) જ્યારે (ते) તમે (श्रुति) લોકોની (મોહ-માયાની) વાતોથી (विप्रतिपन्ना) પ્રભાવિત થવા નહીં લાગો (बुद्धि) (ત્યારે તમારી) બુદ્ધિ (अवाप्स्यसि) એ અવસ્થાને પ્રાપ્ત કરશે. (निश्चल) સ્થિર (अचल) દઢ-સંકલ્પ () (योगम्) ઈશ્વરની યાદથી જોડાયેલ (અને) (समाधौ) (ઈશ્વરની પ્રાર્થના અને તેની કૃપાથી) સંતુષ્ટ (स्यास्यति) રહે છે.

## ૨.૫૪

**अर्जुन उवाच**
**स्थित-प्रज्ञस्य का भाषा समाधि-स्थस्य केशव ।**
**स्थित-धीः किम् प्रभाषेत् किम् आसीत व्रजेत किम् ।।५५।।**

અર્જુને કહ્યું, હે કૃષ્ણ ! જેનું હૃદય ઈશ્વરની શ્રદ્ધા પર સ્થિત હોય, જે એક ઈશ્વરમાં એકાગ્ર હોય, (એવા) સ્થિર બુદ્ધિવાળા મનુષ્યના શું લક્ષણો હોય છે? તે કેવી રીતે બોલે છે? કેવી રીતે રહે છે? કેવી રીતે ચાલે છે ? (અર્થાત્ તેનો વ્યવહાર કેવો હોય છે?)

(अर्जुन उवाच) અર્જુને કહ્યું, (केशव) હે કૃષ્ણ ! (स्थित प्रज्ञस्य) જેનું હૃદય ઈશ્વરની શ્રદ્ધા પર સ્થિત હોય, (समाधि स्थस्य) જે એક ઈશ્વરમાં એકાગ્ર હોય, (स्थित धी) (એવા) સ્થિર બુદ્ધિવાળા મનુષ્ય (का भाषा) ના શું લક્ષણો હોય છે? (किम् प्रभाषेत) તે કેવી રીતે બોલે છે ? (किम् असीत) કેવી રીતે રહે છે ? (किम् व्रजते) કેવી રીતે ચાલે છે ? (અર્થાત્ તેનો વ્યવહાર કેવો હોય છે ?)

---

**નોંધ ૨.૫૧ :** નર્કમાં જ્યારે મનુષ્યનું શરીર સજાને કારણે બળીને અથવા કપાઈને યાતનાને યોગ્ય નહીં રહે તો ઈશ્વર તેને ફરીથી નવું શરીર આપશે, જેથી સજા અનુસાર યાતનાઓ નિરંતર આપવામાં આવતી રહે. અર્થાત્ મનુષ્ય વારંવાર જન્મ લેવા માટે બાધ્ય રહેશે. આ સંબંધે પવિત્ર કુર્આનમાં નીચે મુજબ આયતો છે : જે લોકોએ અમારી આયતોનો ઈન્કાર કર્યો, તેમને અમે ટૂંકસમયમાં આગમાં નાખીશું. જ્યારે પણ તેમની ચામડીઓ બળી જશે, તો અમે તેમને બીજી ચામડીઓમાં બદલી નાખીશું, જેથી તેઓ યાતનાની મજા ચાખતા જ રહે. નિઃસંદેહ ઈશ્વર પ્રભુત્વશાળી, તત્ત્વદર્શી છે. (પવિત્ર કુર્આન, સૂરઃ અન્-નિસા (૪), આયત : ૫૬, અનુવાદ : મો. ફારૂક ખાં)

## ઈશ્વરમાં દૃઢ શ્રદ્ધાના લક્ષણો

## ૨.૫૫

**प्रजहाति यदा कामान् सर्वान् पार्थ मनः गतान् ।**
**आत्मिन एवा आत्मना तुष्टः स्थितप्रज्ञः तदा उच्यते ।।५५।।**

ઈશ્વરે કહ્યું, હે અર્જુન ! જ્યારે મનુષ્ય પોતાની ઈચ્છાથી એ બધી કામનાઓને છોડી દે છે, જે તેના મનમાં આવે છે, અને પોતાનામાં જ સંતુષ્ટ રહે છે, ત્યારે એવા મનુષ્યને (ઈશ્વરની શ્રદ્ધા પર) સ્થિર બુદ્ધિવાળો કહેવામાં આવે છે.

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું, (पार्थ) હે અર્જુન ! (यदा) જ્યારે મનુષ્ય (आत्मिन) પોતાન ઈચ્છાથી (सर्वान) એ બધી (कामान्) કામનાઓને (प्रजहाति) છોડી દે છે, (मनः गतान्) જે તેના મનમાં આવે છે (आत्मना) અને પોતાનામાં (एवा) જ (तुष्ट) સંતુષ્ટ રહે છે, (तदा) ત્યારે એવા મનુષ્યને (स्थितप्रज्ञ) (ઈશ્વરની શ્રદ્ધા પર) સ્થિર બુદ્ધિવાળો (उच्यते) કહેવામાં આવે છે.

## ૨.૫૬

**दुःखेषु अनुद्विग्र-मनाः सुखेषु विगतस्पृहः ।**
**वीत राग भय क्रोधः स्थितधीः मुनिः उच्यते ।।५६।।**

દુઃખોમાં જેનું મન આશા ખોતું નથી, (અને) સુખમાં વધારેની ઈચ્છા નથી કરતું, (અને જે) લાલચ, (ઈશ્વર સિવાય બીજા કોઈના) ભયથી (અને જે અકારણ) ક્રોધથી મુક્ત થઈ ગયો હોય, એવા મનનશીલ મનુષ્યને ઈશ્વરની શ્રદ્ધા પર સ્થિર બુદ્ધિવાળો કહેવામાં આવશે.

(दुःखेषु) દુઃખોમાં (अनुद्विग्र-मनो) જેનું મન આશા ખોતું નથી, (सुखेषु) (અને) સુખમાં (विसतस्पृह) વધારેની ઈચ્છા નથી કરતું, (राग) (અને જે) લાલચ, (भय) (ઈશ્વર સિવાય બીજા કોઈના) ભયથી (क्रोध) (અને જે અકારણ) ક્રોધથી (वीत) મુક્ત થઈ ગયો હોય, (मुनि) એવા મનનશીલ મનુષ્યને (स्थित धी) ઈશ્વરની શ્રદ્ધા પર સ્થિર બુદ્ધિવાળો (उच्यत) કહેવામાં આવશે.

## ૨.૫૭

**यः सर्वत्र अनभिस्नेहः तत् तत् प्राप्य शुभ अशुभम् ।**
**न अभिनन्दति न द्वेष्टि तस्य प्रक्षा प्रतिष्ठिता ।।५७।।**

જે દરેક પ્રકારની પરિસ્થિતિઓમાં અપ્રભાવિત રહે છે, જેમ કે જ્યારે (તેના સાથે) (કંઈ) સારું થાય તો ન વધારે ખુશ થાય છે, અને જ્યારે દુઃખ પડે તો ન એ પરિસ્થિતિઓથી નફરત કરે છે, (ત્યારે) સમજો કે તેની બુદ્ધિ (ઈશ્વરની શ્રદ્ધામાં) સ્થિર છે.

(यः) જે (सर्वत्र) દરેક પ્રકારની પરિસ્થિતિઓમાં (अनभिस्नेह) અપ્રભાવિત રહે છે, (तत्) જેમ કે (તેના સાથે) (शुभ) (કંઈ) સારું થાય તો (न अभिनन्दति) ન વધારે ખુશ થાય છે, (तत्) અને જ્યારે (अशुभक) દુઃખ (प्राप) પડે તો (न द्वेष्टि) ન એ પરિસ્થિતિઓથી નફરત કરે છે, (तस्य) (ત્યારે) સમજો કે તેની (प्रज्ञा) બુદ્ધિ (प्रतिष्ठिता) (ઈશ્વરની શ્રદ્ધામાં) સ્થિર છે.

## ૨.૫૮

**यदा संहरतेच अयम कूर्मः अऽगानि इव सर्वशः ।**
**इन्द्रियाणि इन्द्रिय-अर्थेभ्यः तस्य प्रज्ञा प्रतिष्ठिता ।।५८।।**

જે પ્રકારે કાચબો પોતાના અંગોને બધી બાજુથી સમેટી લે છે, એ જ પ્રકારે જે મનુષ્ય બધી ઈચ્છાઓને

(यदा) જે પ્રકારે (कुर्म) કાચબો (अथम्) પોતાના (आऽगानि) અંગોને (सर्वशः) બધી બાજુએથી (संहरते) સમેટી લે છે (च इव) એ જ પ્રકારે જે મનુષ્ય (इन्द्रयाणि) બધી ઈચ્છાઓને

ઈચ્છાવાળી વસ્તુઓથી હટાવી લે છે), ત્યારે તેની બુદ્ધિ (ઈશ્વરની શ્રદ્ધા) માં સ્થિર થઈ જાય છે.

(इन्द्रिय अर्थेभ्य) ઈચ્છાવાળી વસ્તુઓથી (હટાવી લે છે), (तस्य) ત્યારે તેની (प्रज्ञा) બુદ્ધિ (प्रतिष्ठिता) (ઈશ્વરની શ્રદ્ધામાં) સ્થિર થઈ જાય છે.

## ૨.૫૯

**विषयाः विनिवर्तन्ते निराहारस्य देहिनः ।**
**रस-वर्जम् रसः अपि अस्य परम् दृष्टवा निवर्तते ।।५९।।**

(મનને) નિયંત્રિત કરીને અને આનંદ અને ભોગવાળી વસ્તુઓથી દૂર રહેવાનો અભ્યાસ કરીને મનુષ્ય આનંદ લેવાની ઇચ્છાને રોકી શકે છે. પરંતુ મનમાં જે આનંદવાળી વસ્તુઓનો આનંદ વસેલો છે તેનો ઈશ્વરની કૃપા-દૃષ્ટિથી જ અંત આવે છે.

(निराहारस्य) (મનને) નિયંત્રિત કરીને અને (विषया) આનંદ અને ભોગવાળી વસ્તુઓથી (विनिवर्तन्ते) દૂર રહેવાનો અભ્યાસ (प्रयास) કરીને (देहिन) મનુષ્ય (रस) આનંદ લેવાની ઇચ્છાને (वर्जम) રોકી શકે છે. (अपि) પરંતુ (रसः) મનમાં જે આનંદવાળી વસ્તુઓનો આનંદ વસેલો છે, (अस्य) તેનો (परम्) ઈશ્વરની दृष्टवा) કૃપા-દૃષ્ટિથી જ (निवर्तते) અંત થાય છે.

## <u>ઈચ્છાઓને વશમાં રાખવાના ઉપાયો</u>

## ૨.૬૦

**यततः हि अपि कौन्तेय पुरुषस्य विपश्चितः ।**
**इन्द्रयाणि प्रमाथीनि हरन्ति प्रसभम् मनः ।।६०।।**

નિઃસંદેહ (ઈશ્વરની કૃપા-દૃષ્ટિ એ કારણે પણ અનિવાર્ય છે, કેમ કે) હે અર્જુન ! ઇચ્છાઓ (આનંદ લેવાની મનની ઇચ્છા) એટલી બળવાન છે કે તે દૃઢ સંકલ્પવાળા મનુષ્યના (મનને) પણ બળપૂર્વક પરાજિત કરી દે છે, જે તેને બળપૂર્વક વશમાં કરવાની કોશિશ કરે છે.

(हि) નિઃસંદેહ (ઈશ્વરની કૃપા-દૃષ્ટિ એ કારણે પણ અનિવાર્ય છે, કેમ કે) (कौन्तेय) હે અર્જુન ! (इन्द्रियाणि) ઇચ્છાઓ (આનંદ લેવાની મનની ઇચ્છા) (प्रसभम्) એટલી બળવાન છે કે તે (विपश्चित) દૃઢ સંકલ્પવાળા (पुरुषस्य) મનુષ્યના (अपि) (મનને) પણ (हरन्ति) બળપૂર્વક પરાજિત કરી દે છે, (प्रसमय) જે તેને બળપૂર્વક વશમાં કરવાની (यतत) કોશિશ કરે છે.

## ૨.૬૧

**तानि सर्वाणि संयम्य युक्तः आसीत् मत-परः ।**
**वशेहि यस्य इन्द्रियाणी तस्य प्रज्ञा प्रतिष्ठिता ।।६१।।**

આ બધી બળવાન ઇચ્છાઓને વશમાં કરીને પોતાના મનને મારા સૌથી મહાન ઈશ્વરમાં લગાવી રાખો. નિઃસંદેહ જેની ઇચ્છાઓ વશમાં હશે તેની જ ઈશ્વરમાં શ્રદ્ધા સ્થિર હશે.

(तानि) આ (सर्वाणि) બધી (બળવાન ઇચ્છાઓને) (वशे) વશમાં કરીને (मत) પોતાના મનને (मत) મારા (परः) સૌથી મહાન ઈશ્વરમાં (युक्त) લગાવી (आसीत) રાખો, (हि) કેમ કે (નિઃસંદેહ) (यस्य) જેની (इन्द्रियाणि) ઇચ્છાઓ (संयमय) વશમાં હશે (तेसय) તેની જ (प्रज्ञा) ઈશ્વરમાં શ્રદ્ધા (प्रतिष्ठिता) સ્થિર હશે.

## મનુષ્યના વિનાશનો આરંભ કેવી રીતે થાય છે ?

### ૨.૬૨

**ध्यायतः विषयान् पुसः सऽः तेषु उपजायते ।**
**सऽात् सज्जायतेकामः कामात् क्रोधः अभिजायते ।।६२।।**

ઇન્દ્રિયોને સારી લાગતી વસ્તુઓ વિશે વિચાર કરવાથી મનુષ્યના હૃદયમાં તેના માટે લગાવ જન્મ લે છે. આ રીતે આનંદ લેવાના લગાવથી આનંદ કરવાની ઈચ્છા જન્મ લે છે, અને જ્યારે ઇચ્છાઓ પૂરી થતી નથી, ત્યારે મનમાં ક્રોધ કે નિરાશા જન્મ લે છે.

(विषयान्) ઇન્દ્રિયોને સારી લાગતી વસ્તુઓ (ध्यायतः) વિશે (નિનત્તર) વિચાર કરવાથી (पुसः) મનુષ્યના હૃદયમાં (तेषु) તેમના માટે (सऽः) લગાવ (उपजायते) જન્મ લે છે. (सऽात्) આ પ્રકારે આનંદ લેવાના લગાવથી (काम) આનંદ કરવાની ઇચ્છા (सज्जाते) જન્મ લે છે, (कामात) અને જ્યારે ઇચ્છાઓ પૂરી થતી નથી, ત્યારે મનમાં (क्रोधः अभिजायते) ક્રોધ કે નિરાશા જન્મ લે છે.

### ૨.૬૩

**कोधात भवति सम्मोहः सम्मोहात् स्मृति विभ्रम ।**
**स्मति-भ्रंशात् बुद्धि-नाशः बुद्धि-नाशात् प्रणश्यति ।।६३।।**

ક્રોધથી મન મોહિત થઈ જાય છે (મન વશમાં નથી રહેતું). મનના સંમોહિત થઈ જવાથી વિચાર અને સમજ ઉલઝી જાય છે. વિચાર અને સમજના ઉલઝાઈ જવાથી બુદ્ધિનો નાશ થાય છે. બુદ્ધિના નાશ થવાથી મનુષ્ય બરબાદ થઈ જાય છે.

(क्रोधात) ક્રોધથી (सम्मोह) મન મોહિત (भवति) થઈ જાય છે (મન વશમાં નથી રહેતું). (सम्मोहात्) મનના સંમોહિત થઈ જવાથી (स्मृति) વિચાર અને સમજ (विभ्रम) ઉલઝી જાય છે. (स्मृति-भ्रंशात) વિચાર અને સમજના ઉલઝી જવાથી (बुद्धि नाश) બુદ્ધિનો નાશ થઈ જાય છે. (बुद्धि नाशत्) બુદ્ધિના નાશ થવાથી મનુષ્ય त्प्रणश्यति) બરબાદ થઈ જાય છે.

## ઈચ્છાઓને વશમાં રાખવાનું મહત્ત્વ

### ૨.૬૪

**राग द्वेष विमुक्तैः तु विषयान् इन्द्रियैः चरन् ।**
**आत्म-वश्यैः विधेय-आत्मा प्रसादम् अधिगच्छति ।।६४।।**

જે ક્રોધ, લાલચ અને ઘૃણાથી મુક્ત છે, અને પોતાને નિયંત્રણમાં રાખીને મનચાહી વસ્તુઓનો ઉપયોગ કરે છે, એવો પવિત્ર પુરુષ ઈશ્વરની કૃપાને પામી લે છે.

(राग) (જે) ક્રોધ, લાલચ અને (द्वेष) ઘૃણાથી (विमुक्तै) મુક્ત છે, (आत्म-वश्यै) અને પોતાને નિયંત્રણમાં રાખીને (इन्द्रियौ) મનચાહી (विषयान्) વસ્તુઓનો (चान) ઉપયોગ કરે છે, (विधेय आत्मा) એવો પવિત્ર પુરુષ (प्रासादम्) ઈશ્વરની કૃપાને (अधिषच्छति) પામી લે છે.

### ૨.૬૫

**प्रसादे सर्व दुःखानाम् हानिः अस्य उपजायते ।**
**प्रसन्न-चेतसः हि आशु बुद्धिः परि अवतिष्ठ्ते ।।६५।।**

ઈશ્વરની કૃપા પામવાવાળો મનુષ્ય, બધા પ્રકારના દુઃખ અને નુકસાન થવા છતાં પણ તેનું મન શાંત

(प्रसादे) ઈશ્વરની કૃપા પામવાવાળો મનુષ્ય (सर्व) બધા પ્રકારના (दुःखानाम्) દુઃખ અને (हानि) નુકસાન થવા છતાં પણ (अस्य) તેનું (चेतसः) મન (प्रसन्न) શાંત (उपजायते) રહે છે.

રહે છે. નિઃસંદેહ આવા પુરુષો ની બુદ્ધિ ખૂબ જ જલ્દી ઈશ્વરની શ્રદ્ધા પર સ્થિર જઈ જશે.

નિઃસંદેહ (बुद्धि) એવા પુરુષોની બુદ્ધિ (आयु) ખૂબ જ જલ્દી (परि अवतिष्ठते) ઈશ્વરની શ્રદ્ધા પર સ્થિર થઈ જાય છે.

## ૨.૬૬

**न अस्ति बुद्धिः अयुक्तस्य न च अयुक्तस्य भावना ।**
**न च अभावयतः शान्तिः अशान्तस्य कुतः सुखम् ।।६६।।**

જો ઈશ્વરમાં શ્રદ્ધા નથી, તો સદ્‌બુદ્ધિ નહીં હોય. (જો ઈશ્વરમાં) શ્રદ્ધા નથી તો સંયમ નહીં હોય. સંયમ નહીં (હોય તો) શાંતિ નહીં હોય. (જ્યારે) શાંતિ નહીં હોય (તો જીવનમાં) સુખ ક્યાં (થી હશે).

(अयुक्तस्य) જો ઈશ્વરમાં શ્રદ્ધા નથી, તો (बुद्धि) સદ્‌બુદ્ધિ (न) નહીં (अस्ति) હોય. (अयुक्तस्य) (જો ઈશ્વરમાં) શ્રદ્ધા નથી, તો (भावना) સંયમ (न) નહીં હોય. (अभावयतः) સંયમ નહીં (હોય તો) (शान्ति) શાંતિ (न) નહીં હોય. (अशान्तस्य) (જ્યારે) શાંતિ નહીં હોય, તો (सुखम) (તો જીવનમાં) સુખ (कुत) ક્યાં (થી હશે).

## ૨.૬૭

**इन्द्रियाणाम् हि चरताम् यत् मनः अनुविधीयते ।**
**तत् अस्य हरति प्रज्ञाम् वायुः नावम् इरा अम्भसि ।।६७।।**

જે પ્રકારે તેવ્ર હવા નાવને પાણીમાં (વહાવી લઈ જાય છે), નિઃસંદેહ (એ જ પ્રકારે) જે (કોઈ એક) ઇચ્છામાં પણ બેકાબૂ મન લાગી જાય, એ જ (એક ઇચ્છા) તેની બુદ્ધિને વહાવી લઈ જાય છે, (અને) ભટકાવી દે છે.

(इरा) જે પ્રકારે (वायु) તીવ્ર હવા (नावम्) નાવને (अम्भसि) પાણીમાં (વહાવી લઈ જાય છે) (हि) નિઃસંદેહ (એ જ પ્રકારે) (यत्) જે (કોઈ એક) (इन्द्रियाणाम्) ઇચ્છામાં પણ (अनुविधीयते) બેકાબૂ (मन) મન લાગી જાય (तत) એ જ (એક ઇચ્છા) (अस्य) તેની (प्रज्ञाम्) બુદ્ધિને (हरति) વહાવી લઈ જાય છે (चरताम्) (અને) ભટકાવી દે છે.

## ૨.૬૮

**तस्मात् यस्य महा-बाहो निगृहीतानि सर्वशः ।**
**इन्द्रयाणि इन्द्रिय-अथेभ्यः तस्य प्रज्ञा प्रतिष्ठिता ।।६८।।**

તેથી હે અર્જુન ! જેણે બધી ઇચ્છાઓને ઇચ્છાઓવાળી વસ્તુઓથી રોકી લીધી, અને વશમાં કરી લીધી, તેની બુદ્ધિ ઈશ્વરની શ્રદ્ધામાં સ્થિર થઈ જાય છે.

(तस्मात्) તેથી (महाबाहो) હે અર્જુન ! (यस्य) જેણે (सर्वश) બધી (इन्द्रियाणि) ઇચ્છાઓને (इन्द्रिय-अर्थेभ्य) ઇચ્છાવાળી વસ્તુઓથી (निगृहीतानि) રોકી લીધી અને વશમાં કરી લીધી (तस्य) તેની (प्रज्ञा) બુદ્ધિ (प्रतिष्ठिता) ઈશ્વરની શ્રદ્ધામાં સ્થિર થઈ જાય છે.

## ૨.૬૯

**यानिशा सर्व भूतानाम् तस्याम् जागर्ति संयमी ।**
**पस्याम् जाग्रति भूतानि सा निशा पश्यतः मुनेः ।।६९।।**

જે સંપૂર્ણ પ્રાણીઓ માટે રાત્રિનો સમય છે, એ સમય ઇચ્છાઓને વશમાં રાખવાવાળાઓના માટે

(या) જે (सर्व) સંપૂર્ણ (भूतानाम्) પ્રાણીઓ માટે (निशा) રાત્રિનો સમય છે (तस्याम्) તે સમય (संयमी) ઇચ્છાઓને વશમાં રાખવાવાળાઓ માટે (जागर्ति) જાગવાનો સમય છે (ઈશ્વરની પ્રાર્થના કરવા માટે).

(ઈશ્વરની પ્રાર્થના માટે, અને જે (સમયે) બધા પ્રાણીઓ જાગે છે તે (સમય) મહાપુરુષોની દૃષ્ટિમાં રાત છે.

(यस्याम्) અને જે (સમય) (भुतानि) બધા પ્રાણીઓ (जागर्ति) જાગે છે, (सा) તે (સમય) (मुने) મહાપુરુષોની (पश्यतः) દૃષ્ટિમાં (निशा) રાત છે.

## ૨.૭૦

**आपूर्यमाणम् अचल-प्रतिष्ठिम् समुद्रम् आपः प्रविशन्ति यद्वत् ।**
**तद्वत् कामाः यम् प्रविशन्ति सर्वेसः शान्तिम् आप्नोति न काम-कामी ।।७०।।**

જે રીતે નદીઓનું પાણી ચારે તરફથી સમુદ્રમાં પડે છે, (પરંતુ) (સમુદ્ર) શાંત રહે છે, એ જ રીતે એ સજ્જન (જેણે પોતાની ઇચ્છાઓને વશમાં કરેલ છે) તેના (મનમાં) બધા પ્રકારની ઇચ્છાઓ પ્રવેશ કરે છે, પરંતુ તે શાંત રહે છે. પોતાની ઈચ્છાઓને પૂરી કરવામાં લાગેલ વ્યક્તિ (શાંતિ ક્યારેય) પ્રાપ્ત કરી શકતો નથી.

(यद्वत) જે રીતે (आप) નદીઓનું પાણી (आपुर्यमाणाम्) ચારે તરફથી (समुद्रम) સમુદ્રમાં (प्रविशन्ति) પડે છે, (પરંતુ) (अचल प्रतिष्ठम) (સમુદ્ર) શાંત રહે છે, (तद्वत) એ જ રીતે (सः) એ સજ્જન (જેણે પોતાની ઇચ્છાઓને વશમાં કરેલ છે) (यम्) તેના (મનમાં) (सर्वे) બધા પ્રકારની (कामा) ઇચ્છાઓ (प्रविशन्ति) પ્રવેશ કરે છે, (शान्तिम्) (પરંતુ) શાંત રહે છે. (काम-कामी) પોતાની ઇચ્છાઓને પૂરી કરવામાં લાગેલ વ્યક્તિ (न) (શાંતિ ક્યારેય) નથી (आप्नोति) પ્રાપ્ત કરી શકતો.

## ૨.૭૧

**विहाय कामान यः सर्वान मपान चरति निःस्पृहः ।**
**निर्ममः निरहऽकारः सः शान्तिम् अधिगच्छति ।।७१।।**

જે વ્યક્તિએ બધા પ્રકારના આનંદ કરવાની ઇચ્છાઓને ત્યાગ કરી દીધી હોય, તે સજ્જન જે આનંદને ભોગવવાની તીવ્ર ઇચ્છા વાસના વગર, અહંકાર વગર જીવન વ્યતીત કરતો હોય એ જ વ્યક્તિ શાંતિ પ્રાપ્ત કરશે.

(યઃ) જે વ્યક્તિએ (सर्वान) બધા પ્રકારના (कामान्) આનંદ કરવાની ઇચ્છાઓને (विहाय) ત્યાગ કરી દીધી હોય, (पुमान) એ સજ્જન જે (निस्पृह) આનંદ ભોગવવાની તીવ્ર ઇચ્છા (निर्मम) વાસના વગર (निरहऽकार) અહંકાર વગર (चरित) જીવન વ્યતીત કરેતો હોય, (सः) એ જ વ્યક્તિ (शान्तिम्) શાંતિ પ્રાપ્ત કરશે.

---

**નોંધ ૨.૬૯ :** ઈશ્વરે પયગંબર મુહમ્મદ (સલ્લ.)ને પવિત્ર કુર્આનમાં એ આદેશ આપ્યો હતો કે, ''(હે મુહમ્મદ !) રાત્રે તહજ્જુદ (ની નમાઝ) પઢો, આ નફલ (અતિરિક્ત ઐચ્છિક નમાઝ) છે તમારા માટે. આશા છે કે તમારો રબ તમને 'મકામે મહમૂદ' (પ્રશંસિત જગ્યા) પર ઊભા કરી દેશે (અર્થાત્ મહાન પદ એનાયત કરશે). (પવિત્ર કુર્આન, સૂરઃ બની ઇસરાઈલ (૧૭), આયત : ૭૯)

સનાતન ધર્મમાં સૂર્યોદયથી એક કલાક ૩૬ મીનિટ પહેલાના સમયને 'બ્રહ્મ મુહુર્ત' કહે છે. આ ઈશ્વરની પ્રાર્થનાનો સૌથી યોગ્ય અને શુભ સમય છે. આ સમયે યોગી જાગે છે અને ભોગી સૌથી ગહન ઊંઘમાં સૂઈ રહ્યા હોય છે.

---

**નોંધ ૨.૭૦ :** પયગંબર મુહમ્મદ (સલ્લ.)એ કહ્યું, ''જો મનુષ્યને ધનથી ભરેલા બે જંગલ મળી જાય તો તે ત્રીજા જંગલની પણ ઇચ્છા કરશે તેની ઇચ્છાનું પેટ માત્ર બકરની માટી જ ભરી શકે છે. (બુખારી-૬૪૩૬)

'નિર્મમ'નો અર્થ છે – જેને કોઈ વાસના ન હોય, નિષ્કામ, નિર્મોહી, જેને મમતા કે મોહ ન હોય. (પૃ.નં. ૭૧૧, નાલંદા વિશાલ શબ્દ-કોષ)

## ૨.૭૨

**एषा ब्राह्मी स्थितो पार्थ एराम् प्राप्य विमुह्यति । स्थित्वा अस्याम् अन्तकाले अपि ब्रह्म-जिर्वाणम् ऋच्छति ॥७२॥**

હે અર્જુન ! આ જ ઈશ્વરની શ્રદ્ધાને હૃદયમાં (દૃઢતાથી) સ્થિત (કરવાનો માર્ગ છે). આ (દૃઢ શ્રદ્ધાને) પ્રાપ્ત કરીને કોઈ મોહિત નથી થતું, સન્માર્ગ નથી ભૂલતો. જે આ સ્થિતિમાં મૃત્યુ સુધી અટલ રહે છે, નિઃસંદેહ તે ઈશ્વરના શાંતિના ધામ (સ્વર્ગ)ને પ્રાપ્ત કરી લે છે.

(पार्थ) હે અર્જુન ! (एषा) આ જ (ब्राह्मी) ઈશ્વરની શ્રદ્ધાને હૃદયમાં (स्थितो) (દૃઢતાથી) સ્થિત (કરવાનો માર્ગ છે). (एनाम) આ (દૃઢ શ્રદ્ધાને) (प्राप्य) પ્રાપ્ત કરીને (विमुह्यति) કોઈ મોહિત નથી થતું, સન્માર્ગ નથી ભૂલતો. (अस्याम्) જે આ સ્થિતિમાં (अन्तकाले) મૃત્યુ સુધી (स्थित्वा) અટલ રહે છે, (अपि) નિઃસંદેહ (ब्रह्म) તે ઈશ્વરના (निर्वाणम्) શાંતિના ધામને (સ્વર્ગને) (ऋच्छति) પ્રાપ્ત કરી લે છે.

નોંધ: નાલંદા વિશાલ શબ્દ-કોષમાં નિર્વાણનો અર્થ છે – (૧) બુઝાઈ ગયેલ દીપક, અગ્નિ વગેરે. (૨) અસ્ત થયેલ. (૩) શાંત (૪) મૃત કે મરી ગયેલ. (૫) નિશ્ચલ (૬) શૂન્યતાને પ્રાપ્ત. (૭)બાણ વગર (શાંતિ, મુક્તિ, મોક્ષ).

---

**નોંધ ૨.૭૧ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું કે, ''અને જે વ્યક્તિ સત્કર્મો કરવા માટે પરિશ્રમ (સંઘર્ષ) કરશે તે પોતાના ભલા માટે જ પરિશ્રમ કરશે. નિઃસંદેહ ઈશ્વર સમગ્ર સૃષ્ટિથી નિરપેક્ષ અને નિઃસ્પૃહ છે, અને જે લોકો ઈમાન લાવ્યા (એક ઈશ્વરમાં શ્રદ્ધાને અપનાવી) અને અનુકૂળ (સારા) કર્મ કર્યા અમે તેમની બૂરાઈઓને તેમનાથી દૂર કરી દઈશું અને તેમને સારા કર્મોનો બદલો આપીશું.'' (પવિત્ર કુર્આન, સૂરઃ અલ અન્કબૂત (૨૯), આયત : ૬-૭)

---

**નોંધ ૨.૭૨ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''જ્યાં સુધી શક્ય હોય ઈશ્વરનો ભય રાખો, અને (તેનો આદેશ) સાંભળો, અને માનો, અને ખર્ચ કરો (દાન આપો) કે તમારું ભલું થાય, અને જે પોતાના મનના લોભ અને કંજૂસીથી બચીને રહ્યો તો એવા જ લોકો સફળતા પ્રાપ્ત કરવાવાળા છે.''

(પવિત્ર કુર્આન, સૂરઃ અત્-તગાબુન (૬૪), આયત : ૧૬)

(અધ્યાય–૩)

# કર્મયોગ

## પરિચય

● પ્રકરણ નં. ૨ માં ઈશ્વરે કહ્યું હતું કે મનુષ્યના શરીરમાં જે રૂહ (આત્મા) છે તે અમર છે. આ કારણે મૃત્યુથી મનુષ્યનો અંત થતો અથી.

તે પછી ઈશ્વરે કહ્યું કે મનુષ્ય પોતાની ઇચ્છા અનુસાર જીવન વ્યતીત કરવા માટે સ્વતંત્ર નથી. તેના જે અનિવાર્ય કર્તવ્યો છે તે તેણે કરવાના જ છે.

ત્યારબાદ ઈશ્વરે કહ્યું કે પોતાના અનિવાર્ય કર્તવ્યોને સારી રીતે પૂરા કરવા માટે ઈશ્વરમાં શ્રદ્ધા આવશ્યક છે.

અંતે ઈશ્વરે કહ્યું કે પોતાની ઇચ્છાઓ અનુસાર જીવન વ્યતીત કરવાની કામના જ કર્તવ્યના પાલનના માર્ગનો સૌથી મોટો અવરોધ છે.

પ્રકરણ નં. ૨ માં ઈશ્વરમાં શ્રદ્ધાનું વિસ્તાર-પૂર્વક વર્ણન કરવામાં આવ્યું હતું. આ પ્રકરણમાં અનિવાર્ય કર્મોનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે.

## સારાંશ

● શ્લોક નં. ૩.૧ અર્જુન શ્રી કૃષ્ણજીને પ્રશ્ન કરે છે કે જ્યારે ઈશ્વરમાં શ્રદ્ધાનું ધર્મમાં સૌથી વધારે મહત્ત્વ છે, તો શ્રદ્ધા તો મારામાં છે, હવે તમે મને આ યુદ્ધ કરવા માટે કેમ કહી રહ્યા છો ?

● શ્લોક નં. ૩.૩ માં ઈશ્વરે કહ્યું કે, ધર્મમાં શ્રદ્ધા અને પોતાના અનિવાર્ય કર્તવ્યોનું પાલન એ બંને મહત્ત્વપૂર્ણ છે.

● શ્લોક નં.૩.૪માં ઈશ્વરે કહ્યું કે સંસારથી સંન્યાસ લેવાથી કર્તવ્યો પૂરા નથી થતા. (કર્તવ્યોને પૂરા કરવા વધારે મહત્ત્વપૂર્ણ છે.)

● શ્લોક નં. ૩.૫ - ૩.૮ માં ઈશ્વરે કહ્યું કે ત્રણ પ્રકારના ગુણો મનુષ્યની સાથે લાગેલા છે (સત્ત્વ ગુણ, રજો ગુણ, તમો ગુણ). પરંતુ જે મનુષ્ય ઈશ્વરના આદેશ અનુસાર કર્મ કરે છે એ જ શ્રેષ્ઠ છે.

● શ્લોક નં. ૩.૯માં ઈશ્વરે કહ્યું કે પવિત્ર વેદોને વાંચો, જેમાં અનિવાર્ય કર્તવ્યોનું વર્ણન છે. ઈશ્વરની પ્રાર્થના કરો અને તેનું શરણ ચાહો. તેના સિવાય અનિવાર્ય કર્તવ્યોને પૂરા કરવા કઠિન છે.

● શ્લોક નં. ૩.૧૦માં છે કે ઈશ્વરે સૌપ્રથમ મનુષ્યનું નિર્માણ કર્યા પછી જ્યારે ધરતી પર મોકલ્યો, તો તેમને પણ પોતાના અનિવાર્ય કર્મો પૂરા કરવા માટે કહ્યું હતું, જે તેમણે કર્યા અને સંસારમાં સમૃદ્ધ રહ્યા.

● શ્લોક નં. ૩.૧૧-૩.૧૨માં છે કે જ્યારે મનુષ્ય પોતાના અનિવાર્ય કર્મોને પૂરા કરે છે, તો દેવતાઓ (ફરિશ્તાઓ) તેમને બધા પ્રકારની જીવન-સામગ્રી આપે છે. આ સામગ્રી પણ મનુષ્યને વહેંચી ખાવી જોઈએ.

● શ્લોક નં. ૩.૧૩-૩.૧૫માં લખ્યું છે કે જ્યારે મનુષ્ય પોતાના કર્મોને સારી રીતે કરે છે, તો ઈશ્વર તેને સમૃદ્ધ બનાવી દે છે.

● શ્લોક નં. ૩.૧૭.૩.૧૮ માં લખ્યું છે કે ઈશ્વરના સ્મરણ (યાદ)થી મનને શાંતિ મળે છે.

● શ્લોક નં. ૩.૧૯-૩.૨૦માં લખ્યું છે કે જન-કલ્યાણને મનમાં રાખીને વેદોના ઉપદેશોનું પાલન કરવું જોઈએ.

● શ્લોક નં. ૩.૨૨-૩.૨૪માં ઈશ્વરે કહ્યું કે મને કામ કરવાની આવશ્યકતા નથી, પરંતુ નિઃસ્વાર્થમાં કર્મોમાં લાગેલો છું. એ જ પ્રમાણે મનુષ્યએ પણ નિઃસ્વાર્થ પોતાના કર્મો કરવામાં લાગેલા રહેવું જોઈએ.

● શ્લોક નં. ૩.૨૫-૩.૩૨ માં લખ્યું છે કે કેવી રીતે અજ્ઞાની મૂર્ખ લોકો કર્મ કરે છે, અને કેવી રીતે તેમણે સાચા કર્મ કરવા માટે માર્ગદર્શન કરવું જોઈએ.

● શ્લોક નં. ૩.૩૪માં અનિવાર્ય કર્તવ્યને પૂરા ન કરી શકવાનું કારણ બતાવવામાં આવ્યું છે, અને એ કારણ છે મનુષ્યનું પોતાની ઈચ્છા અનુસાર પોતાનું જીવન વ્યતીતી કરવાની ઈચ્છા.

● શ્લોક નં.૩.૩૫ માં લખ્યું છે કે જો કોઈ બીજા વ્યક્તિનું જીવન તમને ખૂબ પસંદ હોય, તો પણ પોતાના કર્તવ્ય અનુસાર જ જીવન વ્યતીત કરવું જોઈએ.

● શ્લોક નં. ૩.૩૭-૩.૪૨માં ઈશ્વરે કહ્યું કે કામ-ભાવ જે અનિવાર્ય કર્મોને પૂરા ન કરવાનું મુખ્ય કારણ છે, આ કામ-ભાવ એટલો પ્રબળ છે કે મનુષ્યના મન અને બુદ્ધિને ઢાંકી દે છે.

● શ્લોક નં. ૩.૪૩માં ઈશ્વરે કહ્યું કે ઈશ્વરમાં દ્રઢ શ્રદ્ધાથી જ કામ અને ઈચ્છાઓને વશમાં કરી શકાય છે, જે અનિવાર્ય કર્મોને પૂરા કરવાના માર્ગમાં સૌથી મોટો અવરોધ છે.

## પ્રકરણ

**કર્મયોગનો પરિચય**

### ૩.૧

**अर्जुन उवाच**
**ज्यायसी चेत् कर्मणः ते मता बुद्धिः जनार्दन ।**
**तत् किम् कर्मणि घोरेमाम् नियोजयमि केशव ।।१।।**

અર્જુને કહ્યું, હે કૃષ્ણ ! તમારા આદેશ અનુસાર જો ઈશ્વરમાં શ્રદ્ધા સત્કર્મથી વધારે મહત્ત્વપૂર્ણ છે, તો શા માટે (તમે) મને(આ) ઘોર કર્મ (અર્થાત્ યુદ્ધ માટે) પ્રેરિત કરી રહ્યા છો.

(अर्जुन उवाच) અર્જુને કહ્યું, (जनार्दन) હે કૃષ્ણ ! (તે) તમારા (मता) આદેશ અનુસાર (चेत) જો (बुद्धि) ઈશ્વરમાં શ્રદ્ધા (कर्मण) સત્કર્મ (ज्यायसी) થી વધારે મહત્ત્વપૂર્ણ છે, (तत्) તો (किम्) શા માટે (તમે) (माम्) મને (घोरे) (આ) ઘોર (कर्मणि) કર્મ (અર્થાત્ યુદ્ધ માટે) (नियोजयसि) પ્રેરિત કરી રહ્યા છો.

### ૩.૨

**व्यामिश्रेण इव वाक्येन बुद्धिम् मोहयसि इव मे ।**
**तत् एकम् वद निश्चित्य येन श्रेयः अहम् आप्नुयाम् ।।२।।**

એકથી વધારે અર્થવાળા વાક્યોથી મારી બુદ્ધિ ઉલઝી ગઈ છે. તેથી (કૃપા કરીને) નિશ્ચય કરીને

(व्यामिश्रेण) એકથી વધારે અર્થવાળા (वाक्येन) વાક્યોથી (मे) મારી (बुद्धिम्) બુદ્ધિ (मोहयसि) ઉલઝી ગઈ છે. (तत्) તેથી (निश्चित्य) નિશ્ચય કરીને (एकम्) એક અર્થવાળા (वद) વાક્ય કે ઉપદેશ કહો

એક અર્થવાળા વાક્ય કે ઉપદેશ કહો, જેનાથી હું સૌથી શ્રેષ્ઠ જ્ઞાન પામી શકું.

(येन) ય (अहम्) ય (श्रेय) ય (आप्नुयाम्) ય

## ૩.૩

**(श्री भगवान उवाच)**
**लोके अस्मिन् द्वि-विद्या निष्ठ पुरा प्रोक्ता मया अनघ ।**
**ज्ञान-योगेन सांख्यानाम् कर्म-योगेन योगिनाम् ।।३।।**

ઈશ્વરે કહ્યું, હે અર્જુન ! આ સંસારમાં ધર્મ અને ઈશ્વર પ્રત્યે જે આદરપૂર્ણ ભાવ (કે શ્રદ્ધા) છે તેના બે ભાગ છે, જે મારા દ્વારા પહેલાં જ (શ્લોક નં. ૨.૩૯) કહેવામાં આવી ચૂક્યા છે. તેમાંથી એક છે જ્ઞાન યોગ, અર્થાત્ વેદિક જ્ઞાન અનુસાર ઈશ્વરમાં શ્રદ્ધા રાખવી, અને ઈશ્વરની પ્રાર્થના કરવી, (જેનું જ્ઞાન) વેદોના જ્ઞાનીઓથી મળે છે; (અને તેમાંથી બીજું છે) કર્મ યોગ, અર્થાત્ અનિવાર્ય કર્મ કરવા, (જેનું જ્ઞાન) કર્મ યોગીઓથી મળે છે.

(श्री भगवान उवाच ) ઈશ્વરે કહ્યું (अनद्य) હે અર્જુન ! (अस्मिन्) આ (लोके) સંસારમાં (निष्ठ) ધર્મ અને ઈશ્વર પ્રત્યે જે આદરપૂર્ણ ભાવ (કે શ્રદ્ધા) છે (द्वि-विद्या) તો બે ભાગ છે, જે (मया) મારા દ્વારા (पुरा) પહેલાં જ (શ્લોક નં. ૨.૩૯)માં (प्रोक्ता) કહેવામાં આવી ચૂક્યા છે. (ज्ञान-योगेन) (તેમાંથી એક છે) જ્ઞાન યોગ, અર્થાત્ વેદિક જ્ઞાન અનુસાર ઈશ્વરમાં શ્રદ્ધા રાખવી અને ઈશ્વરની પ્રાર્થના કરવી; (सांख्यानाम्) (જેનું જ્ઞાન)વેદોના જ્ઞાનીઓથી મળે છે, (कर्म-योगेन) (અને તેમાંથી બીજું છે) કર્મ યોગ, અર્થાત્ ધાર્મિક અનિવાર્ય કર્મ કરવા, (योगिनाम्) (જેનું જ્ઞાન) કર્મ યોગીઓથી મળે છે.

**ધર્મમાં કર્મ અને શ્રદ્ધા બંનેનું મહત્ત્વ છે.**

## ૩.૪

**न कर्मणाम् अनारम्भात् नैष्कर्म्यम् पुरुषः अश्नुते ।**
**न च संन्यीनात् एवं सिद्धिम् समधि गच्छति ।।४।।**

ન તો ધાર્મિક અનિવાર્ય કર્મોને ન કરવાથી મનુષ્યને મુક્તિ મળે છે, અને ન માત્ર સામાજિક જીવનથી સંન્યાસ લેવાથી આધ્યાત્મિક સાધનામાં સફળતા મળશે. (અર્થાત્ કર્મયોગને કરવા જ પડશે.)

(न) ન તો (कर्मनाम्) ધાર્મિક અનિવાર્ય કર્મોને (अनारम्भात्) ન કરવાથી (पुरुष) મનુષ્યને (नैष्कर्म्यम) મુક્તિ (अश्नुते) મળે છે, (च) અને (न) ન (एव) માત્ર (सन्यसनात्) સામાજિક જીવનથી સંન્યાસ લેવાથી (सिद्धिम) આધ્યાત્મિક સાધનામાં સફળતા (समधि गच्छति) મળશે.

## ૩.૫

**न हि कश्चित् क्षणम् अपि जातु तिष्ठति अकर्म-कृत् ।**
**कार्यते हि अवशः कर्म सर्वः प्रकृति-जैः गुणैः ।।५।।**

કોઈ (પણ મનુષ્ય) કોઈપણ અવસ્થામાં એક ક્ષણ માટે પણ કર્મ કર્યા વગર નથી રહી શકતો, કેમ કે ઈશ્વરે પ્રાકૃતિક રૂપે તેમાં જે ગુણો ઉત્પન્ન કર્યા છે તેનાથી મજબૂર થઈને તે બધા કર્મો કરતો રહે છે.

(कच्छित्) કોઈ (પણ મનુષ્ય) (जातु) કોઈપણ અવસ્થામાં (क्षणम्) એક ક્ષણ માટે (अपि) પણ (अकर्मकृत) કર્મ કર્યા વગર (न) નથી (तिष्ठते) રહી શકતો, (हि) કેમ કે (प्रकृति) ઈશ્વરને પ્રાકૃતિક રૂપે તેમાં (गुणै) જે ગુણો (जै) ઉત્પન્ન કર્યા છે, (अवशः) તેનાથી મજબૂર થઈને તે બધા (कर्म) કર્મો (कार्यते) કરતા રહે છે.

## અનિવાર્ય કર્મ કરવાની રીત

### ૩.૬

**कर्म-इन्द्रियाणि संयम्य यः आस्तेमनसा स्मरन् ।**
**इन्द्रिय - अर्थान् विमूढ आत्मा मिथ्या - आचारः सः उच्यते ।।६।।**

જે વ્યક્તિ પોતાના આનંદ અનુભવ કરવાવાળા અંગોને વશમાં રાખે છે, પરંતુ મનમાં આનંદ લેવાવાળી વસ્તુઓ (વિશે) વિચારતો રહે છે, એવો વ્યક્તિ મૂર્ખ છે, અને એ વ્યક્તિને ઢોંગી / પાખંડી કહેવામાં આવશે.

(યઃ) જે વ્યક્તિ (कर्म-इन्द्रियाणि) પોતાના આનંદ અનુભવ કરવાવાળા અંગોને (संयम्य) વશમાં (अस्ति) રાખે છે, (मनसा) પરંતુ મનમાં (इन्द्रिय अर्थान्) આનંદ લેવાવાળી વસ્તુઓ (स्मरण) (વિશે) વિચારતો રહે છે, (आत्मा) એવો વ્યક્તિ (विमूढ) મૂર્ખ છે, (सः) અને એ વ્યક્તિને (मिथ्या आचार) ઢોંગી / પાખંડી (उच्यते) કહેવામાં આવશે.

### ૩.૭

**यः तु इन्द्रियाणि मनसा नियम्य आरभे अर्जुन ।**
**कर्म-इन्द्रैः कर्म-योगम् असक्तः सफ विशिष्यते ।।७।।**

પરંતુ હે અર્જુન ! જે વ્યક્તિ મનથી પોતાની ઈચ્છાઓને વશમાં રાખે છે, અને આનંદ લેવાવાળા કર્મો કરે છે, તેમાં મગ્ન થયા વગર, (અને) ઈશ્વરના આદશ અનુસાર કરે છે, તો તે (વ્યક્તિ) શ્રેષ્ઠ છે.

(तु) પરંતુ (अर्जुन) હે અર્જુન ! (यः) જે વ્યક્તિ (मनसा) મનથી (इन्द्रियाणि) પોતાની ઈચ્છાઓને (नियम्य) વશમાં રાખે છે, (कर्म-इन्द्रिय) અને આનંદ લેવાવાળા કર્મો (आरंभते) કરે છે, (असक्तः) તેમાં મગ્ન (लीन) થયા વગર (અને) (कर्म-योगम्) ઈશ્વરના આદેશ અનુસાર કરે છે, (सः) તો એ (વ્યક્તિ) (विशेष्यते) શ્રેષ્ઠ છે.

### ૩.૮

**नियतम् कुरु कर्म त्वम् कर्म ज्यायः हि अकर्मणः ।**
**शरीर यात्रा अपि च ते न प्रसिद्धयेत् अकर्मण ।।८।।**

હે અર્જુન ! તમે ઈશ્વરના આદેશ અનુસાર કર્મોને કરો. નિઃસંદેહ કર્મો કરવા ઉત્તમ છે, કર્મો ન કરવા કરતા, તથા કર્મ ન કરવાથી તમારી જીવનથી મૃત્યુ સુધીની યાત્રા પણ સફળ નહીં થાય.

(त्वम्) હે અર્જુન ! તમે (नियतम्) ઈશ્વરના આદેશ અનુસાર (कुरु-कर्म) કર્મ કરો. (हि) નિઃસંદેહ (कर्म) કર્મો કરવા (ज्याय) ઉત્તમ છે, (अकर्मण) કર્મો ન કરવાથી, (च) તથા (अकर्मण) કર્મ ન કરવાથી (ते) તમારી (शरीर यात्रा) જન્મથી મૃત્યુ સુધીની જીવન-યાત્રા (अपि) પણ (न प्रसिद्धदयते) સફળ નહીં થાય.

---

**નોંધ ૩.૭ :** આ શ્લોકને નિમ્નલિખિત ઉદાહરણથી સમજીએ છીએ :

એક વ્યક્તિ પારકી સ્ત્રીને વાસનાથી નથી જોતો, અને માત્ર પોતાની પત્નીથી સંભોગનો આનંદ લે છે, જેમ કે ઈશ્વરનો આદેશ છે, અને બીજો વ્યક્તિ સંન્યાસ લે છે, પરંતુ પારકી સ્ત્રીઓને જોઈને લલચાતો રહે છે, તો પહેલો વ્યક્તિ શ્રેષ્ઠ છે.

## ૩.૯

**यज्ञ-अर्थात् कर्मणः अन्यत्र लोकः अयम् कर्म-बन्धनः ।**
**तत् अर्थम् कर्म कौन्तेय मुक्त-सङ्गः समाचर ।।९।।**

હે અર્જુન ! (વેદોમાં) લખેલ આદેશ (ને જાણો). એ ઈશ્વર માટે <u>**સંગમ**</u> થી મુક્ત થઈને કર્મ કરો. તમારા કર્મો ઈશ્વરને પ્રસન્ન કરવા માટે હોય. નહિં તો આ સંસાર (માં) કર્મોથી બંધાયેલા રહેશો. (અનિવાર્ય કર્તવ્ય પૂરા નહીં થાય.)

(कौन्तेय) હે અર્જુન ! (समाचर) (વેદોમાં) લખેલ આદેશ (ને જાણો.) (तत्) એ ઈશ્વર (अर्थम) માટે (मुक्त संङगः) <u>**સંગમ**</u> થી મુક્ત થઈને (कर्म) કર્મ કરો. (कर्मण) તમારા કર્મો (यज्ञ) ઈશ્વરને પ્રસન્ન કરવા (अर्थात) માટે હોય. (अन्यत्र) નહિં તો (अथम्) આ (लोक) સંસાર(માં) (कर्म-बन्धन) કર્મોથી બંધાયેલા રહેશો. (અનિવાર્ય કર્તવ્યો પૂરા નહીં થાય.)

## <u>અનિવાર્ય કર્મ કરવાથી ઉન્નતિ મળે છે</u>

## ૩.૧૦

**सह यज्ञाः प्रजाः सृष्ट्वा पुरा उवाच प्रजापतिः ।**
**अनेन प्रसविष्यध्वम् एषः वः अस्तु इष्ट काम-धुक् ।।१०।।**

સૃષ્ટિના રચના-કાળમાં (આદિકાળમાં) ઈશ્વરે મનુષ્ય (ની રચના) ઈશ્વરની પ્રાર્થના માટે કરી, (અને મનુષ્યને) કહ્યું, ઈશ્વરની પ્રાર્થનાથી તમારી સમૃદ્ધિ (ઉન્નતિ) થશે, ઈશ્વરની પ્રાર્થનાથી તમને લોકોને આવશ્યક સામગ્ર પ્રાપ્ત થશે.

(पुरा) સૃષ્ટિના રચના-કાળમાં (આદિકાળમાં) (प्रजापति) ઈશ્વરે (प्रजा) મનુષ્ય (ની રચના) (सह यज्ञाः) ઈશ્વરની પ્રાર્થના માટે કરી, (उवाच) (અને મનુષ્યને) કહ્યું, (अनेन्) એ ઈશ્વરની પ્રાર્થનાથી તમારી (प्रसविष्यध्वम) સમૃદ્ધિ (ઉન્નતિ) થશે. (एषः) એ ઈશ્વરની પ્રાર્થનાથી (वः) તમને લોકોને (इष्ट-काम-धुक्) આવશ્યક સામગ્રી પ્રાપ્ત (अहतु) થશે.

**નોંધ : યજ્ઞનો અર્થ જાણવા નોંધ નં. N-૧૩ જુઓ.**

**નોંધ ૩.૯ : સંગમ :** નાલંદા શબ્દ-કોષમાં 'સંગમ'ના ચાર અર્થ બતાવવામાં આવ્યા છે : (પૃ.નં.૧૩૩૩) (૧) સંમેલન (૨) એ સ્થાન જ્યાં બે નદીઓ મળતી હોય. (૩) સાથ, સોબત (૪) બે કે વધારે વસ્તુઓનું એક સાથે મળવું. જ્યારે ગ્રંથોમાં પ્રાર્થના વિશે આ શબ્દનો પ્રયોગ થાય છે, તો તેનો અર્થ છે ઈશ્વરની પ્રાર્થનાની સાથે કોઈ અન્યની પણ પૂજા કરવી. આનાથી ભગવદ્ ગીતામાં ૧૯ વાર મનાઈ કરવામાં આવી છે. વધારે જાણકારી માટે નોંધ નં. N-૬.

**નોંધ ૩.૯ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.)ને કહ્યું, (હે પયગંબર ! એમ કહો કે) જો હું મારા ઈશ્વરની આજ્ઞા ન માનું, તો મને એક મોટા દિવસ (પ્રલયના દિવસ)ની યાતનાનો ભય છે. કહો – હું તો ઈશ્વરની પ્રાર્થના કરું છું, તેના જ માટે ધર્મને વિશુદ્ધ કરીને.
(પવિત્ર કુર્આન, સૂરઃ અઝ્-ઝુમર (૩૯), આયત : ૧૩-૧૪)

**નોંધ ૩.૧૦ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું, અને જો આ લોકો તૌરાત અને ઈંજીલતે અને જે કંઈ તેમના ઈશ્વર તરફથી તેમના પર અવતરિત કરવામાં આવ્યું, કાયમ રાખતા (અનુસરણ કરતા), તો તેમને ખાવાનું મળતું ઉપરથી પણ અને પગના નીચેથી પણ. આમાંથી એક સમુદાય સીધા માર્ગ પર ચાલવાવાળો છે, પરંતુ આમાં ઘણા એવા છે જેઓ કંઈ કરે છે તે ઘણું જ ખરાબ છે. (પવિત્ર કુર્આન, સૂરઃ અલ-માઈદા (૫), આયત : ૬૬)

**નોંધ ૩.૧૦ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, મેં તો જીન્નો અને મનુષ્યોને માત્ર એટલા માટે પેદા કર્યા છે કે તેઓ મારી બંદગી કરે. (પવિત્ર કુર્આન, સૂરઃ અઝ્-ઝારિયાત (૫૧), આયત : ૫૬)

## ૩.૧૧

**देवान् भावयता अनेन ते देवाः भावयन्तु वः ।**
**परस्परम् भावयन्तः श्रेयः परम् अवाप्स्यथ ॥११॥**

(એ ઈશ્વરની પ્રાર્થનાના આદેશો) અનુસાર એ દેવતાઓ પણ ઈશ્વરની પ્રાર્થના કરે છે. તમે (મનુષ્યો પણ) દેવતાઓની જેમ (ઈશ્વરની) પ્રાર્થના કરો. દેવતાઓ અને મનુષ્યોની સંયુક્ત પ્રાર્થનાથી મહાન ઈશ્વરનો આશ્રય પ્રાપ્ત કરો.

(अनेन) (એ ઈશ્વરની પ્રાર્થનાના આદેશ) અનુસાર (ते) એ (देवान) દેવતાઓ પણ (भावयता) ઈશ્વરની પ્રાર્થના કરે, (वः) તમે (મનુષ્યો પણ) (देवा) દેવતાઓની જેમ (भावयन्तु) (ઈશ્વરની) પ્રાર્થના કરો. (परस्परम्) દેવતાઓ અને મનુષ્યની સંયુક્ત પ્રાર્થનાથી (परम्) મહાન ઈશ્વરનો (श्रेयः) આશ્રય (अवाप्स्यथ) પ્રાપ્ત કરો.

## ૩.૧૨

**इष्टान भोगान् हि वः देवाः दास्यन्ते यज्ञ-भाविताः ।**
**तैः दत्तान् अप्रदाय एभ्यः यः भुङक्ते स्तेनः एव सः ॥१२॥**

ઈશ્વરની પ્રાર્થના કરતા રહેવાથી દેવતાઓ તમને નિઃસંદેહ જીવિત રહેવા માટે જે વસ્તુઓ જોઈએ (તે) આપતા રહેશે. (પરંતુ) એ દેવતાઓ દ્વારા આપવામાં આવેલ સામગ્રીને જો બીજાઓને આપ્યા વગર સેવામાં લાવશે નિઃસંદેહ ચોર છે.

(यज्ञ-भाविताः) ઈશ્વરની પ્રાર્થના કરતા રહેવાથી (देवा) દેવતાઓ (वः) તમને (हि) નિઃસંદેહ (भोगान्) જીવિત રહેવા માટે જે વસ્તુઓ (इष्टान) જોઈએ (તે) (दास्यन्ते) આપતા રહેશે. (तै) (પરંતુ) એ દેવતાઓ દ્વારા (दत्तान) આપવામાં આવેલ સામગ્રીને (यो) જે (एभ्य) બીજાઓને (अप्रदाय) આપ્યા વગર સેવામાં લાવશે, (एव) નિઃસંદેહ (सः) તે (स्तेन) ચોર છે.

---

**નોંધ ૩.૧૧ :** પવિત્ર કુર્આનમાં લખ્યું છે કે, ''સજીવો જે આકાશોમાં છે અને જે ધરતીમાં છે સૌ ઈશ્વરને સિજદો કરે છે, અને ફરિશ્તાઓ પણ, અને એ (ફરિશ્તાઓ) પોતાને મોટા નથી સમજતા. પોતાના ઈશ્વરથી જે તેમના ઉપર છે, ડરતા રહે છે, અને તેમને જે આદેશ આપવામાં આવે છે, પૂરા કરે છે.''

(સૂરઃ અન્-નહલ (૧૬), આયત : ૪૯-૫૦)

- માનવ-જાતિ માટે ઈશ્વરના આદેશો નીચે મુજબ છે :

''પોતાના ઈશ્વરને પ્રાતઃકાળ અને સંધ્યાના સમયે યાદ કરવાનું રાખો, પોતાના મનમાં કરગરીને અને ડરતાં-ડરતાં, અને ધીમા અવાજની સાથે, અને એ લોકો પૈકી ન થઈ જાઓ જેઓ ગફલતમાં પડેલા છે.'' (સૂરઃ અલ-આ'રાફ, આયત : ૨૦૫)

- (જે રીતે ભગવાન શબ્દ ઈશ્વર, પુનિત અને આદરણીય વ્યક્તિ અને દેવતાઓ માટે પ્રયુક્ત થાય છે એ જ રીતે દેવતા શબ્દ પણ દેવતા અને ફરિશ્તા બંને માટે પ્રયુક્ત થાય છે.) ભગવાન શબ્દને સમજવા માટે નોંધ નં. N-૧૦ વાંચો.

**નોંધ ૩.૧૧ :** નાલંદા વિશાલ સાગર શબ્દ-કોષ (પૃ.નં.૬૧૪)માં દેવતાના બે અર્થ છે : (૧) સ્વર્ગમાં રહેવાવાળા એ અમર જીવધારીઓ જેમને પૂજ્ય માનવામાં આવે છે. (૨) સૂર (ફરિશ્તાઓ).

---

**નોંધ ૩.૧૨ :** પવિત્ર કુર્આનમાં ફરિશ્તાઓ ઈશ્વરના આદેશ અનુસાર કામ કરે છે એવું લખ્યું છે. આ વિશે આ આયત છે : ''પછી ફરિશ્તાઓ (ઈશ્વરીય આદેશ અનુસાર) સંસારના કાર્યો (કામો)નો પ્રબંધ કરે છે.'' (પવિત્ર કુર્આન, સૂરઃ અન્-નાઝિઆત (૭૯), આયત : ૫)

## ૩.૧૩

**यज्ञ-शिष्ट अशिनः सन्तः मुच्यन्ते सर्व किल्बिषै ।**
**मुज्जते ते तु अधम् पापाः ये पचन्ति आत्म-कारणात्**
**।।१३।।**

સંત, મહાપુરુષ કર્તવ્ય-પાલન (માટે અને જીવિત રહેવા માટે) ભોજન ખાય છે, (અને) બધા પ્રકારના પાપથી મુક્ત રહે છે. પરંતુ જેઓ (ભોજન) બનાવે છે, માત્ર પોતાના આનંદ માટે તેઓ પાપી લોકો પાપ કરે છે.

(सन्त) સંત, મહાપુરુષ (यज्ञ) કર્તવ્ય-પાલન (માટે અને જીવિત રહેવા માટે) (शिष्ट) ભોજન (आशिन) ખાય છે, (सर्व) (અને) બધા પ્રકારના (किल्विषे) પાપોથી (मुच्यन्ते) મુક્ત રહે છે. (तु) પરંતુ (ये) જેઓ (पचन्ति) (ભોજન) બનાવે છે (आत्म कारणात) માત્ર પોતાના (भुज्जते) આનંદ માટે (ते) તેઓ (पापा) પાપી લોકો (अधम्) પાપ કરે છે.

## ૩.૧૪

**अन्नान भवन्ति भूतानि पर्जन्यात् अन्न सम्भवः ।**
**यज्ञात् भवति पर्जन्यः यज्ञः कर्म समुद्भवः ।।१४।।**

તમામ પ્રાણીઓના શરીર અન્નથી ઉત્પન્ન થાય છે (જીવિત રહે છે). અન્નની ઉત્પત્તિ વર્ષાથી થાય છે. વર્ષા થાય છે ઈશ્વરની આજ્ઞા અને કૃપાથી, (અને ઈશ્વરની આજ્ઞા અને કૃપા મનુષ્યના) કર્મ (અનુસાર) થાય છે.

(भूतानि) તમામ પ્રાણીઓના શરીર (अन्नात्) અન્નથી (भवन्ति) ઉત્પન્ન થાય છે (જીવિત રહે છે). (अन्न) અન્નની (सम्भवः) ઉત્પત્તિ (पर्जन्यान) વર્ષાથી થાય છે. (पर्जन्य) વર્ષા (भवति) થાય છે (यज्ञात) ઈશ્વરની આજ્ઞા અને કૃપાથી, (कर्म) (અને ઈશ્વરની આજ્ઞા અને કૃપા મનુષ્યના) કર્મ (समुदभवः) (અનુસાર) થાય છે.

'सम्भवः' નો અર્થ ઉત્પત્તિ થાય છે. આ અર્થ યાદ રાખો. શ્લોક નં. ૪.૮માં આનો ઉપયોગ થશે.

## ૩.૧૫

**कर्म ब्रह्म उद्भवम् विद्धि ब्रह्म अक्षर समुदभवम् ।**
**तस्मात् सर्व-गतम् ब्रह्म नित्यम् यज्ञे प्रतिष्ठितम् ।।१५।।**

(આ સત્ય તમારે) જાણવું જોઈએ કે સત્કર્મ વેદોથી ઉત્પન્ન થાય છે. નિરાકાર ઈશ્વર(થી) વેદ અસ્તિત્વમાં આવ્યા છે. આ કારણસર (તમારે જાણવું જોઈએ કે ઈશ્વરની કૃપા-દૃષ્ટિ) ત્યાં જ થાય છે, જ્યાં હંમેશા કર્તવ્યનું પાલન થાય છ, (અથવા ઈશ્વરની પ્રાર્થના થાય છે, અથવા વેદોમાં લખેલ આદેશોને માનવામાં આવે છે.)

(विद्धि) (આ સત્ય તમારે) જાણવું જોઈએ કે (कर्म) સત્કર્મ (ब्रह्म) વેદોથી (उद्भवम) ઉત્પન્ન થાય છે. (अक्षर) નિરાકાર ઈશ્વર (થી) (समुदभवम) વેદ અસ્તિત્વમાં આવ્યા છે. (तस्मात) આ કારણસર (તમારે જાણવું જોઈએ કે ઈશ્વરની કૃપા-દૃષ્ટિ) (प्रतिष्ठितम) ત્યાં જ થાય છે, (नित्यम यज्ञ) જ્યાં હંમેશા કર્તવ્યનું પાલન થાય છે, (અથવા ઈશ્વરની પ્રાર્થના થાય છે, અથવા વેદોમાં લખેલ આદેશોને માનવામાં આવે છે.)

('યજ્ઞ'નો અર્થ 'કર્તવ્ય-પાલન' લખેલ છે. જુઓ નોંધ નં. N-૧૩)

## <u>અનિવાર્ય કર્મ કરવાથી સુખ-શાંતિ મળે છે</u>

## ૩.૧૬

**एराम् प्रवर्तितम् चक्रम् न अनुवर्तयति इह यः ।**
**अघ-आयुः इन्द्रिय-आरामः मोघम् पार्थ सः जीवति ।।१६।।**

આમ, હે અર્જુન ! જે વ્યક્તિ આ સંસારમાં વેદોએ

(एवम्) આમ, (पार्थ) હે અર્જુન ! (यः) જે વ્યક્તિ (इह) આ સંસારમાં (प्रवतितम्) વેદોએ નિશ્ચિત કરેલ નિયમો અનુસાર (चक्रम) પોતાના જીવનના દિવસ-રાતને

વેદોએ નિશ્ચિત કરેલ નિયમો અનુસાર પોતાના જીવનના દિવસ-રાતને સુનિશ્ચિત નથી કરતો, તેનું જીવન પાપોથી ભરાઈ જાય છે, (કારણ કે) તે એ ઉદ્દેશ્યથી જીવિત રહે છે કે પોતાની ઇન્દ્રિયોથી આનંદ લેવામાં ડૂબેલો રહે.

(अनुवतयति) સુનિશ્ચિત નથી કરતો (अध-आयु) તેનું જીવન પાપોથી ભરાઈ જાય છે, (सः) (કારણ કે) તે (जीवति) એ ઉદ્દેશ્યથી જીવિત રહે છે કે (इन्द्रिय आराम) પોતાની ઇન્દ્રિયોથી આનંદ લેવામાં (मोहम) ડૂબેલો રહે.

## ૩.૧૭

**यः तु आत्म-रतिः एव स्यात् आत्म-तुप्तः च मानवः ।**
**आत्मनि एव च सन्तुष्टः तस्य कार्यम् न विद्यते ।।१३।।**

નિઃસંદેહ તે જે ઈશ્વરના સ્મરણ (યાદ)માં ડૂબેલો રહે છે, તે વ્યક્તિ ઈશ્વર તરફથી શાંતિ પામે છે, અને (એ વ્યક્તિ) પોતાના અંદર શાંતિ અને સંતોષનો અનુભવ કરે છે, અને તેને (વધારે શાંતિ અને સંતુષ્ટ રહેવા માટે બીજા) કોઈ કામ કરવા પડતા નથી.

(तु) નિઃસંદેહ (यः) તે જે (आत्मा रति) ઈશ્વરના સ્મરણ (યાદ)માં ડૂબેલો (स्यात) રહે છે, એ વ્યક્તિ (मानवः) ઈશ્વર તરફથી શાંતિ પામે છે, (च) અને (आत्मानि) (એ વ્યક્તિ) પોતાના અંદર (सन्तुष्ट) શાંતિ અને સંતોષનો અનુભવ કરે છે, (च) અને (तस्य) તેને વધારે (શાંતિ અને સંતુષ્ટ રહેવા માટે બીજા) (कार्यम) કોઈ કામ (न विद्यते) કરવા પડતા નથી.

## ૩.૧૮

**न एव तस्य कृतेन अर्थः न अकृतेन इह कश्चन ।**
**न च अस्य सर्वभूतेषु कश्चित् अर्थ व्यपाश्रयः ।।१८।।**

સંસારમાં (આ પ્રકારના બધા સંતુષ્ટ અને શાંત વ્યક્તિઓને) નિઃસંદેહ ન (આવશ્યકતા છે) કોઈ (વિશિષ્ટ) કર્મ કરવાની, અને ન (કોઈ) એવી (આવશ્યકતા) છે કે કેટલાક વિશિષ્ટ કર્મોથી ચવામાં આવે, અને એવા (સજ્જન વ્યક્તિએ) ન તો કોઈ આવશ્યકતા છે સંસારના બધા પ્રાણીઓનું શરણ લેવાની.

(इह) સંસારમાં (આ પ્રકારના બધા સંતુષ્ટ અને શાંત વ્યક્તિઓને) (एव) નિઃસંદેહ (न) ન (अर्थः) આવશ્યકતા છે (कृतेन) કંઈ (વિશિષ્ટ) કર્મ કરવાની (च) અને (न) ન (तस्य) (કોઈ) એવી (આવશ્યકતા) છે (अकृतेन) કંઈ વિશિષ્ટ કર્મોથી બચવામાં આવે (च) અને (अस्य) એવા (સજ્જન વ્યક્તિને) (न) ન તો (कश्चित) કોઈ (अर्थ) આવશ્યકતા છે (सर्व भुतेषु) સંસારના બધા પ્રાણીઓનું (व्यापाश्रय) શરણ લેવાની.

---

**નોંધ ૩.૧૭ :** પવિત્ર કુર્આનમાં લખ્યું છે કે, ''એવા જ લોકો છે, જેઓ ઈમાન લાવ્યા અને જેમના હૃદયોને ઈશ્વરની યાદથી સંતોષ પ્રાપ્ત થાય છે. <u>સાંભળી લો, ઈશ્વરની યાદથી જ હૃદયોને સંતોષ થાય છે.</u>''
(સૂરઃ અર્-રઅદ (૧૩), આયત : ૨૮)

## ૩.૧૯

**तस्मात् असक्तः सततम् कार्यम् कर्म समाचर ।
असक्तः हि आचरन् कर्म परम् आप्नोति पुरुषः ।।१९।।**

તેથી નિરંતર નિઃસ્વાર્થ થઈને સત્કર્મને પોતાનું કર્તવ્ય સમજીને વેદોના આદેશો અનુસાર (કરતા રહો). નિઃસંદેહ નિઃસ્વાર્થ કર્મ કરતો વ્યક્તિ જ ઈશ્વરની કૃપાને પામે છે.

(तस्मात्) તેથી (सततम्) નિરંતર (असक्त) નિઃસ્વાર્થ થઈને (कर्म) સત્કર્મને (कार्यम) પોતાનું કર્તવ્ય સમજીને (समाचर) વેદોના આદેશો અનુસાર (કરતા રહો). (हि) નિઃસંદેહ, (असक्त) નિઃસ્વાર્થ (कर्म) કર્મ (आचरन्) કરતો (पुरुष) વ્યક્તિ જ (परम्) ઈશ્વરની કૃપાને (आप्नोति) પામે છે.

## <u>કર્મોનો ઉદ્દેશ્ય જન-કલ્યાણ હોવો જોઈએ</u>

## ૩.૨૦

**कर्मणा एव हि संसिद्धिम् आस्थिताः जनक-आदयः ।
लोक-सऽग्रहम् एव अपि सम्पश्यन् कर्तुम अर्हसि ।।२०।।**

નિઃસંદેહ, જનક અને અનેક મહાપુરુષોએ પણ સત્કર્મોને સંપૂર્ણપણે ઈશ્વરમાં શ્રદ્ધાની સાથે કર્યા હતા. તમારે પણ સત્કર્મોને જન-કલ્યાણના ઉદ્દેશ્યની સાથે કરવા જોઈએ.

(हि) નિઃસંદેહ, (जनक आदय) જનક અને અનેક મહાપુરુષોએ (एव) પણ (कर्मणा) સત્કર્મોને (सिद्धिम) સંપૂર્ણપણે (आस्थिता) ઈશ્વરમાં દૃઢ શ્રદ્ધાની સાથે કર્યા હતા. (एव अपि) તમારે પણ (कर्तुम) સત્કર્મોને (लोक सऽग्रहम) જન-કલ્યાણ (सम्पश्यन) ના ઉદ્દેશ્યની સાથે (अर्हसि) કરવા જોઈએ.

## ૩.૨૧

**यत् यत् आचरति श्रेष्ठः तत् तत् एव इतरः जनः ।
सः यत् प्रमाणन् कुरुते लोकः तत् अनवर्तते ।।२१।।**

સમાજના શ્રેષ્ઠ લોકો (ધનવાનો, બુદ્ધિજીવીઓ) જે જે આચરણ કરે છે, સમાજના બીજા લોકો પણ એ જ (આચરણ અપનાવે છે). તેઓ (સમાજના શ્રેષ્ઠ લોકો) આચરણના જે પ્રમાણ નિર્ધારિત કરે છે, એ જ (આચરણના પ્રમાણ) બધા લોકો પણ અપનાવે છે.

(श्रेष्ठ) સમાજના શ્રેષ્ઠ લોકો (ધનવાનો, બુદ્ધિ-જીવીઓ) (यत् यत्) જે જે (आचरति) આચરણ કરે છે, (इतर जनः) સમાજના બીજા લોકો (एव) પણ (तत् तत्) એ જ (આચરણ અપનાવે છે.) (सः) તેઓ (સમાજના શ્રેષ્ઠ લોકો) (यत् प्रमाषम्) આચરણના જે પ્રમાણ (कुरुते) નિર્ધારિત કરે છે, (तत्) એ જ (આચરણના પ્રમાણ) (लोक) બધા લોકો (अनुवर्तत) અપનાવે છે.

---

**નોંધ ૩.૧૯ :** પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.)એ કહ્યું, ''સંસારના બધા જીવધારીઓ ઈશ્વરના પરિવાર સમાન છે. ઈશ્વર એ વ્યક્તિથી પ્રેમ કરે છે, જે તેના પરિવાની સેવા કરે છે.''

(મિશ્કાત અલ-મસાબિહ, ૩ : ૧૩૯૨)

## સત્કર્મો માટે પ્રેરણા

### ૩.૨૨

**न मे पार्थ अस्ति कर्तव्यम् त्रिषु लोकेय किंचन ।**
**न अूवाप्तम् अवाप्तव्यम् वर्ते एव च कर्मणि ।।२२।।**

હે અર્જુન ! ત્રણેય લોકમાં મારા પર કોઈપણ અનિવાર્ય કર્મ નથી. ન પ્રાપ્ત કરવા યોગ્ય (વસ્તુ) મને અપ્રાપ્ત છે, (અર્થાત્ મારા પાસે બધું જ છે). તેમ છતાં (હું પ્રાણીઓની સુરક્ષા અને પાલન-પોષણના) કામમાં લાગેલો છું.

(पार्थ) હે અર્જુન ! (त्रिषु) ત્રણેય (लोकेषु) લોક(માં) (मे) મારા પર (किंचन) કોઈપણ (कर्तव्यम) અનિવાર્ય કર્મ (न अस्ति) નથી, (न अनवाप्तम) ન પ્રાપ્ત કરવા યોગ્ય (વસ્તુ) (आवाप्तव्यम्) (મને) અપ્રાપ્ત છે. (एव च) તેમ છતાં (कर्मणि) (હું પ્રાણીઓની સુરક્ષા અને પાલન-પોષણના)ના કામમાં (वर्ते) લાગેલો છું.

### ૩.૨૩

**यदि हि अहम् न वर्तेयम् जातु कर्मणि अतन्द्रितः ।**
**मम वर्त्म अनुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ।।२३।।**

હે અર્જુન ! જો શું બ્રહ્માંડના પ્રબંધ (સુરક્ષાનું કામ) સાવધાન બનીને ન કરું તો નિઃસંદેહ બધા મનુષ્યો મારા માર્ગ પર ચાલી નીકળે.
(અર્થાત્ બ્રહ્માંડ નષ્ટ થઈ જાય અને બધા મનુષ્યો મૃત્યુ પામીને મારા પાસે આવી જાય.)

(पार्थ) હે અર્જુન ! (यदि) જો (अहम) હું (कर्माणि) બ્રહ્માંડના પ્રબંધ (સુરક્ષાનું કામ) (अतन्द्रित) સાવધાન બનીને (न) ન (वर्तेयम्) કરું (हि) (તો) નિઃસંદેહ (सर्वश) બધા (मनुष्या) મનુષ્યો (मम) મારા (वर्त्म) માર્ગ પર (अनुवर्तन्ते) નીકળી પડે.

### ૩.૨૪

**उत्सीदेयुः इमे लोकाः न कुर्याम् कर्म चेत् अहम् ।**
**संकरस्य च कर्ता स्याम् उपहन्याम् इमाः प्रजाः ।।२४।।**

જો હું (બ્રહ્માંડના પ્રબંધનું) કર્મ ન કરું તો આ સમગ્ર સંસાર નષ્ટ થઈ જાય, અને (આ બધી વ્યવસ્થા માત્ર પ્રલયના દિવસ સુધી છે, પ્રલયના પ્રસંગે) બધા પ્રાણીઓને (હું) અનિચ્છાએ (વસ્તુનની જેમ) નષ્ટ કરવાવાળો છું.

(चेत) જો (अहम) હું (कर्म) (બ્રહ્માંડના પ્રબંધના) કર્મ (न) ન (कुर्याम) કરું તો (इमे) આ સમગ્ર (लोकाः) સંસાર (उत्सीदयः) નષ્ટ થઈ જાય (च) અને (આ બધી વ્યવસ્થા માત્ર પ્રલયના દિવસ સુધી. પ્રલયના પ્રસંગે) (इमा प्रजाः) બધા પ્રાણીઓને (હું) (संकरस्य) અનિચ્છાએ (વસ્તુની જેમ) (उपहन्याम) નષ્ટ (कर्ता) કરવાવાળો (स्याम्) છું.

## અજ્ઞાનીઓને સત્કર્મો માટે કેવી રીતે પ્રેરિત કરશો

### ૩.૨૫

**सक्ताः कर्मणि अविद्वासः यथा कुर्वन्ति भारत ।**
**कुर्यात् विद्वान् तथा असक्तः चिकीर्षुः लोक-सग्रहम् ।।२५।।**

હે અર્જુન ! જે રીતે અજ્ઞાનીઓ (કર્મ-ફળની) અપેક્ષા(ની સાથે) કર્મ કરે છે, એ જ રીતે (વિદ્વાન)

(भारत) હે અર્જુન ! (यथा) જે રીતે (अविद्वांस) અજ્ઞાનીઓ (सक्तः) (કર્મ-ફળની) અપેક્ષા (ની સાથે) (कर्माणि) કર્મ કરે છે, (तथा) એ જ રીતે (विद्वान) જ્ઞાની પરુષોએ (असक्तः) નિઃસ્વાર્થ થઈને (लोक-संग्रहा)

જ્ઞાની પુરુષોએ નિઃસ્વાર્થ થઈને સંસારના કલ્યાણના ઉદેશ્યથી કર્મ કરવા જોઈએ.

જ્ઞાની પુરુષોએ નિઃસ્વાર્થ થઈને સંસારના કલ્યાણના (चिकीर्षु) ઉદેશ્યથી (कुर्यात्) કર્મ કરવા જોઈએ.

## ૩.૨૬

**न बुद्धिभेदम् जनयेत् अज्ञानम् कर्मसंगिनाम् ।**
**जोषयेत् सर्व कर्माणि विद्वान् युक्तः-समाचरन् ।।२६।।**

જ્ઞાની પુરુષો (એ જોઈએ કે) અજ્ઞાની લોકો, જેઓ કર્મોને માત્ર સારા ફળની લાલચમાં કરે છે, તેમની બુદ્ધિમાં ભ્રમ ઉત્પન્ન ન થવા દે. વેદોનું જ્ઞાન તેમને બતાવે અને તેમના બધા કર્મો (વેદો અનુસાર થાય તેના માટે) પ્રેરિત કરે.

(विद्वान) જ્ઞાની પુરુષો (એ જોઈએ કે) (अज्ञानाम्) અજ્ઞાની લોકો, જેઓ (कर्म संगिनाम्) કર્મોને માત્ર સારા ફળની લાલચમાં કરે છે, તેમની (बुद्धि भदेन) બુદ્ધિમાં ભ્રમ (न) ન (जनयेत) ઉત્પન્ન થવા દે. (समाचारन) વેદોનું જ્ઞાન (युक्तः) તેમને બતાવે (सर्व कर्माणि) અને તેમના બધા કર્મો (जोषयेत) (વેદો અનુસાર થાય તેના માટે) પ્રેરિત કરે.

## ૩.૨૭

**प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ।**
**अहऽकार-विमूढ आत्मा कर्ता अहम् इति मन्यते ।।२७।।**

બધા કર્મો (ઈશ્વરે બનાવેલ સત્ત્વ, રજો અને તમો ગુણોથી તેમજ) ઈશ્વરે બનાવેલ ભાગ્યના કારણે કરવામાં આવે છે. (પરંતુ) અહંકારી (અને) મૂર્ખ લોકો એવું માને છે કે આ બધા (કર્મો) હું સ્વયં કરું છું.

(सर्वश) બધા કર્મો (गुणै) (ઈશ્વરે બનાવેલ સત્ત્વ, રજો અને તમો ગુણોથી તેમજ) (प्रकृते) ઈશ્વરે બનાવેલ ભાગ્યના કારણે (क्रियमाणानि) કરવામાં આવે છે.(अहऽकारी) (પરંતુ) અહંકારી (અને) (विमुढ) મૂર્ખ લોકો (मन्यते) એવું માને છે કે (इति) આ બધા (કર્મો) (अहम) હું (સ્વયં) (कर्ता) કરું છું.

---

**નોંધ ૩.૨૫ :** સંસારનું કલ્યાણ કરવાવાળાઓ વિશે પવિત્ર કુર્આનની એક આયત આ પ્રમાણે છે :

''ઈશ્વરે આકાશથી પાણી વરસાવ્યું, પછી નદી-નાળું પોતાની ક્ષમતા અનુસાર તેને લઈને નીકળ્યા, પછી વહેતું પાણી ઉભરેલા ફીણ (અને કચરાને) સપાટી પર લઈ આવ્યા, (આવા ફીણ) એ ધાતુઓમાં પણ જેમને લોકો ઘરેણા અથવા બીજા સામાન બનાવવા માટે પણ આગમાં તપાવે છે, આવો જ (કચરાનું) ફીણ હોય છે. આ રીતે ઈશ્વરને સત્ય અને અસત્યના ઉદાહરણનું વર્ણન કરે છે. પછી જે ફીણ છે તે તો સૂકાઈને નષ્ટ થઈ જાય છે, અને જે વસ્તુ (અર્થાત્ પાણી) લોકોને ફાયદો પહોંચાડવાવાળી હોય છે તે ધરતી પર રહી જાય છે. આ રીતે ઈશ્વર ઉદાહરણનું વર્ણન કરે છે.'' (સૂરઃ અર્-રઅદ (૧૩), આયત : ૧૭)

આ આયતનો અર્થ એ છે કે જે માનવ-જાતિ માટે ઉપયોગી હશે તે ઉન્નતિ કરશે, અને જે નકામું અને નુકસાનકારક હશે તે નષ્ટ થઈ જશે.

**નોંધ ૩.૨૫ :** પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.)એ કહ્યું, ''સંસારના બધા જીવધારીઓ ઈશ્વરના પરિવાર સમાન છે. ઈશ્વર એ વ્યક્તિથી પ્રેમ કરે છે, જે તેના પરિવાની સેવા કરે છે.''

(મિશ્કાત અલ-મસાબિહ, ૩ : ૧૩૯૨)

## ૩.૨૮

**तत्ववित् तु महाबाहोगुणकर्म विभागयोः ।**
**गुणाः गुणेषु वर्तन्ते इति मत्वा न सज्जते ।।२८।।**

હે મહાબાહુ (અર્જુન) ! તત્ત્વદર્શી પુરુષ (જ્ઞાની) કર્મ (જે ઈશ્વરે બતાવેલ સત્ત્વ, રજો અને તમો) ગુણ(થી પ્રેરિત થઈને કરવામાં આવે છે), તેમના વચ્ચેના અંતરને સમજે છે, (અને ત્રણેય) ગુણોમાં સર્વશ્રેષ્ઠ ગુણ (સત્ત્વ ગુણ) જ અપનાવે છે. આ રીતના દૃષ્ટિકોણથી તે (પાપ કર્મોમાં) ગ્રસ્ત થતો નથી.

(महाबाहो) હે મહાબાહુ (અર્જુન) ! (तत्त्ववित्) તત્ત્વદર્શી પુરુષ (જ્ઞાની) (कर्म) કર્મ (गुण) (જે ઈશ્વરે બતાવેલ સત્ત્વ, રજો અને તમો) ગુણ(થી પ્રેરિત થઈને કરવામાં આવે છે), (विभागयो) તેમના અંતરને સમજે છે, (गुणेषु) (અને ત્રણેય) ગુણોમાં (गुणा) સર્વશ્રેષ્ઠ ગુણ (સત્ત્વ ગુણ) (वर्तन्ते) જ અપનાવે છે. (इति) આ રીતના (मत्वा) દૃષ્ટિકોણથી તે (सज्जते) (પાપ કર્મોમાં) ગ્રસ્ત થતો (न) નથી.

## ૩.૨૯

**प्रकृतेः गुणे सम्भूढाः सज्जन्तेगुण-कर्मसु ।**
**तान् अकृत्स्त्रविदः मन्दान् कृत्स्त्र-वित् विचालयेत् ।।२९।।**

(ઈશ્વરે) પ્રાકૃતિક રૂપે (મનુષ્યને જે) ગુણ (બુદ્ધિ, કૌશલ્ય) આપેલ છે, મૂર્ખ લોકો (તેને પોતાની ક્ષમતા માને છે) અને એ ગુણોથી તેના સારા ફળો (ધન-સંપત્તિ વગેરે) કમાવવાની ખરાબ ટેવમાં લાગેલા રહે છે, (અને માનવ કલ્યાણના કર્મ નથી કરતા). જ્ઞાની પુરષોએ જોઈએ કે આ અજ્ઞાની અને અણસમજ લોકોને વિચલિત (પથભ્રષ્ટ) ન થવા દે.

(प्रकृते) (ઈશ્વરે) પ્રાકૃતિક રૂપે (गुण) (મનુષ્યને જે) ગુણ (બુદ્ધિ, કૌશલ્ય) આપેલ છે, (सम्भूढा) મૂર્ખ લોકો (તેને પોતાની ક્ષમતા માને છે) (गुण कर्मसु) અને એ ગુણોથી તેના સારા ફળો (ધન-સંપત્તિ વગેરે) કમાવવાની (सज्जते) ખરાબ ટેવમાં લાગેલા રહે છે, (અને માનવ કલ્યાણના કર્મ નથી કરતા). (કૃત્સ્ત્ર-વિત) જ્ઞાની પુરષોએ જોઈએ કે (તાન) આ (अकृत्स्त्रविद) અજ્ઞાની (મન્દન) અને અણસમજ લોકોને (વિચાનમયતે) વિચલિત (પથભ્રષ્ટ) ન થવા દે.

## ૩.૩૦

**मयि सर्वाणि कर्माणि संन्यस्य अध्यात्म चेतसा ।**
**निराशीः निर्ममः भूत्वा युद्धस्व विगतज्ञवरः ।।३०।।**

(હે અર્જુન !) વિવેશ બુદ્ધિ દ્વારા (મને) ઈશ્વરને ઓળખીને પોતાના બધા કર્મો (કર્તવ્યો) માત્ર મારા (માટે કરો). મારા સિવાય કોઈનાથી અપેક્ષા ન રાખો. આનંદને ભોગવવાની ઈચ્છા ન રાખો. વાસના છોડી દો. સુસ્તી અને આળસને છોડીને સત્કર્મોને યુદ્ધરૂપી કરવાવાળા બની જાઓ.

(अध्यात्म चेतसा) (હે અર્જુન !) વિવેશ બુદ્ધિ દ્વારા (મને) ઈશ્વરને ઓળખીને (सर्वाणि) પોતાના બધા (कर्माणि) કર્મો (કર્તવ્યો) (मयि) માત્ર મારા (માટે કરો). (संन्यस्य) મારા સિવાય કોઈનાથી અપેક્ષા ન રાખો. (निराशी) આનંદને ભોગવવાની ઇચ્છા ન રાખો. (निर्मम) વાસના છોડી દો. (विगतज्वर) સુસ્તી અને આળસને છોડીને (युद्धस्व) સત્કર્મોને યુદ્ધરૂપી કરવાવાળા (भूत्वा) બની જાઓ.

---

**નોંધ ૩.૨૯ :** કારૂન નામનો વ્યક્તિ પયગંબર મૂસા (અલૈ.)ની જાતિમાંથી હતો. ઈશ્વરે તેને અઢળક ધન આપ્યું હતું. પરંતુ તે કહેતો હતો કે આ ધન તો મને માત્ર જ્ઞાનના કારણે આપવામાં આવ્યું છે, જે મને પ્રાપ્ત છે. તેના આ અહંકારના કારણે ઈશ્વરે તેને અને તેના ઘરને ધરતીમાં ધંસાવી દીધું. (પવિત્ર કુર્આન, સૂરઃ અલ-કસસ (૨૮), આયત : ૭૬-૮૨નો સારાંશ)

## ઈશ્વરના આદેશોનો સારાંશ

### ૩.૩૧

**जे मे मतम् इदम् नित्यम् अनुतिष्ठन्ति मानवाः ।**
**श्रद्धा-वन्तः अनसूयन्तः मुच्यन्ते ते अपि कर्मभिः ।।३१।।**

એ લોકો જેઓ હંમેશા મારા આ આદેશોને પૂરી શ્રદ્ધાની સાથે માને છે, અને ખોટા વિચારોથી મુક્ત છે, તેમના અનિવાર્ય કર્તવ્યો પણ (પૂરા થઈ જાય છે અને તેઓ) (કર્મ-બંધનથી) મુક્ત થઈ જાય છે.

(ये) એ (मानवा) લોકો જેઓ (नित्यम) હંમેશા (मे) મારા (इदम) આ (मतम्) આદેશોને (श्रद्धा वत) પૂરી શ્રદ્ધાની સાથે (अनुतिष्ठन्ति) માને છે, (अनसुयन्त) અને ખોટા વિચારોથી મુક્ત છે, (ते) તેમના (कर्मभि) અનિવાર્ય કર્તવ્યો (अपि) પણ (પૂરા થઈ જાય છે) અને તેઓ (मुच्यते) (કર્મ-બંધનથી) મુક્ત થઈ જાય છે.

### ૩.૩૨

**येतु एतत् अभ्यसूयन्तः न अनुतिष्ठन्ति मे मतम् ।**
**सर्व-ज्ञान विमूढान् तान् विद्धि नष्टान् अचेतसः ।।३२।।**

પરંતુ જે મનુષ્ય મારા આદેશો પર નથી ચાલતા, અને તેમની આલોચના કરે છે એ લોકોને સંપૂર્ણ જ્ઞાનોમાં અજ્ઞાની, પૂરી રીતે બરબાદ (અને) અવિવેકી (ઈશ્વરને ન ઓળખવાવાળા મનુષ્ય) સમજો.

(ते) પરંતુ (ये) જે મનુષ્ય (मे) મારા (मतम्) આદેશો પર (न) નથી (अनुतिष्ठन्ति) ચાલતા, (अभ्यसूयन्त) અને તેમની આલોચના કરે છે (तान) એ લોકોને (सर्व) સંપૂર્ણ (ज्ञान) જ્ઞાનોમાં (विमढान) અજ્ઞાની, (नष्टान) પૂરી રીતે બરબાદ (अचेतस) (અને) અવિવેકી (ઈશ્વરને ન ઓળખવાવાળા મનુષ્ય) (विद्धि) સમજો.

## કર્તવ્યને પૂરા ન કરવાના માર્ગમાં અવરોધો

### ૩.૩૩

**सदृशम् चेष्टतेस्वस्याः प्रकृतेः ज्ञान-वान अपि ।**
**प्रकृतिम् यान्ति भूतानि निग्रहः किम् करिष्यति ।।३३।।**

(એક) જ્ઞાની પુરુષ તેના પોતાના સ્વભાવ અનુસાર વ્યવહાર કરે છે, એ જ પ્રકારે બધા પ્રાણીઓ પોત-પોતાના સ્વભાવ અનુસાર વ્યવહાર કરે છે, તો કેવી રીતે પ્રાકૃતિક સ્વભાવ અનુસાર કરવામાં આવેલ કર્મોને રોકી શકાય છે.

(ज्ञानवान) (એક) જ્ઞાની પુરુષ (स्वस्था) તેના પોતાના (प्रकृते) સ્વભાવ (सदृश) અનુસાર (चेष्टते) વ્યવહાર કરે છે, (असि) એ જ પ્રકારે (भूतानि) બધા પ્રાણીઓ (प्रकृतिम्) પોત-પોતાના સ્વભાવ (यान्ति) અનુસાર વ્યવહાર કરે છે, (किम) તો કેવી રીતે (करिष्यति) પ્રાકૃતિક સ્વભાવ અનુસાર કરવામાં આવેલ કર્મોને (निग्रह) રોકી શકાય છે.

### ૩.૩૪

**इन्द्रियस्य इन्द्रियस्य-अर्थे राग द्वेषै व्यवस्थितौ ।**
**तयोः न वशम् आगच्छेत् तौ हि अस्य परिपन्नितौ ।।३४।।**

આનંદ લેવાની ઇચ્છાનો, આનંદનો અનુભવ આપવાવાળી વસતુઓથી મિત્રતા (કે) નફરત (ઘૃણા)નો સંબંધ હોય છે, આ બંને (ભાવનાઓના)

(इन्द्रियस्थ) આનંદ લેવાની ઇચ્છાનો, (इन्द्रियस्थ अर्थे) આનંદનો અનુભવ આપવાવાળી વસતુઓથી (राग) મિત્રતા (કે) (द्वेषौ) નફરત (ઘૃણાનો) (व्यवस्थितौ) સંબંધ સ્થાપિત થાય છે, આ બંને (ભાવનાઓના)

વશમાં ન આવવું જોઈએ. નિઃસંદેહ આ જ (ભાવનાઓ) માર્ગનો અવરોધ છે.
(અર્થાત્ પ્રેમ કે ઘૃણાની ભાવનાથી પ્રેરિત થઈને મનુષ્ય ઈશ્વરના આદેશોથી વિરુદ્ધ કર્મ કરે છે.)

(वशम) વશમાં (न) ન (आगच्छते) આવવું જોઈએ. (हि) નિઃસંદેહ (तौ) આ જ (ભાવનાઓ) (परिपन्यिनौ) માર્ગનો અવરોધ (अस्य) છે.

## પોતાના સ્વભાવને સમજો અને ધાર્મિક કર્તવ્યને પૂરા કરો

## ૩.૩૫

**श्रेयान् स्वधर्मः विगुणः पर-धर्मात् सु-अनुष्ठितात् ।**
**स्व-धर्मेनिधनम् श्रेयः पर-धर्मः भयआवहः ।।३५।।**

(હે અર્જુન !) પોતાના કર્તવ્યને ઓછી કુશળતાથી કરવું એ બીજાઓના કર્તવ્યને કુશળતાથી કરવા કરતાં વધારે શ્રેષ્ઠ છે. પોતાના કર્તવ્યનું પાલન કરીને મૃત્યુ પામવું એ જ સૌથી શ્રેષ્ઠ છે. (બીજાઓનું કર્તવ્ય કરવામાં) (અસફળતાનો) ડર છે.

(અર્થાત્ જ્યારે ઈશ્વરે અર્જુનને ક્ષત્રિય બનાવેલ છે, તો પોતાનું કર્તવ્ય પૂરું કરવું (ધર્મ-યુદ્ધ કરવું જ) અર્જુન માટે શ્રેષ્ઠ છે. અર્જુનનું એક પંડિત (ધાર્મિક વિદ્વાન) ની જેમ વ્યવહાર કરવામાં સંભવતઃ અધર્મનો નાશ ન થાય.)

(स्वधर्म) (હે અર્જુન !) પોતાના કર્તવ્યને (विगुण) ઓછી કુશળતાથી કરવું (पर धर्मात) એ બીજાઓના કર્તવ્યને (सुअनुष्ठितात्) કુશળતાથી કરવા કરતાં (श्रयाने) વધારે શ્રેષ્ઠ છે. (स्वधर्म) પોતાના કર્તવ્યનું પાલન કરીને (निधनम्) મૃત્યુ પામવું (श्रेय) એ જ સૌથી શ્રેષ્ઠ છે. (બીજાઓનું કર્તવ્ય કરવામાં) (भयआवह) (અસફળતાનો) ડર છે.

## ૩.૩૬

**अथ केन प्रयक्तः अयम् पापम् चरति पुरुषः ।**
**अनिच्छन् अपि वार्ष्णेय बलात् इव नियोजितः ।।३६।।**

અર્જુને પ્રશ્ન કર્યો, હે કૃષ્ણ ! કોના દ્વારા પ્રેરિત થઈને મનુષ્ય આ પાપ-કર્મ કરે છે, જે રીતે બળજબરીથી, અનિચ્છાએ પણ (કોઈએ મનુષ્યને) (પાપ-કર્મ પર) લગાવી દીધો હોય.

(अर्जुन उवाच) અર્જુને પ્રશ્ન કર્યો, (वार्ष्णेय) હે કૃષ્ણ ! (अथकेन) કોના દ્વારા (प्रयक) પ્રેરિત થઈને (पुरुष) મનુષ્ય (अथम) આ (पापम्) પાપ-કર્મ કરે છે, (इव) જે રીતે (बलात्) બળજબરીથી, (अनिच्छत्) અનિચ્છાએ (अपि) પણ (કોઈએ મનુષ્યને) (नियोजितः) (પાપ-કર્મ પર) લગાવી દીધો હોય.

## પોતાના કર્તવ્યને પૂરું ન કરવાના કારણો

## ૩.૩૭

**कामः एषः क्रोधः एषः रजो-गुण समुद् भवः ।**
**महा-अशनः महा-पाप्मा विद्धि एनम् इहवैरिणम् ।।३७।।**

ઈશ્વરે કહ્યું પોતાની ઇચ્છાને પૂરી કરવાની ચાહ (કામ-ભાવના જ બધા પાપોનું કારણ છે) (જ્યારે ઇચ્છા પૂરી નથી થતી તો) ક્રોધ (ઉત્પન્ન થાય છે) અને આ (કામ-ભાવના) રજો ગુણ (અર્થાત્ પોતાની ઇચ્છાને પૂરી

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું (कामः) પોતાની ઇચ્છાને પૂરી કરવાની ચાહ (કામ-ભાવના જ બધા પાપોનું કારણ છે) (क्रोध) (જ્યારે ઇચ્છા પૂરી નથી થતી તો) ક્રોધ (ઉત્પન્ન થાય છે) (एषः) અને આ (કામ-ભાવના) (रजो गुण) રજો ગુણ (અર્થાત્ પોતાની ઇચ્છાને પૂરી

કરવા માટે નિરંતર પ્રયાસના ગુણથી) ઉત્પન્ન થાય છે. આ જ કામ-ભાવનાને આ સંસારમાં મહાન શત્રુ, ઘોર પાપ અને મોટા વિનાશનું કારણ સમજો.
(કામ-ભાવનાને સમજવા માટે નોંધ નં. N-૮નો અભ્યાસ કરો.)

કરવા માટે નિરંતર પ્રયાસના ગુણથી) (समुदभवः) ઉત્પન્ન થાય છે. (एनम्) આ જ કામ-ભાવનાને (इह) આ સંસારમાં (वैरिणाम्) મહાન શત્રુ, (महापाम्पा) ઘોર પાપ (महा अशनः) અને મોટા વિનાશનું કારણ (विद्धि) સમજો.

## ૩.૩૮

**धूमेन आव्रियतेवहिनः यथा आदर्शः मलेन च ।**
**यथा उल्बेन आवृतः गर्भः तथा तेन इदम् आवतम् ।।३८।।**

જે રીતે આગ ધુમાડાથી અને દર્પણ ધૂળથી ઢંકાઈ જાય છે, જે રીતે શીશુ ગર્ભમાં ઢંકાયેલ રહે છે, એ જ રીતે (કામ-ભાવનાના કારણે) આ (મનુષ્યનો વિવેક) ઢંકાઈ જાય છે. (અર્થાત્ કામ-ભાવનાના કારણે તેની બુદ્ધિ અને જ્ઞાન ઢંકાઈ જાય છે અને તે પાપ અને પુણ્યને સમજી શકતો નથી.)

(यथा) જે રીતે(वहिन) આગ (धुमेन) ધુમાડાથી (च) અને (आदर्श) દર્પણ (मलेन) ધૂળથી (आव्रियते) ઢંકાઈ જાય છે, (यथा) જે રીતે (उल्बेन) શીશુ (गर्भ) ગર્ભ (आवृत) (માં) ઢંકાયેલ રહે છે, (तथा) એ જ રીતે (तेन) આ (કામ-ભાવનાના કારણે) (इदम) આ (મનુષ્યનો વિવેક) (आवृत्तम) ઢંકાઈ જાય છે.

## ૩.૩૯

**आवृतम् ज्ञानम् एतेन ज्ञानिनः नित्य-वैरिणा ।**
**काम-रुपेण कौन्तैय दुष्परेण अनलेन च ।।३९।।**

હે કુન્તી-પુત્ર (અર્જુન !) આ (કામ-ભાવના કે ઇચ્છા-ભક્તિથી) જ્ઞાનીનું જ્ઞાન પણ ઢંકાઈ જાય છે. કામ-ભાવના કે ઇચ્છા-ભક્તિના રૂપમાં આ હંમેશની શત્રુ છે, અને ક્યારેય તૃપ્ત ન થવાવાળા અગ્નિના સમાન હંમેશા સળગતી રહે છે.

(कौन्तेय) હે કુન્તી-પુત્ર (અર્જુન !) (एतेन) આ (કામ-ભાવના કે ઇચ્છા-ભક્તિથી) (ज्ञानिन) જ્ઞાનીનું (ज्ञानम्) જ્ઞાન પણ (आवृत्तम्) ઢંકાઈ જાય છે. (काम रुपेण) કામ-ભાવના કે ઇચ્છા-ભક્તિના રૂપમાં આ (नित्य-वैरिणा) હંમેશની શત્રુ છે, (च) અને (दुष्पूरेण) ક્યારેય તૃપ્ત ન થવાવાળા (અનલેન) અગ્નિના સમાન હંમેશા સળગતી રહે છે.

---

**નોંધ ૩.૩૭ :** સ્વામી મુકુનન્દાજીએ શ્લોક ન. ૩.૩૭ ની વ્યાખ્યામાં લખ્યું છે કે કામઃ શબ્દનો પ્રયોગ વેદોમાં માત્ર યૌન-ઇચ્છા માટે નથી થયો, બલ્કે તેને શારીરિક આનંદ લેવાની પ્રત્યેક ઇચ્છા, ધન સન્માન અને સત્તાની ચાહતને પણ કહેલ છે. જો સરળ શબ્દોમાં કહીએ તો આ કેવળ પોતાની ઇચ્છાઓ અનુસાર જીવન વ્યતીત કરવાની ચાહત છે, અને મનની આ ભાવના ધાર્મિક અનિવાર્ય કર્તવ્યને પૂરા કરવાના માર્ગમાં સૌથી મોટી રુકાવટ છે.

આ ભાવનાની ઈશ્વરે પવિત્ર કુર્આનમાં નિમ્ન-લિખિત શબ્દોમાં નિંદા કરી છે :

''(હે પયગંબર !) શું તમે એ વ્યક્તિને જોયો, જેણે પોતાની ઇચ્છાઓને પોતાનો ઈશ્વર બનાવી રાખેલ છે ? તો શું તમે તેના (તેને સીધા માર્ગ પર લાવવા માટે) જવાબદાર હોઈ શકો છો ? શું તમે સમજો છો કે આમાંથી મોટાભાગના લોકો સાંભળે કે સમજે છે ? આ તો બસ ચોપગા પશુઓ જેવા છે, બલ્કે આ લોકો તેનાથી પણ વધારે માર્ગથી ભટકેલા છે.'' (પવિત્ર કુર્આન, સૂરઃ અલ-ફુરકાન (૨૫), આયત : ૪૩-૮૪)

## <u>કામ-ભાવનાને કેવી રીતે વશમાં કરશો ?</u>

## ૩.૪૦

**इन्द्रियाणि मनः बुद्धीः अस्य अधिक्ष्ठानम् उच्यते ।**
**एतैः विमोहयति एषः ज्ञानम् आवृत्य देहिनम् ।।४०।।**

શરીરના આનંદ લેવાવાળા અંગો, મન (અને) બુદ્ધિ આ (કામ-ભાવનાના) રહેવાનું સ્થાન કહેવામાં આવેલ છે. આ (કામ-ભાવના) મનુષ્ય (ના) જ્ઞાન (ને) ઢાંકીને (મનુષ્યને) (સત્ય માર્ગથી) ભટકાવી દે છે.

(इन्द्रियाणि) શરીરના આનંદ લેવાવાળા અંગો, (मनः) મન (અને) (बुद्धी) બુદ્ધિ (अस्य) આ (કામ-ભાવનાના) (अधिष्ठानम्) રહેવાનું સ્થાન (उच्यते) કહેવામાં આવેલ છે. (एष) આ (કામ-ભાવના) (देहिनम्) મનુષ્ય (ના) (ज्ञानम्) જ્ઞાન (ને) (आवृत्य) ઢાંકીને (एतै) તેને (મનુષ્યને) (विमोहयति) (સત્ય માર્ગથી) ભટકાવી દે છે.

## ૩.૪૧

**तस्मात् त्वम् इन्द्रियाणि आदौ नियम्य भरत-ऋषभ ।**
**पाप्यानम् प्रजहि हि एनम् ज्ञान विज्ञान नाशनम् ।।४१।।**

તેથી, હે ભારતવંશીઓમાં શ્રેષ્ઠ અર્જુન ! તમે સૌથી પહેલા પોતાની ઇચ્છાઓને (કે કામ-ભાવનાને) વશમાં કરો. આ જ્ઞાન વિજ્ઞાન (નો) નાશ કરવાવાળી પાપી (ભાવનાને) નિઃસંદેહ (તમે) બળપૂર્વક મારી નાખો.

(तस्मात्) તેથી, (भरत-ऋषभ) હે ભારતવંશીઓમાં શ્રેષ્ઠ અર્જુન ! (त्वम) તમે (आदौ) સૌથી પહેલા (इन्द्रियाणि) પોતાની ઇચ્છાઓને (કે કામ-ભાવનાને) (नियम्य) વશમાં કરો. (एनम्) આ (ज्ञान) જ્ઞાન (विज्ञान) વિજ્ઞાન (नाशनम) (નો) નાશ કરવાવાળી (पाप्यानम्) પાપી (ભાવનાને) (हि) નિઃસંદેહ (તમે) (प्रजाहि) બળપૂર્વક મારી નાખો.

## ૩.૪૨

**इन्द्रियाणि पराणि आहुः इन्द्रियेभ्यः परम् मनः ।**
**मनसः तु परा बुद्धिः यः बुद्धेः परतः तु सः ।।४२।।**

ઇન્દ્રિયોને (ઇચ્છાઓને) શ્રેષ્ઠ કહેવામાં આવે છે. મન, ઇન્દ્રિયોથી (ઇચ્છાઓથી) શ્રેષ્ઠ છે. પરંતુ બુદ્ધિ, મનથી (પણ) શ્રેષ્ઠ છે, પરંતુ તે (ઈશ્વર) આ બુદ્ધિથી પણ મહાન છે.

(इन्द्रियाणि) ઇન્દ્રિયોને (ઇચ્છાઓને) (पराणि) શ્રેષ્ઠ (आहु) કહેવામાં આવે છે. (मनः) મન, (इन्द्रियभय) ઇન્દ્રિયોથી (ઇચ્છાઓથી) (परम) શ્રેષ્ઠ છે. (तु) પરંતુ (बुद्धि) બુદ્ધિ, (मनसः) મનથી (પણ) (परा) શ્રેષ્ઠ છે, (तु) પરંતુ (सः) તે (ઈશ્વર) (यः बुद्धी) આ બુદ્ધિ (परतः) થી પણ મહાન છે.

## ૩.૪૩

**एवम् बुद्धैः परम् बुद्ध्वा सस्तभ्य आत्मानम् आत्मना ।**
**जहि शत्रुम् महाबाहो काम-रुपम् दुरासदम् ।।४३।।**

તેથી હે મહાબાહો (અર્જુન !) આ સત્યને જાણી લીધા પછીની ઈશ્વર બુદ્ધિથી મહાન છે. પોતાના મન અને બુદ્ધિમાં ઈશ્વરની શ્રદ્ધાને દૃઢતાથી સ્થિત કરો, અને આ કામ-ભાવનાના રૂપમાં જે શક્તિશાળી શત્રુ છે તેને મારી નાખો.

(एवम्) તેથી (महाबाहो) હે મહાબાહો (અર્જુન !) (बुदध्वा) આ સત્યને જાણી લીધા પછીની (बुद्धे) ઈશ્વર બુદ્ધિથી (परम्) મહાન છે. (आत्मानम्) પોતાના મન અને બુદ્ધિમાં (आत्माना) ઈશ્વરની શ્રદ્ધાને (संस्तभय) દૃઢતાથી સ્થિત કરો, (काम रुपम) અને આ કામ-ભાવના (ઇચ્છા-ભક્તિ)ના રૂપમાં જે (दुरासदम्) શક્તિશાળી (शत्रूम) શત્રુ છે (जहि) તેને મારી નાખો.

(અધ્યાય–૪)

# જ્ઞાન કર્મ સંન્યાસ યોગ

## પરિચય

આ પ્રકરણમાં એ દિવ્ય જ્ઞાન છે, જેને જાણીને અને અપનાવીને મનુષ્ય આ સાંસારિક જીવનમાં પણ સફળ થશે અને મૃત્યુ પછીના જીવનમાં પણ સફળ થશે.

## સારાંશ

- શ્લોક નં. ૪.૧ માં ઈશ્વરે પ્રાચીન કાળમાં કેવી રીતે દિવ્ય જ્ઞાન માનવ-જાતિને આપ્યું હતું તેનું વર્ણન છે.
- આ દિવ્ય જ્ઞાન કેવી રીતે નક્ષ્ટ થઈ ગયું તેનો ઉલ્લેખ શ્લોક નં. ૪.૨ માં છે.
- શ્લોક નં. ૪.૩ માં ઈશ્વરે કહ્યું કે એ જ પ્રાચીન કાળનું દિવ્ય જ્ઞાન આજે તેઓ અર્જુનને આપી રહ્યા છે.
- શ્લોક નં. ૪.૭-૪.૮ માં ઈશ્વર માનવ-જાતિનું કેવી રીતે માર્ગદર્શન કરે છે તેનું વર્ણન છે.
- શ્લોક નં. ૪.૯ થી ૪.૧૧ માં દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરવાના લાભનું વર્ણન છે. આ લાભ છે સ્વર્ગની પ્રાપ્તિ.
- શ્લોક નં. ૪.૧૨ માં દિવ્ય જ્ઞાનને ન માનવાના કારણોનું વર્ણન છે.
- શ્લોક નં. ૪.૧૩-૪.૧૪ માં ઈશ્વરે એ મૂર્ખ લોકોને પોતાનો પરિચય આપ્યો છે, જેઓ ત્વરીત સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે કોઈ અન્યની પ્રાર્થના કરે છે.
- શ્લોક નં. ૪.૧૫ માં દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રેરણા છે.
- શ્લોક નં. ૪.૧૬-૪.૧૭ માં દિવ્ય જ્ઞાનના મહત્ત્વનું વર્ણન છે.
- શ્લોક નં. ૪.૧૮-૪.૧૯ માં દિવ્ય જ્ઞાનથી થવાવાળા લાભનું વર્ણન છે.
- શ્લોક નં. ૪.૨૦ થી ઈશ્વરે :પદેશો આપવાનું શરૂ કર્યું છે અને પહેલો ઉપદેશ છે કે નિઃસ્વાર્થ કર્મ કરો.
- શ્લોક નં. ૪.૨૧ બીજો ઉપદેશ એ છે કે મન અને બુદ્ધિને વશમાં કરીને કામ-ભાવનાને વશમાં કરી શકાય છે, કારણ કે કામ-ભાવના જ પાપનું મુખ્ય કારણ છે.
- શ્લોક નં. ૪.૨૨ માં ત્રીજો ઉપદેશ એ છે કે સંતુષ્ટ રહો અને ઇચ્છાઓને વશમાં રાખો, ત્યારે જ અનિવાર્ય કર્તવ્યો પૂરા કરી શકાય છે.
- શ્લોક નં. ૪.૨૩ માં ચોથો ઉપદેશ છે કે ઈશ્વર સિવાય કોઈ અન્યની ઉપાસના ન કરો.
- શ્લોક નં. ૪.૨૪ માં પાંચમો ઉપદેશ છે કે ઈશ્વર માટે સર્વસ્વ બલિદાન કરી દો, અને બધું જ માત્ર ઈશ્વરથી માંગો.
- શ્લોક નં. ૪.૨૫ થી ૪.૨૯સુધી વિવિધ પ્રકારની પ્રાર્થનાઓનું વર્ણન છે.
- શ્લોક નં. ૪.૩૦ માં ઈશ્વરની પ્રાર્થનાઓના લાભનું વર્ણન છે.
- શ્લોક નં. ૪.૩૧ માં પ્રાર્થના ન કરવાના નુકસાનનું વર્ણન છે.

# પ્રકરણ

## પ્રાચીન કાળનું દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરવાવાળા મહાપુરુષો

### ૪.૧

**(श्री भगवान उवाच)**
**इमम् विवस्वते योगम् प्रोक्तवान् अहम अव्ययम् ।**
**विवस्वान् मनवेप्राह मनुः इक्ष्वाकवे अब्रवीत् ।।१।।**

ઈશ્વરે કહ્યું, મેં આ ક્યારેય ન બદલાનારા અને ઈશ્વરથી જોડવાવાળા જ્ઞાન વિવસ્વતને કહ્યું હતું. વિવસ્વતે મનુ (ને) કહ્યું. મનુએ (આ દૈવી જ્ઞાન) ઈક્ષ્વાકુને કહ્યું.

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું, (अहम) મેં (इमम्) આ (अव्ययम्) ક્યારેય ન બદલાનારા અને (योगम्) ઈશ્વરથી જોડવાવાળા જ્ઞાન (विवस्वते) વિવસ્વતને (प्रोक्तवान) કહ્યું હતું. (विवस्वान) વિવસ્વતે (मनवे) મનુ (ને) કહ્યું. (मनु) મનુએ (આ દૈવી જ્ઞાન) (इक्ष्वाके) ઈક્ષ્વાકુને (अब्रवीत) કહ્યું.

### ૪.૨

**एवम् परम्परा प्राप्तम् इमम् राजऋषयः बिदुः ।**
**मः कालेन इह महता योगः नष्टः परन्तप ।।२।।**

હે અર્જુન ! આ રીતે (ગુરુથી છાત્રને આપવામાં આવતા શિક્ષણની) પરંપરા દ્વારા આ મહાન (અને) દિવ્ય જ્ઞાન રાજ-ઋષિઓએ પણ પ્રાપ્ત કર્યું.

(परन्तप) હે અર્જુન ! (एवम्) આ રીતે (परम्परा) (ગુરુથી છાત્રને આપવામાં આવતા શિક્ષણની) પરંપરા દ્વારા (महता) આ મહાન (અને) (योग) દિવ્ય જ્ઞાન (राज ऋषिय) રાજ-ઋષિઓએ પણ (प्राप्तम्) પ્રાપ્ત કર્યું.

---

**નોંધ ૪.૧ :** શ્લોક નં. ૪.૧માં ઈશ્વરે ચાર મહાપુરુષોના નામ લીધા છે, જેમને ઈશ્વર તરફથી અવતરિત જ્ઞાન મળ્યું હતું.
વિવસ્વત મનુને મુસલમાનો 'હઝરત નૂહ' અને ખ્રિસ્તીઓ પ્રોફેટ નોહ કહે છે. મનુ પછી જેમને ઈશ્વર તરફથી અવતરિત જ્ઞાન મળ્યું તેમના નામો પવિત્ર કુર્આનમાં આ પ્રમાણે છે – ''હે મુહમ્મદ (સલ્લ.) ! અમે તમારા તરફ એ જ પ્રમાણે અવતરિત જ્ઞાન મોકલ્યું છે જે પ્રમાણે નૂહ (મનુ) અને તેમના પછીના પયગંબરો તરફ અવતરિત જ્ઞાન મોકલ્યું હતું, અને અમે ઇબ્રાહીમ અને ઇસ્માઈલ અને ઇસ્હાક અને યાકૂબ અને તેમની સંતાન (યૂસુફ) અને ઈસા અને ઐયૂબ અને યૂનુસ અને હારૂન અને સુલૈમાન તરફ મોકલ્યું, અને અમે દાઊદને ઝબૂર (અવતરિત જ્ઞાન) પ્રદાન કર્યું.'' (સૂરઃ નિસા, ૪, આયત ૧૬૩)
(અર્થાત્ ઈશ્વર એક છે, અને તેણે એક જ ધર્મ અને જ્ઞાન સાથે બધા પયગંબરોને મોકલ્યા.)

---

**નોંધ ૪.૨ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું કે, ''બધા મનુષ્યો (પહેલા) એક જ શ્રદ્ધાવાળા હતા (એક જ ધર્મને માનવાવાળા હતા). પછી તેમણે મતભેદ કર્યો (જુદા-જુદા ધર્મો બનાવી લીધા) અને જો તારા ઈશ્વર તરફથી એક વાત અગાઉથી નિશ્ચિત ન હોત (અર્થાત્ માનવ-જાતિને પ્રલય સુધી જીવિત રાખવાની છે એ વાત ઈશ્વરે નિશ્ચિત ન કરી દીધી હોત) તો જે વસ્તુમાં તેઓ મતભેદ કરી રહ્યા છે તેનો તેમના વચ્ચે નિર્ણય કરી દેવામાં આવ્યો હોત.'' (સૂરઃ યૂનુસ, ૧૦, આયત ૧૯)

---

**નોંધ ૪.૨ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું કે, ''જે લોકોને કિતાબ (અવતરિત ગ્રંથ) આપવામાં આવેલ, તેમાં જે ફાટફૂટ પડી છે તે તેમના પાસે સ્પષ્ટ પ્રમાણ આવી ગયા પછી જ પડી છે (અર્થાત્ સ્પષ્ટ જ્ઞાન મળ્યા પછી તેમણે સત્ય-ધર્મને છોડી દીધો), અને તેમને (ઈશ્વરે) આદેશ માત્ર તેનો જ આપ્યો હતો ક ઈશ્વરની પ્રાર્થના કરે, પોતાની શ્રદ્ધાને શિર્ક (સંગમ)થી શુદ્ધ રાખે, એકાગ્ર થઈને નમાઝ પઢે અને દાન (ઝકાત) આપે, અને આ જ સત્યવાદી સમુદાયનો ધર્મ છે (અર્થાત્ દીને કૈયૂમ (ઇસ્લામ) અથવા શાશ્વત ધર્મ છે.) (સૂરઃ અલ-બૈયિનહ, ૯૮, આયત ૪-૫) જે રીતે સનાતન ધર્મ કે હિન્દુ ધર્મને શાશ્વત ધર્મ કરેવામાં આવે છે, એ જ રીતે ઇસ્લામ ધર્મને પણ આ આયતમાં શાશ્વત ધર્મ કહેવામાં આવેલ છે, અર્થાત્ બંનેની મૂળ દીશાઓ પહેલાંથી એક જ હતી.

તેને જાણ્યું (અને તેના અનુસાર રાજ કર્યું.) (પરંતુ) સમય વીતવાની સાથે આ સંસારમાં આ (દિવ્ય જ્ઞાન) લુપ્ત થઈ ગયું.

(विदु) તેને જાણ્યું (અને તેના અનુસાર રાજ કર્યું). (कालेन) (પરંતુ) સમય વીતવાની સાથે (इह) આ સંસારમાં (सः) આ (દિવ્ય જ્ઞાન) (नष्ट) લુપ્ત થઈ ગયું.

## ૪.૩

**सः एव अयम् मया ते अद्य योगः प्रक्तः पुरातनः ।**
**मक्तः असि मेसखा च इति रहस्यम् हि एतत् उत्तमम् ।।३।।**

નિઃસંદેહ પ્રાચીન કાળમાં જે દિવ્ય જ્ઞાન મારા (દ્વારા) કહેવામાં આવ્યું હતું, આ એ જ (દિવ્ય જ્ઞાન છે), (જે) આજે (હું તમને કહી રહ્યો છું). અને (તમે) મારા ભક્ત (અને) મિત્ર છો, એ કારણે નિઃસંદેહ (તમે) આ મહાન (દિવ્ય જ્ઞાનના) રહસ્ય (ને સમજી શકશો).

(एरां) નિઃસંદેહ (पुरातना) પ્રાચીન કાળમાં (योग) જે દિવ્ય જ્ઞાન (मया) મારા (प्रोक्त) (દ્વારા) કહેવામાં આવ્યું હતું, (स) આ (अयम) એ જ (દિવ્ય જ્ઞાન છે), (अध) (જે) આજે (હું તમને કહી રહ્યો છું). (च) અને (मे) (તમે) (भक्त) ભક્ત (सखा) (અને) મિત્ર (असि) છો, (इति) એ કારણે (हि) નિઃસંદેહ (તમે) (एतत) આ (उत्तमम्) મહાન (रहस्यम्) (દિવ્ય જ્ઞાનના) રહસ્ય (ને સમજી શકશો).

## ૪.૪

**अर्जुन उवाच,**
**अपरम् भवतः जन्म परम् जन्म विवस्वतः ।**
**कथम् एतत् विजानीयाम् त्वम् आदौ प्रोक्तवान् इति ।।४।।**

અર્જુને પ્રશ્ન કર્યો, (હે કૃષ્ણ !) વિવસ્વત (નો) જન્મ પહેલા થયો, પછી તમારો જન્મ થયો, (તો હું આ) કેવી રીતે સમજું કે તમે આ (દિવ્ય જ્ઞાન) પ્રાચીન કાળમાં (વિસ્વતને) કહ્યું હતું.

(अर्जुन उवाच) અર્જુને પ્રશ્ન કર્યો (विवस्वतः) (હે કૃષ્ણ !) વિવસ્વત (जन्म) (નો) જન્મ (परम) પહેલા થયો, (अपरम) પછી (भवत जन्म) તમારો જન્મ થયો, (कथम) (તો હું આ) કેવી રીતે (विजयानीम्) સમજું (एतत) કે (त्वम्) તમે (इति) આ (દિવ્ય જ્ઞાન) (आदौ) પ્રાચીન કાળમાં (વિવસ્વતને) (प्रोक्तवान) કહ્યું હતું.

## ૪.૫

**बहूनि मेव्यतीतानि जन्मानि तव च अर्जुन ।**
**तानि अहम् वेद सर्वाणि त्वम् वेत्थ परन्तप ।।५।।**

ઈશ્વરે કહ્યું, હે અર્જુન ! હું અને તમે (આ ધરતી પર) ઘણી વાર સંસારના સંમુખ આવી ચૂક્યા છીએ. હું એ સૌને જાણું છું. (પરંતુ) તમે (એ બધાને) જાણતા નથી.

(આ શ્લોકને સમજવા માટે કૃપા કરીને નોંધ નં. N-૯ વાંચો.

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું, (अर्जुन) હે અર્જુન ! (मे) હું (च) અને (तव) તમે (बहुनि) (આ ધરતી પર) ઘણી વાર (जन्मानि) સંસારના સંમુખ (व्यतीतानि) આવી ચૂક્યા છીએ. (अहम) હું (तानि) એ (सर्वाणि) સૌને (वेद) જાણું છું, (પરંતુ) (त्वम्) તમે (એ બધાને) (न) નથી (वेव्य) જાણતા.

---

**નોંધ ૪.૪ :** નાલંદા વિશાળ શબ્દ-કોષ (પૃ.નં.૪૧૪)માં 'જન્મ'નો અર્થ છે :
૧ – ગર્ભથી નીકળવું, ૨ – ઉત્પત્તિ, ૩ – અસ્તિત્વમાં આવવું, ૪ – આવર્ભાવ, ૫ – સહારો, જીવન, ૬ – વય.

**ઈશ્વર દ્વારા માનવ-જાતિના માર્ગદર્શનની પદ્ધતિ**

## ૪.૬

**अजः अपि सन् अव्यय आत्मा भूतानाम् ईश्वरः अपि सन्।**
**प्रकृतिम् स्वाम् अधिष्ठाय सम्भवामि आत्म-मायया ।।६।।**
નિ:સંદેહ હું (ઈશ્વર) જન્મ લેતો નથી. હું (ઈશ્વર) અવિનાશી છું (અર્થાત્ મૃત્યુ મારા માટે નથી) (અને હું) સર્વ પ્રાણીઓનો (જન્મ-દાતા) ઈશ્વર છું. (હું) મારી ઈશ્વરીય શક્તિથી (સંસારમાં દૂત) ઉત્પન્ન કરું છું, (અને મારી ઈશ્વરીય શક્તિથી) એવી માયાવી પ્રણાલી સ્થાપિત કરું છું, જે મનુષ્યનું માર્ગદર્શન પણ કરે અને પરીક્ષા પણ લે.

(अपि) નિ:સંદેહ (अजः) હું (ઈશ્વર) જન્મ નથી (सन्) લેતો. (अव्यय आत्मा) હું (ઈશ્વર) અવિનાશી છું (અર્થાત્ મૃત્યુ મારા માટે નથી), (भूतानाम ईश्वर) (અને હું) સર્વ પ્રાણીઓનો (જન્મ-દાતા) ઈશ્વર (अपि सन्) પણ છું. (स्वाम्) (હું) મારી (प्रकृतिम्) ઈશ્વરીય શક્તિથી (सम्भवामि) (સંસારમાં દૂત) ઉત્પન્ન કરું છું, (आत्म-मामया) (અને મારી ઈશ્વરીય શક્તિથી) એવી માયાવી પ્રણાલી (अधिष्ठाय) સ્થાપિત કરું છું (જે મનુષ્યનું માર્ગદર્શન પણ કરે અને પરીક્ષા પણ લે.)

## ૪.૭

**यदा यदा हि धर्मस्य ग्लानि भवति भारत ।**
**अभ्यत्थानम् अधर्मस्य तदा आत्मानम् सृजामि अहम् ।।७।।**
હે અર્જુન ! નિ:સંદેહ જ્યારે-જ્યારે ધર્મમાં પતન થવા લાગે છે, અને અધર્મ વધવા લાગે છે, ત્યારે-ત્યારે હું સ્વયં (દિવ્ય જ્ઞાન) પ્રદાન કરું છું.

(भारत) હે અર્જુન ! (हि) નિ:સંદેહ (यदा यदा) જ્યારે-જ્યારે (धर्मस्य) ધર્મમાં (ग्लानि) પતન (भवति) થવા લાગે છે, (अधर्मस्य) અને અધર્મ (अभ्यत्थाानम्) વધવા લાગે છે, (तदा) ત્યારે-ત્યારે (अहम) હું (आत्मानम्) સ્વયં सृजामि) (દિવ્ય જ્ઞાન) પ્રદાન કરું છું.

## ૪.૮

**परित्राणाय साधूनाम् विनाशाय च दुष्कृताम् ।**
**धर्म संस्थापन-अर्थाय सम्भवामि युगेयुगे ।।८।।**
(સત્ય માર્ગ પર ચાલવાવાળા) ધાર્મિક લોકોની રક્ષા કરવા માટે, અધર્મીઓનો વિનાશ કરવા અને

(साधुनाम) (સત્ય માર્ગ પર ચાલવાવાળા) ધાર્મિક લોકોની (परित्राणाय) રક્ષા કરવા માટે (दुष्कुताम्) અધર્મીઓનો (विनाशाय) વિનાશ કરવા

---

**નોંધ ૪.૭ :** 'सृजन' શબ્દનો અર્થ નાલંદા વિશાળ શબ્દ-કોષ (પૃ.નં.૧૪૧૬)માં નીચે મુજબ છે :
૧ – કોઈ વસ્તુ બનાવીને તૈયાર કરવી, ૨ – સૃષ્ટિનું ઉત્પન્ન થવું, ૩ – કોઈ વસ્તુ ચલાવવી કે છોડી દેવી.
આ કારણે શ્લોકમાં 'सृजामि'નો અર્થ અમે દિવ્ય જ્ઞાન આપવું કે પ્રદાન કરવું લખેલ છે. 'सृजामि'નો અર્થ કોઈપણ શબ્દ-કોશમાં અવતાર લેવું નથી.

**નોંધ ૪.૮ :** સ્વામી રામ સુખદાસ મહારાજે શ્લોક નં. ૧૪.૩માં 'सम्भव'નો અર્થ ઉત્પત્તિ અને શ્લોક નં. ૧૪.૪માં 'सम्भवन्ति'નો અર્થ પેદા થાય છે એવો કર્યો છે. સ્વામી મુકન્દાનંદે પણ આ જ અર્થ પોતાના અનુવાદમાં લીધો છે, અને સ્વામી રામ સુખદાસજીએ શ્લોક નં. ૯.૭ અને ૯.૮માં 'विसृजामि'નો અર્થ રચના કરવું લખેલ છે.

**નોંધ ૪.૮ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''અને અમે દરેક સમુદાયમાં કોઈ-ને-કોઈ સંદેશવાહક (પયગંબર) મોકલ્યો, જેથી (માનવ-જાતિ) ઈશ્વરની પ્રાર્થના કરે અને મૂર્તિપૂજાથી બચે.'' (સૂર:અન્-નહલ, ૧૬, આયત ૩૬)

ધર્મની સારી રીતે સ્થાપના કરવા માટે હું દરેક યુગમાં (દૂત, સંદેશવાહક) ઉત્પન્ન કરું છું (જન્મ આપું છું.)

**નોંધ :** ઈશ્વરે શ્રી કૃષ્ણજીને મહાભારતના યુગમાં મોકલ્યા. તેમણે (શ્રી કૃષ્ણજીએ) અધર્મીઓનો નાશ કરીને ફરીથી ધર્મની સ્થાપના કરી.

(च) અને (धर्म) ધર્મની (संस्थापन) સારી રીતે સ્થાપના કરવા માટે હું (युगे युगे) દરેક યુગમાં (सम्भवामि) (દૂત, સંદેશવાહક) ઉત્પન્ન કરું છું (જન્મ આપું છું).

**દિવ્ય જ્ઞાનના લાભો**

## ૪.૯

**जन्म कर्म च मेदिव्यम् एवम् यः वेत्ति तत्त्वतः ।**
**त्यक्त्वा देहम् पुनः जन्म न एति माम् एति सः अर्जुन ।।९।।**

હે અર્જુન ! મારા જન્મ કર્મ દિવ્ય છે (ભૌતિક નથી). એ રીતે (અર્થાત્ મારા જન્મ કર્મ બધું દિવ્ય છે અને હું મનુષ્યની જેમ ધરતી પર જન્મ નથી લેતો.) જે મનુષ્ય આ સત્યને જાણી લે છે (તો તેને) શરીરનો ત્યાગ કર્યા પછી (મૃત્યુ પછી) (નર્કમાં) વારંવાર જન્મ નથી મળતો. તેને હું મળું છું. (અર્થાત્ મારી કૃપા-દૃષ્ટિ અને સ્વર્ગ મળે છે.)

(**નોંધ :** વારંવાર જન્મ લેવાનો અર્થ સમજવા માટે નોંધ નં. N-૧૯ વાંચો.)

(अर्जुन) હે અર્જુન ! (मे) મારા (जन्म कर्म) જન્મ કર્મ (दिव्यम्) દિવ્ય છે (ભૌતિક નથી). (एवम्) એ રીતે (અર્થાત્ મારા જન્મ કર્મ બધું દિવ્ય છે અને હું મનુષ્યની જેમ ધરતી પર જન્મ નથી લેતો). (यः) જે મનુષ્ય (तत्त्वत) આ સત્યને (वेत्ति) જાણી લે છે (તો) (वेहम) (તેને) શરીરનો (त्यकत्वा) ત્યાગ કર્યા પછી (મૃત્યુ પછી) (पुनः) (નર્કમાં) વારંવાર (जन्म) જન્મ ( न एति) નથી મળતો. (सा) તેને (माम एति) હું મળું છું. (અર્થાત્ મારી કૃપા-દૃષ્ટિ અને સ્વર્ગ મળે છે.)

## ૪.૧૦

**वीत राग भय क्रोधाः मत्-माया माम् उपाश्रितः ।**
**बहवः ज्ञान तपसा पूताः मत्-भावम् आगताः ।।१०।।**

ઘણા લોકો જ્ઞાનના પ્રકાશમાં તપ કરીને પવિત્ર થયા, (અને) લાલચ, ડર અને ક્રોધથી મુક્તિ મેળવી. (તેમણે) મનથી માર આજ્ઞાનું પાલન કર્યું, (અને) મારું શરણ લીધું. (તેથી તેમને) મારા આશીર્વાદ મળ્યા.

(बहव) ઘણા લોકો (ज्ञान तपसा) જ્ઞાનના પ્રકાશમાં તપ કરીને (पुता) પવિત્ર થયા (અને) (राग, भय, क्रोध) લાલચ, ડર અને ક્રોધથી (वीत) મુક્તિ પામ્યા. (मत भया) (તેમણે) મનથી મારી આજ્ઞાનું પાલન કર્યું, (माम) (અને) મારું (उपाश्रिता) શરણ લીધું, (मत-भावम) (તેથી તેમને) મારા આશીર્વાદ (आगता) મળ્યા.

## ૪.૧૧

**येयथा माम् प्रपद्यन्तेतान् तथा एव मजामि अहम् ।**
**मम वर्त्म अनुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ।।११।।**

હે અર્જુન ! જેઓ જે રીતે મારું શરણ મેળવે છે, હું તેમને એ જ રીતે આશ્રય આપું છું. મનુષ્ય (ને)

(अर्जुन) હે અર્જુન ! (ये) જેઓ (यथा) જે રીતે (माम) મારું (प्रपधन्ते) શરણ લે છે, (अहम्) હું तान्) તેમને (तथा एव) એ જ રીતે (भजामि) આશ્રય આપું છું. (આ જ કારણે) (मनुष्या) મનુષ્ય (ને)

બધા પ્રકારે (કેવળ) મારા (જ) માર્ગનું અનુસરણ કરવું જોઈએ.

(सर्वश) બધા પ્રકારે (કેવળ) (मम) મારા (જ) (वर्त्म) માર્ગનું (अनुवर्तन्ते) અનુસરણ કરવું જોઈએ.

**દિવ્ય જ્ઞાનને ન માનવાના કારણો**

## ૪.૧૨

**काङ् क्षन्तः कर्मणाम् सिद्धिम् यजन्तेइह देवताः ।**
**क्षिप्रम् हि मानुषेलोके सिद्धिः भवति कर्म-जा ।।१२।।**

આ જ સંસારમાં કર્મોથી ઉત્પન્ન (થવાવાળા) સારા ફળ (મળી જાય, અર્થાત્ ધન, સંપત્તિ, ઉન્નતિ મળે), આ (માટે) આ લોકમાં મનુષ્ય કર્મોના સારા ફળ જલ્દીથી મળવાની ઈચ્છામાં દેવતાઓની ઉપાસના કરવા લાગે છે.

(च) આ સંસારમાં (च) કર્મોથી ઉત્પન્ન (થવાવાળા) (च) સારા ફળ (મળી જાય, અર્થાત્ ધન, સંપત્તિ, ઉન્નતિ મળે)(च) આ (માટે) (च) આ લોકમાં (च) મનુષ્ય (च) કર્મોના સારા ફળ (च) જલ્દીથી મળવાની (च) ઇચ્છામાં (च) દેવતાઓની (च) ઉપાસના કરવા લાગે છે.

**દિવ્ય જ્ઞાનનું મહત્ત્વ**

## ૪.૧૩

**चातुःवर्ण्यम् मया सृष्टम् गुण कर्म विभागशः ।**
**तस्य कर्तारम् अपि माम् विद्धि अकर्तारम् अव्यवम् ।।१३।।**

ગુણો (અને) કામ કરવાની ક્ષમતા અનુસાર સમાજમાં ચાર વર્ણોની રચના મેં કરી છે. હું જ (આ સૃષ્ટિની રચનાનો) કર્તા છું. તેમ છતાં મુજ અવિનાશી ઈશ્વરને આનો કર્તા ન માનો.

(**નોંધ :** આનું કારણ આગળના શ્લોકોમાં બતાવવામાં આવેલ છે.)

(गुण) ગુણો (અને) (कर्म) કામ કરવાની ક્ષમતા અનુસાર સમાજમાં (चातु-वर्ण्यम्) ચાર વર્ણોની (सृष्टम्) રચના (मया) મેં કરી છે. (तस्य कर्ताम्) હું જ (આ સૃષ્ટિની રચનાનો) કર્તા છું. (अपि) તેમ છતાં (माम) મુજ (अव्ययम्) અવિનાશી ઈશ્વરને (अकर्तारम) આનો કર્તા ન (विद्धि) માનો.

## ૪.૧૪

**न माम् कर्माणि लिम्पन्ति न मे कर्मफल स्पृहा ।**
**इति माम् यः अभिजानाति कर्मभिः न सः वध्यते ।।१४।।**

ન મને સૃષ્ટિની રચના અને માનવ-કલ્યાણના કર્મ આકર્ષિત કરે છે, (અને) ન મને મારા કર્મ-ફળની ઈચ્છા છે. (અર્થાત્ હું બધું જ)

(न) ન (माम) મને (कर्माणि) સૃષ્ટિની રચના અને માનવ-કલ્યાણના કર્મ (लिम्पन्ति) આકર્ષિત કરે છે, (न) (અને) ન (मे) મને (कर्मफल) મારા કર્મ-ફળની (स्पृहा) ઈચ્છા છે. (અર્થાત્

---

**નોંધ ૪.૧૧ :** પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.)એ કહ્યું છે કે, ''હું મનુષ્યના વિચાર અનુસાર તેના સાથે વ્યવહાર કરું છું. તે મારાથી જેવી અપેક્ષા રાખે છે, એવા જ હું તેને ફળ આપું છું.'' (બુખારી, મુસ્લિમ, હદીસે નબવીના પ્રકાશમાં, હદીસ નં. ૫૬૩)

**નોંધ ૪.૧૨ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં શિર્ક (संगम) કરવાના કારણો વિશે આ રીતે કહેવામાં આવ્યું છે - ''તેમણે ઈશ્વર સિવાય બીજા ઇલાહ (પૂજ્ય) બનાવી રાખ્યા છે, જેથી તેઓ તેમના માટે શક્તિ (નું કારણ) બને. (સૂરઃ મરયમ, ૧૯, આયત ૮૧)

નિઃસ્વાર્થ કરું છું). આ રીતે જે મને જાણે છે એ (પણ) કર્મોના (ફળ મળવાની લાલસામાં) નથી બંધાતો. (અર્થાત્ એ પણ ઈશ્વરની જેમ નિઃસ્વાર્થ કર્મ કરવા લાગે છે.)

(અર્થાત્ હું બધું જ નિઃસ્વાર્થ કરું છું) (इति) આ રીતે (यः) એ જે (अभिजानति) મને જાણે છે, (सः) એ (પણ) (कर्मभि) કર્મોના (ફળ મળવાની લાલસામાં) (न) નથી (बध्यते) બંધાતો.

## ૪.૧૫

**एराम् ज्ञात्वा कृतम् कर्म पूर्वः अपि भुमुक्षुभिः ।**
**कुरु कर्म एव तस्मात् त्वम् पूर्वेः पूर्व-तरम् कृतम् ।।१५।।**

પૂર્વ કાળના મોક્ષની ઇચ્છા કરવાવાળાઓએ પણ આ રીતે (નિઃસ્વાર્થ કર્મની પ્રણાલીને) જાણીને કર્મ કર્યા છે. તેથી તમે (પણ) પૂર્વજો દ્વારા સદા માટે કરવામાં આવતા કર્મોને જ (તેમની જેમ જ નિઃસ્વાર્થ) કરો.

(પૂર્વે) પૂર્વ કાળના (મુમુક્ષુભિ) મોક્ષની ઇચ્છા કરવાવાળાઓએ (अपि) પણ (एवम्) આ રીતે (ज्ञात्वा) (નિઃસ્વાર્થ કર્મની પ્રણાલીને) જાણીને (कर्म) કર્મ (कृतम) કર્યા છે. (तस्मात) તેથી (त्वम) તમે (પણ) (पूर्वे) પૂર્વજો દ્વારા (पूर्वतरम्) સદાથી (कृतम्) કરવામાં આવતા (कर्म) કર્મોને (एवं) જ (તેમની જેમ જ નિઃસ્વાર્થ) (कुरु) કરો.

### કર્મ વિશે મહત્ત્વપૂર્ણ જ્ઞાન

## ૪.૧૬

**किम् कर्म किम् अकर्म इति कवयः अपि अत्र मोहिताः । तत् ते कर्म प्रवक्ष्यामि यत् ज्ञात्वा मोक्ष्यसे अशुभात् ।।१६।।**

કર્મ (ધાર્મિક કર્તવ્ય) શું છે? (અને) અકર્મ (એ કર્મ જે ન કરવા જોઈએ તે) શું છે? આ પ્રકારે આ વિશે વિદ્વાનો પણ ભ્રમિત (ઉલઝનમાં પડી જાય છે,) હવે તે કર્મ-તત્ત્વ (હું) તમને સમજાવીશ, જેને જાણીને (તમે) અશુભ (કર્મ કરવાથી) મુક્ત થઈ જશો.

(कर्म) કર્મ (ધાર્મિક કર્તવ્ય) (किम्) શું છે ? (અને) (अकर्म) અકર્મ (એ કર્મ જે ન કરવા જોઈએ તે) (किम्) શું છે ? (इति) આ પ્રકારે (अंग) આ વિશે (कवयः) વિદ્વાનો (अपि) પણ (मोहितम) ભ્રમિત (ઉલઝનમાં પડી જાય છે, હવે) (तते) તે (कर्म) કર્મ-તત્ત્વ (હું) (ते) તમને (प्रवक्ष्यामि) સમજાવીશ, (यत) જેને (ज्ञात्वा) જાણીને (તમે) (अशुभात्) અશુભ (કર્મ કરવાથી) (मोक्ष्यसे) મુક્ત થઈ જશો.

## ૪.૧૭

**कर्मणः हि अपि बोद्धव्यम् बोद्धव्यम् भ कर्मणः ।**
**अकर्मणः च बोद्धव्यम् गहना कर्मणः गतिः ।।१७।।**

સત્કર્મ (ધાર્મિક કર્તવ્ય) પણ જાણવા જોઈએ, અને એ કર્મ જે ન કરવા જોઈએ (તેમને પણ) જાણવા જોઈએ, તથા કર્મ ન કરવાને (પણ) જાણવું જોઈએ, કેમ કે કર્મોના (તત્ત્વ જ્ઞાન)ના ઊંડાણમાં પહોંચવું કઠિન છે.

(कर्मण) સત્કર્મ (ધાર્મિક કર્તવ્ય) (अपि) પણ (बोद्धव्यम्) જાણવા જોઈએ (च) અને (विकर्मण) એ કર્મ જે નથી કરવાના (बोद्धव्यम्) (તેમને પણ) જાણવા જોઈએ (च) તથા (अकर्मण) કર્મ ન કરવાને પણ (बोद्धव्यम्) જાણવું જોઈએ, (हि) કેમ કે (कर्मण) કર્મોના (गहना) (તત્ત્વ-જ્ઞાન)ના ઊંડાણમાં (गति) પહોંચવું કઠિન છે.

## ૪.૧૮

**कर्मणि अकर्म यः पश्येत् अकर्मणि च कर्म यः ।**
**सः बुद्धिमान मनुष्येषु सः युक्तः कृत्स्न-कर्म-कृत् ।।१८।।**

જે મનુષ્ય કર્મ કરવામાં કર્મ ન કરવાનું જુએ છે, અને જે કર્મ ન કરવામાં કર્મ કરવાનું જુએ છે, તે મનુષ્યોમાં બુદ્ધિશાળી છે. તે બધા સત્કર્મો કરવામાં યુક્ત છે (લાગેલો છે.)

(यः) જે મનુષ્ય (कर्मणि) કર્મ કરવામાં (अकर्म) કર્મ ન કરવાનું (पश्येत्) જુએ છે (च) અને (यः) જે (अकर्मणि) કર્મ ન કરવામાં (कर्म) કર્મ કરવાનું જુએ છે (सः) તે (मनुष्येषु) મનુષ્યોમાં (बुद्धिमान्) બુદ્ધિશાળી છે. (सः) તે (कृत्स्न-कर्म) બધા સત્કર્મો (कृत) કરવામાં (युक्त) યુક્ત છે (અર્થાત્ લાગેલો છે).

## ૪.૧૯

**त्यस्य सर्वेसमारम्भाः काम संकल्प वर्जिताः ।**
**ज्ञान अग्नि दग्धः कर्माणम् तम् आहुः पण्डितम् बुधाः ।।१९।।**

તે (જેણે) આરંભથી જ પોતાની કામ-વાસના (પોતાની ઇચ્છાઓ)ને ન માનવાનો સંકલ્પ લીધો છે, (તે જેના) બધા કર્મો દિવ્ય જ્ઞાનના અગ્નિમાં બળીને શુદ્ધ થઈ ગયેલ છે. તેને બુદ્ધિશાળી જ્ઞાની કહેવામાં આવશે.

(यस्य) તે (જેણે) (समारम्भा) આરંભથી જ (काम) પોતાની કામ-વાસના (પોતાની ઇચ્છાઓ)ને (वर्जिता) ન માનવાનો (संकल्प) સંકલ્પ લીધો છે, (सर्वे) (તે જેના) બધા (कर्मणाम्) કર્મો (આચરણ, પ્રયાસો) (ज्ञान-अग्नि) દિવ્ય જ્ઞાનના અગ્નિમાં (दग्ध) બળીને શુદંધ થઈ ગયા છે, (तम) તેને (पण्डितम् बुद्धा) બુદ્ધિમાન જ્ઞાની (आहु) કહેવામાં આવશે.

## ૪.૨૦

**त्यक्तवा कर्म-फलः - आसङ्गम् नित्य तृप्तः निराश्रयः ।**
**कर्मणि अभिप्रवत्तः अपि न एव किन्वत् करोति सः ।।२०।।**

(તે જેણે પોતાના) સત્કર્મોના ફળની ઇચ્છા છોડી દીધી હોય, તે હંમેશા તૃપ્ત (સંતુષ્ટ) રહે છે, અને કોઈના સહારે નથી રહેતો. તે પોતાના કર્મ કરવામાં લાગેલો રહે છે, તેમ છતાં (તે) ક્યારેય નથી (વિચારતો કે) તે કોઈ કર્મ કરી રહ્યો છે.

(તે એ જ વિચારે છે કે જે કંઈ થઈ રહ્યું છે તે ઈશ્વરની આજ્ઞા અને ઇચ્છાથી થઈ રહ્યું છે.)

(कर्म-फल) (તે જેણે પોતાના) સત્કર્મોના ફળ (आसङगम्) ની ઇચ્છાને (त्याकत्वा) છોડી દીધી હોય, (नित्यतृप्त) તે હંમેશા તૃપ્ત (સંતુષ્ટ) રહે છે, (निराश्रय) અને કોઈના સહારે નથી રહેતો. (कर्मणि) તે પોતાના કર્મ કરવામાં (अभिप्रवृत्त) લાગેલો રહે છે, (अपि) તેમ છતાં (તે) (न एष) ક્યારેય નથી (વિચારતો કે) (सः) તે (किञ्चित) કોઈ (करोति) કર્મ કરી રહ્યો છે.

---

**નોંધ ૪.૧૮ :** પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.)એ કહ્યું, ''પ્રત્યેક કાર્યને સારી રીતે કરવાનો પ્રયત્ન કરો. પરંતુ પરિણામ જો અપેક્ષાથી વિપરીત હોય તો એવું ન કહો કે જો હું આવું કરતો તો આવું થતું, બલ્કે એમ કહો કે તે થયું જે ઈશ્વરની ઇચ્છા હતી.'' (હદીસ) (અર્થાત્ જે થાય છે, ઈશ્વરની ઇચ્છા અનુસાર જ થાય છે.)

**મહત્ત્વપૂર્ણ દિવ્ય જ્ઞાન**

## ૪.૨૧

**निराशीः यत चित्त-आत्मा त्यक्त सर्व परिग्रहः ।**
**शारीरम् केवलम् कर्म कुर्वन् न आप्नोति किल्बिशम् ।।२१।।**

(એ જે કોઈ મનુષ્યથી કોઈ) અપેક્ષા નથી રાખતો, (તે જેણે) મન અને બુદ્ધિ (ને) વશમાં રાખેલ છે, (તે જેણે) આનંદ લેવા અને દેખાડાની બધી વસ્તુઓનો ત્યાગ કરી દીધો છે, (અને જે) માત્ર પોતાના શરીરને જીવિત અને સ્વસ્થ રાખવા માટે કર્મ કરે છે, (તે) પાપ નથી કમાતો.

(કેમ કે પાપ તો આનંદ લેવા, દેખાડો કરવા અને મન અને બુદ્ધિને વશમાં ન રાખીને કર્મ કરવાથી થાય છે.)

(निराशी) (એ વ્યક્તિ જે કોઈ મનુષ્યથી કોઈ) અપેક્ષા નથી રાખતો, (चित्त-आत्मा) (તે જેણે) મન અને બુદ્ધિ (ને) (यत्) વશમાં રાખેલ છે, (सर्व परिग्रह) (તે જેણે) આનંદ લેવા અને દેખાડાની બધી વસ્તુઓનો (त्यक्त) ત્યાગ કરી દીધો છે, (केवलम्) (અને જે) માત્ર (शारीरम्) પોતાના શરીરને જીવિત અને સ્વસ્થ રાખવા માટે (कर्म कुर्वन्) કર્મ કરે છે. (किल्विषम) (તે) પાપ (न आप्नोति) કમાતો નથી.

## ૪.૨૨

**यदृच्छा लाभ सन्तुष्टः द्वन्द्व अतीतः विमत्सर ।**
**समः सिद्धौ असिद्धौ च कृत्वा अपि न निबध्यते ।।२२।।**

(એ જે) પોતાને મળનાર લાભથી સંતુષ્ટ રહે છે, તે જેણે ખૂબ વધારે દુઃખી અને ખુશ રહેવાનું છોડી દીધું છે, તે જે ઈર્ષ્યા (અદેખાઈ)થી મુક્ત છે, (એ જે) સફળતા અને નિષ્ફળતામાં એક સમાન રહે છે, અને પોતાના કર્તવ્યોનું પાલન પણ કરે છે તે કર્મોમાં નથી બંધાતો.

(અર્થાત્ તેના બધા અનિવાર્ય કર્મો અને કર્તવ્યો પૂરા થઈ જાય છે.)

(यहच्छा) (તે જે) પોતાને મળતા (लाभ) લાભથી (सन्तुष्ट) સંતુષ્ટ રહે છે, (द्वन्द्व) તે જેણે ખૂબ દુઃખી અને ખુશ ખુશ થવાનું (अतीत) છોડી દીધું છે, (विमत्सर) તે જે ઈર્ષ્યા (અદેખાઈ)થી મુક્ત છે, (सिद्धौ) (તે જે) સફળતા અને (असिद्धौ) નિષ્ફળતામાં (समः) એક સમાન રહે છે, (कृत्वा अपि) અને પોતાના કર્તવ્યોનું પણ પાલન કરે છે, (न निबध्यते) તે કર્મોથી બંધાતો નથી.

## ૪.૨૩

**गत्-सङ्गस्य मुक्तस्य ज्ञान-अवस्थितः चेतसः।**
**यज्ञाय आचरतः कर्म समग्रम् प्रबिलीयते ।।२३।।**

(એવો વ્યક્તિ) મુક્ત થઈ જાય છે એક ઈશ્વરની સાથે કોઈ અન્યની ઉપાસના કરવાના માર્ગથી. જ્ઞાન (ના પ્રકાશમાં તે) પોતાના મન અને બુદ્ધિને એક ઈશ્વરની શ્રદ્ધામા સ્થિત કરી દે છે. તે પોતાના કર્મો

(मुक्तस्य) (એવો વ્યક્તિ) મુક્ત થઈ જાય છે (गत सङ्गस्य) એક ઈશ્વરની સાથે કોઈ અન્યની ઉપાસના કરવાના માર્ગથી (ज्ञान) જ્ઞાન (ના પ્રકાશમાં તે) (चेतसः) પોતાના મન અને બુદ્ધિને (अवस्थित) એક ઈશ્વરની શ્રદ્ધામાં સ્થિર કરી લે છે. (कर्म) (તે પોતાના) કર્મો

(માત્ર) ઈશ્વરને પ્રસન્ન કરવાવાળા કરે છે. (આ રીતે તે) પૂર્ણરૂપે (બધા પાપ કરવાના અવસરો અને કારણોથી) મુક્ત થઈ જાય છે.

(यज्ञाम) ઈશ્વરને પ્રસન્ન કરવાવાળા (आचरतः) કરે છે. (समग्रम) (આ રીતે તે) પૂર્ણરૂપે (प्रवितीयते) (બધા પાપ કરવાના અવસરો અને કારણોથી) મુક્ત થઈ જાય છે.

## ૪.૨૪

**ब्रह्म अर्पणम् ब्रह्म हविः ब्रह्म अग्नौ ब्रह्मणा हुतम् ।**
**ब्रह्म एरा तेन गन्तव्यम् ब्रह्म कर्म समाधिना ।।२४।।**

(તે જેણે પોતાનું જીવન) ઈશ્વરને અર્પણ કરી દીધું છે, (તે જે સર્વસ્વ માત્ર) ઈશ્વરથી માંગે છે, (તે જે ઈશ્વરને) આદિ, સૌથી પ્રથમ અને મહાન (માને છે), તે જેની સાધના કેવળ ઈશ્વર માટે હોય છે, (તે જે) કર્મ (માત્ર) ઈશ્વરને પ્રસન્ન કરવા માટે કરે છે, નિઃસંદેહ (આ કર્મોના કારણે) એ (ઈશ્વરની કૃપાથી) (તે) ઈશ્વર(ના સ્વર્ગને) પ્રાપ્ત કરવા યોગ્ય બની જાય છે.

(ब्रह्म अर्पणम) (તે જેણે પોતાનું જીવન) ઈશ્વરને અર્પણ કરી દીધું છે, (ब्रह्म हवि) (તે જે સર્વસ્વ માત્ર) ઈશ્વરથી માંગે છે, (ब्रह्म अग्नौ) (તે જે ઈશ્વરને) આદિ, સૌથી પ્રથમ અને મહાન (માને છે), (समाधिना) તે જેની સાધના કેવળ (ब्रह्म) ઈશ્વર માટે હોય છે, (कर्म) (તે જે) કર્મ (માત્ર) (ब्रह्मण हुतम्) ઈશ્વરને પ્રસન્ન કરવા માટે કરે છે, (एव) નિઃસંદેહ (આ કર્મોના કારણે) (तेन) એ (ઈશ્વરની કૃપાથી) (ब्रह्म) (તે) ઈશ્વર (ના સ્વર્ગને) (गन्तव्यम्) પ્રાપ્ત કરવા યોગ્ય બની જાય છે.

### ઈશ્વરની પ્રાર્થના કરવાની અનેક પ્રકારની પદ્ધતિઓ

## ૪.૨૫

**दैवम् एव अपरेयज्ञम् योगिनः पर्युपासते ।**
**ब्रह्म अग्नौ अपरेयज्ञम् यज्ञेन एव उपजुह्वति ।।२५।।**

નિઃસંદેહ કેટલાક સજ્જન પુરુષો ઈશ્વરની ભક્તિ અને કર્તવ્ય-પાલન માટે (ઈશ્વરને પ્રસન્ન કરવા માટે) ઈશ્વરને આદિ (સૌથી પ્રથમ અને મહાન) માને છે, અને તેની પ્રાર્થના કરે છે. કેટલાક (બીજા) સજ્જન પુરુષો ઈશ્વરને પ્રસન્ન કરવાવાળા કર્મો માટે પોતાના સત્કર્મો ઈશ્વરને અર્પિત કરે છે.

(ઈશ્વરને પ્રસન્ન કરવાવાળા કર્મો નીચે મુજબ છે.)

(एव) નિઃસંદેહ (अपरे) કેટલાક સજ્જન પુરુષો (दैवम्) ઈશ્વરની (योगिन) ભક્તિ અને (यज्ञम्) કર્તવ્ય-પાલન માટે (ઈશ્વરને પ્રસન્ન કરવા માટે) (ब्रह्म) ઈશ્વરને (अग्नौ) આદિ (સૌથી પ્રથમ અને મહાન) માને છે (पर्युपासते) અને તેની પ્રાર્થના કરે છે. (अपरे) કેટલાક (બીજા) સજ્જન પુરુષો (यज्ञने) ઈશ્વરને પ્રસન્ન કરવાવાળા કર્મો માટે (यज्ञम्) પોતાના સત્કર્મો (उपजुह्वति) ઈશ્વરને અર્પિત કરે છે.

## ૪.૨૬

**श्रोत्र-आदीनि इन्द्रियाणि अन्येसयम् अग्निषु जुह्वति ।**
**शब्द-आदीन् विषयान् अन्यइन्द्रिय अग्निषु जुह्वति ।।२६।।**

કેટલાક લોકો પોતાના આનંદ લેવાવાળા અંગોને નિયંત્રિત કરવાને સૌથી મહાન માને છે, જેમ કે

(अन्ये) કેટલાક લોકો (इन्द्रियाणि) પોતાના આનંદ લેવાવાળા અંગોને (संयम) નિયંત્રિત કરવાને (अग्निषु) સૌથી મહાન કર્મ માને છે, (श्रोत्र आदीन) જેમ કે

સાંભળવાનું કર્મ, અને તેની આહુતિ આપે છે. (તેઓ એવી વાતો નથી સાંભળતા જે ન સાંભળવી જોઈએ.) બીજા લોકો ઈશ્વરના નામના જાપને સૌથી મહાન માને છે, અને આનંદ કરવાની ઇચ્છા અને આનંદ કરવાની વસ્તુઓની આહુતિ આપે છે. (અને ઈશ્વરના નામોનો જાપ કરતા રહે છે.)

સાંભળવાનું કર્મ, (जुहृति) અને તેની આહુતિ આપે છે. (તે એવી વાતો નથી સાંભળતા જે ન સાંભળવી જોઈએ.) (अन्ये) બીજા લોકો (शब्द आदीन) ઈશ્વરના નામના જાપને (अग्निषु) સૌથી મહાન માને છે, અને (इन्द्रिय) આનંદ કરવાની ઇચ્છા અને (विषान्) આનંદ કરવાની વસ્તુઓની (जुहृति) આહુતિ આપે છે (અને ઈશ્વરના નામોનો જાપ કરતા રહે છે.)

## ૪.૨૭

**सर्वाणि इन्द्रिय कर्माणि प्राण-कर्माणि च अपरे ।**
**आत्म-संयम योग अग्नौ जुहृति ज्ञान-दीपिते ।।२७।।**

કેટલાક લોકો જ્ઞાનના પ્રકાશમાં ઈશ્વરની પ્રાર્થના (અને) પોતાની જાત પર નિયંત્રણ કરવાને સૌથી મહત્ત્વપૂર્ણ માને છે, (અને તેનું અનુસરણ/અભ્યાસ) કરે છે. કેટલાક લોકો પોતાના બધા આનંદ લેવાવાળા અંગો અને ઇચ્છાઓને અને જીવિત રહેવાના કર્મ (ખાવા-પીવાને સૌથી મહત્ત્વપૂર્ણ માને છે) અને તેની આહુતિ આપે છે. (અર્થાત્ ઉપાવસ રાખે છે.)

(अपरे) કેટલાક લોકો (ज्ञान-दीपते) જ્ઞાનના પ્રકાશમાં (योग) ઈશ્વરની પ્રાર્થના (અને) (आत्म-संयम) પોતાની જાત પર નિયંત્રણ કરવાને (अग्नौ) સૌથી મહત્ત્વપૂર્ણ માને છે, (અને તેનું અનુસરણ/અભ્યાસ) કરે છે. કેટલાક લોકો) (सर्व इन्द्रिय) પોતાના બધા આનંદ લેવાવાળા અંગો અને ઇચ્છાઓને (प्राण कर्मणि) અને જીવિત રહેવાના કર્મ (ખાવા-પીવાને સૌથી મહત્ત્વપૂર્ણ માને છે) (जुहृति) અને તેની આહુતિ આપે છે. (અર્થાત્ .પવાસ રાખે છે.)

## ૪.૨૮

**द्रव्य-यज्ञाः तपः-यज्ञाः योग-यज्ञाः तथा अपरे ।**
**स्वाध्याय ज्ञान-यज्ञाः च यतयः संशित-व्रता ।।२८।।**

કેટલાક લોકો (ઈશ્વરને પ્રસન્ન કરવા માટે) ધન દાન કરે છે. કેટલાક લોકો તપ કરે છે. કેટલાક લોકો ધ્યાન લગાવીને ઈશ્વરથી જોડાય છે. કેટલાક લોકો વેદોનું અધ્યયન કરે છે, અને જ્ઞાન પ્રાપ્ત કરીને ઈશ્વરને પ્રસન્ન કરે છે, અને કેટલાક લોકો પૂરેપૂરો પ્રયાસ કરે છે કે તેમણે જે ઈશ્વરને વચન આપ્યું છે તે પૂરું કરે. (વ્રત પૂરું કરે.)

(अपरे) કેટલાક લોકો (ઈશ્વરને પ્રસન્ન કરવા માટે) (द्रव्य-यज्ञा) ધન દાન કરે છે. (तप-यज्ञा) કેટલાક લોકો તપ કરે છે. (योग-यज्ञा) કેટલાક લોકો ધ્યાન લગાવીને ઈશ્વરથી જોડાય છે. (स्वाध्याय) કેટલાક લોકો વેદોનું અધ્યયન કરે છે, (ज्ञान-यज्ञा) અને જ્ઞાન પ્રાપ્ત કરીને ઈશ્વરને પ્રસન્ન કરે છે, (च) અને કેટલાક લોકો (यतयः) પૂરેપૂરો પ્રયાસ કરે છે કે (संशित) તેમણે જે ઈશ્વરને વચન આપ્યું છે તે પૂરું કરે. (વ્રત પૂરું કરે.)

## ૪.૨૯/૪.૩૦

**अपाने जुहृति प्राणम् प्राणेअपानम् तथा अपरे ।**
**प्राण अपान गती रुद्ध्वा प्राण-आयाम परायणाः ।।२९।।**
**अपरे नियत आहाराः प्राणेषु जुहृति ।**
**सर्वे अपि एते यज्ञ-विदः यज्ञ-क्षपित कल्मषाः ।।३०।।**

કેટલાક લોકો બહાર નીકળવાવાળા શ્વાસને અંદર

(अपरे) કેટલાક લોકો (अपाने) બહાર નીકળવાવાળા શ્વાસને (प्राणम्) અંદર આવવાવાળા શ્વાસમાં (प्राणे) અને અંદર આવવાવાળા શ્વાસને (अपानम्) બહાર જવાવાળા શ્વાસમાં કરીને

આવવાવાળા શ્વાસમાં, અને અંદર આવવાવાળા શ્વાસને બહાર જવાવાળા શ્વમાસમાં કરીને ઈશ્વરને અર્પિત કરે છે. આ જ રીતે કેટલાક લોકો અંદર આવવાવાળા શ્વાસ અને બહાર જવાવાળા શ્વાસની ગતિને રોકીને, અંદર આવવાવાળા શ્વાસને લાંબી કરીને એક ઈશ્વરમાં એકાગ્રતાની પરિસ્થિતિમાં આવી જાય છે, અને કેટલાક લોકો ઈશ્વરીય નિયમો અનુસાર ભોજન લઈને અંદર આવવાવાળા શ્વાસને અંદર આવવાવાળા શ્વાસમાં રાખીને ઈશ્વરની પ્રસન્નતા માટે ઈશ્વરને અર્પિત કરે છે. નિઃસંદેહ આ બધા લોકો ઈશ્વરની એ પ્રાર્થનાઓને જાણતા હતા, જેનાથી ઈશ્વર પ્રસન્ન થાય છે. તેમણે એ પ્રાર્થનાઓ કરી, જેના કારણે તેમને પાપોથી મુક્તિ મળી.

(जुहति) ઈશ્વરને અર્પિત કરે છ, (तथा) એ જ રીતે (अपरे) કેટલાક લોકો (प्राण) અંદર આવવાવાળા શ્વાસ (अपान) અને બહાર જવાવાળા શ્વાસની (गती) ગતિને (रुद्धवा) રોકીને (प्राण) અંદર આવવાવાળા શ્વાસને (आयाम) લાંબો કરીને (परायणाः) એક ઈશ્વરમાં એકાગ્રતાની પરિસ્થિતિમાં આવી જાય છે, (अपरे) અને કેટલાક લોકો (नियत) ઈશ્વરીય નિયમો અનુસાર (आहार) ભોજન લઈને (प्राणान) અંદર આવવાવાળા શ્વાસને (प्राणेषु) અંદર આવવાવાળા શ્વાસમાં રાખીને (जुह्वति) ઈશ્વરની પ્રસન્નતા માટે ઈશ્વરને અર્પિત કરે છે. (अपि) નિઃસંદેહ (एते) આ (सर्वे) બધા લોકો (यज्ञ विदः) ઈશ્વરની એ પ્રાર્થનાઓને જાણતા હતા જેનાથી ઈશ્વર પ્રસન્ન થાય છે. (यज्ञ क्षपित) તેમણે એ પ્રાર્થનાઓ કરી, જેના કારણે (कल्मषा) તેમને પાપોથી મુક્તિ મળી.

**ઈશ્વરની પ્રાર્થના ન કરવાના નુકસાન**

## ૪.૩૧

**यज्ञ-शिष्ट अमृत-भुजः यान्ति ब्रह्म सनातनम् ।**
**न अयम् लोकः अस्ति अयज्ञस्य कृतः अन्यः कुरु-सत्-तम**
**।।३१।।**

પોતાની પ્રાર્થનાના ફળ-સ્વરૂપે (ઈશ્વરની પ્રાર્થના કરવાવાળા) પામે છે ઈશ્વરના સદૈવ રહેવાવાળા સ્વર્ગને, અને અમર જીવનનો આનંદ. હે કુરુ-શ્રેષ્ઠ (અર્જુન) ! જેઓ ઈશ્વરની પ્રસન્નતા માટે પ્રાર્થના નથી કરતા, (તેમને) આ સંસારમાં શાંતિ નથી મળતી. (જો આ સંસારમાં શાંતિ નથી મળતી, તો) મૃત્યુ પછીના જીવનમાં (શાંતિ) ક્યાંથી મળશે.

(यज्ञ शिष्ट) પોતાની પ્રાર્થનાઓના ફળ-સ્વરૂપ (यान्ति) (ઈશ્વરની પ્રાર્થના કરવાવાળા) પામે છે (ब्रह्म) ઈશ્વરના (सनातनम्) સદૈવ રહેવાવાળા (સ્વર્ગને) (अमृत भुजः) અને અમર જીવનનો આનંદ. (कुरु-सत-तम) હે કુરુ-શ્રેષ્ઠ (અર્જુન !) (अयज्ञस्य) જે ઈશ્વરની પ્રસન્નતા માટે પ્રાર્થના નથી કરતા (अयम् लोक) (તેમને) આ સંસારમાં (अस्ति) શાંતિ (न) નથી મળતી. (જો આ સંસારમાં શાંતિ નથી મળતી તો) (अन्य) મૃત્યુ પછીના જીવનમાં (कृतः) (શાંતિ) ક્યાથી મળશે.

નોંધ : 'अन्य' ને સમજવા માટે નોંધ નં. N-૪ વાંચો.

**જ્ઞાન અને પ્રાર્થના મુક્તિના માર્ગ છે.**

## ૪.૩૨

**एराम् बहु-विधाः यज्ञाः वितताः ब्रह्मणः मुखे ।**
**कर्म-जान् विद्धि तान् सर्बान् एवम् ज्ञात्वा विमोक्ष्यसे**
**।।३२।।**

વેદોની વાણીમાં આ પ્રકારના ઘણા ઈશ્વરની પ્રાર્થનાનું વર્ણન છે. (હે અર્જુન ! આ સત્યને) જાણો કે સત્કર્મ

(ब्राह्मण-मुखे) વેદોની વાણીમાં (एवम्) આ પ્રકારના (बहुविद्या) ઘણા સ્વરૂપના (यज्ञा-वितता) ઈશ્વરની પ્રાર્થનાના વર્ણનો છે. (विद्धि) (હે અર્જુન ! આ સત્યને) જાણો કે (कर्म) સત્કર્મ

કરવાથી તે આપણા આચરણમાં જીવંત થાય છે. આ રીતે બધા લોકો ઈશ્વરની પ્રાર્થનાના જ્ઞાનને જાણીને તેના પર અમલ (અભ્યાસ) કરીને તમે પોતાના પાપોથી મુક્તિ પામશો.

સત્કર્મ કરવાથી (ચ) તે આપણા આચરણમાં જીવિત થાય છે. (ચ) આ રીતે (ચ) બધા લોકો (ચ) ઈશ્વરની પ્રાર્થનાના જ્ઞાનને જાણીને (ચ) તેમના પર અમલ (અભ્યાસ) કરીને (ચ) તમે પોતાના પાપોથી મુક્તિ પામશો.

**દિવ્ય જ્ઞાનનું મહત્ત્વ**

## ૪.૩૩

**श्रेयान् द्रव्य-मयात् यज्ञात् ज्ञान-यज्ञः परन्तप ।**
**सर्वम् कर्म अखिलम् पार्थ ज्ञानेपरिसमायप्ते ।।३३।।**

હે અર્જુન ! દિવ્ય જ્ઞાન (ના પ્રકાશમાં) ઈશ્વરની પ્રાર્થના કરવી (એ) શ્રેષ્ઠ છે સાંસારિક વસ્તુઓના દાન દ્વારા (ઈશ્વરની પ્રાર્થના કરવાથી). હે અર્જુન ! બધા કર્મોની સિદ્ધિ (Perfection)નો આધાર દિવ્ય જ્ઞાનની સંપૂર્ણ જાણકારી પર છે.

(ચ) હે અર્જુન ! (ચ) દિવ્ય જ્ઞાન (ના પ્રકાશમાં) (ચ) ઈશ્વરની પ્રાર્થના કરવું એ (ચ) શ્રેષ્ઠ છે. (ચ) સાંસારિક વસ્તુઓના દાન દ્વારા (ઈશ્વરની પ્રાર્થના કરવાથી) (ચ) હે અર્જુન ! (ચ) બધા (ચ) કર્મોની સિદ્ધિ (Perfection) નો આધાર (ચ) દિવ્ય જ્ઞાનની (ચ) સંપૂર્ણ જાણકારી પર છે.

## ૪.૩૪

**तत् चिद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।**
**उपदेक्ष्यन्ति ते ज्ञानम् ज्ञानिनः तत्त्व दर्शिनः ।।३४।।**

એ ઈશ્વરને જાણો જ્ઞાનીઓના ચરણોની પાસે બેસીને, તેમનાથી સરળતાપૂર્વક પ્રશ્ન કરીને, તેમની સેવા કરીને. તેઓ તમને દિવ્ય જ્ઞાનનો ઉપદેશ આપશે. આ એ જ્ઞાનીઓ છે, જેઓ તત્ત્વદર્શી છે (ઈશ્વરને ઓળખે છે).

(ચ) એ ઈશ્વરને (ચ) જાણો (ચ) જ્ઞાનીઓના ચરણોની પાસે બેસીને, (ચ) તેમનાથી સરળતાપૂર્વક પ્રશ્ન કરીને, (ચ) તેમની સેવા કરીને (ચ) તે તમને (ચ) દિવ્ય જ્ઞાનનો (ચ) ઉપદેશ આપશે. (ચ) આ એ જ્ઞાનીઓ છે જેઓ (ચ) તત્ત્વદર્શી છે. (ઈશ્વરને ઓળખે છે.)

## ૪.૩૫

**यत् ज्ञात्वा न पुनः मोहम् एवम् यास्यसि पाण्डव ।**
**येन भूतानि अशेषेण द्रक्ष्यसि आत्मनि अथोमयि ।।३५।।**

હે અર્જુન ! આ (દિવ્ય જ્ઞાન)ને જાણીને (તમે) ફરીથી ભ્રમ (ગુમરાહી, પથભ્રષ્ટતા)માં નહીં પડો. આ (દિવ્ય જ્ઞાન દ્વારા તમે) સંપૂર્ણ પ્રાણીઓને મારા વડે જોશો. બીજા શબ્દોમાં (તેમનો નિર્માતા) હું (જ છું એવું જોશો.)

(ચ) હે અર્જુન ! (ચ) આ (દિવ્ય જ્ઞાન)ને (ચ) જાણીને (તમે) (ચ) ફરીથી (ચ) ભ્રમ (ગુમરાહી, પથભ્રષ્ટતા)માં (ચ) નહીં (ચ) પડો. (ચ) આ (દિવ્ય જ્ઞાન દ્વારા તમે) (ચ) સંપૂર્ણ પ્રાણીઓને (ચ) મારાથી (ચ) જોશો, (ચ) બીજા શબ્દોમાં (તેમનો નિર્માતા) (ચ) હું (જ છું એવુ જોશો.)

---

**નોંધ ૪.૩૨ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું, ઈશ્વરને તમને યાતના આપીને શું કરવું છે, જો તમે કૃતજ્ઞતા બતાવો અને તેમાં શ્રદ્ધા રાખો ? ઈશ્વર તો કદરદાન છે (મહત્ત્વને સમજવાવાળો) અને (બધું જ) જાણવાવાળો છે. (સૂરઃ અન્-નિસા, ૪, આયત ૧૪૭)

## ૪.૩૬

**अपि चेत् असि पापेभ्यः सर्वेभ्यः पाप-कृत-त मः ।**
**सर्वम् ज्ञान-प्लवेन एव वृजिनम् सन्तरिष्यति ।।३६।।**

જો બધા પાપીઓમાં તમે સૌથી મોટા પાપના કાર્ય કરવાવાળા છો, તો પણ નિઃસંદેહ આ જ્ઞાનની નૌકા દ્વારા, પાપોના સમુદ્રને અવરોધ વગર પાર કરી લેશો.

(चेत) જો (सर्वेभ्य) બધા (पापेभ्यः) પાપીઓમાં (सर्वम्) તમે સૌથી મોટા (पाप) પાપના (કૃત તમઃ) કાર્ય કરવાવાળા (असि) હો, (अपि) તો પણ (एवं) નિઃસંદેહ (ज्ञान) આ જ્ઞાનની (सेवन) નૌકા દ્વારા (वृजिनम्) પાપોના સમુદ્રને (सन्तरिष्यसि) અવરોધ વગર પાર કરી લેશો.

## ૪.૩૭

**यथा एधांसि समिद्धः अग्निः भस्म-सात् कुरुते अर्जुन ।**
**ज्ञान-अग्निः सर्व-कर्माणि भस्मसात् कुरुते तथा ।।३७।।**

હે અર્જુન ! જે રીતે બળી રહેલી આગ, ઈંધણ (ના લાકડાને) ભસ્મ કરી દે છે, એવી જ રીતે આ દિવ્ય જ્ઞાનનો પ્રકાશ સંપૂર્ણ (પાપ) કર્મોને ભસ્મ કરી દે છે.

(अर्जुन) હે અર્જુન ! (यथा) જે રીતે (सामेद्ध) બળી રહેલી (अग्नि) આગ (एधांसि) ઈંધણ (ના લાકડાને) (भस्मसात) ભસ્મ (कुरुते) કરી નાખે છે, (तथा) એવી જ રીતે (ज्ञान-अग्नि) આ દિવ્ય જ્ઞાનનો (अग्नि) પ્રકાશ (सर्व) સંપૂર્ણ (कर्माणि) (પાપ) કર્મોને (भस्मसात) ભસ્મ (कुरुते) કરી નાખે છે.

## ૪.૩૮

**न हि ज्ञानेन सदृशम् पवित्रम् इह विद्यते ।**
**तत् स्वयम् योग संसिद्धः कालेन आत्मनि बिन्दति ।।३८।।**

નિઃસંદેહ આ દિવ્ય જ્ઞાન જેવું આ સંસારમાં (બીજું) (કોઈ સાધન) નથી, (જે પાપોથી) પવિત્ર કરે. આ (દિવ્ય જ્ઞાન દ્વારા) (વ્યક્તિ) સ્વયં ઈશ્વરથી જોડાઈ જાય છે, અને સમય વીતવાની સાથે તે પોતાના અંદર સંપૂર્ણ (શાંતિ) પામે છે.

(हि) નિઃસંદેહ (ज्ञानेन) આ દિવ્ય જ્ઞાન (सहशम्) જેવું (इह) આ સંસારમાં (બીજું) (न विधते) (કોઈ સાધન) નથી, (पवित्रम्) (જે પાપોથી) પવિત્ર કરે. (तत्) આ (દિવ્ય જ્ઞાન દ્વારા) (स्वयम्) (વ્યક્તિ) સ્વયં (योग) ઈશ્વરથી જોડાઈ જાય છે, (कातोन) અને સમય વીતવાની સાથે (आत्मानि) તે પોતાના અંદર (संसिद्ध) સંપૂર્ણ (विन्दति) (શાંતિ) પામે છે.

નોંધ : 'योग'નો અર્થ ઈશ્વરથી જોડાવું પણ થાય છે.

## ૪.૩૯

**श्रद्धा-वान् लभतेज्ञानम् तत-परः संयत इन्द्रिय ।**
**ज्ञानम् लब्ध्वा पराम् शान्तिम् आचिरेण अधिगच्छति ।।३९।।**

જેની ઈશ્વરમાં દઢ શ્રદ્ધા છે, અને જેણે પોતાની ઇન્દ્રિયોને વશમાં કરી લીધી છે, (એ જ ) આ દિવ્ય જ્ઞાનને પ્રાપ્ત કરે છે. આ દિવ્ય જ્ઞાન (અનુસાર પ્રાર્થના

(श्रद्धा-वान्) જેની ઈશ્વરમાં દઢ શ્રદ્ધા છે (इन्द्रिय) અને જેણે પોતાની ઇન્દ્રિયોને (संयत) વશમાં કરી લીધી છે, (ज्ञानम्) (એ જ) આ દિવ્ય જ્ઞાનને (लभते) પ્રાપ્ત કરે છે. (ज्ञानम्) આ દિવ્ય જ્ઞાન (અનુસાર પ્રાર્થના કરીને) (तत-पर) (તે) એ મહાન ઈશ્વર (ના આશીર્વાદ)

---

**નોંધ ૪.૩૫ :** શ્લોક નં. ૯.૫ માં એ સ્પષ્ટરૂપે કહેવામાં આવ્યું છે કે ન ઈશ્વર કોઈમાં રહે છે અને ન કોઈ ઈશ્વરમાં રહેશે. આ કારણે આ શ્લોક નં. ૪.૩૫ ના અનુવાદમાં '' નો અર્થ 'ઈશ્વર' કરેલ છે.

કરીને) (તે) એ મહાન ઈશ્વર (નો આશીર્વાદ પણ) પામી લે છે. (પછી) વિલંબ ન કરીને તે મહાન (ઈશ્વરનું) શાંતિ-સ્થાન (સ્વર્ગ) પણ પ્રાપ્ત કરી લે છે.

(लाभते) પણ પામી લે છે. (પછી) (आचिरेण) વિલંબ ન કરીને તે (पराम) મહાન (ઈશ્વરનું) (शान्तिम) શાંતિ-સ્થાન (સ્વર્ગ) પણ (अधिगच्छति) પ્રાપ્ત કરી છે.

**ઈશ્વરની પ્રાર્થના ન કરનારાઓનો અંત કેવી રીતે થશે ?**

## ૪.૪૦

**अज्ञः च अश्रदधानः च संशय आत्मा विनश्यति ।**
**न अयम् लोकः अस्ति न परः न सुखम् संशय आत्मनः ।।४०।।**

તે જેને ઈશ્વરીય ગ્રંથનું જ્ઞાન પ્રાપ્ત નથી, અને (તે) જેની ઈશ્વરમાં શ્રદ્ધા નથી અને એ લોકો જેઓ ઈશ્વર અને તેના અવતરિત જ્ઞાનમાં સંદેહ (શંકા) કરે છે તેમનો વિનાશ થશે. આવા સંદેહ કરનારા લોકોનું ન આ લોક (પૃથ્વી)માં (ભલું થશે), ન અન્ય લોક (માં ભલું થશે) (અને તેમને ન ક્યાંય સુખ મળશે.

(अज्ञ) તે જેને ઈશ્વરીય ગ્રંથનું જ્ઞાન પ્રાપ્ત નથી, (च) અને (તે) (अश्रद्धानः) જેની ઈશ્વરમાં શ્રદ્ધા નથી (च) અને (संशय आत्मा) એ લોકો જેઓ ઈશ્વર અને તેના અવતરિત જ્ઞાનમાં સંદેહ (શંકા) કરે છે (विनश्यति) તેમનો વિનાશ થશે. (संशय आत्मनः) આવા સંદેહ કરનારા લોકોનું (न) ન (अयम लोक) આ લોક (પૃથ્વી)માં (ભલું થશે), (न परः) ન અન્ય લોક (માં ભલું થશે) (न सुखम्) (અને તેમને) ન ક્યાંય સુખ મળશે.

**દિવ્ય જ્ઞાન સંક્ષિપ્તમાં**

## ૪.૪૧

**योग संन्यस्त कर्माणम् ज्ञान सछिन्न संशयम् ।**
**आत्म-वन्तम् न कर्माणि निबध्नन्ति धनज्जय ।।४१।।**

હે અર્જુન ! જે ઈશ્વરથી જોડવાવાળી પ્રાર્થના કરે છે, જે પોતાના સત્કર્મો (ના ફળને) છોડી દે છે, જે જ્ઞાનના પ્રકાશથી પોતાની શંકાને દૂર કરે છે, ઈશ્વરમાં દૃઢ શ્રદ્ધાવાળા આવા વ્યક્તિ કર્મોથી બંધાયેલો રહેતો નથી.

(धनज्जय) હે અર્જુન ! (योग) જે ઈશ્વરથી જોડવાવાળી પ્રાર્થના કરે છે, (कर्मणाम्) જે પોતાના સત્કર્મો (ના ફળને) (संन्यस्त) છોડી દે છે, (ज्ञान) જે જ્ઞાનના પ્રકાશથી (संशयम्) પોતાની શંકા (સંદેહ)ને (सदिच्छन्न) દૂર કરે છે, (आत्म-वक्तम्) ઈશ્વરમાં દૃઢ શ્રદ્ધાવાળો આવો વ્યક્તિ (कर्माणि निबध्नान्ति) કર્મોથી બંધાયેલો રહેતો નથી.

---

નોંધ ૪.૩૯ : (ઈશ્વરે) રસૂલ (પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.)ને મોકલેલ છે) જેઓ તમને (માનવ-જાતિને) ઈશ્વરની સ્પષ્ટ આયતો (આદેશો) વાંચીને સંભળાવે છે, જેથી તે એ લોકોને, જેઓ ઈશ્વરમાં શ્રદ્ધા રાખે છે અને જેમણે સારા કર્મો કર્યા, (તેમને) અંધકારો (અજ્ઞાનતા)માંથી કાઢીને પ્રકાશ તરફ લઈ આવે. જે કોઈ ઈશ્વરમાં શ્રદ્ધા રાખશે અને સારા કર્મો કરશે, તેને તે (ઈશ્વર) એવા બાગોમાં (સ્વર્ગમાં) પ્રવેશ આપશે જેના નીચે નહેરો વહી રહી હશે. આવા લોકો તેમાં હંમેશા રહેશે. ઈશ્વરે તેમના માટે ઉત્તમ રદજી (આજીવિકા) રાખી છે. (સૂરઃ અત્-તલાક, ૬૫, આયત ૧૧)

## ૪.૪૨

**तस्मात् अज्ञान-सम्भूतम् हृत्सथम् ज्ञान आसिना आत्मनः।**
**छित्वा एनम् संशयम् योगम् अतिष्ठ उत्तिष्ठ भारत ।।४२।।**

આ કારણે હે અર્જુન ! અજ્ઞાનના કારણે હૃદયમાં જે સંશય (સંદેહ) જન્મ લે છે, તેમને આ ઈશ્વરના જ્ઞાનની તલવારથી કાપી નાખો. ઈશ્વરની પ્રાર્થનામાં સ્થિત રહો અને (યુદ્ધ માટે) ઊભા થઈ જાઓ.

(तस्मात्) આ કારણે (भारत) હે અર્જુન ! (अज्ञान) અજ્ઞાનના કારણે (हृत्सथम) હૃદયમાં જે (संशयम) સંશય (સંદેહ) (सम्भूतम्) જન્મ લે છે, તેમને (एनम्) આ (आत्मनः) ઈશ્વરના (ज्ञान) જ્ઞાનની (आसिना) તલવારથી (छित्वा) કાપી નાખો. (योगम्) ઈશ્વરની પ્રાર્થનામાં (अतिष्ठ) સ્થિત રહો અને (उत्तिष्ठ) (યુદ્ધ માટે) ઊભા થઈ જાઓ.

---

**નોંધ ૪.૪૦ :** ઈશ્વર પવિત્ર કુર્આનમાં કહ્યું, ''શું મેં તમને આદેશ આપ્યો ન હતો કે હે આદમની સંતાન ! તમે શૈતાનની બંદગી (ઉપાસના) ન કરો, નિશ્ચિતપણે તે તમારો ખુલ્લો દુશ્મન છે, અને એ કે મારી જ બંદગી કરો. આ જ સીધો માર્ગ છે, અને તેણે તો તમારામાંથી એક મોટા સમૂહ (સમુદાય)ને ગુમરાહ (પથભ્રષ્ટ) કરી નાખ્યો છે. શું તમે બુદ્ધિ રાખતા ન હતા ?''
''આ એ જ નર્ક છે, જેની તમને ધમકી આપવામાં આવતી હતી. તમે જે એક ઈશ્વરમાં શ્રદ્ધા રાખી ન હતી, તો તેના બદલામાં આજે આ નર્કનું ઈંધણ બનો.'' (સૂરઃ યા-સીન, ૩૬, આયત ૬૦-૬૪)

---

**નોંધ ૪.૪૧ :** પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.)એ કહ્યું, ''મારા અનુયાયીઓમાંગી સિત્તેર હજાર અનુયાયીઓ કર્મોનો ઈશ્વરને હિસાબ આપ્યા વગર સ્વર્ગમાં જશે. આ એ લોકો છે, જેમનો ઈશ્વરમાં દઢ વિશ્વાસ છે.'' (હદીસ : મુસ્લિમ, અહમદ)

---

**નોંધ ૪.૪૨ :** કર્મોથી ન બંધાવાના બે અર્થ હોઈ શકે છે :

૧) તેના બધા અનિવાર્ય કર્તવ્યો પૂરા થઈ જાય છે અને તે કર્મના બંધનમાંથી મુક્ત થઈ જાય છે.

૨) સ્વર્ગમાં જતા પહેલા જ્યારે કર્મોની તપાસ થશે, ત્યારે તેના કોઈ કર્મો તેને નહીં બાંધે. તે સફળતાપૂર્વક પોતાના કર્મોની તપાસ કરાવીને સ્વર્ગમાં પ્રવેશ કરશે.

આ શ્લોકને બરાબર સમજવા માટે નોંધ નં. N-૧૧ નું અધ્યયન કરો.

(અધ્યાય—૫)

# કર્મ સંન્યાસ યોગ

## પરિચય

● આ પ્રકરણનું નામ છે કર્મ સંન્યાસ યોગ. આ પ્રકરણમાં બે પ્રકારના કર્મોનું વર્ણન છે.

૧. — કર્મ યોગ, ૨. — કર્મ સંન્યાસ

● કર્મ યોગ : આ એ કર્મ છે, જેનાથી મનુષ્ય વ્યક્તિગત સ્તરે ઈશ્વરથી નિકટ થાય છે, જોડાય છે. ઈશ્વરની કૃપા-દષ્ટિ પ્રાપ્ત કરે છે, અને પોતાના અનિવાર્ય કર્તવ્યોને પૂરા કરે છે.

● કર્મ સંન્યાસ : આ એ કર્મ છે જે મનુષ્ય માનવ-સમાજના કલ્યાણ માટે કરે છે. સંન્યાસનો અર્થ છે છોડી દેવું. તો કર્મ સંન્યાસ એવા કર્મો છે જેના ફળને છોડી દેવામાં આવે છે, અથવા એવા કર્મો જે નિઃસ્વાર્થ કરવામાં આવે છે, કેમ કે જન-કલ્યાણના કર્મોથી કોઈ વ્યક્તિગત લાભ થતો નથી.

● આ પ્રકરણમાં કહેવામાં આવ્યું છે કે કર્મ સંન્યાસથી કર્મ યોગ શ્રેષ્ઠ છે, કેમ કે જ્યારે મનુષ્ય વ્યક્તિગત સ્તરે ઈશ્વરની પ્રાર્થના નિયમિતરૂપે કરતો હશે અને પોતાના અનિવાર્ય કર્તવ્યોને પૂરા કરતો હશે તો જ તેના માટે ઈશ્વરને પ્રસન્ન કરીને જન-કલ્યાણના કર્મ કરવા સરળ થઈ જશે.

● આ પ્રકરણમાં કર્મ યોગી અને કર્મ સંન્યાસીના ગુણોનું વર્ણન છે, જેથી મનુષ્ય પોતાનામાં ચિંતન-મનન કરે અને જો કોઈ ગુણ નથી તો તેને પોતાનામાં ઉત્પન્ન કરે.

● અંતે આ કર્મોને કરવાથી જે ફળ મળે છે તેનું વર્ણન છે, અને એ કર્મ-ફળ છે સ્વર્ગ.

## સારાંશ

● શ્લોક નં. ૫.૨ થી ૫.૬ સુધી કર્મ યોગ અને કર્મ સંન્યાસનો પરિચય છે, અને અંતે કહેવામાં આવ્યું છે કે કર્મયોગ કરવાવાળાઓ માટે કર્મ સંન્યાસ સરળ હશે.

● શ્લોક નં. ૫.૪ અને ૫.૫માં કર્મ સંન્યાસને સાંખ્ય કહેવામાં આવેલ છે. સાંખ્યનો અર્થ છે વિશ્લેષણ કરવું. જ્યારે વ્યક્તિ દિવ્ય જ્ઞાનનું વિશ્લેષણ કરે છે તો જ તે કર્મ સંન્યાસ માટે પ્રેરિત થાય છે. ઉદાહરણ રૂપે શ્લોક નં. ૫.૧૮નો અર્થ છે એ વ્યક્તિ જે દિવ્ય જ્ઞાનને સંપૂર્ણપણે જાણે છે, અને જે મૃદુ સ્વભાવનો છે તે બ્રાહ્મણ, ગાય, હાથી, કુતરો અને કૂતરાને ખાવાવાળા અને જ્ઞાની પંડિતને પણ એક દષ્ટિએ જુએ છે.

જ્યાં સુધી મનુષ્યના મનમાં આ શ્લોક અનુસાર ભાવના નહીં હોય. તે જાતિવાદ અને છૂતછાતથી ઉપર ઉઠીને બધા પ્રાણીઓની એક સમાન સેવા નહીં કરે.

● શ્લોક નં. ૫.૬ થી ૫.૧૪ સુધી કર્મ યોગીઓના ગુણોનું વર્ણન છે.

● શ્લોક નં. ૫.૧૬ માં ભગવદ્ ગીતાના મહત્ત્વનું વર્ણન છે.

● મનુષ્યએ પોતાના અંદર ચિંતન-મનન કરવું જોઈએ અને કર્મ-યોગી તથા કર્મ-સંન્યાસીના જે ગુણો તેનામાં નથી તેણે પોતાના અંદર ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

● અંતે શ્લોક નં. ૫.૨૬ થી ૫.૨૯ સુધી કર્મ-યોગી અને કર્મ-સંન્યાસીઓને મળવાવાળા બદલાનું વર્ણન છે, અને તે છે સ્વર્ગ.

## પ્રકરણ

### ૫.૧

अर्जुन उवाच,
**संन्यासम् कर्मणाम् कृष्ण पुनः योगम् भ शंससि ।**
**यत् श्रेषयः एतयोः एकम् तत् मे बृहि सु-निश्चितम् ।।१।।**

અર્જુને કહ્યું, હે કૃષ્ણ ! તમે કર્મોને નિઃસ્વાર્થરૂપે કરવાનું કહો છો અને પછી પ્રાર્થના દ્વારા ઈશ્વર સાથે જોડાવાની પ્રશંસા કરો છો. આ બંને સાધનોમાં જે એક નિશ્ચિતરૂપે શ્રેષ્ઠ છે તેને મારા માટે કહો.

(अर्जुन उवाच) અર્જુને કહ્યું (कृषण) હે કૃષ્ણ ! (कर्मणाम्) કર્મોને (संन्यासाम्) નિઃસ્વાર્થરૂપે કરવાનું કહો છો, (च) અને (पुनः) પછી (योगम्) પ્રાર્થના દ્વારા ઈશ્વરથી જોડાવાની (शंससि) પ્રશંસા કરો છો (एतयो) આ બંને સાધનોમાં (यत) જે (एकम्) એક (सुनिश्चितम्) નિશ્ચિતરૂપે (श्रेय) શ્રેષ્ઠ છે (तत्) તેને (मे) મારા માટે (बृहि) કહો.

**કર્મ યોગ શ્રેષ્ઠ છે**

### ૫.૨

**श्री भगवान उवाच,**
**संन्यासः कर्मयोगः च निःश्रेयस-करौ-उभौ ।**
**तयोः तु कर्म-संन्यासात् कर्म-योगः विशिष्यते ।।२।।**

ઈશ્વરે કહ્યું, સંન્યાસ યોગ અને કર્મ યોગ એ બંનેય કલ્યાણ કરવાવાળા છે. પરંતુ આ બંનેમાંથી સંન્યાસ યોગથી કર્મ યોગ શ્રેષ્ઠ છે.

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું, (संन्यासः) સંન્યાસ યોગ (च) અને (कर्मयोग) કર્મયોગ (उभौ) આ બંનેય (निः श्रेयस-सकरौ) કલ્યાણ કરવાવાળા છે, (तु) પરંતુ (तयो) આ બંનેમાંથી (कर्मसंन्यासात) સંન્યાસ યોગથી (कर्मयोग) કર્મયોગ (विशष्यते) શ્રેષ્ઠ છે.

### ૫.૩

**ज्ञेयः सः नित्य संन्यासी यः न द्वेष्टिन काङ्क्षति ।**
**निरर्द्वन्द्वः हि महाबाहो सुखम् बन्धातु प्रमुच्यते ।।३।।**

હે અર્જુન ! એ વ્યક્તિને હંમેશા સંન્યાસી સમજવો જોઈએ (જે) ન (કોઈનાથી) દ્વેષ રાખે છે (અને) ન (કોઈનાથી) આશા રાખે છે, (અને) જે સુખ-દુઃખમાં સંયમ રાખે છે, નિઃસંદેહ તે અનિવાર્ય કર્તવ્યો પૂરા કરીને તેમના બંધનથી મુક્ત થઈ જાય છે અને સુખી રહે છે.

(महाबाहो) હે અર્જુન ! (सः) એ વ્યક્તિને (नित्य) હંમેશા (संन्यासी) સંન્યાસી (ज्ञेय) સમજવો જોઈએ, (न) (જે) ન (द्वेष्टि) (કોઈનાથી) દ્વેષ રાખે છે, (અને) (न) ન (કોઈનાથી) (काङ्क्षति) આશા રાખે છે, (અને) (निर्द्वन्द्व) જે સુખ-દુઃખમાં સંયમ રાખે છે. (हि) નિઃસંદેહ (बन्धात्) તે અનિવાર્ય કર્તવ્યો પૂરા કરીને તેમના બંધનથી (प्रमुच्यते) મુક્ત થઈ જાય છે (सुखम्) અને સુખી રહે છે.

## ૫.૪

**सांख्य योगौ पृथक बालाः प्रवदन्ति न पण्डिताः ।**
**एकम् अपि आस्थितः सम्यक उभयोः विन्दते फलम् ।।४।।**

મૂર્ખ લોકો સંન્યાસ યોગ અને કર્મ યોગને અલગ-અલગ કહે છે. (પરંતુ) જ્ઞાનીઓ (આવું) નથી (કહેતા). (વાસ્તવમાં) બંનેના એ જ ફળ (પરિણામ) છે જે કોઈ એકને સારી રીતે કરવાથી મળે છે.

(बालाः) મૂર્ખ લોકો (सांख्य) સંન્યાસ યોગ (योगौ) અને કર્મ યોગને (पृथक) અલગ-અલગ (प्रवदन्ति) કહે છે. (पण्डिता) (પરંતુ) જ્ઞાનીઓ (આવું) (न) નથી (કહેતા). (उभयो) (વાસ્તવમાં) બંનેના (अपि) એ જ (फलम्) ફળ (પરિણામ) છે જે (आस्थित) કોઈ એકને (सम्यक) સારી રીતે કરવાથી (विद्वते) મળે છે.

## ૫.૨

**यत् सांख्यैः प्राप्यते स्थानम् तत् योगैः अपि गम्यते ।**
**एकम् सांख्यम् च योगम् च यः पश्यति सः पश्यति ।।५।।**

જે આધ્યાત્મિક સ્થાન સંન્યાસ યોગને કરવાથી મળે છે, કર્મયોગથી પણ એ જ આધ્યાત્મિક સ્થાન પ્રાપ્ત થાય છે. તે જે સંન્યાસ યોગ અને કર્મ યોગને એક સમાન જ જુએ છે (સમજે છે કે) એ જ (ધાર્મિક સત્ય અને તથ્યને સાચા દૃષ્ટિકોણથી) જુએ છે.

(यत) જે (स्थानम्) આધ્યાત્મિક સ્થાન (सांख्यै) સંન્યાસ યોગને કરવાથી (प्राण्यते) મળે છે, (योगै) કર્મયોગથી (अपि) પણ (तत्) એ જ (गम्यते) આધ્યાત્મિક સ્થાન પ્રાપ્ત થાય છે. (यः) તે જે (सांख्यम) સંન્યાસ યોગ (च) અને (योगम्) કર્મ યોગને (एकम्) એક સમાન જ (पश्यति) જુએ છે (સમજે છે) (सः) એ જ (ધાર્મિક સત્ય અને તથ્યને સાચા દૃષ્ટિકોણથી) (पश्यति) જુએ છે.

**કર્મ યોગનું મહત્ત્વ**

## ૫.૬

**संन्यास तु महाबाहो दुःखम् आप्तुम् अयोगतः ।**
**योग-युक्तः मुनिः ब्रहा न चिरेण अधिगच्छति ।।६।।**

પરંતુ હે અર્જુન ! સંન્યાસ યોગ કર્મ યોગ વગર સિદ્ધ થવું કઠિન છે. ભલા વ્યક્તિ જે ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલો છે, તે વિલંબ કર્યા વગર (તરત જ) ઈશ્વરના આશીર્વાદને પ્રાપ્ત કરી લે છે.

(तु) પરંતુ (महाबाहो) હે અર્જુન ! (संन्यास) સંન્યાસ યોગ (अयोगता) કર્મ યોગ વગર (आप्तुम) સિદ્ધ થવું (दुःखम) કઠિન છે. (मुनि) ભલો વ્યક્તિ જે ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલો છે, (न चिरेण) તે વિલંબ કર્યા વગર (તરત જ) (ब्रहा) ઈશ્વરના આશીર્વાદને (अधिगच्छांत) પ્રાપ્ત કરી લે છે.

---

**નોંધ ૫.૫ :** (જે વ્યક્તિ નિયમિત રૂપે ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલો રહે છે, તેના માટે સમાજ-સેવા કરવી પણ સરળ હશે. તે જેને પોતાની મુક્તિની ચિંતા ન હોય તે સમાજના સુખ-શાંતિની શું ચિંતા કરશે ? આ કારણે જે કર્મ યોગ કરે છે તેના માટે સંન્યાસ યોગ સરળ હો છે.)

- સાંખ્ય અને સંન્યાસ યોગમાં શું સંબંધ છે ? સાંખ્ય યોગથી આપણે ઈશ્વર, પ્રકૃતિ, માનવ-સમાજને સમજીએ છે. જ્યારે આપણે સમજીશું કે આ સંસાર ઈશ્વરનો પરિવાર છે ત્યારે જ આપણે જન-કલ્યાણના કર્મ કરીશું, અને સંન્યાસ યોગ વાસ્તવમાં જન-કલ્યાણનું કર્મ જ છે.

## ૫.૭

**योग-युक्तः विशुद्ध-आत्मा विजित-आत्मा जिन-इन्द्रियः ।
सर्व-भूत आत्म-भूत-आत्मा कुर्वन् अपि न लिप्यते ।।७।।**

એ જે ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલો છે, તે જેના વિચારો પવિત્ર છે, તે જેણે પોતાની ઈચ્છા (મન)ને વશમાં કરી લીધી છે, તે જેણે પોતાની ઈન્દ્રિયોને વશમાં કરી લીધી છે, (તે જેનો વિશ્વાસ છે કે) મનુષ્યનો ઈશ્વર જ બધા પ્રાણીઓનો ઈશ્વર છે, નિઃસંદેહ (એ વ્યક્તિ સંસારના બધા) કર્મો કરે છે, (પરંતુ) (પાપમાં) લિપ્ત નથી થતો. (પાપમાં ફસાતો નથી.)

(योग-युक्त) એ જે ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલો છે, (विशुद्ध-आत्मा) તે જેના વિચારો પવિત્ર છે, (विजित-आत्मा) તે જેણે પોતાની ઈચ્છા (મન)ને વશમાં કરી લીધી છે, (जित-इन्द्रिया) તે જેણે પોતાની ઈન્દ્રિયોને વશમાં કરી લીધી છે, (भूत-आत्मा) (તે જેનો વિશ્વાસ છે કે) મનુષ્યનો ઈશ્વર જ (सर्व-भूत-आत्मा) બધા પ્રાણીઓનો ઈશ્વર છે, (अपि) નિઃસંદેહ (कुर्वन) (એ વ્યક્તિ સંસારના બધા) કર્મો કરે છે, (પરંતુ) (न-लिप्यते) (પાપમાં) લિપ્ત નથી થતો. (પાપમાં ફસાતો નથી.)

## ૫.૮/૫.૯

**न एव किञ्चत् करोमि इति युक्तः मन्येत तत्त्ववित्त ।
पश्यन् शृण्वन स्पृशन जिघ्रन अश्नन् गच्छन् स्वपन् श्वसन् ।।८।।**

**प्रलपन् विसृजन् गृह्णन् उन्मिषन् निमिषम् अपि ।
इन्द्रियाणि इन्द्रिय-अर्थेषु वर्तन्ते इति धारयन् ।।८।।**

ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલો વ્યક્તિ દેખતો, સાંભળતો, સ્પર્શ કરતો, સુંઘતો, ખાતો, ચાલતો, ઊંઘતો, શ્વાસ લેતો, બોલતો, આપતો, લેતો, (આંખ) ખોલતો, આંખ બંધ કરતો, વિચારતો, નિઃસંદેહ તે આ સત્યને જાણે છે કે હું નિઃશંક કંઈ નથી કરતો. પરંતુ આનંદ કરવાની ઈચ્છા આનંદ કરવાની વસ્તુને પામવામાં લાગેલી છે. આ રીતે તેને વિશ્વાસ છે.

(શ્લોક નં. ૧૫.૭ ને વાંચો તો આ શ્લોક સમજમાં આવશે.)

(युक्त) ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલો વ્યક્તિ (पश्यन) દેખતો, (शृण्वन) સાંભળતો, (स्पृशन) સ્પર્શ કરતો, (जिघ्रन) સુંઘતો, (अश्नन्) ખાતો, (गच्छन) ચાલતો, (स्वपन) ઊંઘતો, (श्वसन) શ્વાસ લેતો, (प्रलपन) બોલતો, (विसृजन) આપતો, (गृहणन) લેતો, (उन्यिषन) (આંખ) ખોલતો, (निमिषन) (આંખ) બંધ કરતો, (मन्यते) વિચારતો, (एव) નિઃસંદેહ (तत्त्ववित्त) તે આ સત્યને જાણે છે કે (न एव किञ्चत) હું નિઃશંક કંઈ નથી (करोमि) કરતો. (अपि) પરંતુ (इन्द्रियाणि) આનંદ કરવાની ઈચ્છા (इन्द्रिय अर्थेषु) આનંદ કરવાની વસ્તુને (वर्तन्ते) પામવામાં લાગેલી છે. (इति) આ રીતનો તેને (धारभत्) વિશ્વાસ છે.

(શ્લોક નં. ૫.૧૦ માં પણ આવું જ કથન છે.)

## ૫.૧૦

**ब्रह्मणि आधाय कर्माणि सङ्म् त्यक्त्वा करोति यः ।
लिप्यते न सः पापेन पदम्-पत्रम् इव अम्भसा ।।१०।।**

તે (જેણે) પોતાના તમામ કર્મો ઈશ્વરને અર્પણ કરી દીધા છે, (અને) ઈશ્વરની પ્રાર્થનાની સાથે કોઈ અન્યની

(યઃ) તે (જેણે) (कर्मणि) પોતાના તમામ કર્મો (ब्रह्मणि) ઈશ્વરને (आधाय) અર્પણ કરી દીધા છે, (અને) (संगम) ઈશ્વરની પ્રાર્થનાની સાથે કોઈ અન્યની ઉપાસનાને

ઉપાસનાને છોડીને સત્કર્મ કરે છે. તેઓ લિપ્ત નથી થતા (ફસાતા) પાપોમાં, જે રીતે કમળનું પાંદડું (બચીને રહે છે) પાણીથી.

(त्यकत्वा) છોડીને સત્કર્મ કરે છે. (सः) તેઓ (न) નથી (लिप्यते) લિપ્ત (ફસાતા) થતા (पापेन) પાપોમાં, (इव) જે રીતે (पदम-पत्रम्) કમળનું પાંદડું (બચીને રહે છે) (अम्मसा) પાણીથી.

## ૫.૧૧

**कायेनः मनसा बुद्धय कैवलैः इन्द्रियैः अपि ।**
**योगिनः कर्म कुर्वन्ति सहम् त्यकत्वा आत्म शुद्धये ।।११।।**

(તે જેણે) છોડી દીધી છે એક ઈશ્વરની પ્રાર્થનાની સાથે કોઈ અન્યની પ્રાર્થનાને, માત્ર (એ જ) (એક ઈશ્વરની) પ્રાર્થના કરવાવાળો, પવિત્ર શરીર, મન વિચાર, ઇચ્છાઓ (અને) આત્મા (ની સાથે) સત્કર્મ કરી શકે છે.

(त्यक्त्वा) (તે જેણે) છોડી દીધી છે (संगम) એક ઈશ્વરની પ્રાર્થનાની સાથે કોઈ અન્યની પ્રાર્થનાને, (केवलै) માત્ર (એ જ) (योगिन) (એક ઈશ્વરની) પ્રાર્થના કરવાવાળો, (शुद्धये) પવિત્ર (कार्यन) શરીર, (मनसा) મન (बदया) વિચાર, (इन्द्रियै) ઇચ્છાઓ (आत्मा) (અને) આત્મા (ની સાથે) (कर्म) સત્કર્મ (कुर्वन्ति) કરી શકે છે.

## ૫.૧૨

**युक्तः कर्म-फलम् त्यकत्वा शान्तिम् आप्नोति नैष्ठिकीम् ।**
**अयुक्तः कामकारेण फले सक्तः निबध्यते ।।१२।।**

ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલો વ્યક્તિ પોતાના સત્કર્મના ફળને છોડી દે છે, (અર્થાત્ સત્કર્મ નિઃસ્વાર્થભાવે કરે છે) અને શાંતિ પ્રાપ્ત કરે છે. સત્ય માર્ગથી ભટકેલો વ્યક્તિ જે ઈશ્વરની પ્રાર્થના નથી કરતો તે (માત્ર) મનના આનંદના કારણે (કર્મ કરે છે), અને બંધાયેલો રહે છે.

(અર્થાત્ તેના અનિવાર્ય કર્તવ્યો પૂરા નથી થતા.)

(युक्त) ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલો વ્યક્તિ (कर्म-फलम्) પોતાના સત્કર્મના ફળને (त्यकत्वा) છોડી દે છે, (અર્થાત્ સત્કર્મ નિઃસ્વાર્થભાવે કરે છે) (शान्तिम्) અને શાંતિ પ્રાપ્ત કરે છે. (वैष्ठिकम्) સત્ય માર્ગથી ભટકેલો વ્યક્તિ (अयुक्त) જે ઈશ્વરની પ્રાર્થના નથી કરતો તે (काम) (માત્ર) મનના આનંદના (कारणे) કારણે (કર્મ કરે છે), (निबध्यते) અને બંધાયેલો રહે છે.

---

**નોંધ ૫.૧૨ :** પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.)એ કહ્યું, ''ઈશ્વર કહી રહ્યો છે કે – હે મારા બંદાઓ (ભક્તો) ! મારી પ્રાર્થના માટે પોતાને (કામથી) મુક્ત કરી લો (સમય કાઢો), તો હું તને મનથી ધનવાન કરી દઈશ અને સરળ અને પવિત્ર જીવન આપીશ, અને જો તમે બેપરવાઈ કરી તો હું ન તારા હાથ ખાલી કરીશ અને ન તારી દરિદ્રતા દૂર કરીશ. (હાથ ખાલી ન કરવાનો અર્થ છે એ વ્યક્તિ હંમેશા વ્યસ્ત રહેશે, તેના પાસે ક્યારેય સમય નહીં હોય, અને તે હંમેશા પૈસા માટે પરેશાન રહેશે.'' (હદીસે કુદસી)

---

**નોંધ ૫.૧૨ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''જે કોઈ (વ્યક્તિ આ સંસાર અને જીવનમાં) શીઘ્ર મળવાવાળી વસ્તુ (કર્મ-ફળ)નો ઇચ્છુક હશે, તેને અમે આ જ (જીવન)માં શીઘ્ર આપી દઈએ છીએ, જે કંઈ આપવા માગીએ છીએ. પછી તેના માટે અમે નર્ક તૈયાર કરી રાખી છે, જેમાં તે ધિક્કારેલ અને તિરસ્કૃત થઈને પ્રવેશ કરશે, અને જે કોઈ (વ્યક્તિ) મૃત્યુ પછીના જીવનમાં સફળતાનો ઇચ્છુક હશે, અને તેના માટે પ્રયાસ કરે, જેવી કે તેની યોગ્યતા છે, અને તે એક ઈશ્વરમાં શ્રદ્ધાવાળો પણ છે, તો એવા લોકોના પ્રયાસોની કદર કરવામાં આવશે. (અર્થાત્ તેમનજે સ્વર્ગ મળશે.)'' (સૂરઃ બની ઇસરાઈલ, ૧૭, આયત ૧૮-૧૯)

## ૫.૧૩

**सर्व कर्माणि मनसा संन्यस्य आस्ते सुखम् वशी ।**
**नव-द्वारे पुरे देही न एव कुर्वन् न कायरन् ।।१३।।**

(ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલ વ્યક્તિ) દૃઢ સંકલ્પની સાથે એ બધા કર્મો જે નિષિદ્ધ (Prohibited) છે છોડી દે છે. પોતાને વશમાં રાખે છે, અને સુખથી રહે છે, (કારણ કે તે જાણે છે કે) આ શરીર જે નવ દ્વારવાળા નગર (શહેર) સમાન છે, ન તો એ કર્મ કરી શકે છે (અને) ન કોઈનાથી કરાવી શકે છે.

(ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલ વ્યક્તિ) (मनसा) દૃઢ સંકલ્પની સાથે (सर्व) એ બધા (कर्माणि) કર્મો જે નિષિદ્ધ (Prohibited) છે (संन्यस्य) છોડી દે છે. (वशी) પોતાને વશમાં રાખે છે, (सुखम्) અને સુખથી રહે છે, (કારણ કે તે જાણે છે કે) (देही) આ શરીર (नव-द्वार) જે નવ દ્વારવાળા (पुरे) નગર (શહેર) સમાન છે, (न एव) ન તો એ (कुर्वन) કર્મ કરી શકે છે (न) (અને) ન (कारयन) કોઈનાથી કરાવી શકે છે.

## ૫.૧૪

**न कर्तृत्वम् न कर्माणि लोकस्य सृजति प्रभुः ।**
**न कर्म-फल संयोगम् स्वभावः तु प्रवर्तते ।।१४।।**

લોકોને ન જ કર્મ (કરવાનો) (અને) ન જ કર્મ કરાવવાનો (અને) ન તો કર્મોના ફળ (આપવાનો) અધિકાર છે. (જો મનુષ્ય) પોતાના સ્વભાવને ઈશ્વરની ઇચ્છા (આદેશ) અનુસાર કરી લે તો (બધા કર્મો સાચી રીતે) થવા લાગે.

(लोकस्य) લોકોને (न) ન જ (कर्माणि) કર્મ (કરવાનો) (न) (અને) ન જ (कर्तृत्वम्) કર્મ કરાવવાનો (અને) (न) ન તો (कर्म-फल) કર્મોના ફળ (આપવાનો) (सृजति) અધિકાર છે. (स्वभावः) (જો મનુષ્ય) પોતાના સ્વભાવને (प्रभु) ઈશ્વરની ઇચ્છા (આદેશ) (संयोगम्) અનુસાર કરી લે (तु) તો (प्रवर्तते) (બધા કર્મો સાચી રીતે) થવા લાગે.

### ઈશ્વર કર્મોનો હિસાબ લેશે

## ૫.૧૫

**न आदत्ते कस्यचित् पापम् न च एव सु-कृतम् विभुः ।**
**अज्ञानेन आवृत्तम् ज्ञानम् तेन मुह्यन्ति जन्तवः ।।१५।।**

અજ્ઞાનતાએ (મનુષ્યના) જ્ઞાનને ઢાંકી લીધું છે, જેના કારણે મનુષ્ય મોહિત થઈ ગયો છે (ભ્રમમાં લે અને કલ્પના કરે છે કે) (એ) ઈશ્વર (જે સર્વવ્યાપી છે) (તે) ન (કોઈના) સારા કર્મોનો સ્વીકાર કરશે (અને)

(अज्ञानेन) અજ્ઞાનતાએ (ज्ञानम्) (મનુષ્યના) જ્ઞાનને (आवत्तम्) ઢાંકી લીધું છે, (तन) જેના કારણે (जन्तवः) મનુષ્ય (मुहानि) મોહિત થઈ ગયો છે (ભ્રમમાં છે અને કલ્પના કરે છે કે) (विभू) (એ) ઈશ્વર (જે સર્વવ્યાપી છે) (न) (તે) ન (કોઈના) (सुन्कृतम्) સારા કર્મો (आहते)

**નોંધ ૫.૧૪ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું, ''અમે સાંસારિક જીવનમાં તેમના (મનુષ્યોના) વચ્ચે તેમની રોજી (વેપાર, વ્યવસાય)ને વહેંચી દીધી છે અને અમે તેમાં એકને બીજા પર દરજ્જાઓ (સામાજિક પદ)માં ઉચ્ચતા પ્રદાન કરેલ છે, જેથી તેમાં એક-બીજાથી કામ લેતા રહે. (સૂરઃ અઝ્-ઝુખરુફ, ૪૩, આયત ૩૨) અર્થાત્ સમાજમાં જે વ્યક્તિ જે વેપાર-વ્યવસાય કે પદ પર છે તે બધું ઈશ્વરે જ નિશ્ચિત કરેલ છે. મનુષ્ય સ્વયં કંઈ કરી શકતો નથી.

**નોંધ ૫.૧૫ :** ''એ લોકો જેઓ અમારાથી (ઈશ્વરથી) મળવાની આશા નથી રાખતા અને સાંસારિક જીવન પર જ મોહિત થઈ ગયા અને તેના પર સંતુષ્ટ થઈ ગયા અને જેઓ અમારી નિશાનીઓ (આદેશો)થી બેપરવા છે, એવા લોકોનું ઠેકાણું આગ (નર્ક) છે, તેના બદલામાં જે તેઓ કર્મ કરતા રહ્યા.''(સુરઃ યૂનુસ,૧૧,આયત ૭-૮)

ન પાપોનો દંડ આપશે.

નો સ્વીકાર કરશે, (सः) અને (न) ન (लिप्यते) પાપોનો દંડ આપશે.

**ભગવદ્ ગીતાનું મહત્ત્વ**

## ૫.૧૬

**ज्ञानेन तु तत् अज्ञानम् येषाम् नाशितम् आत्मनः ।**
**तेषाम् आदित्य-वत् ज्ञानम् प्रकाशयति तत् परम् ॥१६॥**

પરંતુ એ (તમામ) મનુષ્યો, જેમના જ્ઞાનને અજ્ઞાનતાએ નષ્ટ કરી નાખ્યું છે, આ સાચું જ્ઞાન એ સૌથી શ્રેષ્ઠ ઈશ્વરને તેમના પર સૂર્યની જેમ પ્રકાશિત કરી દે છે.

(तु) પરંતુ (तत्) એ (તમામ) (आत्मन) મનુષ્યો, (येषाम) જેમના (ज्ञानेन) જ્ઞાનને (अज्ञानम्) અજ્ઞાનતાએ (नाशितम्) નષ્ટ કરી નાખ્યું છે, (ज्ञान) આ સાચું જ્ઞાન (तत्) એ (परम्) સૌથી શ્રેષ્ઠ ઈશ્વરને (तेषाम) તેમના પર (आदित्य-वत्) સૂર્યની જેમ (प्रकाशयति) પ્રકાશિત કરી દે છે.

## ૫.૧૭

**तत्-बुद्धयः तत्-आत्मानः तत्-निष्ठाः तत्-परायणाः ।**
**गच्छन्ति अपुनः -आवृत्तिम् ज्ञान निर्धूत कल्मषाः ॥१७॥**

(જે લોકોએ) જ્ઞાન દ્વારા એ ઈશ્વરથી પોતાની બુદ્ધિને જોડી રાખે છે, તે જેનું મન અને આત્મા ઈશ્વરની યાદમાં મગ્ન છે, તે જેની ઈશ્વરમાં શ્રદ્ધા છે, તે જેણે કેવળ ઈશ્વરનું શરણ લીધું છે, તેઓ પ્રાપ્ત કરે છે (સ્વર્ગ), જ્યાંથી કોઈ બીજી વાર પાછો નથી ફરતો, અને જ્યાં મનુષ્ય પાપ અને દુઃખોથી મુક્ત થઈ જાય છે.

(ज्ञान) (જે લોકોએ) જ્ઞાન દ્વારા (तत्) એ ઈશ્વરથી (बुद्धयः) પોતાની બુદ્ધિને જોડી રાખી છે, (तत-आत्मा) તે જેનું મન અને આત્મા ઈશ્વરની યાદમાં મગ્ન છે, (तत-निष्ठा) તે જેની ઈશ્વરમાં શ્રદ્ધા છે, (तत-परायणा) તે જેણે કેવળ ઈશ્વરનું શરણ લીધું છે, (गच्छन्ति) તેઓ પ્રાપ્ત કરે છે (સ્વર્ગ), (अ-पुनः) જ્યાંથી કોઈ બીજી વાર (आवृत्तिम) પાછો નથી ફરતો, (निर्धूत कल्मषा) અને જ્યાં મનુષ્ય પાપ અને દુઃખોથી મુક્ત થઈ જાય છે.

**દિવ્ય જ્ઞાનનું મહત્ત્વ**

## ૫.૧૮

**विद्या विनय सम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि ।**
**शुनि च एव श्वपाके च पण्डिताः सम-दर्शिनः ॥१८॥**

એ વ્યક્તિ જે દિવ્ય જ્ઞાનને સંપૂર્ણપણે જાણે છે, અને જે નરમ સ્વભાવનો છે, (તે) બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરો અને કૂતરો ખાવાવાળા અને જ્ઞાની પંડિતને પણ એક દષ્ટિથી જોયા છે.

(અર્થાત્, તમામ ઈશ્વરની રચના છે, અને સૌને જીવવાનો સમાન અધિકાર છે.

(विद्या) એ વ્યક્તિ જે દિવ્ય જ્ઞાનને (सम्पन्ने) સંપૂર્ણપણે જાણે છે, (विनय) અને જે નરમ સ્વભાવનો છે, (ब्राह्मणे) (તે) બ્રાહ્મણ, (गवि) ગાય, (हास्तानि) હાથી, (शुनि) કૂતરો (च) અને (श्वपाने) કૂતરો ખાવાવાળા (च) અને (पण्डिता) જ્ઞાની પંડિત (एव) ને પણ (सम-दर्शन) એક દષ્ટિથી જોયા છે.

---

**નોંધ ૫.૧૮ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''હે લોકો ! અમે તમને પેદા કર્યા એક પુરુષ અને સ્ત્રીથી, અને તમારી ઘણી જાતિઓ અને વંશ બનાવ્યા, જેથી તમે એક-બીજાને ઓળખી શકો. ઈશ્વરના ત્યાં તો તમારામાંથી સૌથી વધારે પ્રતિષ્ઠિત તે છે જે તમારામાં સૌથી વધારે ઈશ્વરથી ડરવાવાળો છે.'' (સૂરઃ અલ-હુજુરાત, ૪૯, આયત ૧૩)

## ૫.૧૯

**इह ए तैः जितः सर्गः येषाम् साम्ये स्थितम् मनः ।**
**निर्दोषम् हि समम् ब्रह्म तस्मात् ब्रह्मणि ते स्थिताः ।।१९।।**

તેઓ ઈશ્વરની શ્રદ્ધામાં દૃઢતાથી સ્થિત હતા. એ કારણે કે તેમણે આ જીવનમાં સમગ્ર સૃષ્ટિને જીતી. આ એ (લોકો હતા) જેમના મન દોષ (સંદેહ) વગર ઈશ્વરની જેમ સમાનતા અને ન્યાયના સિદ્ધાંત પર સ્થિત હતા.

(ते) તેઓ (ब्रह्माणि) ઈશ્વરની શ્રદ્ધામાં (स्थिता) દૃઢતાથી સ્થિત હતા (तस्मात) એ કારણે (तै) તેમણે (इह एव) આ જીવનમાં (सर्व) સમગ્ર સૃષ્ટિને (जिते) જીતી. (येषाम) આ એ (લોકો હતા) (मनः) જેમના મન (निदोषम) દોષ (સંદેહ) વગર (ब्रह्म) ઈશ્વર (समह)ની જેમ (सम्य) સમાનતા અને ન્યાયના સિદ્ધાંત પર (स्थिता) સ્થિત હતા.

**સુખ-શાંતિ કેવી રીતે પ્રાપ્ત કરે ?**

## ૫.૨૦

**प्रहृष्येत् प्रियम् प्राप्य न उद्धिजेत् प्राप्य च अप्रियम् ।**
**स्थिरबुद्धिः असम्मूढः ब्रह्म-वित् ब्रह्मणि स्थितः ।।२०।।**

(તે સાચો વ્યક્તિ) જેની બુદ્ધિ (એક ઈશ્વરની શ્રદ્ધા પર) સ્થિર છે, (જેને ઈશ્વરના આદેશોમાં કોઈ) સંદેહ નથી, જેને ઈશ્વરના આદેશોનું સંપૂર્ણ જ્ઞાન છે, જે ઈશ્વરના આદેશ-પાલન પર દૃઢતાથી સ્થિત છે, (તે) પ્રિય વસ્તુને પ્રાપ્ત કરીને ન વધારે પ્રસન્ન થાય છે, અને અપ્રિય વસ્તુ કે સ્થિતિ પ્રાપ્ત કરીને ન વધારે દુઃખી થાય છે.

(स्थिर-बुद्धि) (તે સાચો વ્યક્તિ) જેની બુદ્ધિ (એક ઈશ્વરની શ્રદ્ધા પર) સ્થિર છે, (असम्मूढ) (જેને ઈશ્વરના આદેશોમાં કોઈ) સંદેહ નથી, (ब्रह्म वित) જેને ઈશ્વરના આદેશોનું સંપૂર્ણ જ્ઞાન છે, (ब्रह्मस्थित) જે ઈશ્વરના આદેશ-પાલન પર દૃઢતાથી સ્થિત છે, (प्रियम) (તે) પ્રિય વસ્તુને (प्राप्य) પ્રાપ્ત કરીને (न) ન (प्रहष्यते) વધારે પ્રસન્ન થાય છે, (च) અને (अप्रियम) અપ્રિય વસ્તુ કે સ્થિતિ (प्राप्य) પ્રાપ્ત કરીને (उद्धिजते) ન વધારે દુઃખી થાય છે.

## ૫.૨૧

**ब्राह्म-स्पर्शेषु असक्त-आत्मा विन्दति आत्मनि यत् सुखम् ।**
**सः ब्रह्म-योग युक्त-आत्मा सुखम् अक्षयम् अश्नुते।।२१।।**

આનંદ આપવાવાળી પ્રાકૃતિક વસ્તુમાં રુચિ ન રાખવાવાળો વ્યક્તિ પોતાના અંદર જે સાત્વિક સુખ છે તેનો અનુભવ કરે છે. તે (વ્યક્તિ જે) ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલો છે (તે મૃત્યુ પછી પણ) અનંત સુખનો અનુભવ કરશે (આનંદ લેશે).

(ब्राह्म-स्पर्शेषु) આનંદ આપવાવાળી પ્રાકૃતિક વસ્તુમાં (असक्त-आत्मा) રુચિ ન રાખવાવાળો વ્યક્તિ (आत्मान) પોતાના અંદર (यत-सुखम्) જે સાત્વિક સુખ છે (विन्दति) તેનો અનુભવ કરે છે. (सः) તે (વ્યક્તિ જે) (ब्रह्म-योग) ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલો છે (તે મૃત્યુ પછી પણ) (अक्षयम) અનંત (सुखम्) સુખનો (अश्नुते) અનુભવ કરશે (આનંદ લેશે).

---

**નોંધ ૫.૧૯ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''ઈશ્વરે એ લોકોને જેઓ તમારામાંથી શ્રદ્ધા રાખે છે અને અનુકૂળ કર્મ કર્યા, એ વાયદો કર્યો છે કે તે તેમને ધરતીમાં સત્તાધિકારી બનાવશે, જે રીતે તે તેમનાથી પહેલાંના લોકોને સત્તાધિકારી બનાવી ચૂક્યો છે.'' (સૂરઃ અન્-નૂર, ૨૪, આયત ૫૫)

## ૫.૨૨

**ये हि संस्पर्श-जाः भोगाः दुःख योनयः एव ते ।**
**आदि अन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ।।२२।।**

નિઃસંદેહ જે આનંદ ઉત્પન્ન થાય છે (આનંદ આપવાવાળી વસ્તુઓથી) તે નિઃસંદેહ કારણ બને છે દુઃખનું પહેલા (અર્થાત્ પૃથ્વી-લોકના જીવનમાં) અને મૃત્યુ પછી આવવાવાળા જીવનમાં પણ. (આ કારણે) હે અર્જુન ! બુદ્ધિશાળી આ આનંદ આપવાવાળી વસ્તુઓથી રુચિ નથી રાખતા.

(हि) નિઃસંદેહ (ये) જે (भोगा) આનંદ (सस्पर्श-जा) ઉત્પન્ન થાય છે (આનંદ આપવાવાળી વસ્તુઓથી) (ते) તે (एव) નિઃસંદેહ (योनय) કારણ બને છે (दुःख) દુઃખનું (आदि) પહેલા (અર્થાત્ પૃથ્વી-લોકના જીવનમાં) (अन्तवन्त) અને મૃત્યુ પછી આવવાવાળા જીવનમાં પણ. (कौन्तेय) (આ કારણે) હે અર્જુન ! (बुधः) બુદ્ધિશાળી (तेषु) આ આનંદ આપવાવાળી વસ્તુઓથી (रमते) રુચિ (न) નથી રાખતા.

## ૫.૨૩

**शक्नोति इह एव यः सोढुम् प्राक् शरीर विमोक्षणात् ।**
**काम क्रोध उद्भवम् वेगम् सः युक्तः सः सुखी नरः ।।२३।।**

જે (વ્યક્તિ) આ શરીરનો ત્યાગ કરતાં પહેલાં આ (શરીરમાં) એ શક્તિઓને વશમાં કરવાની ક્ષમતા વિકસિત કરે છે, જે ઉત્પન્ન થાય છે ક્રોધથી, (અને) કામ-ભાવનાથી (આનંદ લેવાની ઇચ્છાથી), એ જ (વ્યક્તિ) સુખી વ્યક્તિ છે.

(यः) જે (વ્યક્તિ) (शरीर) આ શરીરનો (विमोक्षणात) ત્યાગ કરતાં (प्राक) પહેલાં (इह एव) આ (શરીરમાં) (वेमम्) એ શક્તિઓને (शोढुम) વશમાં કરવાની (शक्नोति) ક્ષમતા વિકસિત કરે છે, (उद्भवम्) જે ઉત્પન્ન થાય છે (क्रोध) ક્રોધથી, (અને) (काम) કામ-ભાવનાથી (આનંદ લેવાની ઇચ્છાથી), (सः) એ જ (વ્યક્તિ) (सुखी) સુખી વ્યક્તિ છે.

**સ્વર્ગ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ?**

## ૫.૨૪

**यः अन्तःीुखः अन्तः आरामः तथा अन्तः-ज्योतिः एव यः ।**
**सः योगी ब्रह्म-निर्वाणम् ब्रह्म-भूतः अधिगच्छति ।।२४।।**

એ (જે) મનની અંદરથી સુખી છે, જે અંદરથી સંતુષ્ટ છે અને જે અંદરથી દિવ્ય જ્ઞાનથી પ્રકાશિત છે, તે (વ્યક્તિ) ઈશ્વરની પ્રાર્થના કરવાવાળો છે. ભૂતકાળમાં (મૃત્યુના પશ્ચાત તે) ઈશ્વરના શાંતિના સ્થાન (સ્વર્ગ)ને પ્રાપ્ત કરી લેશે.

(यः) એ (જે) (अन्तःसुख) મનની અંદરથી સુખી છે, (अन्तः आराम) જે અંદરથી સંતુષ્ટ છે (तथा) અને (अन्तः ज्योति) જે અંદરથી દિવ્ય જ્ઞાનથી પ્રકાશિત છે, (एव) તે (વ્યક્તિ) (योगी) ઈશ્વરની પ્રાર્થના કરવાવાળો છે. (भूत) ભૂતકાળમાં (મૃત્યુના પશ્ચાત તે) (ब्रह्म निर्वाणम) ઈશ્વરના શાંતિના સ્થાન (સ્વર્ગ)ને (अधिगच्छति) પ્રાપ્ત કરી લેશે.

---

**નોંધ ૫.૨૧ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''સાંભળી લો ! ઈશ્વરની યાદ (સ્મરણ)થી હૃદયોને સંતોષ (શાંતિ) પ્રાપ્ત થાય છે.'' (સૂરઃ અર્-રઅદ, ૧૩, આયત ૨૮)

## ૫.૨૫

**लभन्ते ब्रह्म-निर्वाणम् ऋषयः क्षीण-कल्मषाः ।**
**छिन्न द्वैधाः यत-आत्मानः सर्वभूत हिते रताः ।।२५।।**

પવિત્ર અને પુણ્યશાળી જેના બધા પાપ નષ્ટ થઈ ગયા છે, જેના બધા સંશય દૂર થઈ ગયા છે, જેનું શરીર, મન, બુદ્ધિ અને ઇન્દ્રિય વશમાં છે, જે તમામ પ્રાણીઓની ભલાઈના કામમાં લાગેલો રહે છે, તે ઈશ્વરના સ્વર્ગને પ્રાપ્ત કરી લે છે.

(ऋषयः) પવિત્ર અને પુણ્યશાળી લોકો (क्षीण-कल्मषा) જેમના બધા પાપ નષ્ટ થઈ ગયા છે, (छिन्न द्वैधा) જેમના બધા સંશય દૂર થઈ ગયા છે, (यत-आत्मान) જેમનું શરીર, મન, બુદ્ધિ અને ઇન્દ્રિય વશમાં છે, (सर्व-भूत) જેઓ તમામ પ્રાણીઓની (हिते) ભલાઈના કામમાં (रताः) લાગેલા રહે છે, (ब्रह्म-निवार्णम्) તેઓ ઈશ્વરના સ્વર્ગને (लभन्ते) પ્રાપ્ત કરી લે છે.

## ૫.૨૬

**काम क्रोध विमुक्तानाम् यतीनाम् यत-चेतसाम् ।**
**अभितः ब्रह्म-निर्वाणम् वर्तते विदित-आत्मनाम् ।।२६।।**

પવિત્ર અને પૂજ્ય વ્યક્તિ (જેણે) કામ-ભાવના અને ક્રોધથી મુક્તિ પામી લીધી છે (પોતાની આ ભાવનાઓને વશમાં કરી લીધી છે) અને જેણે પોતાની ઇચ્છાઓને વશમાં કરી રાખી છે, અને જેણે પોતાની જાતને (પોતાના અસ્તિત્વમાં આવવાના કારણને) ઓળખી લીધેલ છે, તે ઈશ્વરના સ્વર્ગને પ્રાપ્ત કરશે.

(નોંધ : મનુષ્યના આ ધરતી પર જન્મ લેવાનો ઉદ્દેશ્ય ઈશ્વરની પ્રાર્થના જ છે.)

(यतीनाम) પવિત્ર અને પૂજ્ય વ્યક્તિ (જેણે) (काम) કામ-ભાવના અને (क्रोध) ક્રોધથી (विमुक्तानाम) મુક્તિ પામી લીધી છે (પોતાની આ ભાવનાઓને વશમાં કરી લીધી છે) (यत-चेतस्याम्) અને જેણે પોતાની ઇચ્છાઓને વશમાં કરી રાખી છે, (विदित-आत्मनाम्) અને જેણે પોતાની જાતને (પોતાના અસ્તિત્વમાં આવવાના કારણને) ઓળખી લીધેલ છે, (ब्रह्म-निवार्णम्) તે ઈશ્વરના સ્વર્ગને (वर्तते) પ્રાપ્ત કરશે.

## ૫.૨૭/૫.૨૮

**स्पर्शान कृत्वा बहिः बाह्यान् चक्षुः च एव अन्तरे भुवोः ।**
**प्राण-अपानौ समौ कृत्वा नास-अभ्यन्तर चारिणौ ।।२७।।**
**यत इन्द्रिय मनः बुद्धिः मुनिः मोक्ष परायणः ।**
**विगत इच्छा भय क्रोधः यः सदा मुक्त एव सः ।।२८।।**

(પવિત્ર વ્યક્તિ જે) બહારના બધા આનંદ કરવાના સ્રોત, સાધનો અને ભાવનાને બહાર કરે છે, અને નેત્રોની દૃષ્ટિને (ધ્યાનને) ભ્રમરો (Eyebrow) ની વચ્ચે (સ્થિત કરીને) નાકમાં ચાલવાવાળી અંદર અને

(बहि) (પવિત્ર વ્યક્તિ જે) બહારના (स्पर्शान्) બધા આનંદ કરવાના સ્રોત, સાધનો અને ભાવનાને (बाह्यान) બહાર (कृत्वा) કરે છે, (च) અને (चक्षु) નેત્રોની દૃષ્ટિને (ધ્યાનને) (भ्रुवो) ભ્રમરો (Eyebrow) ની (अन्तरे) વચ્ચે (સ્થિત કરીને) (नास-अभ्यन्तर) નાકમાં (चारिणौ) ચાલવાવાળી (प्राण-अपानौ) અંદર અને

---

**નોંધ ૫.૨૬ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''મેં તો જીન્નો અને મનુષ્યોને માત્ર એટલા માટે પેદા કરેલ છે કે તેઓ મારી બંદગી (ઉપાસના) કરે.'' (સૂરઃ અઝ્-ઝારિયાત, ૫૧, આયત ૫૬)

બહાર આવવા-જવાવાળા શ્વાસને બરાબર કરે છે. (અર્થાત્ પ્રાણાયામ કરે છે અથવા ધ્યાન કરે છે.) જે વશમાં રાખે છે પોતાના આનંદનો અનુભવ કરવાવાળા અંગોને, (અને) મન અને બુદ્ધિને (પોતાની ઈચ્છા અને વિચારને), એ વ્યક્તિ પવિત્ર અને પૂજ્ય વ્યક્તિ છે. તેના પાપોને ઈશ્વર ક્ષમા કરશે. જે વ્યક્તિ પોતાના આનંદના અનુભવ કરવાની ઈચ્છા, ડર, ક્રોધને વશમાં કરે છે, નિઃસંદેહ તે સદા માટે નર્કથી મુક્ત થઈ જાય છે.

નોંધ : મોક્ષનો એક અર્થ ઈશ્વર દ્વારા તમામ પાપદને માફ કરી દેવું પણ છે. શ્લોક નં. ૧૮.૬૬ માં આનું વર્ણન છે.

બહાર આવવા-જવાવાળા શ્વાસને (समौ) બરાબર (कृत्वा) કરે છે. (અર્થાત્ પ્રાણાયામ કરે છે અથવા ધ્યાન કરે છે.)

(यत) જે વશમાં રાખે છે (इन्द्रिय) પોતાના આનંદનો અનુભવ કરવાવાળા અંગોને, (मन-बुद्धि) (અને) મન અને બુદ્ધિને (પોતાની ઈચ્છા અને વિચારને), (मुनिः) એ વ્યક્તિ પવિત્ર અને પૂજય વ્યક્તિ છે. (मोक्ष परायण) તેના પાપોને ઈશ્વર ક્ષમા કરશે. (यः) જે વ્યક્તિ (इच्छा) પોતાના આનંદના અનુભવ કરવાની ઈચ્છા, (भय) ડર, (क्रोध) ક્રોધને (विगत) વશમાં કરે છે, (एव) નિઃસંદેહ (सः) તે (सदा) સદા માટે (मुक्त) નર્કથી મુક્ત થઈ જાય છે.

## ૫.૨૯

**भोक्तारम् यज्ञ तपसाम् सर्वलोक महा-ईश्वरम् ।**
**सुहृदम् सर्व भूतानाम् ज्ञात्वा माम् शांन्तिम् ऋच्छति।।२९।।**

એ ઈશ્વર જેના માટે બધી પ્રાર્થનાઓ અને તપસ્યાઓ કરવામાં આવે છે, તે જે મહાન ઈશ્વર છે સૌ લોકોનો, એ જે અત્યંત દયા કરવાવાળો છે તમામ પ્રાણીઓ પર, મને (અર્થાત્ ઈશ્વરને) જે આવો માને છે તે પ્રાપ્ત કરશે શાંતિના સ્થાન (સ્વર્ગ)ને.

(भोक्तारम्) એ ઈશ્વર જેના માટે બધી (यज्ञ) પ્રાર્થનાઓ અને (तपसाम्) તપસ્યાઓ કરવામાં આવે છે, તે જે (महा-ईश्वरम्) મહાન ઈશ્વર છે (सर्वलोक) સૌ લોકોનો, (सुहृदम्) એ જે અત્યંત દયા કરવાવાળો છે (सर्व भूतानाम्) તમામ પ્રાણીઓ પર, (माम) મને (અર્થાત્ ઈશ્વરને) (ज्ञात्वा) જે આવો માને છે (ऋच्छति) તે પ્રાપ્ત કરશે (शान्तिम्) શાંતિના સ્થાન (સ્વર્ગ)ને.

**નોંધ ૫.૨૭/૫.૨૭ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, તેઓ જેઓ અમારી આયતો પર ઈમાન લાવે (ઈશ્વરમાં શ્રદ્ધાને અપનાવી) અને આજ્ઞાંકિત રહે, (તેમને ઈશ્વર કહેશે) પ્રવેશ કરો સ્વર્ગમાં. તમે પણ અને તમારા જોડા પણ (અર્થાત્ પતિ-પત્ની) ખુશ થઈને. તેમના આગળ સુવર્ણ-થાળ અને પ્યાલાઓ ફેરવવામાં આવશે (સામે મૂકવામાં આવશે) અને ત્યાં એ બધું જ હશે જે હૃદયોને ગમે અને આંખો જેનાથી લિજ્જત મેળવે, અને તમે સ્વર્ગમાં હંમેશા રહેશો.'' ''આ સ્વર્ગ છે જેના તમે વારસ છો, એ સત્કર્મોના કદલામાં જે સત્કર્મો તમે કરતા રહ્યા, તમારા માટે ત્યાં પુષ્કળ સ્વાદિષ્ટ ફળો છે જેને તમે ખાશો.''

''નિઃસંદેહ ગુનેગાર લોકો હંમેશા નર્કની યાતનામાં રહેશે. તે (યાતના) ક્યારેક તેમના પરથી હળવી (ઓછી) નહીં થાય અને તેઓ તેમાં જ નિરાશ પડ્યા રહેશે. અમે તેમના પર કોઈ અત્યાચાર નથી કર્યો, બલ્કે તેઓ સ્વયં જ અત્યાચારી (પાપી) હતા. તેઓ પોકારશે, ''હે માલિક ! અમારા ઈશ્વર ! અમારું કામ જ તમામ કરી નાખ (અર્થાત્ અમને મોત આપી દે).'' ઈશ્વર કહેશે, ''તમારે તો આ સ્થિતિમાં રહેવાનું છે. નિશ્ચિતપણે અમે તમારા પાસે સત્ય લઈને આવ્યા છીએ, પરંતુ તમારા પૈકી મોટાભાગના લોકોને સત્ય પ્રિય નથી. (સૂરઃ અઝ્-ઝુખ્રુફ, ૪૩, આયત ૬૯-૭૮)

**નોંધ ૫.૨૯ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''તમારો ઈશ્વર એકલો ઈશ્વર છે, તેના સિવાય કોઈપણ પ્રાર્થનાને યોગ્ય નથી, ત કૃપાળુ અને દયાળુ છે.'' (સૂરઃ અલ-બકરહ, ૨, આયત ૧૬૩)

(અધ્યાય—૬)

# આત્મ સંયમ યોગ

## પરિચય

● પ્રકરણ નં. ૨ માં આપણે જાણ્યું કે આપણા શરીરમાં ઈશ્વર તરફથી એક રૂહ (આત્મા) છે, જે અમર છે. આ કારણસર મનુષ્યના મૃત્યુથી તેનો અંત થતો નથી.

● મનુષ્ય પોતાની ઈચ્છા અનુસાર જીવન વ્યતીત કરવા માટે સ્વતંત્ર નથી. તેના કેટલાક અનિવાર્ય કર્તવ્યો છે, જે તેણે પૂરા કરવા જ પડશે, અને કર્મોને સારી રીતે પૂરા કરવા માટે ઈશ્વરમાં શ્રદ્ધા સૌથી જરૂરી છે.

● પ્રકારણ નં. ૩ માં અનિવાર્ય કર્તવ્યો (કર્મબંધન)નું વિસ્તારથી વર્ણન છે.

● પ્રકરણ નં. ૪ માં દિવ્ય જ્ઞાનનું વર્ણન છે. જ્યારે દિવ્ય જ્ઞાન હશે તો જ અનિવાર્ય કર્તવ્યો બરાબર હશે.

● પ્રકરણ નં. ૫ માં અનિવાર્ય કર્મના બે ભાગ કર્યા. પહેલું વ્યક્તિગત જીવનથી સંબંધિત કર્મ-યોગ, બીજું સામાજિક જીવનથી સંબંધિત કર્મ સંન્યાસ.

● આ બંનેને પૂરા કરવા માટે ઈશ્વરમાં શ્રદ્ધા અને તેની પ્રાર્થના અતિ આવશ્યક છે.

**આ પ્રકરણ નં. ૬ માં આનું જ વર્ણન છે.**

આપણે કર્મ-યોગ અને કર્મ-સંન્યાસ, કામ-ભાવના અને પ્રબળ ઈચ્છાઓના કારણે કરી નથી શકતા. ઈશ્વરમાં ધ્યાન લગાવવાથી આપણે કામ-ભાવના અને ઈચ્છાઓને વશમાં કરી શકીએ છીએ. આ કારણસર આ પ્રકરણ નં. ૬ માં ધ્યાન-યોગનું વિગતવાર વર્ણન છે.

## સારાંશ

● કર્મ સંન્યાસ એ નિઃસ્વાર્થ જન-સેવાનું નામ છે. નિઃસ્વાર્થ સેવા કે ફળની આશા ન કરવી જ સંન્યાસ છે. શ્લોક નં. ૬.૧ થી ૬.૪માં સંન્યાસી વ્યક્તિ અને સંન્યાસના મહત્ત્વનું વર્ણન છે.

● કર્મ-યોગ અને કર્મ-સંન્યાસ કરવાના માર્ગ પર આપણું મન અને રજો-ગુણ અને તમો-ગુણવાળો આત્મા સૌથી મોટી રુકાવટ છે. શ્લોક નં. ૬.૫થી ૬.૭માં આનું જ વર્ણન છે.

● શ્લોક નં.૬.૮-૬.૯માં મન અને આત્માને વશમાં કરવાના મહત્ત્વનું વર્ણન છે.

● શ્લોક નં. ૬.૧૦થી ૬.૧૫ સુધી ધ્યાન લગાવવાની પદ્ધતિનું વર્ણન છે.

● શ્લોક નં. ૬.૧૬માં કોણ ધ્યાન નથી લગાવી શકતું તેની જાણકારી છે.

● શ્લોક નં. ૬.૧૭માં બધા કષ્ટોને દૂર કરવાનો ઉપાય છે.

● શ્લોક નં. ૬.૧૮ થી ૬.૨૨માં ધ્યાન યોગના લાભનું વર્ણન છે.

● શ્લોક નં. ૬.૨૩-૬.૨૪ માં કર્મ-યોગીઓ અને કર્મ-સંન્યાસીઓ માટે મહત્ત્વપૂર્ણ ઉપદેશો છે.

● શ્લોક નં.૬.૩૦ થી ૬.૩૨માં ધ્યાન યોગથી કર્મ-યોગી અને કર્મ-સંન્યાસીના સ્વભાવમાં જે બદલાવ આવે છે તેનું વર્ણન છે.

● શ્લોક નં. ૬.૩૩ થી ૬.૩૬માં ધ્યાન યોગ કરવામાં જે અવરોધો આવે છે તેનું વર્ણન છે.

● શ્લોક નં. ૬.૩૭ થી ૬.૪૩માં એ યોગી જે પોતાના કર્તવ્યને સારી રીતે પૂરું નથી કરી શકતો, મૃત્યુ પછી તેના સાથે શું થશે તેનું વર્ણન છે.

● શ્લોક નં. ૬.૪૬ અને ૬.૪૭માં કર્મ-યોગીના ઉચ્ચ સ્થાનનું વર્ણન છે.

---

## પ્રકરણ

**સાચો સંન્યાસી કોણ ?**

### ૬.૧

**श्री भगवान उवाच,**
**अनाश्तः कर्म-फलम् कार्यम् कर्म करोति यः ।**
**सः संन्यासी च योगी च न निः अग्निः न च अक्रियः ।।१।।**

ઈશ્વરે કહ્યું, જે (વ્યક્તિ) સત્કર્મને કર્તવ્ય સમજીને કરે છે, (અને) પોતાના સત્કર્મના ફળની આશા નથી રાખતો (અર્થાત્ કર્મોને નિઃસ્વાર્થભાવે કરે છે), એ જ વ્યક્તિ સંન્યાસી છે અને કર્મ-યોગી છે, અને ન તે વ્યક્તિ જે અગ્નિ (પર બનેલ ભોજન નથી ખાતો,) અને ન તે જે કોઈ કર્મ નથી કરતો (સાંસારિક જીવનને જેણે ત્યાગી દીધું હોય).

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું, (यः) જે (વ્યક્તિ) (कर्म) સત્કર્મને (कार्यम) કર્તવ્ય સમજીને (करोति) કરે છે, (कर्म) (અને) પોતાના સત્કર્મના (फलम्) ફળની (अनाश्रितः) આશા નથી રાખતો (અર્થાત્ કર્મોને નિઃસ્વાર્થભાવે કરે છે), (यः) એ જ વ્યક્તિ (संन्यासी) સંન્યાસી છે(च) અને (योगी) કર્મ-યોગી છે, (च) અને (न) ન તે વ્યક્તિ જે (निःअग्नि) અગ્નિ (પર બનેલ ભોજન નથી ખાતો,) (न च अक्रिय) અને ન તે જે કોઈ કર્મ નથી કરતો (સાંસારિક જીવનને જેણે ત્યાગી દીધું હોય).

### ૬.૨

**यम् संन्यासम् इति प्राहुः योगम् तम् विद्धि पाण्डव ।**
**न हि असंन्यस्त सङ्कल्पः योगी भवति कश्चन ।।२।।**

આ રીતે, હે અર્જુન ! જેને સંન્યાસ (નિઃસ્વાર્થ કર્મ કરવું) કહે છે, તેને જ ઈશ્વરની પ્રાર્થના સમજો. નિઃસંદેહ નિઃસ્વાર્થ કર્મ કરવાના સંકલ્પ વગર કોઈપણ કર્મ-યોગી બની શકતો નથી.

(इति) આ રીતે, (पाण्डव) હે અર્જુન ! (यम्) જેને (सन्यासम) સંન્યાસ (નિઃસ્વાર્થ કર્મ કરવું) (प्राहु) કહે છે, (तम्) તેને જ (योगम्) ઈશ્વરની પ્રાર્થના સમજો. (हि) નિઃસંદેહ (असन्यस्त सङ्कल्प) નિઃસ્વાર્થ કર્મ કરવાના સંકલ્પ વગર (कश्चन) કોઈપણ (योगी) કર્મ-યોગી (न) નથી બની શકતો.

---

**નોંધ ૬.૨ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''તમે ધાર્મિકતા (સચ્ચાઈ, righteousness)ના પદને નથી પહોંચી શકતા, જ્યાં સુધી કે પોતાની એ વસ્તુઓમાંથી ખર્ચ ન કરો, જે તમને પ્રિય છે, અને જે વસ્તુ પણ તમે ખર્ચ કરશો, તો ઈશ્વર તેને જાણવાવાળો છે.'' (સૂરઃ આલે-ઈમરાન, ૩, આયત ૯૨) (અર્થાત્ પોતાનો સમય અને પોતાનું ધન જે મનુષ્યને અત્યતં પ્રિય હોય છે, જ્યાં સુધી મનુષ્ય તેને નિઃસ્વાર્થભાવે ઈશ્વરની પ્રસન્નતા માટે ખર્ચ નહીં કરે, ત્યાં સુધી ઈશ્વરનો પ્રિય નહીં હોય.)

## ૬.૩

**आरुरुक्षोः मुनेः योगम् कर्म कारणम् उच्यते ।**
**योग आरुढस्य तस्य एव शमः कारणम् उच्यते ।।३।।**

ઈશ્વરે કહ્યું કે એ કર્મ જેનાથી વ્યક્તિ ઈશ્વરથી જોડાઈ જાય છે, (એ કર્મોના) કારણે તે પવિત્ર વ્યક્તિ ભક્તિના પહેલા ચરણમાં હોય છે. ઈશ્વરે કહ્યું કે ધૈર્ય, વાસનાઓ પર નિયંત્રણ, શાંત અને સંતુષ્ટ રહેવાના કારણે તે પવિત્ર વ્યક્તિ, નિઃસંદેહ ભક્તિના ઉચ્ચતમ ચરણમાં હોય છે.

(उच्यते) ઈશ્વરે કહ્યું કે (योगम् कर्म) એ કર્મ જેનાથી વ્યક્તિ ઈશ્વરથી જોડાઈ જાય છે, (कारणम्) (એ કર્મોના) કારણે (मुने) તે પવિત્ર વ્યક્તિ (आरुरुक्षो) ભક્તિના પહેલા ચરણમાં હોય છે. (उच्यते) ઈશ્વરે કહ્યું કે (शमः) ધૈર્ય, વાસનાઓ પર નિયંત્રણ, શાંત અને સંતુષ્ટ રહેવાના (कारणम्) કારણે (तस्य) તે પવિત્ર વ્યક્તિ, (एव) નિઃસંદેહ (योग) ભક્તિના (आरुढस्य) ઉચ્ચતમ ચરણમાં હોય છે.
નોંધ : 'शमः' નો અર્થ લખવાનો બાકી છે.

## ૬.૪

**यदा हि न इन्द्रिय-अर्थेषु न कर्मसु अनुषज्जते ।**
**सर्व-सङ्कल्प संन्यासी योग-आरुढः तदा उच्यते ।।४।।**

ઈશ્વરે કહ્યું કે જ્યારે સંન્યાસી એ વાતનો સંકલ્પ કરે છે કે ન (તો તે) આનંદનો અનુભવ કરાવનાર વસ્તુઓનો ઉપયોગ કરશે, (અને) ન બધા અનાવશ્યક કામ (કરશે), ત્યારે (એ વ્યક્તિ) ભક્તિના અંતિમ ચરણમાં હોય છે.

(उच्यते) ઈશ્વરે કહ્યું કે (यदा) જ્યારે (संन्यासी) સંન્યાસી (सङ्कल्प) એ વાતનો સંકલ્પ કરે છે કે (न) ન (તો તે) (इन्द्रिय-अर्थे षु) આનંદનો અનુભવ કરાવનાર વસ્તુઓનો ઉપયોગ કરશે, (न) (અને) ન (सर्व) બધા (अनुषज्जते) અનાવશ્યક (कर्मसु) કામ (કરશે), (तदा) ત્યારે (એ વ્યક્તિ) (योग आरुढ) ભક્તિના અંતિમ ચરણમાં હોય છે.

### મન અને આત્માને વશમાં કરવાનું મહત્ત્વ

## ૬.૫

**उद्धरेत् आत्मना आत्मानम् न आत्मानम् अवसादयेत् ।**
**आत्मा एव हि आत्मनः बन्धुः आत्मा एव रिपुः आत्मनः ।।५।।**

નિઃસંદેહ, મનુષ્યએ જોઈએ કે પોતાના આત્માને ઉપર ઉઠાવે (પવિત્ર કરે). મનુષ્યએ જોઈએ કે (પોતાના આત્માને) નીચેની તરફ ન લઈ જાય (અપવિત્ર ન કરે). આત્મા મનુષ્યની મિત્ર છે, અને આત્મા (ન) મનુષ્યનો શત્રુ પણ છે.

(हि) નિઃસંદેહ, (आत्मानम्) મનુષ્યએ જોઈએ કે (आत्मन) પોતાના આત્માને (उद्धरेत) ઉપર ઉઠાવે (પવિત્ર કરે). (आत्मानम्) મનુષ્યએ જોઈએ કે (अवसादयेत) (પોતાના આત્માને) નીચેની તરફ (न) ન લઈ જાય (અપવિત્ર ન કરે). (आत्मा) આત્મા (आत्मना) મનુષ્યનો (बन्धु) મિત્ર છે, (आत्मन) અને આત્મા (જ) (आत्मना) મનુષ્યનો (रिपुः) શત્રુ પણ છે.

---

અહીં 'આત્મા'નું વર્ણન છે. આત્મા અને રૂહમાં અંતર છે. રૂહ હંમેશા પવિત્ર રહે છે, જ્યારે કે આત્માની સ્થિતિ મનુષ્યના કર્મો અનુસાર હોય છે. નોંધ નં. N-૨ માં આનું વિગતવાર વર્ણન છે.

---

**નોંધ ૬.૫ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''સફળ થઈ ગયો (તે) જેણે આત્માને પવિત્ર રાખ્યો, અને નિષ્ફળ ગયો જેણે તેને દુષિત કર્યો.'' (સૂરઃ અસ્-શમ્સ, ૯૧, આયત ૯-૧૦)

## ૬.૬

**बन्धुः आत्मा आत्मनः तस्य येन आत्मा एव आत्मना जितः।**
**अनात्मनः तु शत्रुत्वे वर्तेत आत्मा एव शत्रु-वत् ।।६।।**

જે વ્યક્તિએ પોતાના આત્મા (ને) જીતી લીધો, તેના માટે તેનો આત્મા મિત્ર બની જાય છે. પરંતુ એ જ આત્મા એ વ્યક્તિનો, જેણે તેને વશમાં નથી કર્યો, શત્રુ બની જાય છે, અને નિઃસંદેહ હંમેશા શત્રુની જેમ વ્યવહાર કરે છે.

(येन) જે (आत्मनः) વ્યક્તિએ (आत्मा) પોતાના આત્મા (ને) (जितः) જીતી લીધો, (तस्य) તેના માટે (आत्मा) તેનો આત્મા (बन्धु) મિત્ર બની જાય છે. (तु) પરંતુ (आत्मा एव) એ જ આત્મા (आतमाना) એ વ્યક્તિનો, (अनात्मानः) જેણે તેને વશમાં નથી કર્યો, (शत्रुत्वे वर्तेत) શત્રુ બની જાય છે, (एव) અને નિઃસંદેહ (शत्रु-वत्) હંમેશા શત્રુની જેમ વ્યવહાર કરે છે.

## ૬.૭

**जित-आत्मनः प्रशान्तस्य परम-आत्मा समाहितः ।**
**शीत उष्ण सुख दुःखेषु तथा मान अपमानयोः ।।७।।**

તે જે આત્માને જીતી લે છે, તે શાંતિથી રહે છે, (અને) ઠંડી (ગરીબી), ગરમી (સમૃદ્ધિ) સુખ, દુઃખ, એ જ રીતે માન, અપમાન (માં પણ ) દઢતાથી ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલો રહે છે.

(जित आत्मनः) તે જે આત્માને જીતી લે છે, (प्रशान्तस्य) તે શાંતિથી રહે છે, (અને) (शीत) ઠંડી (ગરીબી), (उष्ण) ગરમી (સમૃદ્ધિ) (सुख) સુખ, (दुःख) દુઃખ, (तथा) એ જ રીતે (मान) માન, (अपमानयोः) અપમાન (માં પણ ) (समाहितः) દઢતાથી (परम आत्मा) ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલો રહે છે.

## ૬.૮

**ज्ञान विज्ञान तृप्त आत्मा कूट-स्थः विजित-इन्द्रियः।**
**युक्तः इति उच्यते योगी सम लोष्ट् अश्म काञ्चनः ।।८।।**

એ જ રીતે જેનું મન સંતુષ્ટ છે, જેણે પોતાની ઈચ્છાઓને વશમાં કરી રાખી છે, જે દિવ્ય જ્ઞાન વિજ્ઞાનની શિક્ષા પર દઢતાથી સ્થિત છે, જેના માટે માટીનું ઢેફું, પથ્થર અને સુવર્ણ એક સમાન છે, તેને ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલ યોગી કહેવામાં આવશે.

(इति) એ જ રીતે (तृपव आत्मा) જેનું મન સંતુષ્ટ છે, (विजित-इन्द्रियः) જેણે પોતાની ઈચ્છાઓને વશમાં કરી રાખી છે, (ज्ञान विज्ञान तृप्त) જે દિવ્ય જ્ઞાન વિજ્ઞાનની શિક્ષા પર (कूटस्थ) દઢતાથી સ્થિત છે, (लोष्ट-अश्म-काञ्चन) જેના માટે માટીનું ઢેફું, પથ્થર અને સુવર્ણ (सम) એક સમાન છે, (युक्त योगी) તેને ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલ યોગી (उच्यते) કહેવામાં આવશે.

## ૬.૯

**सु-हृत् मित्र अरि उदासीन मध्यस्थ द्वेष्य बन्धुषु ।**
**साधुषु अपि च पापेषु सम-बुद्धिः विशिष्यते ।।९।।**

(જ્યારે એવો ભક્ત) મિત્ર અને શત્રુથી સમાન વ્યવહાર કરે છે, કપટ કરનારાઓ, સંબંધિઓ, ભલાઈના કામ કરનારાઓ અને પાપીઓથી પણ નિષ્પક્ષ રહીને સમાન બુદ્ધિ અર્થાત્ ન્યાયની સાથે નિર્ણય કરવાવાળો હોય છે, (ત્યારે તે ખૂબ વધારે) શ્રેષ્ઠ થઈ જાય છે.

(मित्र) (જ્યારે એવો ભક્ત) મિત્ર અને (अरि) શત્રુથી (सुहृत्) સમાન વ્યવહાર કરે છે, (द्वेष्य) કપટ કરનારાઓ, (बन्धुषु) સંબંધીઓ, (साधुषु) ભલાઈના કામ કરનારાઓ (च) અને (पापेषु) પાપીઓથી (अपि) પણ (उदासीन) નિષ્પક્ષ રહીને (सम) સમાન (बुद्धिः) બુદ્ધિ અર્થાત્ ન્યાયની સાથે (मध्यस्थ) નિર્ણય કરવા-વાળો હોય છે, (ત્યારે તે ખૂબ વધારે) (विशिष्यते) શ્રેષ્ઠ થઈ જાય છે.

**ધ્યાન યોગની પદ્ધતિ**

## ૬.૧૦

**योगी युञ्जीत सततम् आत्मानम् रहसि स्थितः ।**
**एकाकी यत-चित्त-आत्मा निराशीः अपरिग्रहः॥१०॥**

ઈશ્વરની પ્રાર્થના કરવાવાળાએ જોઈએ કે ઈશ્વરની પ્રાર્થના માટે હંમેશા પોતાને શાંત સ્થાન પર લઈ જાય. એકાંતમાં પોતાને સ્થિત કરીને, નમ્રતાથી, ઇચ્છાઓનો ત્યાગ કરીને પોતાના મન અને બુદ્ધિને ઈશ્વરના ધ્યાનમાં લગાવે.

(योगी) ઈશ્વરની પ્રાર્થના કરવાવાળાએ જોઈએ કે (युञ्जीत) ઈશ્વરની પ્રાર્થના માટે (सततम्) હંમેશા (आत्मानम्) પોતાને (रहसि) શાંત સ્થાન પર લઈ જાય. (एकाकी) એકાંતમાં (आत्मा) પોતાને (स्थितः) સ્થિત કરીને, (अपरिग्रह) નમ્રતાથી, (निराशी) ઇચ્છાઓનો ત્યાગ કરીને (यत-चित्त) પોતાના મન અને બુદ્ધિને ઈશ્વરના ધ્યાનમાં લગાવે.

## ૬.૧૧

**शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरम् आसनम् आत्मनः ।**
**न अति उच्छितम् न अति नीचम् चैल-अजिन कुश उत्तरम् ॥११॥**

પવિત્ર ધરતી જે ન ખૂબ વધારે ઊંચી હોય અને ન ખૂબ વધારે નીચી હોય, તેના પર ઘાસ અથવા પાતળું મુલાયમ વસ્ત્ર અથવા મૃગચર્મ બીછાવીને પોતાને દૃઢતાથી સ્થિત કરીને બેસી જાય.

(शुचौ) પવિત્ર (देशे) ધરતી (न) જે ન (अति) ખૂબ વધારે (उच्छितम्) ઊંચી હોય (न) અને ન (अति) ખૂબ વધારે (नीचम्) નીચી હોય, (कुश) તેના પર ઘાસ અથવા પાતળું (चैल) મુલાયમ વસ્ત્ર (अजिन) અથવા મૃગચર્મ (उत्तरम्) બીછાવીને (आत्मनः) પોતાને (स्थिर) દૃઢતાથી (प्रतिष्ठाप्य) સ્થિત કરીને (आसनम्) બેસી જાય.

## ૬.૧૨

**तत्र एक-अग्रम् मनः कृत्वा यत-चित्त इन्द्रिय क्रियः ।**
**उपविश्य आसने युञ्जयात् योगम् आत्म विशुद्धये ॥१२॥**

આ આસન પર બેસીને મન, ઇચ્છાઓ અને કર્મોને વશમાં કરીને મનમાં માત્ર એક સૌથી શ્રેષ્ઠ ઈશ્વરને (રાખીને) ઈશ્વરની પ્રસન્નતા અને મનને (દુષ્કર્મોથી) પવિત્ર કરવા માટે ઈશ્વરના સ્મરણમાં લીન થઈ જાઓ.

(तत्र) આ (आसने) આસન પર (उपविश्य) બેસીને (चित्त) મન, (क्रियः) ઇચ્છાઓ અને કર્મોને (यत्) વશમાં (कृत्वा) કરીને (मनः) મનમાં (ए) માત્ર એક (अग्रम) સૌથી શ્રેષ્ઠ ઈશ્વરને (રાખીને) (युञ्जयात) ઈશ્વરની પ્રસન્નતા (आत्म) અને મનને (દુષ્કર્મોથી) (विशुद्धये) પવિત્ર કરવા માટે (योगम्) ઈશ્વરના સ્મરણમાં લીન થઈ જાઓ.

## ૬.૧૩

**समम् काय शिरः ग्रीवम् धारयन् अचलम् स्थिरः ।**
**सम्प्रेक्ष्य नासिका अग्रम् स्वम् दिशः च अनवलोकयन् ॥१३॥**

શરીર, શીશ અને ગરદનને સીધા રાખીને મનને કોઈ (ની તરફ) ન ભટકાવીને એક ઈશ્વરની યાદને સ્થિર કરીને કોઈપણ દિશામાં ન જોતાં પોતાના નાકના આગળના ભાગની જગ્યાએ જોતાં.

(काय) શરીર (शिरः) શીશ (ग्रीवम्) અને ગરદનને (समम्) સીધા રાખીને (अचलम्) મનને કોઈ (ની તરફ) ન ભટકાવીને (स्थिर) એક ઈશ્વરની યાદને સ્થિર કરીને (च) કોઈપણ (दिशः) દિશામાં (अनवलोकयन्) ન જોતાં (स्वम्) પોતાના (नासिका) નાકના (अग्रम) આગળના ભાગની જગ્યાએ (सम्प्रेक्ष्य) જોતાં.

## ૬.૧૪

**प्रशान्त आत्मा विगत-भीः ब्रह्मचार-व्रते स्थितः ।**
**मनः संयम्य मत् चित्तः युक्तः आसीत मत् परः ।।१४।।**

શાંત મન અને ભય વગર, દ્રઢ સંકલ્પની સાથે ઈશ્વરના આદેશ અનુસાર જીવન વ્યતીત કરશે, પોતાના વિચારોને કાબૂમાં રાખો, અને મને સૌથી મહાન માનીને બેસો, અને મારામાં પોતાના ધ્યાનને લગાવો.

(प्रशान्त आत्मा) શાંત મન (विगत भीः) અને ભય વગર, (व्रते स्थितः) દ્રઢ સંકલ્પની સાથે (ब्रह्मचारि) ઈશ્વરના આદેશ અનુસાર જીવન વ્યતીત કરશે, (मनः संयम्य) પોતાના વિચારોને કાબૂમાં રાખો, અને (आसीत मत् परः) મને સૌથી મહાન માનીને બેસો, અને (मत् चित्तः युक्तः) મારામાં પોતાના ધ્યાનને લગાવો.

## ૬.૧૫

**युञ्जन् एवम् सदा आत्मानमयोगी नियत-मानसः।**
**शान्तिम् निर्वाण-परमाम् मत्-संस्थाम अधिगच्छति ।।१५।।**

આ રીતે ભક્ત હંમેશા પોતાના મનને વશમાં રાખીને નિયોજિત સમય અનુસાર ભક્તિ કરીને (સંસારમાં) સાચી શાંતિ (અને મૃત્યુ પછી) મારા ધામ અર્થાત્ સ્વર્ગના સૌથી શ્રેષ્ઠ શાંતિવાળા ધામને પામે છે.

(एराम्) આ રીતે (योगी) ભક્ત (सदा) હંમેશા (आत्मानम्) પોતાના (मानसः) મનને (नियत) વશમાં રાખીને (युञ्जन्) નિયોજિત સમય અનુસાર ભક્તિ કરીને (शान्तिम्) (સંસારમાં) સાચી શાંતિ (मत्) (અને મૃત્યુ પછી) મારા (संस्थाम्) ધામ (निर्माण परमाम्) અર્થાત્ સ્વર્ગના સૌથી શ્રેષ્ઠ શાંતિવાળા ધામને (अधिगच्छति) પામે છે.

### ધ્યાન યોગ માટે યોગ્યતા

## ૬.૧૬

**न अति अश्नतः तु योगः अस्ति न च एकान्तम् अनश्नतः।**
**न च अति स्वप्न-शीलस्य आग्रतः न एव च अर्जुन ।।१६।।**

હે અર્જુન ! પરંતુ સાચું તો એ છે કે ભક્તિ ન ખૂબ વધારે ભોજન કરનારો કરી શકે છે, અને ન તદ્દન ભૂખ્યો રહેનારો કરી શકે છે, અને ખુબ વધારે સૂવાવાળો કરી શકે છે, અને ન જ હર સમયે જાગવાવાળો કરી શકે છે.

(अर्जुन) હે અર્જુન ! (तु) પરંતુ (एवम्) સાચું તો એ છે કે (योगः) ભક્તિ (न) ન (अति) ખૂબ વધારે (अश्नतः) ભોજન કરનારો કરી શકે (अस्ति) છે, (च) અને (न) ન (एकान्तम्) તદ્દન (अनश्नतः) ભૂખ્યો રહેનારો કરી શકે છે, (च) અને (अति) ખૂબ વધારે (स्वप्नन-शीलस्य) સૂવાવાળો કરી શકે છે, (च) અને (न) ન જ (जाग्रत) હર સમયે જાગવાવાળો કરી શકે છે.

### દુઃખ દૂર કરવાના ઉપાયો

## ૬.૧૭

**युक्त आहार विहारस्य युक्त चेष्टस्य कर्मसु ।**
**युक्त स्वप्न-अवबोधस्य योगः भवति दुःख-हा ।।१७।।**

ઈશ્વરના આદેશ અનુસાર ભોજન કરવું અને જીવન વ્યતીત કરવું. ઈશ્વરના આદેશ અનુસાર પ્રયત્ન અને

(युक्त आहार विहारस्य) ઈશ્વરના આદેશ અનુસાર ભોજન કરવું અને જીવન વ્યતીત કરવું. (युक्त चेष्टस्य कर्मसु) ઈશ્વરના આદેશ અનુસાર પ્રયત્ન અને કર્મ કરવા (युक्त स्वप्न अवबोधस्य) ઈશ્વરના આદેશ અનુસાર

કર્મ કરવા, ઈશ્વરના આદેશ અનુસાર ઊંઘવું અને જાગવું (આ જ ઈશ્વરની) પ્રાર્થના છે, (અને) આ જ તમામ દુઃખોથી મુક્તિ પામવાનો ઉપાય છે.

ઊંઘવું અને જાગવું (योग भवति) (આ જ ઈશ્વરની) પ્રાર્થના છે, (दुःख-हा) (અને) આ જ તમામ દુઃખોથી મુક્તિ પામવાનો ઉપાય છે.

**ધ્યાન યોગના લાભ**

## ૬.૧૮

**यदा विनियतम् चित्तम आत्मनि एव अवतिष्ठति ।**
**निस्पृहः सर्व कामेभ्यः युक्त इति उच्यते तदा ।।१८।।**

જ્યારે મનુષ્ય મનની ઇચ્છાઓ પૂરી કરવાની બધી (ચાહતનો) ત્યાગ કરી દે છે, અને વિશેષરૂપે ઈશ્વર (ના આદેશનું પાલન કરવામાં) સ્થિત રહે છે, તો એવા મનુષ્યને (ઈશ્વરની પ્રાર્થનામાં સંપૂર્ણપણે લાગેલો) કહેવામાં આવશે.

(यदा) જ્યારે મનુષ્ય (कामेभ्य) મનની ઇચ્છાઓ પૂરી કરવાની (सर्व) બધી (ચાહતનો) (निस्पृह) ત્યાગ કરી દે છે, (विनियतम्) અને વિશેષરૂપે (आत्मनि) ઈશ્વર (ના આદેશનું પાલન કરવામાં) (अवतिष्ठते) સ્થિત રહે છે, તો (तदा) એવા મનુષ્યને (युक्त) (ઈશ્વરની પ્રાર્થનામાં સંપૂર્ણપણે લાગેલો) (उच्यते) કહેવામાં આવશે.

## ૬.૧૯

**यथा दीपः निवात-स्थः न इङ्ते उपमा स्मृता ।**
**योगिनः यत-चित्तस्य युञ्जतः योगम् आत्मनः ।।१९।।**

ઈશ્વર યાદ દેવડાવી રહ્યો છે કે જે રીતે હવા વગરના સ્થાન પર (રાખેલ) દીપક ટમટમતો નથી, એ જ રીતે એ ભક્તનો (જેનું) મન વશમાં છે (અને)આત્મા ઈશ્વરની પ્રાર્થનામાં વ્યસ્ત રહે છે, તે ઈશ્વરની પ્રાર્થના(થી ડગમગતો નથી).

(स्मृता) ઈશ્વર યાદ દેવડાવી રહ્યો છે કે (यथा) જે રીતે (निवात) હવા વગરના (स्थः) સ્થાન પર (રાખેલ) (दीपः) દીપક (इङ्ते) ટમટમતો (न) નથી, (सा उपमा) એ જ રીતે (योगिनः) એ ભક્તનો (જેનું) (चित्तस्य) મન (यत्) વશમાં છે (અને) (आत्मनः) આત્મા (युञ्जत) ઈશ્વરની પ્રાર્થનામાં વ્યસ્ત રહે છે, (योगम्) તે ઈશ્વરની પ્રાર્થના(થી ડગમગતો નથી).

## ૬.૨૦

**यत्र उपरमते चित्तम् निरुद्धम् योग-सेवया ।**
**यत्र च एव आत्मना आत्मानम् पश्यन् आत्मनि तुष्यति ।।२०।।**

નિઃસંદેહ, મનુષ્ય જ્યારે (ઈશ્વરની યાદમાં એકાગ્ર રહે છે) (તો) સ્વયં (તે) ઈશ્વરના અસ્તિત્વની અનુભૂતિ (અનુભવ) કરે છે અને સંતુષ્ટ થઈ જાય છે (શાંત થઈ જાય છે), અને (આ) અંદરની શાંતિની સ્થિતિ અને મનનું ઈશ્વરથી જોડાઈ જવું દુષ્કર્મોથી બચવાનું કારણ બને છે.

(एवम्) નિઃસંદેહ, (आत्मना) મનુષ્ય (यत्र) જ્યારે (ઈશ્વરની યાદમાં એકાગ્ર રહે છે) (आत्मनि) (તો) સ્વયં (તે) (आत्मनम्) ઈશ્વરના અસ્તિત્વની (पश्यन्) અનુભૂતિ (અનુભવ) કરે છે (तुष्यति) અને સંતુષ્ટ થઈ જાય છે (શાંત થઈ જાય છે), (च) અને (આ) (उपरमते) અંદરની શાંતિની (यत्र) સ્થિતિ (चित्तम्) અને મનનું (योग) ઈશ્વરથી જોડાઈ જવું (निरुद्धम्) દુષ્કર્મોથી બચવાનું (सेवया) કારણ બને છે.

## ૬.૨૧

**सुखम् आत्यन्तिकम् यत् तन् बुद्धि ग्राह्यम् अतीन्द्रियम् ।**
**वेत्ति यत्र न च एव अयम् स्थितः चलति तत्त्वतः ।।२१।।**

નિઃસંદેહ, જે ભક્ત જે સમજી-વિચારીને ઇચ્છાઓથી દુર થઈ જાય છે, અને સૌથી શ્રેષ્ઠ સુખને જાણી લે છે, તો પછી તે (એકાગ્રતા દ્વારા) એ ઈશ્વરની યાદને સ્થિત કરવાથી અને સચ્ચાઈથી ક્યારેય પણ નથી હટતો.

(एव) નિઃસંદેહ, (तत्) જે ભક્ત (यत्) જે (अतीन्द्रियम्) સમજી-વિચારીને (बुद्धि) ઇચ્છાઓથી દુર (ग्राह्यम) થઈ જાય છે, (आत्यन्तिकम्) અને સૌથી શ્રેષ્ઠ (सुखम्) સુખને (वेत्ति) જાણી લે છે, (यत्र) તો પછી તે (अयम्) (એકાગ્રતા દ્વારા) એ (स्थितः) ઈશ્વરની યાદને સ્થિત કરવાથી (च) અને (तत्त्वत) સચ્ચાઈથી (न) ક્યારેય પણ નથી (चलति) હટતો.

## ૬.૨૨

**यम् लब्ध्वा च अपरम् लाभम् मन्यते न अधिकम् ततः ।**
**यस्मिन् स्थितः न दुःखेद गुरुणा अपि विचाल्यते ।।२२।।**

(ઈશ્વર તરફથી શાંતિ) પ્રાપ્ત થયા પછી (તે ભક્ત) એ ઈશ્વર સિવાય કોઈ અન્ય (શક્તિને) વધારે લાભ આપનાર નથી માનતો. એ (શાંત) સ્થિતિ (પછી તે ભક્ત) ખૂબ મોટા કઠિન સમયમાં પણ ડગમગતો નથી.

(लब्ध्वा) (ઈશ્વર તરફથી શાંતિ) પ્રાપ્ત (यम्) થયા પછી (તે ભક્ત) (ततः) એ ઈશ્વર (अपरम्) સિવાય કોઈ અન્ય (શક્તિને) (अधिकम्) વધારે (लाभम्) લાભ આપનાર (न) નથી (मन्यते) માનતો. (यस्मिन्) એ (શાંત) (स्थितः) સ્થિતિ (પછી તે ભક્ત) (गुरुणा अपि) ખૂબ મોટા (दुःखेन) કઠિન સમયમાં પણ (विचाल्यते) ડગમગતો (न) નથી.

**કર્મ-યોગીઓ અને સંન્યાસ-યોગીઓ માટે મહત્ત્વપૂર્ણ આદેશ**

## ૬.૨૩

**सः निश्चयेन योक्तव्यः योगः अनिर्विण्ण-चेतमा ।**
**तम् विद्यात् दुःख-संयोग वियोगम् योग-संज्ञितम् ।।२३।।**

મનુષ્યએ જાણવું જોઈએ કે એકાગ્ર થઈને કરવામાં આવતી ઈશ્વરની પ્રાર્થના કઠિન પરિસ્થિતિઓમાં પડવાથી બચાવી લે છે. તેથી તે (ઈશ્વરની) પ્રાર્થનાને એકાગ્ર મન અને દૃઢતાની સાથે કરવી જોઈએ.

(विधात) મનુષ્યએ જાણવું જોઈએ કે (योग संज्ञितम्) એકાગ્ર થઈને કરવામાં આવતી ઈશ્વરની પ્રાર્થના (दुःख संयोग) કઠિન પરિસ્થિતિઓમાં પડવાથી (वियोगम्) બચાવી લે છે. (तम्) તેથી (सः) તે (ઈશ્વરની) (योग) પ્રાર્થનાને (अनिर्विण्ण चेतसा) એકાગ્ર મન (निश्चयेन) અને દૃઢતાની સાથે (योक्तव्य) કરવી જોઈએ.

## ૬.૨૪

**सङ्कल्प प्रभवान् कामान् त्यक्तत्वा सर्वान् अशेषतः ।**
**मनसा एव इन्द्रिय-ग्रामम् विनियम्य समन्ततः ।।२४।।**

શરીરના આનંદનો અનુભવ કરવાવાળા અંગો પર

(इन्द्रिय-ग्रामम्) શરીરના આનંદનો અનુભવ કરવા-વાળા અંગો પર (समन्ततः) બધી બાજુએથી (विनियम्य)

---

**નોંધ ૬.૨૪ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''(હે પયગંબર !) ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાવાળાઓને કહો -તેઓ પોતાની નજરો નીચી રાખે અને પોતાની ગુહ્યેન્દ્રિયોની રક્ષા કરે (અશ્લીલતાથી). આ તેમના માટે વધારે પવિત્રતાની વાત છે. નિઃશંક, ઈશ્વર તેની ખબર રાખે છે જે કંઈ તેઓ કરે છે.'' (સૂરઃ અન્-નૂર, ૨૪, આયત ૩૦)

બધી બાજુએથી નિયંત્રણ રાખો, અને મનમાં ઉત્પન્ન થથી બધી કામનાઓને સંપૂર્ણપણે મનમાંથી કાઢી નાખવાનો સંકલ્પ કરો.

નિયંત્રણ રાખો, (एवं) અને (प्रभवान्) મનમાં ઉત્પન્ન થતી (सर्वान्) બધી (कामान्) કામનાઓને (अशेषतः) સંપૂર્ણપણે (मनसाः) મનમાંથી (त्यक्त्वा) કાઢી નાખવાનો સંકલ્પ કરો.

## ૬.૨૫

**शनैः शनैः उपरतम् बुद्धया धृति-गृहीतया ।**
**आत्म-संस्थम् मनः कृत्वा न किञ्चित् अपि चिनतयेत् ।।२५।।**

મનમાં ઈશ્વરની યાદને સ્થિત કરો, અને કોઈ વસ્તુ (કે પૂજવામાં આવનાર વિશે) ન વિચારો, (અને) ધીમે-ધીમે પોતાના મન અને વિચારને (તેમનાથી) દૃઢ સંકલ્પની સાથે હટાવી દો.

(मन) મનમાં (आत्म) ઈશ્વરની યાદને (संस्थम्) સ્થિત (कृत्वा) કરો, (अपि) અને (किञ्चित्) કોઈ વસ્તુ (કે પૂજવામાં આવનાર વિશે) (न) ન (चिन्तयेन्) વિચારો, (शनै-शनै) (અને) ધીમે-ધીમે (बुद्धया) પોતાના મન અને વિચારને (તેમનાથી) (धृति-गृहीतया) દૃઢ સંકલ્પની સાથે હટાવી દો.

## ૬.૨૬

**यतः यतः निश्चरति मनःचञ्चलम् अस्थिरम् ।**
**ततः ततः नियम्य एतत् आत्मनि एव वशम् नयेत् ।।२६।।**

જ્યારે-જ્યારે સ્થિર ન રહેવાવાળા ચંચળ મન ભટકવા લાગે, ત્યારે-ત્યારે આ (મનને) ત્યાંથી હટાવીને ઈશ્વર (ની યાદ માટે) બાધ્ય કરી દવું જોઈએ.

(यतः यतः) જયારે-જયારે (अस्थिरम्) સ્થિર ન રહેવાવાળા (चञ्चलम्) ચંચળ (मनः) મન (निश्चरति) ભટકવા લાગે, (ततः ततः) ત્યારે-ત્યારે (एतत्) આ (મનને) (नियम्य) ત્યાંથી હટાવીને (आत्मनि) ઈશ્વર (ની યાદ માટે) (वशम्) બાધ્ય કરી દવું જોઈએ.

## ૬.૨૭

**प्रशान्त मनसम् हि एनम् योगिनम् सुखम् उत्तमम् ।**
**उपैति शान्त-रजसम् ब्रह्म-भूतम् अकल्मषम् ।।२७।।**

નિઃસંદેહ એ ઈશ્વરની પ્રાર્થના કરવાવાળા ભક્તને મનની શાંતિ અને ખૂબ વધારે સુખ પ્રાપ્ત થશે. ઈશ્વરની ભક્તિમાં લાગેલ મનુષ્યના રજો ગુણ (અને તમો ગુણ) પણ શાંત (ઓછા) થશે, અને પાપોથી મુક્તિ પણ પામે લેશે.

(हि) નિઃસંદેહ (एनम्) એ (योगिनम्) ઈશ્વરની પ્રાર્થના કરવાવાળા ભક્તને (प्रशान्त मनसम्) મનની શાંતિ (सुखम् उत्तमम्) અને ખૂબ વધારે સુખ પ્રાપ્ત થશે. (ब्रह्म-भूतम्) ઈશ્વરની ભક્તિમાં લાગેલ મનુષ્યના (शान्त-रजसम्) રજો ગુણ (અને તમો ગુણ) પણ શાંત (ઓછા) થશે, (अल्कमशम्) અને પાપોથી મુક્તિ પણ પામે લેશે.

## ૬.૨૮

**युञ्जन् एवम् सदा आत्मानम् योगी विगत कल्मषः ।**
**सुखेन ब्रह्म-सस्पर्शम् अत्यन्तम् सुखम् अश्नुते ।।२८।।**

ઈશ્વરની પ્રાર્થના કરવાવાળો આ રીતે જયારે પોતાને હંમેશા એક ઈશ્વરની પ્રાર્થનામાં લગાવે છે તો પાપોથી

(योगी) ઈશ્વરની પ્રાર્થના કરવાવાળો (एवम्) આ રીતે જયારે (आत्मानम्) પોતાને (सदा) હંમેશા (युञ्जन) એક ઈશ્વરની પ્રાર્થનામાં લગાવે છે તો (विगत कल्मषः)

મુક્ત થઈ જાય છે, અને તે ઈશ્વરના અસ્તિત્વનો અનુભવ કરીને (આ જીવનમાં) શાંતિ પામે છે, (અને આ જીવન પછી) અત્યંત સુખ-શાંતિવાળા સ્થાન (સ્વર્ગ)ને પણ પ્રાપ્ત કરી લે છે.

મુક્ત થઈ જાય છે, અને (ब्रह्म संस्पर्शम्) તે ઈશ્વરના અસ્તિત્વનો અનુભવ કરીને (सुखेन) (આ જીવનમાં) શાંતિ પામે છે, (अत्यन्तम् सुखम् अश्नुते) (અને આ જીવન પછી) અત્યંત સુખ-શાંતિવાળા સ્થાન (સ્વર્ગ)ને પણ પ્રાપ્ત કરી લે છે.

## ૬.૨૯

**सर्व-भूत-स्थम् आत्मानम् सर्व भूतानि च आत्मनि ।**
**ईक्षते योग-युक्त-आत्मा सर्वत्र सम-दर्शनः ।।२९।।**

ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલ મનુષ્ય બધી બાજુએ એક સમાન દૃશ્ય જુએ છે, (અને તે જુએ છે કે) તે સ્વયં તમામ પ્રાણીઓ પર નિર્ભર છે, અને તમામ પ્રાણીઓ ઈશ્વર (પર નિર્ભર છે).

(योग-युक्त-आत्मा) ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલ મનુષ્ય (सर्वत्र) બધી બાજુએ (सम-दर्शन) એક સમાન દૃશ્ય (ईक्षते) જુએ છે, (आत्मानम्) (અને તે જુએ છે કે) તે સ્વયં (सर्व-भूत-स्थम्) તમામ પ્રાણીઓ પર નિર્ભર છે, (च) અને (सर्व भूतानी) તમામ પ્રાણીઓ ઈશ્વર (પર નિર્ભર છે).

(મનુષ્ય જીવિત રહેવા માટે સંસાર પર નિર્ભર છે, અને તે સંસાર ઈશ્વર ચલાવે છે.)

### ધ્યાન યોગથી વિચારોમાં સુધારણાનું વર્ણન

## ૬.30

**यः माम् पश्यति सर्वत्र सर्वम् च मयि पश्यति ।**
**तस्य अहम् न प्रणश्यामि सः च मे न प्रणश्यति ।।३०।।**

એ વ્યક્તિ મને (જ) જુએ છે બધી બાજુ, (જે) બધી બાજુ (બધી વસ્તુઓને) મારી (રચનાના રૂપમાં) જુએ છે. (આ દૃષ્ટિકોણ પછી) તે મારાથી દૂર નથી અને ન હું તેનાથી દુર છું.

(यः) એ વ્યક્તિ (माम्) મને (જ) (पश्यति) જુએ છે (सर्वत्र) બધી બાજુ, (सर्वम्) (જે) બધી બાજુ (मयि) (બધી વસ્તુઓને) મારી (पश्यति) (રચનાના રૂપમાં) જુએ છે. (तस्य) (આ દૃષ્ટિકોણ પછી) તે (अहम्) મારાથી (प्रणश्यामि) દૂર (न) નથી (च) અને (न) ન (मे) હું (सः) તેનાથી (प्रणश्यति) દૂર છું.

---

**નોંધ ૬.૨૮ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''નિઃસંદેહ (ઈશ્વરથી) ડરવાવાળા નિશ્ચિંતતાની જગ્યાએ (સ્વર્ગ)માં હશે. બાગો અને સ્રોતોમાં. ઝીણાં અને જડાઉ રેશમના પોશાકો પહેરીને, એક-બીજાના આમને-સામને ઉપસ્થિત (બેસેલા) હશે. આવો જ તેમના સાથે મામલો થશે, અને અમે સાફ-ગૌરવર્ણી મોટી નયનોવાળી સ્ત્રીઓથી તેમના લગ્ન કરી દઈશું. તેઓ ત્યાં નિશ્ચિંતતાની સાથે દરેક પ્રકારના સ્વાદિષ્ટ ફળો મંગાવતા હશે. ત્યાં (સ્વર્ગમાં) તેઓ મૃત્યુનો સ્વાદ ક્યારેય નહીં ચાખે. બસ, પહેલું મૃત્યુ જે થયું, તે થયું, અને તેણે (ઈશ્વરે) તેમને ભડકતી આગથી બચાવી લીધા.'' (સૂરઃ અદ્-દુખાન, ૪૪, આયત ૫૧-૫૬)

---

**નોંધ ૬.૨૯ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''એ જ (ઈશ્વર) તો છે, જેણે તમારા માટે ધરતીની બધી વસ્તુઓ ઉત્પન્ન કરી.'' (સૂરઃ અલ-બકરહ, ૨, આયત ૨૯)

## ૬.૩૧

**सर्व-भूत-स्थितम् यः माम् भजति एकत्वम् आस्थितः ।**
**सर्वथा वर्तमानः अपि सः योगी मयि वर्तते ।।३१।।**

જે (વ્યક્તિ જુએ છે) બધા પ્રાણીઓના અસ્તિત્વને (અને) સ્વીકાર કરે (છે કે તેમનું) અસ્તિત્વ (માત્ર) મુજ એક ઈશ્વરથી જ છે (તો) તે ભક્ત બધા પ્રાણીઓની સેવાનું કર્મ કરે છે, પરંતુ (તે) કર્મ મારા માટે હોય છે.

નોંધ : **भज** = સ્વીકાર કરવું (સંસ્કૃત-હિન્દી શબ્દાર્થ કોષ, પૃ.નં.૬૭૩)

(यः) જે (વ્યક્તિ જુએ છે) (सर्व भूत) બધા પ્રાણીઓના (स्थितम्) અસ્તિત્વને (भजति) (અને) સ્વીકાર કરે (છે કે તેમનું) (आस्थितः) અસ્તિત્વ (માત્ર) (माम्) મુજ (एकत्वम्) એક ઈશ્વરથી જ છે (सः) (તો) તે (योगी) ભક્ત (सर्वथा वर्तमान) બધા પ્રાણીઓની સેવાનું કર્મ કરે છે, (अपि) પરંતુ (मयि वर्तते) (તે) કર્મ મારા માટે હોય છે.

## ૬.૩૨

**आत्म औपम्येन सर्वत्र समम् पश्यति य : अर्जुन ।**
**सुखम् वा यदि वा दुःखम् सः योगी परमः मतः ।।३२।।**

હે અર્જુન ! જે વ્યક્તિ બધા પ્રાણીઓના સુખ દુઃખને પોતાના (સુખ દુઃખ) સમાન જ જુએ છે, (તો) તે યોગી સૌથી શ્રેષ્ઠ છે, આ મારો નિર્ણય છે..

(अर्जुन) હે અર્જુન ! (यः) જે વ્યક્તિ (सर्वत्र) બધા પ્રાણીઓના (सुखम् वा दुःखम्) સુખ દુઃખને (आत्म औपम्येन) પોતાના (સુખ દુઃખ) (समम्) સમાન જ (पश्यति) જુએ છે, (सः) (તો) તે (योगी) યોગી (परमः) સૌથી શ્રેષ્ઠ છે, (मतः) આ મારો નિર્ણય છે.

### ધ્યાન યોગ કરવાની મુશ્કેલીઓ

## ૬.૩૩

**अर्जुन उवाच**
**यः अयम् योगः त्वया प्रोक्तः साम्येन मधुसूदन ।**
**एतस्य अहम् न पश्यामि चञ्चलत्वात स्थितिम् स्थिराम् ।।३३।।**

અર્જુને કહ્યું, હે કૃષ્ણ - ઈશ્વરની પ્રાર્થનાની આ સૌથી સાચી પદ્ધતિને જે તમે (મને) કહી, મનની ચંચળ સ્થિતિના કારણે હું આના પર સ્થિર રહેવું (સંભવ) નથી જોતો.

(अर्जुन उवाच) અર્જુને કહ્યું, (मधुसूदन) હે કૃષ્ણ ! (यः अयम् योग) ઈશ્વરની પ્રાર્થનાની આ (साम्येन) સૌથી સાચી પદ્ધતિને જે (त्वया) તમે (મને) (प्रोक्तः) કહી, (चञ्चलत्वात् स्थितिम्) મનની ચંચળ સ્થિતિના કારણે (अहम्) હું (एतस्य) આના પર (स्थिराम्) સ્થિર રહેવું (ए) (न) (સંભવ) નથી (पश्यामि) જોતો.

## ૬.૩૪

**चञ्चलम् हि मनः कृष्ण प्रमाथि बल-वत् दृढम् ।**
**तस्य अहम् निग्रहम् मन्ये वायोः इव सु-दुष्करम् ।।३४।।**

હે કૃષ્ણ ! નિઃસંદેહ, મન ચંચળ, ઉત્તેજિત, બળવાન, જિદ્દી (છે), તેને વશમાં કરવું હું વાયુ

(कृष्ण) હે કૃષ્ણ ! (हि) નિઃસંદેહ, (मनः) મન (चञ्चलम्) ચંચળ, (प्रमाथि) ઉત્તેજિત, (बलवत्) બળવાન, (दृढम्) જિદ્દી (છે), (तस्य) તેને (निग्रहम्) વશમાં કરવું (अहम्) હું (वायोः) વાયુ (હવા) (ને

**નોંધ ૬.૩૨ :** પયગંબર મુહમ્મદ (સલ્લ.)એ કહ્યું, ''તમારામાંથી કોઈપણ ત્યાં સુધ ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાવાળો નહીં સમજવામાં આવે, જ્યાં સુધી તમે પોતાના ભાઈ માટે એ જ પસંદ ન કરો, જે તમે પોતાના માટે પસંદ કરો છો.'' (હદીસ : બુખારી, મુસ્લિમ)

(હવા) (ને વશમાં કરવા) સમાન જ ખૂબ કઠિન સમજું છું.

વશમાં કરવા) (इव) સમાન જ (सु-दुष्करम्) ખૂબ કઠિન (मन्ये) સમજું છું.

## ૬.૩૫

**श्री भगवान उवाच,**
**असंशयम् महाबाहो मनः दुर्निग्रहम् चलम् ।**
**अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ।।३५।।**

ઈશ્વર કહ્યું, હે અર્જુન ! એમાં કોઈ સંદેહ નથી કે ચંચળ મન (ને) વશમાં કરવું કઠિન છે. પરંતુ હે અર્જુન ! અભ્યાસ અને વૈરાગ્ય (થી) એને વશમાં કરી શકાય છે.

(श्री भगवान उवाच) ઈશ્વર કહ્યું, (महाबाहो) હે અર્જુન ! (असंशयम्) એમાં કોઈ સંદેહ નથી કે (चलम्) ચંચળ (मन) મન (ને) (दुर्निग्रहम्) વશમાં કરવું કઠિન છે. (तु) પરંતુ (कौन्तेय) હે અર્જુન ! (अभ्यासेन) અભ્યાસ (च) અને (वैराग्येण) વૈરાગ્ય (થી) (गृह्यते) એને વશમાં કરી શકાય છે.

## ૬.૩૬

**असंयत आत्मना योगः दुष्प्रापः इति मे मतिः ।**
**वश्य आत्मना तु यतता शक्यः अवाप्तुम् उपायतः ।।३६।।**

નિરંકૂશ (અનિયંત્રિત) મન (ના કારણે) ઈશ્વરમાં ધ્યાન લગાવવું કઠિન છે. પોતાની ક્ષમતા અનુસાર મનને વશમાં કરવાનો પ્રયાસ (કરવાથી) (ઈશ્વરમાં ધ્યાન લગાવી) શકવું સંભવ છે. આ મારો મત છે.

(असंयत) નિરંકૂશ (અનિયંત્રિત) (आत्मना) મન (ના કારણે) (योगः) ઈશ્વરમાં ધ્યાન લગાવવું (दुष्प्राप) કઠિન છે. (उपायतः) પોતાની ક્ષમતા અનુસાર (वश्य आत्मना) મનને વશમાં કરવાનો (यतता) પ્રયાસ (કરવાથી) (अवाप्तुम्) (ઈશ્વરમાં ધ્યાન લગાવી) શકવું (शक्यः) સંભવ છે. (इति) આ (मे) મારો (मतिः) મત છે.

### નિષ્ફળ યોગીનું પરિણામ

## ૬.૩૭

**अर्जुन उवाच,**
**अयतिः श्रद्धया उपेतः योगात् चलित मानसः ।**
**अप्राप्य योग-संसिद्धिम् काम् गतिम् कृष्ण गच्छति ।।३७।।**

અર્જુને કહ્યું, આળસુ વ્યક્તિ જો ઈશ્વરમાં શ્રદ્ધાની સાથે ઈશ્વરની પ્રાર્થના માટે પ્રયાસ કરતો રહે છે. (પરંતુ) ચંચળ મનના કારણે પ્રાર્થનામાં પરિપૂર્ણ (સિદ્ધ) નથી થઈ શકતો. હે કૃષ્ણ ! તે કયા ધામને પ્રાપ્ત કરશે ?

(अर्जुन उवाच) અર્જુને કહ્યું, (अयति) આળસુ વ્યક્તિ (श्रद्धया) જો ઈશ્વરમાં શ્રદ્ધાની સાથે (योगात्) ઈશ્વરની પ્રાર્થના માટે (उपेतः) પ્રયાસ કરતો રહે છે. (चलित मानसः) (પરંતુ) ચંચળ મનના કારણે (योग संसिद्धिम्) પ્રાર્થનામાં પરિપૂર્ણ (સિદ્ધ) (अप्राप्य) નથી થઈ શકતો. (कृष्ण) હે કૃષ્ણ ! (काम् गतिम्) તે કયા ધામ (गच्छति) ને પ્રાપ્ત કરશે ?

## ૬.૩૮

**कच्चिन न उभय विभ्रष्टः छिनन अभ्रम् इव नश्यति ।**
**अप्रतिष्ठः महा-बाहो विमूढः ब्रह्मणः पथि ।।३८।।**

હે કૃષ્ણ ! (જે વ્યક્તિ કોઈ) ભ્રમમાં છે, અને ઈશ્વરના સત્ય માર્ગ પર સ્થિત ન રહી શક્યો. શું તે વિખેરાયેલા

(महाबाहो) હે કૃષ્ણ ! (विमूढः) (જે વ્યક્તિ કોઈ) ભ્રમમાં છે, (ब्राह्मण पथि) અને ઈશ્વરના સત્ય માર્ગ પર (अप्रतिष्ठः) સ્થિત ન રહી શક્યો. (कच्चिन) શું તે વિખેરાયેલા વાદળો (इव) સમાન (विभ्रष्टः) ભટકીને

વાદળો સમાન ભટકીને બંને (લોકમાં, અર્થાત્ સંસાર અને અન્ય લોકમાં) બરબાદ નથી થઈ જતો ?

(उबय) બંને (લોકમાં, અર્થાત્ સંસાર અને અન્ય લોકમાં) (नश्यति) બરબાદ (न) નથી થઈ જતો ?

## ૬.૩૯

**एतत् मे संशयम् कृष्ण छेत्तुम् अर्हसि अशेषतः ।**
**त्वम् अन्यः संशयस्य छेत्ता न हि उपपद्यते ।।३९।।**

હે કૃષ્ણ ! આ મારી શંકા છે, જેને પૂરી રીતે દૂર કરવા માટે તમને વિનંતી કરું છું. નિઃસંદેહ તમારા (સિવાય) આ શંકાને દૂર કરવાવાળું બીજું કોઈ નથી હોઈ શકતું.

(कृष्ण) હે કૃષ્ણ ! (एतत्) આ (मे) મારી (संशयम्) શંકા છે, (अशेषतः) જેને પૂરી રીતે (छेत्तुम्) દૂર કરવા માટે (अर्हसि) તમને વિનંતી કરું છું. (हि) નિઃસંદેહ (त्वम्) તમારા (સિવાય) (अस्य) આ (संशयस्य) શંકાને (छेत्ता) દૂર કરવાવાળું (अन्यः) બીજું (न उपपद्यते) કોઈ નથી હોઈ શકતું.

## ૬.૪૦

**श्री भगवान उवाच,**
**पार्थ न एव इह न अमुत्र विनाशः तस्य विद्यते ।**
**न हि कल्याण-कृत् कश्चित् दुर्गतिम् तात गच्छति ।।४०।।**

ઈશ્વરે કહ્યું, હે અર્જુન ! ન આ સંસારમાં અને ન અન્ય લોકમાં (સત્ય કર્મ કરવાવાળા) વ્યક્તિનો વિનાશ થાય છે. મારા પ્રિય (અર્જુન) ! લોકોનું કલ્યાણ કરવાવાળો વ્યક્તિ નિઃસંદેહ ક્યારેય નર્કના સ્થાનને નથી પામતો.

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું, (पार्थ) હે અર્જુન ! (न इह) ન આ સંસારમાં (एवं) અને (न अमुत्र) ન અન્ય લોકમાં (तस्य) (સત્ય કર્મ કરવાવાળા) વ્યક્તિનો (विनाश) વિનાશ (विद्यते) થાય છે. (तात) મારા પ્રિય (અર્જુન) ! (कल्याण कृत) લોકોનું કલ્યાણ કરવાવાળો વ્યક્તિ (हि) નિઃસંદેહ (कश्चित) ક્યારેય (दुर्गतिम्) નર્કના સ્થાનને (न) નથી (गच्छति) પામતો.

## ૬.૪૧

**प्राप्य पुण्य-कृताम् लोकान् उषित्वा शाश्वतीः समाः ।**
**शुचीनाम् श्री-मताम् गेहे योग-भ्रष्टः अभिजायते ।।४१।।**

ઈશ્વરની ઓછી પ્રાર્થના કરવાવાળો વ્યક્તિ, તેણે જે કંઈ પણ પુણ્ય આ સંસારમાં કર્યા (તેના કારણે) સ્થાયી સ્વર્ગનું એ જ (સ્થાન) પામે છે (જે સ્થાન પવિત્ર

(योग-भ्रष्ट) ઈશ્વરની ઓછી પ્રાર્થના કરવાવાળો વ્યક્તિ, (पुण्य कृताम) તેણે જે કંઈ પણ પુણ્ય (लोकान) આ સંસારમાં કર્યા (તેના કારણે) (उषित्वा शाश्वती) સ્થાયી સ્વર્ગનું (समा) એ જ (સ્થાન) (प्राप्य) પામે છે (જે સ્થાન પવિત્ર વ્યક્તિઓને મળે છે).

---

**નોંધ ૬.૪૦ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું છે કે, ''જે કોઈએ સદ્કાર્ય કર્યું, પુરુષ હોય કે સ્ત્રી, જો તે ઈમાન પર છે (એક ઈશ્વરમાં શ્રદ્ધા રાખે છે), તો અમે તેને અવશ્ય સારું જીવન પ્રદાન કરીશું, અને અમે તેના સદ્કાર્યનો બદલો તેમને અવશ્ય આપીશું.'' (સૂરઃ અન્-નહલ, ૧૬, આયત ૯૭)

---

**નોંધ ૬.૪૧ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું છે કે, ''અને એ લોકો જેઓ ઈમાન લઈ આવ્યા અને તેમની સંતાન પણ ઈમાન લાવીને તેમના સત્ય માર્ગ પર ચાલી, તો અમે તેમની સંતાનને પણ તેમના પદ સુધી પહોંચાડી દઈશું (સ્વર્ગમાં તેમના સાથે કરી દઈશું), અને તેમના પુણ્યમાં કંઈ પણ ઓછું નહીં કરીએ. દરેક વ્યક્તિ જે કર્મ તેણે કર્યા તેનાથી બંધાયેલો છે.'' (સૂરઃ અત્-તૂર , ૫૨, આયત ૨૧)

વ્યક્તિઓને મળે છે). (તે સ્વર્ગમાં) નવું જીવન પવિત્ર અને મહાન પદવાળા લોકોના ઘરમાં કે સમૂહમાં પામે છે.

(अभिजायते) (તે સ્વર્ગમાં) નવું જીવન (शुचीनाम श्री-मताम्) પવિત્ર અને મહાન પદવાળા લોકોના (गेहे) ઘરમાં કે સમૂહમાં પામે છે.

## ૬.૪૨

**अथवा योगिनाम् एव कुले भवति धी-मताम् ।**
**एतत् हि दुर्लभ-तरम् लोके जन्म यत् ईदृशम् ।।४२।।**

અથવા (તે ઓછી પ્રાર્થના કરવાવાળો વ્યક્તિ) તપસ્વી અને બુદ્ધિજીવીઓના સમૂહમાં સ્થાન પામે છે. પરંતુ આવું ખૂબ ઓછું બને છે. અર્થાત્ આ રીતે પરલોકમાં સ્વર્ગમાં પવિત્ર લોકોમાં નવું જીવન પામવું.

(अथवा) અથવા (તે ઓછી પ્રાર્થના કરવાવાળો વ્યક્તિ) (योगिनाम्) તપસ્વી (एवं) અને(धी मताम्) બુદ્ધિજીવીઓના (कुले) સમૂહમાં (भवति) સ્થાન પામે છે. (एतत् हि) પરંતુ આવું (दुर्लभ-तरम्) ખૂબ ઓછું બને છે. (यत् ईदृशम्) અર્થાત્ આ રીતે (लोके) પરલોકમાં (जन्म) સ્વર્ગમાં પવિત્ર લોકોમાં નવું જીવન પામવું.

## ૬.૪૩

**तत्र तम् बुद्धि-संयोगम् लभते पौर्व-दैहिकम् ।**
**यतते च ततः भूयः संसिद्धौ कुरुनन्दन ।।४३।।**

હે અર્જુન ! (ઓછી પ્રાર્થના કરવાવાળા વ્યક્તિને પણ સ્વર્ગમાં સ્થાન એટલા મળે છે કે) તે એ પહેલાંના સાંસારિક જીવનમાં મનથી ઈશ્વરમાં શ્રદ્ધા રાખતો હતો, અને તે વારંવાર પરિપૂર્ણ કે દરેક પ્રકારે સાચા બનવાનો પ્રયાસ કરતો હતો.

(कुरुनन्दन) હે અર્જુન ! (ઓછી પ્રાર્થના કરવાવાળા વ્યક્તિને પણ સ્વર્ગમાં સ્થાન એટલા મળે છે કે) (तत्र) તે (तम्) એ (पौर्व देहिकम्) પહેલાંના સાંસારિક જીવનમાં (बुद्धि संयोगम्) મનથી ઈશ્વરમાં શ્રદ્ધા (लभते) રાખતો હતો, (च) અને (ततः) તે (भूयः) વારંવાર (संसिद्धौ) પરિપૂર્ણ કે દરેક પ્રકારે સાચા બનવાનો (यतते) પ્રયાસ કરતો હતો.

## ૬.૪૪

**पूर्व अभ्यासेन तेन एव ह्रियते हि अवशः अपिसः ।**
**जिज्ञासुः अपि योगस्य शब्द-ब्रह्म अतिवर्तते ।।४४।।**

(ઓછી પ્રાર્થના કરવાવાળા વ્યક્તિને પણ સ્વર્ગમાં સ્થાન એટલા માટે મળે છે, કેમ કે) પહેલાના (સાંસારિક જીવનમાં) સ્વયં તે વેદોના અભ્યાસ (વાંચન) તરફ આકર્ષિત હતો, અને તે પ્રયાસ કરતો હતો ઈશ્વરની પ્રાર્થનાની, અને (તેણે) ઈશ્વરના નામના જાપ કરવામાં પણ પ્રગતિ કરી હતી.

(ઓછી પ્રાર્થના કરવાવાળા વ્યક્તિને પણ સ્વર્ગમાં સ્થાન એટલા માટે મળે છે, કેમ કે) (पूर्व) પહેલાના (સાંસારિક જીવનમાં) (अवशः) સ્વયં (तेन) તે (अभ्यासेन) વેદોના અભ્યાસ (વાંચન) તરફ (ह्रियते) આકર્ષિત હતો, (अपि सः) અને તે (जिज्ञासुः) પ્રયાસ કરતો હતો (योगस्य) ઈશ્વરની પ્રાર્થનાની, (अपि) અને (તેણે) (शब्द ब्रह्म) ઈશ્વરના નામના જાપ કરવામાં પણ (अतिवर्तते) પ્રગતિ કરી હતી.

## ૬.૪૫

**प्रयत्नात् यतमानः तु योगी संशुद्ध किल्बिषः ।**
**अनेक जन्म संसिद्धः ततः यातऋ पराम् गतिम् ।।४५।।**

પરંતુ (આ પ્રકારનું સ્વર્ગ મળવું ઓછું બને છે, જે

(तु) પરંતુ (આ પ્રકારનું સ્વર્ગ મળવું ઓછું બને છે, જે સાધારણરૂપે બનતું હોય છે તે એ છે કે (योगी) ઈશ્વરની ઓછી પ્રાર્થના કરવાવાળો ભક્ત જે (यतमानः) સખત

સાધારણરૂપે બનતું હોય છે તે એ છે કે) ઈશ્વરની ઓછી પ્રાર્થના કરવાવાળો ભક્ત જે સખત મહેનતની સાથે (ઈશ્વરની પ્રાર્થનાનો) પ્રયત્ન કરતો હતો, નર્કમાં ઘણી વાર (દંડના કારણે) મૃત્યુ પામીને નવું જીવન પામ્યા પછી બધા પાપોથી સંપૂર્ણપણે મુક્ત થઈ જાય છે. (તે પછી) જીવનનું સૌથી શ્રેષ્ઠ લક્ષ્ય (સ્વર્ગ) પ્રાપ્ત કરે છે.

મહેનતની સાથે (प्रयत्नात्) (ઈશ્વરની પ્રાર્થનાનો) પ્રયત્ન કરતો હતો, (अनेक जन्म) નર્કમાં ઘણી વાર (દંડના કારણે) મૃત્યુ પામીને નવું જીવન પામ્યા પછી (किल्बिषः) બધા પાપોથી (संसिद्धः) સંપૂર્ણપણે (सशुद्ध) મુક્ત થઈ જાય છે. (ततः) તે પછી (परम् गतिम्) જીવનનું સૌથી શ્રેષ્ઠ લક્ષ્ય (સ્વર્ગ) પ્રાપ્ત કરે છે.

**યોગીનું ઉચ્ચ સ્થાન**

## ૬.૪૬

**तपस्विभ्यः अधिकः योगी ज्ञानिभ्यः अपि मतः अधिक ।**
**कर्मिभ्य च अधिकः योगी तस्मात् योगी भव अर्जुन ।।४६।।**

ઈશ્વરની પ્રાર્થના કરવાવાળો ભક્ત (યોગી) તપસ્વીથી શ્રેષ્ઠ છે, અને તે જ્ઞાનીઓથી પણ શ્રેષ્ઠ સમજવામાં આવે છે, અને ઈશ્વરની પ્રાર્થના કરવાવાળો ભક્ત ધાર્મિક રીત-રિવાજ કરવાવાળાઓથી પણ શ્રેષ્ઠ (સમજવામાં આવે છે). આ કારણે હે અર્જુન ! યોગી બનો.

(योगी) ઈશ્વરની પ્રાર્થના કરવાવાળો ભક્ત (યોગી) (तपस्विभ्यः) તપસ્વીથી (अधिकः) શ્રેષ્ઠ છે, (अपि) અને તે (ज्ञानिभ्यः) જ્ઞાનીઓથી પણ (अधिकः) શ્રેષ્ઠ (मतः) સમજવામાં આવે છે, (च) અને (योगी) ઈશ્વરની પ્રાર્થના કરવાવાળો ભક્ત (कर्मिभ्य) ધાર્મિક રીત-રિવાજ કરવાવાળાઓથી (अधिकः) પણ શ્રેષ્ઠ (સમજવામાં આવે છે). (तस्मात्) આ કારણે (अर्जुन) હે અર્જુન ! (योगी भव) યોગી બનો.

## ૬.૪૭

**योगिनाम् अपि सर्वेषाम् मत्-गतेन अन्तः-आत्मना ।**
**श्रद्धावान् भजते यः माम् सः युक्त-तमः मतः ।।४७।।**

ઈશ્વરની પ્રાર્થના કરવાવાળા બધા ભક્તોમાં પણ જે સાચી શ્રદ્ધાની સાથે મારા તલ્લીન રહીને મનના ઊંડાણથી મારી પ્રાર્થનામાં વ્યસ્ત રહે છે, તે મારા મતના અનુસાર સર્વશ્રેષ્ઠ યોગી છે.

(योगिनाम्) ઈશ્વરની પ્રાર્થના કરવાવાળા (सर्वेषाम्) બધા ભક્તોમાં (अपि) પણ (यः) જે (श्रद्धावान) સાચી શ્રદ્ધાની સાથે (मत् गतेन) મારા તલ્લીન રહીને (अन्त आत्मना) મનના ઊંડાણથી (माम्) મારી (भजते) પ્રાર્થનામાં વ્યસ્ત રહે છે, (सः) તે (मे) મારા (मतः) મતના અનુસાર (युक्ततमः) સર્વશ્રેષ્ઠ યોગી છે.

(અધ્યાય—૭)

# જ્ઞાન વિજ્ઞાન યોગ

## પરિચય

● અત્યાર સુધી આપણે જે કંઈ વાચ્યું તેનો સાર એ છે કે કેટલાક કર્મ-બંધન છે, જેનાથી આપણે બંધાયેલા છીએ. એક છે કર્મ યોગ, જે વ્યક્તિગત સ્તરે આપણા અનિવાર્ય કર્મો છે, અને બીજા છે કર્મ સંન્યાસ, જે સામાજિક સ્તરે આપણા માટે અનિવાર્ય કર્તવ્યો છે.

● આને સારી પૂર્ણ કરવાનું જ્ઞાન આપણને પ્રકરણ નં. ૪ થી મળે છે.

આને પૂરા કરવામાં સૌથી મોટો અવરોધ આપણું આપણી ઇચ્છાઓને સૌથી વધારે મહત્ત્વ આપવું છે.

● પોતાની ઇચ્છાઓનેને વશમાં કરવાની એક જ પદ્ધતિ છે, અને તે છે ધ્યાન યોગ, જે આપણે પ્રકરણ નં. ૬ માં શીખ્યા.

પરંતુ આ પોતાના કર્તવ્યોને પૂરા કરવા અને એક લાંબા સાય સુધી ધ્યાન યોગ કરવું આ બધું કઠિન કામ છે. મનુષ્ય તેને કેમ કરશે ?

● શ્લોક નં. ૧૮.૧૮માં છે કે ત્રણ વાતો પ્રેરણા આપે છે (અર્થાત્ Motivating Forces છે), જેના કારણે મનુષ્ય તેને કરે છે, તે છે :

જ્ઞાન (Divine Knowledge)

ઈશ્વરમાં શ્રદ્ધા (Faith on God)

અન્ય લોકમાં શ્રદ્ધા (Belief in here-after)

આ કારણે હવે પ્રકરણ નં. ૭ થી ૧૮ સુધી આ જ ત્રણ વિષયો પર અલગ-અલગ પ્રકારે ચર્ચા થશે, જેથી મનમાં તેના પર વિશ્વાસ બેસી જાય.

પ્રકરણ નં. ૭ થી ૧૩ સુધી મુખ્ય જ્ઞાન ઈશ્વર વિશે છે.

## સારાંશ

● શ્લોક નં. ૧ માં ઈશ્વરે કહ્યું, ''મારામાં મન લગાવીને નિશ્ચિત સમય પર મારી પ્રાર્થના કરો. મારું શરણ લઈને મારા આદેશનું પાલન કરો.'' આ જ કર્મયોગ અને સંન્યાસયોગ કરવાનો આદેશ છે, અને તેને કરવાની પ્રેરણા ઈશ્વર અને અન્ય લોકમાં શ્રદ્ધાથી મળશે. અન્ય લોકનો ઉલ્લેખ શ્લોક નં. ૭.૫માં અને સમગ્ર પ્રકરણ ઈશ્વરમાં શ્રદ્ધા ઉત્પન્ન કરવા માટે જ છે.

● શ્લોક નં. ૭.૪ થી ૭.૫ માં ઈશ્વરે કહ્યું કે પૃથ્વી, જળ, પ્રકાશ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અહંકાર આ આઠ તત્ત્વોથી મેં આ હીન (Inferior) સંસારને બનાવેલ છે. પરંતુ મનુષ્યએ આના ઉપરાંત મારી મહાન પ્રાકૃતિક રચના અન્ય લોકને જાણવાનો પ્રયાસ કરવો જોઈએ.

આ અન્ય લોનો પરિચય છે, જ્યાં અમે મૃત્યુ પછી અનંત કાળ સુધી રહીશું.

● અન્ય લોક પછી ઈશ્વરે જળ, રસ, ચંદ્રમા, સૂર્ય, પ્રભા વગેરે દ્વારા પોતાની મહાનતાનો પરિચય આપ્યો છે.

જળ, રસ, ચંદ્રમા વગેરે ઈશ્વરની મહાનતાને કેવી રીતે પ્રગટ કરે છે તેને ઉદાહરણથી સમજવાનો પ્રયાસ કરીએ છીએ.

● જ્યારે કોઈ ચિત્રકારની મહાનતાને પારખવી હોય તો આપણે તેણે બનાવેલ ચિત્રનું નિરીક્ષણ કરીએ છીએ. અર્થાત્ ચિત્ર જ ચિત્રકારની મહાનતાનું પ્રમાણ છે.

એ જ રીતે ઈશ્વરે રચેલ વસ્તુઓ જ ઈશ્વરની મહાનતાનું પ્રમાણ છે. શ્લોકમાં પહેલા જળનો ઉલ્લેખ છે, તેથી આપણે પહેલા જળના ઉદાહરણથી આરંભ કરીએ છીએ.

સંસારમાં અનેક પ્રકારના કોલ્ડ્રિંક્સ છે, જેમ કે કોકોકોલા, લિમ્કા, મંગોલા વગેરે જે મોટી-મોટી મલ્ટી-નેશનલ કોર્પોરેટ કંપનીઓ બનાવે છે. પરંતુ એક તરસથી મરતો વ્યક્તિ મરતી વખતે માત્ર જળ માંગે છે. તે કદી નથી કહેતો કે મને એક ઘૂંટ કોકોકોલા પીવડાવી દો. એ જ પ્રમાણે મનુષ્ય સમગ્ર જીવન જળ પીવે છે, જેમાં કોઈ સ્વાદ નથી. તેમ છતાં તે કદી જળથી કંટાળતો નથી. આ જ ઈશ્વરની મહાનતાનું પ્રમાણ છે કે સ્વાદ વગરનું જળ જ મનુષ્ય જવનભર પીવા માંગે છે અને આ જળ તેના સ્વાસ્થ્યને પણ સારું કરે છે.

● શ્લોક નં. ૭.૯ માં ઈશ્વરે કહ્યું કે હું પૃથ્વીની પવિત્ર સુવાસ છું.

ગરમીની ઋતુ પછી જ્યારે પહેલી વાર વર્ષા થાય છે તે વખતે પૃથ્વીની માટીની એક સુગંધ ઊડે છે. તેને સૂંઘીને ખેડૂતોમાં ખુશહાલીની આશા ઉત્પન્ન થાય છે અને તે એકદમ પ્રસન્ન થઈ જાય છે.

વિશ્વમાં અનેક પ્રકારના અત્તર, સેન્ટ અને સુગંધ બને છે. પરંતુ કોઈ સુગંધમાં એ ગુણ નથી હોતો, જે ઈશ્વરની માટીની સુગંધથી ખેડૂતમાં ઉત્પન્ન થાય છે. આ જ ઈશ્વરની મહાનતા છે.

● આ પ્રકરણમાં અને પ્રકરણ નં.૧૦માં ઈશ્વરની મહાનતાને પ્રગટ કરનાર જે વસ્તુઓના નામ છે તેનાથી ઈશ્વરની મહાનતા કેવી રીતે પ્રગટ થાય છે, જો આપણે તેનું વર્ણન કરીએ તો હજારો પાનાઓ પણ ઓછા પડે.

આ કારણે આ કામ અમે તમારા પર છોડીએ છીએ. તમે પોતે તેના વિશે વિચારો, તો મનથી તમને ઈશ્વરની મહાનતાનો વિશ્વાસ થઈ જશે.

● શ્લોક નં. ૭.૭ થી ૭.૧૧ સુધી ઈશ્વરની મહાનતાનો પરિચય છે.

● શ્લોક નં.૭.૧૨ થી ૭.૧૩માં ઈશ્વરને ન ઓળખવાનું કારણ બતાવેલ છે.

● શ્લોક નં.૭.૧૪ અને ૭.૧૫માં કહેવામાં આવ્યું છે કે સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ મનુષ્યની પરીક્ષા માટે છે.

● શ્લોક નં.૭.૧૬ થી ૭.૧૯માં એ લોકોનું વર્ણન છે, જેઓ ઈશ્વરમાં શ્રદ્ધા રાખે છે.

● શ્લોક નં. ૭.૨૦ થી ૭.૨૩ સુધી દેવતાઓને પૂજવાના કારણો અને તેના પરિણામનું વર્ણન છે.

● શ્લોક નં. ૭.૨૪ થી ૭.૨૬માં મૂર્ખ લોકો ઈશ્વર વિશે જે કલ્પના કરે છે તેનું વર્ણન છે.

● શ્લોક નં. ૭.૨૭માં સત્ય માર્ગથી ભટકી જવાના કારણોનું વર્ણન છે.

● શ્લોક નં. ૭.૨૮-૭.૨૯માં ઈશ્વરમાં શ્રદ્ધાના મહત્ત્વનું વર્ણન છે.

# પ્રકરણ

## ૭.૧

**श्री भगवान उवाच,**
**मयि आसक्त-मनाः पार्थ योगम् युञ्जन् मत्-आश्रयः ।**
**असंशयम् समग्रम् माम् यथा ज्ञास्यसि तत् शृणु ।।१।।**

ઈશ્વરે કહ્યું, હે અર્જુન ! મારામાં પોતાના મનને લગાવીને મારું શરણ લઈને અનુસૂચિત સમય પર મારી પ્રાર્થના કરો. કોઈ સંદેહ વગર સંપૂર્ણપણે જે રીતે મને જાણી શકો છો એ સાંભળો.

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું, (पार्थ) હે અર્જુન ! (मयि) મારામાં (मना) પોતાના મનને (आसक्त) લગાવીને (मत-आश्रय) મારું શરણ લઈને (योगम युञ्जन) અનુસૂચિત સમય પર મારી પ્રાર્થના કરો. (असंशयम्) કોઈ સંદેહ વગર (समग्रम) સંપૂર્ણપણે (यथा) જે રીતે (माम्) મને (ज्ञास्यसि) જાણી શકો છો એ (शृणु) સાંભળો.

### ઈશ્વર અને અન્ય લોક વિશે જ્ઞાનનું મહત્ત્વ

## ૭.૨

**ज्ञानम् ते अहम् स विज्ञानम् इदम् वक्ष्यामि अशेषतः ।**
**यत् ज्ञात्वा न इह भूयः अन्यत् ज्ञातव्यम् अवशिष्यते ।।२।।**

કુશળતાથી આ જ્ઞાન (અને તેના) સાથે વિજ્ઞાન (ને) હું તમને કહીશ, જેને જાણીને આ સંસારમાં ફરીથી (તમને) કોઈ અન્ય જ્ઞાન જાણવાની આવશ્યકતા નહીં રહે.

(अशेषतः) કુશળતાથી (ज्ञानम्) આ જ્ઞાન (स) (અને તેના) સાથે (विज्ञानम्) વિજ્ઞાન (ને) (अहम्) હું (ते) તમને (वक्ष्यामि) કહીશ, (यते) જેને (ज्ञात्वा) જાણીને (इह) આ સંસારમાં (भूयः) ફરીથી (તમને) (अन्यत्) કોઈ અન્ય જ્ઞાન (ज्ञातव्यम्) જાણવાની (अवशि%ढयते) આવશ્યકતા (न) નહીં રહે.

## ૭.૩

**मनुष्याणाम् सहस्त्रेषु कश्चित् यतति सिद्धये ।**
**यतताम् अपि सिद्धानाम् कश्चित् माम् वेत्ति तत्त्वतः ।।३।।**

હજારો મનુષ્યમાં કેટલાક લોકો જ એક ઈશ્વરમાં પૂર્ણપણે એકાગ્ર થઈને પ્રાર્થના કરવાનો પ્રયાસ કરે છે, અને એવા પૂર્ણપણે એકાગ્ર થઈને પ્રાર્થના કરવાનો પ્રયાસ કરનારાઓમાં અમુક જ લોકો મારી વાસ્તવિકતા (સત્ય)ને જાણી શકે છે.

(सहसेपु) હજારો (मनुयाणाम्) મનુષ્યમાં (कश्चित्) કેટલાક લોકો જ (सिद्धयो) એક ઈશ્વરમાં પૂર્ણપણે એકાગ્ર થઈને પ્રાર્થના કરવાનો (यताति) પ્રયાસ કરે છે, (अपि) અને (सिद्धनाम्) એવા પૂર્ણપણે એકાગ્ર થઈને પ્રાર્થના (यतात्म) કરવાનો પ્રયાસ કરનારાઓમાં (कश्चित) અમુક જ લોકો (माम) મારી (तत्त्चत) વાસ્તવિકતા (સત્ય)ને (वेति) જાણી શકે છે.

### સૃષ્ટિની રચનાના પદાર્થ

## ૭.૪

**भूमिः आपः अनलः वायुः खम् मनः बुद्धि एव च ।**
**अहंकारः इति इयम् मे मित्रा प्रकृतिः अष्टधा ।।४।।**

પૃથ્વી (માટી), જળ, અગ્નિ, વાયુ, આકાશ એ જ રીતે મન, બુદ્ધિ અને નિઃસંદેહ અહંકાર. આ (આ સંસારમાં) મારી આઠ પ્રકારની અલગ-અલગ સૃષ્ટિની રચના કરવાના પદાર્થ છે.

(भूमि) પૃથ્વી (માટી), (आपः) જળ, (अनला) અગ્નિ, (वायु) વાયુ, (खम्) આકાશ (इति) એ જ રીતે (मनः) મન, (बुद्धि) બુદ્ધિ (च एवं) અને નિઃસંદેહ (अहंकार) અહંકાર. (इति इयम्) આ (આ સંસારમાં) (मे) મારી (अष्टधा) આઠ પ્રકારની (मित्ता) અલગ-અલગ (प्रकृति) સૃષ્ટિની રચના કરવાના પદાર્થ છે.

### ઈશ્વરની સૌથી મહત્ત્વપૂર્ણ રચના અન્ય લોક

## ૭.૫

**अपरा इयम् इतः तु अन्याम् प्रकृतिम् विद्धि मे पराम् ।जीव-भूताम् महा-बाहो यया इदम् धार्यते जगत् ।।५।।**

પરંતુ હે અર્જુન ! આ હીન (પૃથ્વીના) ઉપરાંત મારી શ્રેષ્ઠ રચના અન્ય લોકને જાણવાનો પ્રયાસ કરો, જેના પર આ સંસારના બધા પ્રાણીઓની (સફળતા કે નિષ્ફળતા) નિર્ભર કરે છે.

નોંધ : અન્ય લોકને સમજવા માટે નોંધ ન. N-૪ વાંચો.

(तु) પરંતુ (महावाहो) હે અર્જુન ! (अपरा इयम्) આ હીન (इति) (પૃથ્વીના) ઉપરાંત (मे) મારી (पराम) શ્રેષ્ઠ (प्रकृतिम्) રચના (अन्याम) અન્ય લોક (विद्धि)ને જાણવાનો પ્રયાસ કરો, (यथा) જેના પર (इदम) આ (जगत) સંસારના (जीव-भूतान) બધા પ્રાણીઓની (સફળતા કે નિષ્ફળતા) (धयति) નિર્ભર કરે છે.

## ૭.૬

**एतत योनीनि भूतानि सर्वाणि इति उपधारय ।**
**अहम् कृत्स्नस्य जगतः प्रभवः प्रलयः तथा ।।६।।**

આ રીતે બધા ધરતી પર જન્મ લેનારા પ્રાણીઓની (સફળતા અને નિષ્ફળતા) નિર્ભર કરે છે આ (બંને પર, અર્થાત્ પૃથ્વી લોક અને અન્ય લોક પર), અને હું (જ) આ સૃષ્ટિનો આરંભ કરવાવાળો છું, (અને) સંપૂર્ણ જગતનો (હું જ) વિનાશ કરવાવાળો છું.

(इति) આ રીતે (सर्वाणि) બધા (योनीनि भूतानि) ધરતી પર જન્મ લેનારા પ્રાણીઓની (उपधारय) (સફળતા અને નિષ્ફળતા) નિર્ભર કરે છે. (एतत) આ (બંને પર, અર્થાત્ પૃથ્વી લોક અને અન્ય લોક પર), (तथा) અને (अहम) હું (જ) (प्रभवः) આ સૃષ્ટિનો આરંભ કરવાવાળો છું, (कृत्स्नस्य) (અને) સંપૂર્ણ (जगतः) જગતનો (હું જ) (प्रलयः) વિનાશ કરવાવાળો છું.

### ઈશ્વરનો પરિચય

## ૭.૭

**मत्तः पर-तरम् न अन्यत् किन्चित् अस्ति धनञ्जय ।**
**मयि सर्वम् इदम् प्रोतम् सूत्रे मणि-गणाः इव ।।३।।**

હે અર્જુન ! મારા (એક ઈશ્વર)થી શ્રેષ્ઠ કોઈ અન્ય જરા પણ નથી. જે રીતે મણકાઓ સૂતરના દોરામાં પરોવેલ

(धनञ्जय) હે અર્જુન ! (मत्त) મારા (એક ઈશ્વર)થી (पर-तरम्) શ્રેષ્ઠ (अन्यत्) કોઈ અન્ય (न किन्चित) જરા પણ નથી (अस्ती). (इरा) જે રીતે (मणि गणा) મણકાઓ (सूत्रे) સૂતરના દોરામાં (प्रोतम) પરોવેલ (હોવાના

---

**નોંધ ૭.૫ :** શ્લોક નં. ૭.૪માં ઈશ્વરે આઠ તત્ત્વોના નામ ગણાવ્યા છે, જેનાથી તેણે આ સંસારની રચના કરી છે. આ આઠ તત્ત્વો ઈશ્વરની મહાનતાને પ્રગટ કરે છે. આને બધા જ્ઞાનીઓ જાણે છે. પરંતુ ઈશ્વરે આ સંસારને શ્લોક નં. ૭.૫ માં (अपरा) કહેલ છે, જેનો અર્થ છે હીન (Inferior) અને એ લોક જેમાં મનુષ્ય મૃત્યુ પછી રહેશે તેને (पराम) કહેલ છે, અર્થાત્ શ્રેષ્ઠ.

પવિત્ર કુર્આનમાં પણ ઈશ્વરે સાંસારિક જીવનજે ખેલ-કૂદ અને મૃત્યુ પછીના જીવનને વાસ્તવિક જીવન કહેલ છે. તે આયત આ પ્રમાણે છે :

''અને સાંસારિક જીવન તો એક ખેલ અને તમાશા સિવાય બીજું કંઈ નથી, અને આખિરત (મૃત્યુ પછીનું લોક)નું ઘર એ લોકો માટે વધારે શ્રેષ્ઠ છે, જેઓ (ઈશ્વરથી) ડરવાવાળા છે. શું તમે સમજતા નથી ?'' (સૂરઃ અલ-અન્આમ, ૬, આયત ૩૨)

(હોવાના કારણે ટકી રહે છે). (એ જ રીતે) આ સમગ્ર સંસાર મુજ (એક ઈશ્વરના સહારે ટકી રહ્યો છે, અથવા મારા પર નિર્ભર છે.)

કારણે ટકી રહે છે). (એ જ રીતે) (सर्वम्) આ સમગ્ર સંસાર (मयि) મુજ (એક ઈશ્વરના સહારે ટકી રહ્યો છે, અથવા મારા પર નિર્ભર છે.)

## ૭.૮

**रस ओऽहम् अप्सु कौन्तेय प्रभःअस्मि शशिसूर्ययोः ।**
**प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ।।८।।**

હે અર્જુન ! હું જળનો સ્વાદ છું. સૂર્ય, ચંદ્રનો પ્રકાશ છું. તમામ વેદોમાં ઓમકાર (ૐ) છું. આકાશનો શબ્દ કે જાપ છું. મનુષ્યોની શક્તિ અને ક્ષમતા છું.

(कौन्तेय) હે અર્જુન ! (आऽहम्) હું (अप्सु) જળનો (रस) સ્વાદ છું. (शशि सूर्ययो) સૂર્ય, ચંદ્રનો (प्रभा) પ્રકાશ (अस्मि) છું. (सर्व) તમામ (वेदेषु) વેદોમાં (प्रणवः) ઓમકાર (ૐ) છું. (खे) આકાશનો (शब्दः) શબ્દ કે જાપ છું. (नृषु) મનુષ્યોની (पौरुषं) શક્તિ અને ક્ષમતા છું.

(અર્થાત્, જળનો સ્વાદ, સૂર્યના પ્રકાશમાં વૃક્ષો-છોડવાઓનું વધવું, ચંદ્રના પ્રકાશમાં ફળોનું પાકવું વગેરેને જોઈને મારી મહાનતાનો અનુભવ કરો.)

## ૭.૯

**पुण्यः गन्धः पृथिव्याम् भ तेजः च अस्मि विभावसौ ।**
**जीवनम् सर्व भूतेषु तपः च अस्मि तपस्विषु ।।९।।**

પૃથ્વીની પવિત્ર સુગંધ (હું છું), અને (અગ્નિનો) પ્રકાશ (હું) છું, તથા સંપૂર્ણ પ્રાણીઓમાં પ્રાણ (હું છું), અને તપસ્યા કરવાવાળાઓની તપસ્યા (હું) છું.

(पृथिव्याम्) પૃથ્વીની (पुण्य) પવિત્ર (गन्धः) સુગંધ (હું છું), (च) અને (विभावसौ) (અગ્નિનો) (तेज) પ્રકાશ (अस्मि) (હું) છું, (च) તથા (सर्व भूतेषु) સંપૂર્ણ પ્રાણીઓમાં (जीवनम्) પ્રાણ (હું છું), (च) અને (तपस्विषु) તપસ્યા કરવાવાળાઓની (तप) તપસ્યા (अस्मि) (હું) છું.

## ૭.૧૦

**बीजम् माम् सर्व-भूतानाम् बिद्धि पार्थ सनातनम् ।**
**बुद्धिः बुद्धि-मताम् अस्मि तेजः तेजस्विनाम् अहम् ।।१०।।**

હે અર્જુન ! સંપૂર્ણ પ્રાણીઓના અનાદિ બીજ મને સમજો. બુદ્ધિશાળીઓમાં બુદ્ધિ (મારાથી સમજો). તેજસ્વીઓમાં પ્રકાશ હું છું.

(पार्थ) હે અર્જુન ! (सर्व) સંપૂર્ણ (भुतानाम्) પ્રાણીઓના (सनातनम्) અનાદિ (बीजम्) બીજ (माम्) મને (विद्धि) સમજો. (बुद्धिमताम्) બુદ્ધિશાળીઓમાં (बुद्धि) બુદ્ધિ (મારાથી સમજો). (तेजस्विनाम्) તેજસ્વીઓમાં (तेज) પ્રકાશ (अहम) હું (अस्मि) છું.

## ૭.૧૧

**बलम् बल-वताम् च अहम् काम राग विवर्जितम् ।**
**धर्म-अविरुद्धः भूतेषु कामः अस्मि भरत-ऋषभ ।।११।।**

હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ અર્જુન ! બળવાનોમાં કામ અને ક્રોધથી રહિત શક્તિ હું છું, અને પ્રાણીઓમાં

(भरत ऋषभ) હે ભરતવંશીઓમાં શ્રેષ્ઠ અર્જુન ! (बलवताम्) બળવાનોમાં (विवर्जिताम्) કામ અને ક્રોધથી રહિત (बलम्) શક્તિ (अहम) હું છું (च) અને

આનંદનો અનુભવ કરવાની એવી ઇચ્છા છું, જે ધર્મ-વિરોધી નથી.

(च) અને (भुतेषु) પ્રાણીઓમાં (कामः) આનંદનો અનુભવ કરવાની એવી ઇચ્છા (अस्मि) છું, (धर्मांविरुद्ध) જે ધર્મ-વિરોધી નથી.

**ઈશ્વરને ન ઓળખવાના કારણો**

## ૭.૧૨

**ये च एव सात्त्विकाः भावाः राजसः तामसाः च ये ।**
**मत्तःएव इति तान् विद्धि न तु अहम् तेषु ते मयि ।।१२।।**

નિઃસંદેહ, આ જે સાત્ત્વિક અને રજો અને તમો ગુણ છે, તે પણ મારા દ્વારા (બનાવવામાં આવ્યા છે). પરંતુ તમે આને એ રીતે સમજો કે હું એ (મનુષ્યો) જેવો નથી, અને તેઓ (મનુષ્યો) પણ મારા (જેવા નથી).

(एरां) નિઃસંદેહ, (ये) આ જે (सात्त्विक) સાત્ત્વિક (च) અને (राजसः) રજો (तामसाः) અને તમો (भावाः) ગુણ છે, (ये च) તે પણ (मत्तः) મારા દ્વારા (બનાવવામાં આવ્યા છે). (तु) પરંતુ (तान) તમે આને (वेते) એ રીતે (विद्धि) સમજો કે (अहम) હું (तेषु) એ (મનુષ્યો) જેવો (न) નથી, (च) અને (ते) તેઓ (મનુષ્યો) પણ (मयि) મારા (જેવા નથી)

## ૭.૧૩

**त्रिभिः गुण-मयैः भावैः एभिः सर्वम् इदम् जगत् ।**
**मोहितम् न अभिजानाति माम् एभ्यः परम् अव्ययम् ।।१३।।**

ઈશ્વર દ્વારા નિર્મિત કરવામાં આવેલ આ ત્રણેય ગુણોમાં ફસાઈને આ સમગ્ર સંસાર (ના મનુષ્યો) મોહિત છે (ભ્રમમાં છે). આ કારણે (આ ત્રણેય ગુણોથી ઉપર ઉઠીને તે) મુજ મહાન (અને) અવિનાશી (ઈશ્વરને) નથી જાણી શકતા.

(भावै) ઈશ્વર દ્વારા નિર્મિત કરવામાં આવેલ (एभि) આ (त्रिभि) ત્રણેય (गुण) ગુણોમાં (मयै) ફસાઈને (इदम) આ (सर्वम्) સમગ્ર (जगत) સંસાર (ના મનુષ્યો) (मोहितम्) મોહિત છે (ભ્રમમાં છે). (एभ्य) આ કારણે (આ ત્રણેય ગુણોથી ઉપર ઉઠીને તે) (माम) મુજ (परम) મહાન (અને) (अव्ययम्) અવિનાશી (ઈશ્વરને) (न) નથી (अभिजानाति) જાણી શકતા.

**સતો, રજો અને તમો ગુણ મનુષ્યની પરીક્ષા માટે છે**

## ૭.૧૪

**दैवी हि एषा गुण-मयी मम माया दुरत्यया ।**
**माम् एव ये प्रपद्यन्ते मायाम् एतात् तरन्ति ते ।।१४।।**

નિઃસંદેહ, મારા દ્વારા (બનાવવામાં આવેલ) આ દિવ્ય ગુણો (પર આધારિત) મારી પરીક્ષાને પાર કરવી ખૂબ કઠિન છે. (પરંતુ) જે લોકો મારા શરણમાં આવી જાય છે તેઓ આ પરીક્ષાને નિઃસંદેહ પાર કરી જાય છે.

(हि) નિઃસંદેહ, (मयी) મારા દ્વારા (બનાવવામાં આવેલ) (एषा) આ (दैवी) દિવ્ય (गुण) ગુણો (પર આધારિત) (मम्) મારી (माया) પરીક્ષાને (दुरत्यया) પાર કરવી ખૂબ કઠિન છે. (ये) (પરંતુ) જે લોકો (मामे) મારા (प्रपद्यन्ते) શરણમાં આવી જાય છે (ते) તેઓ (एतात) આ (मायाम्) પરીક્ષાને (एवं) નિઃસંદેહ (तरन्ति) પાર કરી જાય છે.

**નોંધ ૭.૧૪ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું કે, ''અમે અવશ્ય તમને ભય, ભૂખ, જાન-માલના નુકસાન અને આમદનીઓના નુકસાનમાં નાખીને તમારી પરીક્ષા કરીશું.'' (સૂરઃ અલ-બકરહ, ૨, આયત ૧૫૫)

## ૭.૧૫

**न माम दुष्कृतिनः मूढाः प्रपद्यन्ते नर-अधमाः ।
मायया अपहृत ज्ञानाः आसुरम् भावम् आश्रिताः ।।१५।।**

(આ દિવ્ય જ્ઞાન પર આધારિત) પરીક્ષા (માંથી પાર થવાવાળા) દિવ્ય જ્ઞાનને અસૂર (શૈતાની/રાક્ષસી) ભાવ (સ્વભાવ) અપનાવનારાઓથી અસૂરે (શૈતાને) અપહરણ કરી લીધેલ છે (ભુલાવી દીધેલ છે). (કારણ કે આ) મૂર્ખ દુષ્કર્મ કરવાવાળા, નર્કમાં પડવાવાળા, આ મનુષ્યો મારું શરણ નથી લેતા (મારી પ્રાર્થના નથી કરતા).

(मायया) (આ દિવ્ય જ્ઞાન પર આધારિત) પરીક્ષા (માંથી પાર થવાવાળા) (ज्ञाना) દિવ્ય જ્ઞાનને (आसुरम) અસૂર (શૈતાની/રાક્ષસી) (भावम) ભાવ (સ્વભાવ) (आश्रिता) અપનાવનારાઓથી (अपहृत) અસૂરે (શૈતાને) અપહરણ કરી લીધેલ છે (ભુલાવી દીધેલ છે). (मूढा) (કારણ કે આ) મૂર્ખ (दुष्कृतिन) દુષ્કર્મ કરવાવાળા, (नर अधमा) નર્કમાં પડવાવાળા આ મનુષ્યો (माम) મારું (प्रपद्यन्ते) શરણ નથી લેતા (મારી પ્રાર્થના નથી કરતા).

**ઈશ્વરમાં કોણ શ્રદ્ધા રાખે છે ?**

## ૭.૧૬

**चतुर् विद्याः भजन्ते माम् जनाः सु-कृतिनः अर्जुन ।
अर्ति-जिज्ञासुः अर्थ-अर्थी ज्ञानी च भरत-ऋषभ ।।१६।।**

હે ભારતમાં શ્રેષ્ઠ (અર્જુન) ! સત્કર્મ કરવાળાઓમાં ફક્ત ચાર પ્રકારના મનુષ્યો મારામાં શ્રદ્ધા રાખે છે (મારી પ્રાર્થના કરે છે), તે જે કષ્ટમાં છે, તે જે મને જાણવાની જિજ્ઞાસા રાખે છે (ઇચ્છા રાખે છે), તે જેને ધન અને સંપત્તિ જોઈએ, (અને) તે જે જ્ઞાની છે.

(भरत ऋषभ) હે ભારતમાં શ્રેષ્ઠ (અર્જુન) ! (सु-कृतिन) સત્કર્મ કરવાળાઓમાં (चतुर्) ફક્ત ચાર પ્રકારના (जना) મનુષ્યો (माम) મારામાં (भजन्ते) શ્રદ્ધા રાખે છે (મારી પ્રાર્થના કરે છે), (अर्ति) તે જે કષ્ટમાં છે, (जिज्ञासु) તે જે મને જાણવાની જિજ્ઞાસા રાખે છે (ઇચ્છા રાખે છે), (अर्थ-अर्थी) તે જેને ધન અને સંપત્તિ જોઈએ, (ज्ञानी) (અને) તે જે જ્ઞાની છે.

## ૭.૧૭

**तेषाम् ज्ञानी नित्य-युक्तः एक भक्तिः विशिष्यते ।
प्रियः हि ज्ञानिनः अत्यर्थम् अहम् सः च मम प्रियः ।।१७।।**

આ (ચારેયમાં) (તે જે) જ્ઞાની (છે), તે હંમેશા મારી પ્રાર્થનામાં લાગેલ રહે છે, (અને મુજ) એક ઈશ્વરની જ ભક્તિ કરે છે તે શ્રેષ્ઠ છે, કેમ કે એ જ્ઞાનીને હું ખૂબ જ પ્રિય છું, અને તે પણ મને (ખૂબ જ) પ્રિય છે.

(तेषाम) આ (ચારેયમાં) (ज्ञानी) (તે જે) જ્ઞાની (છે), (नित्य युक्त) તે હંમેશા મારી પ્રાર્થનામાં લાગેલ રહે છે, (एक भक्ति) (અને મુજ) એક ઈશ્વરની જ ભક્તિ કરે છે (विशिष्यते) તે શ્રેષ્ઠ છે, (हि) કેમ કે (ज्ञानिन) એ જ્ઞાનીને (अहम्) હું (अत्यर्थम) ખૂબ જ (प्रिय) પ્રિય છું, (च) અને (स) તે પણ (मम) મને (प्रिय) (ખૂબ જ) પ્રિય છે.

---

**નોંધ ૭.૧૭ :** પવિત્ર કુર્આનમાં લખ્યું છે કે, ''અલ્લાહના બંદાઓમાંથી માત્ર જ્ઞાનવાન લોકો જ તેનાથી ડરે છે. નિઃશંક, અલ્લાહ પ્રભુત્વશાળી અને માફ કરવાવાળો છે.'' (સૂરઃ ફાતિર, ૩૫, આયત ૨૮)

## ૭.૧૮

**उदाराः सर्वे एव एते ज्ञानी तु आत्मा एव मे मतम् ।**
**आस्थितः सः हि युक्त-आत्मा माम् एव अनुत्तमाम गतिम् ।।१८।।**

નિ:સંદેહ, આ બધા (આ ચારેય) આદરણીય છે, પરંતુ જ્ઞાની (નું) મન (પવિત્ર છે, તેથી તે સૌથી શ્રેષ્ઠ છે) અને એ કારણે પણ કે તે દૃઢતાથી મારા આદેશોનું પાલન કરે છે, હંમેશા મારી પ્રાર્થનામાં લાગેલો રહે છે. નિ:સંદેહ આ જ મનુષ્યનો સૌથી ઉચ્ચતમ્ જીવનનો ઉદ્દેશ્ય હોવો જોઈએ.

(एवं) નિ:સંદેહ, (सर्वे) આ બધા (આ ચારેય) (उदारा) આદરણીય છે, (तु) પરંતુ (ज्ञानी) જ્ઞાની (નું) (आत्मा) મન (પવિત્ર છે, તેથી તે સૌથી શ્રેષ્ઠ છે) (एते) અને એ કારણે પણ કે (सः) તે (आस्थित) દૃઢતાથી (मतम्) મારા આદેશોનું પાલન કરે છે, (युक्त आत्मा) હંમેશા મારી પ્રાર્થનામાં લાગેલો રહે છે. (एवं) નિ:સંદેહ (अनुत्तमाम) આ જ મનુષ્યનો સૌથી ઉચ્ચતમ્ (गतिम्) જીવનનો ઉદ્દેશ્ય હોવો જોઈએ.

## ૭.૧૯

**बहुनाम्, जन्मनाम् अन्ते ज्ञान-वान् माम् प्रपद्यते ।**
**वासुदेवः सर्वम् इति सः महा-आत्मा सु-दुर्लभः ।।१९।।**

આ રીતે મૃત્યુ સુધી બધા કર્મોને (માત્ર) મારા સહારા પર કરવાવાળા કૃષ્ણ જેવા ઘણા બધા જન્મ લેવાવાળા જ્ઞાનીઓમાં અત્યંત દુર્લભ છે.

(इति) આ રીતે (अन्ते) મૃત્યુ સુધી (सर्वम्) બધા કર્મોને (माम्) (માત્ર) મારા (प्रपद्यते) સહારા પર કરવાવાળા (वासुदेव) કૃષ્ણ જેવા (बहुनाम) ઘણા બધા (जन्मनाम) જન્મ લેવાવાળા (ज्ञानवान्) જ્ઞાનીઓમાં (सु-दुर्लभ) અત્યંત દુર્લભ છે.

### દેવતાઓને પૂજવાના કારણો

## ૭.૨૦

**कामैः तैः तैः हत ज्ञानाउ प्रपद्यन्ते अन्य देवताः ।**
**तम् तम् नियमम् आस्थाय प्रकृत्या नियताः स्वया ।।२०।।**

(માત્ર) પોતાની ઇચ્છાઓની પૂર્તિના પ્રયાસમાં જે લોકો ઈશ્વરના દિવ્ય જ્ઞાનથી દૂર થઈ ગયા છે (તેઓ) બીજા દેવતાઓનું શરણ લે છે (તેમની પ્રાર્થના કરે છે). એ લોકો સ્વયં દેવતાઓની પ્રાર્થનાના નિયમો બનાવે છે, જે રીતે ઈશ્વરે પોતાની પ્રાર્થનાના નિયમો બનાવ્યા છે.

(कामै) (માત્ર) પોતાની ઇચ્છાઓની પૂર્તિના પ્રયાસમાં (तै तै) જે લોકો (हत ज्ञाना) ઈશ્વરના દિવ્ય જ્ઞાનથી દૂર થઈ ગયા છે (अन्य) (તેઓ) બીજા (देवता) દેવતાઓનું (प्रपद्यन्ते) શરણ લે છે (તેમની પ્રાર્થના કરે છે). (तम् तम्) એ લોકો (स्वया) સ્વયં (आस्थाय) દેવતાઓની પ્રાર્થનાના (नियमम्) નિયમો બનાવે છે, (प्रकृत्या नियता) જે રીતે ઈશ્વરે પોતાની પ્રાર્થનાના નિયમો બનાવ્યા છે.

---

**નોંધ ૭.૨૦ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે પયગંબર મુહમ્મદ (સલ્લ.)ને કહ્યું કે, ''જેઓ ઈશ્વર સિવાય બીજાઓની પૂજા કરે છે, તેમને પૂછો કે શું તમે જેમને ઈશ્વર ઠરાવો છો તેમનામાં કોઈ છે જે પહેલી વાર (પ્રકૃતિની) રચના કરે છે અને પછી તેને પુનઃ પણ પેદા કરે ? કહો, ઈશ્વર જ પહેલી વાર પેદા કરે છે, પછી એ જ તેનું પુનરાવર્તન કરશે. (આ સત્યને જાણી લીધા પછી) તમે ક્યાંથી ઊલટા ભટકતા જઈ રહ્યા છો ?

(હે મુહમ્મદ સલ્લ.! આમને) કહો, શું તમે જેમને ઈશ્વર ઠરાવો છો, તેમનામાંથી કોઈ છે જે સત્યનો માર્ગ બતાવી શકતો હોય ? ઈશ્વર જ સત્ય માર્ગ પર નાખે છે. પછી જે સત્ય માર્ગ બતાવતો હોય તે એ વાતનો વધારે હકદાર

## ૭.૨૧

**यः यः याम् याम् तनुम् भक्तः श्रद्धया अर्चितुम् इच्छति।**
**तस्य तस्य आचला् श्रद्धाम् ताम् एव विदधामि अहम्**
**।।૨૧।।**

જે જે દેવતાઓના ભક્ત, જે જે દેવતામાં શ્રદ્ધા રાખે છે, અને તેમની ભક્તિની ઇચ્છા કરે છે, હું (ઈશ્વર) નિઃસંદેહ એ (ભક્તોની) શ્રદ્ધાને એ દેવતાઓ પર વધારે દૃઢ કરી નાખું છું.

(યઃ યઃ) જે જે (भक्त) દેવતાઓના ભક્ત, (याम् याम्) જે જે (तनुम्) દેવતામાં (श्रद्धया) શ્રદ્ધા રાખે છે, (अर्चितुम) અને તેમની ભક્તિની (इच्छति) ઇચ્છા કરે છે, (अहम) હું (ઈશ્વર) (एवं) નિઃસંદેહ (तस्य तस्य) એ (ભક્તોની) (श्रद्धाय) શ્રદ્ધાને (ताम्) એ દેવતાઓ પર (अचलाम्) વધારે દૃઢ (विदधामि) કરી નાખું છું.

## ૭.૨૨

**सः तथा श्रद्धा युक्तः तस्य आराधनम् ईहते ।**
**लभते च ततः कामान् मया एव विहितान् हि तान ।।૨૨।।**

એ (ભક્ત) તે (દેવતાની) પૂરી શ્રદ્ધાની સાથે (પોતાની ઇચ્છાઓને પૂરી થવા)ની અપેક્ષાની સાથે ભક્તિ કરે છે, અને એ (દેવતાથી તે) પોતાની ઇચ્છાની વસ્તુ પ્રાપ્ત પણ કરી લે છે. પરંતુ (સત્ય એ છે કે) તેને મારા દ્વારા જ (તેની ઇચ્છાની બધી વસતુઓ) આપવામાં આવે છે.

(सः) એ (ભક્ત) (तथा) તે (દેવતાની) (श्रद्धा युक्त) પૂરી શ્રદ્ધાની સાથે (ईहते) (પોતાની ઇચ્છાઓને પૂરી થવા)ની અપેક્ષાની સાથે (तस्य आराधनम्) ભક્તિ કરે છે, (च) અને (ततः) એ (દેવતાથી તે) (कामान्) પોતાની ઇચ્છાની વસ્તુ (लाभते) પ્રાપ્ત પણ કરી લે છે. (एवं) પરંતુ (સત્ય એ છે કે) (तान्) તેને (मया) મારા દ્વારા જ (विहितान्) (તેની ઇચ્છાની બધી વસતુઓ) આપવામાં આવે છે.

**નોંધ ૭.૨૦નો શેષ ભાગ....**
છે કે તેનું અનુકરણ કરવામાં આવે, કે તે જે સ્વયં માર્ગ ન પામે, જ્યાં સુધી કે તેને માર્ગ ન બતાવવામાં આવે? તો તમને શું થઈ ગયું છે? તમે કેવા (કોઈની પ્રાર્થનાના) નિયમો બનાવો છો?
અને તેમનામાંથી મોટાભાગના લોકો તો બસ અટકળ (અંદાજ, અનુમાન) પર ચાલે છે. તેમાં કોઈ સંદેહ નથી કે અટકળ સત્યની તુલનામાં કંઈ જ લાભ નહીં આપે. જે કંઈ આ લોકો કરી રહ્યા છે ઈશ્વર તેને બરાબર જાણે છે, અને આ કુર્આન એવો (ગ્રંથ) નથી કે ઈશ્વર સિવાય તેને કોઈ અન્ય બનાવી લાવે. આ ઈશ્વરની વાણી છે, જે આનાથી પહેલાં જે ગ્રંથ અવતરિત થયા છે તેની પુષ્ટ કરે છે અને એ જ ગ્રંથોનું આમાં વર્ણન છે. એમાં કોઈ સંદેહ નથી કે કુર્આન ઈશ્વરે અવતરિત કરેલ છે.'' (સૂરઃ યૂનુસ, ૧૦, આયત ૩૪-૩૭)

**નોંધ ૭.૨૧ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું કે, ''અને જે કોઈ આના પછી પણ કે માર્ગદર્શન ખુલીને તેના સામે આવી ગયું છે, પયગંબરનો વિરોધ કરશે, એક ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાવાળાઓ (ઈમાનવાળાઓ)ના માર્ગ સિવાય કોઈ અન્ય માર્ગનું અનુસરણ કરશે, અમે તેને તેના જ હવાલે કરી દઈશું, જેને તેણે અપનાવેલ છે અને તેને નર્કમાં ઝોંકી દઈશું, અને તે ખરાબ ઠેકાણું છે.'' (સૂરઃ અન્-નિસા, ૪, આયત ૧૧૫)

**નોંધ ૭.૨૧ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું કે, ''તેમના હૃદયોમાં એક રોગ છે, જેને ઈશ્વરે ઓર વધારી દીધો, અને જે જૂઠ તેઓ બોલે છે, તેના પરિણામસ્વરૂપ તેમના માટે પીડાદાયક સજા છે.'' (સૂરઃ અલ-બકરહ, ૨, આયત ૧૦)

## ૭.૨૩

**अन्त- वत् तु पलम् तेषाम् तत् भवति अल्प-मेधसाम् ।**
**देवान् देव-यजः यान्ति मत् भक्ताः यान्ति माम् अपि ।।२३।।**

મારી પ્રાર્થના કરવાવાળા (મૃત્યુ પછી) નિઃસંદેહ મારા (સ્વર્ગમાં) જશે. દેવતાઓની પ્રાર્થના કરવાવાળા દેવતાઓની પાસે જશે. (પરંતુ) તેમના કર્મ-ફળના કારણે એ અલ્પ-બુદ્ધિવાળાઓનો વિનાશ થશે.

(मत भक्ता) મારી પ્રાર્થના કરવાવાળા (મૃત્યુ પછી) (अपि) નિઃસંદેહ (माम्) મારા (સ્વર્ગમાં) જશે. (देव-यज) દેવતાઓની પ્રાર્થના કરવાવાળા (देवान) દેવતાઓની પાસે (यान्ति) જશે. (तु) (પરંતુ) (फलम-तेषाम) તેમના કર્મ-ફળના કારણે (तत) એ (अल्प मेधसाम्) અલ્પ-બુદ્ધિવાળાઓનો (अन्त-वत्) વિનાશ થશે.

### બુદ્ધિહીન વ્યક્તિઓની ભૂલ

## ૭.૨૪

**अव्यक्तम् व्यक्तिम् अपन्नम् मन्यन्ते माम् अबुद्धयः ।**
**परम् भावम् अजानन्तः मम अव्ययम् अनुत्तमम् ।।२४।।**

મારા મહાન અને સૌથી શ્રેષ્ઠ અવિનાશી ભાવને ન જાણીને, બુદ્ધિહીન મનુષ્ય, હું (જે) અદૃશ્ય (નિર્ગુણ અને નિરાકાર છું) (મેં) મનુષ્યની જેમ શરીર ધારણ કરી લીધું છે, એવું માને છે.

(मम) મારા (परम) મહાન (अनुत्तमम) અને સૌથી શ્રેષ્ઠ (अव्ययम्) અવિનાશી (भावम) ભાવને (अजानन्त) ન જાણીને, (अबुद्धयः) બુદ્ધિહીન મનુષ્ય, (माम) હું (જે) (अव्यक्तम) અદૃશ્ય (નિર્ગુણ અને નિરાકાર છું) (व्यक्तिम्) (મેં) મનુષ્યની જેમ શરીર (अपन्नम्) ધારણ કરી લીધું છે, (मन्यते) એવું માને છે.

## ૭.૨૫

**न अहम् प्रकाशः सर्वस्य योग-माया समावृतः ।**
**मूढःअयम् न अभिजानाति लोकःमाम् अजम् अव्ययम् ।।२५।।**

(આ પૃથ્વી) લોકમાં હું (મારા) પ્રકાશ (તેજ)ને બધા લોકોને નથી બતાવતો. મારું ન દેખાવું એ મનુષ્યની પરીક્ષા (થી સંબંધ રાખે છે). હું જન્મ લેવાવાળો નથી

(लोक) (આ પૃથ્વી) લોકમાં (अहम) હું (મારા) (प्रकाश) પ્રકાશ (તેજ)ને (सर्वस्य) બધા લોકોને (न) નથી બતાવતો. (समावृत) મારું ન દેખાવું (योग-माया) એ મનુષ્યની પરીક્ષા (થી સંબંધ રાખે છે). (माम) હું (अजम) જન્મ લેવાવાળો નથી (અને) (अव्ययम्)

---

**નોંધ ૭.૨૨ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું કે, ''અને જે દિવસે તે એક ઈશ્વરમાં શ્રદ્ધા ન રાખનારાઓને ઘેરીને લાવશે અને તેમને પણ જેમને તેઓ ઈશ્વરને છોડીને પૂજતા હતા, પછી તે તેમને કહેશે (જેમને લોકો ઈશ્વર સિવાય પૂજે છે), શું મારા આ બંદાઓને પથભ્રષ્ટ તમે કર્યા હતા કે તેઓ જ માર્ગથી ભટકી ગયા હતા? તેઓ કહેશે, (હે ઈશ્વર !) તુ મહિમાવાન છે. આ અમારાથી થઈ શકતું નહોતું કે તારા સિવાય બીજા સંરક્ષક-મિત્ર બનાવતા, પરંતુ તેં તેમને અને તેમના પૂર્વજોને સુખ-સામગ્રી આપી, ત્યાં સુધી કે તેઓ તારી યાદને ભુલાવી બેસ્યા અને તેઓ વિનષ્ટ થવાવાળા લોકો હતા.'' (સૂરઃ અલ-ફુરકાન, ૨૫, આયત ૧૭-૧૮)

---

**નોંધ ૭.૨૩ :** (એક ઈશ્વરમાં શ્રદ્ધા ન રાખનારાઓને) કહો, જેમના વિશે ઈશ્વર હોવાનું તમને અનુમાન છે તેમને પોકારીને જુઓ, તેમનેન તો તમારાથી કોઈ કષ્ટ દૂર કરવાનો અધિકાર પ્રાપ્ત છે અને ન (તેને) બદલવાનો. જેમને આ લોકો (ઈશ્વર સિવાય) પોકારે છે તેઓ તો સ્વયં પોતાના રબ (ઈશ્વર) સુધી પહોંચવાની ઇચ્છા રાખે છે, તેમાં જે સૌથી વધારે (ઈશ્વરના) નિકટ છે તે પણ આ જ ઇચ્છા રાખે છે, અને તેઓ તેની (ઈશ્વરની) દયાળુતાની આશા રાખે છે અને તેની યાતનાથી ડરે છે. વાસ્તવમાં તારા રબની યાતના ડરવાની જ વસ્તુ છે.'' (સૂરઃ બની ઇસરાઈલ, ૧૭, આયત ૫૬-૫૭)

(અને) અવિનાશી છું (મને મૃત્યુ નથી). આ સત્યને મૂર્ખ લોકો નથી જાણતા.

(અને) અવિનાશી છું (મને મૃત્યુ નથી). (अयम) આ સત્યને (मूढः) મૂર્ખ લોકો (न) નથી (अभिजानाति) જાણતા.

## ૭.૨૬

**वेद अहम् समतीतानि वर्तमानानि च अर्जुन ।**
**भविश्याणि च भूतानि माम् त वेद न कश्चन ।।२६।।**

હે અર્જુન ! હું, ભૂતકાળમાં જે થઈ ગયું તે થઈ ગયું, વર્તમાનકાળમાં જે છે, અને ભવિષ્યકાળમાં જે થશે (એ બધાને) જાણું છું. પરંતુ માનવ-જાતિ મને સહેજ પણ નથી જાણતી.

(अर्जुन) હે અર્જુન ! (अहम) હું, (समतीतानि) ભૂતકાળમાં જે થઈ ગયું તે થઈ ગયું, (वर्तमानानि) વર્તમાનકાળમાં જે છે, (च) અને (भविष्याणि) ભવિષ્યકાળમાં જે થશે (वेद) (એ બધાને) જાણું છું. (तु) પરંતુ (भुतानि) માનવ-જાતિ (माम) મને (कश्चन) સહેજ પણ (न) નથી (वेद) જાણતી.

### જીવનમાં ચિંતાઓનું કારણ

## ૭.૨૭

**इच्छा द्वेष समुत्थेन द्वन्द्व मोहेन भारत ।**
**सर्व भूतानि सम्मोहम् सर्गे यान्ति परन्तप ।।२७।।**

હે અર્જુન ! ભ્રમ (સત્યને ન જાણવાનું કારણે) (ઉન્નતિ અને સમૃદ્ધિની) ઇચ્છા (અને અસફળતા અને કષ્ટ)થી દ્વેષ (જેવા) દ્વન્દ્વ (Dualitie) (મનમાં) જન્મે લે છે. હે અર્જુન ! બધા લોકો જન્મથી જ આ ભ્રમમાં ગ્રસ્ત (સંડોવાયેલા) રહે છે.

(भारत) હે અર્જુન ! (मोहेन) ભ્રમ (સત્યને ન જાણવાનું કારણે) (इच्छा द्वेष) (ઉન્નતિ અને સમૃદ્ધિની) ઇચ્છા (અને અસફળતા અને કષ્ટ)થી દ્વેષ (જેવા) (द्वन्द्व) દ્વન્દ્વ (Dualitie) (મનમાં) જન્મે લે છે. (परन्तप) હે અર્જુન ! (सर्व भुतानि) બધા લોકો (सर्गे) જન્મથી જ (सम्मोहम) આ ભ્રમમાં (यान्ति) ગ્રસ્ત (સંડોવાયેલા) રહે છે.

નોંધ : (માનવ-જાતિને ભ્રમ એ છે કે આ પૃથ્વી પર સફળતા જ વાસ્તવિક સફળતા છે, અને સત્ય એ છે કે સત્કર્મ કરીને સ્વર્ગ પ્રાપ્ત કરવું જ વાસ્તવિક સફળતા છે. પરંતુ મનુષ્ય જન્મથી જ માત્ર પૃથ્વી પર સફળ થવાના પ્રયાસમાં લાગેલો રહે છે, અને આ તેનો ભ્રમ છે.

### ઈશ્વરમાં શ્રદ્ધાનું મહત્ત્વ

## ૭.૨૮

**येषाम् तु अन्त-गतम् पापम् जनानाम् पुण्य कर्मणाम् ।**
**ते द्वन्द्व मोह निर्मुक्ताः भजन्ते माम् दृढ-व्रताः ।।२८।।**

દૃઢતાથી જે મારા પર શ્રદ્ધા રાખે છે (મારી પ્રાર્થના કરે છે) અને જેમના પાપ પુણ્ય કર્મોના કારણે નષ્ટ થઈ ગયા છે, એ લોકો દ્વન્દ્વ અને ભ્રમથી મુક્ત હોય છે.

દ્વન્દ્વનો અર્થ છે Dualities કે સુખથી પ્રેમ અને દુઃખને અપ્રિય માનવું.

(दृढव्रता) દૃઢતાથી જે (माम्) મારા પર (भजन्ते) શ્રદ્ધા રાખે છે (મારી પ્રાર્થના કરે છે) (येषाम) અને જેમના (जनानाम्) પાપ (पुण्य कर्मणाम) પુણ્ય કર્મોના કારણે (अन्त गतम्) નષ્ટ થઈ ગયા છે, (ते) એ લોકો (द्वन्द्व) દ્વન્દ્વ (मोह) અને ભ્રમ (निर्मुक्ताः) થી મુક્ત હોય છે.

## ૭.૨૯

**जरा मरण मोक्षाय माम् आश्रित्य यतन्ति ये ।**
**ते ब्रह्म तत् विदुः कृत्स्नम् अध्यात्मम् कर्म च अखिलम् ।।२९।।**

જેઓ પ્રયાસ કરે છે મારા શરણમાં આવવાનો, તેઓ છુટકારો પામે છે ઘડપણ (અને) મૃત્યુથી (અર્થાત્ તેઓ સ્વર્ગ પામે છે, જ્યાં ઘડપણ અને મૃત્યુ નથી હોતા). તેઓ એ ઈશ્વરને પણ ઓળખે છે અને સંપૂર્ણપણે (એ) બધા સત્કર્મોને પણ જાણે છે જેનાથી આધ્યાત્મિક સફળતા મળે છે (અર્થાત્ ઈશ્વરની કૃપા અને પ્રસન્નતા મળે છે).

(ये) જેઓ (यतन्ति) પ્રયાસ કરે છે (आश्रित्य) મારા શરણમાં આવવાનો, (मोक्षाय) તેઓ છુટકારો પામે છે (जरा) ઘડપણ (અને) (मरण) મૃત્યુથી (અર્થાત્ તેઓ સ્વર્ગ પામે છે, જ્યાં ઘડપણ અને મૃત્યુ નથી હોતા). (ते) તેઓ (तत) એ (ब्रह्म) ઈશ્વર (विदु) ને પણ ઓળખે છે (च) અને (अखिलम्) સંપૂર્ણપણે (એ) (कृत्स्नम्) બધા (अध्यात्मम् कर्म) સત્કર્મોને પણ જાણે છે જેનાથી આધ્યાત્મિક સફળતા મળે છે (અર્થાત્ ઈશ્વરની કૃપા અને પ્રસન્નતા મળે છે).

## ૭.૩૦

**स-अधिभूत अधिदैवम् माम स-अधियज्ञम् च ये विदुः ।**
**प्रयाण काले अपि च माम् ते विदुः युक्त-चेतसः।।३०।।**

જે મને બધા પ્રાણીઓનો ઈશ્વર, તમામ દેવતાઓનો ઈશ્વર અને એ ઈશ્વર માત્ર તેના માટે પ્રાર્થનાઓ કરવામાં આવે છે એવું સમજે છે, તેના મનમાં ઈશ્વરની પૂર્ણ શ્રદ્ધા છે. તે મૃત્યુના સમયે પણ મને (જ) જાણે છે (મારું જ નામ લે છે).

(ये) જે (माम्) મને (स-अधिभूत) બધા પ્રાણીઓનો ઈશ્વર, (अधिदैवम्) તમામ દેવતાઓનો ઈશ્વર (च) અને (स-अधियज्ञम) એ ઈશ્વર માત્ર જેના માટે પ્રાર્થનાઓ કરવામાં આવે છે (विदु) એવું સમજે છે, (युक्त चेतस) તેના મનમાં ઈશ્વરની પૂર્ણ શ્રદ્ધા છે. (ते) તે (प्रयाण काले) મૃત્યુના સમયે પણ (माम्) મને (જ) (विदु) જાણે છે (મારું જ નામ લે છે).

નોંધ: શ્લોક નં. ૮.૧૩ અનુસાર મૃત્યુ સમયે જે ૐ કહેશે, જે ઈશ્વરનું એક નામ છે, તો તેને સ્વર્ગ મળશે.

(અધ્યાય–૮)

# અક્ષર બ્રહ્મ યોગ

## પરિચય

શ્લોક નં.૧૮.૧૮ અનુસાર ત્રણ કારણોથી મનુષ્ય સત્કર્મ માટે પ્રેરિત થાય છે. દિવ્ય જ્ઞાનનું હોવું, ઈશ્વરમાં શ્રદ્ધા અને અન્ય લોક પર વિશ્વાસ.

આ ભગવદ્ ગીતાના દરેક શ્લોકમાં જ્ઞાન છે. પ્રકરણ નં. ૭ થી ૧૩ માં ઈશ્વરમાં શ્રદ્ધાને પ્રબળ બનાવવાનું જ્ઞાન છે, અને સમગ્ર ભગવદ્ ગીતામાં ઉચિત પ્રસંગે ઈશ્વરે અન્ય લોકનું પણ વર્ણન કર્યું છે.

અન્ય લોકમાં સફળ થવા માટે મનુષ્યને જે જ્ઞાન જોઈએ તે સૌથી વધારે જ્ઞાન આ જ પ્રકરણ નં. ૮ માં છે.

અન્ય લોકની યાત્રાનો આરંભ થાય છે મૃત્યુથી. અર્થાત્ મૃત્યુ યોગ્ય સ્થિતિમાં આવે. યોગ્ય સ્થિતિમાં મૃત્યુ થાય એ માટે મનુષ્યએ યોગ્ય રીતે જીવન વ્યતીત કરવું પડશે અને પોતાના મનમાં ઈશ્વર વિશે યોગ્ય શ્રદ્ધા રાખવી પડશે.

બીજા શબ્દોમાં આને એ રીતે પણ કહી શકાય છે કે જો મનુષ્ય ઈશ્વર વિશે યોગ્ય શ્રદ્ધા રાખે છે, પોતાની યોગ્યતા અનુસાર ઈશ્વરની પ્રાર્થના કરે છે, તો તેનું યોગ્ય સ્થિતિમાં મૃત્યુ થશે. તે ઉજ્જવળ માર્ગથી સ્વર્ગ તરફ જશે, અને સત્કર્મોના કારણે જો તેને ઈશ્વરથી સ્વર્ગમાં પ્રવેશની અનુમતિ મળી ગઈ તો પછી તે હંમેશ માટે સ્વર્ગમાં રહેશે.

આ પ્રકરણ નં. ૮ને વાંચીને અને તેના પર અમલ કરવાથી આપણું જીવન યોગ્ય માર્ગ પર હશે. મૃત્યુ યોગ્ય સ્થિતિમાં આવશે અને મૃત્યુ પછી સ્વર્ગ જવાનો ઉજ્જવળ માર્ગ પણ મળશે.

- Hereafter કે અન્ય લોકની શ્રદ્ધા એ પ્રમાણે છે કે મૃત્યુ પછી વ્યક્તિ પરલોકમાં પ્રલય સુધી રહેશે. પ્રલયના દિવસે ઈશ્વર આત્માને ફરી શરીરમાં પ્રવેશ કરાવશે. તે પછી કર્મોનો હિસાબ થશે. પછી કર્મો અનુસાર વ્યક્તિ ઉજ્જવળ કે અંધારા માર્ગથી સ્વર્ગ કે નર્કમાં ચાલ્યો જશે. ઈશ્વરમાં શ્રદ્ધાવાળા લોકો નર્કમાં પોતાની સજા પૂરી કરીને સ્વર્ગમાં આવી જશે, અને જેઓ ઈશ્વરમાં નથી માનતા તેઓ હંમેશા નર્કમાં રહેશે.
- એ લોક જ્યાં સ્વર્ગ અને નર્ક છે તેને જ અન્ય લોક કહે છે. ત્યાં મનુષ્યને અનત કાળ સુધી રહેવાનું છે.
- અન્ય લોકનું વર્ણન નીચે મુજબના શ્લોકોમાં છે :
- ૪.૩૧, ૪.૪૦, ૬.૪૦, ૭.૫, ૭.૬, ૮.૨૦.
- પ્રલયનું વર્ણન ૩.૨૪, ૭.૬, ૮.૨૨, ૯.૭ શ્લોકોમાં છે.
- પ્રલયના દિવસે જીવિત કરવાનું વર્ણન ૯.૭, ૧૫.૮, ૧૫.૯, ૧૫.૧૦, ૧૫.૧૧ શ્લોકોમાં છે. કર્મોનો હિસાબ આપવાનું વર્ણન શ્લોક નં. ૫.૧૫ માં છે.

## સારાંશ

આ પ્રકરણનો સાર આ પ્રમાણે છે :

શ્લોક નં. ૮.૧ થી ૮.૪ સુધી ઈશ્વરનું આ પ્રમાણે વર્ણન છે કે ઈશ્વર વિશે જે ગેરસમજ છે તે દૂર થાય.

શ્લોક નં. ૮.૫ થી ૮.૯ સુધી ઈશ્વરને યાદ કરવાના મહત્ત્વનું વર્ણન છે. જે વ્યક્તિ ઈશ્વરને યાદ કરતાં-કરતાં મૃત્યુ પામશે તે સ્વર્ગ પામશે, અને આવું ત્યારે જ બનશે જ્યારે મનુષ્ય જીવનમાં પણ ઈશ્વરને યાદ કરતો હશે.

શ્લોક નં. ૮.૧૦ થી ૮.૧૫ સુધી સ્વર્ગ કેવી રીતે પ્રાપ્ત કરવામાં આવે તેનું વર્ણન છે.

શ્લોક નં. ૮.૧૭માં છે કે ઈશ્વરનો એક દિવસ મનુષ્યના ૧૦૦૦ વર્ષ બરાબર છે. તો મનુષ્યએ પ્રયાસ કરવો જોઈએ કે તેના સ્વર્ગ જવામાં એક દિવસનો પણ વિલંબ ન થાય.

શ્લોક નં. ૮.૧૮ અને ૮.૧૯માં લખ્યું છે કે પ્રત્યેક રાત્રે મનુષ્યની અસ્થાયી () મૃત્યુ થઈ જાય છે. સવારે તે જીવિત થઈ જાય છે. આ અસ્થાયી જીવન અને મૃત્યુની જેમ સ્થાયી મૃત્યુ પછી પણ સ્થાયી જીવન છે.

શ્લોક નં. ૮.૨૨ માં અન્ય લોકમાં સફળતાના મહત્ત્વપૂર્ણ સૂત્રનું વર્ણન છે, અને તે સંગમથી બચવું છે, અર્થાત્ એક ઈશ્વરની સાથે કોઈ અન્યની પ્રાર્થના કરવી.

શ્લોક નં. ૮.૨૮માં કહેવામાં આવ્યું છે કે મનુષ્ય જે કંઈ પણ પુણ્ય કરે છે તેનું ફળ તેને સ્વર્ગમાં મળશે.

## પ્રકરણ

### ઈશ્વરનો પરિચય

### ૮.૧

**अर्जुन उवाच,**

**किम् तत् ब्रह्म किम् अध्यात्मम् किम् कर्म पुरुष-उत्तम ।**
**अधि-भूतम् च किम् प्रोक्तम् अधि-दैवम् किम् उच्यते ।।१।।**

અર્જુને કહ્યું, તે ઈશ્વર કોણ છે? આત્મા શું છે? પુરુષ ઉત્તમ (ઈશ્વર)ના કામ શું છે? અને તમામ પ્રાણીઓનો ઈશ્વર કોને કહે છે? દેવતાઓનો ઈશ્વર કોને કહે છે?

(अर्जुन उवाच) અર્જુને કહ્યું, (तत) તે (ब्रह्म) ઈશ્વર (किम्) કોણ છે ? (अध्यात्मम्) આત્મા (किम्) શું છે ? (पुरुष उत्तम) પુરુષ ઉત્તમ (ઈશ્વર)ના (कर्म) કામ (किम्) શું છે ? (च) અને (अधि-भूतम्) તમામ પ્રાણીઓનો ઈશ્વર (किम्) કોને (प्रोक्तम) કહે છે ? (अधि-दैवम्) દેવતાઓનો ઈશ્વર (किम्) કોને (उच्यते) કહે છે ?

### ૮.૨

**अधियज्ञः कथम् कः अत्र देहे अस्मिन् मधुसूदन ।**
**प्रयाण-काले च कथम् ज्ञेयः असि नियत-आत्मभिः ।।२।।**

એ ઈશ્વર જેના માટે તમામ પ્રાર્થનાઓ કરવામાં આવે છે (તેને હું) કેવી રીતે (જાણું) હે કૃષ્ણ ? અહીં આ શરીરમાં કોણ છે ? અને મૃત્યુ સમયે મનને વશમાં કરીને કેવી રીતે (એ ઈશ્વરને) જાણી (શકાય) છે ? (અથવા યાદ કરી શકાય છે ?)

(अधियज्ञः) એ ઈશ્વર જેના માટે તમામ પ્રાર્થનાઓ કરવામાં આવે છે (कथम्) (તેને હું) કેવી રીતે (જાણું) (मधुसूदन) હે કૃષ્ણ ? (अत्र) અહીં (अस्मिन) આ (देहे) શરીરમાં (कः) કોણ છે ? (च) અને (प्रयाण-काले) મૃત્યુ સમયે (नियत आत्मभिः) મનને વશમાં કરીને (कथम्) કેવી રીતે (એ ઈશ્વરને) (ज्ञेय) જાણી (असि) (શકાય) છે ? (અથવા યાદ કરી શકાય છે ?)

## ૮.૩

**श्री भगवान उवाच,**
**अक्षरम् ब्रह्म परमम् स्वभावः अध्यात्मम् उच्यते ।**
**भूत-भाव-उद्भव-करः विसर्ग कर्म संज्ञितः ।।३।।**

ઈશ્વરે કહ્યું, મહાન અવિનાશી (ॐ)ને બ્રહ્મ (ઈશ્વર) કહે છે. મનુષ્યનો પોતાનો જે સ્વભાવ (વ્યક્તિત્વ) છે તેને આત્મા કહે છે. પ્રાણીઓના સ્વભાવની રચના કરવી અને (તેમને તેમના પ્રાકૃતિક જીવનના) કર્મ (તેમને) પ્રદાન કરવા (તેને ઈશ્વરના) કર્મ કહેવામાં આવે છે.

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું, (परमम्) મહાન (अक्षरम्) અવિનાશી (ॐ)ને (ब्रह्म) બ્રહ્મ (ઈશ્વર) (उच्यते) કહે છે. (स्वभाव) મનુષ્યનો પોતાનો જે સ્વભાવ (વ્યક્તિત્વ) છે તેને (अध्यात्मम्) આત્મા કહે છે. (भूत) પ્રાણીઓના (भाव) સ્વભાવની (उद्भव) રચના કરવી અને (करः) (તેમને તેમના પ્રાકૃતિક જીવનના) કર્મ (તેમને) (विसर्ग) પ્રદાન કરવા (कर्म) (તેને ઈશ્વરના) કર્મ (संक्षितः) કહેવામાં આવે છે.

## ૮.૪

**अधिभूताम् क्षरः भावः पुरुषः च अधिदैवतम् ।**
**अधियज्ञः अहम् एव अत्र देहे-भृताम् वर ।।४।।**

હે દેહધારીઓમાં શ્રેષ્ઠ (અર્જુન) ! (હું) તમામ પ્રાણીઓનો ઈશ્વર છું, અને મનુષ્ય નાશ થવાવાળી પ્રકૃતિવાળો (નાશવંત) છે. હું (જ) દેવતાઓનો ઈશ્વર છું. બધી પ્રાર્થનાઓ માત્ર મારા માટે છે. નિઃસંદેહ આ શરીર પર (મારું જ શાસન છે).

(देह भूतम्) હે દેહધારીઓમાં શ્રેષ્ઠ (અર્જુન) ! (अधिभुतम) (હું) તમામ પ્રાણીઓનો ઈશ્વર છું, (च) અને (पुरुष) મનુષ્ય (क्षरः भावः) નાશ થવાવાળી પ્રકૃતિવાળો (નાશવંત) છે. (अहम) હું (જ) (अधिदैवतम्) દેવતાઓનો ઈશ્વર છું. (अधियज्ञ) બધી પ્રાર્થનાઓ માત્ર મારા માટે છે. (एव) નિઃસંદેહ (अत्र) આ (देहे) શરીર પર (મારું જ શાસન છે).

---

**નોંધ ૭.૩ :** અક્ષરનો અર્થ છે અવિનાશી. ઈશ્વર અવિનાશી છે. અક્ષર શબ્દને પણ કહે છે. (સંસ્કૃત-હિન્દી શબ્દાર્થ કોશ, પં. ઈશ્વરચંદ્ર, પૃ.૮)

શ્લોક નં. ૧૭.૨૩માં ઈશ્વરના ત્રણ નામોનું વર્ણન છે. તેમાં એક ॐ છે. ॐ આ પણ માત્ર બે અક્ષર છે. આમ અક્ષરનો અર્થ થયો અવિનાશી ઈશ્વર, જેનું નામ ॐ છે.

The blessed Lord said : The Supreme indestructible Entity is called Brahman; one's own self is called adhyatma. Actions pertaining to the material personality of living beings, and its development are called karma, or fruitive activities.

Shree Krishna says that the Supreme is called Brhman Sin the vedas, God is referred to by many Names Brhman is one of them). It is beyond space, time, and the chain of cause and effect. These are the characteristics of the material realm, while Brahman is transcendental to the material plane. It is unaffected by the changes in the universe, and is imperishable. Hense, It is described as aksharam. In the Brihadaranyak Upanishad 3.8.8 Brahman has been described in the same manner. : "learned people speak of Brahman as akshar (indestructible). It is also designed as Puram Supreme because it possesses qualities beyond those possessed by Maya and the souls."

The path of spirituality is called adhyatma, and science of the soul is also called adhyatma. But here the world has been used for one's own self, which includes the soul, body, mind and intellect.

**સ્વર્ગમાં પ્રવેશના યોગ્ય કેવી રીતે બનીએ ?**

## ૮.૫

**अन्त-काले च माम् एव स्मरन् मुक्तवा कलेवरम् ।**
**यःप्रयाति सः मत्-भावम् याति न अस्ति अत्र संशयः ।।५।।**

મૃત્યુ સમયે શરીરને ત્યાગીને જે મારી યાદ કરે છે નિઃસંદેહ તે મારો આજ્ઞાંકિત સ્વભાવ (સાત્વિક ગુણોવાળો સ્વભાવ) પ્રાપ્ત કરી ચૂક્યો એ રીતે (માનવામાં) કોઈ સંદેહ નથી.

(अन्त-काले) મૃત્યુ સમયે (कलेवरम्) શરીરને (मुक्तवा) ત્યાગીને (यः) જે (माम्) મારી (स्मरन्) યાદ કરે છે (एव) નિઃસંદેહ (सः) તે મારો (मत-भावम्) આજ્ઞાંકિત સ્વભાવ (સાત્વિક ગુણોવાળો સ્વભાવ) (याति) પ્રાપ્ત કરી ચૂક્યો (अत्र) એ રીતે (માનવામાં) (संशय) કોઈ સંદેહ (न अस्ति) નથી.

## ૮.૬

**यम् यम् वा अपि स्मरन् भावम् त्यजति अन्ते कलेवरम् ।**
**तम् तम् एव एति कौन्तेय सदा तत् भाव भावितः ।।६।।**

હે કુન્તી-પુત્ર (અર્જુન) ! જીવનની અંતિમ ક્ષણોમાં શરીરનો ત્યાગ કરતી વખતે (મૃત્યુ સમયે) (મૃતક) જે જે વ્યક્તિત્વ (દેવતા) કે પ્રાકૃતિક શક્તિને પણ યાદ કરે છે, નિઃસંદેહ તે તેને જ પામે છે, (કેમ કે) હંમેશા તે વ્યસ્ત રહ્યો એ (દેવતા કે શક્તિની) પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે.

(શ્લોક નં. ૭.૨૩ માં છે કે આવા લોકોનો વિનાશ થશે.)

(कौन्तेय) હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (अन्त) જીવનની અંતિમ ક્ષણોમાં (कलेवरम्) શરીરનો (त्यजति) ત્યાગ કરતી વખતે (મૃત્યુ સમયે) (यम यम) (મૃતક) જે જે (भावम) વ્યક્તિત્વ (દેવતા) કે પ્રાકૃતિક શક્તિ (वा अपि) ને પણ (स्मरन) યાદ કરે છે, (एव) નિઃસંદેહ (तम तम) તે તેને જ (एति) પામે છે, (सदा) (કેમ કે) હંમેશા તે વ્યસ્ત રહ્યો (तत) એ (દેવતા કે શક્તિની) (भाव) પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે.

## ૮.૭

**तस्मात् सर्वेषु कालेषु माम् अनुस्मर युध्य च ।**
**मयि अर्पित मनः बुद्धिः माम् एव एष्यसि असंशय ।।७।।**

આ કારણસર દરેક સમયે મને જ યાદ કરતા રહો. મન અને બુદ્ધિને મને અર્પણ કરવા માટે (પોતાનાથી) યુદ્ધ કરો. નિઃસંદેહ (આ રીતે તમે) મને પામી લેશો.

(तस्मात्) આ કારણસર (सर्वेषु) દરેક (कालेषु) સમયે (माम) મને જ (अनुस्मर) યાદ કરતા રહો. (मनः) મન (च) અને (बुद्धि) બુદ્ધિને (मयि) મને (अर्पित) અર્પણ કરવા માટે (युद्ध) (પોતાનાથી) યુદ્ધ કરો. (असंशय) નિઃસંદેહ (આ રીતે તમે) (माम) મને (एष्यसि) પામી લેશો.

---

**નોંધ ૮.૬ :** પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.)એ કહ્યું, ''જે વ્યક્તિ જાણી-સમજીને જે પ્રકારનું જીવન વ્યતીત કરશે તેને એ જ સ્થિતિમાં મૃત્યુ આવશે.'' (હદીસ)

---

**નોંધ ૮.૭ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું, ''અને મેં જીન્ન અને મનુષ્યને માત્ર એટલા માટે પેદા કર્યા છે કે તેઓ મારી પ્રાર્થના કરે.'' (સૂરઃ અઝ્-ઝારિયાત, ૫૧, આયત ૫૬)

## ૮.૮

**अभ्यास-योग युक्तेन चेतसा न अन्य गामिनः ।**
**परमम् पुरुषम् दिव्यम् याति पार्थ अनुचिन्तयन् ।।८।।**

વેદોને વાંચવામાં અને ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલા રહો. પોતાના મનને કોઈ બીજી તરફ ન ભટકાવો. હે અર્જુન ! (આ રીતે તમે) (એવી બુદ્ધિ) પ્રાપ્ત કરશો જે હંમેશા વ્યસ્ત રહે છે મહાન દિવ્ય ઈશ્વર (ની યાદમાં).

(अभ्यास) વેદોને વાંચવામાં અને (योग) ઈશ્વરની પ્રાર્થનામાં (युक्तेन) લાગેલા રહો. (चेतसा) પોતાના મનને (अन्य) કોઈ બીજી તરફ (च) ન (गामिना) ભટકાવો. (पार्थ) હે અર્જુન ! (આ રીતે તમે) (याति) (એવી બુદ્ધિ) પ્રાપ્ત કરશો (अनुचिन्तयन्) જે હંમેશા વ્યસ્ત રહે છે (परमम् पुरुषम् दिव्यम्) મહાન દિવ્ય ઈશ્વર (ની યાદમાં).

## ૮.૯

**कविम् पुराणम् अनुशासितारम् अणोः अणीयांसम् अनुस्मरेत् यः ।**
**सर्वस्य धातारम् अचिन्त्य रुपम् आदित्य-वर्णम् तमसः परस्तात् ।।९।।**

(એવો વ્યક્તિ જેનું મન હંમેશા ઈશ્વરની યાદમાં વ્યસ્ત રહે છે) તે (ઈશ્વરને આ રીતે) યાદ કરે છે (કે ઈશ્વર) બ્રહ્મા (સૃષ્ટિનો રચયિતા છે). સૌથી પ્રાચીન છે. બ્રહ્માંડનું નિયંત્રણ કરવાવાળો છે. અણુ અને તેનાથી પણ નાના કણને જાણે છે. બધાનું પોષણ કરવાવાળો છે. (તે એવો છે કે તે)ના રૂપને સમજી શકતો નથી. તે સૂર્યની જેમ પ્રકાશ સ્વરૂપ (સૌને જીવન આપવાવાળો), અને તે દોષ વગરનો છે.

(यः) (એવો વ્યક્તિ જેનું મન હંમેશા ઈશ્વરની યાદમાં વ્યસ્ત રહે છે) તે (अनुस्मरेत्) (ઈશ્વરને આ રીતે) યાદ કરે છે (કે ઈશ્વર) (कविम्) બ્રહ્મા (સૃષ્ટિનો રચયિતા છે). (पुराण) સૌથી પ્રાચીન છે. (अनुशासितारम्) બ્રહ્માંડનું નિયંત્રણ કરવાવાળો છે. (अणोः अणीयांसम्) અણુ અને તેનાથી પણ નાના કણને જાણે છે. (सर्वस्व धातारम्) બધાનું પોષણ કરવાવાળો છે. (अचिन्त्य-रुपम्) (તે એવો છે કે તે)ના રૂપને સમજી શકતો નથી. (आदित्य-वर्णम्) તે સૂર્યની જેમ પ્રકાશ સ્વરૂપ (સૌને જીવન આપવાવાળો), (तमस परस्तात्) અને તે દોષ વગરનો છે.

નોંધ : '**कविन**' ના કેટલાક અર્થ આ પ્રમાણે છે : ૧) કવિતાનો રચયિતા, ૨) પંડિત, ૩) શુક્ર, ૪) સૂર્ય, ૫) બ્રહ્મા, ૬) ઋષિ. (પૃ. ૨૧૭, નાલંદા વિશાલ શબ્દ સાગર)

### મૃત્યુ સમયે ઈશ્વરને યાદ કરવાનું મહત્ત્વ

## ૮.૧૦

**प्रयाण-काले मनसा अचलेन भक्त्या युक्तः योग-बलेन च एव ।**
**भ्रुवो मध्ये प्राणम् आवेश्य सम्यक् सः तम् परम् पुरुषम् उपैति दिव्यम् ।।१०।।**

(સજ્જન વ્યક્તિ જે પોતાની) પ્રાર્થનાની શક્તિથી પોતાના શ્વાસને (પોતાના મનને) બે ભ્રમરોના મધ્યમાં સંપૂર્ણપણે સ્થિર કરે છે (અર્થાત્ બળપૂર્વક પોતાના મનને ઈશ્વરના ધ્યાનમાં સ્થિત કરે છે), અને આવી

(योग बलेन) (સજ્જન વ્યક્તિ જે પોતાની) પ્રાર્થનાની શક્તિથી (प्राणम) પોતાના શ્વાસને (પોતાના મનને) બે (भ्रुवोः मध्ये) ભ્રમરોના મધ્યમાં (सम्यक) સંપૂર્ણપણે (आवेश्य) સ્થિર કરે છે (અર્થાત્ બળપૂર્વક પોતાના મનને ઈશ્વરના ધ્યાનમાં સ્થિત કરે છે), (भक्त्या युक्तः) અને આવી જ રીતે જીવનભર ઈશ્વરની પ્રાર્થનામાં વ્યસ્ત

**નોંધ ૮.૮ :** પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.)એ કહ્યું, ''સ્વર્ગમાં પ્રવેશ કર્યા પછી મનુષ્ય એક વસ્તુ સિવાય કોઈ વસ્તુ માટે પસ્તાવો નહીં કરે, અને તે એક વસ્તુ છે મનુષ્યએ ધરતી પર વીતાવેલ એ સમય જે તેણે ઈશ્વરની યાદ (સ્મરણ) વગર વીતાવ્યો હતો.'' (હદીસ)

જ રીતે જીવનભર ઈશ્વરની પ્રાર્થનામાં વ્યસ્ત રહે છે. જીવનની અંતિમ ક્ષણોમાં (તે) પોતાના મનને કોઈ બીજી તરફ ભટકવા નથી દેતો. નિઃસંદેહ તે (પવિત્ર વ્યક્તિ) એ મહાન ઈશ્વરના દિવ્ય સ્વર્ગને પામી લે છે.

રહે છે. (प्रयाण-काले) જીવનની અંતિમ ક્ષણોમાં (मनसा अचलेन) (તે) પોતાના મનને કોઈ બીજી તરફ ભટકવા નથી દેતો. (एवं) નિઃસંદેહ (सः) તે (પવિત્ર વ્યક્તિ) (तम्) એ (परम पुरुषम्) મહાન ઈશ્વરના (दिव्यम्) દિવ્ય સ્વર્ગને (उपैति) પામી લે છે.

## ૮.૧૧

**यत् अक्षरम् वेद-विदः वदन्ति विशन्ति यत् यतयः वीत-रागाः। यत् इच्छतःब्रह्मचर्यम् चरन्ति तत् ते पदम् सङ्ग्रहेण प्रवेक्ष्ये ॥११॥**

(એ સ્વર્ગ) જેમાં પ્રવેશ કરવા માટે વેદોના વિદ્વાન અવિનાશી ઈશ્વરના (નામનો) જાપ કરે છે. મોટા મુનિ ક્રોધને છોડી દે છે (અને) ઈશ્વરના આદેશ અનુસાર જીવન વીતાવે છે. એ સ્થાન (સ્વર્ગ વિશે) સંક્ષિપ્તમાં કહીશ.

(यत्) (એ સ્વર્ગ) જેમાં (विशन्ति) પ્રવેશ કરવા માટે (वेद-विदः) વેદોના વિદ્વાન (अक्षरम्) અવિનાશી ઈશ્વરના (वदन्ति) (નામનો) જાપ કરે છે. (यतयः) મોટા મુનિ (वीत-रागाः) ક્રોધને છોડી દે છે (અને) (ब्रह्मचर्यम् चरन्ति) ઈશ્વરના આદેશ અનુસાર જીવન વીતાવે છે. (तत) એ (पदम) સ્થાન (સ્વર્ગ વિશે) (सङ्ग्रहेण) સંક્ષિપ્તમાં (प्रवेक्ष्ये) કહીશ.

**સ્વર્ગ કેવી રીતે પ્રાપ્ત કરીએ ?**

## ૮.૧૨

**सर्व-द्वाराणि संयम्य मनः हृदि निरुध्य च ।**
**मूर्ध्नि आधाय आत्मनः प्राणम् आस्थितः योग-धारणाम् ॥१२॥**

(ઈશ્વરના સ્વર્ગને પ્રાપ્ત કરવા માટે નીચે મુજબના કર્મ આવશ્યક છે.)

શરીરના બધા દ્વાર પર (અંગો પર) નિયંત્રણ રાખો. ઈચ્છાઓનો હૃદયમાં સીમિત (કેદ) રાખો, અને ઈશ્વરથી જોડવાવાળી પ્રાર્થનાને સ્થિત કરો (કાયમ કરો). મનને (બે ભ્રમરોના મધ્યમાં) માથામાં સ્થાપિત કરીને ઈશ્વરમાં ધ્યાન લગાવો.

(सर्व-द्वाराणि) શરીરના બધા દ્વાર પર (અંગો પર) (संयम्य) નિયંત્રણ રાખો. (मनः) ઇચ્છાઓનો (हृदि) હૃદયમાં (निरुध्य) સીમિત (કેદ) રાખો, (च) અને (योग धारणाम्) ઈશ્વરથી જોડવાવાળી પ્રાર્થનાને (आस्थितः) સ્થિત કરો (કાયમ કરો). (आत्मन) મનને (मुर्ध्नि आधाय) (બે ભ્રમરોના મધ્યમાં) માથામાં સ્થાપિત કરીને (प्राणम्) ઈશ્વરમાં ધ્યાન લગાવો.

## ૮.૧૩

**ॐ इति एक-अक्षरम् ब्रह्म व्याहरन् माम् अनुस्मरन् ।**
**यः प्रयाति त्यजन् देहम् सः याति परमाम् गतिम् ॥१३॥**

આ રીતે જે (મુનિ) શરીરને ત્યાગ કરતી વખતે (મૃત્યુ સમયે) મને (ઈશ્વરને) યાદ કરે છે, (અને) કહે છે ૐ, અવિનાશી ઈશ્વર એક છે. તે (મુનિ) પ્રાપ્ત કરે છે, સૌથી મહાન જીવનનું લક્ષ્ય (અર્થાત્ સ્વર્ગ).

(શ્લોક નં.૧૭.૨૩માં છે કે ॐ **तत सत** આ ત્રણ ઈશ્વરના નામ છે.)

(इति) આ રીતે (यः) જે (મુનિ) (देह) શરીરને (त्यजन प्रयाति) ત્યાગ કરતી વખતે (મૃત્યુ સમયે) (माम्) મને (ઈશ્વરને) (अनुस्मरन्) યાદ કરે છે, (व्याहरन्) (અને) કહે છે (ॐ) ૐ, (अक्षरम्) અવિનાશી (ब्रह्म) ઈશ્વર (एक) એક છે. (स) તે (મુનિ) (याति) પ્રાપ્ત કરે છે, (परमाम्) સૌથી મહાન (गतिम्) જીવનનું લક્ષ્ય (અર્થાત્ સ્વર્ગ).

## ૮.૧૪

**अनन्य-चेताः सततम् यः माम् स्मरति नित्यशः ।**
**तस्य अहम् सु-लभः पार्थ नित्य युक्तस्य योगिनः ।।१४।।**

હે પાર્થ ! જે મુનિ કોઈ અન્ય (દેવતા) વિશે વિચાર્યા વગર નિયમિત રીતે હંમેશા મારા સ્મરણ (માં વ્યસ્ત રહે છે), તેના માટે મને પામવું સરળ છે. (એ તે) ભક્ત (છે જે હંમેશા મારી પ્રાર્થનામાં) વ્યસ્ત રહે છે.

(पार्थ) હે પાર્થ ! (यः) જે મુનિ (अनन्य चेताः) કોઈ અન્ય (દેવતા) વિશે વિચાર્યા વગર (नित्यशः) નિયમિત રીતે (सततम्) હંમેશા (माम् स्मरति) મારા સ્મરણ (માં વ્યસ્ત રહે છે), (तस्य) તેના માટે (अहम) મને (सु-लभ) પામવું સરળ છે. (योगिनः) (એ તે) ભક્ત (છે જે હંમેશા મારી પ્રાર્થનામાં) (युक्तस्य) વ્યસ્ત રહે છે.

## ૮.૧૫

**माम् उपेत्य पुनः जन्म दुःख आलयम् अशाश्वतम् ।**
**नाप्नुवन्ति महा-आत्मानः संसिद्धिम् परमाम् गताः ।।१५।।**

(આ રીતે) મને પ્રાપ્ત કરીને પવિત્ર વ્યક્તિ અસ્થાયી કષ્ટથી ભરેલ (નર્કના) સ્થાનમાં વારંવાર નવું જીવન નથી મેળવતો, (બલ્કે) પૂર્ણરૂપે મારી પ્રાર્થનામાં લાગીને (સ્વર્ગને, જે) સૌથી શ્રેષ્ઠ લક્ષ્ય છે તેને પ્રાપ્ત કરે છે.

(माम) (આ રીતે) મને (उपेत्य) પ્રાપ્ત કરીને (महा-आत्मानः) પવિત્ર વ્યક્તિ (अशाश्वतम्) અસ્થાયી (दुःख) કષ્ટથી ભરેલ (आलयम) (નર્કના) સ્થાનમાં (पुनः) વારંવાર (जन्म) નવું જીવન (न) નથી મેળવતો, (संसिद्धिम्) (બલ્કે) પૂર્ણરૂપે મારી પ્રાર્થનામાં લાગીને (સ્વર્ગને, જે) (परमाम्) સૌથી શ્રેષ્ઠ (गताः) લક્ષ્ય છે (नाप्नुवन्ति) તેને પ્રાપ્ત કરે છે.

---

**નોંધ ૮.૧૩ :** પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.)એ કહ્યું, ''મૃત્યુ વખતે જે વ્યક્તિના અંતિમ શબ્દો હશે 'ઈશ્વર એક છે, તેના સિવાય બીજો કોઈ પ્રાર્થના યોગ્ય નથી' તો તેનું સ્વર્ગમાં જવું નિશ્ચિત છે.'' અરબીમાં આ શબ્દો આ પ્રમાણે કહેવામાં આવે છે - ''લા ઈલાહ ઈલ લલ લાહ'. (હદીસ : અહમદ-૨૧૫૨૯; અબૂ દાઊદ-૩૧૧૬)

આનો અર્થ આ પ્રમાણે છે :

લા = નથી.

ઈલાહ = પ્રાર્થના યોગ્ય.

ઈલ = સિવાય.

લલ-લાહ = ઈશ્વરના.

--------------------------------

'**ॐ एक अक्षरम ब्रह्म**' નો અર્થ આ પ્રમાણે છે :

ॐ = ઈશ્વર (ના નામથી આરંભ કરું છું) (શ્લોક નં. ૧૭.૨૩ અનુસાર ॐ ઈશ્વરનું નામ છે.)

**एक** = એક છે.

**अक्षरम्** = અવિનાશી.

**ब्रह्म** = ઈશ્વર.

(**अक्षरम** શબ્દ એ શ્લોક નં. ૮.૧૧, ૧૧.૧૮, ૧૧.૩૭, ૧૨.૧, ૧૨.૩, ૧૨.૪ માં આવ્યો છે અને કુલ મળીને આનો અર્થ છે ઈશ્વર સિવાય પ્રાર્થનાના યોગ્ય કોઈ નથી.)

## ૮.૧૬

**आ-ब्रह्म-भुवनात् लोकाः पुनः आवर्तिनः अर्जुन ।**
**माम् उपेत्य तु कौन्तेय पुनः जन्म न विद्यते ।।१६।।**

હે અર્જુન ! ઈશ્વર (ના) સ્થાન (સ્વર્ગના) ચારે તરફ જે લોક છે (૮૪ લાખ જે નર્ક છે) ત્યાં ચક્કર ચાલતું રહે છે (શરીરના નષ્ટ થવાનું અને નવું શરીર મળવાનું), પરંતુ હે અર્જુન ! મને (ઈશ્વરને) પ્રાપ્ત કર્યા પછી (મારા સ્વર્ગને પ્રાપ્ત કર્યા પછી) ફરી નવું જીવન નથી (અર્થાત્ જેને સ્વર્ગ મળી ગયું તો તે હંમેશા જીવિત રહેશે).

(अर्जुन) હે અર્જુન ! (ब्रह) ઈશ્વર (ના) (भुवतान) સ્થાન (સ્વર્ગના) (आ) ચારે તરફ (लोकाः) જે લોક છે (૮૪ લાખ જે નર્ક છે) (पुनः आवर्तिनः) ત્યાં ચક્કર ચાલતું રહે છે (શરીરના નષ્ટ થવાનું અને નવું શરીર મળવાનું), (तु) પરંતુ (कौन्तेय) હે અર્જુન ! (माम) મને (ઈશ્વરને) (उपेत्य) પ્રાપ્ત કર્યા પછી (મારા સ્વર્ગને પ્રાપ્ત કર્યા પછી) (पुनः जन्म) ફરી નવું જીવન (न विद्यते) નથી (અર્થાત્ જેને સ્વર્ગ મળી ગયું તો તે હંમેશા જીવિત રહેશે).

## ૮.૧૭

**सहस्त्र युग पर्यन्तम् अहः यत् ब्रह्मणः विदुः ।**
**रात्रिम् युग सहस्त्रान्ताम् ते अहः-रात्र विदः जनाः ।।१७।।**

મનુષ્યના એક હજાર વર્ષ બરાબર છે (ઈશ્વરનો) એક દિવસ. (ઈશ્વરની એક) રાતની મુદ્દત પણ (મનુષ્યની) એક હજાર વર્ષ બરાબર છે. જે ઈશ્વરને જાણે છે તે મનુષ્ય (ઈશ્વરના) રાત અને દિવસને સારી રીતે જાણે છે.

(सहस्त्र युग) મનુષ્યના એક હજાર વર્ષ (पर्यन्तम्) બરાબર છે (अहः) (ઈશ્વરનો) એક દિવસ. (रात्रिम युग) (ઈશ્વરની એક) રાતની મુદ્દત પણ (सहस्त्रान्ताम्) (મનુષ્યની) એક હજાર વર્ષ બરાબર છે. (यत) જે (ब्रहाण) ઈશ્વરને (विदु) જાણે છે (ते) તે (जना) મનુષ્ય (अह-रात्रः) (ઈશ્વરના) રાત અને દિવસને (विद) સારી રીતે જાણે છે.

---

**નોંધ ૮.૧૭ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું, ''તારા રબ ઈશ્વરના ત્યાં એક દિવસ તમારી ગણતરીના હજાર વર્ષ સમાન છે.'' (સૂરઃ અલ-હજ્જ, ૨૨, આયત ૪૭)

સ્વર્ગના વર્ણનની સાથે ઈશ્વરનો એક દિવસ મનુષ્યના હજાર વર્ષ બરાબર છે, એ સત્યને બતાવવાની શું જરૂર હતી ? સ્વર્ગના વર્ણનની સાથે ઈશ્વરના એક દિવસની મુદ્દત પણ બતાવવામાં આવે છે, જેથી મનુષ્યસ્વર્ગમાં જવા માટે એક દિવસનો પણ વિલંબ ન કરે.

આ વાતને તમે નીચે દર્શાવેલ પ્રસંગથી સમજી શકો છો :

શ્રી અબૂ સઈદ ખુદરી (રિ.) કહે છે, અમે અન્ય શહેરોથી આવેલ ગરીબ લોકોની વચ્ચે બેસેલા હતા. એક સહાબી કુર્આનનું પઠન કરી રહ્યા હતા અને બધા સાંભળી રહ્યા હતા, એટલામાં પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.) આવી ગયા, અને અમને પૂછ્યું કે શું કરી રહ્યા છો ? અમે કહ્યું, કુર્આનનું પઠન કરીને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. પયગંબર સાહેબ (સલ્લ.)એ ઈશ્વરની પ્રશંસા કરી અને અમારા પાસે બેસી ગયા અને કહ્યું કે પ્રસન્ન થઈ જાઓ. ઈશ્વર તમને સંપૂર્ણ નૂર (પ્રકાશ) આપશે અને ધનવાન લોકોથી અડધા દિવસ પહેલા સ્વર્ગમાં પ્રવેશ કરાવશે, અને ઈશ્વરનો અડધો દિવસ ૫૦૦ વર્ષનો છે. શ્રી અબૂ સઈદ ખુદરી (રદિ.) કહે છે કે આ સાંભળીને અમે ખૂબ ખુશ થઈ ગયા. (હદીસ : અબૂ દાઊદ)

તો જે પોતાના ઘર-બાર સત્ય ધર્મ માટે છોડી દે છે અને સાધારણ જીવન વ્યતીત કરે છે, જ્યારે તેમને જ્ઞાન થશે કે તે ધનવાન લોકોથી ૫૦૦ વર્ષ પહેલા સ્વર્ગમાં જશે, તો તેને પોતાના સાધારણ જીવન પર ક્યારેય પસ્તાવો નહીં થાય.

## ૮.૧૮

**अव्क्तात् व्यक्तयः सर्वाः प्रभवन्ति अहः-आगमे ।**
**रात्रि-आगमे प्रलीयन्ते तत्र एव अव्यक्त संज्ञके ।।१८।।**

દિવસના આગમન પર (આત્મા) જે દેખાતી નથી, (તે પ્રાણીઓમાં) જોવા મળે છે, (અર્થાત્ જીવન) બધા પ્રાણીઓમાં જોવા મળે છે. નિઃસંદેહ (આ જ રીતે) રાતના આગમન પર (આત્મા) જે દેખાતી નથી (તેનું) મૃત્યુ જઈ જાય છે.

(अहः) દિવસના (ઉગમે) આગમન પર (अव्यक्तात्) (આત્મા) જે દેખાતી નથી, (व्यक्तयः) (તે પ્રાણીઓમાં) જોવા મળે છે, (सर्वाः प्रभवन्ति) (અર્થાત્ જીવન) બધા પ્રાણીઓમાં જોવા મળે છે. (एवं) નિઃસંદેહ (આ જ રીતે) (रात्रि आगमे) રાતના આગમન પર (संज्ञके) (આત્મા) જે (अव्यक्त) દેખાતી નથી (प्रलीयन्ते) (તેનું) મૃત્યુ જઈ જાય છે.

## ૮.૧૯

**भूतः-ग्रामः सः एव अयम् भूत्वा भूत्वा प्रलीयते ।**
**रात्रि आगमे अवशः पार्थ प्रभवति अहः आगमे ।।१९।।**

રાતના આગમન પર (બધા પ્રાણીઓ) આપોઆપ મૃત્યુ પામે છે. દિવસના આગમન પર (તેમનામાં જીવન) જોવા મળે છે. હે પાર્થ (અર્જુન !) બધા પ્રાણીઓનું નિઃસંદેહ આ બધું (મારા દ્વારા) તેમનું વારંવાર નિર્માણ કરવું કે જીવન આપવું છે.

(रात्रि आगमे) રાતના આગમન પર (બધા પ્રાણીઓ) (अवशः) આપોઆપ (प्रलीयते) મૃત્યુ પામે છે. (अहः आगमे) દિવસના આગમન પર (प्रभवति) (તેમનામાં જીવન) જોવા મળે છે. (पार्थ) હે પાર્થ (અર્જુન !) (भूत ग्राम) બધા પ્રાણીઓનું (एवं) નિઃસંદેહ (अयम्) આ બધું (सः) (મારા દ્વારા) તેમનું (भूत्वा भूत्वा) વારંવાર નિર્માણ કરવું કે જીવન આપવું છે.

### અન્ય લોકનું વર્ણન

## ૮.૨૦

**परः तस्मात् तु भावः अन्यः अव्यक्तः अव्यक्तात् सनातनः।**
**यः सः सर्वेषु नश्यत्सु न विनश्यति ।।२०।।**

પરંતુ (ઈશ્વર દ્વારા પ્રત્યેક દિવસ નિર્માણ કર્યા) પછી (પણ) (એક) નિર્માણ (છે) (અને તે એ છે કે) અન્ય લોક (એ લોક જ્યાં મનુષ્યોને મૃત્યુ પછી ફરી જીવિત કરવામાં આવશે અને પછી ત્યાં અનંત કાળ સુધી રહેશે) જે ન જોવાઈ શકે તેનાથી વધારે ન જોવાઈ શકે એવી છે. હંમેશા સ્થિત રહેવાવાળી છે, અને તે જે બધા પ્રાણીઓના મૃત્યુ પર પણ (જેનો) વિનાશ નહીં થાય.

(तु) પરંતુ (परः तस्मात) (ઈશ્વર દ્વારા પ્રત્યેક દિવસ નિર્માણ કર્યા) પછી (પણ) (भाव) (એક) નિર્માણ (છે) (अन्य) (અને તે એ છે કે) અન્ય લોક (એ લોક જ્યાં મનુષ્યોને મૃત્યુ પછી ફરી જીવિત કરવામાં આવશે અને પછી ત્યાં અનંત કાળ સુધી રહેશે) (अव्यक्तः अव्यक्तात्) જે ન જોવાઈ શકે તેનાથી વધારે ન જોવાઈ શકે એવી છે. (सनातना) હંમેશા સ્થિત રહેવાવાળી છે, (यः सः) અને તે જે (सर्वेषु) બધા (भुतेषु) પ્રાણીઓના (नश्यत्सु) મૃત્યુ પર પણ (विनश्यति) (જેનો) વિનાશ (न) નહીં થાય.

**નોંધ ૮.૧૯ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું, ''ઈશ્વર આત્માને તેમની (મનુષ્યના) મૃત્યુ સમયે સંપૂર્ણપણે કબજામાં કરી લે છે, અને જે હજુ મૃત્યુને પ્રાપ્ત નથી થયો, તેની આતમાને તેના ઊંઘવાની અવસ્થામાં કબજામાં કરી લે છે. પછી જેના માટે મૃત્યુનો નિર્ણય આપી દેવામાં આવ્યો છે તેને રોકી લે છે અને બીજાઓને એક નિર્ધારિત સમય સુધી છોડી દે છે. નિશ્ચિતપણે આમાં વિચારશીલ લોકો માટે મોટી નિશાનીઓ છે.'' (સૂરઃ અઝ્-ઝુમર, ૩૯, આયત ૪૨)

## ૮.૨૧

**अव्यक्तः अक्षरः इति उक्तः तम् आहुः परमाम् गतिम् ।**
**यम् प्राप्य न निवर्तन्ते तत् धाम परमम् मम ।।२१।।**

આ (અન્ય લોક)ને ઈશ્વર ન દેખાતું અને અવિનાશી કહી રહ્યો છે. એ જ રીતે (ઈશ્વર) તેને સૌથી શ્રેષ્ઠ લક્ષ્ય, સ્થાન પણ કહી રહ્યો છે, જેને પ્રાપ્ત કરી લીધા પછી (મનુષ્યો સંસારમાં) ફરીથી નથી આવતા. (ઈશ્વર એ પણ કહી રહ્યો છે કે) તે (અન્ય લોકનું) સૌથી શ્રેષ્ઠ ધામ જ મારા રહેવાનું સ્થાન છે.

(तम्) આ (અન્ય લોક)ને ઈશ્વર (अव्यक्तः) ન દેખાતું (अक्षर) અને અવિનાશી (उक्तः) કહી રહ્યો છે. (इति) એ જ રીતે (ઈશ્વર) (परमाम्) તેને સૌથી શ્રેષ્ઠ (गतिम्) લક્ષ્ય, સ્થાન (आहुः) પણ કહી રહ્યો છે, (यम्) જેને (प्राप्य) પ્રાપ્ત કરી લીધા પછી (निवर्तन्ते) (મનુષ્યો સંસારમાં) ફરીથી (न) નથી આવતા. (तत्) (ઈશ્વર એ પણ કહી રહ્યો છે કે) તે (અન્ય લોકનું) (परमम्) સૌથી શ્રેષ્ઠ ધામ જ (मम) મારા (धाम) રહેવાનું સ્થાન છે.

### ઈશ્વરને ઓળખો

## ૮.૨૨

**पुरुषः सः परः पार्थ भक्त्या लभ्यः तु अनन्यया ।**
**यस्य अन्तः-स्थानि भूतानि येन सर्वम् इदम् ततम् ।।२२।।**

હે અર્જુન ! એ (ઈશ્વર) મનુષ્ય (હોવાથી) પર છે. નિઃસંદેહ કોઈ અન્ય (પ્રાણી કે દેવતા)ની ભક્તિ વગર તેની ભક્તિ કરવાથી જ તેને પ્રાપ્ત કરી શકાય છે. (આ એ ઈશ્વર છે) જેના દ્વારા સમગ્ર સંસારનું આ અસ્તિત્વ છે, અને જેના દ્વારા બધા પ્રાણીઓનો અંત (અર્થાત્ પ્રલયનું) સ્થિત થવું છે.

(पार्थ) હે અર્જુન ! (सः) એ (ઈશ્વર) (पुरुष) મનુષ્ય (હોવાથી) (परः) પર છે. (तु) નિઃસંદેહ (अनन्यया) કોઈ અન્ય (પ્રાણી કે દેવતા)ની ભક્તિ વગર (भक्त्या) તેની ભક્તિ કરવાથી જ (लभ्य) તેને પ્રાપ્ત કરી શકાય છે. (येन) (આ એ ઈશ્વર છે) જેના દ્વારા (सर्वम्) સમગ્ર સંસારનું (इदम्) આ (ततम्) અસ્તિત્વ છે, (यस्य) અને જેના દ્વારા (भुतानि) બધા પ્રાણીઓનો (अन्तः) અંત (અર્થાત્ પ્રલયનું) (स्थानि) સ્થિત થવું છે.

---

**નોંધ ૮.૧૯નો શેષ ભાગ...**
(અર્થાત્ આપણી રૂહ જેનું વર્ણન પ્રકરણ નં. ૨માં શ્લોક નં. ૧૯ થી ૩૦ સુધી છે, તો આપણા શરીરમાં રહે છે. પરંતુ આત્મા જેનું વર્ણન પ્રકરણ નં. ૬ માં શ્લોક નં. ૫ અને ૬ માં છે અને જેનામાં ત્રણેય ગુણ અને ઘણીબધી ભાવનાઓ હોય છે તે ઊંઘની અવસ્થામાં શરીરથી ફરિશ્તાઓ કાઢી લે છે અને જાગે ત્યારે ફરી શરીરમાં પ્રવેશ કરાવી દે છે. આ જ શ્લોક નં. ૮.૧૯માં કહેવામાં આવ્યું છે.

---

**નોંધ ૮.૨૦ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું, ''શું આ લોકોએ જોયું નહીં કે ઈશ્વરે કેવી રીતે પહેલી વાર પેદા કરે છે, પછી તેનું પુનરાવર્તન કરે છે? (વારંવાર પેદા કરે છે?) નિશ્ચિતપણે આ (પુનરાવર્તન) ઈશ્વર માટે સરળ છે. (હે મુહમ્મદ સલ્લ.!) કહો, ધરતીમાં ચાલો-ફરો અને જુઓ કે તેણે કેવી રીતે પહેલી વાર પેદા કરેલ છે, પછી ઈશ્વર જ બીજી વાર (પ્રલયના દિવસે) ઉઠાવશે. નિઃસંદેહ ઈશ્વરને દરેક વસ્તુ પર સામર્થ્ય પ્રાપ્ત છે.'' (સૂરઃ અલ-અનકબૂત, ૨૯, આયત ૧૯-૨૦)

---

**નોંધ ૮.૨૧ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું, ''દરેક જીવને મૃત્યુનો સ્વાદ ચાખવાનો છે. પછી તમને અમારા તરફ પાછા ફરીને આવવું પડશે. જે લોકો ઈમાન લાવ્યા અને સત્કર્મ કર્યા, તેમને અમે સ્વર્ગના ભવનોમાં વસાવીશું, જેના નીચે નહેરો વહેતી હશે. ત્યાં તેઓ હંમેશા રહેશે. શું ઉત્તમ બદલો છે સત્યકર્મ કરવાવાળાઓ માટે.'' (સૂરઃ અલ-અનકબૂત, ૨૯, આયત ૫૭-૫૮)

**સ્વર્ગ અને નર્કમાં પ્રવેશની પ્રક્રિયા**

## ૮.૨૩

**यत्र काले तु अनावृत्तिम् आवृत्तिम् च एव योगिनः ।**
**प्रयाताः यान्ति तम् कालम् वक्ष्यामि भरत-ऋषभ ।।२३।।**

નિઃસંદેહ, હે ભારતમાં શ્રેષ્ઠ (અર્જુન) ! જે સમયે ઈશ્વરની પ્રાર્થના કરવાવાળો મૃત્યુ પછી સ્વર્ગમાં અને નર્ક (માં) પણ જશે, તે સમય (વિશે તમને) બતાવું છું.

(तु) નિઃસંદેહ, (भरत ऋषभ) હે ભારતમાં શ્રેષ્ઠ (અર્જુન) ! (यत्र) જે (काले) સમયે (योगिन) ઈશ્વરની પ્રાર્થના કરવાવાળો (प्रयाता) મૃત્યુ પછી (अनावृत्तिम्) સ્વર્ગમાં (न) અને (आवृत्तिम्) નર્ક (एवं) (માં) પણ (यान्ति) જશે, (तम) તે (कालम्) સમય (વિશે તમને) (वक्ष्यामि) બતાવું છું.

## ૮.૨૪

**अग्निः ज्योति अहः शुक्लः षट्-मासाः उत्तर-अयणम् ।**
**तत्र प्रयाताः गच्छन्ति ब्रह्म ब्रह्म-विदः जनाः ।।२४।।**

એ મનુષ્ય (જે) ઈશ્વરને જાણે છે (અને તેની પ્રાર્થના કરે છે) મૃત્યુ પછી ઈશ્વર (ના સ્વર્ગમાં) પ્રકાશિત માર્ગથી જશે. એ (માર્ગ) દિવ્ય તેજથી પ્રકાશિત છે, (જાણે) દિવસ (ના સમયે પ્રકાશ હોય છે જ્યારે) છ મહિને સૂર્ય ઉત્તર તરફ હોય છે.

(जना) એ મનુષ્ય (જે) (ब्रह्म विद) ઈશ્વરને જાણે છે (અને તેની પ્રાર્થના કરે છે) (प्रयाता) મૃત્યુ પછી (ब्रह्म) ઈશ્વર (ના સ્વર્ગમાં) (शुक्लः) પ્રકાશિત માર્ગથી (गच्छन्ति) જશે. (तत्र) એ (માર્ગ) (अग्नि ज्योति) દિવ્ય તેજથી પ્રકાશિત છે, (अहः) (જાણે) દિવસ (ના સમયે પ્રકાશ હોય છે જ્યારે) (षट् मासा) છ મહિને સૂર્ય (उत्तर अयणम्) ઉત્તર તરફ હોય છે.

## ૮.૨૫

**धूमः रात्रिः तथा कृष्णः षट्-मासाः दक्षिण-अयणम् ।**
**तत्र चान्द्र-मसम् ज्योतिः योगी प्राप्य निवर्तते ।।२५।।**

નર્ક પ્રાપ્ત કરવાવાળા ભક્ત અંધારા માર્ગ દ્વારા (નર્ક) જશે. ત્યાં (એવું લાગશે જાણે) છ મહિને સૂર્ય દક્ષિણમાં જતો રહ્યો છે, (જેના કારણે) અંધારી રાત છે, ધુમાડો છે અને ચંદ્રના મહિનાઓની ધૂંધળું અજવાળું છે.

(निवर्तते) નર્ક (प्राप्य) પ્રાપ્ત કરવાવાળા (योगी) ભક્ત (कृष्ण) અંધારા માર્ગ દ્વારા (નર્ક) જશે. (षट्) ત્યાં (એવું લાગશે જાણે) છ (मासा) મહિને (दक्षिण) સૂર્ય દક્ષિણમાં (अयणम्) જતો રહ્યો છે, (रात्रि) (જેના કારણે) અંધારી રાત છે, (धूमः) ધુમાડો છે (तथा) અને (चान्द्र) ચંદ્રના (मसम्) મહિનાઓની (ज्योति) ધૂંધળું અજવાળું છે.

---

**નોંધ ૮.૨૪ :** પવિત્ર કુર્આન એ વાતની પુષ્ટિ કરે છે કે આકાશમાં રસ્તાઓ છે. તે આયત નીચે મુજબ છે : ''અને આકાશના સોગંદ, જેમાં માર્ગો છે.'' (સૂરઃ અઝ્-ઝારિયાત, ૫૧, આયત ૭)

---

**નોંધ ૮.૨૪ :** પ્રલયના દિવસે જ્યારે ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાવાળા લોકોને સ્વર્ગમાં જવાની અનુમતિ મળશે અને જ્યારે તેઓ સ્વર્ગ તરફ જઈ રહ્યા હશે, તો એ સમયેનું વર્ણન પવિત્ર કુર્આનમાં આ પ્રમાણે છે :
''જે દિવસે (પ્રલયના દિવસે) તમે ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાવાળા પુરુષો અને સ્ત્રીઓને જોશો કે તેમનો પ્રકાશ તેમના આગળ-આગળ દોડી રહ્યો છે અને તેમના જમણા હાથમાં છે, (અને તેમને કહેવામાં આવશે કે) આજે તમને (સ્વર્ગના) એવા-એવા ઉદાનોની શુભ-સૂચના છે, જેના નીચે નહેરો વહી રહી છે, જેમાં હંમેશા રહેવાનું છે. આ જ છે મોટી સફળતા !'' (સૂરઃ અલ-હદીદ, ૫૭, આયત ૧૨)

## ૮.૨૬

**शुक्ल कृष्णे गती हि एते जगतः शाश्वते मते ।**
**एकया याति अनावृत्तिम् अन्यया आवर्तते पुनः ।।२६।।**

મારા દ્વારા વેદોમાં પણ (મૃત્યુ પછી) (આ) લોક (થી) (જવા માટે બે) રસ્તાઓ (માર્ગ બતાવવામાં આવ્યા છે). આ (બંને માર્ગોમાં) નિઃસંદેહ (એક) પ્રકાશિત માર્ગ છે, (અને બીજો) અંધારા (નો માર્ગ છે). એક માર્ગ સ્વર્ગ તરફ જાય છે (અને) બીજો (માર્ગ) નર્ક તરફ જાય છે, (જ્યાં જીવન મૃત્યુનો ક્રમ ચાલતો રહે છે).

(मते) મારા દ્વારા (शाश्वते) વેદોમાં પણ (મૃત્યુ પછી) (जगतः) (આ) લોક (થી) (गती) (જવા માટે બે) રસ્તાઓ (માર્ગ બતાવવામાં આવ્યા છે). (एते) આ (બંને માર્ગોમાં) (हि) નિઃસંદેહ (शुक्ल) (એક) પ્રકાશિત માર્ગ છે, (कृष्णे) (અને બીજો) અંધારા (નો માર્ગ છે). (एकया) એક માર્ગ (अनावृत्तिम्) સ્વર્ગ તરફ (याति) જાય છે (अन्यया) (અને) બીજો (માર્ગ) (पुनः आवर्तते) નર્ક તરફ જાય છે, (જ્યાં જીવન મૃત્યુનો ક્રમ ચાલતો રહે છે).

## ૮.૨૭

**न एते सृती पार्थ जानन् योगी मुह्यति कश्चन् ।**
**तस्मात् सर्वेषु-कालेषु योग-युक्तः भव अर्जुन ।।२७।।**

હે અર્જુન ! આ બંને માર્ગોને જાણવાવાળો ભક્ત થોડા પણ ભ્રમમાં નથી રહેતો. તેથી હે અર્જુન ! દરેક સમયે (મારી) ભક્તિમાં લાગેલા રહો.

(पार्थ) હે અર્જુન ! (एते ) આ બંને (सृति) માર્ગોને (जानन्) જાણવાવાળો (योगी) ભક્ત (कश्चन) થોડા પણ (मुह्यति) ભ્રમમાં (न) નથી રહેતો. તેથી (अर्जुन) હે અર્જુન ! (सर्वेषु) દરેક (कालेषु) સમયે (योग) (મારી) ભક્તિમાં (युक्त) લાગેલા (भव) રહો.

## ૮.૨૮

**वेदेषु यज्ञेषु तपः सु च एव दानेषु यत् पुण्य-पलम् प्रदिष्टम् ।**
**अत्येति तत् सर्वम् इदम् विदित्वा योगी परम् स्थानम् पैति च आद्यम् ।।२८।।**

ઈશ્વરની પ્રાર્થના કરવાવાળા ભક્તને નિઃસંદેહ વેદોના અભ્યાસ, પ્રાર્થના, તપ અને દાન વગેરે પુણ્યના ફળની જાણકારી આપવામાં આવી છે, જે ક્યારેય નષ્ટ નહીં થાય. આ (પુણ્યને) (ભક્ત) સારી રીતે જાણે છે (અને પુણ્ય કર્મ કરે છે), અને તે આ બધા (પુણ્યના કર્મોના

(योगी) ઈશ્વરની પ્રાર્થના કરવાવાળા ભક્તને (एवं) નિઃસંદેહ (वेदेषु) વેદોના અભ્યાસ, (यज्ञेषु) પ્રાર્થના, (तपः सु) તપ (च) અને (दानेषु) દાન વગેરે (पुण्य) પુણ્યના (फलम्) ફળ (प्रदिष्टम्) ની જાણકારી આપવામાં આવી છે, (यत्) જે (अत्येति) ક્યારેય નષ્ટ નહીં થાય. (इदम) આ (પુણ્યને) (विदित्वा) (ભક્ત) સારી રીતે જાણે છે (અને પુણ્ય કર્મ કરે છે), (च) અને તે (तत्) આ (सर्वम)

---

**નોંધ ૮.૨૮ :** પુણ્ય કર્મનો બદલો મળવા વિશે એક આયત આ પ્રમાણે છે :
''જો તમે ઈશ્વરને સારું ઋણ આપશો (અર્થાત્ દાન કરશો) તો તે તેને તમારા માટે અનેક ગણું વધારી દેશે (અર્થાત્ ખૂબ વધારે પુણ્ય આપશે) અને તમને માફ કરી દેશે, અને ઈશ્વર તો કદરદાન છે, બુદ્ધિશાળી છે.'' (સૂરઃ અલ-તગાબૂન, ૬૪, આયત ૧૭)

ફળને) (ઈશ્વરના આશ્વાસન અનુસાર) મૂળ રૂપે (સ્વર્ગમાં અવશ્ય) પ્રાપ્ત કરશે.

બધા (પુણ્યના કર્મોના ફળને) (आद्यम्) (ઈશ્વરના આશ્વાસન અનુસાર) મૂળ રૂપે (उपैति) (સ્વર્ગમાં અવશ્ય) પ્રાપ્ત કરશે.

(અધ્યાય–૯)

# રાજ વિદ્યા યોગ

## પરિચય

● આ અધ્યાયનો ઉદ્દેશ્ય ઈશ્વરમાં શ્રદ્ધાને વધારે શુદ્ધ કરવાનો છે, અને અન્ય લોકમાં શ્રદ્ધાને પ્રબળ બનાવવાનો છે.

## સારાંશ

● ઈશ્વરમાં શ્રદ્ધાને શુદ્ધ કરવા માટે ઈશ્વરે શ્લોક નં. ૯.૪ માં કહ્યું કે તમામ પ્રાણીઓ મારા પર નિર્ભર કરે છે અને હું કોઈના પર નિર્ભર નથી.

● શ્લોક નં. ૯.૫ માં ઈશ્વરે કહ્યું કે ન હું કોઈ પ્રાણીમાં રહું છું અને ન કોઈ મારામાં રહેશે.

● શ્લોક નં. ૯.૬ માં કહ્યું કે જે રીતે વાયુ (હવા) પ્રાણીઓ માટે અત્યંત આવશ્યક છે અને જેના કારણે તેઓ જીવિત છે, એ જ રીતે તમામ પ્રાણીઓ મારાથી જીવિત છે.

● અધ્યાય નં. ૮ માં અમે મૃત્યુ સમયે ઈશ્વરનું નામ ૐ કહેવાનું મહત્ત્વ વાંચ્યું અને સ્વર્ગના ઉજ્જવળ માર્ગની જાણકારી પ્રાપ્ત કરી. આ અધ્યાયમાં (શ્લોક નં. ૯.૭ અને ૯.૮ માં) ઈશ્વર કહે છે કે જે રીતે મેં સૃષ્ટિની પહેલી વાર રચના કરી હતી, એ જ રીતે પ્રલયના સમયે બધાની ફરી રચના કરીશ અને જીવિત કરીશ.

● શ્લોક નં. ૯.૧૧ માં ઈશ્વરે કહ્યું મને કોઈ આકારમાં માનવું મારું અપમાન કરવું છે.

● શ્લોક નં. ૯.૧૬ માં ઈશ્વરે કહ્યું કે યજ્ઞમાં ઉપયોગ થવાવાળી બધી સામગ્રી મારી જ રચના છે. આ કારણે મને છોડીને કોઈ અન્યની ઉપાસના ન કરો.

● એ જ રીતે શ્લોક નં. ૯.૧૭, ૯.૧૮, ૯.૧૯ માં ઘણી ગેરસમજોને દુર કરી છે.

● શ્લોક નં. ૯.૨૩, ૯.૨૪, ૯.૨૫ માં સંગમના કારણો અને તેના પરિણામો દર્શાવવામાં આવ્યા છે.

● અને અંતમાં ઈશ્વરમાં શ્રદ્ધા રાખવા-વાળાને જે સફળતા મળશે તેનું વર્ણન છે.

---

## અધ્યાય

**આ દિવ્ય ગ્રંથમાં અવતરિત જ્ઞાન છે**

### ૯.૧

**श्री भगवान उवाच,**
**इदम् तु गुह्य तमम् प्रवक्ष्यामि अनसूयवे ।**
**ज्ञानम् विज्ञान सहितम् यत् ज्ञात्वा मोक्ष्यसे अशुभात्**
**।।१।।**

ઈશ્વરે કહ્યું (હે અર્જુન !), તમે (કોઈનાથી) ઈર્ષ્યા કરતા નથી, (તેથી) અત્યંત ગોપનીય વિજ્ઞાન સહિત જ્ઞાન

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું (तु) (હે અર્જુન !), તમે (કોઈનાથી) (अनसुयते) ઈર્ષ્યા કરતા (ન) નથી, (તેથી) (गुह्य तमम्) અત્યંત ગોપનીય (विज्ञान सहितम्) વિજ્ઞાન સહિત (ज्ञानम्) જ્ઞાન (प्रवत्यामि) (હું તમને) કહી રહ્યો

(માં તમને) કહી રહ્યો છું, જેને જાણીને (તમે) સંસારની અશુભ સ્થિતિઓથી મુક્ત થઈ જશો.

છું, (यत्) જેને (ज्ञात्वा) જાણીને (તમે) (अशुभात्) સંસારની અશુભ સ્થિતિઓથી (मोक्ष्यसे) મુક્ત થઈ જશો.

## ૯.૨

**राज-विद्या राज-गुह्यम् पवित्रम् इदम उत्तमम्।**
**प्रत्यक्ष अवगमम् धर्म्यम् सु-सुखम् कर्तुम् अव्ययम् ।।२।।**

શાંતિ અને સુખવાળા ધર્મનું આ જ્ઞાન બધા જ્ઞાનોનો રાજા છે. ગોપનીય જ્ઞાનોનો રાજા છે, અને અત્યંત પવિત્ર જ્ઞાન છે. આ સૌથી શ્રેષ્ઠ અને અવિનાશી નિર્માતા (ઈશ્વર તરફથી) સીધું આવેલું છે.

(सु-सुखम्) શાંતિ અને સુખવાળા (धर्म्यम्) ધર્મનું આ જ્ઞાન (विद्या) બધા જ્ઞાનોનો (राज) રાજા છે. (गुह्यम) ગોપનીય જ્ઞાનોનો (राज) રાજા છે, (पवित्रम्) અને અત્યંત પવિત્ર જ્ઞાન છે. (इदम) આ (उत्तमम्) સૌથી શ્રેષ્ઠ અને (अव्ययम्) અવિનાશી (कर्तुम्) નિર્માતા (ઈશ્વર તરફથી) (प्रत्यक्ष) સીધું (अवगमम्) આવેલું છે.

### અધર્મ વ્યક્તિઓનું ભવિષ્ય

## ૯.૩

**अश्रद्दधानाः पुरुषाः धर्मस्य अस्य परन्तप ।**
**अप्राप्य माम् निवर्तन्ते मृत्युः संसार वर्त्मनि ।।३।।**

હે અર્જુન ! (જે) મનુષ્યો શ્રદ્ધા નથી રાખતા આ ધર્મમાં તેઓ મારા (સ્વર્ગને) પ્રાપ્ત નથી કરી શકતા. તેઓ મૃત્યુના સંસાર (નર્ક)(ના) માર્ગ પર પાછા ફરી જાય છે.

(परन्तप) હે અર્જુન ! (पुरुषा) (જે) મનુષ્યો (अश्रद्दधाना) શ્રદ્ધા નથી રાખતા (अस्य) આ (धर्मस्य) ધર્મમાં (अप्राप्य माम्) તેઓ મારા (સ્વર્ગને) પ્રાપ્ત નથી કરી શકતા. (मृत्यु संसार) તેઓ મૃત્યુના સંસાર (નર્ક) (वर्त्मनि) (ના) માર્ગ પર (निवर्तन्ते) પાછા ફરી જાય છે.

(નર્કને મૃત્યુ સંસાર કહેવામાં આવેલ છે, કેમ કે યાતનાઓના કારણે વ્યક્તિ વારંવાર મૃત્યુ પામે છે અને નિરંતર યાતના આપવા માટે તેને દરેક વખતે જીવિત કરવામાં આવે છે.)

### ઈશ્વરની મહાનતાનું વર્ણન

## ૯.૪

**मया ततम् इदम् सर्वम् जगत् अव्यक्ति-मूर्तिना ।**
**मत्-स्थानि सर्व-भूतानि न च अहम् तेषु अवस्थितः ।।४।।**

મારા ન દેખાઈ શકતા અસ્તિત્વના કારણે આ સંપૂર્ણ જગતનો પ્રસાર છે. બધા પ્રાણીઓ મારાથી સ્થિત છે (મારા પર નિર્ભર છે), અને હું તેમનાથી સ્થિત તેમના પર નિર્ભર) નથી.

(यथा) મારા (अव्यक्त) ન દેખાઈ શકતા (मूर्तिना) અસ્તિત્વના કારણે (इदम) આ (सर्व) સંપૂર્ણ (जगत) જગતનો (तमम) પ્રસાર છે. (सर्व) બધા (भूतानि) પ્રાણીઓ (मत) મારાથી (स्थानि) સ્થિત છે (મારા પર નિર્ભર છે), (च) અને (अहम्) હું (तेषु) તેમનાથી (अवस्थित) સ્થિત તેમના પર નિર્ભર) (न) નથી.

---

**નોંધ ૯.૩ :** પવિત્ર કુર્આનમાં લખ્યું છે કે, ''તમારા રબે કહ્યું કે તમે મને પોકારો, હું તમાશ્રી પ્રાર્થનાઓનો સ્વીકાર કરીશ. જે લોકો મારી બંદગીના મામલામાં ઘમંડથી કામ લે છે, નિશ્ચિતપણે તેઓ ટૂંક સમયમાં જ અપમાનિત થઈને. નર્કમાં પ્રવેશ કરશે.'' (સૂરઃ અલ-મોમિન, ૪૦, આયત ૬૦)

## ૯.૫

**न च मत्-स्थानि भूतानि पश्य मे योगम् ऐश्वरम् ।**
**भूत-भृन्न न च भूतस्यः मम आतमा भूत-भावनः ।।५।।**

ન બધા પ્રાણીઓ મારામાં રહે છે, અને ન (હું) પ્રાણીઓમાં રહું છું. મારાથી જોડાયેલ મહાન પ્રકૃતિને જુઓ. હું સ્વયં બધા પ્રાણીઓનો રચયિતા છું, અને બધા પ્રાણીઓનો અન્નદાતા છું.

(न) ન (भूतानि) બધા પ્રાણીઓ (मत् स्थानि) મારામાં રહે છે, (च) અને (न) ન (હું) (भुतस्थ) પ્રાણીઓમાં રહું છું. (मे) મારાથી (योगम् ऐश्वरम्) જોડાયેલ મહાન પ્રકૃતિને (पश्य) જુઓ. (मम) હું (आत्मा) સ્વયં (भूत-भावनः) બધા પ્રાણીઓનો રચયિતા છું, (भूत-भृन्न) અને બધા પ્રાણીઓનો અન્નદાતા છું.

## ૯.૬

**यथा आकाश-स्थितः नित्यम् वायुः सर्वत्र-गः महान् ।**
**तथा सर्वाणि भूतानि मत्-स्थानि इति उपधारय ।।६।।**

જે રીતે વાયુ હંમેશા અને દરેક ઠેકાણે આકાશમાં ઉપસ્થિત છે (અને જીવન માટે અત્યંત) મહત્ત્વપૂર્ણ છે, એ રીતે (સત્યને સમજો કે) બધા પ્રાણીઓ મારા પર નિર્ભર છે (મારા કારણે જીવિત છે).

(यथा) જે રીતે (वायुः) વાયુ (नित्यम्) હંમેશા (सर्वत्र-गः) અને દરેક ઠેકાણે (आकाश स्थित) આકાશમાં ઉપસ્થિત છે (महान) (અને જીવન માટે અત્યંત) મહત્ત્વપૂર્ણ છે, (यथा) એ રીતે (इति) (સત્યને સમજો કે) (सर्वाणि भूतानि) બધા પ્રાણીઓ (मत-स्थानि) મારા પર નિર્ભર છે (મારા કારણે જીવિત છે).

### પ્રલયના દિવસે ફરીથી જીવંત કરવામાં આવવાનું વર્ણન

## ૯.૭

**सर्वभूतानि कौन्तेय प्रकृतिम् यान्ति मामिकाम् ।**
**कल्प-क्षये पुनः तानि कल्प-आदौ विसृजामि अहम् ।।७।।**

હે કુન્તી-પુત્ર (અર્જુન) ! મેં બ્રહ્માંડના આરંભમાં આ બધા (મનુષ્યો)નું નિર્માણ કર્યું છે, અને બ્રહ્માંડના અંત (પ્રલય) વખતે મારી ઈચ્છાથી ઈશ્વરીય પ્રકૃતિ દ્વારા બધા મનુષ્યો ફરીથી (ઉઠાવવામાં) આવશે (જીવિત કરવામાં આવશે).

(कौन्तेय) હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (अहम) મેં (कल्प आदौ) બ્રહ્માંડના આરંભમાં (तानि) આ બધા (મનુષ્યો)નું (विसृजामि) નિર્માણ કર્યું છે, (कल्पक्षये) અને બ્રહ્માંડના અંત (પ્રલય) વખતે (मामिकाम) મારી ઈચ્છાથી (प्रकृतिम्) ઈશ્વરીય પ્રકૃતિ દ્વારા (सर्व) બધા (भूतानि) મનુષ્યો (पुनः) ફરીથી (यान्ति) (ઉઠાવવામાં) આવશે (જીવિત કરવામાં આવશે).

## ૯.૮

**प्रकृतिम् स्वाम् अवष्टभ्य विसृजामि पुनः पुनः ।**
**भूत-ग्रामम् इमम् कृत्स्नम् अवशम् प्रकृतेः वशान् ।।८।।**

મારી પોતાની પ્રકૃતિના સહારે પ્રાણીઓના વિભિન્ન સમુદાયોનું વારંવાર નિર્માણ કરી રહ્યો છું. (એ જ રીતે) આ બધાનું (પ્રલય વખતે ફરીથી) અવશ્ય નિર્માણ કરીશ, (કારણ કે આ મારી નિર્માણ કરવાવાળી) પ્રકૃતિના વશમાં છે.

(स्वाम्) મારી પોતાની (प्रकृतिम्) પ્રકૃતિના (अवष्टभ्ये) સહારે (भूत) પ્રાણીઓના (ग्रामम्) વિભિન્ન સમુદાયોનું (पुनः पुनः) વારંવાર (विसृजामि) નિર્માણ કરી રહ્યો છું. (इमम) (એ જ રીતે) આ બધાનું (अवशम्) (પ્રલય વખતે ફરીથી) અવશ્ય (कृत्स्नम्) નિર્માણ કરીશ, (प्रकृते) (કારણ કે આ મારી નિર્માણ કરવાવાળી) પ્રકૃતિના (वशात्) વશમાં છે.

---

નોંધ ૯.૭ : यान्ति

૯.૯

**न च माम् तानि कर्माणि निबध्नन्ति धनञ्जय ।**
**उदासीनवदासीनमसक्तम् असक्तम् तेषु कर्मसु ।।९।।**

હે અર્જુન ! આ બધા (નિર્માણના) કર્મ મને નથી બાંધતા (થકાવતા) અને સ્વાર્થરહિત (અનાસક્ત) જોડાયેલ વગર હું આ કામોમાં લાગેલો રહું છું.

(धनञ्जय) હે અર્જુન ! (तानि) આ બધા (कर्माणि) (નિર્માણના) કર્મ (माम्) મને (न) નથી (निबध्नन्ति) બાંધતા (થકાવતા) (च) અને (उदासीन-वत्) સ્વાર્થરહિત (असक्तम्) (અનાસક્ત) જોડાય વગર (तेषु) હું આ (कर्मसु) કામોમાં (आसीनम्) લાગેલો રહું છું.

**નોંધ ૯.૬ :** જે રીતે સોલાહ ઘડિયાળ (Solar Watch) સૂર્યના પ્રકાશથી સક્રિય થઈ જાય છે અને કામ કરે છે, એ જ રીતે બ્રહ્માંડની દરેક વસ્તુ ઈશ્વરના તેજના એક અંશથી સક્રિય અને જીવિત છે; જેમ કે સોલાર ઘડિયાળના કાંટાઓ સૂર્યના પ્રકાશમાં ઉર્જા લઈને ચાલે છે, એ જ રીતે આપણું હૃદય ઈશ્વરના તેજથી ઉર્જા લઈને ધડકે છે. આ વિષયને સારી રીતે સમજવા માટે નોંધ નં. N-૧ વાંચો.

**નોંધ ૯.૭ :** સ્વામી પ્રભુપાદજીએ શ્લોક નં. ૯.૭ના અનુવાદમાં 'यान्ति'નો અર્થ પ્રવેશ કરવું (To enter) લખ્યું છે. સ્વામી રામસુખદાસજીએ સાધક-સંજીવનીમાં શ્લોક નં. ૯.૭ના અનુવાદમાં 'यान्ति'નો અર્થ 'પ્રાપ્ત થવું' લખ્યું છે. શ્લોક નં. ૧૫.૮ થી ૧૫-૧૦નો અર્થ છે કે પ્રલયના સમયે ઈશ્વર તમામ મનુષ્યોના શરીરને ફરીથી ઉત્પન્ન કરશે અને આત્મા શરીરમાં પ્રવેશ કરશે. આ કારણસર શ્લોક નં. ૯.૭માં અમે 'यान्ति'નો અર્થ આત્માનું શરીરમાં પ્રવેશ કરવું, અથવા આત્માનું શરીરને પ્રાપ્ત કરવું, અથવા મનુષ્યનું ફરીથી જીવિત થવું, અથવા ઈશ્વર દ્વારા પ્રલયના દિવસે મનુષ્યનું પુનઃ ઉઠાવવામાં આવવું લીધો છે.

**નોંધ ૯.૭ :** પ્રલયના દિવસે ઈશ્વર તમામ મનુષ્યોને ફરીથી જીવિત કરશે. આ વિશે પવિત્ર કુર્આનમાં ઘણી આયતો છે. તેમાંથી એક નીચે મુજબ છે :
''(ઈશ્વરમાં શ્રદ્ધા ન રાખવાવાળા) કહેતા હતા, શું જ્યારે અમે મરીને માટી બની જઈશું અને હાડપિંજર રહી જઈશું, તો ફરીથી ઉઠાવીને ઊભા કરી દેવામાં આવશું ? અને શું અમારા બાપ-દાદાઓને પણ ઉઠાવવામાં આવશે જેઓ પહેલાં વીતી ચૂક્યા છે ? હે પયગંબર ! આ લોકોને કહો, ''નિઃસંદેહ, આગળના અને પાછળના સૌને એક દિવસે (પ્રલયના દિવસે) જરૂર એકઠાં કરવામાં આવશે, જેનો સમય નિશ્ચિત કર નાખવામાં આવ્યો છે. (અર્થાત્ પ્રલયનો સમય નિશ્ચિત છે અને એ દિવસે બધા લોકોને ફરીથી જીવિત કરવામાં આવશે.)'' (સૂરઃ અલ-વાકિઆ, ૫૬, આયત ૪૭-૫૦)

**નોંધ ૯.૮ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું કે, ''શું (ઇન્કાર કરવાવાળા) મનુષ્યએ નથી જોયું કે અમે તેને વીર્યથી પેદા કર્યા ? પછી શું જોઈએ છીએ કે તે પ્રત્યક્ષ વિરોધી-ઝઘડાળુ બની ગયો, અને તેણે અમારા પર ટોણો મારે છે (અલોચના કરે છે) અને પોતાના જન્મને ભૂલી ગયો. કહે છે, ''કોણ હાડકાઓમાં પ્રાણ ફૂંકશે, જ્યારે કે તે જીર્ણ-ક્ષીણ થઈ ચૂક્યા હશે ? કહી દો, ''તેમનામાં એ જ પ્રાણ ફૂંકશે જેણે તેમને પહેલી વાર પેદા કર્યા. તે તો બધા પ્રકારને પેદા કરવાનું જાણે છે. એ જ તો છે, જેણે તમારા માટે હર્યાભર્યા વૃક્ષોથી આગ પેદા કરી દીધી, તો તેનાથી બાળવાનું કામ લો છો. શું જેણે આકાશો અને ધરતીને પેદા કર્યા તેને એ સામર્થ્ય નથી કે તેમના જેવાઓને પેદા કરે ? કેમ નહીં, જ્યારે કે તે મહાન સૃષ્ટા, અત્યંત જ્ઞાની છે. તેનો મામલો તો બસ એ છે કે જ્યારે તે કોઈ વસ્તુ (ના પેદા કરવા)નો ઇરાદો કરે છે, તો તેને કહે છે - 'થઈ જા' અને તે થઈ જાય છે. તેથી મહિમા છે તેની, જેના હાથમાં દરેક વસ્તુનો સંપૂર્ણ અધિકાર છે, અને તેના જ તરફ તમને પાછા ફેરવવામાં આવશે.'' (સૂરઃ યા-સીન, ૩૬, આયત ૭૭-૮૩)

**નોંધ ૯.૯ :** પવીત્ર કુર્આનમાં લખ્યું છે કે, ''ધરતી અને આકાશમાં જે કંઈ છે બધું પોતાની આવશ્યકતાઓની પૂર્તિ માટે તેનાથી જ માંગ કરી રહ્યા છે. તે (ઈશ્વર) પ્રત્યક દિવસ કામમાં વ્યસ્ત રહે છે.'' (સૂરઃ અર્-રહમાન, ૫૫, આયત ૨૯)

## ૯.૧૦

**मया अध्यक्षेण प्रकृतिः सूयते स चर-अचरम् ।**
**हेतुना अनेन कौनतेय जगत् विपरिवर्तते ।।१०।।**

હે કુન્તી-પુત્ર (અર્જુન) ! મારા આદેશથી જે હું પ્રકૃતિને આપું છું એ બધા જીવિત પ્રાણી અને નિર્જીવ અસ્તિત્વમાં આવે છે, અને આ કારણે આ જગત (માં) પરિવર્તન થાય છે.

(कौन्तेय) હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (मया) મારા (अध्यक्षेण) આદેશથી (प्रकृतिः) જે હું પ્રકૃતિને આપું છું (स) એ બધા (चर-अचरम्) જીવિત પ્રાણી અને નિર્જીવ (सूयते) અસ્તિત્વમાં આવે છે, (हेतुना) અને આ કારણે (अनेन) આ (जगत) જગત (માં) (विपरिवर्तते) પરિવર્તન થાય છે.

### મૂર્ખ લોકોની ગેરસમજ

## ૯.૧૧

**अवजानन्ति माम् मूढाः मानुषीम् तनुम् आश्रितम् ।**
**परम् भावम् अजानन्तः मम भूत महा-ईश्वरम् ।।११।।**

મૂર્ખ લોકો મને મહાન ઈશ્વર (ને) (બધા) પ્રાણીઓ (નો) મહાન રચયિતા નથી માનતા. (તેઓ મને) મનુષ્ય (ની જેમ) આકાશ કે શરીરવાળો માનીને મારું અપમાન કરે છે.

(मूढाः) મૂર્ખ લોકો (माम) મને (महा-ईश्वरम्) મહાન ઈશ્વર (ને) (भूत) (બધા) પ્રાણીઓ (નો) (परम् भावम्) મહાન રચયિતા (अजानन्तः) નથી માનતા. (मानुषीम्) (તેઓ મને) મનુષ્ય (ની જેમ) (तनुम) આકાશ કે શરીરવાળો (आश्रितम्) માનીને (माम) મારું (अवजानन्ति) અપમાન કરે છે.

### અજ્ઞાનીઓનું ભવિષ્ય

## ૯.૧૨

**मोघ आशाः मोघ-कर्माणः मोघ-ज्ञानाः विचेतसः ।**
**राक्षसीम् आसुरीम् च एव प्रकृतिम् मोहिनीम् श्रिताः ।।१२।।**

નિઃસંદેહ, (ઈશ્વરને મનુષ્ય સમાન શરીરવાળો સમજવું) રાક્ષસી વિચાર કે દૃષ્ટિકોણ છે, અને આ ભ્રમના કારણે (લોકોએ) આસુરી શક્તિઓનું શરણ લીધું છે. (આ કારણે તેમના) (મૃત્યુ પછીના જીવનમાં સફળતાની કોઈ) આશા નથી. તેમના બધા સત્કર્મ નષ્ટ થઈ ગયા, અને તેમનું જ્ઞાન પણ વ્યર્થ થઈ ગયું.

(एवं) નિઃસંદેહ, (ઈશ્વરને મનુષ્ય સમાન શરીરવાળો સમજવું) (राक्षसीम्) રાક્ષસી (विचेतसः) વિચાર કે દૃષ્ટિકોણ છે, (च) અને (मोहिनीम्) આ ભ્રમના કારણે (असुरीम्) (લોકોએ) આસુરી શક્તિઓનું (श्रिताः) શરણ લીધું છે. (આ કારણે તેમના) (मोघ आशा) (મૃત્યુ પછીના જીવનમાં સફળતાની કોઈ) આશા નથી. (मोघ कर्माणः) તેમના બધા સત્કર્મ નષ્ટ થઈ ગયા, (मोघ ज्ञानाः) અને તેમનું જ્ઞાન પણ વ્યર્થ થઈ ગયું.

### ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાવાળાના ગુણો

## ૯.૧૩

**महा-आत्मनः तु माम् पार्थ दैवीम् प्रकृतिम् आश्रिताः ।**
**भजन्ति अनन्य मनसः ज्ञात्वा भूत आदिम अव्ययम् ।।१३।।**

હે અર્જુન ! જ્ઞાની, મુની, પવિત્ર લોકો નિઃસંદેહ આ

(पार्थ) હે અર્જુન ! (महा-आत्मनः) જ્ઞાની, મુની, પવિત્ર લોકો (तु) નિઃસંદેહ (ज्ञात्वा) આ જ્ઞાનના સાથે કે (भूत) હું પ્રાણીઓનો (आदिम) આરંભ કરવાવાળો (રચના કરવાવાળો (अव्ययम्) અવિનાશી (ઈશ્વર છું) (माम)

જ્ઞાનની સાથે કે હું પ્રાણીઓનો આરંભ કરવાવાળો (અચના કરવાવાળો) અવિનાશી (ઈશ્વર છું). મારી દૈવી પ્રાકૃતિક શક્તિ પર શ્રદ્ધા રાખે છે (શરણ લે છે), અને મનને બીજાઓની તરફ ભટકાવ્યા વગર મારી પ્રાર્થના કરે છે.

મારી (दैवीक) દૈવી (प्रकृतिम्) પ્રાકૃતિક શક્તિ પર (आश्रिताः) શ્રદ્ધા રાખે છે (શરણ લે છે), (अनन्य मनसः) અને મનને બીજાઓની તરફ ભટકાવ્યા વગર (भजन्ति) મારી પ્રાર્થના કરે છે.

## ૯.૧૪

**सततम् कीर्तयन्तः माम् यतन्तः च दृढ-व्रताः ।**
**नमस्यन्तः च माम् भक्त्या नित्य-युक्ताः उपासते ।।१४।।**

(જ્ઞાની, મુની, પવિત્ર લોકો) હંમેશા મારી પ્રશંસા કરે છે, અને પ્રયાસ કરે છે કે દૃઢ સંકલ્પની સાથે મને નમસ્કાર (સિજદો/પ્રણામ) કરવાની (અને) શ્રદ્ધાની સાથે મારી પ્રાર્થનામાં હંમેશા લાગેલા રહે છે.

(જ્ઞાની, મુની, પવિત્ર લોકો) (सततम्) હંમેશા (कीर्तयन्तः) મારી પ્રશંસા કરે છે, (च) અને (यतन्त) પ્રયાસ કરે છે કે (दृढ-व्रता) દૃઢ સંકલ્પની સાથે (नमस्यन्त) મને નમસ્કાર (સિજદો/પ્રણામ) કરવાની (અને) (भक्त्या) શ્રદ્ધાની સાથે (माम्) મારી (उपासते) પ્રાર્થનામાં (नित्या युक्तः) હંમેશા લાગેલા રહે છે.

### માનવ-જાતિનું વર્ગીકરણ

## ૯.૧૫

**ज्ञान-यज्ञेन च अपि अन्ये यजन्तः माम् उपासते ।**
**एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतः मुखम् ।।१५।।**

(આ સંસારમાં મનુષ્યોના બે સમૂહો છે) (પહેલો સમૂહ એ લોકોનો છે, જેઓ) ધાર્મિક શિક્ષા અનુસાર પ્રાર્થના કરે છે, અને નિઃસંદેહ (બીજો સમૂહ એ મનુષ્યોનો છે, જેઓ) બીજાઓની પ્રાર્થના કરે છે. (પહેલો સમૂહ) મારી પ્રાર્થના કરે છે, (મને) એક (ઈશ્વર) માનીને. (બીજો સમૂહ) ઘણા-બધા (અને) સંસારના વિભિન્ન આકારો (અને વસ્તુઓની પ્રાર્થના કરે છે).

(આ સંસારમાં મનુષ્યોના બે સમૂહો છે) (ज्ञान यज्ञेन) (પહેલો સમૂહ એ લોકોનો છે, જેઓ) ધાર્મિક શિક્ષા અનુસાર પ્રાર્થના કરે છે, (च) અને (अपि) નિઃસંદેહ (अन्ये यजन्तः) (બીજો સમૂહ એ મનુષ્યોનો છે, જેઓ) બીજાઓની પ્રાર્થના કરે છે. (माम् उपासते) (પહેલો સમૂહ) મારી પ્રાર્થના કરે છે, (एकत्वेन) (મને) એક (ઈશ્વર) માનીને. (बहुधा) (બીજો સમૂહ) ઘણા-બધા (અને) (विश्वतः) સંસારના (पृथक्त्वेन) વિભિન્ન (मुखम्) આકારો (અને વસ્તુઓની પ્રાર્થના કરે છે).

### બીજાઓની પ્રાર્થના કરવાવાળાઓની ગેરસમજોને ઈશ્વરે આ પ્રમાણે દૂર કરી

## ૯.૧૬

**अहम् क्रतुः अहम् यज्ञः स्वधा अहम् औषधम् ।**
**मन्त्रः अहम् अहम् एव आज्यम् अहम् अग्नि अहम् हुतम् ।।१६।।**

(બીજા સમૂહના ભ્રમને ઈશ્વરે આગળના ચાર શ્લોકોમાં સ્પષ્ટ કરેલ છે, તે નીચે મુજબ છે) હું વૈદિક વિધિ છું (અર્થાત્ વેદો અનુસાર જે પ્રાર્થનાઓ કરવામાં

(अहम् क्रतु) હું વૈદિક વિધિ છું (અર્થાત્ વેદો અનુસાર જે પ્રાર્થનાઓ કરવામાં આવે છે તે મારા માટે છે), (अहम यज्ञः) એ હું છું જેના માટે યજ્ઞ કરવામાં આવે છે, (स्वधा अहम्) એ વસ્તુ જે યજ્ઞના સમયે અગ્નિમાં નાખવામાં આવે છે તે પણ મારી રચના છે, (अहम् औषध) એ હું છું જે ઔષધોમાં ઉપચાર પ્રભાવ

આવે છે તે મારા માટે છે). તે હું છું જેના માટે યજ્ઞ કરવામાં આવે છે. તે વસ્તુ જે યજ્ઞના સમયે અગ્નિમાં નાખવામાં આવે છે તે પણ મારી રચના છે. તે હું છું જે ઔષધોમાં ઉપચાર પ્રભાવ (Healing effect) પેદા કરે છે. તે હું છું જે મંત્રોમાં પ્રભાવ પેદા કરે છે. તે અગ્નિ મારી જ રચના છે જેને તમે યજ્ઞના સમયે સળગાવો છો. નિઃસંદેહ મેં જ ઘીની રચના કરી છે જેને તમે યજ્ઞના સમયે અગ્નિમાં નાખો છો. યજ્ઞના સમયે જે પણ વસ્તુ તમે હવનમાં નાખો છો તે મારા દ્વારા જ તમને આપવામાં આવી છે.

(Healing effect) પેદા કરે છે. (मन्त्रः अहम्) તે હું છું જે મંત્રોમાં પ્રભાવ પેદા કરે છે. (अहम् अग्नि) તે અગ્નિ મારી જ રચના છે જેને તમે યજ્ઞના સમયે સળગાવો છો. (एवं) નિઃસંદેહ (अहम् आज्यम) મેં જ ઘીની રચના કરી છે જેને તમે યજ્ઞના સમયે અગ્નિમાં નાખો છો. (अहम हुतम्) યજ્ઞના સમયે જે પણ વસ્તુ તમે હવનમાં નાખો છો તે મારા દ્વારા જ તમને આપવામાં આવી છે.

## ૯.૧૭

**पिता अहम् अस्य जगतः माता धाता पितामहः ।**
**वेद्यम् पवित्रम् ॐकारः ऋक् साम यजुः एव च ।।१७।।**

હું પિતા સમાન છું જેના કારણે તમે જન્મો છો. હું આ જગતની માતા સમાન છું જે પાળે છે. હું તમારા પુત્રનો જીવનદાતા છું જેને તમારે જાણવું જોઈએ. હું પાપોથી પવિત્ર કરવાવાળો છું. (હું) અવિનાશી ૐ છું, અને નિઃસંદેહ ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ મારા દ્વારા જ અવતરિત કરવામાં આવ્યા છે.

(पिता अहम्) હું પિતા સમાન છું જેના કારણે તમે જન્મો છો. (अस्य जगतः) હું આ જગતની (माता धाता) માતા સમાન છું જે પાળે છે. (पितामह वेद्यम) હું તમારા પુત્રનો જીવનદાતા છું જેને તમારે જાણવું જોઈએ. (पवित्रम) હું પાપોથી પવિત્ર કરવાવાળો છું. (ॐकार) (હું) અવિનાશી ૐ છું, (च) અને (एव) નિઃસંદેહ (ऋक साम यजुः) ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ મારા દ્વારા જ અવતરિત કરવામાં આવ્યા છે.

## ૯.૧૮

**गतिः भर्ता प्रभुः साक्षी निवासः शरणम् सुहृत् ।**
**प्रभवः प्रलयः स्थानम् निधानम् बीजम् अव्ययम् ।।१८।।**

હું જ તમારા જીવનનું લક્ષ્ય છું. હું જ સંસારનો રચયિતા છું. હું જ સંસારનો પ્રભુ છું. તમે જે પાપ કે પુણ્ય કરો છો તેનો સાક્ષી હું છું. માત્ર મારું જ શરણ છે જેમાં તમે સુરક્ષિત રહેશો. હું તમારો મિત્ર છું જે તમારું

(गति) હું જ તમારા જીવનનું લક્ષ્ય છું. (भर्ता) હું જ સંસારનો રચયિતા છું. (प्रभुः) હું જ સંસારનો પ્રભુ છું. (साक्षी) તમે જે પાપ કે પુણ્ય કરો છો તેનો સાક્ષી હું છું. (निवासः शरणम्) માત્ર મારું જ શરણ છે જેમાં તમે સુરક્ષિત રહેશો. (सुहृत) હું તમારો મિત્ર છું જે તમારું

---

**નોંધ ૯.૧૬ :** ''તે (ઈશ્વર) અવિનાશી છે. (ઈશ્વર સદૈવ જીવંત રહેશે, તેને મૃત્યુ નથી). તેના સિવાય કોઈ પૂજ્ય-પ્રભુ નથી. તેથી તેને જ પોકારો, ધર્મને તેના જ માટે વિશુદ્ધ કરીને. સર્વ પ્રશંસા ઈશ્વર માટે જ છે, જે સમગ્ર સંસારનો રબ છે.'' (પવિત્ર કુર્આન, સૂરઃ અલ-મોમિન, ૪૦, આયત ૬૫)

ધ્યાન રાખે છે. આ બ્રહ્માંડનું નિર્માણ મેં જ કર્યું છે. હું જ બ્રહ્માંડનો અંત કરીશ. એ સ્થાન જયાં તમે જીવન વ્યતીત કરો છો તે મારી જ રચના છે. મૃત્યુ પછી તમારું શરીર જયાં હશે એ પણ મારી જ રચના છે. હું અવિનાશી છું. દરેક વસ્તુનું બીજ (અસ્તિત્વનું કારણ) મને જ સમજો.

ધ્યાન રાખે છે. (प्रभवः) આ બ્રહ્માંડનું નિર્માણ મેં જ કર્યું છે. (प्रलय) હું જ બ્રહ્માંડનો અંત કરીશ. (स्थानम) એ સ્થાન જયાં તમે જીવન વ્યતીત કરો છો તે મારી જ રચના છે. (निधानम्) મૃત્યુ પછી તમારું શરીર જયાં હશે એ પણ મારી જ રચના છે. (अव्ययम्) હું અવિનાશી છું. (बीजम) દરેક વસ્તુનું બીજ (અસ્તિત્વનું કારણ) મને જ સમજો.

## ૯.૧૯

**तपामि अहम् वर्षम् निगृह णामि उत्सृजामि च ।**
**अमृतम् च एव मृत्युः च सत् असत् च अहम् अर्जुन ।।१९।।**

હું જ એ ગરમીનો ઈશ્વર છું (જે સૂર્યમાં છે), અને હું જ વર્ષા કરું છું (જે સૂર્યની ગરમીથી ઉત્પન્ન થાય છે). હું જ વર્ષા મોકલું છું અને તેને રોકી લઉં છું, અને હું એ સ્વર્ગનો સ્વામી છું જયાં મૃત્યુ નથી, અને નિઃસંદેહ, હું જ એ નર્કનો સ્વામી છું જયાં પ્રત્યેક ક્ષણ મૃત્યુ થાય છે, અને હે અર્જુન ! આ નાશવંત સંસાર અને એ અવિનાશી અન્ય લોકનો હું જ સ્વામી છું.

(तपामि अहम्) હું જ એ ગરમીનો ઈશ્વર છું (જે સૂર્યમાં છે), (अहम वर्षम) અને હું જ વર્ષા કરું છું (જે સૂર્યની ગરમીથી ઉત્પન્ન થાય છે). (निगृह णामि उत्सृजामि) હું જ વર્ષા મોકલું છું અને તેને રોકી લઉં છું, (च) અને (अमृतम) હું એ સ્વર્ગનો સ્વામી છું જયાં મૃત્યુ નથી, (च एव) અને નિઃસંદેહ, (मृत्यु) હું જ એ નર્કનો સ્વામી છું જયાં પ્રત્યેક ક્ષણ મૃત્યુ થાય છે, (च) અને (अर्जुन) હે અર્જુન ! (असत) આ નાશવંત સંસાર (च) અને એ (सत) અવિનાશી અન્ય લોકનો (अहम) હું જ સ્વામી છું.

## ૯.૨૦

**त्रै-विद्याः माम् सोम-पाः पूत पापाः यज्ञैः इष्ट्वा स्व-गतिम् प्रार्थयन्ते ।**
**ते पुण्यम् आसाद्य सुर-इन्द्र लोकम् अश्नन्ति दिव्यान् दिवि देव-भोगान् ।।२०।।**

(પહેલો સમૂહ જે ઈશ્વરની પ્રાર્થનામાં વ્યસ્ત રહે છે, તે) ત્રણેય વેદો અનુસાર સોમ રસ માટે (અને) શ્રેષ્ઠ લક્ષ્ય, સ્વર્ગ માટે, મારી પ્રાર્થના કરે છે, અને પુણ્ય

(પહેલો સમૂહ જે ઈશ્વરની પ્રાર્થનામાં વ્યસ્ત રહે છે, તે) (त्रै-विद्या) ત્રણેય વેદો અનુસાર (सोम-पा) સોમ રસ માટે (અને) (स्व-गतिम्) શ્રેષ્ઠ લક્ષ્ય, સ્વર્ગ માટે, (माम) મારી (यज्ञैः इष्ट्वा) પ્રાર્થના કરે છે, અને પુણ્ય કર્મ કરે

---

**નોંધ ૯.૧૮ :** ઈશ્વરની પ્રશંસા પવિત્ર કુર્આનમાં આ પ્રમાણે છે, ''હે પયગંબર ! કહો, હે ઈશ્વર ! રાજ-સત્તાના સ્વામી ! તુ જેને ઇચ્છે રાજય પ્રદાન કરે, અને જેનાથી ઇચ્છે રાજય છીનવી લે, અને જેને ચાહે સન્માનિત કરે, અને જેને ઇચ્છે અપમાનિત કરે. તારા જ હાથમાં ભલાઈ છે. નિઃસંદેહ, તને દરેક વસ્તુનું સામર્થ્ય પ્રાપ્ત છે. (દરેક વસ્તુ તારા કબજામાં છે). '' (સૂરઃ આલે-ઇમરાન, ૩, આયત ૨૬)

**નોંધ ૯.૧૯ :** ઈશ્વર પવિત્ર કુર્આનમાં માનવ-જાતિને પ્રશ્ન કરે છે કે, ''તો એ કોણ છે જેણે આકાશો અને ધરતીને પેદા કર્યા, અને તમારા માટે આકાશમાંથી પાણી વરસાવ્યું, પછી તેના દ્વારા એ સુંદર બાગ ઊગાડ્યા, જેના વૃક્ષોને ઊગાડવું તમારા અધિકારમાં ન હતું ? શું ઈશ્વરની સાથે કોઈ અન્ય પૂજય-પ્રભુ પણ (આ કાર્યોમાં ભાગીદાર) છે ? (ના) બલ્કે આ જ લોકો સત્ય માર્ગથી હટીને ચાલતા જઈ રહ્યા છે.'' (સૂરઃ અન્-નમ્લ, ૨૭, આયત ૬૦)

કર્મ કરે છે, અને પાપોથી પવિત્ર થઈ જાય છે. પછી પુણ્ય કર્મોના ફળસ્વરૂપે સ્વર્ગમાં મહાન દેવતાઓના લોકમાં દેવતાઓ દ્વારા આપવામાં આવેલ આનંદનો અનુભવ કરાવનારી વસ્તુઓથી દિવ્ય આનંદનો અનુભવ કરે છે.

છે, (पूत पापाः) અને પાપોથી પવિત્ર થઈ જાય છે. (पुण्यम् आसाद्य) પછી પુણ્ય કર્મોના ફળસ્વરૂપે (दिवि) સ્વર્ગમાં (सुर-इन्द्र) મહાન દેવતાઓના (लोकम्) લોકમાં (देव-भोगान्) દેવતાઓ દ્વારા આપવામાં આવેલ આનંદનો અનુભવ કરાવનારી વસ્તુઓથી (दिव्यान) દિવ્ય (अश्नन्ति) આનંદનો અનુભવ કરે છે.

### ઓછા પુણ્ય કર્મ કરનારાઓનું ભાગ્ય

## ૯.૨૧

**ते तम् भुक्त्वा स्वर्ग-लोकम् विशालम् क्षीणे पुण्ये मर्त्य-लोकम् विशन्ति ।**
**एवम् त्रयी धर्मम् अनुप्रपन्नाः गत-आगतम् काम-कामाः लभन्ते ।।२१।।**

ત્રણેય (વેદોમાં બતાવવામાં આવેલ) ધર્મના નિયમોનું પાલન કરવાવાળા, પુણ્ય કર્મોમાં કમીના કારણે મૃત્યુ લોક (નર્ક)માં નાખવામાં આવે છે. તે પછી (દંડની મુદ્દત પૂરી કર્યા પછી) આ લોકો એ વિશાળ સ્વર્ગ લોકનો આનંદ લે છે, અને પોતાની ઈચ્છાઓની પૂર્તિમાં લાગેલા લોકોને મળે છે એ સ્થાન, જ્યાં આવવું-જવું લાગેલું રહે છે (અર્થાત્ નર્કમાં બળીને અસ્તિત્વ મટી જાય છે અને દંડની મુદ્દત પૂરી કરવા માટે ફરી અસ્તિત્વમાં આવે છે).

(त्रयी) ત્રણેય (વેદોમાં બતાવવામાં આવેલ) (धर्मम) ધર્મના નિયમોનું (अनुप्रपन्ना) પાલન કરવાવાળા, (पुण्य) પુણ્ય કર્મોમાં (क्षीण) કમીના કારણે (मृत्यु लोक) મૃત્યુ લોક (નર્ક)માં (विशान्ति) નાખવામાં આવે છે. (एवम) તે પછી (દંડની મુદ્દત પૂરી કર્યા પછી) (ते) આ લોકો (तम) એ (विशालम) વિશાળ (स्वर्ग लोकम्) સ્વર્ગ લોકનો (भुक्त्वा) આનંદ લે છે, (काम कामाः) અને પોતાની ઈચ્છાઓની પૂર્તિમાં લાગેલા લોકોને (लाभन्ते) મળે છે એ સ્થાન, (गत-आगतम्) જ્યાં આવવું-જવું લાગેલું રહે છે (અર્થાત્ નર્કમાં બળીને અસ્તિત્વ મટી જાય છે અને દંડની મુદ્દત પૂરી કરવા માટે ફરી અસ્તિત્વમાં આવે છે).

---

**નોંધ ૯.૨૦ :** સ્વર્ગનું વર્ણન પવિત્ર કુર્આનમાં આ પ્રમાણે છે, ''એ સ્વર્ગનું વર્ણન એ છે કે જેનો મળવાનો વાયદો (ઈશ્વરથી) ડર રાખવાવાળા લોકોથી કરવામાં આવ્યો છે. તેમાં પાણીની નહેરો છે જેમાં દુર્ગંધ નહીં હોય, અને દૂધની નહેરો છે જેનો સ્વાદ નથી બદલાતો, અને શરાબની નહેરો છે જે પીવાવાળાઓ માટે સ્વાદિષ્ટ છે, અને સાફ-સ્વચ્છ મધની નહેરો છે, અને તેમના માટે ત્યાં દરેક પ્રકારના ફળ છે, અને ઈશ્વર તરફથી ક્ષમા છે, (અર્થાત્ ઈશ્વર હવે તેમનાથી કદી ક્રોધિત નહીં થાય.)'' (સૂરઃ મુહમ્મદ, ૪૭, આયત ૧૫)

**નોંધ ૯.૨૧ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું છે કે, ''જે કોઈ ઈશ્વરથી ડરીને કર્મ કરશે, ઈશ્વર તેના માટે મુશ્કેલીઓમાંથી નીકળવાનો કોઈ માર્ગ પેદા કરી દેશે, અને તેને એવા માર્ગથી રોજી આપશે, જેના તરફ તેની કલ્પના જતી નહીં હોય. જે ઈશ્વર પર ભરોસો કરે તેના માટે એ જ પૂરતો છે. ઈશ્વર પોતાનું કામ પૂરું કરીને રહે છે. ઈશ્વરે દરેક વસ્તુ માટે એક તકદીર (અંદાજ) નિશ્ચિત કરી રાખેલ છે.'' (સૂરઃ અત્-તલાક, ૬૫, આયત ૨નો અંતિમ ભાગ અને આયત ૩)

**ઈશ્વરનું શરણ**

## ૯.૨૨

**अनन्याः चिन्तयन्तः माम् ये जनाः पर्युपासते ।**
**तेषाम् नित्य अभियुक्तानाम् योग क्षेमम् वहामि अहम् ।।२२।।**

જે મનુષ્ય મારી સારી રીતે પ્રાર્થના કરે છે, કોઈ અન્ય વિશે વિચાર્યા વગર હંમેશા મારી ભક્તિમાં લાગેલ છે, હું એ (લોકોની) રક્ષાની જવાબદારી લઈને ચાલું છું.

(ये) જે (जनाः) મનુષ્ય (माम्) મારી (पर्युपासते) સારી રીતે પ્રાર્થના કરે છે, (अनन्या) કોઈ અન્ય વિશે (चिन्तयन्तः) વિચાર્યા વગર (नित्य) હંમેશા (अभियुक्तानाम् योग) મારી ભક્તિમાં લાગેલ છે, (अहम) હું (तेषाम) એ (લોકોની) (क्षेमम) રક્ષાની જવાબદારી (वहामि) લઈને ચાલું છું.

**દેવતાઓની પૂજાના કારણો**

## ૯.૨૩

**ये अपि अन्य देवता भक्ताः यजन्ते श्रद्धया अन्विताः ।**
**ते अपि माम् एव कौन्तेय यजन्ति अविधि-पूर्वकम् ।।२३।।**

હે કુન્તી-પુત્ર (અર્જુન) ! નિઃસંદેહ જે બીજા દેવતાઓની ભક્તિ કરે છે, અને શ્રદ્ધાની સાથે તેમની ભક્તિમાં લાગેલા રહે છે, નિઃસંદેહ એ પણ મારી જ ભક્તિ કરવા ચાહે છે (પરંતુ જ્ઞાન ન હોવાના કારણે) નિયમોનું ઉલ્લંઘન કરે છે.

(कौन्तेय) હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (अपि) નિઃસંદેહ (ये) જે (अन्य) બીજા (देवता) દેવતાઓની (भक्ता) ભક્તિ કરે છે, (श्रद्धय) અને શ્રદ્ધાની સાથે (यजन्ते) તેમની ભક્તિમાં (अन्विता) લાગેલા રહે છે, (एव) નિઃસંદેહ (ते-अपि) એ પણ (माम्) મારી જ (यजन्ति) ભક્તિ કરવા ચાહે છે (अविधि पुर्वकम्) (પરંતુ જ્ઞાન ન હોવાના કારણે) નિયમોનું ઉલ્લંઘન કરે છે.

## ૯.૨૪

**अहम् हि सर्व यज्ञानाम् भोक्ता च प्रभुः एव च ।**
**न तु माम् अभिजानन्ति तत्त्वेन अतः च्यवन्ति ते ।।२४।।**

નિઃસંદેહ હું જ એ ઈશ્વર છું, જેના માટે સમગ્ર પ્રાર્થનાઓ કરવામાં આવે છે. પરંતુ (જે) આ સત્યને નથી જાણતો, તે (આ અજ્ઞાનતા)ના કારણે (નર્કમાં) નાખવામાં આવે છે.

(हि) નિઃસંદેહ (अहम) હું જ એ ઈશ્વર છું, (भोक्ता) જેના માટે (सर्व) સમગ્ર (यज्ञानाम्) પ્રાર્થનાઓ કરવામાં આવે છે. (ते) પરંતુ (જે) (तत्त्वेन) આ સત્યને (न) નથી (अभिजानन्ति) જાણતો, (ते) તે (अतः) (આ અજ્ઞાનતા)ના કારણે (च्यवन्ति) (નર્કમાં) નાખવામાં આવે છે.

---

**નોંધ ૯.૨૨ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું કે, ''ધર્મમાં કોઈ બળજબરી નથી. (ઈશ્વરનું અવતરિત જ્ઞાન દ્વારા) ધર્મનો સત્ય માર્ગ અસત્ય માર્ગ (ગુમરાહી, પથભ્રષ્ટતા)થી અલગ થઈને તદ્દન સ્પષ્ટ થઈ ગયો છે. (તો જેનું મન ચાહે આને માને અને ન ચાહે તો ન માને, પરંતુ) જે વ્યક્તિ મૂર્તિઓમાં શ્રદ્ધા ન રાખે અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખે છે, ઈશ્વર તેમનો સંરક્ષક-મિત્ર છે. તે (ઈશ્વર) તેમને અંધકારો (અજ્ઞાનતા)થી કાઢીને પ્રકાશ (સત્ય, જ્ઞાન અને માર્ગ) તરફ લઈ આવે છે, અને જેઓ ઈશ્વરમાં શ્રદ્ધા નથી રાખતા તેમનો સંરક્ષક-મિત્ર શૈતાન (અસૂર) છે, તે તેમને પ્રકાશમાંથી કાઢીને અંધકારો તરફ લઈ જાય છે. આ જ લોકો નર્કમાં જવાવાળા છે, તેઓ તેમાં હંમેશા રહેશે.'' (સૂરઃ અલ-બકરહ, ૨, આયત ૨૫૬-૨૫૭)

**દેવતાઓની પૂજાના કારણો**

## ૯.૨૫

**यान्ति देव-व्रताः देवान् पितृन् यान्ति पितृ-व्रताः ।**
**भूतानि यान्ति भूत-इज्याः यान्ति मत् याजिनः अपि माम् ।।२५।।**

(મૃત્યુ પછી) દેવતાઓના પૂજારીઓ દેવતાઓ (ની પાસે) જશે. પિતૃઓનું પૂજન કરવાવાળા પિતૃઓની પાસે જશે. ભૂત-પ્રેતોનું પૂજન કરવાવાળા ભૂત-પ્રેતોની પાસે જશે. પરંતુ મારી પ્રાર્થના કરવાવાળા મારા (સ્વર્ગમાં) જશે.

(देव व्रताः) (મૃત્યુ પછી) દેવતાઓના પૂજારીઓ (देवान) દેવતાઓ (ની પાસે) (यान्ति) જશે. (पितृ-व्रताः) પિતૃઓનું પૂજન કરવાવાળા (पितृन) પિતૃઓની પાસે (यान्ति) જશે. (भूत इज्या) ભૂત-પ્રેતોનું પૂજન કરવા-વાળા (भूतानि) ભૂત-પ્રેતોની પાસે (यान्ति) જશે. (अपि) પરંતુ (माम्) મારી (याजिनः) પ્રાર્થના કરવાવાળા (यान्ति मत्) મારા (સ્વર્ગમાં) જશે.

## ૯.૨૬

**पत्रम् पुष्पम् पलम् तोयम् यः मे भक्त्या प्रयच्छति ।**
**तत् अहम् मक्ति-उपहृतम् अश्नामि प्रयत-आत्मनः ।।२६।।**

ભક્ત જે પોતાના મનને પવિત્ર રાખે છે, અને ભક્તિની ભાવનાથી (જે કંઈ પણ) મને અર્પણ કરે છે, જેમ કે પાંદડા, ફૂલ, ફળ, જળ એ બધું હું સ્વીકાર કરી લઉં છુ.

(भक्त्या) ભક્ત (प्रयत-आत्मनः) જે પોતાના મનને પવિત્ર રાખે છે, અને (भक्ति-उपहृतम्) ભક્તિની ભાવનાથી (જે કંઈ પણ) (मे) મને (प्रयच्छति) અર્પણ કરે છે, (य) જેમ કે (पत्रम्) પાંદડા, (पुष्पम्) ફૂલ, (फलम्) ફળ, (तोयम्) જળ (तत) એ બધું (अहम) હું (अश्नामि) સ્વીકાર કરી લઉં છુ.

**અનિવાર્ય કર્મ કેવી રીતે પૂરા કરીએ ?**

## ૯.૨૭

**यत करोषि यत् अश्नासि यत् जुहोषि ददासि यत् ।**
**त्यत् तपस्यसि कौन्तेय तत् कुरुष्व मत् अर्पणम् ।।२७।।**

હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (તમે) જે કંઈ (કર્મ) કરો છો, જે કંઈ ખાઓ છો, જે કંઈ અર્પણ કરો છો, જે કંઈ દાન કરો છો, જે કંઈ તપસ્યા કરો છો તે માત્ર મને જ અર્પણ કરો.

(कौन्तेय) હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (यत) (તમે) જે કંઈ (करोषि) (કર્મ) કરો છો, (यत्) જે કંઈ (अश्नासि) ખાઓ છો, (यत) જે કંઈ (जुहोषि) અર્પણ કરો છો, (यत) જે કંઈ (ददासि) દાન કરો છો, (यत) જે કંઈ (तपस्यसि) તપસ્યા કરો છો (मत-अर्पणम्) તે માત્ર મને જ અર્પણ (कुरुष्व) કરો.

## ૯.૨૮

**शुभ अशुभ फलैः एवम् मोक्ष्यसे कर्म बन्धैनः ।**
**संन्यास योग युक्त-आत्मा विमुक्तः माम् उपैष्यसि ।।२८।।**

નિસ્વાર્થ કર્મ કરો (ફળની આશા ન રાખો). પોતાને મારી ભક્તિમાં વ્યસ્ત રાખો. આ જ પાપોથી મુક્તિનો માર્ગ છે. આ રીતે (તમે) શુભ-અશુભ કર્મોના ફળથી અને અનિવાર્ય કર્તવ્યોના બંધનથી મુક્ત થઈ જશો

(संन्यास योग) નિસ્વાર્થ કર્મ કરો (ફળની આશા ન રાખો). (युक्त-आत्मा) પોતાને મારી ભક્તિમાં વ્યસ્ત રાખો. (विमुक्तः) આ જ પાપોથી મુક્તિનો માર્ગ છે. (एवम्) આ રીતે (તમે) (शुभ अशुभ फलै) શુભ-અશુભ કર્મોના ફળથી અને અનિવાર્ય (कर्म-बन्धनैः) કર્તવ્યોના બંધનથી (मोक्ष्यसे) મુક્ત થઈ જશો

(અને) મને પામી લેશો (મારા સ્વર્ગને પામી લેશો).

અર્થાત્ : નિસ્વાર્થ કર્મ કરવાથી અને ઈશ્વરની યાદમાં લાગેલા રહેવાથી પાપ પણ નથી થતા અને અનિવાર્ય કર્તવ્ય પણ કુશળતાથી પૂરા થઈ જાય છે અને મૃત્યુ પછી મનુષ્ય સ્વર્ગ જ પામે છે.

(અને) (माम-उपष्यसि) મને પામી લેશો (મારા સ્વર્ગને પામી લેશો).

### ઈશ્વર માટે તમામ મનુષ્યો એક સમાન છે

## ૯.૨૯

**समः अहम् सर्व-भूतेषु न मे द्वेष्यः अस्ति न प्रियः ।**
**ये भजन्ति तु माम् भक्त्या मयि ते तेषु च अपि अहम् ।।२९।।**

સર્વ પ્રાણીઓ મારા માટે સમાન છે. ન હું (કોઈનાથી) દ્વેષ કરું છું (અને) ન પ્રેમ કરું છું. પરંતુ જે મારી શ્રદ્ધાની સાથે પ્રાર્થના કરે છે તે મારા માટે છે અને હું તેના માટે છું.

(सर्व भूतेषु) સર્વ પ્રાણીઓ (अहम) મારા માટે (सम) સમાન છે. (न) ન (मे) હું (કોઈનાથી) (द्वेष्य) દ્વેષ (अस्ति) કરું છું (અને) (न) ન (प्रिय) પ્રેમ કરું છું. (तु) પરંતુ (ये) જે (माम) મારી (भक्त्या) શ્રદ્ધાની સાથે (भजन्ति) પ્રાર્થના કરે છે (ते) તે (मयि) મારા માટે છે (च) અને (अहम्) હું (तेषु) તેના માટે છું.

### ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાવાળા ઈશ્વરને પ્રિય છે

## ૯.30

**अपि चेतसु-देराचारः भजते माम् अनन्य-भाक् ।**
**साधुः एव सः मन्तव्यः सम्यक् व्यवसितः हि सः ।।३०।।**

જો અત્યંત દુરાચારી (પાપી) શ્રદ્ધા રાખે છે મારામાં, અને અનન્ય (દેવતાઓ)ની ભક્તિ નથી કરતો, (તો) નિઃસંદેહ તેને પવિત્ર વ્યક્તિ (મુની) માનવો જોઈએ. નિઃસંદેહ તે સાચા (પરિપૂર્ણ) સંકલ્પવાળો (શ્રદ્ધાવાળો છે).

(चेत) જો (सु-दुराचार) અત્યંત દુરાચારી (પાપી) (भजते) શ્રદ્ધા રાખે છે (माम) મારામાં, (अनन्य भाक) અને અનન્ય (દેવતાઓ)ની ભક્તિ નથી કરતો, (एवं) (તો) નિઃસંદેહ (सः) તેને (साधु) પવિત્ર વ્યક્તિ (મુની) (मन्तव्य) માનવો જોઈએ. (हि) નિઃસંદેહ (सः) તે (सम्यक) સાચા (પરિપૂર્ણ) (व्यवसितः) સંકલ્પવાળો (શ્રદ્ધાવાળો છે).

## ૯.૩૧

**क्षिप्रम् भवति धर्म-आतमा शश्वत्-शान्तिम् निगच्छति ।**
**कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ।।३१।।**

ખૂબ જલ્દી (તે) પવિત્ર વ્યક્તિ બની જશે, (અને મૃત્યુ પછી) નિરંતર શાંત રહેવાવાળા સ્થાન (સ્વર્ગ) પ્રાપ્ત કરશે. હે કુન્તી-પુત્ર (અર્જુન) ! ઘોષણા કરી દો કે મારી પ્રાર્થના કરવાવાળાઓનું (કદી) પતન નથી થતું.

(क्षिप्रम्) ખૂબ જલ્દી (તે) (धर्म आत्मा) પવિત્ર વ્યક્તિ (भवति) બની જશે, (અને મૃત્યુ પછી) (शश्वत्-शान्तिम्) નિરંતર શાંત રહેવાવાળા સ્થાન (સ્વર્ગ) (निगच्छति) પ્રાપ્ત કરશે. (कौन्तेय) હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (प्रतिजानीहि) ઘોષણા કરી દો કે (मे) મારી (भक्त) પ્રાર્થના કરવાવાળાઓનું (प्रणश्यति) (કદી) પતન (न) નથી થતું.

### તમામ મનુષ્યો સ્વર્ગ પ્રાપ્ત કરી શકે છે

## ૯.૩૨

**माम् हि पार्थ व्यपाश्रित्य ये अपि स्यूफ पाप-योनयः ।**
**स्त्रियः वैश्याः तथा शुद्राः ते अपि यान्ति पराम् गतिम्**
**।।३२।।**

હે પાર્થ (અર્જુન) ! મારી (ભક્તિ કરીને) મારું શરણ લેવાવાળા જેઓ પણ મનુષ્ય છે, ચાહે તેઓ પાપીઓની પેઢીથી હોય, સ્ત્રીઓ હોય, ખેતી કે વેપાર કરવાવાળા વૈશ્ય હોય, અથવા શુદ્ર હોય, નિઃસંદેહ આ બધા (સ્વર્ગના) સૌથી શ્રેષ્ઠ લક્ષ્યને પામશે.

(पार्थ) હે પાર્થ (અર્જુન) ! (माम) મારી (ભક્તિ કરીને) (व्यपाश्रित्य) મારું શરણ લેવાવાળા (ये) જેઓ (अपि) પણ (स्युः) મનુષ્ય છે, (पाप) ચાહે તેઓ પાપીઓની (योनयः) પેઢીથી હોય, (स्त्रियः) સ્ત્રીઓ હોય, (वैश्याः) ખેતી કે વેપાર કરવાવાળા વૈશ્ય હોય, (तथा) અથવા (शुद्रा) શુદ્ર હોય, (हि) નિઃસંદેહ (ते) આ (अपि) બધા (परम्) (સ્વર્ગના) સૌથી શ્રેષ્ઠ (गतिम) લક્ષ્યને (यान्ति) પામશે.

### સંસારની વાસ્તવિકતા

## ૯.૩૩

**किम् पुनः ब्राहाणाः पुण्याः भक्ताः राज-ऋषयः तथा ।**
**अनित्यम् असुखम् लोकम् इमम् प्राप्य भजस्व माम्**
**।।३३।।**

પછી બ્રાહ્મણ, પવિત્ર મનુષ્ય, પ્રાર્થના કરવાવાળા, અને રાજ કરવાવાળા ઋષિઓનું શું કહેવું ! તેથી અસ્થાયી અને દુઃખોથી ભરેલા આ સંસારને પ્રાપ્ત કરીને (શું કરશો ?) (હંમેશાની સફળતા માટે) મારી પ્રાર્થનામાં લાગી જાઓ.

(पुनः) પછી (ब्राहाणाः) બ્રાહ્મણ, (पुण्या) પવિત્ર મનુષ્ય, (भक्ता) પ્રાર્થના કરવાવાળા, (तथा) અને (राज-ऋषय) રાજ કરવાવાળા ઋષિઓનું (किम) શું કહેવું ! (इमम) તેથી (अनित्यम) અસ્થાયી (असुखम्) અને દુઃખોથી ભરેલા (लोकम्) આ સંસારને (प्राप्य) પ્રાપ્ત કરીને (શું કરશો ?) (माम) (હંમેશાની સફળતા માટે) મારી (भजस्व) પ્રાર્થનામાં લાગી જાઓ.

## ૯.૩૪

**मत्-मनाः भव मत् भक्तः मत् याजी माम् नमस्कुरु ।**
**माम् एव एष्यसि युक्तत्वा एवम् आत्मानम् मत-परायणः**
**।।३४।।**

મને પોતાના મનમાં રાખો. મારા ભક્ત બની જાઓ. મારી પ્રાર્થના કરો. મને નમસ્કાર (સિજદો) કરો. પોતાને (મારી પ્રાર્થનામાં) વ્યસ્ત રાખો. નિઃસંદેહ, આ રીતે મારા સહારે (તમે) મને પામી લેશો.

(मत्-मना) મને પોતાના મનમાં રાખો. (मत-भक्त) મારા ભક્ત (भव) બની જાઓ. (मत् याजी) મારી પ્રાર્થના કરો. (मत नमस्कुरु) મને નમસ્કાર (સિજદો) કરો. (आत्मानम्) પોતાને (युक्तत्वा) (મારી પ્રાર્થનામાં) વ્યસ્ત રાખો. (एवं) નિઃસંદેહ, આ રીતે (मत-परायण) મારા સહારે (माम) (તમે) મને (एष्यसि) પામી લેશો.

---

**નોંધ ૯.૩૨ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું કે, ''જે પણ પુણ્યના કર્મ કરશે, પુરુષ હોય કે સ્ત્રી, અને તે મોમિન પણ હોય (ઈશ્વરમાં શ્રદ્ધાવાળો પણ હોય), તો અમે તેને (આ પૃથ્વી પર) પવિત્ર અને સરળ જીવનશૈલીથી જીવિત રાખીશું, અને મૃત્યુ પછી (અન્ય લોકમાં) તેમના સત્કર્મોનો તેમને ખૂબ ઉત્તમ બદલો આપીશું.'' (સૂરઃ અલ-નહ્‌લ, ૧૬, આયત ૧૬-૧૭)

**નોંધ ૯.૩૪ :** શ્લોક નં. ૧૮.૫૬નો અનુવાદ સ્વામી રામ સુખરામદાસ મહારાજે સાધક સંજીવનીમાં આ પ્રમાણે કર્યો છે.

**(अपि)** પરંતુ (સત્ય તો એ છે કે) **(सर्व)** બધા **(कर्माणि)** સત્કર્મોને **(मत)** મારા **(व्यपाश्रयः)** સહારે **(कुर्वाण)** કરવાવાળો, **(मत)** મારી **(प्रसादत)** કૃપાદૃષ્ટિ (થી જ) **(शाश्वतम्)** (સ્વર્ગનો) સદૈવ સ્થિત રહેવાવાળો **(अव्ययम्)** અવિનાશી **(पदम्)** સ્થાન **(अवाप्नोति)** પામી શકે છે.

પરંતુ (સત્ય તો એ છે કે) બધા સત્કર્મોને મારા સહારે કરવાવાળો, મારી કૃપાદૃષ્ટિ (થી જ) (સ્વર્ગનો) સદૈવ સ્થિત રહેવાવાળો અવિનાશી સ્થાન પામી શકે છે.

આ શ્લોક ભગવદ્ ગીતાનો સૌથી મહત્ત્વપૂર્ણ શ્લોક છે, અને **(मत्प्रसादात)** અર્થાત્ 'મારી કૃપાથી'—આ શબ્દ જ ગીતાનો સાર છે.

આનો અર્થ છે મનુષ્ય ચાહે ગમે તેટલી ભક્તિ કરી લે, પ્રાર્થના અને પુણ્યના કાર્યો કરી લે, પરંતુ સ્વર્ગ માત્ર ઈશ્વરની કૃપાથી જ મળશે. આ કારણે મનુષ્યનું લક્ષ્ય કેવળ ઈશ્વરને પ્રસનન કરવાનું હોય. પુણ્ય કમાવવું ન હોય. આ જ કારણસર કહેવામાં આવે છે કે, ''કર્મ કર, ફળની ચિંતા ન કર.'' આને સારી રીતે સમજવા માટ નોંધ નં. N-૫ વાંચો. શ્લોક નં. ૯.૩૪માં આવી જ શિક્ષા છે.

---

**નોંધ ૯.૩૪ :** ઈશ્વરે પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.)ને કહ્યું કે, ''કહી દો, (મારા બંદાઓથી કે) હે મારા બંદાઓ ! જે લોકોએ પાપ કર્યું છે, તેઓ ઈશ્વરની દયાથી નિરાશ ન થાઓ. નિઃસંદેહ, ઈશ્વર બધા જ પાપોને માફ કરી દે છે. નિશ્ચિતપણે જે મહાન ક્ષમાશીલ, અત્યંત દયાળુ છે.

ઈશ્વર તરફ ધ્યાન લગાવો અને તેના આજ્ઞાંકિત બની જાઓ, એ પહેલાં કે તમારા પર અઝાબ (ઈશ્વરનો પ્રકોપ) આવી જાય. પછી તમારી સહાયત નહીં કરવામાં આવે.'' (પવિત્ર કુર્આન, ૩૯, આયત ૫૩-૫૪)

(અધ્યાય–૧૦)

# જ્ઞાન વિજ્ઞાન યોગ

## પરિચય

● આ અધ્યાયનો શ્લોક નં. ૭ આ પ્રમાણે છે : જે (વ્યક્તિ) આ બધી (મારી) મહાનતાની નિશાનીઓમાં ચિંતન કરે છે, (તે) મને જાણી લે છે. એ વ્યક્તિ સત્ય (ને પણ) ઓળખી લે છે. (પછી મારી) પ્રાર્થના (માં) લાગી જાય છે. આ વાતમાં કોઈ સંદેહ નથી.

ઈશ્વરની મહાનતાને ઓળખવી અને તેની પ્રાર્થનામાં લાગી જવું એ જ આ ગ્રંથ અને આ અધ્યાયનો ઉદ્દેશ્ય છે.

## સારાંશ

● આ અધ્યાયમાં ઈશ્વરે શ્લોક નં. ૧૦.૧,૧૦.૨,૧૦.૩ માં પોતાનો પરિચય આપ્યો છે.

શ્લોક નં. ૧૦.૪-૧૦.૬ માં ઈશ્વરે એ ગુણોનું વર્ણન કર્યું છે, જે તેણે મનુષ્યમાં મૂક્યા છે. આવા ગુણ કોઈ વૈજ્ઞાનિક કોઈ કમ્પ્યુટરમાં નથી મૂકી શકતો.

● શ્લોક નં. ૧૦.૭-૧૦.૮-૧૦.૯ માં ઈશ્વરમાં શ્રદ્ધાના મહત્ત્વનું વર્ણન છે.

શ્લોક નં.૧૦.૧૦ અને ૧૦.૧૧ માં ઈશ્વરે કહ્યું, જે ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાનો પ્રયાસ કરે છે તેમને ઈશ્વર 'બુદ્ધિયોગમ્' આપે છે. આને મુસ્લિમો 'ઈમાન' કહે છે.

જે રીતે કોઈ પત્ર લખતી વખતે પહેલા 'ડીયર સર' કે 'પ્રિય મહોદય' લખે છે, પછી પોતાની આવશ્યકતાનું વર્ણન કરે છે. એ જ રીતે અર્જુને ત્રણ શ્લોકો (૧૦.૧૨/૧૦.૧૩/ ૧૦.૧૪) માં ઈશ્વરની પ્રશંસા કરી, પછી ત્રણ શ્લોકો (૧૦.૧૬/૧૦.૧૭/૧૦.૧૮) માં ઈશ્વરની મહાન રચનાઓને જોવાની ઈચ્છા પ્રગટ કરી.

શ્લોક નં. ૧૦.૧૯ થી ૧૦.૪૦ સુધી ઈશ્વરની મહાન રચનાઓનું વર્ણન છે. આ શ્લોકોમાં વિષ્ણુ, શ્રી કૃષ્ણ, અર્જુન અને મહાઋષી વેદ વ્યાસજીને પણ ઈશ્વરની મહાન રચના કહેવામાં આવેલ છે.

અંતે, ઈશ્વરે કહ્યું કે આટલી બધી રચનાઓમાં ચિંતન કરવા કરતાં સારું છે કે તમે મારા તેજના અંશને સમજો, જેનાથી આ સમગ્ર બ્રહ્માંડ જીવિત છે.

(નોંધ : જે રીતે સોલાર ઘડિયાળ સૂર્યના પ્રકાશથી ચાલે છે, એ જ રીતે પ્રાણીઓમાં જે પ્રાણ છે અને જે અંતરાત્મા છે તે ઈશ્વરના તેજથી છે.૯

**ઈશ્વરનો પરિચય**

## ૧૦.૧

**भूयः एव महा-बाहो शृणु मे परमम् वचः ।**
**यत् ते अहम् प्रीयमाणाय वक्ष्यामि हित-काम्यय ।।१।।**

હે મહાન ભુજાઓવાળા (અર્જુન) ! ફરીથી સાંભળો, મારા સૌથી શ્રેષ્ઠ અને દિવ્ય વચન (શિક્ષા)ને, જે હું તમારા હિતની કામનાથી કહીશ. નિઃસંદેહ (તમે મને) અત્યંત પ્રિય છો.

(महावाहो) હે મહાન ભુજાઓવાળા (અર્જુન) ! (भूयः) ફરીથી (शृणु) સાંભળો, (मे) મારા (परमम्) સૌથી શ્રેષ્ઠ અને દિવ્ય (वचः) વચન (શિક્ષા)ને, (यत्) જે (अहम्) હું (ते) તમારા (हित-काम्यया) હિતની કામનાથી (वक्ष्यामि) કહીશ. (एवं) નિઃસંદેહ (प्रीयमाणाय) (તમે મને) અત્યંત પ્રિય છો.

## ૧૦.૨

**न मे विदुः सुर-गणाः प्रभवम् न महा-ऋषयः ।**
**अहम् आदिः हि देवानाम् महा-ऋषीणाम् च सर्वशः ।।२।।**

ન મને જાણે છે દેવતા (અને) ન મારા અસ્તિત્વને (જાણે છે) મહર્ષિ. નિઃસંદેહ, હું સૌથી પહેલાથી હું (આ કારણે) તમામ દેવતાઓને અને મહાઋષિઓ (ને જાણું છું).

(न) ન (मे) મને (विदु) જાણે છે (सुर-गणाः) દેવતા (न) (અને) (न) ન (प्रभवम्) મારા અસ્તિત્વને (જાણે છે) (महाऋषय) મહર્ષિ. (हि) નિઃસંદેહ, (अहम्) હું (आदि) સૌથી પહેલાથી છું (सर्वश) (આ કારણે) તમામ (देवानाम्) દેવતાઓને (च) અને (महाऋषीणाम्) મહાઋષિઓ (ને જાણું છું).

**ઈશ્વરમાં શ્રદ્ધાનું મહત્ત્વ**

## ૧૦.૩

**यः माम् अजम् अनादिम् च वेत्ति लोक महा-ईश्वरम् ।**
**असम्मूढः सः मर्त्येषु सर्व-पापैः प्रमुच्यते ।।३।।**

જે મને અજન્મા અનાદિ (આરંભરહિત) અને બ્રહ્માંડનો મહાન ઈશ્વર માને છે, તે મૂર્ખ નથી. મૃત્યુ પછી (તે) બધા પાપોથી પણ મુક્ત થઈ જશે.

(यः) જે (माम) મને (अजम्) અજન્મા (अनादिम्) અનાદિ (આરંભરહિત) (च) અને (लोक) બ્રહ્માંડનો (महा ईश्वरम्) મહાન ઈશ્વર (वेति) માને છે, (सः) તે (असम्मूढः) મૂર્ખ નથી. (मर्त्येषु) મૃત્યુ પછી (તે) (सर्व पापे) બધા પાપોથી પણ (प्रमुच्यते) મુક્ત થઈ જશે.

**પ્રાણીઓમાં પ્રજનનની ક્ષમતા ઈશ્વરની મહાનતાનું પ્રમાણ છે.**

## ૧૦.૪-૫

**बुद्धिः ज्ञानम् असम्मोहः क्षमा सत्यम् दम्ः शमः ।**
**सुखम् दुःखम् भवः अभावः भयम् च अभयम् एव च ।।४।।**
**अहिंसा समता तृष्टिः तपः दानम् यशः अयशः ।**
**भवन्ति भावाः भूतानाम् मत्त-एव पृथक्-विधाः ।।५।।**

બુદ્ધિઃ જ્ઞાન (નો ઉપયોગ કરવો), મોહિત ન થવું, ક્ષમા કરવું, સત્ય માર્ગ પર ચાલવું, પોતાને વશ (નિયંત્રણ)

(बुद्धिः) બુદ્ધિ, (ज्ञानम्) જ્ઞાન (નો ઉપયોગ કરવો), (असम्मोहः) મોહિત ન થવું, (क्षमा) ક્ષમા કરવું, (सत्यम्) સત્ય માર્ગ પર ચાલવું, (दम्ः) પોતાને વશ (નિયંત્રણ)માં રાખવું (एवं) તથા (सुखम्) સુખ (दुःखम्) દુઃખ (भवः) જન્મ (अभावः) મૃત્યુ (भयम्) ભય (अभयम्) (સાહસ) અભય (च) અને (अहिंसा) અહિંસા

**નોંધ ૧૦.૩ :** ''એ જ પ્રથમ પણ છે અને અંતિમ પણ, અને પ્રગટ (જાહેર) પણ છે અને અપ્રગટ (છુપાયેલ) પણ, અને તેને દરેક વસ્તુનું જ્ઞાન છે.'' (પવિત્ર કુર્આન, સૂરઃ અલ-હદીદ, ૫૭, આયત ૩)

માં રાખવું, તથા સુખ, દુઃખ, જન્મ, મૃત્યુ, ભય (સાહસ) અભય (માં એક સમાન રહેવું), અને અહિંસા, ન્યાય (નું પાલન કરવું), સંતુષ્ટ રહેવું, તપ કરવું, દાન આપવું, યશ અને અપયશ (માં સંયમ રાખવો), નિઃસંદેહ (આ) અનેક પ્રકારના ભાવ (ભાવનાઓ) છે, (જેની) મેં રચના કરી છે.

(આ બધી ભાવનાઓ ઈશ્વરની મહાનતાને સિદ્ધ કરે છે. વૈજ્ઞાનિક સુપર કમ્પ્યુટરનું નિર્માણ કરી શકે છે, પરંતુ આ બધી ભાવનાઓ તે કોઈ રોબોટમાં નથી નાખી શકતો. તે ઈશ્વર જ છે, જે માટીના શરીરમાં આ બધી ભાવનાઓ રચી નાખે છે.)

(समता) ન્યાય (નું પાલન કરવું), (तुष्टि) સંતુષ્ટ રહેવું, (तपः) તપ કરવું, (दानम) દાન આપવું, (यशः) યશ (च) અને (अयशः) અપયશ (માં સંયમ રાખવો), (एवं) નિઃસંદેહ (આ) (पृथक) અનેક (विधा) પ્રકારના (भावाः) ભાવ (ભાવનાઓ) છે, (मतः) (જેની) મેં (भवन्ति) રચના કરી છે.

## ૧૦.૬

**महा-ऋषयः सप्त पूर्वे चत्वारः मनवः तथा ।**
**मत् भावाः मानसाः जाता येषाम् लोके इमाः प्रजाः ।।६।।**

પ્રાચીન કાળના સાત મોટા ઋષિ (તથા) અને મનુની પેઢી (સંતાનો)થી મોકલવામાં આવેલ ચૌદ (ઋષિ) વિચાર કરતાં મારી ઈચ્છા પર ચાલવાવાળા હતા. આ સંસારમાં આ બધી માનવ-જાતિ સૌથી પહેલા નિર્માણ કરવામાં આવેલ મનુષ્યથી અને આ (ઋષિઓની પેઢી)થી જ પેદા થયા છે.

નોંધ : અર્થાત્ મનુષ્ય-જાતિનું મનુષ્ય દ્વારા ઉત્પન્ન થતું રહેવું એ પણ ઈશ્વરની મહાનતા છે. કમ્પ્યુટર, કમ્પ્યુટરને ઉત્પન્ન નથી કરી શકતું.

(पूर्व) પ્રાચીન કાળના (सप्त) સાત (महा) મોટા (ऋषयः) ઋષિ (तथा) અને (मानवः) મનુની પેઢી (સંતાનો)થી મોકલવામાં આવેલ (चत्वार) ચૌદ (ઋષિ) (मानसा) વિચાર કરતાં (मत्) મારી (भावा) ઇચ્છા પર ચાલવાવાળા હતા. (लोके) આ સંસારમાં (इमाः) આ બધી માનવ-જાતિ (प्रजा) સૌથી પહેલા નિર્માણ કરવામાં આવેલ મનુષ્યથી (येषाम्) અને આ (ઋષિઓની પેઢી)થી જ (जाताः) પેદા થયા છે.

## ૧૦.૭

**एताम् विभूतिम् योगम् च मम यः वेत्ति तत्त्वतः ।**
**सः अविकल्पेन योगेन युज्यते न अत्र संशयः ।।७।।**

જે (વ્યક્તિ) આ બધી (મારી) મહાનતાની નિશાનીઓમાં ચિંતન કરે છે, (તે) મને જાણી લે છે. તે વ્યક્તિ સત્ય (ને પણ) ઓળખી લે છે. (પછી મારી) પ્રાર્થના (માં) લાગી જાય છે. આ વાતમાં કોઈ સંદેહ નથી.

(ઈશ્વરની મહાનતાની નિશાની મનુષ્યમાં વીસ પ્રકારની ભાવનાઓ છે, અને મનુષ્યનું મનુષ્યને જન્મ આપવું છે, જેનું વર્ણન પાછલા બે શ્લોકોમાં થયું છે.)

(यः) જે (વ્યક્તિ) (एवम्) આ બધી (विभूतिम्) (મારી) મહાનતાની નિશાનીઓમાં (योगम्) ચિંતન કરે છે, (मम) (તે) મને (वेत्ति) જાણી લે છે. (सः) તે વ્યક્તિ (तत्त्वतः) સત્ય (ને પણ) (अविकल्पेन) ઓળખી લે છે. (योगम्) (પછી મારી) પ્રાર્થના (માં) (युज्यते) લાગી જાય છે. (अत्र) આ વાતમાં (संशय) કોઈ સંદેહ નથી.

### ઈશ્વરમાં શ્રદ્ધાવાળાઓનો વ્યવહાર

## ૧૦.૮

**अहम् सर्वस्य प्रभवः मत्तः सर्वम् प्रवर्तते ।**
**इति मत्वा भजन्ते माम् बुधाः भाव-समन्विताः ।।८।।**

હું સંપૂર્ણ (પ્રાણીઓનો) રચયિતા (નિર્માતા) છું. સંપૂર્ણ (પ્રાણીઓ) મારા દ્વારા જ જીવિત છે. બુદ્ધિશાળી વ્યક્તિ (જે) મને આ રીતે માને છે, તે પૂરા ધ્યાનની સાથે મારી પ્રાર્થના કરે છે.

(अहम) હું (सर्वस्य) સંપૂર્ણ (પ્રાણીઓનો) (प्रभवः) રચયિતા (નિર્માતા) છું. (सर्वम्) સંપૂર્ણ (પ્રાણીઓ) (मत्त) મારા દ્વારા જ (प्रवर्तते) જીવિત છે. (बुधा) બુદ્ધિશાળી વ્યક્તિ (જે) (माम्) મને (इति) આ રીતે (मत्वा) માને છે, (भाव-समन्विताः) તે પૂરા ધ્યાનની સાથે (भजन्ते) મારી પ્રાર્થના કરે છે.

## ૧૦.૯

**मत्-चित्ताः मत् गत-प्राणाः बोधयन्तः परस्परम् ।**
**कथयन्तः च माम् नित्यम् तुष्यन्ति च रमन्ति च ।।९।।**

(તે જે) હંમેશા મને પોતાના મનમાં રાખે છે, (અને) મને પોતાના જીવન (નું) લક્ષ્ય બનાવે છે, અને ધાર્મિક જ્ઞાન ગ્રહણ (પ્રાપ્ત કરીને) તે એક બીજાથી મારી મહાનતાનું કથન કરે છે, (આવા લોકો) હંમેશા સંતુષ્ટ અને દિવ્ય આનંદની અનુભૂતી કરે છે.

(मत चित्ताः) (તે જે) હંમેશા મને પોતાના મનમાં રાખે છે, (मत) (અને) મને (प्राण) પોતાના જીવન (मत) (નું) લક્ષ્ય બનાવે છે, (च) અને (बोधयन्त) ધાર્મિક જ્ઞાન ગ્રહણ (પ્રાપ્ત કરીને) (परस्परम्) તે એક બીજાથી (माम्) મારી મહાનતાનું (कथयन्तः) કથન કરે છે, (नित्यम) (આવા લોકો) હંમેશા (तुष्यन्ति) સંતુષ્ટ (च) અને (रमन्ति) દિવ્ય આનંદની અનુભૂતી કરે છે.

### બુદ્ધિ યોગમ્

## ૧૦.૧૦

**तेषाम् सतत-युक्तानाम् भजताम् प्रीति-पूर्वकम् ।**
**ददामि बुद्धि-योगम् तम् येन माम् उपयान्ति ते ।।१०।।**

એ (મુની/પવિત્ર વ્યક્તિઓને) જે પ્રેમપૂર્વક હંમેશા મારી પ્રાર્થનામાં લાગેલા છે, તેમને (હું) મારાથી જોડાઈ રહે એવી બુદ્ધિ આપું છું, જેનાથી તે મને પામી લે છે.

(तेषाम्) એ (મુની/પવિત્ર વ્યક્તિઓને) જે (प्रीती-पूर्वकम्) પ્રેમપૂર્વક (सतत) હંમેશા (भजताम्) મારી પ્રાર્થનામાં (मुक्तानाम्) લાગેલા છે, (तम्) તેમને (હું) (बुद्धियोगम्) મારાથી જોડાઈ રહે એવી બુદ્ધિ (ददामि) આપું છું, (येन) જેનાથી (ते) તે (माम) મને (उपयान्ति) પામી લે છે.

---

**નોંધ ૧૦.૧૦ :** પવિત્ર કુર્આનમાં લખ્યું છે કે, ''ઈશ્વર એ લોકોને, જેઓ તેનામાં શ્રદ્ધા રાખે છે, સત્ય વચન (સાચી અને પાકી વાત પર) સાંસારિક જીવનમાં પણ દ્રઢતાથી સ્થિત રાખે છે, અને અન્ય લોકોમાંપણ રાખશે.'' (સૂરઃ ઇબ્રાહીમ, ૧૪, આયત ૨૭)

આનો અર્થ એ છે કે જે એક ઈશ્વરમાં શ્રદ્ધા રાખે છે, તો મૃત્યુ સમયે, જે ખૂબ જ કઠિન સમય હોય છે, તે વ્યક્તિ ઈશ્વરનું નામ લેશે, અને મૃત્યુ પછી પણ જયારે ફરિશ્તાઓ તેને ઈશ્વર, તેના ધર્મ અને પયગંબર વિશે પૂછશે, તો ઈશ્વર તેને સત્ય કહેવાની સદ્બુદ્ધિ આપશે. (તેને સત્ય પર દ્રઢતાથી સ્થિત રાખશે, જે મૃત્યુ પછી સ્વર્ગ મળવા માટે અતિ આવશ્યક છે.)

## ૧૦.૧૧

**तेषाम् एव अनुकम्पा-अर्थम् अहम् अज्ञान-जम् तमः ।**
**नाशयामि आत्म-भाव स्थः ज्ञान दीपेन भास्वता ।।११।।**

નિ:સંદેહ , એ (પવિત્ર વ્યક્તિઓ) પર પોતાની વિશેષ કૃપા કરવા માટે હું તેમના હૃદયની અંદર જ્ઞાનનો દીપક સ્થાપિત કરી દઉં છું, જેના પ્રકાશમાં જે અંધકાર અજ્ઞાનતાના કારણે હૃદયમાં જન્મ લે છે તે નષ્ટ થઈ જાય છે.

(एवं) નિ:સંદેહ, (तेषाम्) એ (પવિત્ર વ્યક્તિઓ) પર (अनुकम्पा अर्थम) પોતાની વિશેષ કૃપા કરવા માટે (अहम) હું (आत्म-भाव) તેમના હૃદયની અંદર (ज्ञान दीपेन) જ્ઞાનનો દીપક (स्थः) સ્થાપિત કરી દઉં છું, (भास्वता) જેના પ્રકાશમાં (तम्) જે અંધકાર (अज्ञान-जम्) અજ્ઞાનતાના કારણે હૃદયમાં જન્મ લે છે (नाशयामि) તે નષ્ટ થઈ જાય છે.

### અર્જુન દ્વારા ઈશ્વરની પ્રશંસા

## ૧૦.૧૨

**अर्जुन उवाच**
**परम् ब्रह्म परम् धाम पवित्रम परमम् भवान् ।**
**पुरुषम् शाश्वतम् दिव्यम् आदि-देवम् अजम् विभुम्।।१२।।**

અર્જુને (શ્રી કૃષ્ણજીના માધ્યમથી ઈશ્વરને કહ્યું) (હે પ્રભુ !) તમે મહાન ઈશ્વર છો. સૌથી શ્રેષ્ઠ શરણ આપવાવાળા છો. દોષરહિત (પવિત્ર) છો. તમારું વ્યક્તિત્વ સદૈવ રહેવાવાળું છે. તમારું અસ્તિત્વ દેવતાઓના અસ્તિત્વથી પણ પ્રાચીન છે. તમે જન્મ નથી લેતા. તમે દરેક જગ્યાએ છો (સર્વવ્યાપી છો).

(अर्जुन उवाच) અર્જુને (શ્રી કૃષ્ણજીના માધ્યમથી ઈશ્વરને કહ્યું) (હે પ્રભુ !) (परम् ब्रह्म) તમે મહાન ઈશ્વર છો. (परम् धाम) સૌથી શ્રેષ્ઠ શરણ આપવાવાળા છો. (पवित्रम्) દોષરહિત (પવિત્ર) (भवान्) છો. (पुरुष शाश्वतम्) તમારું વ્યક્તિત્વ સદૈવ રહેવાવાળું છે. (आदि देवम्) તમારું અસ્તિત્વ દેવતાઓના અસ્તિત્વથી પણ પ્રાચીન છે. (अजम्) તમે જન્મ નથી લેતા. (विभुम्) તમે દરેક જગ્યાએ છો (સર્વવ્યાપી છો).

## ૧૦.૧૩

**आहुःत्वाम् ऋषयः सर्वे देव-ऋषिः नारदः तथा ।**
**असितः देवलः व्यासः स्वयम् च एव बवीषि मे ।।१३।।**

(હે ઈશ્વર !) તમને બધા ઋષિ દેવ ઋષિ નારદ મુની, અને અસીત, દેવલ, મહા ઋષિ વેદ વ્યાસજી (પણ) તમને (આ જ ગુણોવાળા) કહે છે, અને નિ:સંદેહ, તમે સ્વયં પણ (પોતાના વિશે) મને (આ જ) કહો છો.

(त्वाम्) (હે ઈશ્વર !) તમને (ऋषभ सर्वे) બધા ઋષિ (देव नारद) દેવ ઋષિ નારદ મુની, (तथा) અને (असितः) અસીત, (देवलः) દેવલ, (व्यास) મહા ઋષિ વેદ વ્યાસજી (પણ) (आहुः) તમને (આ જ ગુણોવાળા) કહે છે, (च) અને (एव) નિ:સંદેહ, (स्वयम्) તમે સ્વયં પણ (પોતાના વિશે) (मे) મને (ब्रवीषि) (આ જ) કહો છો.

---

**નોંધ ૧૦.૧૧ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં લખ્યું કે, ''(હે પયગંબર !) તમે જેને ચાહો માર્ગ પર નથી લાવી શકતા, પરંતુ ઈશ્વર જેને ચાહે માર્ગ પર લાવે છે, અને તે માર્ગ પામવાવાળાઓને બરાબર જાણે છે.'' (સૂર: અલ-કસસ, ૨૮, આયત ૫૬)

(અર્થ : જે ઈશ્વરના સત્ય માર્ગ પર ચાલવા માગે છે, ઈશ્વર તેને જાણે છે, અને તેને સત્ય માર્ગ પર ચાલવા માટે 'બુદ્ધિયોગમ' આપે છે. પયગંબર ઇચ્છે કે સમાજનો કોઈ ધનવાન કે શક્તિશાળી વ્યક્તિ પયગંબરનો ધર્મ ગ્રહણ કરી લે, તો એવું નથી થઈ શકતું, કેમ કે 'બુદ્ધિયોગમ' (કે ઈમાન) ઈશ્વરના હાથમાં છે અને તે એને જ આપે છે જે મનથી ધર્મનું અનુસરણ કરવા ચાહે છે.)

## ૧૦.૧૪

**सर्वम् एतत् ऋतम् मन्ये यत् माम् वदसि केशव ।**
**न हि ते भगवन् व्यक्तिम् विदुः देवाः न दानवाः ।।१४।।**

જે કંઈ પણ શ્રી કૃષ્ણજી મને (તમારા વિશે) કહી રહ્યા છે એ બધાને (હું) સત્ય માનું છું. હે ઈશ્વર! ન દેવતા (અને) ન તો દાનવ તમારા વ્યક્તિત્વને સમજી શકે છે.

(यत्) જે કંઈ પણ (केशव) શ્રી કૃષ્ણજી (माम) મને (वदसि) (તમારા વિશે) કહી રહ્યા છે (एतत) એ (सर्वम्) બધાને (तम्) (હું) સત્ય (मन्ये) માનું છું. (भगवान) હે ઈશ્વર! (न) ન (देवा) દેવતા (न) (અને) ન તો (दानवा) દાનવ (ते) તમારા (व्यक्तिम्) વ્યક્તિત્વને (विद) સમજી શકે છે.

## ૧૦.૧૫

**स्वयम् एव आत्मना आत्मानम् वेत्थ त्वम् पुरुष-उत्तम ।**
**भूत-भावन भूत-ईश देव-देव जगत्-पते ।।१५।।**

નિઃસંદેહ (હે ઈશ્વર!) તમે જ પોતાને સ્વયં જ (સૌથી સારી રીતે) જાણો છો. (હે ઈશ્વર!) તમે મહાન વ્યક્તિત્વવાળા છો. બધા પ્રાણીઓના ઈશ્વર છો. દેવતાઓના ઈશ્વર છો. બ્રહ્માંડના શાસક છો.

(एवं) નિઃસંદેહ (હે ઈશ્વર!) (आत्मना) તમે જ (आतमानम्) પોતાને (स्वयम्) સ્વયં જ (वेत्थ) (સૌથી સારી રીતે) જાણો છો. (त्वम्) (હે ઈશ્વર!) તમે (पुरुष-उत्तम) મહાન વ્યક્તિત્વવાળા છો. (भूत-भावन) બધા પ્રાણીઓના ઈશ્વર છો. (देव-देव) દેવતાઓના ઈશ્વર છો. (जगत-पते) બ્રહ્માંડના શાસક છો.

### અર્જુનની ઈશ્વરને વિનંતી

## ૧૦.૧૬

**वक्तुम अर्हसि अशेषेण दिव्याः हि आत्म विभूतयः ।**
**याभिः विभूतिभिः लोकोन् इमान त्वम् व्यास तिष्ठसि ।।१६।।**

(હે ઈશ્વર!) કૃપા કરીને વિસ્તારથી વર્ણન કરો તમારી એ દિવ્ય રચનાઓનો, જેને તમે નિર્માણ કરીને આ બ્રહ્માંડમાં ફેલાવી દીધી છે, અને સ્થાપિત કરી છે.

(अर्हसि) (હે ઈશ્વર!) કૃપા કરીને (अशेषेणा) વિસ્તારથી (वक्तुम्) વર્ણન કરો (आत्म) તમારી એ (दिव्याः) દિવ્ય (विभूतयः) રચનાઓનો, (याभि) જેને (तम्) તમે (विभूतिभिः) નિર્માણ કરીને (इमान्) આ (लोकान) બ્રહ્માંડમાં (व्याप्त) ફેલાવી દીધી છે, (तिष्ठसि) અને સ્થાપિત કરી છે.

## ૧૦.૧૭

**कथम् विद्याम् अहम् योगिन् त्वाम् सदा परिचिन्तयन् ।**
**केषु केषु च भावेषु चिन्त्यः असि भगवन् मया ।।१७।।**

હે ઈશ્વર! હું (તમારી) કઈ-કઈ રચનાઓ વિશે વિચાર કરું? કઈ રીતે હું વિચાર કરીને તમારાથી હંમેશા જોડાઈ રહેવાને જાણી શકું છું?

(भगवान) હે ઈશ્વર! (मता) હું (તમારી) (केषु केषु) કઈ-કઈ (भावेषु) રચનાઓ (चिन्तयः अपि) વિશે વિચાર કરું? (कयम्) કઈ રીતે (अहम्) હું (परिचिन्तयन) વિચાર કરીને (हवाम) તમારાથી (सदा) હંમેશા (योगिन) જોડાઈ રહેવાને (विधाम्) જાણી શકું છું?

---

**નોંધ ૧૦.૧૩ :** ''ઈશ્વરે સાક્ષી આપી (ઈશ્વરે કહ્યું) કે તેના સિવાય કોઈ પૂજ્ય નથી, અને ફરિશ્તાઓએ અને એ લોકોએ પણ જેઓ ન્યાય અને સંતુલન સ્થાપિત કરવાવાળી એક સત્તા (ઈશ્વર)ને જાણે છે, એ પ્રભુત્વશાળી, તત્ત્વદર્શી સિવાય કોઈ પૂજ્ય નથી.'' (પવિત્ર કુર્આન, સૂરઃ આલે-ઈમરાન૫ ૩, આયત ૧૮)

## ૧૦.૧૮

**विस्तरेण आत्मनः योगम् विभूतिम् च जन-अर्दन ।**
**भूयः कथय तुप्तिः हि शृण्वतः न अस्ति मे अमृतम् ।।१८।।**

હે ઈશ્વર ! ફરીથી કહો વિસ્તારથી તમારી દિવ્ય રચનાઓને અને તમારાથી જોડવાવાળી પ્રાર્થનાને. નિઃસંદેહ હું ક્યારેય તૃપ્ત નથી થતો (તમારી વાતો) સાંભળવા (થી), (જે મારા માટે) અમૃત (સમાન છે).

(અધ્યાય ૭ માં ઈશ્વરની કેટલીક રચનાઓનું વર્ણન હતું. અર્જુન તેનાથી વધારે જાણવા માગે છે.)

(जन-अर्दन) હે ઈશ્વર ! (भूयः) ફરીથી (कथय) કહો (विस्तरेण) વિસ્તારથી (आत्मनः) તમારી (विभूतिम्) દિવ્ય રચનાઓને (च) અને (योगम्) તમારાથી જોડવાવાળી પ્રાર્થનાને. (हि) નિઃસંદેહ (मे) હું ક્યારેય (तुप्ति) તૃપ્ત (न) નથી થતો (शृण्वतः) (તમારી વાતો) સાંભળવા (થી), (अमृतम्) (જે મારા માટે) અમૃત (સમાન છે).

## ૧૦.૧૯

**श्री भगवान उवाच,**
**हन्त ते कथयिष्यामि दिव्याः हि आत्म-विभूतमयः ।**
**प्राधान्यतः कुरुश्रेष्ठ न अस्ति अन्तः विस्तरस्य मे ।।१९।।**

ઈશ્વર કહ્યું, હે કૌરવોમાં શ્રેષ્ઠ (અર્જુન) ! મારી રચનાના વર્ણનની કોઈ સીમા નથી. હા - (તેમ છતાં) તમને, નિઃસંદેહ, (જો) મારી વિશેષ, દિવ્ય અને અતિ ઉત્તમ રચનાઓ છે, (તેના વિશે કંઈક) કહીશ.

(श्री भगवान उवाच) ઈશ્વર કહ્યું, (कुरुश्रेष्ठ) હે કૌરવોમાં શ્રેષ્ઠ (અર્જુન) ! (मे) મારી (विस्तरस्य) રચનાના વર્ણનની (अन्त) કોઈ સીમા (न अस्ति) નથી. (हन्त) હા - (તેમ છતાં) (ते) તમને, (हि) નિઃસંદેહ, (જો) (आत्म) મારી (प्राधान्यतः) વિશેષ, (दिव्या) દિવ્ય (विभूतमयः) અને અતિ ઉત્તમ રચનાઓ છે, (कथयिष्यामि) (તેના વિશે કંઈક) કહીશ.

**ઈશ્વરની દિવ્ય રચનાઓ ઈશ્વરની મહાનતા દર્શાવે છે.**

## ૧૦.૨૦

**अहम् आतमा गुडाकेश सर्व-भूत आशय-स्थितः ।**
**अहम् आदिः च मध्यम् च भूतानाम् अन्तः एव च ।।२०।।**

હે અર્જુન ! તમામ મનુષ્યોના હૃદયમાં સ્થિત રહેવાવાળી આત્મા હું છું, અને નિઃસંદેહ મનુષ્યોનો આરંભ (જન્મ) અને મધ્ય (જીવન) અને અંત (કરવાવાળો) હું છું.

(गुडाकेश) હે અર્જુન ! (सर्व) તમામ (भूत) મનુષ્યોના (आशय) હૃદયમાં (स्थित) સ્થિત રહેવાવાળી (आत्मा) આત્મા (अहम) હું છું, (च) અને (एव) નિઃસંદેહ (भूतानाम्) મનુષ્યોનો (आदि) આરંભ (જન્મ) (च) અને (मध्यम) મધ્ય (જીવન) (च) અને (अन्त) અંત (કરવા-વાળો) (अहम) હું છું.

---

**નોંધ ૧૦.૨૦ :** આ શ્લોકનો અર્થ એ છે કે ઈશ્વર માનવ-જાતિને કહે છે કે મનુષ્યના અંદર જે આત્મા છે તેના પર વિચાર કરો, કોઈ વૈજ્ઞાનિક માટીની મૂર્તિ બનાવીને તેમાં આત્મા નથી નાખી શકતો. જુઓ કે આત્મા મારી કેવી મહાન રચના છે. આની અનુભૂતિ કરો તો મારી મહાનતાનો તમને અહેસાસ થશે. એ જ પ્રમાણે મેં જીવન અને મૃત્યુનું જે ચક્કર બનાવ્યું છે એ પણ મારી મહાનતા દર્શાવે છે.

## ૧૦.૨૧

**आदित्यानाम् अहम् विष्णुः ज्योतिषाम् रविः अंशुमान् ।**
**मरीचिः मरुताम् अस्मि नक्षत्राणाम् अहम् शशी ।।२१।।**

આરંભમાં (જન્મ લેવાવાળાઓમાં) વિષ્ણુ હું છું. પ્રકાશ આપવાવાળી વસ્તુઓમાં કિરણોવાળો સૂર્ય (હું છું). રણમાં મૃગતૃષ્ણા (હું) છું. તારાઓમાં ચંદ્ર હું છું.

(आदित्यानाम्) આરંભમાં (જન્મ લેવાવાળાઓમાં) (विष्णु) વિષ્ણુ (अहम्) હું છું. (ज्योतिषाम्) પ્રકાશ આપવાવાળી વસ્તુઓમાં (अंशुमान) કિરણોવાળો (रविः) સૂર્ય (હું છું). (मरुताम्) રણમાં (मरीचिः) મૃગતૃષ્ણા (अस्मि) (હું) છું. (नक्षत्राणाम्) તારાઓમાં (शशी) ચંદ્ર (अहम) હું છું.

## ૧૦.૨૨

**वेदानाम् साम-वेदः अस्मि देवानाम् अस्मि वासवः ।**
**इन्द्रियाणाम् मनः च अस्मि भूतानाम् अस्मि चेतना ।।२२।।**

વેદોમાં સામવેદ છું. દેવતાઓ (ફરિશ્તાઓ)માં વાસવ (ઇન્દ્ર) છું. ઇચ્છાઓમાં મન છું અને મનુષ્યોની બુદ્ધિ છું.

(वेदानाम्) વેદોમાં (साम-वेदः) સામવેદ (अस्मि) છું. (देवानाम्) દેવતાઓ (ફરિશ્તાઓ)માં (वासवः) વાસવ (ઇન્દ્ર) (अस्मि) છું. (इन्द्रियाणाम्) ઇચ્છાઓમાં (मनः) મન (अस्मि) છું (च) અને (भूतानाम्) મનુષ્યોની (चेतना) બુદ્ધિ (अस्मि) છું.

## ૧૦.૨૩

**रुद्राणाम् शङ्करः च अस्मि वित्त-ईशः यक्ष-रक्षसाम् ।**
**वसूनाम् पावकः च अस्मि मेरुः शिखरिणामि अहम् ।।२३।।**

ભયંકર લોકોમાં શંકર છું. દરેક પ્રકારના જળમાં પવિત્ર કરવાવાળું જળ છું, અને દેવતાઓના રક્ષક યક્ષનો રક્ષક હું છું, અને તમામ પર્વતોમાં મેરૂ (પર્વત) હું છું.

(रुद्राणाम्) ભયંકર લોકોમાં (शङ्करः) શંકર (अस्मि) છું. (वसूनामः) દરેક પ્રકારના જળમાં (पावकः) પવિત્ર કરવાવાળું જળ (अस्मि) છું, (च) અને (वित्त-ईश) દેવતાઓના રક્ષક (यक्ष) યક્ષનો (रक्षसाम्) રક્ષક હું છું, (च) અને (शिखरिणाम्) તમામ પર્વતોમાં (मेरुः) મેરૂ (પર્વત) (अहम्) હું છું.

## ૧૦.૨૪

**पुरोधसाम् च मुख्यम् माम् विद्धि पार्थ बृहस्पतिम् ।**
**सेनानीनाम् अहम् स्कन्दः सरसाम् अस्मि सागरः।।२४।।**

હે પાર્થ (અર્જુન) ! પુરોહિતોમાં સૌથી મુખ્ય બૃહસ્પતિ મને જ સમજો. સેનાપતીઓમાં હું કાર્તિકેય છું, અને જળાશયોમાં સમુદ્ર છું.

(पार्थ) હે પાર્થ (અર્જુન) ! (पुरोधसाम्) પુરોહિતોમાં (मुख्यम्) સૌથી મુખ્ય (बृहस्पतिम्) બૃહસ્પતિ (माम्) મને જ (विद्धि) સમજો. (सेनानीनाम्) સેનાપતીઓમાં (अहम्) હું (स्कन्दः) કાર્તિકેય છું, (च) અને (सरसाम्) જળાશયોમાં (सागरः) સમુદ્ર (अस्मि) છું.

## ૧૦.૨૫

**महा-ऋषीणाम् भृगुःअहम् गिराम् अस्मि एकम् अक्षरम् ।**
**यज्ञानाम् जप-यज्ञः अस्मि स्थावराणाम् हिमालयः ।।२५।।**

મોટા અને મહાન ઋષિઓમાં ભૃગુ હું છું. શબ્દોમાં એક (ઈશ્વરના નામને બતાવવાવાળા) શબ્દ (અ-ઉ-મ અર્થાત્ ઓમ) છું, અને બધી ભલાઈના કર્મોમાં ધીમા અવાજમાં કે મનમાં વેદોને યાદ કરવું (વાંચવું) છું. જડ પદાર્થોમાં હિમાલય છું.

(महा) મોટા અને મહાન (ऋषिणाम्) ઋષિઓમાં (भृगु) ભૃગુ (अहम) હું છું. (गिराम) શબ્દોમાં (एकम्) એક (ઈશ્વરના નામને બતાવવાવાળા) (अक्षरम्) શબ્દ (અ-ઉ-મ અર્થાત્ ઓમ) (अस्मि) છું. (यज्ञानाम्) બધી ભલાઈના કર્મોમાં (जप-यज्ञः) ધીમા અવાજમાં કે મનમાં વેદોને યાદ કરવું (વાંચવું) (अस्मि) છું. (स्थावराणाम्) જડ પદાર્થોમાં (हिमालय) હિમાલય છું.

## ૧૦.૨૬

**अश्वत्थः सर्व-वृक्षाणाम् देव-ऋषीणाम् च नारदः ।**
**गन्धर्वाणाम् चित्ररथः सिद्धानाम् कपिलः मुनि ।।२६।।**

તમામ વૃક્ષોમાં પીપળાનું વૃક્ષ છું. દેવ ઋષિઓમાં નારદ મુનિ છું, અને બધા ગંધર્વોમાં ચિત્રરથ છું. સિદ્ધિ પ્રાપ્ત કરવાવાળા મુનિઓમાં કપિલ છું.

(सर्व) તમામ (वृक्षाणाम्) વૃક્ષોમાં (अश्वस्थः) પીપળાનું વૃક્ષ છું. (देव ऋषिणाम्) દેવ ઋષિઓમાં (नारद) નારદ મુનિ છું, (च) અને (गन्धर्वाणा) બધા ગંધર્વોમાં (चित्ररथः) ચિત્રરથ છું. (सिद्धनाम्) સિદ્ધિ પ્રાપ્ત કરવાવાળા મુનિઓમાં (कपिलः मुनिः) કપિલ મુનિ છું.

## ૧૦.૨૭

**उच्चैः श्रवसम् अश्वानाम् विद्धि माम् अमृत-उद्भवम् ।**
**एरावतम् गज-इन्द्राणाम् नराणाम् च नर-अधिपम् ।।२७।।**

સ્વર્ગમાં નિર્માણ કરવામાં આવેલ ઘોડાઓમાં સૌથી શ્રેષ્ઠ ધન અને સનમાન (ના રૂપે મળવાવાળો ઘોડો) મને સમજો. હાથીઓમાં એરાવત છું અને મનુષ્યોમાં રાજા અને શાસક છું.

(अमृत) સ્વર્ગમાં (उद्भवम्) નિર્માણ કરવામાં આવેલ (अश्वानाम्) ઘોડાઓમાં (उच्चै) સૌથી શ્રેષ્ઠ (श्रवसम्) ધન અને સનમાન (ના રૂપે મળવાવાળો ઘોડો) (माम) મને (विद्धि) સમજો. (गज-इन्द्राणाम्) હાથીઓમાં (एरावतम्) એરાવત છું (च) અને (नराणम्) મનુષ્યોમાં (नर-अधिपम्) રાજા અને શાસક છું.

## ૧૦.૨૮

**आयुधानाम् अहम वज्रम् धेनूनाम अस्मि काम-धुक् ।**
**प्रजनः च अस्मि कन्दर्पः सर्पाणाम् अस्मि वासुकि ।।२८।।**

હથિયારોમાં વજ્ર છું. ગાયોમાં કામધેનુ ગાય છું. સંતાનના જન્મના કાર્યમાં લગાવવામાં આવેલ દેવતાઓમાં કામદેવ છું, અને સર્પોમાં વાસુકી સર્પ છું.

(आयुधानाम्) હથિયારોમાં (वजम्) વજ્ર (अहम्) છું. (धनुनाम्) ગાયોમાં (काम-धुक) કામધેનુ ગાય (अस्मि) છું. (प्रजनः) સંતાનના જન્મના કાર્યમાં લગાવવામાં આવેલ દેવતાઓમાં (कन्दर्पः) કામદેવ (अस्मि) છું, (च) અને (सर्पाणाम्) સર્પોમાં (वासुकिः) વાસુકી (अस्मि) છું.

## ૧૦.૨૯

**अनन्तः च अस्मि नागानाम् वरुणः यादसाम् अहम् ।**
**पितृणाम् अर्यमा च अस्मि यमः संयमताम् अहम् ।।२९।।**

નાગોમાં અનંત છું, અને જળના કાર્યોમાં લગાવવામાં આવેલ દેવતાઓમાં વરુણ હું છું. પિતૃઓમાં અર્યમા પણ છું. નિયમોનું પાલન કરાવનારા દેવતાઓમાં મૃત્યુનો દેવતા (યમ) હું છું.

(नागानाम्) નાગોમાં (अनन्त) અનંત (अस्मि) છું, (च) અને (यादसाम्) જળના કાર્યોમાં લગાવવામાં આવેલ દેવતાઓમાં (वरुणः) વરુણ (अहम्) હું છું. (पितृणाम्) પિતૃઓમાં (अर्यमा) અર્યમા (च) પણ (अस्मि) છું. (संयमतान्) નિયમોનું પાલન કરાવનારા દેવતાઓમાં (यमः) મૃત્યુનો દેવતા (યમ) (अहम्) હું છું.

## ૧૦.૩૦

**प्रल्हादः च अस्मि दैत्यानाम् कालः कलयताम् अहम् ।**
**मृगाणाम् च मृग-इन्द्रः अहम् वैनतेयः च पक्षिणाम् ।।३०।।**

દેવતાઓમાં શાંતિ, સુખ અને આનંદ આપવાવાળા પ્રહ્લાદ છું, અને ગણના અને હિસાબ રાખવા-વાળાઓમાં કાળ હું છું, અને પશુઓમાં સિંહ હું છું, અને પક્ષીઓમાં ગરૂડ છું.

(दैत्यानाम्) દેવતાઓમાં (प्रल्हादः) શાંતિ, સુખ અને આનંદ આપવાવાળા પ્રહ્લાદ (अस्मि) છું, (च) અને (कलयताम्) ગણના અને હિસાબ રાખવાવાળાઓમાં (कालः) કાળ (अहम) હું છું, (च) અને (मृगाणाम्) પશુઓમાં (भृग-इन्द्र) સિંહ (अहम) હું છું, (च) અને (पक्षिणाम्) પક્ષીઓમાં (वैतनयः) ગરૂડ છું.

## ૧૦.૩૧

**पवनः पवताम् अस्मि रामः शस्त्र-भृताम् अहम् ।**
**झषाणाम् मकरः च अस्मि स्त्रोसाम् अस्मि जाह्ववी ।।३१।।**

પવિત્ર કરવાવાળાઓમાં વાયુ છું. હથિયાર ચલાવનારાઓમાં રામ હું છું. માછલીઓમાં મગર છું અને નદીઓમાં ગંગા નદી છું.

(पवताम्) પવિત્ર કરવાવાળાઓમાં (पवनः) વાયુ (अस्मि) છું. (शस्त्र) હથિયાર (भृताम्) ચલાવનારા-ઓમાં (रामः) રામ (अहम्) હું છું. (झषाणाम्) માછલીઓમાં (मकरः) મગર (अस्मि) છું (च) અને (स्त्रोतसाम्) નદીઓમાં (जाह्ववी) ગંગા નદી (अस्मि) છું.

## ૧૦.૩૨

**सर्गाणाम् आदिः अन्तः च मध्यम च एव अहम् अर्जुन ।**
**अध्यात्म-विद्या विद्यानाम् वादः प्रवदताम् अहम् ।।३२।।**

હે અર્જુન ! બધી નિર્મિત વસ્તુઓનો આરંભ અને અંત હું છું. નિઃસંદેહ, બધા જ્ઞાનોમાં હું એક ઈશ્વરે આપેલ બ્રહ્મજ્ઞાન છું. બધા વિવાદોનો સાચો નિર્ણય હું છું.

(अर्जुन) હે અર્જુન ! (सर्गाणाम्) બધી નિર્મિત વસ્તુઓનો (आदि) આરંભ (च) અને (अन्त) અંત હું છું. (एवं) નિઃસંદેહ, (विद्यानाम्) બધા જ્ઞાનોમાં (अहम्) હું (अध्यात्म) એક ઈશ્વરે આપેલ (विद्या) બ્રહ્મજ્ઞાન છું. (प्रवदताम्) બધા વિવાદોનો (वादः) સાચો નિર્ણય (अहम) હું છું.

## ૧૦.૩૩

**अक्षराणाम् अ-कारः अस्मि द्वन्द्वः सामासिकस्य च ।**
**अहम् एव अक्षयः कालः धाता अहम् विश्वतः-मुखः ।।३३।।**

હે અર્જુન ! બધા શબ્દોમાં 'અ'નો પહેલો શબ્દ છું. શબ્દોના જોડામાં દ્વન્દ્વ સમાસ હું છું, અને નિઃસંદેહ સદૈવ સ્થિત રહેવાવાળો કાળ (હું છું). પાળવાવાળો (ઈશ્વર હું છું). બ્રહ્માંડમાં બધી બાજુ પોતાનું મુખ રાખવાવાળો હું છું.

(अर्जुन) હે અર્જુન ! (अक्षराणाम्) બધા શબ્દોમાં (अ) 'અ' (कारः )નો પહેલો શબ્દ (अस्मि) છું. (सामसिकस्य) શબ્દોના જોડામાં (द्वन्द्व) દ્વન્દ્વ સમાસ (अहम्) હું (अस्मि) છું, (च) અને (एव) નિઃસંદેહ (अक्षयः) સદૈવ સ્થિત રહેવાવાળો (कालः) કાળ (હું છું). (धाता) પાળવા-વાળો (ઈશ્વર હું છું). (विश्वतः) બ્રહ્માંડમાં બધી બાજુ (मुख) પોતાનું મુખ રાખવાવાળો (अहम्) હું છું.

## ૧૦.૩૪

**मृत्युः सर्व-हर च अहम् उद्भवः च भविष्यातम् ।**
**कीर्तिःश्रीःवाक् च नारीणाम् स्मृतिःमेधा धृतिःक्षमा ।।३४।।**

બધા મનુષ્યોને મૃત્યુ તરફ લઈ જવાવાળો અને ભવિષ્યમાં (પ્રલયના દિવસે) (ફરીથી) જીવિત કરવાવાળો હું છું, અને સ્ત્રીઓથી પ્રાપ્ત થનાર યશ, આનંદ અને સુખ અને તેમની વાતચીત (હું છું). સ્મરણશક્તિ બુદ્ધિ ધૈર્ય કે સબ્ર અને ક્ષમા પણ હું છું.

(सर्व) બધા મનુષ્યોને (मृत्युः) મૃત્યુ તરફ (हरः) લઈ જવાવાળો (च) અને (भविष्यातम्) ભવિષ્યમાં (પ્રલયના દિવસે) (उद्भवः) (ફરીથી) જીવિત કરવા-વાળો (अहम्) હું છું, (च) અને (नारीणाम्) સ્ત્રીઓથી પ્રાપ્ત થનાર (कीर्ति) યશ, (श्री) આનંદ અને સુખ (च) અને (वाक) તેમની વાતચીત (હું છું). (स्मृति) સ્મરણશક્તિ (मेधा) બુદ્ધિ (धृतिः) ધૈર્ય કે સબ્ર અને (क्षमा) ક્ષમા પણ હું છું.

## ૧૦.૩૫

**बृहत्-साम तथा साम्नाम् गायत्री छन्दसाम् अहम् ।**
**मासानाम् मार्ग-शीर्षः अहम ऋतूनाम् कुसुम-आकरः।।३५।।**

સામવેદના ગીતોમાં બૃહત્સામ અને બધા છંદોમાં ગાયત્રી મંત્ર હું છું. મહિનાઓમાં મોસમોમાં માર્ગશીષ છું વસંતની ઋતુ હું છું.

(साम्नाम्) સામવેદના ગીતોમાં (बृहत-साम) બૃહત્સામ (तथा) અને (छन्दसाम्) બધા છંદોમાં (गायत्री) ગાયત્રી મંત્ર (अहम्) હું છું. (मासानाम्) મહિનાઓમાં (मार्ग-शीर्ष) માર્ગશીષ છું. (ऋतूनाम) ઋતુઓમાં (कुसुम-आकरः) વસંતની ઋતુ (अस्मि) હું છું.

---

**નોંધ ૧૦.૩૫ :** શ્લોક ૧૦.૩૫માં 'માર્ગશીર્ષ' મહિનાનો ઈશ્વરે પોતાની મહાન રચના કહેલ છે. આનું કારણ સમજવા માટે તમે રમઝાન મહિનાને સમજવાનો પ્રયાસ કરો.

જે રીતે મોટરકાર અમુક નિર્ધારિત સમય સુધી ચાલ્યા પછી સર્વિસિંગ માટે ગેરેજમાં મોકલવામાં આવે છે, એ જ રીતે વર્ષભરમાં એક વાર એક મહિનો મનુષ્યને શારીરિક અને આધ્યાત્મિક સર્વિસિંગની આવશ્યકતા પડે છે, અને આ સર્વિસિંગનો મહિનો રમઝાન છે.

માનવ-જાતિને પ્રેરિત કરવા માટે ઈશ્વરે આ મહિનામાં પુણ્યનો ભાવ વધારી દીધો છે. આ મહિનામાં જે વ્યક્તિ એક પુણ્ય કરશે તેને ૭૦ ગણું વધારે પુણ્ય મળશે. આ કારણે લોકો આ મહિનામા દાન (ઝકાત) ખૂબ આપે છે. વધુમાં આ મહિનામાં .પવાસને અનિવાર્ય કરવામાં આવેલ છે, અને આનું કારણ ઈશ્વરે બતાવ્યું કે મનુષ્યમાં સંયમ-ગુણ (મુત્તકી ગુણ), જે સાત્ત્વીક ગુણથી વધારે પવિત્ર છે તે ઉત્પન્ન થાય. આનું વર્ણન પવિત્ર કુર્આનની સૂરઃ બકરહ (૨) આયત ૧૮૩માં છે.

## ૧૦.૩૬

**द्यूतम् छलयताम् अस्मि तेजः तेजस्विनाम् अहम् ।**
**जयःअस्मि व्यवसायःअस्मि सत्वम् सत्त्व-वताम् अहम् ।।३६।।**

ધોકો આપનારાઓની ચાલ (હું) છું. પ્રકાશ આપવા-વાળાઓનો પ્રકાશ હું છું. દૃઢ શ્રદ્ધાવાળાઓના (મન પર) વિજય હું છું. ભલાઈ કરનારાઓ અને સાચા લોકોની ભલાઈ અને સચ્ચાઈ હું છું.

(छलयताम्) ધોકો આપનારાઓની (द्युतम्) ચાલ (अस्मि) (હું) છું. (तेजस्विनाम्) પ્રકાશ આપનારાઓનો (तेजः) પ્રકાશ (अहम्) હું છું. (व्यवसाय) દૃઢ શ્રદ્ધાવાળાઓના (जयः) (મન પર) વિજય (अस्मि) હું છું. (सत्त्व-वताम्) ભલાઈ કરનારાઓ અને સાચા લોકોની (सत्त्वम्) ભલાઈ અને સચ્ચાઈ (अहम्) હું (अस्मि) છું.

## ૧૦.૩૭

**वृष्णीनाम् वासुदेवः अस्मि पाण्डवानाम् धनञ्जयः ।**
**मुनीनाम् अपि अहम् व्यासः कवीनाम् उशना कविः।।३७।।**

વૃષ્ણીની પેઢીમાં વાસુદેવ અર્થાત્ કૃષ્ણ છું. પાંડવોમાં અર્જુન છું. મુની લોકોમાં વ્યાસ પણ હું છું. કવીઓમાં ઉશના કવી છું.

(वृष्णीनाम्) વૃષ્ણીની પેઢીમાં (वासुदेवः) વાસુદેવ અર્થાત્ કૃષ્ણ (अस्मि) છું. (पाण्डवानाम्) પાંડવોમાં (धनञ्जय) અર્જુન છું. (मुनिनाम्) મુની લોકોમાં (व्यासः) વ્યાસ (अपि) પણ (अहम्) હું છું. (कविनाम्) કવીઓમાં (उशना) ઉશના (कविः) કવી છું.

## ૧૦.૩૮

**दण्डः दमयताम् अस्मि नीतिः अस्मि जिगीषताम् ।**
**मौनम् च एव अस्मी गुह्यानाम् ज्ञानम् ज्ञान-वताम् अहम् ।।३८।।**

અપરાધો રોકવાના બધા સાધનોમાં દંડ છું. વિજયની આકાંક્ષા કરનારાઓની નીતિ છું, અને નિઃસંદેહ રહસ્યોમાં મૌન છું. જ્ઞાનીઓનું જ્ઞાન હું છું.

(दमयताम्) અપરાધો રોકવાના બધા સાધનોમાં (दण्डः) દંડ (अस्मि) છું. (जिगीषताम्) વિજયની આકાંક્ષા કરનારાઓની (नीतिः) નીતિ (अस्मि) છું, (च) અને (एवं) નિઃસંદેહ (गुह्यानाम्) રહસ્યોમાં (मौनम्) મૌન (अस्मि) છું.(ज्ञानवताम्) જ્ઞાનીઓનું (ज्ञानम्)જ્ઞાન (अहम्) હું છું.

---

ઉપરાંત, રાત્રે 'તરાવીહ'ની વધારાની નમાઝ પઢવાનો કહ્યું છે. આનાથી મનુષ્યને તપનો અનુભવ થાય છે. આખો દિવસ ઉપવાસ કર્યા પછી રાત્રે એક કલાક ઊભા રહીને નમાઝ પઢવી ખૂબ જ કઠિન છે. આ કઠણાઈને સહન કરવાથી મનુષ્ય તપસ્વી બની જાય છે.

જ્યારે મનુષ્ય એક મહિનો ઉપવાસ રાખે છે, રોજ રાત્રે એક કલાક 'તરાવીહ'ની નમાઝ પઢે છે, તો મહિનાના અંતે ઈદની નમાઝના સમયે ઈશ્વર એ વ્યક્તિને બધા પાપોથી મુક્ત કરી દે છે. આમ, ઉપવાસથી શરીર પણ સ્વસ્થ થઈ જાય છે, અને આત્મ-બળ પણ વધે છે, અને મનુષ્ય પાપોથી પણ મુક્ત થઈ જાય છે, અને ગુણો પણ પવિત્રતા તરફ આગળ વધે છે.

ઈસ્લામી મહિનાઓ ચંદ્ર અનુસાર થાય છે. રમઝાન વર્ષનો નવમો (૯મો) મહિનો છે. સનાતન ધર્મમાં પણ મહિનાઓ ચંદ્રઅનુસાર થાય છે અને 'માર્ગશીષ' એ જ નવમો મહિનો છે, જે માનવ-જાતિ માટે ઈશ્વર તરફથી એક મહાન ઉપહાર છે.

ચંદ્ર, સૂર્ય અને તારાઓના કારણે જે મહિનાઓ, દિવસ કે સમય શુભ હોય છે તે ધર્મ અનુસાર કોઈ એક સમુદાય માટે નહીં, બલ્કે સમગ્ર માનવ-જાતિ માટે શુભ હોય છે. આ કારણસર આ 'માર્ગશીષ' કે રમજાનનો મહિનો સમગ્ર માનવ-જાતિ માટે શુભ મહિનો છે. આ મહિનામાં તપ, યજ્ઞ અને દાન વધારે કરવું જોઈએ. બીજા શબ્દોમાં ઉપવાસ, ઈશ્વરની ખૂબ પ્રાર્થના અને ઝકાત આપવી જોઈએ.

## ૧૦.૩૯

**यत् च अपि सर्व-भूतानाम् बीजम् तत अहम् अर्जुन । न तत् अस्ति विना यत् स्यात् मया भूतम् चर-अचरम् ।।३९।।**

હે અર્જુન ! બધી નિર્મિત વસ્તુઓનું જે પણ બીજ છે તે હું છું. (બધી વાતોનું તાત્પર્ય એ છે કે) નિર્જીવ અને સજીવ જે પણ નિર્મિત વસ્તુ છે તે મારા વગર (નિર્માણ) નથી થઈ શકતી.

(अर्जुन) હે અર્જુન ! (सर्व) બધી (भूतानाम्) નિર્મિત વસ્તુઓનું (यत्) જે (अपि) પણ (बीजम्) બીજ છે (तत्) તે (अहम्) હું છું. (બધી વાતોનું તાત્પર્ય એ છે કે) (चर) નિર્જીવ (च) અને (अचरम्) સજીવ (यत्) જે પણ (भूतम्) નિર્મિત વસ્તુ (तत्) છે તે (मया) મારા (विना) વગર (न) (નિર્માણ) નથી થઈ (अस्ति) શકતી.

## ૧૦.૪૦

**न अन्तः अस्ति मम दिव्यानाम् विभूतिनाम् परन्तप । एषः तु उद्दशतः प्रोक्तः विभूतेः विस्तरः मया ।।४०।।**

હે અર્જુન ! મારી દિવ્ય રચનાઓનો કોઈ અંત નથી. મેં (તમારા સામે જે મારી) દિવ્ય રચનાઓનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે તે તો (કેવળ) સંક્ષિપ્તમાં ઉદાહરણ છે.

(परन्तप) હે અર્જુન ! (मम्) મારી (दिव्यानाम्) દિવ્ય (विभूतिनाम्) રચનાઓનો (अन्तः) કોઈ અંત (न अस्ति) નથી. (मया) મેં (તમારા સામે જે મારી) (विभूतेः) દિવ્ય રચનાઓનું (विस्तरः) વિસ્તારપૂર્વક (प्रोक्तः) વર્ણન કર્યું છે (एषः) તે (तु) તો (કેવળ) (उद्देशतः) સંક્ષિપ્તમાં ઉદાહરણ છે.

## ૧૦.૪૧

**यत् यत् विभूति मत् सत्त्वम् श्री-मत् उर्जितम् एव वा । तत् तत् एव अवगच्छ त्वम् मम तेजः अंश सम्भवम् ।।४१।।**

(સંસારમાં) જે જે દિવ્ય રચનાઓ કે સમૃદ્ધિ, ઉર્જા (કે જ્ઞાન) કે સુખ શાંતિ (અને) માનવતા (સચ્ચાઈ) માનવામાં આવે છે, નિઃસંદેહ એ સૌને તમે મારા તેજના અંશથી ઉત્પન્ન થઈ છે એમ સમજો.

(यत् यत्) (સંસારમાં) જે જે (विभूति मत्) દિવ્ય રચનાઓ કે સમૃદ્ધિ, (उर्जितम्) ઉર્જા (કે જ્ઞાન) (वा) કે (श्री मत्) સુખ શાંતિ (અને) (सत्त्वम्) માનવતા (સચ્ચાઈ) (मत्) માનવામાં આવે છે, (एवं) નિઃસંદેહ (तत् तत्) એ સૌને (त्वम्) તમે (मम) મારા (तेज अंश) તેજના અંશથી (सम्भवम्) ઉત્પન્ન થઈ છે એમ (अवगच्छ) સમજો.

---

**નોંધ ૧૦.૪૦ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું, ''ચોક્કસ રાત અને દિવસના પરિવર્તનમાં અને પ્રત્યેક એ વસ્તુમાં જે ઈશ્વરે જમીન અને આકાશોમાં પેદા કરી છે, નિશાનીઓ છે એ લોકો માટે જેઓ (અસત્ય જોવા અને અસત્ય કાર્ય કરવાથી) બચવા માગે છે.'' (સૂરઃ યૂનુસ, ૧૦, આયત ૬)

**નોંધ ૧૦.૪૨ :** ''ઈશ્વર ધરતી અને આકાશનો પ્રકાશ (તેજ) છે.'' (સૂરઃ અન્-નૂર, ૨૪, આયત ૩૫)

## ૧૦.૪૨

**अथवा बहुना एतेन किम् ज्ञातेन तव अर्जुन ।**
**विष्टभ्य अहम् इदम् कृत्स्नम् एक अंशेन स्थितः जगत्**
**।।४२।।**

પરંતુ હે અર્જુન ! તમને આ પ્રકારે ઘણીબધી વાતો જાણવાની શું આવશ્યકતા છે ? મેં આ સંપૂર્ણ જગતને મારા કેવળ એક તેજ અંશથી સ્થિત અને ફેલાવી રાખેલ છે.

(अथवा) પરંતુ (अर्जुन) હે અર્જુન ! (तव) તમને (एतेन) આ પ્રકારે (बहुना) ઘણીબધી વાતો (ज्ञातेन) જાણવાની (किम्) શું આવશ્યકતા છે ? (अहम्) મેં (इदम्) આ (कृत्स्नम) સંપૂર્ણ (जगत्) જગતને (एक अंशेन) મારા કેવળ એક તેજ અંશથી (स्थितः) સ્થિત અને (विष्भ्य) ફેલાવી રાખેલ છે.

# (અધ્યાય–૧૧)
# વિશ્વરૂપ દર્શન યોગ

## પરિચય

આસ્તિકનો વિશ્વાસ છે કે ઈશ્વર, સ્વર્ગ, નર્ક, ફરિશ્તાઓ આ સૌનું અસ્તિત્વ છે. પરંતુ જ્યારે નાસ્તિક કહેશે કે આ બધી કાલ્પનિક વાતો છે, આનું હોવાનું કોઈ પ્રમાણ નથી, તો આસ્તિક ચૂપ થઈ જાય છે; કેમ કે ઈશ્વર, સ્વર્ગ, નર્ક અને ફરિશ્તાઓના અસ્તિત્વનું પ્રમાણ આપવું એક સાધારણ વ્યક્તિ માટે ખૂબ મુશ્કેલ છે. પરંતુ આ અધ્યાય દ્વારા કોઈ પણ શ્રદ્ધાળુ નાસ્તિકને ચૂપ કરી શકે છે.

આ અધ્યાયમાં જે કંઈ લખેલું છે તેના સાચા હોવાનું પ્રમાણ આ પ્રમાણે છે :

ડિસેમ્બર ૩૦, ૧૯૨૪ના દિવસે Edwin Hubble એ શોધી કાઢ્યું કે (Spiral nebula Andromeda એક આકાશગંગા છે, અને ૧૯૯૦માં Hubble space Telescope દ્વારા પહેલી વાર આકાશ-ગંગાને ચોખ્ખી રીતે દેખવામાં આવી. અર્થાત્ ૧૯૦૦ પહેલાં કોઈને ભ્રમણ કરતી આકાશગંગાની કલ્પના સુદ્ધાં ન હતી. પરંતુ અર્જુને દ્વાપર યુગમાં પોતાની આંખોથી મુગટની જેમ ચમકતા ધૂમકેતુને ભ્રમણ કરતો અને તારાઓને જોયા.(ભગવદ્ ગીતા, ૧૧.૭)

તો જેણે દ્વાપરયુગમાં ભ્રમણ કરતી આકાશગંગાને જોઈ, જે આજે સત્ય સાબિત થયું, તો અર્જુને ઈશ્વરના તેજ અને અનેક પ્રકારના દેવતાઓ (ફરિશ્તાઓ)નું જે વર્ણન કર્યું, શું તે માત્ર કલ્પના હોઈ શકે છે? કદાપિ નહીં. તે પણ સત્ય છે. ઈશ્વરનું અસ્તિત્વ છે, અને તેનું તેજ હજારો સૂર્યથી વધારે છે. દેવતાઓ (ફરિશ્તાઓ)નું અસ્તિત્વ છે, અને આને જ સાચું માનવું અન્ય લોકમાં શ્રદ્ધા રાખવું છે. આપણે મૃત્યુ પછી એ જ લોકમાં જઈશું અને એ જ લોકમાં સ્વર્ગ અને નર્ક છે, જ્યાં આપણે હંમેશા રહેવાનું છે.

## સારાંશ

- શ્લોક નં. ૧૧.૧-૧૧.૪ માં અર્જુને શ્રી કૃષ્ણજીને ઈશ્વરની દિવ્ય રચનાને જોવાની વિનંતી કરી.
- શ્લોક નં. ૧૧.૫-૧૧.૭ માં ઈશ્વરે અર્જુનની વિનંતીનો સ્વીકાર કરીને કેટલીક દિવ્ય રચનાઓ બતાવી.
- શ્લોક નં. ૧૧.૮-૧૧.૯ માં ઈશ્વરે કહ્યું કે બીજી રચનાઓ તમે સાધારણ આંખોથી નથી જોઈ શકતા, તેથી ઈશ્વરે અર્જુનને દિવ્ય દૃષ્ટિ પ્રદાન કરી હતી.
- શ્લોક નં. ૧૧.૧૦-૧૧.૧૧ માં અર્જુને અનેક પ્રકારના દેવતાઓ (ફરિશ્તાઓ)ને જોયા.
- શ્લોક નં. ૧૧.૧૨ માં અર્જુન દ્વારા ઈશ્વરના તેજને જોવાનું વર્ણન છે.
- શ્લોક નં.૧૧.૧૩ થી ૧૧.૨૨ સુધી અર્જુન દ્વારા ઈશ્વરની પ્રશંસા કરવાનું વર્ણન છે.

● શ્લોક નં. ૧૧.૨૩ માં અર્જુન દ્વારા યમરાજને જોવાનું વર્ણન છે.

● શ્લોક નં. ૧૧.૨૪ થી ૧૧.૩૧ સુધી યમરાજના ભયાનક વ્યક્તિત્વનું વર્ણન છે.

● શ્લોક નં. ૧૧.૩૨ માં યમરાજે પોતાનો પરિચય આપ્યો અને અર્જુનને યુદ્ધ લડવા માટે પ્રેરિત કર્યા.

● શ્લોક નં. ૧૧.૩૫ થી ૧૧.૪૦ સુધી અર્જુન દ્વારા ઈશ્વરની પ્રશંસા કરવાનું વર્ણન છે.

● શ્લોક નં. ૧૧.૪૧ થી ૧૧.૪૪ સુધી અર્જુને ઈશ્વરથી એ વાતો માટે ક્ષમા માંગી, જે ભૂલચૂક તેમનાથી શ્રી કૃષ્ણજી પ્રતિ થઈ હતી.

● શ્લોક નં. ૧૧.૪૫ થી ૧૧.૪૭ માં અર્જુન ફરી ઈશ્વરની દિવ્ય રચનાઓને જોવાની વિનંતી કરે છે.

● શ્લોક નં. ૧૧.૪૭ થી ૧૧.૫૦ માં ઈશ્વર દ્વારા અર્જુનને સાંત્વના આપવાનું વર્ણન છે.

● શ્લોક નં. ૧૧.૫૪-૧૧.૫૫ માં ઈશ્વર દ્વારા અર્જુનને મહત્ત્વપૂર્ણ ઉપદેશનું વર્ણન છે.

## અધ્યાય

**ઈશ્વરની દિવ્ય રચનાઓ જોવા માટે અર્જુનની વિનંતી**

### ૧૧.૧

**अर्जुन उवाच,**
**मत्-अनुग्रहाय परमम् गुह्यम् अधात्म संज्ञितम् ।**
**यत् त्वया उक्तम् वचः तेन मोहः अयम् विगतः मम ।।१।।**

અર્જુને (શ્રી કૃષ્ણજીને કહ્યું), મારા પર કૃપા કરીને, મહાન ગુપ્ત (અને) દિવ્ય જ્ઞાન, જે તમારા દ્વારા (મને) કહેવામાં આવ્યું, તેનાથી મારા એ બધા ભ્રમ દૂર થઈ ગયા.

(अर्जुन उवाच) અર્જુને (શ્રી કૃષ્ણજીને કહ્યું), (मत) મારા પર (अनुग्रहम्) કૃપા કરીને, (परमम्) મહાન (गुह्यम) ગુપ્ત (અને) (अध्यात्म संज्ञितम्) દિવ્ય જ્ઞાન, (यत) જે (त्वया) તમારા દ્વારા (उक्तम्) (મને) કહેવામાં આવ્યું, (तेन) તેનાથી (मम) મારા (अयम्) એ બધા (मोहः) ભ્રમ (विगतः) દૂર થઈ ગયા.

### ૧૧.૨

**भव अप्ययौ हि भूतानाम् श्रुतौ विस्तरशः मया ।**
**त्वत्तः कमल-पत्र-अक्ष माहात्म्यम् अपि च अव्ययम् ।।२।।**

હે કમળના પર્ણો સમાન આંખોવાળા (કૃષ્ણ)! નિઃસંદેહ મેં તમારા પાસેથી પ્રાણીઓના જીવન (અને) મૃત્યુ (વિશે) વિસ્તારથી સાંભળ્યું, અને અવિનાશી (અને) મહાન ઈશ્વર (વિશે) પણ.

(कमल) હે કમળના (पत्र) પર્ણો સમાન (अक्ष) આંખોવાળા (कृष्ण)! (हि) નિઃસંદેહ (मया) મેં (त्वम) તમારા પાસેથી (भूतानाम्) પ્રાણીઓના (भव) જીવન (अप्ययौ) (અને) મૃત્યુ (વિશે) (विस्तरशः) વિસ્તારથી (श्रुतौ) સાંભળ્યું, (च) અને (अव्ययम्) અવિનાશી (અને) (महात्म्यम्) મહાન ઈશ્વર (વિશે) (अपि) પણ.

## ૧૧.૩

**एवम् एतत् यथा आत्य त्वम् आत्मानाम् परम-ईश्वर ।**
**द्रष्टुम् इच्छामि ते रुपम् ऐश्वरम् पुरुष-उत्तम ।।३।।**

હે મહાપુરુષ (શ્રી કૃષ્ણ) ! જે રીતે સ્વયં તમે ઈશ્વર (ની) મહાનતા (નું પ્રમાણ આપવા) આ (ઈશ્વરની દિવ્ય સાંસારિક નિર્માણ) (વિશે) કહ્યું, એ જ રીતે (હું) તમારાથી ઈશ્વર (ની) આધ્યાત્મિક રચનાને જોવાનો ઈચ્છુક છું.

(पुरुष-उत्तम) હે મહાપુરુષ (શ્રી કૃષ્ણ) ! (यथा) જે રીતે (आत्मानम्) સ્વયં (त्वम्) તમે (ईश्वरम्) ઈશ્વર (ની) (परम) મહાનતા (નું પ્રમાણ આપવા) (एतत) આ (ઈશ્વરની દિવ્ય સાંસારિક નિર્માણ) (आत्थ) (વિશે) કહ્યું, (एवम्) એ જ રીતે (હું) (ते) તમારાથી (ऐश्वरम्) ઈશ્વર (ની) (रुपम) આધ્યાત્મિક રચનાને (द्रष्टुम्) જોવાનો (इच्छामि) ઈચ્છુક છું.

## ૧૧.૪

**मन्यसे यदि तत् शक्यम् मया द्रष्टुम् इति प्रभो ।**
**योग-ईश्वरः ततः मे त्वम् दर्शय आत्मानाम् अव्ययम् ।।४।।**

હે યોગેશ્વર ! જો તમે વિચારો છો કે મારા (માટે) ઈશ્વર (ની આધ્યાત્મિક રચનાને) જોવાનું સંભવ છે, તો સ્વયં તમે મને એ અવિનાશી (ઈશ્વરની મહાન આધ્યાત્મિક રચનાઓને) બતાવો.

(योग ईश्वर) હે યોગેશ્વર ! (यदि) જો (मन्यसे) તમે વિચારો છો કે (मया) મારા (માટે) (प्रभो) ઈશ્વર (ની આધ્યાત્મિક રચનાને) (द्रष्टुम्) જોવાનું (शक्यम्) સંભવ છે, તો (आत्मानाम्) સ્વયં (त्वम्) તમે (मे) મને (तत्) એ (अव्ययम्) અવિનાશી (ઈશ્વરની મહાન આધ્યાત્મિક રચનાઓને) (दर्शय) બતાવો.

### ઈશ્વરે પોતાની દિવ્ય રચનાઓ અર્જુનને બતાવી

## ૧૧.૫

**पश्य मे पार्थ रूपाणि शतशः अथ सहस्त्रशः ।**
**नाना-विधानि दिव्यानि नाना वर्ण आकृतीनि च ।।५।।**

ઈશ્વરે (શ્રી કૃષ્ણજીના માધ્યમથી) કહ્યું, હે અર્જુન ! હવે મારા અલગ-અલગ રંગ અને અલગ-અલગ પ્રકારની દિવ્ય આકારના સેંકડો (અને) હજારો મહાન રચનાઓને જુઓ.

(श्री भगवान उवाच) ઈશ્વરે (શ્રી કૃષ્ણજીના માધ્યમથી) કહ્યું, (पार्थ) હે અર્જુન ! (अथ) હવે (मे) મારા (नाना) અલગ-અલગ (वर्ण) રંગ (च) અને (नाना) અલગ-અલગ (विधानि) પ્રકારની (दिव्यानि) દિવ્ય (आकृतीनि) આકારના (शतशः) સેંકડો (सहस्त्रशः) (અને) હજારો (रुपाणि) મહાન રચનાઓને (परम) જુઓ.

---

**નોંધ ૧૧.૩ :** '**रुप**' નો અર્થ હિન્દી ભાષામાં '**आकार**' (આકાર) છે. પરંતુ આ વેબસાઈટ પર '**रुप**'ના ૪૫ અર્થ બતાવવામાં આવ્યા છે. તો આનો અર્થ '**आकार**' (આકાર) સિવાય પણ બીજા પણ ઘણા થાય છે. ઈશ્વરચંદે પોતાના શબ્દકોષના પૃ.નં.૭૮૮ પર '**रुपम**'નો અર્થ અલંકારિક વર્ણન લખ્યું છે. શ્લોક નં. ૧૧.૪૩ માં ઈશ્વરને અપ્રતિમ કહેવામાં આવેલ છે, અર્થાત્ જેની કોઈ પ્રતિમા નથી અથવા આકાર નથી. શ્લોક નં. ૧૧.૬ માં ઈશ્વરે પોતાને બતાવવાના બદલે પોતાની દિવ્ય રચનાઓને બતાવી. આ કારણસર આપણે આ શબ્દનો અર્થ 'દિવ્ય રચના' જ લઈશું.

## ૧૧.૬

**पश्य आदित्यान् वसून् रुद्रान् अश्विनौ मरुतः तथा ।**
**बहूनि अदृष्ट पूर्वाणि पश्य आश्चर्याणि भारत ।।६।।**

હે ભારત (અર્જુન) ! જુઓ, સૂર્યને નિયંત્રણ કરવાવાળા દેવતા આદિત્યને. જળને નિયંત્રણ કરવાવાળા દેવતા વસૂના, ઘોડાના દેવતા અશ્વિનને. વાયુને નિયંત્રણ કરવાવાળા દેવતા મરુતને. રૂદ્ર (તથા), જુઓ ઘણાબધા આશ્ચર્યજનક વસ્તુઓ, (જેને પહેલા ક્યારેય નથી) જોવામાં આવી.

(ભારત) હે ભારત (અર્જુન) ! (પશ્ય) જુઓ, (आदित्यान) સૂર્યને નિયંત્રણ કરવાવાળા દેવતા આદિત્યને. (वसून) જળને નિયંત્રણ કરવાવાળા દેવતા વસૂના, (अश्विनौ) ઘોડાના દેવતા અશ્વિનને. (मरुत) વાયુને નિયંત્રણ કરવાવાળા દેવતા મરુતને. (रुद्रान) રૂદ્ર (તથા), (पश्य) જુઓ (बहुनि) ઘણાબધા (आश्चर्याणि) આશ્ચર્યજનક વસ્તુઓ, (पूर्वाणि) (જેને પહેલા ક્યારેય નથી) જોવામાં આવી.

## ૧૧.૭

**इह एक-स्थम् जगत् कृत्स्नम् पश्य अद्य स चर अचरम् ।**
**मम देह गुडाकेश यत् च अन्यत् द्रष्टुम इच्छति ।।७।।**

હે અર્જુન ! હવે આ એક સ્થાનથી સમગ્ર જગતને, જીવિત પ્રાણી, (અને) નિર્જીવની સાથે જુઓ, અને મારા તેજ (દ્વારા) જે કંઈ બીજી (વસ્તુઓ જોવાની) ઈચ્છા છે (એ સૌને પણ) જુઓ.

(गुडाकेश) હે અર્જુન ! (अद्य) હવે (इह) આ (एक) એક (स्थम) સ્થાનથી (कृत्स्नम्) સમગ્ર (जगत) જગતને, (चर) જીવિત પ્રાણી, (अचरम्) (અને) નિર્જીવ (स) ની સાથે (पश्य) જુઓ, (च) અને (च) મારા તેજ (દ્વારા) (यत) જે કંઈ (अन्यत) બીજી (વસ્તુઓ જોવાની) (इच्छसि) ઈચ્છા છે (दृष्टुम) (એ સૌને પણ) જુઓ.

### ઈશ્વરે અર્જુનને દિવ્ય દષ્ટિ પ્રદાન કરી

## ૧૧.૮

**न तु माम् शक्यसे द्रष्टुम् अनेन एव स्व-चक्षुषा ।**
**दिव्यम् ददामि ते चक्षुः पश्य मे योगम् एश्वरम् ।।८।।**

પરંતુ, નિઃસંદેહ મને આ (તમારી) પોતાની (સાધારણ) આંખોથી જોવું સંભવ નથી. મારાથી જોડાયેલ દિવ્ય રચનાઓને જોવા માટે (હું) તમને દિવ્ય આંખો આપી રહ્યો છું.

(तु) પરંતુ, (एव) નિઃસંદેહ (माम) મને (अनेन) આ (स्व) (તમારી) પોતાની (चक्षुषा) (સાધારણ) આંખોથી (दृष्टुम) જોવું (शक्यसे) સંભવ (न) નથી. (मे) મારાથી (योग) જોડાયેલ (ऐश्वरम्) દિવ્ય રચનાઓને (पश्य) જોવા માટે (હું) (ते) તમને (दिव्यम्) દિવ્ય (चक्षुः) આંખો (ददामि) આપી રહ્યો છું.

---

નોંધ ૧૧.૭ : ઈશ્વરચંદે પોતાના શબ્દ-કોષમાં 'देह'નો અર્થ – ૧) શરીર, ૨) રૂપ, ૩) જ્યોતિ, ૪) લગનનું સ્થાન લખેલ છે. શ્લોક નં. ૧૧.૪૩ અનુસાર ઈશ્વર અપ્રતિમ છે. આ કારણસર 'देह'નો અર્થ આપણે આ શ્લોકમાં જ્યોતિ કે તેજ લઈશું.

## ૧૧.૯

**एवम् उक्त्वा ततः राजन् महा-योग-ईश्वर हरिः ।**
**दर्शयामास पार्थाय परमम् रुपम् ऐश्वरम् ।।९।।**

સંજયે કહ્યું, હે રાજન (ધૃતરાષ્ટ્ર) ! આ રીતે કહેતાં યોગ-ઈશ્વર મહાન શ્રી કૃષ્ણના સ્થાનથી એ (ઈશ્વરે) પાર્થ (અર્જુન)ને ઈશ્વર દ્વારા નિર્માણ કરવામાં આવેલ મહાન રચનાઓને બતાવી.

(संजय उवाच) સંજયે કહ્યું, (राजन) હે રાજન (ધૃતરાષ્ટ્ર) ! (एवम्) આ રીતે (उक्त्वा) કહેતાં (योग-ईश्वर) યોગેશ્વર (महा) મહાન (हरिः) શ્રી કૃષ્ણ (आस) ના સ્થાનથી (तत) એ (ઈશ્વરે) (पार्थ) પાર્થ (અર્જુન)ને (ऐश्वरम्) ઈશ્વર દ્વારા નિર્માણ કરવામાં આવેલ (परमम्) મહાન (रुपम) રચનાઓને (दर्शयामास) બતાવી.

## ૧૧.૧૦

**अनेक वक्त्र नयनम् अनेक अद्बुत दर्शनम् ।**
**अनेक दिव्य आभरणाम् दिव्य अनेक उद्यत आयुधम् ।।१०।।**

(અર્જુને દેવતાઓને જોયા) અનેક ચહેરાઓવાળા, અનેક આંખોવાળા, અદ્ભુત દશ્ય હતું. અનેક (દેવતાઓ) દિવ્ય વસ્ત્ર પહેરેલા હતા. અનેક દેવતાઓ દિવ્ય શસ્ત્રો લીધેલા હતા.

(અર્જુને દેવતાઓને જોયા) (अनेक) અનેક (वस्त्र) ચહેરાઓવાળા, (अनेक) અનેક (नयनम्) આંખોવાળા, (अद्बुत दर्शनम्) અદ્ભુત દશ્ય હતું. (अनेक) અનેક (देवता) (દેવતાઓ) (दिव्य आभरणम्) દિવ્ય વસ્ત્ર પહેરેલા હતા. (अनेक) અનેક દેવતાઓ (दिव्य) દિવ્ય (आयुधम्) શસ્ત્રો (उद्यत) લીધેલા હતા.

## ૧૧.૧૧

**दिव्य माल्य अम्बर धरम् दिव्य गन्ध अनुलेपनम् ।**
**सर्व आश्चर्य-मयम् देवम् अनन्तम् विश्वतः-मुखम् ।।११।।**

(અનેક દેવતાઓ) અંબરની માળા ધારણ કરેલા હતા. (ઘણા દેવતાઓ) દિવ્ય સુગંધ લગાવેલા હતા. દરેક બાજુ અનંત (દેવતાઓ હતા). દરેક વસ્તુ અદ્ભુત હતી.

(અનેક દેવતાઓ) (अम्बर) અંબરની (माल्य) માળા (धरम) ધારણ કરેલા હતા. (दिव्य गन्ध) (ઘણા દેવતાઓ) દિવ્ય સુગંધ (अनुलेपनम्) લગાવેલા હતા. (विश्वतः मुखम) દરેક બાજુ (अनन्तम्) અનંત (દેવતાઓ હતા). (सर्व आश्चर्यमयम्) દરેક વસ્તુ અદ્ભુત હતી.

---

**નોંધ ૧૧.૧૦ :** પવિત્ર કુર્આનમાં ફરિશ્તાઓ વિશે નીચે મુજબની આયતો છે : ''સર્વ પ્રશંસા ઈશ્વર માટે છે, જે આકાશો અને ધરતીને પેદા કરવાવાળો, ફરિશ્તાઓને સંદેશવાહક નિયુક્ત કરવાવાળો છે, જેમની બબ્બે અને ત્રણ-ત્રણ અને ચાર-ચાર પાંખો છે. તેઓ સૃષ્ટિ-રચનામાં જે વસ્તુ ઇચ્છે છે વધારી દે (રચના કરે) છે. નિઃસંદેહ, ઈશ્વરને દરેક વસ્તુનું સામર્થ્ય પ્રાપ્ત છે.'' (સૂરઃ ફાતિર, ૩૫, આયત ૧)

### ઈશ્વરનું તેજ

## ૧૧.૧૨

**दिवि सूर्य सहस्त्रस्य भवेत् युगपत् उत्थिता ।**
**यदि भाः सदृशी सा स्यात् भासः तस्य महात्मनः ।।१२।।**

(એ સમયે અર્જુને ઈશ્વરના તેજને જોયું. તે એવું હતું કે) જો આકશમાં હજારો સૂર્ય એક સાથે ઉદય થાય તો તેમનું તેજ એ મહાન ઈશ્વરના તેજના બરાબર થઈ જાય.

(એ સમયે અર્જુને ઈશ્વરના તેજને જોયું. તે એવું હતું કે) (यदि) જો (दिवि) આકશમાં (सहस्त्रस्य) હજારો (सूर्य) સૂર્ય (युगपत्) એક સાથે (उत्थिता) ઉદય થાય તો તેમનું (भाः) તેજ (तस्य) એ (महात्मनः) મહાન ઈશ્વરના (भासः) તેજના (सदृशी) બરાબર (स्यात्) થઈ જાય.

### અર્જુને ઈશ્વરની પ્રશંસા કરી

## ૧૧.૧૩

**तत्र एक-स्थम् जगत् कृत्स्नम् प्रविभक्तम् अनेकधा ।**
**अपश्यत् देव-देवस्य शरीरे पाण्डवः तदा ।।१३।।**

એ સમયે અર્જુને એવું જોયું કે ત્યાં (એક સ્થાન પર) સમગ્ર જગત વિભાજિત થઈ રહ્યું છે (નિર્માણ પામી રહ્યું છે) અનેક પ્રકારમાં. દેવતાઓના ઈશ્વર (ની) દૈવી શક્તિ અને ઘટક તત્ત્વથી.

(तदा) એ સમયે (पाण्डव) અર્જુને (अपश्यत्) એવું જોયું કે (तत्र) ત્યાં (एक स्थम्) (એક સ્થાન પર) (कत्स्नम्) સમગ્ર (जगत्) જગત (प्रविभक्तम्) વિભાજિત થઈ રહ્યું છે (નિર્માણ પામી રહ્યું છે) (अनेकधा) અનેક પ્રકારમાં. (देव-देवस्य) દેવતાઓના ઈશ્વર (ની) (शरीरे) દૈવી શક્તિ અને ઘટક તત્ત્વથી.

---

**નોંધ ૧૧.૧૨ :** પયગંબર મૂસા (અલૈ.)એ જેમણે ઈશ્વરના તેજને જોયું હતું, તેનું વર્ણન પવિત્ર કુર્આનમાં આ પ્રમાણે છે : ''અને જ્યારે મૂસા અમારા (ઈશ્વરના) નિશ્ચિત કરેલ સમય પર (પર્વતના શીખર પર) પહોંચ્યા અને તેના ઈશ્વરે તેનાથી વાતચીત કરી, તો તે (મૂસા) કહેવા લાગ્યા, ''હે ઈશ્વર ! મને (પોતાનું તેજ) બતાવ, હું તને જોઉં.'' ઈશ્વર કહ્યું, ''તમે મને નથી જોઈ શકતા. હા, (એ) પર્વત તરફ જો. જો તે પોતાના સ્થાન પર સ્થિર રહે, તો તમે મને જોઈ લેશો.'' પછી જ્યારે ઈશ્વર (નું તેજ) પર્વત પર આલોકિત થયું તો તેને ચૂરેચૂરા કરી નાખ્યો, અને મૂસા બેભાન થઈને પડી ગયા. જ્યારે ભાન આવ્યું તો કહ્યું - મહિમા તારી ! હું તારા સમક્ષ તૌબા (પ્રાયશ્ચિત) કરું છું અને સૌથી પહેલો ઈમાન લાવવાવાળો હું છું.'' (સૂરઃ અલ-આ'રાફ, ૬, આયત ૧૪૩)
એક અન્ય આયત આ પ્રમાણે છે :
''(હે યહૂદી સમુદાય !) યાદ કરો જ્યારે તમે મૂસાને કહ્યું હતું કે અમે તમારા કહેવાનો કદાપિ વિશ્વાસ કરીશું નહીં, જ્યાં સુધી કે અમારી આંખોથી ખુલ્લી રીતે ઈશ્વરને ન જોઈ લઈએ. તે વખતે તમારા જોત-જોતામાં એક જબરજસ્ત કડાકાએ તમને ઝડપી લીધા. તમે બેહોશ થઈને પડી ચૂક્યા હતા, પરંતુ પછી અમે તમને જીવંત કરીને ઉઠાડ્યા. કદાચ કે આ ઉપકાર પછી તમે કૃતજ્ઞ બની જાઓ.'' (પવિત્ર કુર્આન, સુરઃ અલ-બકરહ, ૨, આયત ૫૫-૫૬)

---

**નોંધ ૧૧.૧૩ :** ઈશ્વરચંદે પોતાના સંસ્કૃત શબ્દ-કોષમાં **'शरीर'** નો અર્થ નીચે મુજબ લખ્યો છે :

૧. **'संघटक तत्त्व'** - ઘટક તત્ત્વ (Constituent elements)
૨. **'दैहिक शक्ति'** - શરીરની આંતરિક શક્તિ (Internal power)

આ કારણસર અમે આ અર્થને શ્લોક નં. ૧૧.૧૩ ના અનુવાદમાં લીધો છે.

## ૧૧.૧૪

**ततः सः विस्मय-आविष्ट हृष्ट-रोमा धनञ्जय ।**
**प्रणम्य शिरसा देवम् कृत-अञ्जलिः अभाषतः ।।१४।।**

આશ્ચર્ય સાથે, આનંદ (ખુશી)થી ભરેલ, રોમાંચિત અર્જુને એ ઈશ્વરને પ્રણામ કર્યા, (અને) હાથ જોડીને કહેવા લાગ્યા.

(विस्मय) આશ્ચર્ય (सः) સાથે, (आविष्ट) આનંદ (ખુશી)થી ભરેલ, (हृष्ट-रोमा) રોમાંચિત (धनञ्जय) અર્જુને (तत) એ (देवम्) ઈશ્વરને (प्रणम्य) પ્રણામ કર્યા, (અને) (कृत-अञ्जलिः) હાથ જોડીને (अभाषत) કહેવા લાગ્યા.

## ૧૧.૧૫

**पश्यामि देवान् तव देव देहे सर्वान् तथा भूत विशेष-सङ्धान् ।**
**ब्रह्माणम् ईशम् कमल-आसन-स्थम् ऋषीन् च सर्वान् उरगान् च दिव्यान् ।।१५।।**

અર્જુને કહ્યું, હે ઈશ્વર ! તમારા તેજમાં (હું) તમામ દેવતાઓને અને પ્રાણીઓને અને વિશેષરૂપે બ્રહ્માજી (અને) શંકરજી (ને) એક સાથે કમળના ફૂલ પર બેસેલા જોઈ રહ્યો છું, અને બધા ઋષિઓને, અને દિવ્ય સર્પોને (પણ જોઈ રહ્યો છું).

નોંધ : 'देह'નો અર્થ અને વર્ણન શ્લોક નં. ૧૧.૭ની નોંધમાં છે.

(अर्जुन उवाच) અર્જુને કહ્યું, (देव) હે ઈશ્વર ! (तव) તમારા (देहे) તેજમાં (सर्वान्) (હું) તમામ (देवान्) દેવતાઓને (तथा) અને (भुत) પ્રાણીઓને અને (विशेष) વિશેષરૂપે (बह्माणम्) બ્રહ્માજી (અને) (ईशम्) શંકરજી (ને) (सङ्धान) એક સાથે (कमल-आसन-स्थम्) કમળના ફૂલ પર બેસેલા (पश्यामि) જોઈ રહ્યો છું, (च) અને (सर्वम्) બધા (ऋषीन्) ઋષિઓને, (च) અને (दिव्यान्) દિવ્ય (उरगान्) સર્પોને (પણ જોઈ રહ્યો છું).

## ૧૧.૧૬

**अनेक बाहु उदर वक्त्र नेत्रम् पश्यामि त्वाम् सर्वतः अनन्त-रूपम् ।**
**न अन्तम् न मध्यम् न पुनः तव आदिम् पश्यामि विश्व-ईशवर विश्वरुप ।।१६।।**

(હે ઈશ્વર !) તમારી અનન્ય દિવ્ય રચનાઓને જોઈ રહ્યો છું, (અને) તમામ (દેવતાઓને જોઈ રહ્યો છું, જેમના) ઘણા હાથ છે, પેટ છે, ચહેરાઓ છે, આંખો

(त्वाम्) (હે ઈશ્વર !) તમારી (अनन्त-रुपम्) અનન્ય દિવ્ય રચનાઓને (पश्यामि) જોઈ રહ્યો છું, (सर्वतः) (અને) તમામ (દેવતાઓને જોઈ રહ્યો છું, જેમના) (अनेक) ઘણા (बाहु) હાથ છે, (उदर) પેટ છે, (वक्त्र) ચહેરાઓ છે, (नेत्रम्) આંખો છે. (विश्व ईश्वर) હે

**નોંધ ૧૧.૧૫ :** પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.) જ્યારે ધરતીથી સ્વર્ગની યાત્રા માટે ગયા હતા, તો તેમણે પણ સ્વર્ગમાં પયગંબર ઇબ્રાહીમ (અલૈ.) અને પયગંબર આદમ (અલૈ.)ને જોયા હતા.

અથર્વવેદ (પુરુષમેધા : ૧૦-૨-૨૬) માં પયગંબર ઇબ્રાહીમને બ્રહ્મા કહેલ છે (બ્રહ્મા એ એક પદ છે), અને શંકરજી અને પયગંબર આદમમાં ઘણી સમાનતાઓ છે, જે તમે પર નીચેની લિંક પર જોઈ શકો છો :

(https://youtu.be/ff.J4R-Hkwy) (Similarity between Shankarji and Prophet Adam)

છે. હે જગતના ઈશ્વર ! જેણે આ બ્રહ્માંડને રૂપ પ્રદાન કર્યું, ન (હું તમારા) આરંભ (ને), ન મધ્ય (ને), ન અંતને જોઈ રહ્યો છું.

જગતના ઈશ્વર ! જેણે આ બ્રહ્માંડને રૂપ પ્રદાન કર્યું, (न) ન (હું તમારા) (आदिम) આરંભ (ને), (न मध्यम) ન મધ્ય (ને), (न अन्तम) ન અંતને (पश्चाम्) જોઈ રહ્યો છું.

## ૧૧.૧૭

**किरीटिनम् गदिनम् चक्रिणम् त तेजः राशिम् सर्वतः दीप्ति-मन्तम् ।**
**पश्यामि त्वाम् दुर्निरीक्ष्यम् समन्तात् दीप्त-अनल अर्क द्युतिम् अप्रमेयम् ।।१७।।**

(હે ઈશ્વર હું) મુગટ (સમાન) ચમકતા ધૂમકેતુ, ભ્રમણ કરતી આકાશગંગા, (અને) તારાઓ (ને) દરેક બાજુ (જોઈ રહ્યો છું). (હે ઈશ્વર ! હું) તમારા અનંત તેજને દરેક દિશામાં જોઈ રહ્યો છું, (જાણે) ભડકતી આગ ! (જેને) સૂર્યના તેજ (ની જેમ) જોવું કઠિન છે.

(હે ઈશ્વર હું) (किरीटिनम्) મુગટ (સમાન) (दीप्ति-मनतम्) ચમકતા (गदिनम्) ધૂમકેતુ, (चक्रिणम्) ભ્રમણ કરતી આકાશગંગા, (राशिम्) (અને) તારાઓ (ને) (सर्वत) દરેક બાજુ (જોઈ રહ્યો છું). (त्वाम) (હે ઈશ્વર ! હું) તમારા (अप्रमेयम्) અનંત (तेजः) તેજને (समन्तात्) દરેક દિશામાં (पश्यामि) જોઈ રહ્યો છું, (જાણે) (दीप्त-अनल) ભડકતી આગ ! (अर्क-द्युतिम्) (જેને) સૂર્યના તેજ (ની જેમ) (दुर्निरीक्ष्यम्) જોવું કઠિન છે.

### ઈશ્વરની મહાનતાનું વર્ણન

## ૧૧.૧૮

**त्वम् अक्षरम् परमम् वेदितव्यम् त्वम् अस्य विश्वस्य परम् निधानम् ।**
**त्वम् अव्ययः शाश्वत-धर्म-गोप्ता सनातनः त्वम् पुरुषः मतः मे ।।१८।।**

(હે ઈશ્વર !) તમે અવિનાશી છો, સૌથી મહાન છો, (અને) જાણવા યોગ્ય છો. (હે ઈશ્વર !) તમે જ આ બ્રહ્માંડનું સૌથી મહાન શરણ છો. (હે ઈશ્વર !) તમે હંમેશા રહેવાવાળા છો. શાશ્વત ધર્મ (સનાતન ધર્મ)ના રક્ષક છો. તમારું વ્યક્તિત્વ સનાતન (ન બદલાવાવાળું છે) એવી મારી શ્રદ્ધા છે.

(एवम्) (હે ઈશ્વર !) તમે (अक्षरम्) અવિનાશી છો, (परमम्) સૌથી મહાન છો, (અને) (वेदितव्यम्) જાણવા યોગ્ય છો. (त्वम् ) (હે ઈશ્વર !) તમે જ (अस्य) આ (विश्वस्य) બ્રહ્માંડનું (परम् विधानम्) સૌથી મહાન શરણ છો. (त्वम्) (હે ઈશ્વર !) તમે (अव्ययः) હંમેશા રહેવાવાળા છો. (शाश्वत-धर्म) શાશ્વત ધર્મ (સનાતન ધર્મ)ના (गोप्ता) રક્ષક છો. (पुरुषः) તમારું વ્યક્તિત્વ (सनातन) સનાતન (ન બદલાવાવાળું છે) (मतः मे) એવી મારી શ્રદ્ધા છે.

---

નોંધ ૧૧.૧૭ : આ શ્લોકમાં અર્જુનનું ભ્રમણ કરતી આકાશગંગાને જોવાનું વર્ણન છે. દ્વાપરયુગમાં પોતાની નરી આંખોથી આકાશગંગાને જોવું એક ચમતકાર છે, અને આ પુસ્તકનું ઈશ્વર તરફથી અવતરિત હોવાનું પ્રમાણ છે.

## ૧૧.૧૯

**अनादि मध्य अन्तम् अनन्त वीर्यम् अनन्त बाहुम् शशि सूर्य नेत्रम् ।**
**पश्यामि त्वाम् दीप्त हुताश-वक्त्रम् स्व-तेजसा विश्वम् इदम् तपन्तम् ।।१९।।**

(હે ઈશ્વર !) તમે વગર આરંભના, મધ્ય (અને) અન્ત (ના છો). (હે ઈશ્વર ! તમે સૌથી) શક્તિશાળી છો, (હે ઈશ્વર ! સર્વસ્વ તમારી પકડમાં છે (તમારા કાબૂમાં છે). સૂર્ય અને ચંદ્ર તમારી આંખોના સ્વરૂપે છે (તમે બધું જ જુઓ છો). (હે ઈશ્વર !) હું જોઈ રહ્યો છું આ બ્રાહ્મણ તમારા મુખ (અસ્તિત્વ)થી નીળવાવાળી ગરમી અને તેજથી સક્રિય છે.

(त्वाम्) (હે ઈશ્વર !) તમે (अनादि) વગર આરંભના, (मध्य) મધ્ય (अनन्त) (અને) અન્ત (ના છો). (अनन्त वीर्यम) (હે ઈશ્વર ! તમે સૌથી) શક્તિશાળી છો, (अनन्त बाहुम्) (હે ઈશ્વર ! સર્વસ્વ તમારી પકડમાં છે (તમારા કાબૂમાં છે). (शशि सूर्य नेत्रम्) સૂર્ય અને ચંદ્ર તમારી આંખોના સ્વરૂપે છે (તમે બધું જ જુઓ છો). (पश्यामि) (હે ઈશ્વર !) હું જોઈ રહ્યો છું (इदम्) આ બ્રાહ્મણ (स्व) તમારા (दीप्त हुताश-वक्त्रम्) મુખ (અસ્તિત્વ)થી નીળવાવાળી ગરમી અને (तेजसा) તેજથી (तपन्तम्) સક્રિય છે.

## ૧૧.૨૦

**द्यौ आ-पृथिव्योः इदम् अन्तरम् हि व्याप्तम् त्वया एकेन दिशः च सर्वाः ।**
**दृष्टवा अद्धुतम् रुपम् इदम् तव उग्रम् लोक त्रयम् प्रव्यथितम् महा-आत्मन् ।।२०।।**

હે મહાન ઈશ્વર ! નિઃસંદેહ, આકાશથી ધરતી સુધી અને આ બંનેની વચ્ચે અને દરેક દિશામાં એક એકલા તમારું જ અસ્તિત્વ છવાયેલું છે. તમારી આ તીવ્ર (અને) અદ્ભુત સ્થિતિને જોઈને ત્રણેય લોક વ્યાકુળ છે.

(महा आत्मन) હે મહાન ઈશ્વર ! (हि) નિઃસંદેહ, (द्यौ आ-पृथिव्योः) આકાશથી ધરતી સુધી (इदम् अन्तरम्) અને આ બંનેની વચ્ચે (च) અને (सर्वाः) દરેક દિશામાં (त्वया एकेन) એક એકલા તમારું જ (व्याप्तम्) અસ્તિત્વ છવાયેલું છે. (तव) તમારી (इदम) આ (उग्रम) તીવ્ર (અને) (अद्धुतम् रुपम्) અદ્ભુત સ્થિતિને (दृष्टवा) જોઈને (लोक यत्रम्) ત્રણેય લોક (प्रव्यथितम्) વ્યાકુળ છે.

---

**નોંધ ૧૧.૧૯ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું કે, ''અમે આ કુર્આનને કોઈ પર્વત ઉપર પણ અવતરિત કરી દીધું હોત, તો તમે અવશ્ય જોતા કે ઈશ્વરના ભયથી તે દબાઈ અને ફાટી જઈ રહ્યો છે. આ ઉદાહરણ લોકો માટે અમે એટલા માટે આપીએ છીએ કે તેઓ ચિંતન-મનન કરે.

ઈશ્વર એ જ છે, જેના સિવાય કોઈ પૂજ્ય-પ્રભુ નથી. જે વાતો છુપી છે અને જે સામે છે બધાને જાણે છે. તે મોટો કૃપાશીલ, અત્યંત દયાળુ છે.

ઈશ્વર એ જ છે, જેના સિવાય કોઈ પૂજ્ય-પ્રભુ નથી. બાદશાહ છે, અત્યંત પવિત્ર, સર્વથા સલામતી, નિશ્ચિતતા પ્રદાન કરવાવાળો, સંરક્ષક, પ્રભુત્વશાળી, પ્રભાવશાળી (તૂટેલાને જોડવાવાળો), પોતાની મહાનતાને પ્રગટ કરવાવાળો. ઈશ્વર એ સંગમ (શિર્ક)થી મહાન અને ઉચ્ચ છે જે તેઓ કરે છે.

ઈશ્વર એ જ છે, જે સંરચનાના નિર્માણની રૂપરેખા બનાવનાર છે, અસ્તિત્વ પ્રદાન કરવાવાળો, રૂપ આપવાવાળો છે. તેના જ માટે સારા નામ છે. જે વસ્તુ પણ આકાશો અને ધરતીમાં છે, તેના જ નામનો જાપ કરી રહી છે, અને તે પ્રભુત્વશાળી, તત્ત્વદર્શી છે.'' (સૂરઃ બકરહ, ૫૯, આયત ૨૨-૨૪)

## ૧૧.૨૧

**अमी हि त्वाम् सुर-सङ्घाः विशन्ति केचित् भीताः प्राञ्जलयः गृहन्ति ।**
**स्वस्ति इति उक्त्वा महा-ऋषि सिद्ध-सङ्घाः स्तुवन्ति त्वाम् स्तुतिभिः पुष्कलाभिः ।।२१।।**

નિઃસંદેહ, તે બધા દેવતાઓના સમૂહ તમારું શરણ (ઇચ્છી રહ્યા છે), થોડાક ડરેલા છે, (અને) હાથ જોડીને વિનંતી કરી રહ્યા છે (તમારાથી) સુરક્ષાની. એ જ રીતે મહાઋષિઓ (અને) સિદ્ધ લોકોનો સમૂહ (તમારી) પ્રાર્થના કરી રહ્યા છે, (અને) વેદોના શ્લોકો દ્વારા તમારી પ્રશંસા કરી રહ્યા છે.

(हि) નિઃસંદેહ, (अमी) તે બધા (सुर-सङ्घाः) દેવતાઓના સમૂહ (त्वाम्) તમારું (विशन्ति) શરણ (ઇચ્છી રહ્યા છે), (केचित) થોડાક (भीताः) ડરેલા છે, (प्राञ्जल्यः) (અને) હાથ જોડીને (गृणन्ति) વિનંતી કરી રહ્યા છે (स्वस्ति) (તમારાથી) સુરક્ષાની. (इति) એ જ રીતે (महा-ऋषी) મહાઋષિઓ (અને) (सिद्ध-सङ्घाः) સિદ્ધ લોકોનો સમૂહ (पुष्कलाभि) (તમારી) પ્રાર્થના કરી રહ્યા છે, (અને) વેદોના શ્લોકો દ્વારા (त्वाम) તમારી (स्तुवन्ति) પ્રશંસા કરી રહ્યા છે.

## ૧૧.૨૨

**रुद्र आदित्याः वसवः ये च साध्याः विश्वे अश्विनौ मरुतः च उष्म-पाः च ।**
**गन्धर्व यक्ष असुर सिद्ध सङ्घाः वीक्षन्ते त्वाम् विस्मिताः च एव सर्वे ।।२२।।**

(હે ઈશ્વર !) નિઃસંદેહ, રુદ્ર, આદિત્ય, વસુ અને પિતૃગણ અને ગંધર્વ, યક્ષ, અસૂર અને સિદ્ધિના સમુદાયો પણ તમને ચકિત થઈને જોઈ રહ્યા છે.

(एरा) (હે ઈશ્વર !) નિઃસંદેહ, (रुद्र, आदित्याः, वसवः) રુદ્ર, આદિત્ય, વસુ (च) અને (उष्मपाः) પિતૃગણ (च) અને (ગંધર્વ, યક્ષ, અસૂર, सिद्ध-सङ्घाः) ગંધર્વ, યક્ષ, અસૂર અને સિદ્ધિના સમુદાયો (च) પણ (त्वाम) તમને (विस्मिताः) ચકિત થઈને (वीक्षन्ते) જોઈ રહ્યા છે.

---

**નોંધ ૧૧.૨૧ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં લખ્યું છે કે, ''સાતેય આકાશો અને ધરતી અને જે કંઈ પણ તેમાં છે સૌ તેની તસ્બીહ (મહિમાગાન) કરે છે અને એવી કોઈ વસ્તુ નથી જે તેના ગુણગાન ન કરતા હોય. પરંતુ તમે તેમની તસ્બીહને સમજતા નથી. ચોક્કસ તે અત્યંત સહનશીલ, ક્ષમાશીલ છે. (સૂરઃ બની ઇસરાઈલ, ૧૭, આયત ૪૪)

**નોંધ ૧૧.૨૨ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં લખ્યું છે કે, ''આકાશો અને ધરતીમાં જે કંઈ પણ છે તે તેનું જ છે. પ્રત્યેક તેના નિષ્ઠાવાન, આજ્ઞાંકિત છે.'' (સૂરઃ રૂમ, ૩૦, આયત ૨૬)

### યમરાજનું અર્જુનની સામે આવવું

### ૧૧.૨૩

**रुपम महत् ते बहु वक्त्र नेत्रम महा-बाहो बहु बाहु उरु पादम्। बहु दरम् बहु-दृष्टा करालम् दृष्टवा लोकाः प्रव्यथिताः तथा अहम् ।।२३।।**

(આ શ્લોકમાં યમરાજનું વર્ણન છે.)

(અર્જુને કહ્યું), હે મહાબાહો ! તમારા મહાન રૂપને, (જેમાં) ઘણા મુખ અને આંખો, ઘણા હાથ, જાંઘ, ચરણ, ઘણા પેટ, ઘણા દાંતોની ભયાનકતા જોઈને આખું જગત અને હું (પણ) ભયભીત છું.

(महाबाहो) (અર્જુને કહ્યું), હે મહાબાહો ! (ते) તમારા (महत) મહાન (रुपम्) રૂપને, (જેમાં) (बहु) ઘણા (वक्त्र नेत्रम) મુખ અને આંખો, (बहु) ઘણા (बाहु) હાથ, (ऊरुम्) જાંઘ, (पादम्) ચરણ, (बहु) ઘણા (उदरम्) પેટ, (बहु) ઘણા (दृष्टा) દાંતોની (करालम्) ભયાનકતા (दृष्टवा) જોઈને (लोक) આખું જગત (तथा) અને (अहम) હું (પણ) (प्रव्यथिताः) ભયભીત છું.

### ૧૧.૨૪

**नभः स्पृशम् दीप्तम् अनेक वर्णम् व्यात्त आननम् दीप्त विशाल नेत्रम् ।**
**दृष्ट्वा हि त्वाम् प्रव्यथितः अन्तः आत्मा धृतिम् न विन्दामि शमम् च विष्णो ।।२४।।**

હે વિષ્ણો ! તમારો આકાશને સ્પર્શ કરતો ઉજ્જવળ ઘણા રંગોવાળો ખીલેલો ચહેરો અને પ્રકાશિત મોટી આંખો જોઈને નિઃસંદેહ (મારું) મન અંદરથી ભયભીત છે અને (હું) ધૈર્ય (અને) શાંતિ પ્રાપ્ત નથી (કરી શકતો).

(विष्णो) હે વિષ્ણો ! (त्वाम) તમારો (नभः) આકાશને (स्पृशम्) સ્પર્શ કરતો (दीप्तम्) ઉજ્જવળ (अनेक) ઘણા (वर्णम्) રંગોવાળો (व्यात्त) ખીલેલો (आननम्) ચહેરો (મુખ) અને (दीप्त) પ્રકાશિત (विशाल) મોટી (नेत्रम्) આંખો (दृष्टवा) જોઈને (हि) નિઃસંદેહ (आत्मा) (મારું) મન (अन्तः) અંદરથી (प्रव्यथितः) ભયભીત છે (च) અને (धृतिम्) (હું) ધૈર્ય (અને) (शमम्) શાંતિ (विन्दामि) પ્રાપ્ત (न) નથી (કરી શકતો).

### યમરાજના ભયાનક રૂપનું વર્ણન

### ૧૧.૨૫

**दृष्टां करालानि च ते मुखानि दृष्टव एव काल-अनल सन्नि-भानि ।**
**दिशः न जाने न लभे च शर्म प्रसीद देव-ईश जगत्-निवास ।।२५।।**

તમારા ભયંકર દાંત અને પ્રલય-કાળના અગ્નિ સમાન મુખને જોઈને ન (હું) દિશા જાણી શકું છુ અને ન શાંતિ પામી શકું છું. હે દેવતાઓના દેવતા ! હે જગત-નિવાસ ! મારા પર કૃપા કરો.

(ते) તમારા (करालानि) ભયંકર (द्रष्टव) દાંત (च) અને (काल-अनल) પ્રલય-કાળના અગ્નિ (सन्नि-भानि) સમાન (मुखानि) મુખને (दृष्टव) જોઈને (न) ન (હું) (दिशः) દિશા (जाने) જાણી શકું છુ (च) અને (न) ન (शर्म) શાંતિ (लभे) પામી શકું છું. (देव-ईश) હે દેવતાઓના દેવતા ! (जगत्-निवास) હે જગત-નિવાસ ! (प्रसीद) મારા પર કૃપા કરો.

---

**નોંધ ૧૧.૨૩ :** શ્લોક નં. ૧૧.૧૨ માં અર્જુનનું ઈશ્વરના તેજને જોવાનું વર્ણન છે. તે પછી અર્જુને બીજા ઘણા સારા દશ્યો જોયા અને તેઓ ચકિત અને પ્રસન્ન હતા. પરંતુ ૧૧.૨૩ માં યમરાજને જોઈને ભયભીત થઈ

## ૧૧.૨૬-૨૭

**अमी च त्वाम् धृतराष्ट्रस्य पुत्राः सर्वे एव अवनि-पाल सङ्घैः।**
**भीष्मः द्रोणः सूत-पुत्रः तथा असौ सह अस्मदीयैः अपि योध-मुख्यैः ॥२६॥**
**वक्त्राणि ते त्वरमाणा विशन्ति दंष्टा करालानि भयानकानि।**
**केचित् विलग्नाः दशन-अन्तरेषु सन्दृश्यन्ते चूर्णितैः उत्तम-अङ्गै ॥२७॥**

નિઃસંદેહ, તમારી (શક્તિ) માપી નથી શકાતી (અસીમ છે). ધૃતરાષ્ટ્રના બધા પુત્રો, સહાયક રાજાઓના સમૂહની સાથે, અને ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય, કર્ણ અને અમારા સાથેના આ વિશેષ યોદ્ધાઓ પણ.
ભયંકર દાંતવાળા તમારા ભયાનક મુખમાં તીવ્રતાથી પ્રવેશ કરી રહ્યા છે. અમુક દાંતની વચ્ચે લટકતા દેખાઈ રહ્યા છે, (અને અમુકના) માથા કચડાઈ ગયા છે.

(एवं) નિઃસંદેહ, (त्वम) તમારી (શક્તિ) માપી નથી શકાતી (અસીમ છે). (धृतराष्ट्रस्य) ધૃતરાષ્ટ્રના (सर्व) બધા (पुत्राः) પુત્રો, (अवनिपाल) સહાયક રાજાઓના (सङ्घै) સમૂહની (सह) સાથે, (च) અને (भीष्मः द्रोण, सूत-पुत्र) ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય, કર્ણ (तथा) અને (अस्मदीयै) અમારા (सह) સાથેના (असौ) આ (योध-मुख्यै) વિશેષ યોદ્ધાઓ (अपि) પણ.
(करालानि) ભયંકર (दृष्टम) દાંતવાળા (ते) તમારા (भयानकानि) ભયાનક (वक्त्राणि) મુખમાં (त्वरमाणा) તીવ્રતાથી (विशन्ति) પ્રવેશ કરી રહ્યા છે. (केचित्) અમુક (खशन-अन्तरेषु) દાંતની વચ્ચે (विलग्ना) લટકતા (सन्दृश्यन्ते) દેખાઈ રહ્યા છે, (उत्तम-अङ्गै) (અને અમુકના) માથા (चुर्णितै) કચડઈ ગયા છે.

## ૧૧.૨૮-૨૯

**यथा नदीनाम् बहवः अम्बु-वेगाः समुद्रम् एव अभिमुखाः द्रवन्ति ।**
**तथा तव अमी नर-लोक-वीराः विशन्ति वक्त्राणि अभि-विज्वलन्ति ॥२८॥**
**यथा प्रदीप्तम् ज्वलनम् पतङ्गा विशन्ति नाशाय समृद्ध वेगाः।**
**तथा एव नाशाय विशन्ति लोकाः तव अपि वक्त्राणि समृद्ध-वेगाः ॥२९॥**

જે રીતે ઘણબધી નદીઓ સંપૂર્ણ ગતિથી સમુદ્ર તરફ દોડે છે (ઝડપથી વહે છે), નિઃસંદેહ એ જ રીતે તમારા માપી ન શકાય અને ભડકતા મુખમાં સંસારના શૂરવીર મનુષ્યો પ્રવેશ કરી રહ્યા છે.
જે રીતે સળગતા અગ્નિમાં (પતંગિયા) વિનાશ માટે સંપૂર્ણ ગતિથી પ્રવેશ કરે છે, નિઃસંદેહ એ જ રીતે બધા લોકો પણ વિનાશ માટે તમારા મુખમાં સંપૂર્ણ ગતિથી પ્રવેશ કરી રહ્યા છે.

(यथा) જે રીતે (बहवः) ઘણબધી (नदीनाम) નદીઓ (अम्बु) સંપૂર્ણ (वेगा) ગતિથી (समुद्रम) સમુદ્ર (अभिमुखाः) તરફ (द्रवन्ति) દોડે છે (ઝડપથી વહે છે), (एवं) નિઃસંદેહ (तथा) એ જ રીતે (तत) તમારા (अमी) માપી ન શકાય (असीम) અને (अभिविज्वलन्ति) ભડકતા (वक्त्राणि) મુખમાં (लोक) સંસારના (वीराः) શૂરવીર (नर) મનુષ્યો (विशन्ति) પ્રવેશ કરી રહ્યા છે.
(यथा) જે રીતે (प्रदीप्तम्) સળગતા (ज्वलनम्) અગ્નિમાં (नाशाय) (પતંગિયા) વિનાશ માટે (समृद्ध) સંપૂર્ણ (वेगाः) ગતિથી (विशन्ति) પ્રવેશ કરે છે, (एवं) નિઃસંદેહ (तथा) એ જ રીતે (लोका) બધા લોકો (अपि) પણ (नाशाय) વિનાશ માટે (तव) તમારા (वक्त्राणि) મુખમાં (समृद्ध) સંપૂર્ણ (वेगा) ગતિથી (विशन्ति) પ્રવેશ કરી રહ્યા છે.

---

**નોંધ ૧૧.૨૩....** જાય છે. આ શ્લોકમાં ઈશ્વર પછી તરત જ યમરાજના મહાન રૂપનું વર્ણન છે. આ કારણસર મોટાભાગના લોકો યમરાજને પણ ઈશ્વર જ સમજે છે. પરંતુ શ્લોક નં. ૧૧.૩૨ માં એનું વર્ણન છે કે મહાન આકારવાળા યમરાજ છે, અને ઈશ્વરનો કોઈ આકાર નથી, માત્ર ૧૦૦૦ સૂર્યોથી વધારે તેજ છે.

## ૧૧.૩૦

**लेलिह्यसे ग्रसमानः समन्तात् लोकान समग्रान् वदनैः ज्वलद्भिः ।**
**तेजोभिः आपूर्य जगत् समग्रम् भासः तव उग्राः प्रतपन्ति विष्णो ।।३०।।**

હે વિષ્ણો ! (તમારા) સળગતા (મુખની) આગ સંસારના તમામ લોકોને દરેક બાજુથી ચાટીને ખાઈ રહી છે. આ સંસાર તમારી ભડકતી ભયંકર આગના કિરણોથી (ગરમીથી) ભરેલો છે.

(विष्णो) હે વિષ્ણો ! (ज्वलद्भि) (તમારા) સળગતા (મુખની) (वदनैः) આગ (लोकान) સંસારના (समग्रान) તમામ લોકોને (समन्तात्) દરેક બાજુથી (लेलिहासे) ચાટીને (ग्रसमानः) ખાઈ રહી છે. (जगत्) આ સંસાર (तव) તમારી (प्रतपन्ति) ભડકતી (उग्राः) ભયંકર (तेजोभिः) આગના (भासः) કિરણોથી (ગરમીથી) (आपुर्य) ભરેલો છે.

## ૧૧.૩૧

**अख्याहि मे कःभवान् उग्र-रुपःनमःअस्तु ते देव-वर प्रसीद। विज्ञातुम् इच्छामि भवन्तम् आद्यम् न हि प्रजानामि तव प्रवृत्तिम् ।।३१।।**

હે ઉગ્ર (તીવ્ર) રૂપવાળા ! મને બતાવો તમે કોણ છો ? હે દેવતાઓથી મહાન ! તમને (હું) નમસ્કાર કરું છું. (મારા પર) કૃપા કરો. તમને જાણવાનો (હું) ઈચ્છુક છું. (હે) આદિરૂપ ! નિઃસંદેહ (હું) નથી સમજી રહ્યો તમારા કામને.

(उग्र-रुप) હે ઉગ્ર (તીવ્ર) રૂપવાળા ! (मे) મને (अख्याहि) બતાવો (भवान्) તમે (कः) કોણ છો ? (देव-वर) હે દેવતાઓથી મહાન ! (ते) તમને (હું) (नमःअस्तु) નમસ્કાર કરું છું. (प्रसीद) (મારા પર) કૃપા કરો. (भवन्तम्) તમને (विज्ञातुम्) જાણવાનો (इच्छति) (હું) ઈચ્છુક છું. (आद्यम्) (હે) આદિરૂપ ! (हि) નિઃસંદેહ (न) (હું) નથી (प्रजानानि) સમજી રહ્યો (तव) તમારા (प्रकृतिम्) કામને.

### યમરાજે પોતાનો પરિચય આપ્યો

## ૧૧.૩૨

**कालः अस्मि लोक क्षय-कृत् प्रवृद्धः लोकान् समाहर्तुम् इह प्रवृत्तः ।**
**ऋते अपि त्वाम् न भविष्यन्ति सर्वे ये अवस्थिताः प्रति-अनीकेषु योधाः।।३२।।**

આદરણીય યમરાજ બોલ્યા, હું યમરાજ છું. સંસાર (ના લોકોને) મૃત્યુ આપવું મારું કામ છે. આ સંસારને સુરક્ષિત (રાખવા માટે) (હું) સંસારના અહંકારી (લોકોનો) વિનાશ (કરું છું). તમારા વગર પણ ભવિષ્યમાં આ બધા સૈનિકો, જે વિરોધી પક્ષમાં ઊભા છે, નહીં (રહે.)

(श्री भगवान उवाच) આદરણીય યમરાજ બોલ્યા, (कालः अस्मि) હું યમરાજ છું. (लोक) સંસાર (ના લોકોને) (क्षयकृत) મૃત્યુ આપવું મારું કામ છે. (इह) આ સંસારને (प्रवृत्तः) સુરક્ષિત (રાખવા માટે) (लोकान) (હું) સંસારના (प्रवृद्ध) અહંકારી (લોકોનો) (समाहर्तुम) વિનાશ (કરું છું). (त्वाम) તમારા (कृत) વગર (अपि) પણ (भविष्यान्ति) ભવિષ્યમાં (ये) આ (सर्व) બધા (योधाः) સૈનિકો, (प्रति-अनीकेषु) જે વિરોધી પક્ષમાં (अवस्थिताः) ઊભા છે, (न) નહીં (રહે.)

નોંધ : **'भगवान'** શબ્દનો અર્થ જાણવા માટે નોંધ નં. N-૧૦ વાંચો.

**યમરાજે પોતાનો પરિચય આપ્યો**

## ૧૧.૩૩

**तस्मात् त्वम् उत्तिष्ठ यशः लभस्व जित्वा शत्रून् भुङ्क्ष्व राज्यम् समृद्धम् ।**
**मया एव एते निहताः पूर्वम् एव निमित्त-मात्रम् भव सव्य-साचिन् ।।३३।।**

આ કારણસર હે બંને હાથોથી બાણ ચલાવનારા (અર્જુન) ! તમે ઉઠો, શત્રુ પર વિજય મેળવો, અને તેનાથી લાભ પ્રાપ્ત કરો, (અને પ્રાપ્ત થનાર) રાજ્યથી યશ (અને) સમૃદ્ધિ ભોગવો. (તમે) માત્ર કારણ બનો, નિઃસંદેહ તે સૌને મારા (દ્વારા જ) મારી નાખવામાં આવશે.

(तस्मात्) આ કારણસર (सव्य-साचिन्) હે બંને હાથોથી બાણ ચલાવનારા (અર્જુન) ! (त्वम्) તમે (उत्तिष्ठ) ઉઠો, (शत्रून) શત્રુ પર (जित्वा) વિજય મેળવો, (लाभस्व) અને તેનાથી લાભ પ્રાપ્ત કરો, (राज्यम्) (અને પ્રાપ્ત થનાર) રાજ્યથી (यशः) યશ (અને) (समाहतुम) સમૃદ્ધિ (भुङ्क्ष्व) ભોગવો. (मात्रम) (તમે) માત્ર (निमित्त) કારણ (भव) બનો, (एवं) નિઃસંદેહ (एते) તે સૌને (मया) મારા (દ્વારા જ) (निहताः) મારી (पूर्वम्) નાખવામાં આવશે.

## ૧૧.૩૪

**द्रोणम् च भीष्मम् च जयद्रथम् च कर्णम् तथा अन्यान् अपि योध-वीरान् ।**
**मया हतान् त्वम् जहि मा व्यथिष्ठाः युध्यस्व जेता असि रणे सपत्नान्।।३४।।**

દ્રોણાચાર્ય અને ભીષ્મ પિતામહ અને જયદ્રથ અને કર્ણ અને બીજા વીર યોદ્ધાઓનો પણ હું જ વધ કરીશ. તમે ગભરાવો નહીં, યુદ્ધમાં શત્રુ (થી) લડો (અને) તેમને મારો. (તમે જ) યશસ્વી રહેશો.

(द्रोणम्) દ્રોણાચાર્ય (च) અને (भीष्मम्) ભીષ્મ પિતામહ (च) અને (जयद्रथम्) જયદ્રથ (च) અને (कर्णम्) કર્ણ (तथा) અને (अन्यान्) બીજા (योद्ध-वीरान्) વીર યોદ્ધાઓનો પણ (मया) હું જ (हतान) વધ કરીશ. (त्वम) તમે (मा व्यथिष्ठाः) ગભરાવો નહીં, (रणे) યુદ્ધમાં (सपत्नान्) શત્રુ (થી) (युद्धस्व) લડો (यदि) (અને) તેમને મારો. (जेता असि) (તમે જ) યશસ્વી રહેશો.

## ૧૧.૩૫

**एतत श्रुत्वा वचनम् केशवस्य कृत-अञ्जलिः वेपमानः किरीटी ।**
**नमस्कृत्वा भूयः एव आह कृष्णम् स-गुद्गदम भीत-भीतः प्रणम्य ।।३५।।**

સંજયે કહ્યું, શ્રી કૃષ્ણ (દ્વારા કહેવામાં આવેલ યમરાજના) આ શબ્દોને સાંભળીને ધ્રુજતા હાથ જોડીને અર્જુને નમસ્કાર કરીને ડરતાં પણ ફરી પ્રણામ કર્યો, (અને) ધીમા અવાજથી શ્રી કૃષ્ણ (દ્વારા ઈશ્વરને) કહ્યું.

(संजय उवाच) સંજયે કહ્યું, (केशवस्य) શ્રી કૃષ્ણ (દ્વારા કહેવામાં આવેલ યમરાજના) (एतत) આ (वचनम्) શબ્દોને (श्रुत्वा) સાંભળીને (वेपमानः) ધ્રુજતા (कृत-अञ्जलि) હાથ જોડીને (किरीटी) અર્જુને (नमस्कृत्वा) નમસ્કાર કરીને (भीतः-भीतः) ડરતાં (एव) પણ (भूय) ફરી (प्रणम्य) પ્રણામ કર્યો, (અને) (स-गुद्गुदम्) ધીમા અવાજથી (कृष्णम्) શ્રી કૃષ્ણ (દ્વારા ઈશ્વરને) (आह) કહ્યું.

## ૧૧.૩૬

**स्थाने हृषीक-ईश तव प्रकीर्त्या जगत् प्रहृष्यति अनुरज्यते च ।**
**रक्षांसि भीतानि दिशः द्रवन्ति सर्वे नमस्यन्ति च सिद्ध-सङ्घाः ॥३३॥**

શ્રી કૃષ્ણના સ્થાનથી (પોતાનું તેજ બતાવનારા) હે ઈશ્વર ! તમારો મહિમાથી સમગ્ર જગત ખુશ થઈ રહ્યું છે, અને આનંદિત થઈ રહ્યું છે, અને રાક્ષસો અગલ-અલગ દિશાઓમાં ભાગી રહ્યા છે, અને બધા સિદ્ધ પુરુષોના સમુદાયો નમસ્કાર કરી રહ્યા છે.

(हृषीकेश) શ્રી કૃષ્ણના (स्थाने) સ્થાનથી (ईश) (પોતાનું તેજ બતાવનારા) હે ઈશ્વર ! (तव) તમારો (प्रकीर्त्या) મહિમાથી (जगत) સમગ્ર જગત (अनुरज्यते) ખુશ થઈ રહ્યું છે, (प्रहृष्यति) અને આનંદિત થઈ રહ્યું છે, (च) અને (रक्षांसि) રાક્ષસો (भीतानि) અગલ-અલગ (दिशः) દિશાઓમાં (द्रवन्ति) ભાગી રહ્યા છે, (च) અને (सर्वे) બધા સિદ્ધ પુરુષોના (सङ्घा) સમુદાયો (नमस्यन्ति) નમસ્કાર કરી રહ્યા છે.

## ૧૧.૩૭

**कस्मात् च ते न तेमरन् महा-आत्मन् गरीयसे ब्रह्मणः अपि अदि-कर्त्रे ।**
**अनन्त देव-ईश जगत्-निवास त्वम् अक्षरम् सतअसत् तत्-परम् यत् ॥३४॥**

(હે ઈશ્વર ! તમે) કલ્પનાથી પણ પર છો. બ્રહ્માથી પણ પહેલાની સૃષ્ટિનું નિર્માણ કરવાવાળા છો. તમે અનંત છો. દેવતાઓના ઈશ્વર છો. જગતને સહારો આપવાવાળા છો. તમે અવિનાશી (શાશ્વત/અમર) છો. તમે એ અવિનાશી અન્ય લોક અને આ નાશવંત પૃથ્વી-લોક અને જે કંઈ આનાથી પર છે (એ સૌના ઈશ્વર છો). (તો) કેમ ન તમને નમસ્કાર કરે શ્રી કૃષ્ણ પણ.

(गरीयसे) (હે ઈશ્વર ! તમે) કલ્પનાથી પણ પર છો. (ब्राहाण) બ્રહ્માથી (अपि) પણ (आदि-कर्त्रे) પહેલાની સૃષ્ટિનું નિર્માણ કરવાવાળા છો. (अनन्त) તમે અનંત છો. (देव-ईश) દેવતાઓના ઈશ્વર છો. (जगत् निवास) જગતને સહારો આપવાવાળા છો. (अक्षरम्) તમે અવિનાશી (શાશ્વત/અમર) છો. (सत असत) તમે એ અવિનાશી અન્ય લોક અને આ નાશવંત પૃથ્વી-લોક (तत-परम-यत) અને જે કંઈ આનાથી પર છે (એ સૌના ઈશ્વર છો). (कस्मात) (તો) કેમ (न) ન (ते) તમને (नेमरन्) નમસ્કાર કરે (महा-आत्मना) શ્રી કૃષ્ણ પણ.

## ૧૧.૩૮

**त्वम् आदि-देवः पुरुषः पुराणः त्वम् अस्य विश्वस्य परम् निधानम् ।**
**वेत्ता असि वेद्यम् च परम् च धाम त्वया ततम् विश्वम् अनन्त-रुप ॥३८॥**

(હે ઈશ્વર !) તમે આરંભથી છો. તમારું અસ્તિત્વ સૌથી પ્રાચીન છે. (હે ઈશ્વર !) તમે જ આ વિશ્વનો

(त्वम्) (હે ઈશ્વર !) તમે (आदि-देव) આરંભથી છો. (पुरुषः पुराणः) તમારું અસ્તિત્વ સૌથી પ્રાચીન છે. (त्वम्) (હે ઈશ્વ!) તમે જ (अस्य) આ (विश्वस्य) વિશ્વનો

---

**નોંધ ૧૧.૩૭ :** ''ઈશ્વર એ છે, જેના સિવાય કોઈ પૂજ્ય-પ્રભુ નથી. તે હંમેશા જીવંત રહેવાવાળો છે, સૌને સંભાળનાર અને કાયમ રાખવાવાળો છે. તેને ન ઊંઘ આવે છે અને ન નિદ્રા. તેનું જ છે જે કંઈ આકાશોમાં

સૌથી મોટો સહારો છો. (હે ઈશ્વર ! તમે) સર્વસ્વ જાણવાવાળા અને જાણવાના યોગ્ય છો. સ્વર્ગલોક અને અનંત સૃષ્ટિ, જે બ્રહ્માંડમાં ફેલાયેલ છે (તે સૌ) તમારા (થી જ છે).

(परम्) સૌથી મોટો (निधानम्) સહારો છો. (वेत्ता) (હે ઈશ્વર ! તમે) સર્વસ્વ જાણવાવાળા (च) અને (वेद्यम) જાણવાના યોગ્ય (असि) છો. (परम् धाम) સ્વર્ગલોક (च) અને (अनन्त) અનંત (रुप) સૃષ્ટિ, (ततम् विश्वम्) જે બ્રહ્માંડમાં ફેલાયેલ છે (त्वमा) (તે સૌ) તમારા (થી જ છે).

## ૧૧.૩૯

**वायुः यमः अग्निः वरुणः शश-अङ्कः प्रजापतिः त्वम् प्र-पितामहः च ।**
**नमः नमः ते अस्तु सहस्त्र-कृत्वः पुनःच भूयः अपि नमः नमः ते ।।३९।।**

(હે ઈશ્વર ! તમે) વાયુ, યમરાજ, અગ્નિ, પાણી, ચંદ્ર અને બધા મનુષ્યોના સ્વામી છો. (હે ઈશ્વર !) તમારું (અસ્તિત્વ) બ્રહ્મા (થી પણ) પહેલા હતું. (હું તમને) નમસ્કાર કરું છું. તમને હજાર વાર નમસ્કાર કરું છું, અને વારંવાર (હું) તમને નમસ્કાર (કરું છું).

(હે ઈશ્વર! તમે) (वायु) વાયુ, (यम) યમરાજ, (अग्नि) અગ્નિ, (वरुण) પાણી, (शश-अङ्क) ચંદ્ર (च) અને (प्रजा) બધા મનુષ્યોના (पति) સ્વામી છો. (त्वम्) (હે ઈશ્વર !) તમારું (અસ્તિત્વ) (पितामह) બ્રહ્મા (प्र) (થી પણ) પહેલા હતું. (नभा) (હું તમને) નમસ્કાર કરું છું. (ते) તમને (सहस्त्र) હજાર વાર (नमः) નમસ્કાર (कृत्वः) કરું છું, (पुनः च भूयः) અને વારંવાર (नमः ते) (હું) તમને નમસ્કાર (કરું છું).

## ૧૧.૪૦

**नमः परस्तात अथ पृष्ठतः ते नमः अस्तु ते सर्वतः एव सर्व।**
**अनन्त-वीर्य अमित-विक्रमः त्वम् सर्वम् समाप्नोषि ततः असि सर्वः ।।४०।।**

(હે ઈશ્વર ! હું) તમને સામેથી અને પાછળથી નમસ્કાર કરું છું. તમને દરેક જગ્યાથી નમસ્કાર કરું છું (કારણ કે તમે) સર્વસ્વ છો. હે અનંત (શક્તિવાળા ઈશ્વર) ! નિઃસંદેહ, તમારી મહાન શક્તિ (થી જ) (આ સંસારને) સર્વસ્વ પ્રાપ્ત થઈ રહ્યું છે, અને એ (અન્ય લોકમાં પણ તમારી શક્તિથી) સર્વસ્વ પ્રાપ્ત થશે.

(ते) (હે ઈશ્વર ! હું) તમને (परस्तात) સામેથી (अथ) અને (पृष्ठतः) પાછળથી (नमः) નમસ્કાર કરું છું. (ते) તમને (सर्वतः) દરેક જગ્યાથી (नमः) નમસ્કાર (अस्तु) કરું છું, (सर्व) (કારણ કે તમે) સર્વસ્વ છો. (अनन्त वीर्य) હે અનંત (શક્તિવાળા ઈશ્વર) ! (एवं) નિઃસંદેહ, (त्वम्) તમારી (अमित) મહાન (विक्रम) શક્તિ (થી જ) (सर्वम) (આ સંસારને) સર્વસ્વ (समाप्नोषि) પ્રાપ્ત થઈ રહ્યું છે, (ततः) અને એ (અન્ય લોકમાં પણ તમારી શક્તિથી) (सर्व) સર્વસ્વ (असि) પ્રાપ્ત થશે.

---

**નોંધ ૧૧.૩૭નું ચાલુ...** છે અને જે કંઇ ધરતીમાં છે. કોણ છે, જે તેના ત્યાં તેની અનુમતિ વગર ભલામણ કરી શકે ? તે જાણે છે, જે કંઈ તેમના સામે છે અને જે કંઈ તેમના પાછળ છે, અને તેઓ તેના જ્ઞાનમાંથી કોઈ વસ્તુ પર કાબૂ મેળવી શકતા નથી, સિવાય તેના જે તેણે ઇચ્છ્યું. તેની કુર્સી (પ્રભુત્વ, રાજ્ય-સત્તા) આકાશો અને ધરતી ને વ્યાપ્ત છે અને તેની સુરક્ષા તેના માટે જરા પણ ભારે નથી, અને તે ઉચ્ચ, મહાન છે.'' (પવિત્ર કુર્આન, સુરઃ બકરહ, ૨, આયત ૨૫૫)

---

**નોંધ ૧૧.૩૮ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વર વિશે લખ્યું છે કે, ''એ જ પ્રથમ પણ છે અને અંતિમ પણ, અને જાહેર (દૃશ્યમાન, પ્રગટ) પણ છે અને છુપાયેલ (અદૃશ્યમાન, અપ્રગટ) પણ છે, અને તેને દરેક વસ્તુનું જ્ઞાન છે.'' (સૂરઃ હદીદ, ૫૭, આયત૩)

### અર્જુનનું ખેદ વ્યક્ત કરવું

## ૧૧.૪૧-૪૨

**सखा इति मत्वा प्रसभम् यत् उक्तम् हे कृष्णा हे यादव हे सखा इति ।**
**अजानता महिमानम् तव इदम् मया प्रमादात प्रणयेन वा अपि ।।४१।।**
**यत् च अवहास-अर्थम् असत्-कृतः असि विहार शय्या आसन भोजनेषु ।**
**एकः अथवा अपि अच्युत तत् समक्षम् तत् क्षामये त्वाम् अहम् अप्रमेयम् ।।४२।।**

(હે ઈશ્વર !) તમારી મોટાઈ અને ગુણોને ન જાણીને, જલ્દીથી, વગર વિચારે-સમજે, મૂર્ખતાવશ અથવા તો પ્રેમથી આ રીતે (યોગેશ્વર શ્રી કૃષ્ણને) પોતાનો મિત્ર સમજીને હે કૃષ્ણ ! હે યાદવ ! હે મિત્ર ! આ એ રીતે જે પણ મારા દ્વારા કહેવામાં આવ્યું.
અને એકાંતમાં (અથવા) કે મિત્રોની વચ્ચે, મજા માટે આરામ કરતી વખતે, ઊંઘતા રહેવા પર, બેસેલા, ખાતી વખતે, અચ્યુત અર્થાત્ કૃષ્ણ (કહેવા જેવું) જે પણ અપમાન કરવામાં આવ્યું હોય, એ બધા માટે હે અસીમ ઈશ્વર ! હું તમારાથી ક્ષમા માગું છું.

(तव) (હે ઈશ્વર !) તમારી (महिमानम्) મોટાઈ અને ગુણોને (अजानता) ન જાણીને, (प्रसभम्) જલ્દીથી, વગર વિચારે-સમજે, (प्रमादात) મૂર્ખતાવશ (वा अपि) અથવા તો (प्रणयेन) પ્રેમથી (इति) આ રીતે (सखा) (યોગેશ્વર શ્રી કૃષ્ણને) પોતાનો મિત્ર (मत्वा) સમજીને (हे कृष्णा) હે કૃષ્ણ ! (हे यादव) હે યાદવ ! (हे सखा) હે મિત્ર ! (इदम) આ (इति) એ રીતે (यत) જે પણ (मया) મારા દ્વારા (उक्तम्) કહેવામાં આવ્યું.
(च) અને (एकः) એકાંતમાં (અથવા) (अथवा) કે (तत् समक्षम्) મિત્રોની વચ્ચે, (अवहास) મજા (अर्थम्) માટે (विहार) આરામ કરતી વખતે, (शय्या) ઊંઘતા રહેવા પર, (आसन) બેસેલા, (भोजनेषु) ખાતી વખતે, (अच्युत) અચ્યુત અર્થાત્ કૃષ્ણ (यत्) (કહેવા જેવું) જે (अपि) પણ (असत) અપમાન (कृतः) કરવામાં આવ્યું (असि) હોય, (तत्) એ બધા માટે (अप्रमेयम्) હે અસીમ ઈશ્વર ! (अहम्) હું (त्वाम्) તમારાથી (क्षामय) ક્ષમા માગું છું.

## ૧૧.૪૩

**पिता असि लोकस्य चर अचरस्य त्वम् अस्य पूज्यः च गुरुः गरीयान् ।**
**न त्वत्-समः अस्ति अभ्यधिकः कुतः अन्यः लोक-त्रये अपि अप्रतिम प्रभाव ।।४३।।**

(હે ઈશ્વર!) તમે આ બ્રહ્માંડના જીવંત અને નિર્જીવ (પ્રાણી અને વસ્તુઓ) (ની) રચના (નિર્માણ) કરવાવાળા છો. (તમે જ) પ્રાર્થનાને યોગ્ય છો, અને (તમે જ) જ્ઞાન પ્રદાન કરો છો. તમારો મહિમા મહાન છે. તમારા સમાન કોઈ નથી. તમારી કોઈ મૂર્તિ નથી, અને ન તમેને સમજી શકાય છે. ત્રણેય લોકોમાં બીજું કોઈ તમારાથી વધીને કેવી રીતે (હોઈ શકે) છે.

(त्वम्) (હે ઈશ્વર!) તમે (लोकस्य) આ બ્રહ્માંડના (चर अचरस्य) જીવંત અને નિર્જીવ (પ્રાણી અને વસ્તુઓ) (पिता) (ની) રચના (નિર્માણ) કરવાવાળા (अपि) છો. (अस्य पूज्यः) (તમે જ) પ્રાર્થનાને યોગ્ય છો, (च) અને (गुरुः) (તમે જ) જ્ઞાન પ્રદાન કરો છો. (गरियान्) તમારો મહિમા મહાન છે. (न त्वत् समः) તમારા સમાન કોઈ નથી. (अप्रतिम प्रभाव) તમારી કોઈ મૂર્તિ નથી, અને ન તમેને સમજી શકાય છે. (लोक-त्रये) ત્રણેય લોકોમાં (अन्यः) બીજું કોઈ (अभ्यधिकः) તમારાથી વધીને (कुतः) કેવી રીતે (હોઈ શકે) (अस्ति) છે.

## ૧૧.૪૪

**तस्मात् प्रणम्य प्रणिधाय कायम् प्रसादये त्वाम् अहम् ईशम् ईड्यम ।**
**पिता इव पुत्रस्य सखा इव सख्युः प्रियः प्रियायाः अर्हसि देव सोढुम् ।।४४।।**

તેથી (હે ઈશ્વર !) હું તમારી કૃપાદષ્ટિ પામી શકું, એટલા માટે મારા શરીરને ઝુકાવીને ( સિજદો કરીને) તમને પ્રણામ કરું છું. હે સ્તુતિ કરવા યોગ્ય ઈશ્વર ! પિતા જે રીતે પુત્રને, મિત્ર જે રીતે મિત્રને, પ્રેમ કરવાવાળો જે રીતે પોતાના પ્રેમીને ક્ષમા કરે છે. હે ઈશ્વર ! તમારે પણ (એવી જ રીતે મને ક્ષમા કરવો) જોઈએ.

(तस्मात्) તેથી (अहम्) (હે ઈશ્વર !) હું (त्वाम्) તમારી (प्रसादये) કૃપાદષ્ટિ પામી શકું, એટલા માટે (कायम्) મારા શરીરને (प्रणिधाय) ઝુકાવીને( સિજદો કરીને) (प्रणम्य) તમને પ્રણામ કરું છું. (ईड्यम) હે સ્તુતિ કરવા યોગ્ય (ईशम्) ઈશ્વર ! (पिता इव पुत्रस्य) પિતા જે રીતે પુત્રને, (सखाः इव सख्यु) મિત્ર જે રીતે મિત્રને, (प्रियः प्रिययाः) પ્રેમ કરવાવાળો જે રીતે પોતાના પ્રેમીને (सोढूम्) ક્ષમા કરે છે. (अर्हसि देव) હે ઈશ્વર ! તમારે પણ (એવી જ રીતે મને ક્ષમા કરવો) જોઈએ.

### ફરીથી દિવ્ય રચનાઓ જોવાની અર્જુનની વિનંતી

## ૧૧.૪૫

**अदृष्ट-पूर्वम् हृषितः अस्मि दृष्टवा भयेन च प्रव्यचितम् मनः मे ।**
**तत् एव मे दर्शय देव रुपम् प्रसीद देव-ईश जगत्-निवास ।।४३।।**

પહેલા જેને કદી જોવામાં નથી આવ્યું, તેમને જોઈને (હું) પ્રસન્ન છું અને (યમરાજના) ભયથી મારું મન વ્યાકુળ પણ છે. હે દેવતાઓના ઈશ્વર ! સમગ્ર જગતના સહારા ! મારા પર કૃપા કરો અને એ દિવ્ય રચનાઓ મને (ફરીથી) બતાવો.

(अदृष्ट) પહેલા જેને કદી જોવામાં નથી આવ્યું, (दृष्ट्वा) તેમને જોઈને (हृषित) (હું) પ્રસન્ન (अस्मि) છું (च) અને (भयेन) (યમરાજના) ભયથી (मनः मे) મારું મન (प्रव्यथितम्) વ્યાકુળ પણ છે. (देव-ईश) હે દેવતાઓના ઈશ્વર ! (जगत्-निवास) સમગ્ર જગતના સહારા ! (प्रसीद) મારા પર કૃપા કરો (तत् एव) અને એ (दिव्य रुपम्) દિવ્ય રચનાઓ (मे) મને (ફરીથી) (दर्शय) બતાવો.

## ૧૧.૪૬

**किरीटिनम् गदिनम् चक्रहस्तम् इच्छामि त्वाम् द्रष्टुम् अहम् तथा एव ।**
**तेन-एव रुपेण चतुःभुजेन सहस्त्र-बाहो भव विश्वमूर्ते ।।४६।।**

(હે ઈશ્વર !) હું તમારા મુગટ સમાન ચમકદાર ધૂમકેતુ, ભ્રમણ કરતી (આકાશગંગા) અને તમારી મહાન રચનાઓ, જેમ કે ચાર હાથવાળા દેવતાઓ, હજાર હાથવાળા દેવતાઓને (પણ જોવા) માગું છું. (હે) બ્રહ્માંડને અસ્તિત્વ અને રૂપ આપવાવાળા (ઈશ્વર મારા પર કૃપા કરો).

(अहम) (હે ઈશ્વર !) હું (त्वम्) તમારા (किरीटिनम्) મુગટ સમાન ચમકદાર (गदिनम्) ધૂમકેતુ, (चक्रहस्तम्) ભ્રમણ કરતી (આકાશગંગા) (तथा) અને (तेन) તમારી (रुपेण) મહાન રચનાઓ, (एवं) જેમ કે (चतुः भुजेन) ચાર હાથવાળા દેવતાઓ, (सहस्त्र-बाहो) હજાર હાથવાળા દેવતાઓને (પણ) (द्रष्टुम) જોવા (इच्छामि) માગું છું. (विश्व) (હે) બ્રહ્માંડને (भव) અસ્તિત્વ અને (मूर्ते) રૂપ આપવાવાળા (ઈશ્વર મારા પર કૃપા કરો).

**ઈશ્વરનો ઈન્કાર**

## ૧૧.૪૭

**श्री भगवान उवाच, मया प्रसन्नेन तव अर्जुन इदम् रुपम् परम् दर्शितम् आत्म-योगात् ।**
**तेजःमयम् विश्वम् अनन्तम् आद्यम् यत् मे त्वत् अन्येन न दृष्ट-पूर्वम् ।।४७।।**

ઈશ્વરે કહ્યું, હે અર્જુન ! તમને પ્રસન્ન કરવા માટે મારા દ્વારા આ મારાથી જોડાયેલ દિવ્ય રચનાઓ (તમને) બતાવવામાં આવી. મારું આ તેજ અનંત છે અને વિશ્વમાં ફેલાયેલ છે (અને) મૂળ કે આદમ (અતિ પ્રાચીન) છે. મારા આ (તેજને) તમારા પહેલા કોઈએ નથી જોયું.

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું, (अर्जुन) હે અર્જુન ! (तव) તમને (प्रसन्नेन) પ્રસન્ન કરવા માટે (मया) મારા દ્વારા (इदम्) આ (आत्म योगात्) મારાથી જોડાયેલ (रुपम् परम्) દિવ્ય રચનાઓ (दर्शितम्) (તમને) બતાવવામાં આવી. (तेजः मयम्) મારું આ તેજ (अनन्तम्) અનંત છે (विश्वम्) અને વિશ્વમાં ફેલાયેલ છે (आद्यम्) (અને) મૂળ કે આદમ (અતિ પ્રાચીન) છે. (मे) મારા (यत्) આ (તેજને) તમારા (पूर्वम्) પહેલા (अन्येन) કોઈએ (न) નથી (दृष्ट) જોયું.

## ૧૧.૪૫

**न वेद-यज्ञ अध्ययनैः न दानैउ न च क्रियाभिः न तपोभिः उग्रैः ।**
**एवम् रुपः शक्यः अहम् नृ-लोके द्रष्टुम् त्वत् अन्येन कुरु-प्रवीर ।।४८।।**

હે કુરુશ્રેષ્ઠ (અર્જુન) ! મનુષ્ય લોકમાં મારી આ પ્રકારની દિવ્ય રચનાઓને જોવી તમારા સિવાય કોઈ અન્ય માટે સંભવ (નથી). ન વેદના અભ્યાસથી, ન યજ્ઞ અને દાનથી, ન કોઈ ક્રિયાથી, અને ન ઘોર તપસ્યાથી.

(कुरु प्रवीश) હે કુરુશ્રેષ્ઠ (અર્જુન) ! (नृ-लोके) મનુષ્ય લોકમાં (अहम्) મારી (एवम् रुपः) આ પ્રકારની દિવ્ય રચનાઓને (द्रष्टुम्) જોવી (त्वत् अन्येन) તમારા સિવાય કોઈ અન્ય માટે (शक्यः) સંભવ (નથી). (न वेद यज्ञ अध्ययनै) ન વેદના અભ્યાસથી, ન યજ્ઞ (च) અને (न दानैः) ન દાનથી, (न क्रियाभिः) ન કોઈ ક્રિયાથી, (न तपोभिः उग्रैः) અને ન ઘોર તપસ્યાથી.

## ૧૧.૪૯

**मा ते व्यथा मा च विमूढ-भावः दृष्ट्वा रुपम् धोरम् इदम्।**
**व्यपेत-भीः प्रीत-मनाः पुनःत्वम् तत् एव मे रुपम् इदम् प्रपश्य ।।४६।।**

(હે અર્જુન !) ન તમે ભયભીત થઈ જાઓ અને ન ઉલઝનમાં વાંચો, જોઈને મારી આ ભયાનક રચનાઓ (નિર્માણ)ને (યમરાજને). નિ:સંદેહ ભયથી મુક્ત થવા અને મનની શાંતિ માટે ફરીથી જુઓ મારી આ મહાન રચનાને.

(मन्ते) (હે અર્જુન !) ન તમે (व्यथा) ભયભીત થઈ જાઓ (मा च) અને ન (विमुढ भाव) ઉલઝનમાં વાંચો, (दृष्टवा) જોઈને (मम्) મારી (इदम्) આ (घोरम्) ભયાનક (रुपम) રચનાઓ (નિર્માણ)ને (યમરાજને). (एव) નિ:સંદેહ (व्यपेत भीः) ભયથી મુક્ત થવા (प्रीत-मनाः) અને મનની શાંતિ માટે (पुनः) ફરીથી (प्रपश्य) જુઓ (मे) મારી (तत) આ (रुपम्) મહાન રચનાને.

## ૧૧.૫૦

**इति अर्जुनम् वासुदेवः तथा उक्तवा स्वकम् रुपम् दर्शयाम् आस भूयः ।**
**आश्वासयाम् आस च भीतम् एनम् भूत्वा पुनः सौम्य वपुः महा-आत्मा ।।५०।।**

આ રીતે કહેતાં પોતાની પ્રાકૃતિક શકઢતિથી (ઈશ્વરે) ફરીથી પોતાની (મહાન રચના)ને શ્રી કૃષ્ણના સ્થાન પર બતાવી, અને ભયભીત અર્જુનને સાંત્વના આપવા (તેમના) મિત્ર (અને) મહાન આત્મા (શ્રી કૃષ્ણ)નું શરીર ફરીથી પ્રગટ થઈ ગયું.

(इति) આ રીતે (उक्तवा) કહેતાં (स्वकम्) પોતાની પ્રાકૃતિક શકઢતિથી (ઈશ્વરે) (भूयः) ફરીથી (रुपम्) પોતાની (મહાન રચના)ને (वासुदेव) શ્રી કૃષ્ણ (सः) ના સ્થાન પર (दर्शयाम्) બતાવી, (तथा) અને (भीतम्) ભયભીત (अर्जुन) અર્જુનને (आश्वययाम् आस) સાંત્વના આપવા (તેમના) (सौम्य) મિત્ર (અને) (महा-आत्मा) મહાન આત્મા (શ્રી કૃષ્ણ)નું (वपुः) શરીર (पुनः) ફરીથી (भूत्वा) પ્રગટ થઈ ગયું.

## ૧૧.૫૧

**दृष्टवा इदम् मानुषम् रुपम् तव सौम्यम् जनार्दन ।**
**इदानीम् अस्मि संवृत्तः स-चेताः प्रकृतिम् गतः ।।५१।।**

(હે ઈશ્વર !) તમારી આ મનુષ્ય રચના, મારા પ્રિય શ્રી કૃષ્ણ (ને) જોઈને હવે હું શાંત (છું) અને મારું મન પણ પોતાની મૂળ અવસ્થામાં આવી ગયું છે.

(तव) (હે ઈશ્વર !) તમારી (इदम) આ (मनुष्यम्) મનુષ્ય (रुपम्) રચના, (सौम्यम) મારા પ્રિય (जनार्दन) શ્રી કૃષ્ણ (दृष्ट्वा) (ને) જોઈને (इदानीम्) હવે (अस्मि) હું (संवृत्तः) શાંત (છું) (स चेता) અને મારું મન પણ (प्रकृतिम् गतः) પોતાની મૂળ અવસ્થામાં આવી ગયું છે.

## ૧૧.૫૨-૫૩

**श्री भगवान उवाच,**
**सु-दुर्दर्शम् इदम् रुपम् दृष्टवान असि यत् मम ।**
**देवाः अपि रुपस्य नित्यम् दर्शन-काङ्क्षिणः ।।५१।।**

**न अहम् वेदैः न तपसा न दानेन न च चेज्यया ।**
**शक्यः एवम् विधः दृष्टुम् दृष्टवान् असि माम् यथा ।।५१।।**

ઈશ્વરે કહ્યું, મારી આ રચનાઓને અથવા મારા તેજને, જેને (તમે) જોયું છે, (એ રીતે) જોવું ખૂબ કઠિન છે. દેવતા પણ સદૈવ (મારી) આ રચનાઓને અથવા તેજને જોવાની ઇચ્છા કરે છે.
ન વેદોના અભ્યાસથી, ન તપસ્યાથી, ન દાનથી અને ન (ઘોર) પ્રાર્થના કરવાથી મને આ રીતે જોવું સંભવ છે, જે રીતે તમે જોયું.

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું, (मम) મારી (इदम् रुपम्) આ રચનાઓને અથવા મારા તેજને, (यत्) જેને (दृष्टवान असि) (તમે) જોયું છે, (એ રીતે) (सु-दुर्दर्शम्) જોવું ખૂબ કઠિન છે. (देवा) દેવતા (अपि) પણ (नित्यम्) સદૈવ (अस्य रुपस्य) (મારી) આ રચનાઓને અથવા તેજને (दर्शन काङ्क्षिण) જોવાની ઇચ્છા કરે છદ્રક

(न वैदै) ન વેદોના અભ્યાસથી, (न तपसा) ન તપસ્યાથી, (न दानेन) ન દાનથી (च) અને (न चेज्यजा) ન (ઘોર) પ્રાર્થના કરવાથી (मम) મને (एवम् विधः) આ રીતે (दृष्टुम्) જોવું (शक्य) સંભવ છે, (यथा) જે રીતે (दृष्ट्वान असि) તમે જોયું.

**મહત્ત્વપૂર્ણ ઉપદેશ**

## ૧૧.૫૪

**भक्त्या तु अनन्यया शक्यः अहम् एवम् विधः अर्जुन ।**
**ज्ञातुम् द्रष्टुम् च तत्त्वेन प्रवेष्टुम् च परन्तप ।।५४।।**

હે અર્જુન ! પરંતુ (જે મનુષ્યો) અન્ય શક્તિઓની પ્રાર્થના નથી કરતા, (તેમના માટે) સંભવ છે કે જે રીતે (તમે મારા) જ્ઞાન અને તત્ત્વને (સત્યને) (પોતાની આંખોથી) જોઈને શ્રદ્ધા અપનાવી, હું (એ જ રપ્રકારની શ્રદ્ધા તેમના હૃદયોમાં) પ્રવેશ કરવી દઉં (તેમના હૃદયોમાં ઈશ્વરની દૃઢ શ્રદ્ધા ઉત્પન્ન કરી દઉં).

(अर्जुन) હે અર્જુન ! (तु) પરંતુ (भक्त्या अनन्यया) (જે મનુષ્યો) અન્ય શક્તિઓની પ્રાર્થના નથી કરતા, (शक्यः) (તેમના માટે) સંભવ છે કે (एवम् विधः) જે રીતે (તમે મારા) (ज्ञातुम्) જ્ઞાન (च) અને (तत्त्वेन) તત્ત્વને (સત્યને) (द्रष्टुम्) (પોતાની આંખોથી) જોઈને શ્રદ્ધા અપનાવી, (अहम्) હું (એ જ રપ્રકારની શ્રદ્ધા તેમના હૃદયોમાં) (प्रवेष्टुम्) પ્રવેશ કરવી દઉં (તેમના હૃદયોમાં ઈશ્વરની દૃઢ શ્રદ્ધા ઉત્પન્ન કરી દઉં).

## ૧૧.૫૫

**मत्-कर्म-कृत मत्-परमः मत्-भक्तः सङ्ग-वर्जितः ।**
**निर्वैरः सर्व-भूतेषु यः सः माम् एति पाण्डव ।।५५।।**

હે અર્જુન ! જે (વ્યક્તિ કેવળ) મારા માટે કર્મ કરે છે, મને સૌથી મહાન માને છે, કેવળ મારી પ્રાર્થના કરે છે, સંગમ (શિર્ક, અનેકેશ્વરવાદ)ને છોડી દે છે, તમામ પ્રાણીઓમાં વૈમનસ્ય નથી રાખતો, તે વ્યક્તિ મને પામી લે છે (મારું સ્વર્ગ પ્રાપ્ત કરી લે છે).

(पाण्डवः) હે અર્જુન ! (यः) જે (વ્યક્તિ કેવળ) (मत् कर्म कृत) મારા માટે કર્મ કરે છે, (मत् परमः) મને સૌથી મહાન માને છે, (मत् भक्तः) કેવળ મારી પ્રાર્થના કરે છે, (सङ्ग-वर्जित) સંગમ (શિર્ક, અનેકેશ્વરવાદ)ને છોડી દે છે, (सर्व भूतेषु) તમામ પ્રાણીઓમાં (निर्वैरः) વૈમનસ્ય નથી રાખતો, (सः) તે વ્યક્તિ (माम् एति) મને પામી લે છે (મારું સ્વર્ગ પ્રાપ્ત કરી લે છે).

# (અધ્યાય–૧૨)
# ભક્તિ યોગ

## પરિચય

● અધ્યાય-૯ નો શ્લોક નં. ૨૩ આ પ્રમાણે છે :

''હે કુન્તી-પુત્ર (અર્જુન) ! નિઃસંદેહ, જેઓ અન્ય દેવતાઓની ભક્તિ કરે છે, અને શ્રદ્ધાની સાથે તેમની ભક્તિમાં લાગેલા રહે છે, નિઃસંદેહ, તેઓ પણ મારી જ ભક્તિ કરવા ચાહે છે (પરંતુ જ્ઞાન ન હોવાને કારણે) નિયમોનું ઉલ્લંઘન કરે છે.''

અજ્ઞાનતાના કારણે નિયમોનું ઉલ્લંઘન ન થાય એ જ આ અધ્યાયનું મુખ્ય જ્ઞાન છે.

## સારાંશ

● આ અધ્યાયના પહેલા શ્લોકમાં અર્જુન ઈશ્વરને પ્રશ્ન કરે છે કે, ''જે લોકો ઈશ્વરને નિરાકાર માનીને પ્રાર્થના કરે છે, અને જે લોકો ઈશ્વરને કોઈ આકારમાં માનીને પ્રાર્થના કરે છે, તેમનામાંથી અજ્ઞાની કોણ છે ?''

ઈશ્વરે આનું સ્પષ્ટીકરણ આ શબ્દોમાં કર્યું કે, ''જેઓ મારી આ શ્રદ્ધાની સાથે પ્રાર્થના કરે છે કે હું કોઈના પર નિર્ભર છું તે અજ્ઞાની છે.''

જો કોઈ શ્રદ્ધા રાખે છે કે દેવતા ઈશ્વર છે, તો દેવતા સ્વયં અસ્તિત્વમાં આવવા માટે કોઈના પર નિર્ભર કરે છે.

જો કોઈ શ્રદ્ધા રાખે છે કે અવતાર ઈશ્વર છે, તો અવતાર જન્મ લેવા માટે કોઈના પર નિર્ભર કરે છે.

જો કોઈ બ્રહ્માંડની કોઈ વસ્તુને ઈશ્વર માનીને પ્રાર્થના કરે છે, તો બ્રહ્માંડની દરેક વસ્તુ અસ્તિત્વમાં આવવા માટે કોઈના પર નિર્ભર કરે છે.

● શ્લોક નં. ૧૧.૪૩ માં ઈશ્વરને અપ્રતિમ કહેવામાં આવેલ છે, અર્થાત્ કોઈ આકારવિહિન. શ્લોક નં. ૧૩.૧૫ માં ઈશ્વરને નિર્ગુણ કહેવામાં આવેલ છે, અર્થાત્ તેનામાં મનુષ્ય સમાન સીમિત ગુણો નથી. શ્લોક નં. ૧૨.૩ માં ઈશ્વરને અવિનાશી, ન દેખાઈ શકે એવો, દરેક સ્થાન પર ઉપસ્થિત અને કલ્પનાથી પર અને ઉચ્ચતર કહેવામાં આવેલ છે.

તો, જે ઈશ્વરની આ પ્રકારની કલ્પના કરીને પ્રાર્થના કરશે એ જ જ્ઞાની છે.

● આના પછી દયાળુ ઈશ્વરે માનવ-જાતિને સ્વયં બતાવ્યું કે તેની પ્રાર્થના કેવી રીતે કરવામાં આવે. આનું વર્ણન શ્લોક નં. ૧૨.૫ થી ૧૨.૧૨ સુધી છે.

● આના પછી માનવ-જાતિને પ્રેરિત કરવા, ઉત્સાહિત કરવા અને ઉત્તેજિત કરવા ઈશ્વરે એ ગુણો બતાવ્યા, જેને અપનાવીને મનુષ્ય ઈશ્વરનો પ્રિય બની જાય છે. આ ગુણોનું વર્ણન શ્લોક નં. ૧૨.૧૩ થી ૧૨.૨૦ સુધી છે.

● આમ, આ અધ્યાય ઈશ્વરમાં શ્રદ્ધાને શુદ્ધ કરે છે અને મનુષ્યને કર્મ-યોગ અને કર્મ-સંન્યાસ માટે તૈયાર કરે છે.

# અધ્યાય

**મૂર્તિપૂજાનો નિષેધ**

## ૧૨.૧

**अर्जुन उवाच,**
**एवम् सतत युक्ताः ये भक्ताः त्वाम् पर्युपासते ।**
**ये च अपि अक्षरम् अव्यक्तम् तेषाम् के योगवित्-तमाः ।।१।।**

અર્જુને કહ્યું,
(હે ઈશ્વર !) તે (જે) સદૈવ તમારી પ્રાર્થનામાં લાગેલો રહે છે, (પરંતુ) એ રીતે (કે તે તમને કોઈ મૂર્તિમાં કે આકારવાળો માને છે), અને તે જે નિ:સંદેહ (તમને) અવિનાશી, ન દેખાવાવાળો માને છે, એ (બંનેમાં) કોણ (તમારાથી) જોડવાવાળી પ્રાર્થનાના જ્ઞાનથી અજ્ઞાન છે ?

(अर्जुन उवाच) અર્જુને કહ્યું,
(ये) (હે ઈશ્વર !) તે (જે) (सतत) સદૈવ (त्वाम्) તમારી (पर्युपासते) પ્રાર્થનામાં (भक्ता) લાગેલો રહે છે, (एवम्) (પરંતુ) એ રીતે (કે તે તમને કોઈ મૂર્તિમાં કે આકારવાળો માને છે), (च) અને (ये) તે જે (अपि) નિ:સંદેહ (તમને) (अक्षरम) અવિનાશી, (अव्यक्तम्) ન દેખાવાવાળો માને છે, (तेषाम्) એ (બંનેમાં) (के) કોણ (તમારાથી) (योग) જોડવાવાળી પ્રાર્થનાના (वित्) જ્ઞાનથી (तमाः) અજ્ઞાન છે ?

## ૧૨.૨

**मयि आवेश्यः मनः ये माम् नित्य युक्ताः उपासते ।**
**श्रद्धया परया उपेताः ते मे युक्त-तमाः मताः ।।२।।**

ઈશ્વરે કહ્યું, જે મને સ્થિત કરે છે મનમાં, (અને) સદૈવ લાગેલા રહે છે મારી ઉપાસનામાં, (અને) મારા (તરફ) ધ્યાન લગાવે છે એ શ્રદ્ધાની સાથે કે હું બીજાઓ પર નિર્ભર છું, તે અજ્ઞાનમાં યુક્ત છે (એવો) મારો નિર્ણય છે.

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું, (ये) જે (मयि) મને (आवेश्य) સ્થિત કરે છે (मन) મનમાં, (અને) (नित्य) સદૈવ (युक्ता) લાગેલા રહે છે (माम्) મારી (उपासते) ઉપાસનામાં, (मे) (અને) મારા (તરફ) (उपेता) ધ્યાન લગાવે છે (श्रद्धया) એ શ્રદ્ધાની સાથે કે (परया) હું બીજાઓ પર નિર્ભર છું, (ते) તે (तमा) અજ્ઞાનમાં (युक्त) યુક્ત છે (मताः) (એવો) મારો નિર્ણય છે.

નોંધ : નિર્ભર હોવાનો અર્થ છે મનુષ્ય કે કોઈ પ્રાણી હોવું. કારણ કે જીવિત રહેવા માટે મનુષ્ય અને પ્રાણી બીજાઓ પર નિર્ભર કરે છે.

---

**નોંધ ૧૨.૧ :** નાલંદા વિશાલ શબ્દ સાગર કોષમાં '**तम**' અને '**वित**'ના નીચે પ્રમાણે અર્થ બતાવ્યા છે:
**तम** = અંધકાર, અંધારું, પાપ, અજ્ઞાન (પૃ.નં. ૪૯૯) **वित** = જાણકાર, જ્ઞાતા, ચતુર, નિપુણ (પૃ.ન.૧૨૬૪)

---

**નોંધ ૧૨.૨ :** મોનીયર વિલીયમ શબ્દ-કોષમાં '**परया**' અને '**उपेता**'નો નીચે મુજબ અર્થ બતાવ્યો છે :
**परया** = બીજાઓ પર નિર્ભર કરવું. **उपेता** = સંબોધિત કરવું, મુખાતિબ હોના.
શ્લોક નં. ૧૧.૪૩માં ઈશ્વરને **અપ્રતિમ** કહેલ છે. શ્લોક નં.૧૩.૧૫માં ઈશ્વરને **નિર્ગુણ** કહેલ છે.
શ્લોક નં. ૧૨.૩માં ઈશ્વરને **ન દેખાવાવાળો** કહેલ છે.
આ શબ્દોના આધારે અમે શ્લોક નં. ૧૨.૨નો અનુવાદ કરેલ છે.

---

**નોંધ ૧૨.૨ :** પવિત્ર કુર્આનમાં અજ્ઞાનીઓ વિશે લખ્યું છે કે, ''તેમણે ઈશ્વરની કદર (મહત્ત્વ, મહિમા) ન જાણી, જે રીતે કે તેને જાણવાનો હક છે. નિ:સંદેહ ઈશ્વર શક્તિશાળી અને પ્રભુત્વશાળી છે.'' (સૂર: અલ-હજ, ૨૨, આયત ૭૪)

### ઈશ્વરમાં શ્રદ્ધાવાળા લોકો સ્વર્ગ કેવી રીતે પ્રાપ્ત કરે છે

## ૧૨.૩

**ये तु अक्षरम् अनिर्देश्यम् अव्यक्तम् पर्युपासते ।**
**सर्वत्र-गम् अचिन्त्यम् च कूट-स्थम् अचलम् ध्रुवम् ।।३।।**

પરંતુ તે જે ધ્યાનને ભટકાવ્યા વગર પર્વત સમાન અટલ થઈને બેસે છે, અને પોતાના નાકની ટોચ પર ધ્યાન લગાવે છે, (અર્થાત્ ઈશ્વરની યાદમાં એકાગ્ર થાય છે), અને (મારી) પ્રાર્થના કરે છે, (અને મને) અવિનાશી, ન દેખાવાવાળા (મૂર્તિ વગરના), દરેક સ્થાન પર ઉપસ્થિત સર્વવ્યાપી અને કલ્પનાથી ઉચ્ચતર (માને છે).

(तु) પરંતુ (ये) તે જે (अचतम्) ધ્યાનને ભટકાવ્યા વગર (कूट-स्थम्) પર્વત સમાન અટલ થઈને બેસે છે, (ध्रुवम्) અને પોતાના નાકની ટોચ પર ધ્યાન લગાવે છે, (અર્થાત્ ઈશ્વરની યાદમાં એકાગ્ર થાય છે), (च) અને (पर्युपासते) (મારી) પ્રાર્થના કરે છે, (અને મને) (अक्षरम्) અવિનાશી, (अनिर्देश्यम् अव्यक्तम्) ન દેખાવાવાળા (મૂર્તિ વગરના), (सर्वत्र गम्) દરેક સ્થાન પર ઉપસ્થિત સર્વવ્યાપી (अचिन्त्यम्) અને કલ્પનાથી ઉચ્ચતર (માને છે).

## ૧૨.૪

**सन्नियम्य इन्द्रिय-ग्रामम् सर्वत्र सम-बुद्धयः ।**
**ते प्राप्नुवन्ति माम् एव सर्व भूत-हिते रताः ।।४।।**

એ જે નિયંત્રણ કરે છે દરેક બાજુથી (અને દરેક પ્રકારે) પોતાની ઇન્દ્રિયોને, અને એક જ સમાન રહે છે (સુખ-દુઃખમાં), અને હંમેશા પ્રાણીઓના હિત (કલ્યાણ)માં વ્યસ્ત રહે છે, નિઃસંદેહ (તે) મને પામી લે છે.

(ते) એ જે (सान्नियम्य) નિયંત્રણ કરે છે (सर्वत्र) દરેક બાજુથી (અને દરેક પ્રકારે) (इन्द्रिय-ग्रामम्) પોતાની ઇન્દ્રિયોને, (सम-बुद्धयः) અને એક જ સમાન રહે છે (સુખ-દુઃખમાં), અને (सर्व) હંમેશા (भूत) પ્રાણીઓના (हिते) હિત (કલ્યાણ)માં (रताः) વ્યસ્ત રહે છે, (एवं) નિઃસંદેહ (તે) (माम्) મને (प्राप्नुवन्ति) પામી લે છે.

### નિરાકાર ઈશ્વર પર ધ્યાન કેન્દ્રિત ન થાય તો શું કરવું

## ૧૨.૫

**क्लेशः अधिकतरः तेषाम् अव्यक्त आसक्त चेतसाम् ।**
**अव्यक्ताहिगतिः दुखम् देह-वद्भिः अवाप्यते ।।५।।**

ન દેખાવાવાળા (ઈશ્વરની યાદમાં) મનને લગાવવું ખૂબ જ કઠિન કામ છે આ શરીરવાળા મનુષ્યો માટે. નિઃસંદેહ, ન દેખાવાવાળા ઈશ્વરના સત્ય માર્ગને જાણવું (પણ) ખૂબ જ કઠિન છે.

(अव्यक्त) ન દેખાવાવાળા (ઈશ્વરની યાદમાં) (चेतसाम) મનને (आसक्त) લગાવવું (अधिकतर) ખૂબ જ (क्लेशः) કઠિન કામ છે (तेषाम) આ (वद्भिः) શરીરવાળા મનુષ્યો માટે. (हि) નિઃસંદેહ, (अव्यक्ता) ન દેખાવાવાળા ઈશ્વરના (गतिः) સત્ય માર્ગને (अवाप्यते) જાણવું (પણ) (दुखम्) ખૂબ જ કઠિન છે.

## ૧૨.૬

**ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्त मत-पराः ।**
**अनन्येन एव योगेन माम् ध्यायन्तः उपासते ।।६।।**

પરંતુ તે જે બધા કર્મ (માત્ર) મારા માટે (કરે છે), અન્ય દેવતાઓની) પ્રાર્થના ત્યાગી દે છે, અને મને પોતાના

(तु) પરંતુ (ये) તે જે (सर्वाणि) બધા (कर्माणि) કર્મ (मयि) (માત્ર) મારા માટે (કરે છે), (अनन्येन) અન્ય (દેવતાઓની) (योगेन) પ્રાર્થના (संन्यस्य) ત્યાગી દે છે, (एवं) અને (माम) મને (ध्यायन्त) પોતાના મનમાં રાખીને

મનમાં રાખીને પ્રાર્થના કરે છે, (અને) મને પ્રાપ્ત કરવું પોતાના જીવનનું લક્ષ્ય બનાવે છે.

(उपासते) પ્રાર્થના કરે છે, (मत-पराः) (અને) મને પ્રાપ્ત કરવું પોતાના જીવનનું લક્ષ્ય બનાવે છે.

## ૧૨.૭

**तेषाम् अहम् समुद्धर्ता मृत्यु संसार सागरात् ।**
**भवामि न चिरात् पार्थ मयि आवेशित चेतसाम् ।।७।।**

હે પાર્થ (અર્જુન) ! (જે લોકો) મારામાં પોતાના વિચારોને સ્થિત રાખવાવાળા છે, એ લોકોને હું મૃત્યુવાળા (કષ્ટવાળા) સાંસારિક જીવનના સમુદ્રમાં વધારે સમય સુધી નથી (રહેવા દેતો), અને ખૂબ જલ્દી મુક્તિ આપી દઉંછું (કષ્ટથી અને જીવનમાં સુખ-શાંતિ પ્રદાન કરું છું).

(पार्थ) હે પાર્થ (અર્જુન) ! (मयि) (જે લોકો) મારામાં (चेतसाम्) પોતાના વિચારોને (आवेशित) સ્થિત રાખવાવાળા છે, (तेषाम्) એ લોકોને (अहम्) હું (मृत्यु संसार) મૃત્યુવાળા (કષ્ટવાળા) સાંસારિક જીવનના (सागरात्) સમુદ્રમાં (चीरात्) વધારે સમય સુધી (न) નથી (રહેવા દેતો), અને (समुद्धर्ता) ખૂબ જલ્દી (भवामि) મુક્તિ આપી દઉંછું (કષ્ટથી અને જીવનમાં સુખ-શાંતિ પ્રદાન કરું છું).

## ૧૨.૮

**मयि एव मनः आधत्स्व मयि बुद्धिम् निवेशय ।**
**निवसिष्यसि मयि एव अतःउर्ध्वम् न संशयः ।।८।।**

પોતાના મનમાં કેવળ મને સ્થિત કરો. પોતાની બુદ્ધિને મારા શરણમાં આપો. નિઃસંદેહ, તેના પછી (તમે) મારા (માં) તલ્લીન (મગ્ન) રહેવા લાગશો, એ વાતમાં કોઈ સંદેહ નથી.

(मनः) પોતાના મનમાં (एव) કેવળ (माम) મને (आधत्स्व) સ્થિત કરો. (बुद्धिम्) પોતાની બુદ્ધિને (मयि) મારા (निवेशय) શરણમાં આપો. (एव) નિઃસંદેહ, (अतः उर्ध्वम्) તેના પછી (તમે) (मयि) મારા (માં) (निवसिष्यसि) તલ્લીન (મગ્ન) રહેવા લાગશો, (संशयः) એ વાતમાં કોઈ સંદેહ (न) નથી.

## ૧૨.૯

**अथ चित्तम् समाधातुम् न शक्नोषि मयि स्थिरम् ।**
**अभ्यास-योगेन ततः माम् इच्छ आप्तुम् धनंजय ।।९।।**

હે અર્જુન ! જો મારામાં દઢતાની સાથે પોતાના મનને સ્થિત રાખવું (એકાગ્ર રાખવું) સંભવ ન (હોય) તો મને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી વેદોના અભ્યાસ (શીખવામાં) લાગી જાઓ.

(धनंजय) હે અર્જુન ! (अथ) જો (मयि) મારામાં (स्थिरम्) દઢતાની સાથે (चित्तम्) પોતાના મનને (समाधातुम्) સ્થિત રાખવું (એકાગ્ર રાખવું) (शक्नोषि) સંભવ (न) ન (હોય) (ततः) તો (माम) મને (आप्तुम्) પ્રાપ્ત કરવાની (इच्छा) ઇચ્છાથી (अभ्यास) વેદોના અભ્યાસ (શીખવામાં) (योगेन) લાગી જાઓ.

## ૧૨.૧૦

**अभ्यासे अपि असमर्थः असि मत-कर्म परमः भव ।**
**मत-अर्थम् अपि कर्माणि कुर्वन् सिद्धि अवाप्स्यसि ।।१०।।**

(જો તમે) વેદોને શીખવામાં પણ અસમર્થ હોવ (તો પછી મુજ ઈશ્વરને) સૌથી મહાન માનીને મારા (આદેશ અનુસાર) કર્મોને (કેવળ) મારા માટે જ (કરવાવાળા)

(अभ्यासे) (જો તમે) વેદોને શીખવામાં (अपि) પણ (असमर्थः) અસમર્થ (असि) હોવ (परम्) (તો પછી મુજ ઈશ્વરને) સૌથી મહાન માનીને (मतः) મારા (આદેશ અનુસાર) (कर्म) કર્મોને (मत) (કેવળ) મારા (अर्थम्)

બનો. આ રીતે કર્મોને કુશળતાપૂર્વક કરવાથી (તમે) (મને) પામી લેશો.

મારા માટે જ (भव) (કરવાવાળા) બનો. (अपि) આ રીતે (कर्माणि) કર્મોને (सिद्धिम्) કુશળતાપૂર્વક (कुर्वन्) કરવાથી (તમે) (अवाप्स्यसि) (મને) પામી લેશો.

## ૧૨.૧૧

**अथ एव अपि अशक्तः असि कर्तुम् मत् योगम् आश्रितः।**
**सर्व-कर्म फल त्यागम् ततः कुरु यत-आत्मवान् ।।११।।**

જો આ રીતે પણ (તમે) અસમર્થ છો (મારું) શરણ લઈને મારી પ્રાર્થના કરવા માટે, તો પોતાના બધા સત કર્મોના કર્મ ફળને છોડી દો. (અર્થાત્ નિઃસ્વાર્થ કર્મ કરો અને) પોતાના મનને વશમાં રાખો.

(अथ) જો (असि) આ રીતે (अपि) પણ (अशक्तः) (તમે) અસમર્થ છો (आश्रितः) (મારું) શરણ લઈને (मत) મારી (योगम्) પ્રાર્થના (कर्तुम्) કરવા માટે, (ततः) તો (सर्व कर्म) પોતાના બધા સત કર્મોના (फल) કર્મ ફળને (त्यागम्) છોડી દો. (અર્થાત્ નિઃસ્વાર્થ કર્મ કરો અને) (आत्मवान्) પોતાના મનને (यत) વશમાં (कुरु) રાખો.

## ૧૨.૧૨

**श्रेयः हि ज्ञानम् अभ्यासात् ज्ञानात् ध्यानम् विशिष्यते ।**
**ध्यानात् कर्मफल-त्यागः त्यागात् शान्तिः अनन्तरम् ।।१२।।**

નિઃસંદેહ (વેદોને) વાંચીને જ્ઞાન પ્રાપ્ત કરવું શ્રેષ્ઠ છે. જ્ઞાન પ્રાપ્ત કરવાથી વધારે શ્રેષ્ઠ છે એ જ્ઞાનને સમજવું (તેમાં ધ્યાન લગાવવું). પરંતુ જ્ઞાને માત્ર સમજવાથી શ્રેષ્ઠ છે તેના અનુસાર નિઃસ્વાર્થ કર્મ કરવું, કેમ કે અંતમાં અનંત શાંતિ કેવળ કર્મ ફળ ત્યાગવાથી અથવા નિઃસ્વાર્થ કર્મ કરવાથી જ પ્રાપ્ત થાય છે.

(हि) નિઃસંદેહ (अभ्यासात) (વેદોને) વાંચીને (ज्ञानम्) જ્ઞાન પ્રાપ્ત કરવું (श्रेयः) શ્રેષ્ઠ છે. (ज्ञानात्) જ્ઞાન પ્રાપ્ત કરવાથી (विशिष्यते) વધારે શ્રેષ્ઠ છે (ध्यानम्) એ જ્ઞાનને સમજવું (તેમાં ધ્યાન લગાવવું). (ध्यानात) પરંતુ જ્ઞાને માત્ર સમજવાથી શ્રેષ્ઠ છે (कर्म फल त्याग) તેના અનુસાર નિઃસ્વાર્થ કર્મ કરવું, (अनन्तरम्) કેમ કે અંતમાં અનંત (शान्तिः) શાંતિ કેવળ (त्यागात्) કર્મ ફળ ત્યાગવાથી અથવા નિઃસ્વાર્થ કર્મ કરવાથી જ પ્રાપ્ત થાય છે.

## ૧૨.૧૩

**अद्वेष्टा सर्व-भूतानाम् मैत्रः करुणः एव च ।**
**निर्ममः निरहंकारः सम दुःख सुखः क्षमी ।।१३।।**

(ઈશ્વરે કહ્યું કે તે વ્યક્તિ મને પ્રિય છે, જે) નિઃસંદેહ, બધા પ્રાણીઓથી દ્વેષ નથી રાખતો. (તેમનો) મિત્ર, દયા કરવાવાળો, અને કોમળ હૃદયવાળો, અહંકાર

(ઈશ્વરે કહ્યું કે તે વ્યક્તિ મને પ્રિય છે, જે) (एवं) નિઃસંદેહ, (सर्व) બધા (भूतानाम्) પ્રાણીઓથી (अद्वेष्टा) દ્વેષ નથી રાખતો. (मैत्र) (તેમનો) મિત્ર, (करुण) દયા કરવાવાળો, (च) અને (निर्ममः) કોમળ હૃદયવાળો, (निरहंकार) અહંકાર વગર (क्षमी) ક્ષમા કરવાવાળો

**નોંધ ૧૨.૧૩ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું કે, ''પોતાના ઈશ્વરને પોકારો આજીજીપૂર્વક અને ચુપકે-ચુપકે, નિઃસંદેહ તે (ધાર્મિક) સીમાનું ઉલ્લંઘન કરવાવાળાઓને પસંદ નથી કરતો.'' (સૂરઃ અલ-આ'રાફ, ૭, આયત ૫૫)

વગર, ક્ષમા કરવાવાળો, (અને) દુઃખ સુખમાં એક સમાન રહે છે.

(અને) (दुख सुख) દુઃખ સુખમાં (सम) એક સમાન રહે છે.

## ૧૨.૧૪

**सन्तुष्टः सततम् योगी यत-आतमा दृढ-निश्चयः ।**
**मयि अर्पित मनःबुद्धिः य मत् भक्तः सः प्रियः ।।१४।।**

એ (વ્યક્તિ) મને પ્રિય છે, (જે) સંતુષ્ટ રહે છે. હંમેશા પ્રાર્થનામાં લાગેલો રહે છે. પોતાના મન પર નિયંત્રણ રાખે છે. દૃઢ નિશ્ચયવાળો છે, અને જે મન અને બુદ્ધિને મને અર્પિત કરી દે છે, (અને જે) કેવળ મારી પ્રાર્થના કરે છે.

(सः) એ (વ્યક્તિ) (मे) મને (प्रियः) પ્રિય છે, (જે) (संतुष्ट) સંતુષ્ટ રહે છે. (सततम् योगी) હંમેશા પ્રાર્થનામાં લાગેલો રહે છે. (यत-आत्मा) પોતાના મન પર નિયંત્રણ રાખે છે. (दृढ निश्चय) દૃઢ નિશ્ચયવાળો છે, (यः) અને જે (मनः बुद्धिः) મન અને બુદ્ધિને (मयि) મને (अर्पित) અર્પિત કરી દે છે, (અને જે) (मत् भक्त) કેવળ મારી પ્રાર્થના કરે છે.

## ૧૨.૧૫

**यस्मान् न उद्धि जते लोकःलोकात् न उद्विजते च यः ।**
**हर्ष अमर्ष भय उद्वेगैः मुक्तः यः सः च मे प्रियः।।१५।।**

જેનાથી લોકોને ન કષ્ટ પહોંચે છે, અને ન તો લોકો જેને કષ્ટ આપે છે, અને જે આનંદ, દુઃખ, ભય (અને) ચિંતાથી મુક્ત છે, તે મારો પ્રિય છે.

(यस्मान्) જેનાથી (लोकः) લોકોને (न) ન (उद्विजते) કષ્ટ પહોંચે છે, (च) અને (न) ન તો (लोकात्) લોકો (यः) જેને (उद्विजते) કષ્ટ આપે છે, (च) અને (य) જે (हर्ष) આનંદ, (अमर्ष) દુઃખ, (भय) ભય (અને) (उद्वेगै) ચિંતાથી (मुक्त) મુક્ત છે, (सः) તે (मे) મારો (प्रियः) પ્રિય છે.

## ૧૨.૧૬

**अनपेक्षः शुचिः दक्षः उदासीनः गत-व्यथः ।**
**सर्व-आरम्भ परित्यागी यः मत् भक्तः सः मे प्रियः ।।१६।।**

જે (ઈશ્વર સિવાય કોઈનાથી) અપેક્ષા નથી રાખતો. જે સ્વચ્છ રહેવાવાળો, સત્યવાદી (ઈમાનદાર),નિરપેક્ષ

(अनपेक्षः) જે (ઈશ્વર સિવાય કોઈનાથી) અપેક્ષા નથી રાખતો. (શુચિઃ) જે સ્વચ્છ રહેવાવાળો, (दक्षः) સત્યવાદી (ઈમાનદાર) (उदासीन) નિરપેક્ષ (गत-व्यथः)

---

**નોંધ ૧૨.૧૬ :** આ શ્લોક નં.૧૨.૧૬ માં એક શબ્દ છે - **आरम्भ**. આ શબ્દ આગળ પણ ઘણી વાર આવશે. સ્વામી મુકુન્દાનન્દે આનો અર્થ Undertaking અને સ્વામી રામ સુખદાસજીએ **नए कर्म** (નવા કર્મ) લખ્યો છે. કુર્આનના પ્રકાશમાં મારી શોધ અનુસાર આ એ કર્મ છે, જેને કરવાથી ન પાપ થાય છે અને ન પુણ્ય મળે છે, માત્ર સમય નષ્ટ થાય છે. કુર્આનમાં આને વ્યર્થ કામ કહેલ છે, અને આ આયતમાં કહ્યું છે કે ઈશ્વરના પવિત્ર ભક્તો (મોમિનો) વ્યર્થ કામથી દૂર રહે છે. (સૂરઃ અલ-મોમિનૂન, ૨૩, આયત ૩)
આવા કામના કેટલાક ઉદાહરણો છે - બાજીપત્તા રમવા, કેરમ રમવું વગેરે. આ રમતોથી ન શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સારું થાય છે અને ન કોઈ જ્ઞાન પ્રાપ્ત થાય છે. માત્ર સમય નષ્ટ થાય છે, અને સમય એ ઈશ્વરનું વરદાન છે. તેને નષ્ટ કરવો પણ ઈશ્વરના ઉપહારનું અપમાન કરવું છે.

**નોંધ ૧૨.૧૬ :** નાલંદા વિશાલ શબ્દ સાગર કોષમાં **उदास** નો એક અર્થ નિરપેક્ષ લખ્યો છે. (પૃ.ન.૧૫૬)

ભય અને શોકથી મુક્ત છે, જેણે બધા વ્યર્થ કામો ત્યાગી દીધા હોય, તે ભક્ત મને પ્રિય છે.

ભય અને શોકથી મુક્ત છે, (યઃ) જેણે (सर्व) બધા (आरम्भ) વ્યર્થ કામો (परित्यागी) ત્યાગી દીધા હોય, (સઃ) તે (भक्तः) ભક્ત (મે) મને (પ્રિયઃ) પ્રિય છે.

## ૧૨.૧૭

**यः न हृष्यति न द्वेष्टि न शोचित न काङ्क्षति ।**
**शुभ अशुभ परित्यागी भक्ति-मान् यः सः मे प्रियः ।।१७।।**

તે (જે) ન વધારે ખુશી મનાવે છે, (અને) ન વધારે શોક મનાવે છે, ન વિલાપ કરે છે, (અને) ન ખૂબ વધારેની ઇચ્છા રાખે છે. તે (જેણે) શુભ-અશુભ (ની આસ્થાને) ત્યાગી દીધી છે, જે મારી ભક્તિમાં ગર્વ અનુભવ કરે છે. તે મને પ્રિય છે.

(યઃ) તે (જે) (ન) ન (हृष्यति) વધારે ખુશી મનાવે છે, (ન) (અને) ન (द्वेष्टि) વધારે શોક મનાવે છે, (ન) ન (शोचति) વિલાપ કરે છે, (ન) (અને) ન (काङ्क्षति) ખૂબ વધારેની ઇચ્છા રાખે છે. (યઃ) તે (જેણે) (શુભ-અશુભ) શુભ-અશુભ (ની આસ્થાને) (परित्यागी) ત્યાગી દીધી છે, (भक्ति-मान) જે મારી ભક્તિમાં ગર્વ અનુભવ કરે છે. (સઃ) તે (મે) મને (પ્રિયઃ) પ્રિય છે.

## ૧૨.૧૮

**समः शत्रौ च मित्रे च तथा मान अपमाानयोः ।**
**शीत उष्ण सुख दुःखेषु समः सङ्गविविर्जितः ।।१९।।**

(તે જે) મિત્ર અને શત્રુથી એક સમાન (યોગ્ય ન્યાયપૂર્વક) વર્તન કરવાવાળો છે, અને (જે) સન્માન, અપમાન, ઠંડી (ગરીબી), ગરમી (અમીરી), સુખ અને દુઃખમાં એક સમાન રહે છે, અને જે સંગમ (શિર્ક)ને છોડવાવાળો છે. (તે મને પ્રિય છે.)

(मित्र) (તે જે) મિત્ર (च) અને (क्षत्रौ) શત્રુથી (समः) એક સમાન (યોગ્ય ન્યાયપૂર્વક) વર્તન કરવાવાળો છે, (तथा) અને (જે) (मान) સન્માન, (अपमानयोः) અપમાન, (शीत) ઠંડી (ગરીબી), (उष्ण) ગરમી (અમીરી), (सुख) સુખ (च) અને (दुःखेषु) દુઃખમાં (समः) એક સમાન રહે છે, (सङ्ग) અને જે સંગમ (શિર્ક)ને (विवर्जितः) છોડવાવાળો છે. (તે મને પ્રિય છે.)
ળકશ્વધ્મ :

## ૧૨.૧૯

**तुल्य निन्दा स्तुतिः मौनी सन्तुष्टः येन केनचित् ।**
**अनिकेतः स्थिरः मतिः भक्तिमान् मे प्रियः नरः ।।१९।।**

(જેના માટે) નિંદા (અને) પ્રશંસા એક સમાન છે. મૌન રહેવાવાળો, બધા પ્રકારની પરિસ્થિતિમાં સંતુષ્ટ રહેવાવાળો, બેઘર (● કોઈ સ્થાનથી જોડાયેલ નહીં, સંપૂર્ણ પૃથ્વી જેના માટે એક સમાન છે, તે દેશ અને

(निन्दा) (જેના માટે) નિંદા (અને) (स्तुति) પ્રશંસા (तुल्य) એક સમાન છે. (मौनी) મૌન રહેવાવાળો, (येन केनचित्) બધા પ્રકારની પરિસ્થિતિમાં (सन्तुष्टः) સંતુષ્ટ રહેવાવાળો, (अनिकेत) બેઘર (● કોઈ સ્થાનથી જોડાયેલ નહીં, સંપૂર્ણ પૃથ્વી જેના માટે એક સમાન છે,

---

**નોંધ ૧૨.૧૬ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''નિઃસંદેહ, સફળતા પ્રાપ્ત કરી છે ઈમાન લાવવા-વાળાઓએ (એક ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાવાળાઓએ), જેઓ પોતાની નમાઝમાં વિનમ્રતા અપનાવે છે, વ્યર્થ વાતોથી દૂર રહે છે, ઝકાત (દાન) આપે છે, અને પોતાના ગુપ્ત અંગોની સુરક્ષા કરે છે (પાપથી બચે છે).'' (સુરઃ અલ-મોમિનૂન, ૨૩, આયત ૧-૫)

પ્રાંતના નામ પર નફરત નથી કરતો) દઢ શ્રદ્ધાવાળા, મારી ભક્તિમાં સન્માન (ગર્વ) અનુભવ કરવાવાળો, એવો મનુષ્ય મને પ્રિય છે.

તે દેશ અને પ્રાંતના નામ પર નફરત નથી કરતો) (स्थिरः मतिः) દઢ શ્રદ્ધાવાળા, (भक्तिमान्) મારી ભક્તિમાં સન્માન (ગર્વ) અનુભવ કરવાવાળો, (नरः) એવો મનુષ્ય (मे) મને (प्रिय) પ્રિય છે.

**અધ્યાયનો સારાંશ**

## ૧૨.૨૦

**ये तु धर्म अमृतम् इदम् यथा उक्तम् पर्युपासते ।**
**श्रद्दधानाः मत परमाः भक्ताः ते अतीव मे प्रियाः ।।२०।।**

જે વ્યક્તિ આ ધર્મ (અને) સ્વર્ગ (વિશે) જે રીતે કહેવામાં આવ્યું છે, (તેના પર) પૂર્ણરૂપે શ્રદ્ધા રાખતાં, મુજ સૌથી મહાન ઈશ્વરની ભક્તિમાં (લાગેલો છે), તે મને સૌથી વધારે પ્રિય છે.

(च) જે વ્યક્તિ (इदम्) આ (धर्म) ધર્મ (અને) (अमृतम्) સ્વર્ગ (વિશે) (यथा) જે રીતે (उक्तम्) કહેવામાં આવ્યું છે, (पर्युपासते) (તેના પર) (श्रद्दधाना) પૂર્ણરૂપે શ્રદ્ધા રાખતાં, (मत) મુજ (परमा) સૌથી મહાન ઈશ્વરની (भक्ता) ભક્તિમાં (લાગેલો છે), (ते) તે (मे) મને (अतीव) સૌથી વધારે (प्रियाः) પ્રિય છે.

(અધ્યાય–૧૩)

# ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ વિભાગ યોગ

## પરિચય

અધ્યાય નં. ૭, ૧૦ અને ૧૧ માં ઈશ્વરે પોતાની મહાન રચનાઓનું વર્ણન કર્યું છે, જેથી મનુષ્ય તેને જુએ, ચિંતન-મનન કરે અને ઈશ્વરની મહાનતાને હૃદયથી માની લે. પરંતુ આ બધી બાહ્ય વસ્તુઓ હતી, જેનાથી કોઈ વ્યક્તિ બરાબર પરિચિત હોય છે અને કોઈ નથી પણ હોતો. આ કારણે ઈશ્વર હવે પોતાની એ મહાન રચનાઓનું વર્ણન કરી રહ્યો છે, જે મનુષ્યના શરીરની અંદર છે. જે વ્યક્તિ પણ તેમાં ધ્યાન લગાવશે તે તેનો અવશ્ય અનુભવ કરશે.

ઈશ્વરે માટીની એક મૂર્તિ બનાવી, પછી આ માટીની મૂર્તિમાં પોતાના તેજના અંશથી પ્રાણ ફૂંક્યા, જેનાથી તેનું હૃદય ધડકવા લાગ્યું. પોતાની રૂહમાંથી તેમાં રૂહ ફૂંકી, જેનાથી તે બુદ્ધિશાળી થઈ ગયો. તેણે એક આધ્યાત્મિક આત્મા આ શરીરમાં મૂક્યો, જેમાં ત્રણ પ્રકારના સ્વભાવ મૂક્યા (સત્વ, રજો અને તમો ગુણ), કામ, ક્રોધ અને લાલચની ભાવનાઓ મૂકી, છ પ્રકારની ઈચ્છાઓ મૂકી, જેના કારણે મનુષ્ય નિરંતર કામ કરતો રહે છે. આ ઉપરાંત, ૧૯ એવી ભાવનાઓ મૂકી, જે મનુષ્યને મહાન અને સર્વશ્રેષ્ઠ પ્રાણી બનાવી દે છે. ઈશ્વરે મનુષ્યને એટલો ઉત્તમ બનાવ્યો છે કે કોઈ વૈજ્ઞાનિક આવો રોબોટ બનાવી શકતો નથી. તેજ, અંશ, પ્રાણ, રૂહ, આત્માને આપણે નોંધ નં. N-૧ અને નોંધ નં.N-૨ વાંચી ચૂક્યા છીએ.

હવે આ અધ્યાયમાં ૧૯ એવા ગુણોનું વર્ણન શ્લોક નં.૧૩.૬ થી ૧૩.૯ સુધી છે, જે ઈશ્વરની મહાનતાનું પ્રમાણ છે.

આ અધ્યાયનો ઉદ્દેશ્ય એ જ છે કે મનુષ્ય પોતાનામાં ધ્યાન લગાવે, ચિંતન કરે, પોતાને ઓળખે. પોતાને ઓળખશે તો મહાન ઈશ્વરને ઓળખશે, જેની તે મહાન રચના છે. એ રીતે તેની ઈશ્વરમાં શ્રદ્ધા વધારે મજબૂત થશે અને તે એવો મહાપુરુષ બનશે જે ઈશ્વર ચાહે છે.

## સારાંશ

- શ્લોક નં. ૧૩.૧ થી ૧૩.૪ માં ઈશ્વરે પોતાનો પરિચય માનવ-જાતિને નિર્માણ કરવાવાળો અને જ્ઞાન પ્રદાન કરવાવાળો કહીને આપ્યો છે.
- શ્લોક નં. ૧૩.૫ માં ઈશ્વરે બ્રહ્મ-સૂત્રને સૌથી સત્ય કહ્યું, અને બ્રહ્મ-સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે ઈશ્વર એક છે.
- શ્લોક નં. ૧૩.૬ થી ૧૩.૧૧ માં ઈશ્વરે એ ગુણોનું વર્ણન કર્યું છે, જે તેની મહાન રચના છે, અને આ ગુણોથી મનુષ્ય પણ મહાનતાના ઉચ્ચ સ્તર સુધી પહોંચે છે.
- શ્લોક નં. ૧૩.૧૩ થી ૧૩.૧૯ માં ઈશ્વરે પોતાના એ ગુણોનું વર્ણન કર્યું છે, જે ઈશ્વર સિવાય કોઈમાં નથી હોઈ શકતા.

જો કોઈ મનુષ્ય ઈશ્વર હોવાનો કે તેના અવતારનો દાવો કરે તો જુઓ કે તેનામાં એ ગુણો જે ઈશ્વરે આ શ્લોકોમાં પોતાના વિશે

બતાવ્યા છે તે તેનામાં છે કે નથી, અને જો નથી તો તે ઈશ્વર નથી હોઈ શકતો.

● જ્યારે ઈશ્વરે આ બ્રહ્માંડની રચના કરી હતો તે વખતે બ્રહ્માંડના જન્મથી પ્રલય સુધી જે થવાનું છે તે બધું જ લખી લીધું હતું. આને ભાગ્ય કહે છે.

ઘણી વાર જીવનમાં આપણી ભૂલ ન હોવા છતાં આપણે ઘણું નુકસાન કે કષ્ટ ઉઠાવવું પડે છે. આ ભાગ્યના કારણે થાય છે. જો આપણે આ જ્ઞાનથી પરિચિત રહીશું તો શાંત રહીશું અને ઈશ્વરથી સુખ-શાંતિની પ્રાર્થના કરતા રહશું, અને જો આપણો ભાગ્ય પર વિશ્વાસ ન રહ્યો તો એ નુકસાન કે કષ્ટ જે આપણને આપણી ભૂલ ન હોવા છતાં મળે છે, આપણે તેને ઈશ્વરનો અન્યાય માનીશું. આપણો ધર્મ અને માનવતાથી વિશ્વાસ ઉઠી જશે અને આપણે પોતે અન્યાય અને અધર્મના માર્ગ પર ચાલીને નર્કમાં જઈ પડીશું.

આ કારણે ઈશ્વરે શ્લોક નં. ૧૩.૨૦ થી શ૧૩.૨૪ માં ભાગ્યનું વર્ણન કર્યું છે, જેથી આપણો હંમેશા ઈશ્વર પર વિશ્વાસ અને શ્રદ્ધા બની રહે.

● શ્લોક નં. ૧૩.૨૫ થી ૧૩.૩૫ સુધી ઈશ્વરે ઉદાહરણ દ્વારા સમજાવ્યું છે કે અત્યાર સુધી જે જ્ઞાન આપવામાં આવ્યું છે તેના આધારે એ દૃષ્ટિકોણ બનાવી લો કે જે કંઈ આ સંસારમાં છે અને થઈ રહ્યું છે બધું જ મહાન ઈશ્વરના કારણે છે.

## અધ્યાય

**ઈશ્વર અને તેની મહાન રચના મનુષ્યને તેના ભાવની સાથે સમજવાનો પ્રયાસ**

### ૧૩.૧

**अर्जुन उवाच,**
**प्रकृतिम् पुरुषम् च एव क्षेत्रम् क्षेत्र-ज्ञम् एव च ।**
**एतत वेदितुम् इच्छामि ज्ञानम् ज्ञेयम् च केशव ।।१।।**

અર્જુને કહ્યું, હે શ્રી કૃષ્ણ! ભાગ્ય, મનુષ્ય અને ક્ષેત્ર, ક્ષેત્રને જાણનારો અને જ્ઞાન અને જ્ઞાનને જાણવાનો ઉદ્દેશ્ય પણ. આ બધાને જાણવાની ઇચ્છા છે.

(अर्जुन उवाच) અર્જુને કહ્યું, (केशव) હે શ્રી કૃષ્ણ ! (प्रकृतिम्) ભાગ્ય, (पुरुषम्) મનુષ્ય (च) અને (क्षेत्रम्) ક્ષેત્ર, (क्षेत्र-ज्ञम्) ક્ષેત્રને જાણનારો (च) અને (ज्ञानम्) જ્ઞાન અને (ज्ञेयम्) જ્ઞાનને જાણવાનો ઉદ્દેશ્ય (एवं) પણ. (एतत्) આ બધાને (वेदितुम्) જાણવાની (इच्छामि) ઇચ્છા છે.

### ૧૩.૨

**इदम् शरीरम् कौन्तेय क्षेत्रम् इति अभिधीयते ।**
**एतत् यः वेत्ति तम् प्राहुः क्षेत्र-ज्ञः इति तत् विदः ।।२।।**

ઈશ્વરે (શ્રી કૃષ્ણના માધ્યમથી) કહ્યું, હે કુન્તિ-પુત્ર (અર્જુન !) સત્યને જાણવાવાળાઓ અનુસાર આ શરીર ક્ષેત્ર કહેવાય છે. એ જ રીતે આ (શરીરને) જે જાણે છે તેને ક્ષેત્રને જાણવાવાળો કહેવામાં આવે છે.

(श्री भगवान उवाच) ઈશ્વરે (શ્રી કૃષ્ણના માધ્યમથી) કહ્યું, (कौन्तेय) હે કુન્તિ-પુત્ર (અર્જુન !) (तत) સત્યને (विदः) જાણવાવાળાઓ (इति) અનુસાર (इदम्) આ (शरीरम्) શરીર (क्षेत्रम्) ક્ષેત્ર (अभीधीयते) કહેવાય છે. (इति) એ જ રીતે (एतत) આ (શરીરને) (यः) જે (वेत्ति) જાણે છે (तम्) તેને (क्षेत्र-ज्ञः) ક્ષેત્રને જાણવાવાળો (प्राहुः) કહેવામાં આવે છે.

## ૧૩.૩

**क्षेत्र-ज्ञम् च अपि माम् विद्धि सर्व क्षेत्रेषु भारत ।**
**क्षेत्रक्षेत्र-ज्ञयोः ज्ञानम् यत् तत् ज्ञानम् मतम् मम ।।३।।**

હે ભારત (અર્જુન) ! નિઃસંદેહ બધા શરીરો (નો નિર્માતા), અને શરીરને જાણવાવાળો મને (જ) સમજો. મારા આદેશ અનુસાર શરીર (મનુષ્ય) (અને) શરીરને જાણવાવાળા (ઈશ્વરનું) (અવતરિત કરેલ) જે જ્ઞાન છે, એ જ દિવ્ય જ્ઞાન છે.

(भारत) હે ભારત (અર્જુન) ! (अपि) નિઃસંદેહ (सर्व) બધા (क्षेत्रेषु) શરીરો (નો નિર્માતા), (च) અને (क्षेत्र) શરીરને (ज्ञान) જાણવાવાળો (माम्) મને (જ) (विद्धि) સમજો. (मम्) મારા (मतम्) આદેશ અનુસાર (क्षेत्र) શરીર (મનુષ્ય) (क्षेत्र-ज्ञयोः) (અને) શરીરને જાણવાવાળા (ઈશ્વરનું) (यत्) (અવતરિત કરેલ) જે (ज्ञानम्) જ્ઞાન છે, (तत्) એ જ (ज्ञानम्) દિવ્ય જ્ઞાન છે.

### મનુષ્યમાં બુદ્ધિ અને ભાવના ઈશ્વરની મહાનતાનું પ્રતીક છે

## ૧૩.૪

**तत् क्षेत्रम् यत् यादृक् च यत् विकारि यतः च यत् ।**
**सः च यः यत् प्रभावः च तत् समासेन मे शृणु ।।४।।**

(ઈશ્વરે કહ્યું), અને એ જે શરીર (છે તે શું છે ?) અને તેના ગુણ (શું છે ?) તેમાં કયા કારણોથી પરિવર્તન આવે છે અને શું થાય છે ? અને તે કોણ છે જેનો આમના પર પ્રભાવ થાય છે ? તે મારાથી સાંભળો અને સંક્ષિપ્તમાં.

(ઈશ્વરે કહ્યું), (तत क्षेत्रम् यत् च) અને એ જે શરીર (છે તે શું છે ?) (यादृक् च यत्) અને તેના ગુણ (શું છે ?) (विकारी यत च यत) તેમાં કયા કારણોથી પરિવર્તન આવે છે અને શું થાય છે ? (सः च यः यत् प्रभावः) અને તે કોણ છે જેનો આમના પર પ્રભાવ થાય છે ? (च तत् समासेन मे शृणु) તે મારાથી સાંભળો અને સંક્ષિપ્તમાં.

## ૧૩.૫

**ऋषिभिः बहुधा गीतम् छन्दोभिः विविधैः पृथक् ।**
**ब्रहा-सूत्र पदैः च एव हेतु-मद्भिः विनिश्चितैः ।।५।।**

માનવ-જાતિના કલ્યાણના ઉદ્દેશ્યથી ઋષિઓએ ખૂબ વિસ્તારથી વેદોની ઋચાઓ દ્વારા (ઈશ્વરની પ્રશંસા) ઘણા પ્રકારે વિભાગપૂર્વક કહેલ છે. બ્રહ્મસૂત્ર (ના) પદો દ્વારા આ વાત બધાથી નિશ્ચિતરૂપે કહેવામાં આવી છે.

(हेतु मद्भिः) માનવ-જાતિના કલ્યાણના ઉદ્દેશ્યથી (ऋषिभिः) ઋષિઓએ (बहुधा) ખૂબ વિસ્તારથી (छन्दोभिः) વેદોની ઋચાઓ દ્વારા (ઈશ્વરની પ્રશંસા) (विविधैः) ઘણા પ્રકારે (पृथक) વિભાગપૂર્વક (गीतम्) કહેલ છે. (ब्रहा-सूत्र) બ્રહ્મસૂત્ર (ના) (पदै) પદો દ્વારા (विनिश्चितैः) આ વાત બધાથી નિશ્ચિતરૂપે કહેવામાં આવી છે.

**બ્રહ્મસૂત્ર આ પ્રમાણે છે :**

ઈશ્વર એક છે, બીજો નથી. નથી, નથી. સહેજપણ નથી.

**બ્રહ્મસૂત્ર આ પ્રમાણે છે :**

**एकम् ब्रहा द्वितीये नास्ते नहे ना नास्ते किंचन**

ब्रहा : ઈશ્વર
एकम : એક છે
द्वितीये : બીજો
नास्ते : નથી
नहे ना : નથી, નથી
नास्ते किंचन : સહેજપણ નથી.

## ૧૩.૬

**महा-भूतानि अहंकारः बुद्धिः अव्यक्तम् एव च ।**
**इन्द्रियाणि दश-एकम् च पन्च च इन्द्रिय-गो-चराः ।।६।।**

(મનુષ્યની વિશેષતાઓ એ છે કે) નિઃસંદેહ, તે પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે. તેનામાં પોતાના શ્રેષ્ઠ હોવાની ભાવનાછે. તે બુદ્ધિશાળીછે. તેનામાં ઘણા છુપાયેલા ગુણો છે, (જે બીજા કોઈ પ્રાણીમાં નથી). તેનામાં અગિયાર ઇચ્છાઓ છે, અને પાંચ સંવેદનશીલ અંગો (Sensory organs) છે.

(મનુષ્યની વિશેષતાઓ એ છે કે) (एव) નિઃસંદેહ, (महा-भूतानि) તે પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે. (अहंकार) તેનામાં પોતાના શ્રેષ્ઠ હોવાની ભાવનાછે. (बुद्धि) તે બુદ્ધિશાળી છે. (अव्यक्तम्) તેનામાં ઘણા છુપાયેલા ગુણો છે, (જે બીજા કોઈ પ્રાણીમાં નથી). (इन्द्रियाणि दश-एकम्) તેનામાં અગિયાર ઇચ્છાઓ છે, (च) અને (पन्च च इन्द्रिय-गो-चरा) પાંચ સંવેદનશીલ અંગો (Sensory organs) છે.

## ૧૩.૭

**इच्छा द्वेषः सुखम् दुःखम् सङ्घातः चेतना धृतिः ।**
**एतत् क्षेत्रम् समासेन स-विकारम् उदाहृतम् ।।७।।**

સુખ (સમૃદ્ધિ)ની સાથે રહેવાની ઇચ્છા, દુઃખથી નફરત, વિવેક અને બુદ્ધિનું હોવું, ધીરજનું હોવું, આ બધા મનુષ્યના શરીરના ગુણો વિશે અને ભાવનાઓ વિશે ઉદાહરણની સાથે સંક્ષિપ્તમાં (અહીં વર્ણવવામાં આવી રહ્યું છે).

(सुखम्) સુખ (સમૃદ્ધિ)(सङ्घातः) ની સાથે રહેવાની (इच्छा) ઇચ્છા, (दुःखम्) દુઃખથી (द्वेष) નફરત, (चेतना) વિવેક અને બુદ્ધિનું હોવું, (धृति) ધીરજનું હોવું, (एतत्) આ બધા (क्षेत्रम्) મનુષ્યના શરીરના ગુણો વિશે (स-विकारम्) અને ભાવનાઓ વિશે (उदाहृतम्) ઉદાહરણની સાથે (समासेन) સંક્ષિપ્તમાં (અહીં વર્ણવવામાં આવી રહ્યું છે).

## ૧૩.૮

**अमानित्वम् अदम्भित्वम् अहिंसा क्षान्तिःआर्जवम् ।**
**आचार्य-उपासनम् शौचम् स्थैर्यम् आत्म-विनिग्रहः ।।८।।**

વિનમ્ર સ્વભાવનું હોવું, આડંબર ન હોવું, અહિંસાને પસંદ કરવું, ક્ષમા કરવાવાળું હોવું, સ્વભાવમાં સરળતાનું હોવું, ગુરુની સેવા કરવી, સ્વચ્છતાને પસંદ કરવું, સ્વભાવમાં દૃઢતાનું હોવું, મનને વશમાં રાખવું.

(अमानित्वम्) વિનમ્ર સ્વભાવનું હોવું, (अदम्भित्वम्) આડંબર ન હોવું, (अहिंसा) અહિંસાને પસંદ કરવું, (क्षान्तिः) ક્ષમા કરવાવાળું હોવું, (आर्जवम्) સ્વભાવમાં સરળતાનું હોવું, (आचार्य उपासनम्) ગુરુની સેવા કરવી, (शौचम्) સ્વચ્છતાને પસંદ કરવું, (स्थैर्यम्) સ્વભાવમાં દૃઢતાનું હોવું, (आत्म विनिग्रह) મનને વશમાં રાખવું.+++

---

**નોંધ ૧૩.૮ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''આ પલોકનું ઘર (સ્વર્ગનું સ્થાન) તો અમે એ લોકોને આપીશું, જેઓ ધરતી પર પોતાની મોટાઈ નથી ઇચ્છતા, અને ન બગાડ (ફસાદ/ઉપદ્રવ/રમખાણ) પેદા કરવા ઇચ્છે છે, અને સારું પરિણામ (અંત) તો ઈશ્વરથી ડરવાવાવાળા લોકો માટે છે.'' (સૂરઃ અલ-કસસ, ૨૮, આયત ૮૩)

## ૧૩.૯

**इन्द्रिय-अर्थेषु वैराग्यम् अहनङ्कारः एव च ।**
**जन्म मृत्यु जरा व्याधि दुःख दोष अनुदर्शनम् ।।९।।**

મનને આનંદ આપવાવાળી વસ્તુઓને છોડી દેવી (ઇચ્છા ન રાખવી). અહંકારની ભાવનાને વશમાં રાખવી, અને નિઃસંદેહ જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા, બીમારી, દુઃખ, દોષ (અપૂર્ણતા) (ના કારણે અને અવસ્થાને) હંમેશા નજરમાં રાખવી.

(इन्द्रिय अर्थेषु) મનને આનંદ આપવાવાળી વસ્તુઓને (वैराग्यम्) છોડી દેવી (ઇચ્છા ન રાખવી). (अहनङ्कारः) અહંકારની ભાવનાને વશમાં રાખવી, (एव च) અને નિઃસંદેહ (जन्म) જન્મ, (मृत्यु) મૃત્યુ, (जरा) વૃદ્ધાવસ્થા, (व्याधि) બીમારી, (दुःख) દુઃખ, (दोष) દોષ (અપૂર્ણતા) (अनुदर्शनम्) (ના કારણે અને અવસ્થાને) હંમેશા નજરમાં રાખવી.

## ૧૩.૧૦

**असक्तिः अनभिष्वङ्गः पुत्र दार गृह-आदिषु ।**
**नित्यम् च सम-चित्तत्वम् इष्ट अनिष्ट उपपत्तिषु ।।७।।**

સંસારમાં વધારે રુચિ ન રાખવી. પત્ની, પુત્ર, ઘર-ગુહસ્થી (ના પ્રેમમાં) ન જકડાવું. સારી અને મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો થાય તો હંમેશા ધીરજ રાખવી (એક સમાન રહેવું).

(अनभिष्वङ्गः) સંસારમાં વધારે રુચિ ન રાખવી. (दार) પત્ની, (पुत्र) પુત્ર, (गृह-आदिषु) ઘર-ગૃહસ્થી (ના પ્રેમમાં) (असक्तिः) ન જકડાવું. (इष्ट अनिष्ट) સારી અને મુશ્કેલ પરિસ્થિતિઓનો (उपपत्तिषु) સામનો થાય તો (नित्यम्) હંમેશા (सम-चित्तत्वम्) ધીરજ રાખવી (એક સમાન રહેવું).

### ધાર્મિક જ્ઞાન જ તત્ત્વજ્ઞાન છે.

## ૧૩.૧૧

**मयि च अनन्य-योगेन भक्तिः अव्यभिचारिणी ।**
**विविक्त देश सेवित्वम् अरतिः जन-संसदि ।।११।।**

અને નિરંતર મારી સંગમ વગર (શિર્ક, અનેકેશ્વરવાદ) પ્રાર્થના કરવી. એકાંત સ્થાન (પર રહેવાની) ઇચ્છા રાખવી. સામાન્ય લોકો (જનસાધારણ)ના સમૂહથી દૂર રહેવું.

(આ એ ગુણો છે, જે ઈશ્વરની મહાનતાને દર્શાવે છે. આવી ભાવના કે ગુણ કોઈ વૈજ્ઞાનિક કોઈ રોબોટમાં મૂકી નથી શકતો.)

(च) અને (अव्यभिचारिणी) નિરંતર (मयि) મારી (अनन्य-योगेन) સંગમ વગર (શિર્ક, અનેકેશ્વરવાદ) (भक्तिः) પ્રાર્થના કરવી. (विविक्त देश) એકાંત સ્થાન (પર રહેવાની) (सेवितम्) ઇચ્છા રાખવી. (जन-संसदि) સામાન્ય લોકો (જનસાધારણ)ના સમૂહથી (अरतिः) દૂર રહેવું.

### ઈશ્વરના એ વિશેષ ગુણો જે કોઈ અન્યમાં નથી હોઈ શકતા

## ૧૩.૧૨

**अध्यात्म ज्ञान नित्यत्वम् तत्त्वज्ञान अर्थ दर्शनम् ।**
**एतत् ज्ञानम् इति प्रोक्तम् अज्ञानम् यत् अतः अन्यथा ।।१२।।**

ઈશ્વર એ ઘોષણા કરે છે કે, (ધર્મનું જે) જ્ઞાન છે, એ જ સત્ય જ્ઞાન છે, અને આ જ ઉદ્દેશ્યથી આ બધું જ્ઞાન

(अध्यात्म) ઈશ્વર (प्रोक्तम्) એ ઘોષણા કરે છે કે, (ક્ષાન) (ધર્મનું જે) જ્ઞાન છે, (तत्त्वज्ञान) એ જ સત્ય જ્ઞાન છે, (अर्थ) અને આ જ ઉદ્દેશ્યથી (एतत्) આ બધું (ज्ञानम्)

(હે અર્જુન !) તમને બતાવવામાં આવેલ છે. તેથી તેના સિવાય જે કંઈ (જ્ઞાન છે) તેને અજ્ઞાનતા સમજો.

જ્ઞાન (હે અર્જુન !) તમને બતાવવામાં આવેલ છે. (इति) તેથી (अतः अन्यथा) તેના સિવાય (यत्) જે કંઈ (જ્ઞાન છે) (अज्ञानम्) તેને અજ્ઞાનતા સમજો.

## ૧૩.૧૩

**ज्ञेयम् यत् तत् प्रवक्ष्यामि यत् ज्ञात्वा अमृतम् अश्नुते ।**
**अनादि मत् परम् ब्रह्म न सत् तत् न असत् उच्यते ।।१३।।**

એ જે જાણવા યોગ્ય છે તે (ના વિશે હવે હું) બતાવીશ, જેને જાણીને સ્વર્ગ મળે છે. (જે) મારું સૌથી મહાન દિવ્ય સ્થાન છે. ઈશ્વર ન આધ્યાત્મિક (રૂહાની/Spiritual) છે, ન તે ભૌતિક (માદ્દી/Materialistic છે) કહે છે, (એ ઈશ્વર) આરંભ વગર છે (અજન્મા છે).

નોંધ : યજ્ઞ અને દેવતા Spiritual કે આધ્યાત્મિક છે. મનુષ્ય ભૌતિક છે, પદાર્થથી બન્યો છે. ઈશ્વર આ બંને જેવો નથી.

(यत) એ જે (ज्ञेयम्) જાણવા યોગ્ય છે (तत) તે (ના વિશે હવે હું) (प्रवक्ष्यामि) બતાવીશ, (यत) જેને (ज्ञात्वा) જાણીને (अमृतम्) સ્વર્ગ (अश्नुते) મળે છ, (मत् परम्) (જે) મારું સૌથી મહાન દિવ્ય સ્થાન છે. (ब्रह्म) ઈશ્વર (न) ન (सत) આધ્યાત્મિક (રૂહાની/Spiritual) છે, (न) ન (तत्) તે (असत्) ભૌતિક (માદ્દી/Materialistic છે) (उच्यते) કહે છે, (એ ઈશ્વર) (अनादि) આરંભ વગર છે (અજન્મા છે).

## ૧૩.૧૪

**सर्वतः पाणि पादम् तत् सर्वतः अक्षि शिरः मुखम् ।**
**सर्वतः श्रुति-मत् लोके सर्वम् आवृत्य तिष्ठते ।।१४।।**

એ (ઈશ્વરના) હાથ પગ દરેક દિશામાં છે (અર્થાત્ તેની પકડ દરેક જગ્યાએ છે). દરેક બાજુ (એ ઈશ્વરની) આંખો, માથું અને મુખ છે (અર્થાત્ દરેક વસ્તુ પર તેની નજર છે). દરેક બાજુ બ્રહ્માંડમાં તેના કાન છે (અર્થાત્ તે દરેકની સાંભળે છે). બધાની રચના કરીને (નિર્માણ કરીને) તે સ્થિત છે (દરેક વસ્તુ તેના નિયંત્રણમાં છે).

(तत) એ (ઈશ્વરના) (पाणि) હાથ (पादम्) પગ (सर्वतः) દરેક દિશામાં છે (અર્થાત્ તેની પકડ દરેક જગ્યાએ છે). દરેક બાજુ (એ ઈશ્વરની) (अक्षि) આંખો, (शिरः) માથું (मुखम्) અને મુખ છે (અર્થાત્ દરેક વસ્તુ પર તેની નજર છે). (सतते) દરેક બાજુ (लोके) બ્રહ્માંડમાં (श्रुति-मत्) તેના કાન છે (અર્થાત્ તે દરેકની સાંભળે છે). (सर्वम्) બધાની (आवृत्य) રચના કરીને (નિર્માણ કરીને) (तिष्ति) તે સ્થિત છે (દરેક વસ્તુ તેના નિયંત્રણમાં છે).

**નોંધ ૧૩.૧૪ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વર કહે છે, ''અને તમે જે સ્થિતિમાં હોવ છો, અથવા કુર્આનમાં કંઈ પઢો છો, અથવા તમે લોકો કોઈ અન્ય કામ કરો છો, જ્યારે તમે તેમાં વ્યસ્ત હોવ છો, અમે તમારા સામે હોઈએ છીએ, અને કોઈ કણ બરાબર વસ્તુ આકાશમાં અને ધરતીમાં એવી નથી, ન નાની ન મોટી, જે તારા ઈશ્વરની દૃષ્ટિની છુપાયેલ હોય, અને જે એક સ્પષ્ટ ગ્રંથમાં અંકિત ન હોય.'' (સૂરઃ યૂનુસ, ૧૦, આયત ૬૧) (અનુવાદ : ફતહ મુહમ્મદ સાહેબ)

## ૧૩.૧૫

**सर्व इन्द्रिय गुण आभासम् सर्व इन्द्रिय विवर्जितम् ।
असक्तम् सर्वभुत् च एव निर्गुणम् गुण-भोक्तृ च ॥१५॥**

(એ ઈશ્વર) બધી ઇન્દ્રિયો (Sensory organs) (અને) વિષયો (ને) પ્રકાશિત કરવાવાળો છે, (તેમાં પ્રાણ નાખવાવાળો છે). (પરંતુ તે) બધી ઇન્દ્રિય વગરનો છે, અને તે બધાને પાળે-પોષે છે, પરંતુ તે કોઈના પર નિર્ભર નથી (કોઈની સહાયતાથી જોડાયેલો નથી). નિઃસંદેહ (એ ઈશ્વર) (મનુષ્યોમાં) ગુણોનો રચયિતા છે, પરંતુ તે (સ્વયં) નિર્ગુણ છે.

(सर्व) (એ ઈશ્વર) બધી (इन्द्रिय) ઇન્દ્રિયો (Sensory organs) (અને) (गुण) વિષયો (ને) પ્રકાશિત (आभासम्) કરવાવાળો છે, (તેમાં પ્રાણ નાખવાવાળો છે). (सर्व) (પરંતુ તે) બધી (इन्द्रिय) ઇન્દ્રિય (विवर्जितम्) વગરનો છે, (च) અને (सर्वभूत) તે બધાને પાળે-પોષે છે, (असक्तम्) પરંતુ તે કોઈના પર નિર્ભર નથી (કોઈની સહાયતાથી જોડાયેલો નથી). (एवं) નિઃસંદેહ (એ ઈશ્વર) (गुण-भोक्तृ) (મનુષ્યોમાં) ગુણોનો રચયિતા છે, (च) પરંતુ (निर्गुणम्) તે (સ્વયં) નિર્ગુણ છે.

## ૧૩.૧૬

**बहिः अन्तः च भूतानाम् अचरम् चरम् एव च ।
सूक्ष्मत्वाम् तत् अविज्ञेयम् दूर-स्थम् च अन्तिके च तत् ॥१६॥**

નિઃસંદેહ, એ (ઈશ્વર) (દરેક) સજીવ અને નિર્જીવ પ્રાણીઓના બહાર અને અંદર છે, અને તે અત્યંત સૂક્ષ્મ હોવાના કારણે જાણવામાં આવતો નથી, અને (તે ઈશ્વર) દુરથી દૂર તેમજ નજીકથી નજીક પણ છે.

(एवं) નિઃસંદેહ, (तत्) એ (ઈશ્વર) (चरम्) (દરેક) સજીવ (अचरम्) અને નિર્જીવ (भूतानाम्) પ્રાણીઓના (बहि) બહાર (च) અને (च) (अन्त) અંદર છે, (च) અને (तत्) તે (सूक्ष्मत्वाम्) અત્યંત સૂક્ષ્મ હોવાના કારણે (अविज्ञेयम्) જાણવામાં આવતો નથી, (च) અને (તે ઈશ્વર) (दूर-स्थम्) દૂરથી દૂર (च) તેમજ (अन्तिके) નજીકથી નજીક પણ છે.

---

**નોંધ ૧૩.૧૬ :** શ્લોક નં. ૧૧.૧૩ માં કહેવામાં આવ્યું છે કે અર્જુને ઈશ્વરના તેજને જોયું તે એવું હતું કે આકાશમાં હજારો સૂર્ય એક સાથે હોય. ઈશ્વરનું આ અત્યધિક તેજ મનુષ્યની સહનશક્તિથી વધારે છે. ઈશ્વરનું આ તેજ સ્વર્ગથી પણ પર આપણાથી અત્યંત દુર છે. જેમ કે સોલાર ઘડિયાળ કે કેલ્ક્યૂલેટર સૂર્યના પ્રકાશથી સક્રિય થઈ જાય છે અને કામ કરવા લાગે છે, એ રીતે આ બ્રહ્માંડની પ્રત્યેક સજીવ વસ્તુઓ ઈશ્વરના તેજના એક અંશથી સક્રિય છે અને જીવિત છે. આપણું હૃદય ઈશ્વરના તેજના કારણે ધડકે છે. આ કારણસર ઈશ્વર આપણાથી ખૂબ નિકટ છે. તેનું તેજ અત્યંત સૂક્ષ્મ છે, એ કારણે આપણે આપણી ઇન્દ્રિયોથી તેનો આભાસ કરી શકતા નથી. ધ્યાન લગાવીને, શાંત રહીને, ઈશ્વરની પ્રાર્થના કરતાં સવારે બ્રહ્મ મુહુર્તથી પહેલા અથવા એ સમયે ઈશ્વરના અસ્તિત્વનો આભાસ કરી શકાય છે. જ્યારે ઈશ્વરના અસ્તિત્વનો આભાસ થાય છે, તો મન અધિક શાંત અને અકારણ પ્રસન્ન થઈ જાય છે.

---

**નોંધ ૧૩.૧૬ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું કે, ''અમે મનુષ્યને પેદા કર્યો અને અમે જાણીએ છીએ એ વાતોને જે તેના દિલમાં આવે છે. અમે તેની ધોરી નસથી પણ વધારે તેનાથી નજીક છીએ.'' (સૂરઃ કૉફ, ૫૦, આયત ૧૬)

## ૧૩.૧૭

**अविभक्तम् च भूतेषु विभक्तम् इव च स्थितम् ।**
**भूत-भर्तृ च तत् ज्ञेयम् ग्रसिष्णु प्रभविष्णु च ।।१७।।**

(એ ઈશ્વર) અવિભાજિત (Undivided) છે (વહેંચાયેલો નથી), અને (તેણે) બધા પ્રાણીઓને વિભાજિત કરેલા છે અને સ્થિત કર્યા છે, અને (એ જ) બધા પ્રાણીઓને પાળવા-પોષવાવાળો અને એ (ઈશ્વર) તમામ પ્રાણીઓને ઉત્પન્ન કરવાવાળો (અને) સંહાર કરવા (મારવા) વાળો છે.

(એ ઈશ્વર) (अविभक्तम्) અવિભાજિત (Undivided) છે (વહેંચાયેલો નથી), (च) અને (તેણે) (भूतेषु) બધા પ્રાણીઓને (विभक्तम्) વિભાજિત કરેલા છે (इव च स्थितम्) અને સ્થિત કર્યા છે, (च) અને (એ જ) (भूत-भर्तृ) બધા પ્રાણીઓને પાળવા-પોષવાવાળો (च) અને (तत) એ (ઈશ્વર) (प्रभविष्णु) તમામ પ્રાણીઓને ઉત્પન્ન કરવાવાળો (ग्रसिष्णु) (અને) સંહાર કરવા (મારવા) વાળો છે.

## ૧૩.૧૮

**ज्योनिषाम् अपि तत् ज्योतिः तमसः परम् उच्यते ।**
**ज्ञानम् ज्ञेयम् ज्ञान-गम्यम् हृदि सर्वस्य विष्ठितम् ।।१८।।**

કહેવામાં આવે છે કે એ ઈશ્વર પ્રકાશ આપવા-વાળાઓનો (જ્ઞાનીઓ)નો પ્રકાશ છે (જ્ઞાન છે). એ (ઈશ્વર) તમામ દોષોથી મુક્ત છે (ઈશ્વરને કેવળ) જ્ઞાન દ્વારા જ જાણી શકાય છે. (એ ઈશ્વરને) દરેક વસ્તુનું જ્ઞાન છે, (કારણ કે) તે દરેકના હૃદયમાં રહે છે.

(उच्यते) કહેવામાં આવે છે કે (तत) એ ઈશ્વર (ज्योतिषाम्) પ્રકાશ આપવાવાળાઓનો (જ્ઞાનીઓ)નો (ज्योति) પ્રકાશ છે (જ્ઞાન છે). (तमसः परम्) એ (ઈશ્વર) તમામ દોષોથી મુક્ત છે. (ज्ञानम्) (ઈશ્વરને કેવળ) જ્ઞાન દ્વારા જ (ज्ञेयम्) જાણી શકાય છે. (ज्ञान-गम्यम्) (એ ઈશ્વરને) દરેક વસ્તુનું જ્ઞાન છે, (કારણ કે) (सर्वस्य) તે દરેકના (हृदि) હૃદયમાં (विष्ठितम्) રહે છે.

---

**નોંધ ૧૩.૧૭ :** ઈશ્વર અવિભાજિત છે, અર્થાત્ ઉત્પન્ન કરવાવાળો, પાલન-પોષણ કરવાવાળો અને મારવાવાળો છે. આ ત્રણ કામ ત્રણ ઈશ્વર નથી કરતા, બલ્કે એક જ ઈશ્વર ત્રણેય કામ કરે છે. 'પ્રાણીઓને વિભાજિત કરવામાં આવ્યા છે'નો અર્થ છે તમામ પ્રાણીઓને અલગ-અલગ કામ પર લગાવ્યા છે. કૂતરો સુરક્ષા કરે છે, બળદ ખેતરમાં કામ કરે છે, ઘોડો સવારીના કામમાં આવે છે વગેરે.

---

**નોંધ ૧૩.૧૭ :** સમાજમાં એવી વિચારધારા છે કે પ્રાણીઓને બ્રહ્માજી ઉત્પન્ન કરે છે. વિષ્ણુજી પાલન-પોષણ કરે છે અને શંકરજી અંત કરે છે. પરંતુ ઈશ્વરે આ શ્લોકમાં આ વિશ્વાસ અને માન્યતાનું ખંડન કર્યું છે, અને કહ્યું છે કે ત્રણેય કામ ઈશ્વર પોતે કરે છે.

---

**નોંધ ૧૩.૧૭ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું કે, ''ઈશ્વરે કોઈને પોતાની સંતાન નથી બનાવી, અને કોઈ અન્ય ખુદા (પ્રભુ) તેના સાથે નથી. જો આવું હોત તો પ્રત્યેક ખુદા પોતાની સૃષ્ટિને લઈને અલગ થઈ જતો અને પછી તેઓ એક-બીજા પર (લડવા માટે) ચઢાઈ કરી દેતા.. પવિત્ર છે ઈશ્વર એ વાતોથી, જે આ લોકો બનાવે છે.'' (સૂરઃ અલ-મોમિનૂન, ૨૩, આયત ૯૧)

**ભાગ્ય શું છે?**

## ૧૩.૧૯

**इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं चोक्तं समासतः ।**
**मत्-भक्तः एतत् विज्ञाय मतभावाय उपपद्यते ।।१९।।**

આ રીતે મનુષ્યનું શરીર (અને તેના ગુણ) અને ધાર્મિક જ્ઞાન અને જાણવા યોગ્ય (ઈશ્વર વિશે તમને) સંક્ષિપ્તમાં કહેવામાં આવ્યું. (ઈશ્વરે કહ્યું કે) આ બધું જાણીને મારી ભક્તિ કરવાવાળા (ભક્ત) મારી ઇચ્છા પર ચલાવનાર સ્વભાવ પર લે છે.

(इति) આ રીતે (क्षेत्रम्) મનુષ્યનું શરીર (અને તેના ગુણ) (तथा) અને (ज्ञानम्) ધાર્મિક જ્ઞાન (च) અને (ज्ञेय) જાણવા યોગ્ય (ઈશ્વર વિશે તમને) (समासतः) સંક્ષિપ્તમાં (उत्कम्) કહેવામાં આવ્યું. (ઈશ્વરે કહ્યું કે) (एतत्) આ બધું (विज्ञाय) જાણીને (मत) મારી (भक्तः) ભક્તિ કરવાવાળા (ભક્ત) (मत) મારી (भावाय) ઇચ્છા પર ચલાવનાર સ્વભાવ (उपपद्यते) પર લે છે.

## ૧૩.૨૦

**प्रकृतिम् पुरुषम् च एव विद्धि अनादी उभौ अपि ।**
**विकारान् च गुणान् च एव विद्धि प्रकृति सम्भवान् ।।२०।।**

નિઃસંદેહ, ભાગ્ય અને મનુષ્ય બંનેય પણ અનાદિ (Eternal) ઈશ્વરથી જાણો. મનુષ્યના શરીરમાં જે પરિવર્તન થાય છે અને મનુષ્યમાં જે ગુણ છે, નિઃસંદેહ (ઈશ્વરની) પ્રાકૃતિક શક્તિથી ઉત્પન્ન કરવામાં આવે છે એવું જાણો.

(एवं) નિઃસંદેહ, (प्रकृतिम्) ભાગ્ય (च) અને (पुरुषम्) મનુષ્ય (च) બંનેય પણ (अनादी) અનાદિ (Eternal) ઈશ્વરથી (विद्धि) જાણો. (विकारान्) મનુષ્યના શરીરમાં જે પરિવર્તન થાય છે (च) અને (गुणान) મનુષ્યમાં જે ગુણ છે, (च) નિઃસંદેહ (प्रकृति) (ઈશ્વરની) પ્રાકૃતિક શક્તિથી (सम्भवान्) ઉત્પન્ન કરવામાં આવે છે (विद्धि) એવું જાણો.

## ૧૩.૨૧

**कार्य कारण कर्तृत्वे हेतुः प्रकृतिः उच्यते ।**
**पुरुषः सुख दुःखनाम् भोक्तृत्वे हेतुः उच्यते ।।२१।।**

ઈશ્વરે કહ્યું, કર્મ કરવાને કારણે, કર્મોને કરવાવાળો (આ બધું) ભાગ્યના કારણે થાય છે. ઈશ્વર એ પણ કહી રહ્યો છે કે મનુષ્ય સુખ, દુઃખનો જે અનુભવ કરે છે તેનું કારણ પણ ભાગ્ય છે.

(उच्यते) ઈશ્વરે કહ્યું, (कर्म) કર્મ કરવાને (कारण) કારણે, (कर्तृत्वे) કર્મોને કરવાવાળો (આ બધું) (प्रकृति) ભાગ્ય (हेतु) ના કારણે થાય છે. (उच्यते) ઈશ્વર એ પણ કહી રહ્યો છે કે (पुरुषः) મનુષ્ય (सुख) સુખ, (दुःखानाम्) દુઃખનો (भोक्तृत्वे) જે અનુભવ કરે છે (हेतुः) તેનું કારણ પણ ભાગ્ય છે.

---

**નોંધ ૧૩.૨૦ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''શું જે વસ્તુની મનુષ્ય કામના (ઇચ્છા) કરે છે તે તેને અવશ્ય મળે છે. આ સંસાર અને પરલોક (મૃત્યુ પછીનું લોક) તો ઈશ્વરના હાથમાં જ છે.'' (સૂરઃ અલ-નજ્મ, ૫૩, આયત ૨૪-૨૫) (અનુવાદ : ફત્હ મુહમ્મદ સાહેબ) (અર્થાત્ બંને લોકમાં જે મળશે, ઈશ્વરના આદેશ અનુસાર મળશે, આપણી ઇચ્છાઓ અનુસાર નહીં.)

**ભાગ્ય, ઈશ્વર અને ઈશ્વરના શાસનને ઓળખો**

## ૧૩.૨૨

**पुरुषः प्रकृतिस्थः हि भुङ्क्ते प्रकृति-जान् गुणान् ।**
**कारणम् गुण-सङ् अस्य सत् असत् योनि जन्मसु ।।२२।।**

ભાગ્યમાં વિશ્વાસ રાખવાવાળા મનુષ્યો અનુભવ કરે છે કે મનુષ્યના ગુણ અને કર્મ કરવાને કારણે, ભાગ્યથી જ ઉત્પન્ન થાય છે, (અને) મનુષ્ય વીર્ય સ્થિતિથી જ (સત્ય) સારા અને ખરાબ ગુણોની સાથે જન્મ લે છે.

(प्रकृतिस्थः) ભાગ્યમાં વિશ્વાસ રાખવાવાળા (पुरुष) મનુષ્યો (भुङ्क्ते) અનુભવ કરે છે કે (गुणन) મનુષ્યના ગુણ (कारणम्) અને કર્મ કરવાને કારણે, (प्रकृति) ભાગ્યથી જ ઉત્પન્ન થાય છે, (अस्य) (અને) મનુષ્ય (योनि) વીર્ય સ્થિતિથી જ (सत्) (સત્ય) સારા (असत्) અને ખરાબ (गुण) ગુણોની સાથે (जन्मसु) જન્મ લે છે.

---

**નોંધ ૧૩.૨૧ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું, ''(ઈશ્વરને ન માનવાવાળાઓથી) કહો, અમને કદાપિ કોઈ (બૂરાઈ કે ભલાઈ કે હાનિ કે લાભ) નથી પહોંચાડતી, પરંતુ તે જે ઈશ્વરે અમારા માટે લખી દીધું છે. ઈશ્વર જ અમારો સંરક્ષક-મીત્ર છે, અને ઈમાનવાળાઓને (ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાવાળાઓને) તેના પર જ ભરોસો કરવો જોઈએ.'' (સૂરઃ અત્-તૌબા, ૯, આયત ૫૧)

---

**નોંધ ૧૩.૨૧ :** પંડિત ઈશ્વરચંદે પોતાના સંસ્કૃત-હિન્દી શબ્દો-કોષમાં પૃ. નં. ૫૭૭ પર '**प्रकृति**' ના બે અર્થ લખ્યા છે :

૧. માયા.
૨. સૃષ્ટિની રચનામાં પરમાત્માની ઇચ્છા.

માયા - એ ઈશ્વરની મનુષ્યની પરીક્ષા લેવાની એક પદ્ધતિ છે. ઈશ્વરે મનુષ્યનું ભાગ્ય પણ તેના પરીક્ષા લેવાના અનુસાર બનાવેલ છે.

એ જ રીતે પરમાતમાએ જે સૃષ્ટિની રચાના કરી છે, મનુષ્ય પણ એ સૃષ્ટિનો એક ભાગ છે.

જ્યારે સંસારમાં વર્ષા થાય છે, અથવા મોસમ બદલાય છે, તો આપણે કહીએ છીએ કે આ સૃષ્ટિનો નિયમ છે, અને જ્યારે મનંષ્યના જીવનમાં પરિસ્થિતિ બદલાય છે, તો આપણે કહીએ છીએ કે આ મનુષ્યનું ભાગ્ય છે. પરંતુ બંનેય પરમાત્માની ઇચ્છા છે. આ કારણસર જ્યારે 'સૃષ્ટિ' શબ્દ કોઈ શ્લોકમાં સંસાર માટે વપરાય છે, તો આપણે તેને સૃષ્ટિ કહીશું, અને જ્યારે મનુષ્ય માટે 'સૃષ્ટિ' શબ્દનો ઉપયોગ થશે તો આપણે તેને મનુષ્યનું ભાગ્ય સમજીશું. શ્લોક નં. ૧૩.૨૧ માં એટલા માટે જ અમે 'સૃષ્ટિ'નો અનુવાદ 'ભાગ્ય' કર્યો છે, અને તેનાથી શ્લોકનો અર્થ પણ સારી રીતે સમજમાં આવે છે.

---

**નોંધ ૧૩.૨૨ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું, ''કોઈ મુસીબત એવી નથી, જે જમીનમાં કે તમારા પોતાના ઉપર ઉતરતી હોય અને અમે તેને પેદા કરતાં પહેલા એક ગ્રંથ (અર્થાત્ ભાગ્ય-લેખ)માં લખી ન રાખેલ ન હોય. આવું કરવું ઈશ્વર માટે ખૂબ જ સરળ કાર્ય છે.'' (સૂરઃ અલ-હદીદ, ૫૭, આયત ૨૨)

(અર્થાત્, જે કંઈ ભાગ્ય-લેખમાં લખેલું છે એવા જ સુખ અને દુઃખ મનુષ્યના જીવનમાં અને સંસારમાં ઈશ્વર મોકલે છે.)

## ૧૩.૨૩

**उपद्रष्टा अनुमन्ता च भर्ता भोक्ता महा-ईश्वरः ।**
**परम् आत्मा इति च अपि उक्तः देहे अस्मिन् पुरुषः परः ।।२३।।**

ઈશ્વર સાક્ષી છે (અર્થાત્ સૃષ્ટિમાં આરંભથી અંત સુધી જે થઈ ચૂક્યું અને થશે તે તેને જોઈ રહ્યો છે). બ્રહ્માંડમાં જે કંઈ થાય છે તે તેના આદેશથી થાય છે, અને (તે) પ્રાણીઓનું પાલન-પોષણ કરે છે. સર્વ પ્રાર્થનાઓ એ જ ઈશ્વર માટે કરવામાં આવે છે. તે ઈશ્વર સૌથી મહાન છે, અને (ઈશ્વર) કહી રહ્યો છે કે, નિઃસંદેહ તે આ શરીરવાળા મનુષ્ય હોવાથી પર છે (મહાન છે), અને આત્માથી પણ મહાન છે.

**નોંધ : ઈશ્વર શરીર અને આત્મા બંનેથી પર છે, ઉચ્ચતમ્ છે, મહાન છે. તેથી તે શરીર કે આત્માના રૂપમાં ક્યારેય નહીં આવે, અને આત્મા પણ તેનામાં નહીં સમાય.**

(उपद्रष्टा) ઈશ્વર સાક્ષી છે (અર્થાત્ સૃષ્ટિમાં આરંભથી અંત સુધી જે થઈ ચૂક્યું અને થશે તે તેને જોઈ રહ્યો છે). (अनुमन्ता) બ્રહ્માંડમાં જે કંઈ થાય છે તે તેના આદેશથી થાય છે, (च) અને (તે) (भर्ता) પ્રાણીઓનું પાલન-પોષણ કરે છે. (भोक्ता) સર્વ પ્રાર્થનાઓ એ જ ઈશ્વર માટે કરવામાં આવે છે. (महा-ईश्वरः) તે ઈશ્વર સૌથી મહાન છે, (च) અને (उक्तः) (ઈશ્વર) કહી રહ્યો છે કે, (ईति अपि) નિઃસંદેહ તે (अस्मिन) આ (देहे) શરીરવાળા (पुरुष) મનુષ્ય હોવાથી (परः) પર છે (મહાન છે), અને (परम आत्मा) આત્માથી પણ મહાન છે.

## ૧૩.૨૪

**य एवम् वेत्ति पुरुषम् प्रकृतिम् च गुणैः सह ।**
**सर्वथा वर्तमानः अपि न सः भूयः अभिजायते ।।२४।।**

આ રીતે જે વ્યક્તિ ભાગ્યને અને મનુષ્યને ગુણોની સાથે જાણી લે છે, અને દરેક બાજુ જે કંઈ થઈ રહ્યું છે, (અર્થાત્ જે કંઈ થઈ રહ્યું છે તે ભાગ્ય અને ઈશ્વરના આદેશથી થઈ રહ્યું છે એવું કાની લે છે તો) નિઃસંદેહ તે (નર્કમાં) વારંવાર જન્મ નથી પામતો.

(एवम्) આ રીતે (य) જે વ્યક્તિ (प्रकृतिम्) ભાગ્યને (च) અને (पुरुषम्) મનુષ્યને (गुणैः सह) ગુણોની સાથે (वेत्ति) જાણી લે છે, (सर्वथा) અને દરેક બાજુ (वर्तमान) જે કંઈ થઈ રહ્યું છે, (અર્થાત્ જે કંઈ થઈ રહ્યું છે તે ભાગ્ય અને ઈશ્વરના આદેશથી થઈ રહ્યું છે એવું કાની લે છે તો) (अपि) નિઃસંદેહ (सः) તે (भूयः) (નર્કમાં) વારંવાર (જન્મ નથી પામતો).

## ૧૩.૨૫

**ध्यानेन आत्मनि पश्यन्ति केचित् आत्मानाम् आत्मना ।**
**अन्ये साङ्ख्येन योगेन कर्म-योगेन च अपरे ।।२५।।**

કેટલાક લોકો પોતે (સ્વયં) વિચાર કરીને, બીજા (કેટલાક લોકો) પોતાના મન અને બુદ્ધિને વેદોના જ્ઞાનથી જોડીને (અર્થાત્ જ્ઞાન દ્વારા), કેટલાક બીજા લોકો પોતાના કર્મોને (ઈશ્વરના આદેશોથી) જોડીને (અર્થાત્ સત્કર્મ કરીને, ઈશ્વરને ઓળખે છે (ઈશ્વરનું અનુભવ કરે છે, વિવેક પ્રાપ્ત કરે છે).

(केचित) કેટલાક લોકો (आत्मनि) પોતે (સ્વયં) (ध्यानेन) વિચાર કરીને, (अन्ये) બીજા (કેટલાક લોકો) (आत्मना) પોતાના મન અને બુદ્ધિને (साङ्ख्येन) વેદોના જ્ઞાનથી (योगेन) જોડીને (અર્થાત્ જ્ઞાન દ્વારા), (अन्ये) કેટલાક બીજા લોકો (कर्म) પોતાના કર્મોને (योगेन) (ઈશ્વરના આદેશોથી) જોડીને (અર્થાત્ સત્કર્મ કરીને) (आत्माना) ઈશ્વરને (पश्यान्ति) ઓળખે છે (ઈશ્વરનો અનુભવ કરે છે, વિવેક પ્રાપ્ત કરે છે).

## ૧૩.૨૬

**अन्ये तु एवम् अजानन्तः श्रुत्वा अन्येभ्यः उपासते ।**
**ते अपि च अतितरन्ति एव मृत्युम् श्रुति-परायणाः ।।२६।।**

આ રીતે (આ ત્રણેય પ્રકારે) (ઈશ્વરને) ન જાણતા કેટલાક બીજા લોકોથી (ઈશ્વર વિશે) સાંભળીને ઈશ્વરની પ્રાર્થના કરે છે, અને આ સાંભળીને કર્મ કરવાવાળા પણ નિઃસંદેહ મૃત્યુ-સ્થાન (નર્ક) પાર કરી લે છે (સ્વર્ગ પ્રાપ્ત કરી લે છે).

(तु एवम्) આ રીતે (આ ત્રણેય પ્રકારે) (अजानन्तः) (ઈશ્વરને) ન જાણતા (अन्ये) કેટલાક લોકો (अन्येभ्यः) બીજાઓથી (ઈશ્વર વિશે) (श्रुत्वा) સાંભળીને (उपासते) ઈશ્વરની પ્રાર્થના કરે છે, (च) અને (तु) આ (श्रुति) સાંભળીને (परायणा) કર્મ કરવાવાળા (अपि) પણ (एवं) નિઃસંદેહ (मृत्युम्) મૃત્યુ-સ્થાન (નર્ક) (अतितरन्ति) પાર કરી લે છે (સ્વર્ગ પ્રાપ્ત કરી લે છે).

### આ સંસારને કઈ દૃષ્ટિથી જોવો જોઈએ ?

## ૧૩.૨૭

**यावत् संज्जायते किन्चित् सत्वम् स्थावर जङ्गमम् ।**
**क्षेत्र क्षेत्र-ज्ञ संयोगात् तत् विद्धि भरत-ऋषभ ।।२७।।**

જે કંઈ પણ અસ્તિત્વમાં આવી રહ્યું છે, આ બ્રહ્માંડમાં, અટકેલા (અજીવિત) (અથવા) ગતિશીલ (જીવિત), હે ભારતવંશમાં શ્રેષ્ઠ (અર્જુન) ! આ સત્યને જાણી લો કે એ મનુષ્ય અને ઈશ્વરના સંયોગથી (એક સાથે મળવાથી છે).

(નોંધ : ઈશ્વરે મનુષ્યની રચના કરવાની હતી, તો બ્રહ્માંડ બનાવ્યું. અનાજ આપવાનું હતું, તો પૃથ્વી પર વર્ષા વરસાવી, વૃક્ષ-વનસ્પતિ ઊગાડ્યા. મારી નાખવા હોય છે તો ભરતીકંપ આવે છે. આમ, આ બ્રહ્માંડમાં જે કંઈ થાય છે તે ઈશ્વરદ્વારા મનુષ્ય માટે જ કરવામાં આવે છે.)

(यावत्) જે (किन्चित्) કંઈ પણ (सज्जायते) અસ્તિત્વમાં આવી રહ્યું છે, (सत्वम्) આ બ્રહ્માંડમાં, (स्थावर) અટકેલા (અજીવિત) (जङ्गमम्) (અથવા) ગતિશીલ (જીવિત), (भरत-ऋषभ) હે ભારતવંશમાં શ્રેષ્ઠ (અર્જુન) ! (विद्धि) આ સત્યને જાણી લો કે (तत्) એ (क्षेत्र) મનુષ્ય (क्षेत्र-ज्ञ) અને ઈશ્વરના (संयोगात्) સંયોગથી (એક સાથે મળવાથી છે).

## ૧૩.૨૮

**समम् सर्वेषु भूतेषु तिष्ठन्तम् परम-ईश्वरम् ।**
**विनश्यत्सु अविनश्यन्तम् यः पश्यति सः पश्यति ।।२८।।**

(તે) જે સંપૂર્ણ પ્રાણીઓને મહાન ઈશ્વર સમાન નિયમ અનુસાર સ્થિત જુએ છે, (અર્થાત્ નાશવંત પ્રાણીઓને) અવિનાશી ઈશ્વર (થી સ્થિતિ જુએ છે) (તો) તે (વાસ્તવમાં સાચું) જુએ છે.

(यः) (તે) જે (सर्वेषु) સંપૂર્ણ (भूतेषु) પ્રાણીઓને (परम-ईश्वरम्) મહાન ઈશ્વર (समम्) સમાન નિયમ અનુસાર (तिष्ठन्तम्) સ્થિત (पश्यति) જુએ છે, (विनश्यत्सु) (અર્થાત્ નાશવંત પ્રાણીઓને) (अविनश्यन्तम्) અવિનાશી ઈશ્વર (થી સ્થિતિ જુએ છે) (सः) (તો) તે (पश्यति) (વાસ્તવમાં સાચું) જુએ છે.

## ૧૩.૨૯

**समम् पश्यन् हि सर्वत्र समवस्थितम् ईश्वरम् ।**
**न हिनस्ति आत्मना आत्मानम् ततः याति पराम् गतिम् ॥२९॥**

(જ્યારે કોઈ વ્યક્તિ) ઈશ્વરની જેમ પ્રાકૃતિક નિયમોને દરેક બાજુ સમાન રૂપે લાગુ જુએ છે, ત્યારે નિઃસંદેહ (તે) ન પોતાના મનને (અને ન) પોતાના આત્માને નષ્ટ કરે છે, (અને તે જીવનના) સૌથી મહાન લક્ષ્યને (અર્થાત્ સ્વર્ગને પણ) પામી લે છે.

(ईश्वरम्) (જ્યારે કોઈ વ્યક્તિ) ઈશ્વરની (समम्) જેમ પ્રાકૃતિક નિયમોને (सर्वत्र) દરેક બાજુ (समवस्थितम्) સમાન રૂપે લાગુ (पश्यन्) જુએ છે, (तत) ત્યારે (हि) નિઃસંદેહ (તે) (न) ન (आत्मना) પોતાના મનને (आत्मानम्) (અને ન) પોતાના આત્માને (हिनस्ति) નષ્ટ કરે છે, (पराम् गतिम्) (અને તે જીવનના) સૌથી મહાન લક્ષ્યને (અર્થાત્ સ્વર્ગને પણ) (याति) પામી લે છે.

## ૧૩.૩૦

**प्रकृत्या एव च कर्माणि क्रियमाणानि सर्वशः ।**
**यः पश्यति तथा आत्मनम् अकर्तारम् सः पश्यति ॥३०॥**

તે જ્યારે એ જુએ છે કે બધા કર્મો ભાગ્યથી (ઈશ્વરના આદેશથી જ) કરવામાં આવે છે, અને (તે અનુભવ કરે છે કે) તે સ્વયં કંઈ નથી કરતો, ત્યારે નિઃસંદેહ તે વિવેકવાળો છે (ઈશ્વરને ઓળખવાવાળો છે).

(यः) તે જ્યારે (पश्यति) એ જુએ છે કે (सर्वशः) બધા (कर्माणि) કર્મો (प्रकृत्या) ભાગ્યથી (ઈશ્વરના આદેશથી જ) (क्रियमाणानि) કરવામાં આવે છે, (तथा) અને (તે અનુભવ કરે છે કે) (आत्मानम्) તે સ્વયં (अकर्तारम्) કંઈ નથી કરતો, (एव च) ત્યારે નિઃસંદેહ (सः) તે (पश्यति) વિવેકવાળો છે (ઈશ્વરને ઓળખવાવાળો છે).

**પ્રાણીઓમાં જીવનનો સ્રોત ઈશ્વર છે.**

## ૧૩.૩૧

**यदा भूत पृथक् भावम् एक-स्थम् अनुपश्यति ।**
**ततः एव च विस्तारम् ब्रह्म सम्पद्यते तदा ॥३१॥**

જ્યારે કોઈ અલગ-અલગ સ્વભાવના પ્રાણીઓને અને આ ફેલાતા જતા બ્રહ્માંડને એક (ઈશ્વરથી) સ્થિત જુએ છે, ત્યારે તે નિઃસંદેહ ઈશ્વરને પામી લે છે.

(यदा) જ્યારે કોઈ (पृथक भावम्) અલગ-અલગ સ્વભાવના (भूत) પ્રાણીઓને (च) અને (विस्तारम्) આ ફેલાતા જતા બ્રહ્માંડને (एक) એક (ઈશ્વરથી) (स्थम्) સ્થિત (अनुपश्यति) જુએ છે, (तदा) ત્યારે (तत) તે (एव) નિઃસંદેહ (ब्रह्म) ઈશ્વરને (सम्पद्यते) પામી લે છે.

નોંધ : વૈજ્ઞાનિકો અનુસાર બ્રહ્માંડ ફેલાઈ રહ્યું છે.

## ૧૩.૩૨

**अनादित्वात् निर्गुणत्वात् परम आत्मा अयम् अव्ययः ।**
**शरीर-स्थः अपि कौन्तेय न करोति न लिप्यते ।।२९।।**

હે કુન્તી-પુત્ર (અર્જુન) ! તે (ઈશ્વર) આરંભ વગરનો છે (અજન્મ છે). (તેનામાં મનુષ્ય જેવા) ગુણો નથી, ઈશ્વર મહાન છે, અવિનાશી છે. તે હૃદયમાં સ્થિત છે, (પરંતુ) (તે ન) કંઈ કરે છે (અને) ન (જ) કોઈનાથી જોડાયેલો છે.

(कौन्तेय) હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (अयम्) તે (ઈશ્વર) (अनादित्वात्) આરંભ વગરનો છે (અજન્મ છે). (निर्गुणत्वात्) (તેનામાં મનુષ્ય જેવા) ગુણો નથી, (परम आत्मा) ઈશ્વર મહાન છે, (अव्यय) અવિનાશી છે. (शरीर स्थः) તે હૃદયમાં સ્થિત છે, (પરંતુ) (करोति) (તે ન) કંઈ કરે છે (न) (અને) ન (જ) (लिप्यते) કોઈનાથી જોડાયેલો છે.

## ૧૩.૩૩

**यथा सर्व-गतम् सौक्ष्म्यात् आकाशम् न उपलिप्यते ।**
**सर्वत्र अवस्थितः देहे तथा आत्मा न उपलिप्यते ।।३३।।**

જે રીતે સૂક્ષ્મ આકાશ બધી જગ્યાએ વ્યાપ્ત છે, પરંતુ કોઈનાથી જોડાયેલ નથી, એ જ રીતે ઈશ્વર (નું તેજ) બધી જગ્યાએ (અને) શરીરમાં (પણ) વ્યાપ્ત છે (ફેલાયેલ છે, સમાયેલ છે). (પરંતુ) કોઈનાથી જોડાયેલ નથી.

(यथा) જે રીતે (सौक्ष्म्यात् आकाशम्) સૂક્ષ્મ આકાશ (सर्व गतम्) બધી જગ્યાએ વ્યાપ્ત છે, (न उपलिप्यते) પરંતુ કોઈનાથી જોડાયેલ નથી, (तथा) એ જ રીતે (आत्मा) ઈશ્વર (નું તેજ) (सर्वत्र) બધી જગ્યાએ (देहे) (અને) શરીરમાં (પણ) (अवस्थितः) વ્યાપ્ત છે (ફેલાયેલ છે, સમાયેલ છે). (उपलिप्यते) (પરંતુ) કોઈનાથી જોડાયેલ નથી.

**એ જ્ઞાન અને શ્રદ્ધા જેના કારણે સ્વર્ગ પ્રાપ્ત થાય છે.**

## ૧૩.૩૪

**यथा प्रकाशयति एकः कृत्स्नम् लोकम् इमम् रविः ।**
**क्षेत्रम् क्षेत्री तथा कृत्स्नम् प्रकाशयति भारत ।।३१।।**

હે અર્જુન ! જે રીતે એક સૂર્ય આ (સંસારને) પ્રકાશિત (જીવિત) કરે છે, એ જ રીતે આ શરીરને (માત્ર એક) ઈશ્વર (જ) પ્રકાશિત (જીવિત) કરે છે.

(भारत) હે અર્જુન ! (यथा) જે રીતે (एक) એક (रविः) સૂર્ય (इनम्) આ (સંસારને) (प्रकाशयति) પ્રકાશિત (જીવિત) (कृत्स्नम्) કરે છે, (तथा) એ જ રીતે (क्षेत्रम्) આ શરીરને (क्षेत्री) (માત્ર એક) ઈશ્વર (જ) (प्रकाशयति) પ્રકાશિત (જીવિત) (कृत्स्नम्) કરે છે.

---

**નોંધ ૧૩.૩૨ :** ઈશ્વરના તેજના એક અંશથી મનુષ્ય અને આ બ્રહ્માંડ ગતિમાં છે. મનુષ્ય આ સંસારમાં પરીક્ષા આપી રહ્યો છે. તે લક્ષ્ય નિર્ધારિત કરવા અને પ્રયાસ કરવા માટે સ્વતંત્ર છે. માત્ર પિરણામ મનુષ્યના વશમાં નથી. પરિણામ ઈશ્વરના નિયંત્રણમાં છે.

## ૧૩.૩૫

**क्षेत्र क्षेत्र-ज्ञयोः एवम् अन्तरम् ज्ञान-चक्षुषा ।**
**भूत प्रकृति मोक्षम् च ये विदुः यान्ति ते परम् ।।३५।।**

જે લોકો મનુષ્યના શરીરને અને મનુષ્યને જાણવાવાળા (ઈશ્વરના) અંતરને જ્ઞાનની દૃષ્ટિથી જુએ છે, (જ્ઞાનના પ્રકાશમાં જુએ છે અને જાણે છે કે ઈશ્વર રચયિતા છે, મનુષ્ય રચના છે, બંને કદાપિ એક નથી હોઈ શકતા). એ જ રીતે (તે) પ્રાણીઓને (અને) પ્રકૃતિ (સૃષ્ટિ)ને જાણે છે કે આ ઈશ્વરની રચના છે, અને ઈશ્વરથી ક્ષમા મળવાના માર્ગને પણ જાણે છે, તો એ લોકો ઈશ્વરના પરમ-ધામ (સ્વર્ગ)ને પામી લે છે.

(ये) જે લોકો (क्षेत्र) મનુષ્યના શરીરને (क्षेत्र-क्षयो) અને મનુષ્યને જાણવાવાળા (ઈશ્વરના) (अन्तरम्) અંતરને (ज्ञान) જ્ઞાનની (चक्षुषा) દૃષ્ટિથી જુએ છે, (જ્ઞાનના પ્રકાશમાં જુએ છે અને જાણે છે કે ઈશ્વર રચયિતા છે, મનુષ્ય રચના છે, બંને કદાપિ એક નથી હોઈ શકતા), (एवम्) એ જ રીતે (તે) (भूत) પ્રાણીઓને (અને) (प्रकृति) પ્રકૃતિ (સૃષ્ટિ)ને જાણે છે કે આ ઈશ્વરની રચના છે, (च) અને (मोक्षम्) ઈશ્વરથી ક્ષમા મળવાના માર્ગને પણ (विदु) જાણે છે, (ते) તો એ લોકો (परम) ઈશ્વરના પરમ-ધામ (સ્વર્ગ)ને (यान्ति) પામી લે છે.

# (અધ્યાય—૧૪)
# ગુણત્રય વિભાગ યોગ

## પરિચય

● અધ્યાય નં.૨ માં આપણે જાણ્યું કે આપણા કેટલાક અનિવાર્ય કર્તવ્યો છે.

અધ્યાય નં.૩ માં આપણે જાણ્યું કે ધર્મમાં શ્રદ્ધા અને કર્મ બંને મહત્ત્વપૂર્ણ છે.

અધ્યાય નં.૪ માં આપણે ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કર્યું.

અધ્યાય નં. ૫ માં કર્મને ઊંડાણપૂર્વક સમજ્યા અને કર્મયોગ અને કર્મ-સંન્યાસને શું છે તે જાણ્યું.

અધ્યાય નં. ૬ માં આપણે ધ્યાનયોગ શીખ્યા.

અધ્યાય નં. ૭ થી ૧ સુધી આપણે ઈશ્વરને ઓળખ્યો અને આપણી ઈશ્વરમાં શ્રદ્ધા દૃઢ થઈ ગઈ.

આના પછી શું ? શું હવે આપણી જીવન જીવવાની પદ્ધતિ બદલાઈ જશે ? અને આપણે ઋષિ-મુનિ જેવું જીવન વીતાવીશું ? ના, કદાપિ નહીં.

● જો આપણો સ્વભાવ ‘તમો ગુણ’વાળો છે, તો આપણે આ પુસ્તકને પ્રસાદની જેમ હાથમાં લઈશું, માથાથી લગાવીશું, અને ઘરમાં સૌથી ઉપરના કબાટમાં રાખીશું, એટલા માટે કે ક્યાંક ભૂલથી કોઈનો હાથ ન લાગી જાય.

જો આપણો સ્વભાવ ‘રજો ગુણ’વાળો છે તો આપણે આ દિવ્ય પુસ્તકને પોતાના ટેબલ પર મૂકીશું. આપણો દૃઢ સંકલ્પ એ હશે કે આપણે તેને વાંચીશું અને તેના પર અમલ પણ કરીશું, પરંતુ હાથમાં જે કામ છે તેને સમાપ્ત કર્યા પછી, અને આપણા કામો કદી સમાપ્ત થશે નહીં.

જો આપણે ‘સત્વ ગુણ’વાળો છે, તો દરરોજ સવારે આપણે તેને વાંચીશું, તેનાથી પ્રેરણા લઈશું, ઈશ્વરની પ્રાર્થના પણ કરીશું અને પછી બધું જ ઘરે છોડીને કારોબારમાં લાગી જઈશું. અર્થાત્ સવારનો એક (૧) કલાક ઈશ્વરની ઇચ્છા અનુસાર અને બાકીના ૨૩ કલાક આપણી ઈચ્છા અનુસાર, અને સવારના એક (૧) કલાકની પ્રાર્થના અને અર્ચનાથી આપણે સંતુષ્ટ રહીએ છીએ અને પોતાને ધાર્મિક સમજીએ છીએ.

● ઈશ્વર, જેણે આપણી રચના કરી છે, તે આપણા આ સ્વભાવોને સારી રીતે જાણે છે. આ કારણસર આ અધ્યાય અવતરિત કર્યો છે.

વિમાનની શોધ ૧૯૦૩માં થઈ઼ઈ પહેલા વિશ્વ-યુદ્ધમાં વિમાનનો .પયોગ થયો, પરંતુ તે એટલા સાધારણ હતા કે બન્દૂકની ગોળથી પણ તોડી પાડી શકાતા હતા. વિમાનના પાયલોટ હંમેશા ડરતા હતા કે ક્યારે કોઈ બોમ્બ કે ગોળી વાગે અને તે જમીનદોસ્ત થઈ જાય.

અંગ્રેજો કેટલાય વર્ષોથી યુદ્ધ-કળામાં સૌથી નિપુણ રહ્યા છે. તેમણે પોતાના પાયલોટોને કહ્યું કે તમે પોતાને પહેલાથી મરેલા માની લો અને પછી યુદ્ધ કરો. પાયલોટોએ જ્યારે આ

માનસિકતા સાથે યુદ્ધ કર્યું, તો ખૂબ બહાદુરીથી લડ્યા.

● પયગંબર મુહમ્મદ (સલ્લ.)એ એક ત્રીસ વર્ષના યુવાન અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.)ને કહ્યું કે તમે પોતાને મરેલા લોકોમાંથી સમજો. (મુસ્નદ ઇમામ અહમદની હદીસ)

આ યુવાન ૮૩ વર્ષની વય સુધી જીવિત રહ્યા અને તેમની ગણના ઇસ્લામના મહાન વિદ્વાનોમાં થાય છે.

● આ અધ્યાયમાં આ જ સૌથી મહત્ત્વપૂર્ણ ઉપદેશ છે. શ્લોક નં.૧૪.૨૦માં ઈશ્વરે કહ્યું, અતીત વ્યક્તિ જે છોડી દે છે ત્રણેય ગુણોને તે જન્મ, મૃત્યુ અને વૃદ્ધત્વથી મુક્તિ પામીને સ્વર્ગ પ્રાપ્ત કરે છે.

પછી અર્જુન શ્લોક નં. ૧૪.૨૧ માં પ્રશ્ન કરે છે કે (અતીત)ની ઓળખ શું છે ?

આના જવાબમાં ઈશ્વરે શ્લોક નં. ૧૪.૨૨ થી ૧૪.૨૮ સુધી 'અતીત' વ્યક્તિના ગુણોનું વર્ણન કર્યું છે.

● નાલન્દા વિશાલ શબ્દ-કોષ (પૃ.નં. ૩૪)માં 'અતીત' શબ્દના ઘણા અર્થ દર્શાવ્યા છે, તેમાંથી એક છે 'મૃત'.

● શ્લોક નં. ૧૪.૨૪ આ પ્રમાણે છે :

(અતીત વ્યક્તિ) સુખ દુઃખ (માં) એક સમાન રહે છે. તે પોતાને વશમાં રાખે છે. માટીનું ઢેફું, પથ્થર, સોનાનો ટુકડો (તેના માટે) એક સમાન છે. મિત્ર અને સગાઓ (અને) એ લોકો જેઓ તેને પસંદ નથી, સૌના સાથે એક સમાન વ્યવહાર કરે છે. તેની નિંદા કરવા પર અથવા તેની પ્રશંસા કરવા પર ધીરજ રાખે છે, અને એક સમાન રહે છે.

વિચારો એ વ્યક્તિ, જે પોતાને અમર સમજે છે, શું ક્યારેય આવો વિચાર કરશે ? કદાપિ નહીં. હા, આવો વ્યક્તિ, જે એ કલ્પના કરે કે તેનું મૃત્યુ થઈ ચૂક્યું છે, તો જીવનની આ વધારાની મુદ્દત તેને ઈશ્વર તરફથી ઉપહાર મળેલ છે. હવે આ Extra Time માં તે ઈશ્વરની ખૂબ પ્રાર્થના કરી લે, સત્કર્મ કરી લે, જેનાથી તેને સ્વર્ગમાં ઉચ્ચ સ્થાન મળે, તો તેનો સ્વભાવ શ્લોક નં. ૧૪.૨૪ મુજબ થઈ શકે છે, અને આ જ આ અધ્યાયનો ઉદ્દેશ્ય છે.

## સારાંશ

આ અધ્યાયમાં ઈશ્વરે શ્લોક નં. ૧૪.૧ થી ૧૪.૫ સુધી પોતાનો પરિચય આપ્યો છે. શ્લોક નં. ૧૪.૬ થી ૧૪.૧૩ સુધી ત્રણેય ગુણો (સત્વ, રજો તમો ગુણ)નું વર્ણન કર્યું છે. શ્લોક નં. ૧૪.૧૪ માં સત્વ ગુણની પ્રશંસા છે. પરંતુ ૧૪.૧૮ માં કહ્યું કે ત્રણેય ગુણોવાળા નર્કમાં જશે. (કારણ કે પુણ્ય કર્મો ઓછા થઈ શકે છે.)

શ્લોક નં. ૧૪.૨૦ ૧૪.૨૫ સુધી અતીત ગુણનું વર્ણન છે.

શ્લોક નં. ૧૪.૨૬ થી ૧૪.૨૭ માં માનવ-જાતિ માટે મહત્ત્વપૂર્ણ ઉપદેશ છે.

# અધ્યાય

**ધાર્મિક જ્ઞાનનું મહત્ત્વ**

## ૧૪.૧

**(भगवान उवाच), परम् भूयः प्रवक्ष्यामि ज्ञानानाम् ज्ञानम् उत्तमम् ।**
**यत् ज्ञात्वा मुनयः सर्वे पराम् सिद्धिम् इतः गताः।।१।।**

ઈશ્વરે (કૃષ્ણજીના માધ્યમથી) કહ્યું,
(હવે હું તમને) ફરીથી બધા જ્ઞાનોમાં સૌથી મહાન અને દિવ્ય જ્ઞાનને કહીશ, જેને જાણીને બધા મુનિઓએ આ (સંસારમાં) ઈશ્વરની પ્રાર્થનામાં (Perfection) પૂર્ણતા, સિદ્ધિ પ્રાપ્ત કરી.

(श्री भगवान उवाच) ઈશ્વરે (કૃષ્ણજીના માધ્યમથી) કહ્યું,
(भूयः) (હવે હું તમને) ફરીથી (ज्ञाननाम्) બધા જ્ઞાનોમાં (उत्तमम्) સૌથી મહાન અને (परम) દિવ્ય (ज्ञानम्) જ્ઞાનને (प्रवक्ष्यामि) કહીશ, (यत) જેને (ज्ञात्वा) જાણીને (सर्वे) બધા (मुनयः) મુનિઓએ (इतः) આ (સંસારમાં) (पराम) ઈશ્વરની પ્રાર્થનામાં (सिद्धिम्) (Perfection) પૂર્ણતા, (गता) સિદ્ધિ પ્રાપ્ત કરી.

## ૧૪.૨

**इदम् ज्ञानम् उपाश्रित्य मम साधर्म्यम् आगताः ।**
**र्गे अपि न उपजायन्ते प्रलये न व्यथन्ति च ।।२।।**

આ જ્ઞાનના સહારે (જીવન વ્યતીત કરવાથી વ્યક્તિ) મારી (ઇચ્છા અનુસાર) સ્વભાવ (ને) પ્રાપ્ત કરી લે છે, અને (પછી) ન (જ) (આ) સંસારમાં (અને) ન (જ) પ્રલયના દિવસે ફરીથી જીવિત કર્યા પછી પણ તેને કોઈપણ પ્રકારની કઠિનાઈ હશે.

(इदम्) આ (ज्ञानम्) જ્ઞાનના (उपाश्रित्य) સહારે (જીવન વ્યતીત કરવાથી વ્યક્તિ) (मम्) મારી (साधर्म्यम्) (ઇચ્છા અનુસાર) સ્વભાવ (ને) (आगताः) પ્રાપ્ત કરી લે છે, (च) અને (પછી) (न) ન (જ) (सर्गे) (આ) સંસારમાં (न) (અને) ન (જ) (प्रलये) પ્રલયના દિવસે (उपजायन्ते) ફરીથી જીવિત કર્યા પછી (अपि) પણ (व्यथन्ति) તેને કોઈપણ પ્રકારની કઠિનાઈ હશે.

(નોંધ: નાલન્દા વિશાલ શબ્દ સાગર, પૃ.નં.૧૬૧ અનુસાર ''નો અર્થ છે ઉત્પન્ન થવું. શ્લોક નં. ૧૫.૮, ૧૫.૯ અને ૧૫.૧૦ કુર્આન અનુસાર, પ્રલયના દિવસે ઈશ્વર સૌને ફરીથી જીવિત કરીને કર્મોનો હિસાબ લેશે.)

**પ્રાણીઓના ઉત્પન્ન થવાનું વર્ણન**

## ૧૪.૩

**मम योनिः महत् ब्रह्म तस्मिन् गर्भम् दधामि अहम् ।**
**सम्भवः सर्व-भूतानाम् ततः भवति भारत ।।३।।**

હે ભારત (અર્જુન)! મેં સૌથી મહાન ઈશ્વર જ ગર્ભની રચના કરી છે, (અને પછી) મારા નિર્મિત કરેલ વીર્યની આમાં (હું પાલન-પોષણ કરું છું), અને પછી આ રીતે બધા પ્રાણીઓનો જન્મ થાય છે.

(भारत) હે ભારત (અર્જુન)! (अहम्) મેં (महत्) સૌથી મહાન (ब्रहा) ઈશ્વર જ (गर्भम्) ગર્ભની (दधामि) રચના કરી છે, (मम्) (અને પછી) મારા (सम्भवः) નિર્મિત કરેલ (योनिः) વીર્યની (तस्मिन्) આમાં (હું પાલન-પોષણ કરું છું), (ततः) અને પછી આ રીતે (सर्व) બધા (भूतानाम्) પ્રાણીઓનો (भवति) જન્મ થાય છે.

## ૧૪.૪

**सर्व-योनिषु कौन्तेय मूर्तयः सम्भवन्ति याः ।**
**तासाम् ब्रह्म महत् योनिः अहम् बीजप्रदः पिता ।।४।।**

હે કુન્તી-પુત્ર (અર્જુન) ! બધા વીર્યોથી જે (અલગ-અલગ) આકારવાળા શરીર નિર્મિત થાય છે, એ બધા વીર્યના મહાન ઈશ્વર અને રચનાનો સ્રોત (મૂળ કારણ) અને તેનું નિર્માણ કરનાર (નિર્માતા) હું છું.

(कौन्तेय) હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (सर्व) બધા (योनिषु) વીર્યોથી (या) જે (मूर्तयः) (અલગ-અલગ) આકારવાળા શરીર (सम्भवन्ति) નિર્મિત થાય છે, (तासाम्) એ બધા (योनिः) વીર્યના (महत् ब्रह्म) મહાન ઈશ્વર અને (बीज) રચનાનો સ્રોત (મૂળ કારણ) (प्रदः) અને તેનું નિર્માણ કરનાર (पिता) (નિર્માતા) (अहम्) હું છું.

## ૧૪.૫

**सत्वम् रजः तमः इति गुणाः प्रकृति सम्भवाः ।**
**निषध्नन्ति महा-बाहो देहे देहिनम् अव्ययम् ।।५।।**

હે મહાન ભુજાઓવાળા (અર્જુન) ! સત્વ, રજો, તમો આ (ત્રણ) ગુણ ઈશ્વરે બનાવ્યા છે. અવિનાશી (ઈશ્વરે) તેમને શરીરવાળા મનુષ્યના શરીરથી બાંધી દીધેલ છે.

(महा-बाहो) હે મહાન ભુજાઓવાળા (અર્જુન) ! (सत्वम्) સત્વ, (रजः) રજો, (तमः) તમો (इति) આ (ત્રણ) (गुणा) ગુણ (प्रकृति) ઈશ્વરે (सम्भवाः) બનાવ્યા છે. (अव्ययम्) અવિનાશી (ઈશ્વરે) તેમને (देहिनम्) શરીરવાળા મનુષ્યના (देहे) શરીરથી (निबध्नन्ति) બાંધી દીધેલ છે.

### સત્વ ગુણની વિશેષતાઓ

## ૧૪.૬

**तत्र सत्वम् निर्मलत्वात् प्रकाशकम् अनामयम् ।**
**सुख सङ्गेन बध्नाति ज्ञान सङ्गेन च अनघ ।।६।।**

હે પાપરહિત (અર્જુન) ! એ (ઈશ્વર તરફથી પ્રદાન કરવામાં આવેલ ગુણોમાં જે) સત્વ ગુણ છે તે પવિત્ર કરવાવાળો, પ્રકાશિત કરવાવાળો, (મનુષ્યને) પાપોથી મુક્ત રાખવાવાળો (ગુણ છે). (કારણ કે આ) ધાર્મિક જ્ઞાનની સાથે મનુષ્યને બાંધીને સુખ-શાંતિથી જોડી દે છે.

(अनघ) હે પાપરહિત (અર્જુન) ! (तत्र) એ (ઈશ્વર તરફથી પ્રદાન કરવામાં આવેલ ગુણોમાં જે) (सत्वम्) સત્વ ગુણ છે (निर्मलत्वात्) તે પવિત્ર કરવાવાળો, (प्रकाशकम्) પ્રકાશિત કરવાવાળો, (अनामयम्) (મનુષ્યને) પાપોથી મુક્ત રાખવાવાળો (ગુણ છે). (ज्ञान) (કારણ કે આ) ધાર્મિક જ્ઞાન (सङ्गेन) ની સાથે (बध्नाति) મનુષ્યને બાંધીને (सुख) સુખ-શાંતિથી (सङ्गेन) જોડી દે છે.

### રજો ગુણની વિશેષતાઓ

## ૧૪.૬

**रजो राग-आत्मकम् विद्धि तृष्णा सङ्ग समुद्भवम् ।**
**तत् निबध्नाति कौन्तेय कर्मसङ्गेन देहिनम् ।।३।।**

રજો ગુણ જોશ, રાગ, ઉત્સાહ, વાસનાની ભાવના ઉત્પન્ન કરે છે. (આ વાતને સારી રીતે) સમજી લો કે (આ ગુણ)થી મનુષ્યમાં લોભ (લાલચની) ભાવના પેદા થઈ જાય છે. હે કુન્તી-પુત્ર (અર્જુન) ! આ (લો જ મનુષ્યને) નિરંતર કામ કરવાની સાથે બાંધી દે છે.

(रजो) રજો ગુણ (राग-आत्मकम्) જોશ, રાગ, ઉત્સાહ, વાસનાની ભાવના ઉત્પન્ન કરે છે. (विद्धि) (આ વાતને સારી રીતે) સમજી લો કે (આ ગુણ)થી (देहिनम्) મનુષ્યમાં (तृष्णा) લોભ (લાલચની) (सङ्ग समुद्भवम्) ભાવના પેદા થઈ જાય છે. (कौन्तेय) હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (तत्) આ (લો જ મનુષ્યને) (कर्मसङ्गेन) નિરંતર કામ કરવાની સાથે (निबध्नाति) બાંધી દે છે.

### તમો ગુણની વિશેષતાઓ

**૧૪.૮**

**तमः तु अज्ञान-जम् विद्धि मोहनम् सर्व दिहिनाम् ।**
**प्रमाद आलस्य निद्राभिः तत् निबध्नाति भारत ।।८।।**

પરંતુ તમો ગુણ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. હે અર્જુન ! (આ વાતને) સમજી લો કે સંપૂર્ણ દેહધારી મનુષ્ય (આ જ ગુણના કારણે) ભ્રમમાં છે. આ (ગુણ મનુષ્યને) બેપરવાઈ, આળસ (સુસ્તી) અને નિદ્રાથી બાંધી દે છે.

(तु) પરંતુ (तमः) તમો ગુણ (अज्ञान) અજ્ઞાનથી (जम्) ઉત્પન્ન થાય છે. (भारत) હે અર્જુન ! (विद्धि) (આ વાતને) સમજી લો કે (सर्व) સંપૂર્ણ (देहिनाम्) દેહધારી મનુષ્ય (मोहनम्) (આ જ ગુણના કારણે) ભ્રમમાં છે. (तत) આ (ગુણ મનુષ્યને) (प्रमाद) બેપરવાઈ, (आलस्य) આળસ (સુસ્તી) (निद्राभि) અને નિદ્રાથી (निबध्नाति) બાંધી દે છે.

### મનુષ્ય પર ગુણોનો પ્રભાવ

**૧૪.૯**

**सत्वम् सुखे सन्जयति रजः कर्मणि भारत ।**
**ज्ञानम् आवृत्य तु तमः प्रमादे सन्जयति उत ।।९।।**

ઈશ્વરે કહ્યું, હે ભારત (અર્જુન) ! સત્ત્વ ગુણ સુખ શાંતિ (થી) બાંધે છે. રજો ગુણ (નિરંતર) કામમાં લાગે છે. પરંતુ તમો ગુણ જ્ઞાનને ઢાંકી દે છે, (અને) બેપરવાઈ (થી) બાંધી દે છે.

(उत) ઈશ્વરે કહ્યું, (भारत) હે ભારત (અર્જુન) ! (सत्वम्) સત્ત્વ ગુણ (सुखे) સુખ શાંતિ (થી) (सन्जयति) બાંધે છે. (रजः) રજો ગુણ (कर्मणि) (નિરંતર) કામમાં લાગે છે. (तु) પરંતુ (तम) તમો ગુણ (ज्ञानम् आवृत्य) જ્ઞાનને ઢાંકી દે છે, (અને) (प्रमादे) બેપરવાઈ (થી) (सन्जयति) બાંધી દે છે.

**૧૪.૧૦**

**रजः तमः च अभिभूयः सत्वम् भवति भारत ।**
**रजः सत्वम् तमः च एव तमः सत्वम् रजः तथा ।।१०।।**

હે ભારત (અર્જુન) ! (ક્યારેક) સત્ત્વ ગુણ રજો ગુણ અને તમો ગુણને દબાવીને પ્રમુખ/પ્રબળ થઈ જાય છે, અને (એ જ રીતે ક્યારેક) રજો ગુણ સત્ત્વ ગુણ અને તમો ગુણ (માં આગળ વધી જાય છે) અને (એ રીતે ક્યારેક) તમો ગુણ સત્ત્વ ગુણ અને રજો ગુણથી આગળ વધી જાય છે.

(भारत) હે ભારત (અર્જુન) ! (सत्वम्) (ક્યારેક) સત્ત્વ ગુણ (रजः तमः) રજો ગુણ અને તમો ગુણ (अभिभूय) ને દબાવીને પ્રમુખ/પ્રબળ (भवति) થઈ જાય છે, (च) અને (એ જ રીતે ક્યારેક) (रजः) રજો ગુણ (सत्वम् तमः) સત્ત્વ ગુણ અને તમો ગુણ (માં આગળ વધી જાય છે) (च एवं) અને (એ રીતે ક્યારેક) (तमः) તમો ગુણ (सत्वम् रजः तथा) સત્ત્વ ગુણ અને રજો ગુણથી આગળ વધી જાય છે.

### સત્ત્વ ગુણ પ્રબળ હોવાના ચિહ્નો

**૧૪.૧૧**

**सर्व-द्वारेषु देहे अस्मिन् प्रकाशः उपजायते ।**
**ज्ञानम् यदा तदा विद्यात् विवृद्धम् सत्वम् इति उत ।।११।।**

(ઈશ્વર) એ રીતે કહી રહ્યો છે કે જ્યારે આ શરીરના બધા દરવાજાઓમાં જ્ઞાનનો પ્રકાશ પ્રગટ થવા લાગે,

(इति) (ઈશ્વર) એ રીતે (उत) કહી રહ્યો છે કે (यदा) જ્યારે (अस्मिन्) આ (देहे) શરીરના (सर्व) બધા (द्वारेषु) દરવાજાઓમાં (ज्ञानम्) જ્ઞાનનો (प्रकाश) પ્રકાશ

ત્યારે એ સમજી લો કે સત્ત્વ ગુણ વધી ગયેલ છે.

(उपजायते) પ્રગટ થવા લાગે (तदा) ત્યારે (विद्यात्) એ સમજી લો કે (सत्वम्) સત્ત્વ ગુણ (विवृद्धम्) વધી ગયેલ છે.

(શરીરના દરવાજાઓમાં જ્ઞાનનો પ્રકાશ પ્રગટ થવાનો અર્થ એ છે કે શરીરના અંગો ધાર્મિક જ્ઞાન અનુસાર જ કામ કરવા લાગે.

### રજો ગુણ પ્રબળ હોવાના ચિહ્નો

## ૧૪.૧૨

**लोभः प्रवृत्तिः आरम्भः कर्मणाम् अशमः स्पृहा ।**
**रजसि एतानि जायन्ते विवृद्धे भरत-ऋषभ ।।१२।।**

હે ભારતવંશીઓમાં શ્રેષ્ઠ (અર્જુન) ! લાલચમાં વૃદ્ધિ (વધારો), વેપરના કામમાં વ્યસ્ત રહેવું, અશાંતિ, (નિરંકૂશ) ઇચ્છાઓ, આ બધું ઉત્પન્ન થાય છે રજો ગુણના વધવાથી.

(भरत-ऋषभ) હે ભારતવંશીઓમાં શ્રેષ્ઠ (અર્જુન) ! (लोभ) લાલચમાં (प्रवृत्ति) વૃદ્ધિ (વધારો), (आरम्भ कर्मणाम्) વેપરના કામમાં વ્યસ્ત રહેવું, (अहम) અશાંતિ, (स्पृहा) (નિરંકૂશ) ઇચ્છાઓ, (एतानि) આ બધું (जायन्ते) ઉત્પન્ન થાય છે (रजसि) રજો ગુણના (विवृद्धे) વધવાથી.

### તમો ગુણ પ્રબળ થવાના ચિહ્નો

## ૧૪.૧૩

**अप्रकाशः अप्रवृत्तिः च प्रमादः मोहः एव च ।**
**तमसि एतानि जायन्ते विवृद्धे कुरुनन्दन ।।१३।।**

હે અર્જુન ! તમો ગુણના વધવાથી નિઃસંદેહ બેપરવાઈ અને અજ્ઞાનતા અને (ચરીત્ર)માં પતન આ બધા (ગુણો) ઉત્પન્ન થાય છે.

(कुरुनन्दन) હે અર્જુન ! (तमसि) તમો ગુણના (विवृद्धे) વધવાથી (एव) નિઃસંદેહ (प्रमाद) બેપરવાઈ (च) અને (अप्रकाश) અજ્ઞાનતા (च) અને (अप्रकृति) (ચરીત્ર)માં પતન (एतानि) આ બધા (जायन्ते) (ગુણો) ઉત્પન્ન થાય છે.

### સત્ત્વ ગુણ પ્રબળ હોવાનું મહત્ત્વ

## ૧૪.૧૪

**यदा सत्वे प्रवृद्ध तु प्रलयम् याति देह-भृत् ।**
**तद उत्तम-विद्वाम् लोकान् अमलान् प्रतिपद्यते ।।१४।।**

(પરંતુ) જ્યારે (જીવનના) અંત થવા સુધી (મૃત્યુના સમય સુધી) શરીરવાળા મનુષ્યના સત્ત્વ ગુણ (માં) વધારો થતો રહે, ત્યારે (આવો મનુષ્ય મૃત્યુના પછી) મોટા વિદ્વાનોના પવિત્ર લોક (સ્વર્ગને) પ્રાપ્ત કરશે.

(तु) (પરંતુ) (यदा) જ્યારે (प्रलयम्) (જીવનના) અંત (याति) થવા સુધી (મૃત્યુના સમય સુધી) (देह) શરીરવાળા (भृत्) મનુષ્યના (सत्वे) સત્ત્વ ગુણ (માં) (प्रवृद्धे) વધારો થતો રહે, (तद) ત્યારે (આવો મનુષ્ય મૃત્યુના પછી) (उत्तम) મોટા (विदाम) વિદ્વાનોના (अमलान्) પવિત્ર (लोकान्) લોક (સ્વર્ગને) (प्रतिपद्यते) પ્રાપ્ત કરશે.

### રજો અને તમો ગુણ નર્કમાં લઈ જશે

## ૧૪.૧૫

**रजसि प्रलयम् गत्वा कर्म-सङ्गिषु जायते ।**
**तथा प्रलीनः तमसि मूढयोनिषु जायते ।।१५।।**

જીવનના અંત (પછી) રજો ગુણવાળા (નર્કમાં) નવું જીવન પામશે, એ લોકોમાં જેઓ જીવનમાં નિરંતર કામમાં લાગેલા હતા. એ રીતે જીવનના અંત (પછી) તમો ગુણવાળા (નર્કમાં) નવું જીવન પામશે મૂર્ખ લોકોના વંશમાં.

(શ્લોક નં. ૧૪.૧૮ માં છે કે ત્રણેય ગુણવાળા નર્કમાં જશે. આમાં રજો ગુણ અને તમો ગુણવાળાઓનું વર્ણન નીચે મુજબ છે.)

(પ્રલયમ્) જીવનના અંત (પછી) (रजसि) રજો ગુણવાળા (जायते) (નર્કમાં) નવું જીવન (गत्वा) પામશે, (कर्म-सङ्गिषु) એ લોકોમાં જેઓ જીવનમાં નિરંતર કામમાં લાગેલા હતા. (तथा) એ રીતે (प्रलीनः) જીવનના અંત (પછી) (तमसि) તમો ગુણવાળા (નર્કમાં) (जायते) નવું જીવન પામશે (मूढयोनिषु) મૂર્ખ લોકોના વંશમાં.

### કર્મો પર ગુણોનો પ્રભાવ

## ૧૪.૧૬

**कर्मणः सु-कृतस्य आहुः सात्विकम् निर्मलम् पलम् ।**
**जसः तु पलम् दुःखम् अज्ञानम् तमसः पलम् ।।१६।।**

ઈશ્વરે કહ્યું, સત્ત્વ ગુણના કારણે શુભ કર્મ થાય છે અને તેમનું ફળ પણ નિર્મળ પવિત્ર હોય છે. રજો ગુણના કારણે (કરવામાં આવેલ કર્મોનું) ફળ (પરિણામ) કષ્ટવાળું હોય છે, (અને) તમો ગુણના કારણે (કરવામાં આવેલ કર્મોનું) ફળ (પરિણામ) અજ્ઞાન (મૂર્ખતા) જ હોય છે.

(आहु) ઈશ્વરે કહ્યું, (सात्विकम्) સત્ત્વ ગુણના કારણે (सु-कर्मण) શુભ કર્મ (कृतस्य) થાય છે (पलम्) અને તેમનું ફળ પણ (निर्मलम्) નિર્મળ પવિત્ર હોય છે. (रजसः) રજો ગુણના કારણે (કરવામાં આવેલ કર્મોનું) (फलम) ફળ (પરિણામ) (दुःखम्) કષ્ટવાળું હોય છે, (અને) (तमसः) તમો ગુણના કારણે (કરવામાં આવેલ કર્મોનું) (फलम्) ફળ (પરિણામ) (अज्ञानम्) અજ્ઞાન (મૂર્ખતા) જ હોય છે.

### વિચાર પર ગુણોનો પ્રભાવ

## ૧૪.૧૭

**सत्वात् सन्जायते ज्ञानम् रजसः लोभः एव च ।**
**प्रमाद मोहौ तमसः भवतः अज्ञानम एव च ।।१७।।**

નિઃસંદેહ, સત્ત્વ ગુણથી જ્ઞાન અને રજો ગુણથી લોભ અને ભ્રમ ઉત્પન્ન થાય છે, અને તમો ગુણથી નિઃસંદેહ અજ્ઞાન, બેપરવાઈ (જ) ઉત્પન્ન થાય છે.

(एवं) નિઃસંદેહ, (सत्वात्) સત્ત્વ ગુણથી (ज्ञानम्) જ્ઞાન (च) અને (रजसः) રજો ગુણથી (लोभ) લોભ (च) અને (मोहौ) ભ્રમ (सन्जायते) ઉત્પન્ન થાય છે, (च) અને (तमसः) તમો ગુણથી (एवं) નિઃસંદેહ (अज्ञानम्) અજ્ઞાન, (प्रमाद) બેપરવાઈ (જ) (भवतः) ઉત્પન્ન થાય છે.

### નર્કમાં ત્રણેય ગુણવાળાને કેવી રીતે રાખવામાં આવશે

## ૧૪.૧૮

**उर्ध्वम् गच्छन्ति सत्व-स्थाः मध्ये तिष्ठन्ति राजसाः ।**
**जघन्य गुण वृत्ति-स्थाः अधः गच्छन्ति तामसाः ।।१८।।**

મૃત્યુ પામેલ વ્યક્તિ ગુણોને આધારે નર્કમાં (આ રીતે) જશે - સત્ત્વ ગુણવાળામાં સ્થિત રહેવાવાળા (નર્કમાં) ઉપરનો ભાગ પામશે. રજો ગુણવાળા (નર્કમાં) મધ્ય ભાગમાં સ્થિત કરવામાં આવશે, અને સૌથી નીચેના ભાગને તમો ગુણવાળા પામશે.

સત્ત્વ ગુણવાળા બે કારણોથી નર્કમાં જશે :
૧. સત્કર્મો ઓછા હોવા.
૨. ઈશ્વરમાં શ્રદ્ધા ન હોવી.

(वृत्ति-स्थाः) મૃત્યુ પામેલ વ્યક્તિ (गुण) ગુણોને આધારે (अधः) નર્કમાં (गच्छन्ति) (આ રીતે) જશે - (सत्व-स्थाः) સત્ત્વ ગુણવાળામાં સ્થિત રહેવાવાળા (उर्ध्वम्) (નર્કમાં) ઉપરનો ભાગ (गच्छन्ति) પામશે. (राजसा) રજો ગુણવાળા (मध्ये) (નર્કમાં) મધ્ય ભાગમાં (तिष्ठन्ति) સ્થિત કરવામાં આવશે, (जघन्य) અને સૌથી નીચેના ભાગને (तामसाः) તમો ગુણવાળા (गच्छन्ति) પામશે.

## ૧૪.૧૯

**न अन्यम् गुणेभ्यः कर्तारम् यदा द्रष्टा अनुपश्यति ।**
**गुणेभ्यः च परम् वेत्ति मत्-भावम् सः अधिगच्छति ।।१९।।**

ત્યારે જોવાવાળા (એમ સમજે છે કે) પ્રાકૃતિક ગુણ સિવાય કોઈ બીજી વસ્તુ બધા કર્મોને (કરતી, ત્યારે) તે સચ્ચાઈને જુએ છે, અને જાણી લે છે કે મહાન ઈશ્વરે આ ગુણોને (ઉત્પન્ન કર્યા અને મનુષ્યના શરીરથી જોડી દીધા છે) અને (ત્યારે તે) મારામાં શ્રદ્ધાવાળી ભાવના (સ્વભાવ) પામી લે છે.

(यदा) ત્યારે (द्रष्टा) જોવાવાળા (એમ સમજે છે કે) (गुणेभ्य) પ્રાકૃતિક ગુણ (अन्यम्) સિવાય કોઈ બીજી વસ્તુ (कर्तारम्) બધા કર્મોને (न) નથી (કરતી, ત્યારે) (सः) તે (अनुपश्यति) સચ્ચાઈને જુએ છે, (वेत्ति) અને જાણી લે છે કે (परम) મહાન ઈશ્વરે (गुणेभ्य) આ ગુણોને (ઉત્પન્ન કર્યા અને મનુષ્યના શરીરથી જોડી દીધા છે) (च) અને (ત્યારે તે) (मत-भावम्) મારામાં શ્રદ્ધાવાળી ભાવના (સ્વભાવ) (अधिगच्छति) પામી લે છે.

### ત્રણેય ગુણોથી ઉપર ઉઠવાનું મહત્ત્વ

## ૧૪.૨૦

**गुणान् एतान् अतीत्य त्रीन् देही देह समुद्भवान् ।**
**जन्म मृत्यु जरा दुःखेः विमुक्तः अमृतम् अश्नुते ।।२०।।**

(જ્યારે કોઈ વ્યક્તિ) આ ત્રણેય ગુણોને છોડી દે છે, (જે) મનુષ્યના શરીરથી જોડાયેલ છે, તો તે મુક્ત થઈ જાય છે - જન્મ, મૃત્યુ, વૃદ્ધાવસ્થા (ઘડપણ) અને દુઃખથી, અને પ્રાપ્ત કરે છે એ સ્થાન જ્યાં મૃત્યુ નથી (અર્થાત્ સ્વર્ગ).
(સત્ત્વ ગુણ શા માટે છોડવા જોઈએ એ વાતને સમજવા માટે નોંધ નં. N-૫ વાંચો.)

(एतान्) (જ્યારે કોઈ વ્યક્તિ) આ (त्रीन्) ત્રણેય (गुणान्) ગુણોને (अतीत्य) છોડી દે છે, (જે) (देही) મનુષ્યના (देह) શરીરથી (समुद्भवान्) જોડાયેલ છે, (विमुक्ते) તો તે મુક્ત થઈ જાય છે - (जन्म) જન્મ, (मृत्यु) મૃત્યુ, (जरा) વૃદ્ધાવસ્થા (ઘડપણ) અને (दुःखे) દુઃખથી, (अश्नुते) અને પ્રાપ્ત કરે છે (अमृतम्) એ સ્થાન જ્યાં મૃત્યુ નથી (અર્થાત્ સ્વર્ગ).

**અતીત સ્વભાવવાળા વ્યક્તિની વિશેષતાઓ**

## ૧૪.૨૧

**अर्जुन उवाच,**
**कैः लिङैः त्रीन् गुणान् एतान् अतीतः भवति प्रभो ।**
**किम् आचारः कथम् च एतान् त्रीन् गुणान् अतिवर्तते ॥२१॥**

અર્જુને કહ્યું, હે પ્રભુ ! આ ત્રણેય ગુણોથી (બચવાવાળા) અતીત થયેલ મનુષ્ય (મુનિ)ના શું લક્ષણો હોય છે? (અને) આ ત્રણેય ગુણોથી (તે) કેવી રીતે બચે છે, અને (તેનું) આચરણ કેવું હોય છે. ?

(अर्जुन उवाच) અર્જુને કહ્યું, (प्रभो) હે પ્રભુ ! (एतान) આ (त्रीन) ત્રણેય (गुणान्) ગુણોથી (બચવાવાળા) (अतीत) અતીત થયેલ મનુષ્ય (મુનિ)ના (कैः) શું (लिङैः) લક્ષણો (भवति) હોય છે ? (एतान) (અને) આ (त्रीन) ત્રણેય (गुणान) ગુણોથી (कथम्) (તે) કેવી રીતે (अतिवर्तते) બચે છે, (च) અને (તેનું) (आचार) આચરણ (किम्) કેવું હોય છે. ?

## ૧૪.૨૨

**प्रकाशम् च प्रवृत्तिम् च मोहम् एव च पाण्डव ।**
**न द्वेष्टि सम्प्रवृत्तानि न निवृत्तानि काऽक्षति ॥२२॥**

ઈશ્વરે કહ્યું, (અતીત થયેલ વ્યક્તિ) ન દ્વેષ (નફરત) કરે છે પ્રસિદ્ધિથી, અને સમૃદ્ધિ (ઉન્નતિ)થી, અને ભ્રમથી (ધનવાન મિત્રો અને સગાઓથી) જ્યારે તે બધું અતિ થવા લાગે,

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું, (અતીત થયેલ વ્યક્તિ) (न द्वेष्टि) ન દ્વેષ (નફરત) કરે છે (प्रकाशम्) પ્રસિદ્ધિ (Fame)થી, (च) અને (प्रवृत्तिम) સમૃદ્ધિ (ઉન્નતિ) થી, (च) અને (मोहम्) ભ્રમથી (ધનવાન મિત્રો અને સગાઓથી) (समप्रवृत्तानि) જ્યારે તે બધું અતિ થવા લાગે,

---

**નોંધ ૧૪.૨૧ :** નાલંદા વિશાલ શબ્દ સાગર કોષ, પૃ. નં. ૩૪૫૨ '**अतीत**'ના અનેક અર્થ લખ્યા છે. તેમાંથી એક અર્થ છે '**मृत**' (મૃત્યુ પામેલ).
જે વ્યક્તિ સત્ત્વ ગુણ, રજો ગુણ, તમો ગુણને છોડી દે છે તેને '**अतीत**' કહે છે. આવા વ્યક્તિને કુર્આનમાં '**મુત્તકી**' કહેવામાં આવેલ છે. શ્લોક નં. ૧૪.૨૧ થી ૧૪.૨૭ સુધી 'अतीत' વ્યક્તિના ગુણોનું વર્ણન છે.

---

**નોંધ ૧૪.૨૧ :** પવિત્ર કુર્આનમાં 'अतीत' વ્યક્તિને '**મુત્તકી**' કહેવામાં આવેલ છે. અર્થાત્ ઈશ્વરથી ડરવાવાળો (તકવાવાળો). '**अतीत**' વ્યક્તિને પવિત્ર કુર્આનમાં ઈશ્વરે નીચે મુજબ આશ્વાસન આપ્યું છે :
''જે કોઈ (તકવા અપનાવે) ઈશ્વરથી ડર રાખશે (અર્થાત્ અતીત વ્યક્તિ), ઈશ્વર તેના માટે (બધા સંકટોથી) નીકળવાનો માર્ગ પેદા કરી દેશે, અને તેને ત્યાંથી રોજી (આજીવિકા) આપશે, જ્યાંથી તેને ગુમાન (કલ્પના) પણ નહીં હોય, અને જે કોઈ ઈશ્વર પર ભરોસો રાખે તો તે (ઈશ્વર) તેના માટે પૂરતો છે (અર્થાત્ ઈશ્વર તેની બધી આવશ્યકતાઓ પૂરી કરશે). નિઃસંદેહ, ઈશ્વર પોતાની (ઇચ્છા અનુસાર) કામ પૂરું કરી નાખે છે. ઈશ્વરે દરેક વસ્તુનો એક અંદાજ (ભાગ્ય) નિર્ધારિત કરી રાખ્યું છે.'' (સૂરઃ અત્-તલાક, ૬૫, આ. ૨-૩)

---

**નોંધ ૧૪.૨૨ :** '**मोहम**'નો અર્થ છે ભ્રમ હોવો. પરંતુ અમે આનો અર્થ 'અમીર મિત્ર અને સગાઓ' લીધો છે, કેમ કે આ બંનેથી મનુષ્ય હંમેશા ભ્રમમાં રહે છે અને પોતાને સુરક્ષિત અને ભાગ્યશાળી સમજે છે. પરંતુ મૃત્યુ થતાં જ તેને પ્રતીત થાય છે કે તે તો તદ્દન એકલો છે, અને આગળની આખી યાત્રા તેણે એકલા જ કરવાની છે.

(અને) ન ઇચ્છા કરે છે જ્યારે (પ્રસિદ્ધિ, સમૃદ્ધિ, મિત્ર અને સગાઓ) ઓછા થવા લાગે.

(न) (અને) ન (काऽक्षति) ઇચ્છા કરે છે (निवृत्तानि) જ્યારે (પ્રસિદ્ધિ, સમૃદ્ધિ, મિત્ર અને સગાઓ) ઓછા થવા લાગે.

## ૧૪.૨૩

**उदासीनवत् आसीनः गुणैः यः न विचाल्यते ।**
**गुणाः वर्तन्ते इति एवम् यः अवतिष्ठति न इङ्गते ।।२३।।**

(તે) જે નિષ્પક્ષ (Impartial) રહે છે (આ ત્રણેય) ગુણોથી, પરેશાન નથી થતો (આ) ગુણો (ની) ઉશ્કેરણી (Provocation)થી. એ જ રીતે તે નિઃસંદેહ દૃઢતાથી સ્થિત રહે છે (અને) ડગમગતો નથી.

(य) (તે) જે (उदासीनवत्) નિષ્પક્ષ (Impartial) (आसीन) રહે છે (गुणै) (આ ત્રણેય) ગુણોથી, (विचाल्यते) પરેશાન (न) નથી થતો (गुणा) (આ) ગુણો (ની) (वर्तन्ते) ઉશ્કેરણી (Provocation)થી, (इति) એ જ રીતે (एवम्) તે નિઃસંદેહ (अवतिष्ठति) દૃઢતાથી સ્થિત રહે છે (અને) (इङ्गते) ડગમગતો (न) નથી.

## ૧૪.૨૪

**सम दुःख सुखः स्व-स्थः सम लोष्ट अश्म कान्चनः ।**
**तुल्य प्रिय अप्रियः धीरः तुल्य निन्दा आत्म-संस्तुतिः ।।२४।।**

(અતીત થયેલ વ્યક્તિ) સુખ દુઃખ (માં) એકસમાન રહે છે. તે પોતાને વશમાં રાખે છે. માટીનું ઢેફું, પથ્થર, સોનાનો ટુકડો (તેના માટે) એક સમાન છે. મિત્ર અને સગાઓ (અને) એ લોકો જેઓ તેને પસંદ નથી, સૌના સાથે એકસમાન વ્યવહાર કરે છે. તેની નિંદા કરવા પર અથવા તેની પ્રશંસા કરવા પર ધીરજ રાખે છે, અને એકસમાન રહે છે.

(અતીત થયેલ વ્યક્તિ) (सुख) સુખ (दुःख) દુઃખ (માં) (सम) એક સમાન રહે છે. (स्व-स्थ) તે પોતાને વશમાં રાખે છે. (लोष्ट) માટીનું ઢેફું, (अश्म) પથ્થર, (कान्चन) સોનાનો ટુકડો (सम) (તેના માટે) એકસમાન છે. (प्रिय) મિત્ર અને સગાઓ (અને) (अप्रिय) એ લોકો જેઓ તેને પસંદ નથી, (तुल्य) સૌના સાથે એકસમાન વ્યવહાર કરે છે. (निन्दा) તેની નિંદા કરવા પર (आत्म-संतुस्ति) અથવા તેની પ્રશંસા કરવા પર (धीर) ધીરજ રાખે છે, (तुल्य) અને એકસમાન રહે છે.

## ૧૪.૨૫

**मान अपमानयोः तुल्यः तुल्यः मित्र अरि पक्षयोः ।**
**सर्व आरम्भ परित्यागी गुण-अतीतः सः उच्यते।।२५।।**

ઈશ્વરે કહ્યું, તે જે ત્રણેય ગુણોને છોડી દે છે, એવા વ્યક્તિ માટે માન અપમાન એકસમાન હોય છે. મિત્ર (અને) શત્રુ અથવા કોઈ અન્ય પક્ષથી તે એકસમાન વ્યવહાર કરે છે. તે (બધા) વ્યર્થ કામો (પણ) છોડી દે છે.

**નોંધ :** '**आरम्भ**'નો અર્થ સમજવા માટે શ્લોક નં. ૧૨.૧૬ ની નોંધ વાંચો.

(उच्यते) ઈશ્વરે કહ્યું, (गुण-अतीत) તે જે ત્રણેય ગુણોને છોડી દે છે, (स) એવા વ્યક્તિ માટે (मान) માન (अपमानयोः) અપમાન (तुल्य) એક સમાન હોય છે. (मित्र) મિત્ર (अरि) (અને) શત્રુ (पक्षयोः) અથવા કોઈ અન્ય પક્ષથી (तुल्य) તે એક સમાન વ્યવહાર કરે છે. (सर्व) તે (બધા) (आरम्भ) વ્યર્થ કામો (પણ) (परित्यागी) છોડી દે છે.

**નોંધ :** 'આરમ્ભ'નો અર્થ સમજવા માટે શ્લોક નં. ૧૨.૧૬ ની નોંધ વાંચો.

## ૧૪.૨૬

**माम् च यः अव्यभिचारेण भक्ति-योगेन सेवते ।**
**सः गुणान् समतीत्य एतान् ब्रह्म-भूयाय कल्पते ।।२६।।**

તે (અતીત વ્યક્તિ) (એવી) પ્રાર્થના કરે છે (જે તેને) મારાથી જોડી દે છે, અને સંગમ (શિર્ક, અનેકેશ્વરવાદ) નથી કરતો. તે મારો દાસ બની જાય છે. તે (વ્યક્તિ) ઉપર ઉઠી જાય છે આ (ત્રણેય) ગુણોથી (અને તે) ઈશ્વરથી ખૂબ જ નિકટ થઈ જાય છે.

(य) તે (અતીત વ્યક્તિ) (भक्ति) (એવી) પ્રાર્થના કરે છે (જે તેને) (च मम) મારાથી (योगेन्) જોડી દે છે, (अव्यभिचारेण) અને સંગમ (શિર્ક, અનેકેશ્વરવાદ) નથી કરતો. (सेवते) તે મારો દાસ બની જાય છે. (सः) તે (વ્યક્તિ) (समतीत्य) ઉપર ઉઠી જાય છે (एतान) આ (ત્રણેય) (गुणान्) ગુણોથી (ब्रह्म) (અને તે) ઈશ્વરથી (भूयाय) ખૂબ જ (कल्पते) નિકટ થઈ જાય છે.

### અધ્યાયનો સાર

## ૧૪.૨૭

**ब्रह्मणः हि प्रतिष्ठ अहम् अमृतस्य अव्ययस्य च ।**
**शाश्वतस्य त धर्मस्य सुखस्य एकान्तिकस्य च ।।२७।।**

મેં (જ) સ્થાપના કરી છે આ બ્રહ્માંડની અને અમર સ્થાન (સ્વર્ગની) જ્યાં મૃત્યુ નહીં હોય, અને હંમેશા સ્થિત રહેવાવાળા સનાતન ધર્મની, અને સમાજમાં સુખ શાંતિની, અને (હું) એક ઈશ્વર જ આરંભ અને અંત છું, (મારા સિવાય કોઈ ઈશ્વર નથી).

(अहम) મેં (જ) (प्रतिष्ठ) સ્થાપના કરી છે (च) આ બ્રહ્માંડની (च) અને (अव्ययस्थ) અમર સ્થાન (સ્વર્ગની) (अमृतस्य) જ્યાં મૃત્યુ નહીં હોય, (च) અને (शाश्वतस्य) હંમેશા સ્થિત રહેવાવાળા (धर्मस्य) સનાતન ધર્મની, (सुखस्य) અને સમાજમાં સુખ શાંતિની, (च) અને (एकान्तिकस्य) (હું) એક ઈશ્વર જ આરંભ અને અંત છું, (મારા સિવાય કોઈ ઈશ્વર નથી).

# (અધ્યાય–૧૫)
# પુરુષોત્તમ યોગ

## પરિચય

આ અધ્યાયમાં ઉચ્ચ સ્તરે ઈશ્વરમાં શ્રદ્ધાનું શુદ્ધિકરણ છે.

અધ્યાય નં. ૧૪ માં આપણે 'અતીત' ગુણ વિશે જાણકારી પ્રાપ્ત કરી હતી, અર્થાત્ પોતાને મૃત સમજવું. હવે આ અધ્યાયમાં તેનાથી આગળનું જ્ઞાન છે અથવા સફળતાના સૂત્રો છે.

## સારાંશ

શ્લોક નં. ૧૫.૨ અને ૧૫.૩ નો અર્થ છે કે આ સંસારને સમજવું કઠિન છે. આ સંસારના મોહને ઈશ્વરની શ્રદ્ધાના શસ્ત્રથી કાપી નાખો.

શ્લોક નં.૧૫.૪ નો અર્થ છે કે મનુષ્યએ અન્ય લોકની શોધ કરવી જોઈએ.

શ્લોક નં. ૧૫.૫ માં એ ગુણોનું વર્ણન છે, જેનાથી મનુષ્યને સ્વર્ગ પ્રાપ્ત થાય છે.

શ્લોક નં. ૧૫.૬ માં સ્વર્ગના વાતાવરણનું વર્ણન છે.

શ્લોક નં. ૧૫.૭ નો અર્થ છે કે મનુષ્ય ખરેખર રૂહ, આત્મા અને ભાગ્યના કારણે જીવિત છે, અને આ બધું ઈશ્વરના નિયંત્રણમાં છે; તો મનુષ્યએ ઈશ્વરથી ડરવું જોઈએ.

શ્લોક નં. ૧૫.૮ થી ૧૫.૧૧ સુધી પ્રલયના સમયે મનુષ્યને ફરીથી જીવિત કરવાનું વર્ણન છે.

શ્લોક નં. ૧૫.૧૨ થી ૧૫.૧૫ માં ઈશ્વરે મનુષ્યની ચાર ગેરસમજો દૂર કરી છે.

૧. – મનુષ્ય સૂર્યની .પાસના કરે છે અને યજ્ઞમાં અગ્નિ દ્વારા અન્ય દેવતાઓની પ્રાર્થના કરે છે. ઈશ્વરે આ શ્લોકમાં કહ્યું છે કે સૂર્ય અને અગ્નિનો પ્રકાશ મારાથી છે. (તેથી મારી જ પ્રાર્થના કરો.)

૨. – મનુષ્ય ધરતી-માતાની પૂજા કરે છે. આ શ્લોકમાં ઈશ્વરે કહ્યું છે કે હું જ ધરતીમાં મારી પ્રાકૃતિક શક્તિથી અનાજ ઊગાડું છું, અને વનસ્પતિઓમાં જે ચંદ્રના પ્રકાશથી રસ ઉત્પન્ન થાય છે તે પણ મારી રચના છે. (તેથી તમે કેવળ મારી જ પ્રાર્થના કરો).

૩. – મનુષ્ય ભોજન કરીને શક્તિ પ્રાપ્ત કરે છે અને પછી ઈશ્વરના આદેશોનું ઉલ્લંઘન કરે છે. આ શ્લોકમાં ઈશ્વર યાદ દેવડાવે છે કે ભોજન પચાવવાની શક્તિ હું જ પ્રદાન કરું છું. (તેથી તમે માત્ર મારી જ પ્રાર્થના કરો.)

૪. – મનુષ્ય જ્ઞાન પ્રાપ્ત કરીને મોટો જ્ઞાની બની જાય છે, ત્યારબાદ સત્યને સારી રીતે જાણી લીધા છતાં એ વાતો કહે છે જેનાથી તેને ધન અને સન્માન મળે. ઈશ્વર આ શ્લોકમાં યાદ દેવડાવે છે કે વેદોને મેં જ અવતરિત કર્યા છે. જ્ઞાન અને સ્મરણ-શક્તિ મારાથી જ છે. (તેથી તમે મારી જ પ્રાર્થના કરો અને મારી આજ્ઞાનું પાલન કરો.)

આ અધ્યાયના અંતે ઈશ્વરે મનુષ્યની એક અન્ય ગેરસમજને દૂર કરી છે.

ઈશ્વરે શ્લોક નં. ૧૫.૧૬, ૧૭, ૧૮ માં કહ્યું છે કે આત્મા અમર છે, પરંતુ ઈશ્વર આત્માથી (ઉત્તમ) શ્રેષ્ઠ છે.

મનુષ્યમાં પ્રાણ ઈશ્વરના તેજના અંશથી છે. મનુષ્યમાં રૂહ ઈશ્વરની રૂહથી છે. આ કારણસર તે હંમેશા પવિત્ર રહે છે. પરંતુ આત્મા તમો ગુણનો બની શકે છે, આવો આત્મા ઈશ્વરમાં સમાવવાને યોગ્ય નથી.

અંતે ઈશ્વરે શ્લોક નં. ૧૫.૧૯ અને ૧૫.૨૦ માં કહ્યું છે કે ઈશ્વરને ઓળખવાનું જ્ઞાન જ (**सर्व वित**) સંપૂર્ણ જ્ઞાન છે. આ જ્ઞાનને પ્રાપ્ત કરીને મનુષ્ય એ કરે છે જે તેણે કરવું જોઈએ.

## અધ્યાય

**વડના વૃક્ષ સમાન અદ્ભુત છે.**

### ૧૫.૧

**उर्ध्व-मूलम् अधः शाखम् अश्वत्थम् प्राआहुः अव्ययम् ।**
**छन्दांसि यस्य पर्णानि यः तम् वेद सः वेदवित् ।।१।।**

ઈશ્વરે (કૃષ્ણજીના માધ્યમથી) કહ્યું,
(એક) વડનું વૃક્ષ છે, જેને અમર (દીર્ઘ આયુષ્યવાળું) કહેવામાં આવે છે, (જેના) મૂળ ઉપરની તરફ, શાખાઓ નીચેની તરફ, તેના પાંદડા વેદોના છંદ છે. (તે) જે તેને જાણે છે તે વેદોના સત્ય અને તત્ત્વને જાણે છે.

(શ્રી ભગવાન ઉવાચ) ઈશ્વરે (કૃષ્ણજીના માધ્યમથી) કહ્યું, –(अश्वत्थम्) (એક) વડનું વૃક્ષ છે, (अव्ययम्) જેને અમર (દીર્ઘ આયુષ્યવાળું) (प्राहु) કહેવામાં આવે છે, (मूलम्) (જેના) મૂળ (उर्ध्व) ઉપરની તરફ, (शाखम्) શાખાઓ (अधः) નીચેની તરફ, (यस्य) તેના (पर्णानि) પાંદડા (छन्दांसि) વેદોના છંદ છે. (यः) (તે) જે (तम्) તેને (वेद) જાણે છે (सः) તે (वेदवित्) વેદોના સત્ય અને તત્ત્વને જાણે છે.

### ૧૫.૨

**अधः च उर्ध्वम् प्रसृताः तस्य शाखाः गुण प्रवृद्धाः विषय प्रवालाः ।**
**अधः च मूलानि अनुसन्ततानि कर्म अनुबन्धीनि मनुष्या-लोके ।।२।।**

તેની (નાની) શાખાઓ ગુણ છે (જે) ઉપર તરફ અને નીચે તરફ વધે છે. (તેની) કુંપળો (ડાળીઓ) મનને આનંદ આપવાવાળી વસ્તુ છે, (જે) નીચે તરફ વધે છે, અને (તેની શાખાઓથી નીકળવાવાળા) મૂળ કર્મ

(तस्य) તેની (शाखाः) (નાની) શાખાઓ (गुण) ગુણ છે (જે) (उर्ध्वम्) ઉપર તરફ (च) અને (अधः) નીચે તરફ (प्रसृता) વધે છે. (प्रवालाः) (તેની) કુંપળો (ડાળીઓ) (विषय) મનને આનંદ આપવાવાળી વસ્તુ છે, (अध) (જે) નીચે તરફ (प्रवृद्धा) વધે છે, (च) અને (मूलानि) (તેની શાખાઓથી નીકળવાવાળા) મૂળ (कर्म) કર્મ

**નોંધ ૧૫.૨ :** વડની શાખાઓમાંથી મૂળ નીકળે છે અને જમીન તરફ વધે છે, અને જમીન પર મજબૂતીની સાથે જમી જાય છે. એ જ રીતે મનુષ્ય પણ સંસારથી મજબૂતીની સાથે બંધાઈ રહે છે.

છે, જે નિરંતર વધતા રહે છે, (અને) મનુષ્યને (આ) સંસાર (થી) બાંધીને રાખે છે.

છે, (अनुसन्ततानि) જે નિરંતર વધતા રહે છે, (मनुष्य) (અને) મનુષ્યને (लोके) (આ) સંસાર (થી) (अनुबन्धीनि) બાંધીને રાખે છે.

## ૧૫.૩

**न रुपम अस्य इह तथा उपलभ्यते न अन्तः न च आदिः न च सम्प्रतिष्ठा ।**

**अश्वत्थम् एनम् सु-विरुढ मूलम् असङ्ग-शस्त्रेण दृढेन छित्त्वा ॥३॥**

આ સંસાર (એક) વડના વૃક્ષ (સમાન છે). ન (આપણે) તેના આકારને, ન આરંભને અને ન અંતને અને ન પાયાને (સમજી શકીએ છીએ). દઢતાથી (મજબૂતીની સાથે) એક ઈશ્વરની શ્રદ્ધાના શસ્રને (પકડીને) આ વૃક્ષના ખૂબ જ મજબૂત મૂળને કાપી નાખો.

**નોંધ :** **असङ्ग** નો અર્થ સમજવા માટે નોંધ નં. N- વાંચો.

(इह) આ સંસાર (अश्वत्थम्) (એક) વડના વૃક્ષ (સમાન છે). (न) ન (આપણે) (अस्य) તેના (रुपम्) આકારને, (न) ન (आदि) આરંભને (च) અને (न) ન (अन्त) અંતને (तथा) અને (न) ન (समप्रतिष्ठा) પાયાને (સમજી શકીએ છીએ). (दृढेन) દઢતાથી (મજબૂતીની સાથે) (असङ्ग) એક ઈશ્વરની શ્રદ્ધાના (शस्त्रेण) શસ્રને (પકડીને) (एनम्) આ વૃક્ષના (सु-विरुढ) ખૂબ જ મજબૂત (मूलम्) મૂળને (छित्वा) કાપી નાખો.

### અન્ય લોકની શોધનું મહત્ત્વ

## ૧૫.૪

**ततः पदम् तत् परिमार्गितव्यम् यस्मिन् गताः न निवर्तन्ति भूयः ।**

**तम् एव च आद्यम् पुरुषम् प्रपद्ये यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥४॥**

પછી એ (અન્ય લોક)ના સ્થાનની (શોધ) કરવી જોઈએ, જ્યાં જઈને ફરીથી (કોઈપણ) (આ સંસારમાં) પાછો નથી આવતો; જ્યાં જઈને નિઃસંદેહ તેને (એ) ત્યારથી પ્રથમ પરમાત્માનું શરણ મળી જાય છે. (આ અન્ય લોક એ સ્થાન છે), જેના કારણે આ પ્રાચીન પૃથ્વી લોકનો આરંભ અને ફેલાવો (અસ્તિત્વ) છે.

**નોંધ:** અન્ય લોકનું વર્ણન નોંધ નં. N-૪ માં વાંચો.

(ततः) પછી (तत्) એ (અન્ય લોક) (पदम्) ના સ્થાનની (परिमार्गितव्यम्) (શોધ) કરવી જોઈએ, (यस्मिन) જ્યાં (गता) જઈને (भूयः) ફરીથી (કોઈપણ) (निवर्तन्ति) (આ સંસારમાં) પાછો નથી આવતો; (एवं) જ્યાં જઈને નિઃસંદેહ (तत) તેને (એ) (आद्यम्) ત્યારથી પ્રથમ (प्रदुषम्) પરમાત્માનું (प्रपद्यते) શરણ મળી જાય છે. (यत) (આ અન્ય લોક એ સ્થાન છે), જેના કારણે (पुराणी) આ પ્રાચીન પૃથ્વી લોકનો (प्रवृत्तिः) આરંભ (प्रसृता) અને ફેલાવો (અસ્તિત્વ) છે.

---

**નોંધ ૧૫.૩ :** વડની શાખાઓથી મૂળ નીકળીને જમીનમાં જમી જાય છે અને શાખાઓને સહારો આપે છે. આ કારણસર વડની શાખાઓ બધી બાજુ વધતી રહે છે. વડના વૃક્ષનું આયુષ્ય પણ ઘણું હોય છે. આ કારણે પ્રાચીન વૃક્ષો આટલા ફેલાઈ જાય છે કે તેમનો આરંભ અને અંત દેખાતો નથી. કોલકાતાના નજીક આચાર્ય જગદીશ બોટાનિકલ ગાર્ડનમાં એક વડનું વૃક્ષ ૩.૫ એકર (૧,૫૬,૦૦૦ ચો.મી.) વિસ્તારમાં ફેલાયેલું છે. આવા જ વડના વૃક્ષનું વર્ણન શ્લોક નં. ૧૫.૩ માં છે.

### સ્વર્ગનું વર્ણન

## ૧૫.૫

**निर्मान मोहाः जित सङ्गदोषाः अध्यात्म नित्याः विनिवृत्त कामाः ।**
**द्वन्द्वै विमुक्ताः सुख-दुःख संज्ञैः गच्छन्ति अमूढाः पदम् अव्ययम् तत् ।।५।।**

(જે જૂઠા) સન્માન (અને) લાલચ વગર (જીવે છે), સંગમ (શિર્ક) કરવા (જેવી) ભૂલ (પર) વિજય પ્રાપ્ત કરી લીધી છે, જે કેવળ ઈશ્વરની પ્રાર્થનામાં નિરંતર (લાગેલો રહે છે), (જે) મનની ઇચ્છા-પૂર્તિથી રોકાયેલો છે, (જે) સુખ (અને) દુઃખ જેવી બેવડી (ભાવનાઓથી) મુક્ત છે, (દરેક પરિસ્થિતિમાં એક સમાન રહે છે). (આવો) બુદ્ધિશાળી જ્ઞાની એ (સ્વર્ગના) અમર સ્થાનને પ્રાપ્ત કરી લે છે.

(मान) (જે જૂઠા) સન્માન (मोहा) (અને) લાલચ (निर) વગર (જીવે છે), (सङ्ग) સંગમ (શિર્ક, અનેકેશ્વરવાદ) કરવા (दोषाः) (જેવી) ભૂલ (પર) (जित) વિજય પ્રાપ્ત કરી લીધી છે, (अध्यात्म) જે કેવળ ઈશ્વરની પ્રાર્થનામાં (नित्या) નિરંતર (લાગેલો રહે છે), (कामाः) (જે) મનની ઇચ્છા-પૂર્તિથી (विनिवृत्त) રોકાયેલો છે, (सुख) (જે) સુખ (અને) (दुःख) દુઃખ (सज्ञै) જેવી (द्वन्द्वै) બેવડી (ભાવનાઓથી) (विमुक्ताः) મુક્ત છે, (દરેક પરિસ્થિતિમાં એકસમાન રહે છે). (अमूढाः) (આવો) બુદ્ધિશાળી જ્ઞાની (तत्) એ (સ્વર્ગના) (अव्ययम्) અમર (पदम्) સ્થાનને (गच्छन्ति) પ્રાપ્ત કરી લે છે.

## ૧૫.૬

**न तत् भासयते सूर्यः न शशाङ्कः न पावकः ।**
**यत् गत्वा न निवर्तन्ते तत् धाम परमम् मम ।।६।।**

એ (સ્વર્ગ) ન સૂર્યથી પ્રકાશિત છે, ન ચંદ્રથી (અને) ન (જ) આગ (થી). (આ એ સ્થાન છે) જ્યાં જઈને (આ લોકમાં કોઈપણ) પાછો નથી (આવતો). તે (સ્વર્ગનું) સ્થાન (જ) મારું સર્વશ્રેષ્ઠ અને દિવ્ય સ્થાન છે.

(तत) એ (સ્વર્ગ) (न) ન (सूर्य) સૂર્યથી (भासयते) પ્રકાશિત છે, (न) ન (शशाङ्कः) ચંદ્રથી (न) (અને) ન (જ) (पावकः) આગ (થી). (यत) (આ એ સ્થાન છે) જ્યાં (गत्वा) જઈને (निवर्तन्ते) (આ લોકમાં કોઈપણ) પાછો (न) નથી (આવતો). (तत) તે (સ્વર્ગનું) (धाम) સ્થાન (જ) (मम) મારું (परमम्) સર્વશ્રેષ્ઠ અને દિવ્ય સ્થાન છે.

### પ્રાણીઓના જીવનનું રહસ્ય

## ૧૫.૭

**मम एव अंशः जीव-लोके जीवभूतः सनातनः ।**
**मनः षष्ठानि इन्द्रियाणि प्रकृति स्थानि कर्षति ।।७।।**

નિઃસંદેહ, પ્રાણીઓના આ જીવ-લોકના જીવિત પ્રાણીઓ મારા હંમેશા એક જેવા રહેવાવાળા (તેજના) અંશ (થી) સ્થિત (કાયમ) છે, (અને મનુષ્ય) આત્મા છ ઇચ્છાઓ, (અને) ભાગ્ય (ના કારણે) બધા કામ કરે છે.

કુર્આન અનુસાર (સૂરઃ-૩, આયત-૧૩) છ ઇચ્છાઓ આ પ્રમાણે છે : ૧. પત્ની ૨.પુત્ર ૩. ધન (સોનું-ચાંદી) ૪. ઉત્તમ સવારી ૫.પશુધન ૬. સંપત્તિનું હોવું.

(एवं) નિઃસંદેહ, (जीव-लोके) પ્રાણીઓના આ જીવ-લોકના (जीवभूतः) જીવિત પ્રાણીઓ (मम) મારા (सनातन) હંમેશા એક જેવા રહેવાવાળા (अंश) (તેજના) અંશ (થી) (स्थानि) સ્થિત (કાયમ) છે, (मनः) (અને મનુષ્ય) આત્મા (षष्ठानि) છ (इन्द्रियाणि) ઇચ્છાઓ, (प्रकृति) (અને) ભાગ્ય (कर्षति) (ના કારણે) બધા કામ કરે છે.

(**जीवलोक** - અર્થાત્ આ ધરતી. **स्वर्गलोक** - અર્થાત્ દેવતાઓનો લોક, **जीव-भूत** - અર્થાત્ જીવિત પ્રાણી અથવા મનુષ્યનું વર્ણન, દેવતાઓનું કે યક્ષનું નહીં.)

**પ્રલયના સમયે જીવિત હોવાનું વર્ણન**

## ૧૫.૮

**शरीयम् यत् अवाप्नोति यत् भ अपि उत्क्रामति ईश्वरः ।**
**गृहीत्वा एतानि संयाति वायुः गन्धान् इव आशयात् ।।८।।**

(મનુષ્ય) જે શરીર (મૃત્યુ સમયે) છોડી જાય છે, નિઃસંદેહ (પ્રલયના દિવસે તેને) ફરીથી પ્રાપ્ત કરે છે. તે (શરીર) જેના (થી) (આત્મા) દૂર થઈ જાય છે, ઈશ્વર (તેને) લાવે છે (કર્મોનો હિસાબ લેવાના સ્થાને એ જ રીતે) જે રીતે વાયુ સ્થળાંતર કરે છે સુગંધનું.

(यत्) (મનુષ્ય) જે (शरीरम्) શરીર (उत्क्रामति) (મૃત્યુ સમયે) છોડી જાય છે, (अपि) નિઃસંદેહ (अवाप्नोति) (પ્રલયના દિવસે તેને) ફરીથી પ્રાપ્ત કરે છે. (एतानि) તે (શરીર) (यत) જેના (થી) (संयाति) (આત્મા) દૂર થઈ જાય છે, (ईश्वर) ઈશ્વર (गृहीत्वा) (તેને) લાવે છે (કર્મોનો હિસાબ લેવાના સ્થાને એ જ રીતે) (इव) જે રીતે (वायुः) વાયુ (आशयात्) સ્થળાંતર કરે છે (गन्धान्) સુગંધનું.

## ૧૫.૯

**श्रोत्रम् चक्षुः स्पर्शनम् च रसनम् घ्राणम् एव च ।**
**अधिष्ठाय मनः च अयम् विषयान् उपसेवते ।।९।।**

કાન, આંખ, સ્પર્શની અનુભૂતિ, અને જીભ, નાક અને મન (બુદ્ધિ), નિઃસંદેહ આ બધા ફરીથી જીવિત થઈ જાય છે. (આ રીતે મનુષ્ય ફરીથી) મનને સારી લાગવાવાળી વસ્તુઓનો આનંદ લઈ શકે છે.

(श्रोत्रम्) કાન, (चक्षुः) આંખ, (स्पर्शनम्) સ્પર્શની અનુભૂતિ, (च) અને (रसनम्) જીભ, (घ्राणम्) નાક (च) અને (मन) મન (બુદ્ધિ), (एवं) નિઃસંદેહ (अयम्) આ બધા (अधिष्ठाय) ફરીથી જીવિત થઈ જાય છે. (विषयान) (આ રીતે મનુષ્ય ફરીથી) મનને સારી લાગવાવાળી વસ્તુઓનો (उपसेवते) આનંદ લઈ શકે છે.

## ૧૫.૧૦

**उत्क्रामन्तम् स्थितम् वा अपि भुज्जनम् वा गुण-अन्वितम्।**
**विमूढाः न अनुपश्यन्ति पश्यन्ति ज्ञान-चक्षुषः ।।१०।।**

મૃત્યુ પછી (પ્રલયના દિવસે ફરીથી) સ્થિત (જીવિત) થવું, અને (વસ્તુઓથી) આનંદ લેવો અથવા (મૃત્યુ પામેલ શરીરનો સંબંધ) ગુણોથી હોવું

(उत्क्रमन्तम्) મૃત્યુ પછી (स्थितम्) (પ્રલયના દિવસે ફરીથી) સ્થિત (જીવિત) થવું, (वा अपि) અને (भुज्जनम्) (વસ્તુઓથી) આનંદ લેવો (वा) અથવા (अन्वितम्) (મૃત્યુ પામેલ શરીરનો સંબંધ) ગુણોથી હોવું

---

**નોંધ ૧૫.૮ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું છે કે, ''એ જ (ઈશ્વર) છે, જેણે તમને જીવન પ્રદાન કર્યું છે. એ જ તમને મૃત્યુ આપે છે અને એ જ ફરી તમને જીવંત કરશે. સત્ય એ છે કે મનુષ્ય સત્યથી મોટો મોઢું ફેરવનારો છે.'' (સૂરઃ અલ-હજ, ૨૨, આયત ૬૬)

---

**નોંધ ૧૫.૮ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું છે કે, ''અને શું આ લોકોને એ સંભળાતું નથી કે જે ઈશ્વરે આ ધરતી અને આકાશની રચના કરી અને તેમને બનાવતી વખતે તે ન થાક્યો, તે અવશ્ય એ વાતનું સામર્થ્ય રાખે છે કે મડદાઓને જીવંત ઉઠાવે ? કેમ નહીં ! નિઃસંદેહ તે દરેક વસ્તુ પર સામર્થ્ય રાખે છે.''

(સૂરઃ અલ-અહકાફ, ૪૬, આયત ૩૩)

(આ બધી વાતો) મૂર્ખ અને અજ્ઞાની ક્યારેય નથી સમજી શકતા, (બલ્કે તેમને માત્ર) જ્ઞાનની આંખો રાખવાવાળા લોકો જ જોઈ શકે છે.

(विमूढाः) (આ બધી વાતો) મૂર્ખ અને અજ્ઞાની (न) ક્યારેય નથી (अनुपश्यन्ति) સમજી શકતા, (ज्ञान) (બલ્કે તેમને માત્ર) જ્ઞાનની (चक्षुष) આંખો રાખવા-વાળા લોકો જ (पश्यन्ति) જોઈ શકે છે.

## ૧૫.૧૧

**यतन्तः योगिनफ च एनम् पश्यन्ति आत्मनि अवस्थितम्।
यतन्तः अपि अकृत-आतमानः न एनम् पश्यन्ति अचेतसः ।।११।।**

પોતાનામાં (ધ્યાન લગાવવાવાળા), ધર્મની સ્થાપના માટે પ્રયાસ કરવાવાળા અને ઈશ્વરથી જોડવાવાળી પ્રાર્થના માટે પ્રયાસ કરવાવાળા આ બધી (વાતોને) જોઈ શકે છે (સમજી શકે છે). પરંતુ જેઓ પોતાનામાં (ધ્યાન) નથી લગાવતા એવા મૂર્ખ આ વાતોને નથી જોઈ શકતા (સમજી શકતા).

(आत्मानि) પોતાનામાં (ધ્યાન લગાવવાવાળા), (अवस्थितम्) ધર્મની સ્થાપના માટે (यतन्तः) પ્રયાસ કરવાવાળા (च) અને (योगिन) ઈશ્વરથી જોડવાવાળી પ્રાર્થના માટે (यतन्त) પ્રયાસ કરવાવાળા (एनम्) આ બધી (વાતોને) (पश्यन्ति) જોઈ શકે છે (સમજી શકે છે). (अपि) પરંતુ (आत्मानः) જેઓ પોતાનામાં (ધ્યાન) (अकृत) નથી લગાવતા (अचेतसः) એવા મૂર્ખ (एनम्) આ વાતોને (न) નથી (पश्यन्ति) જોઈ શકતા (સમજી શકતા).

### ઈશ્વરને ઓળખવા અને તેની જ પ્રાર્થનાનો આદેશ

## ૧૫.૧૨

**यत् आदित्य-गतम् तेजः जगत् भासयते अखिलम् ।
यत् चन्द्रमसि यत् च अग्नौ तत् तेजः विद्धि मामकम्।।१२।।**

સમગ્ર જગતને પ્રકાશિત કરવા માટે સૂર્યના સ્થાનથી જે પ્રકાશ મળે છે, જે ચાંદની ચંદ્રથી મળે છે અને જે પ્રકાશ અગ્નિ (થી મળે છે) તે (તમામ) પ્રકાશ મારાથી જાણો.

(अखिलम्) સમગ્ર (जगत्) જગતને (भासयते) પ્રકાશિત કરવા માટે (आदित्य) સૂર્ય (गतम्) ના સ્થાનથી (यत) જે (तेज) પ્રકાશ મળે છે, (यत) જે (चन्द्रमसि) ચાંદની ચંદ્રથી મળે છે (च) અને (यत्) જે (तेज) પ્રકાશ (अग्नौ) અગ્નિ (થી મળે છે) (तत) તે (તમામ) (तेज) પ્રકાશ (मामकम्) મારાથી (विद्धि) જાણો.

## ૧૫.૧૩

**गाम् आविश्य च भूतानि धारयामि अहम् ओजसा ।
पुष्णामि च औषधीः सर्वाः सोमः भूत्वा रस-आत्मक ।।१३।।**

હું ગ્રહ (ધરતી)માં પ્રવેશ કરીને પ્રાણીઓની રક્ષા કરું છું, અને પોતાની શક્તિઓથી તેમનું પાલન-પોષણ કરું છું, અને બધી જડીબુટ્ટીઓને ચંદ્ર બનીને જીવનનો રસ પ્રદાન કરવાવાળો હું છું.

(अहम्) હું (गाम्) ગ્રહ (ધરતી)માં (आविश्य) પ્રવેશ કરીને (भूतानि) પ્રાણીઓની (धारयामि) રક્ષા કરું છું, (च) અને (ओजसा) પોતાની શક્તિઓથી (पुष्णामि) તેમનું પાલન-પોષણ કરું છું, (च) અને (सर्व) બધી (औषधी) જડીબુટ્ટીઓને (सोम) ચંદ્ર (भूत्वा) બનીને (रस-आत्मकः) જીવનનો રસ પ્રદાન કરવાવાળો (अहम्) હું છું.

## ૧૫.૧૪

**अहम् वैश्वानरः भूत्वा प्राणिनाम् देहम् आश्रितः ।**
**प्राण अपान समायुक्तः पचामि अन्नम् चतुः-विधम् ।।१४।।**

હું પ્રાણીઓના શરીરમાં પાચન શક્તિના અગ્નિના રૂપમાં રહું છું. અંદર આવવાવાળા શ્વાસ (અને) બહાર જવાવાળા શ્વાસ (નું) સંતુલન (મારાથી છે). ચારેય પ્રકારના અન્ન (મારા કારણે જ) પચે છે.

(अहम) હું (प्राणिनाम्) પ્રાણીઓના (देहा) શરીરમાં (वैश्वानरः) પાચન શક્તિના અગ્નિ (भूत्वा) ના રૂપમાં (आश्रितः) રહું છું. (प्राण) અંદર આવવાવાળા શ્વાસ (अपान) (અને) બહાર જવાવાળા શ્વાસ (નું) (समायुक्त) સંતુલન (મારાથી છે). (चतु) ચારેય (विधम्) પ્રકારના (अन्नम्) અન્ન (पचामि) (મારા કારણે જ) પચે છે.

## ૧૫.૧૫

**सर्वस्य च अहम् हृदि सन्निविष्टः मत्तः स्मृतिः ज्ञानम् अपोहनम् च ।**
**वेदैः च सर्वैः अहम् एव वेद्यः वेदान्त-कृत वेदवित् एव च अहम् ।।१५।।**

હું બધા (મનુષ્યોના) હૃદય (માં) સ્થિત છું. સ્મરણ શક્તિ, જ્ઞાન અને ભ્રમનું નાશ પામવું, શંકાનું નિરાકરણ થવું મારા (થી છે), અને નિઃસંદેહ વેદોને અવતરિત કરવાવાળો અને વેદોના અર્થને જાણવાવાળો હું છું.

(अहम्) હું (सर्वस्य) બધા (મનુષ્યોના) (हृदि) હૃદય (માં) (सन्निविष्टः) સ્થિત છું. (स्मृतिः) સ્મરણ શક્તિ, (ज्ञानम्) જ્ઞાન (च) અને (अपोहनम्) ભ્રમનું નાશ પામવું, શંકાનું નિરાકરણ થવું (मत) મારા (થી છે), (च) અને (एवं) નિઃસંદેહ (वेदान्त) વેદોને (कृत) અવતરિત કરવાવાળો (च) અને (वेदवित) વેદોના અર્થને જાણવાવાળો (अहम्) હું છું.

## ૧૫.૧૬

**द्वौ इमौ पुरुषौ लोके क्षरः च अक्षरः एव च ।**
**क्षरः सर्वाणि भूतानि कूटस्थ अक्षरः उच्यते ।।१६।।**

નિઃસંદેહ સંસારમાં આ બે પ્રકારના તત્ત્વો છે. નાશવંત શરીર અને અવિનાશી (આત્મા) અને ઈશ્વર કહી રહ્યો છે કે બધા નાશવંત પ્રાણીઓ (ના શરીરને) અવિનાશી (આત્માએ) મજબૂતીથી સ્થિત કરી રાખેલ છે.

(एव) નિઃસંદેહ (लोक) સંસારમાં (इमौ) આ (द्वौ) બે પ્રકારના (पुरुषौ) તત્ત્વો છે. (क्षर) નાશવંત શરીર (च) અને (अक्षर) અવિનાશી (આત્મા) (च) અને (उच्यते) ઈશ્વર કહી રહ્યો છે કે (सर्वाणि) બધા (क्षर) નાશવંત (भूतानि) પ્રાણીઓ (ના શરીરને) (अक्षर) અવિનાશી (આત્માએ) (कूट) મજબૂતીથી (स्थ) સ્થિત કરી રાખેલ છે.

## ૧૫.૧૭

**उत्तमः पुरुषः तु अन्य परम आत्मा इति उदाहृतः ।**
**यः लोक त्रयम् आविश्य विभिर्त अव्ययः इश्वरः।।१७।।**

પરંતુ (ઈશ્વર) કહી રહ્યો છે કે તે ઈશ્વર (સ્વયં) બીજાઓથી મહાનતમ દિવ્ય વ્યક્તિત્વ છે. (તે) આત્મા (થી પણ) મહાનતમ છે, તે અવિનાશી છે, ત્રણેય લોકો પર છવાયેલ છે અને તેની રક્ષા કરે છે.

(तु) પરંતુ (उदाहृत) (ઈશ્વર) કહી રહ્યો છે કે (इति) તે ઈશ્વર (સ્વયં) (अन्य) બીજાઓથી (उत्तम) મહાનતમ (पुरुष) દિવ્ય વ્યક્તિત્વ છે. (आत्मा) (તે) આત્મા (થી પણ) (परम) મહાનતમ છે, (अव्ययः) તે અવિનાશી છે, (लोक त्रयम्) ત્રણેય લોકો પર (आविश्य) છવાયેલ છે (विभिर्ति) અને તેની રક્ષા કરે છે.

## ૧૫.૧૮

**यस्मात् क्षरम् अतीतः अहम् अक्षरात् अपि च उत्तमः ।**
**अतः अस्मि लोके वेदे च प्रथितः पुरुष-उत्तमः ।।१८।।**

કારણ કે હું નાશવંત (શરીરથી) પર છું, અને અવિનાશી (આત્માથી) પણ મહાનતમ્ છું, તેથી આ સંસારમાં અને વેદોમાં મહાનતમ્ દિવ્ય વ્યક્તિત્વ પુરુષોત્તમના (નામથી) પ્રસિદ્ધ છું.

(यस्म्त) કારણ કે (अहम) હું (क्षरम्) નાશવંત (શરીરથી) (अतीत) પર છું, (च) અને (अक्षरात) અવિનાશી (આત્માથી) (अपि) પણ (उत्तम) મહાનતમ્ છું, (अतः) તેથી (लोके) આ સંસારમાં (च) અને (वेद) વેદોમાં (उत्तम पुरुष) મહાનતમ્ દિવ્ય વ્યક્તિત્વ પુરુષોત્તમ (प्रथितः) ના (નામથી) પ્રસિદ્ધ છું.

**ઈશ્વરને ઓળખવું જ તત્ત્વજ્ઞાન છે.**

## ૧૫.૧૯

**यः माम् एवम् असम्मूढः जानाति पुरुष-उत्तमम् ।**
**सः सर्व-वित् भजति माम् सर्व-भावेन भारत ।।१९।।**

હે ભારત (અર્જુન) ! જે કોઈ સંદેહ વગર મને સૌથી મહાન દિવ્ય વ્યક્તિત્વ (અઝીમ હસ્તી) જાણે છે, તે તમામ (સત્યને) જાણવાવાળો બની જાય છે. (પછી તે) દરેક રીતે નિઃસંદેહ મારી જ પ્રાર્થનામાં લાગી જાય છે.

(भारत) હે ભારત (અર્જુન) ! (यः) જે (असम्मूढः) કોઈ સંદેહ વગર (माम्) મને (उत्तमम्) સૌથી મહાન (पुरुष) દિવ્ય વ્યક્તિત્વ (અઝીમ હસ્તી) (जानति) જાણે છે, (सः) તે (सर्व) તમામ (સત્યને) (वित) જાણવાવાળો બની જાય છે. (सर्व) (પછી તે) દરેક (भावेन) રીતે (एवम्) નિઃસંદેહ (माम) મારી જ (भजति) પ્રાર્થનામાં લાગી જાય છે.

**નોંધ :** (**पुरुष-उत्तमम** ને ઉર્દૂમાં અઝીમ હસ્તી કહે છે.)

## ૧૫.૨૦

**इति गुह्य-तमम् शास्त्रम् इदम उक्तम् मया अनघ ।**
**एतत् बुद्धवा बुद्धिमान् स्यात् कृत-कृत्यः च भारत ।।२०।।**

હે ભારત (અર્જુન) ! આ રીતે આ સૌથી ગુપ્ત ધાર્મિક જ્ઞાન મારા દ્વારા (તમને) કહેવામાં આવ્યું છે. હે નિર્દોષ (અર્જુન) ! આ (ધાર્મિક જ્ઞાનને) સમજીને મનુષ્ય બુદ્ધિશાળી બની જાય છે, અને (પછી) તે કર્મ કરે છે, જે કરવું તેના માટે યોગ્ય હોય છે.

(भारत) હે ભારત (અર્જુન) ! (इति) આ રીતે (इदम्) આ (गह्य-तमम्) સૌથી ગુપ્ત (शास्त्रम्) ધાર્મિક જ્ઞાન (मया) મારા દ્વારા (તમને) (उक्तम्) કહેવામાં આવ્યું છે. (अनघ) હે નિર્દોષ (અર્જુન) ! (एतत) આ (ધાર્મિક જ્ઞાનને) (बुद्धवा) સમજીને (बुद्धिमान स्यात्) મનુષ્ય બુદ્ધિશાળી બની જાય છે, (च) અને (પછી) તે (कृत-कृत्यः) કર્મ કરે છે, જે કરવું તેના માટે યોગ્ય હોય છે.

## (અધ્યાય–૧૬)

# દૈવાસુર સંપદ વિભાગ યોગ

### પરિચય

આ દિવ્ય ગ્રંથમાં ઈશ્વરે મનુષ્યને સ્વર્ગ પ્રાપ્ત કરવાની બધી વાતો સમજાવી છે. પરંતુ આ સંસારમાં હંમેશા એવા હોશિયાર (Smart) લોકો રહ્યા છે, જેઓ હંમેશા પોતાને પરફેક્ટ સમજે છે, અને તેઓ વિચારે છે કે અમે તો કોઈ મોટું પાપ નથી કરતા. આ ધાર્મિક વાતો તો પાપીઓ માટે છે.

ઈશ્વર માતાથી પણ વધારે દયાળુ છે. પોતાના અતિ-વિશ્વાસ (Over-confidence)ના કારણે કોઈ વ્યક્તિ નર્કમાં ન જતો રહે, એટલા માટે ઈશ્વરે હવે આ એકદમ સરળ તપાસ-સૂચિ (Check list) પણ મનુષ્યને આપી દીધી, કે ઓછામાં ઓછું આને વાંચે અને તેના અનુસાર પોતાને તપાસી લે, અને જો એક પણ અસુરી ગુણ હોય તો સુધારી લે, કારણ કે જે વ્યક્તિમાં એક પણ અસુરી ગુણ હશે તે નર્કમાં જ જશે.

### સારાંશ

શ્લોક નં. ૧૬.૧-૧૬.૩ સુધી એવા ગુણોનું વર્ણન છે, જેનાથી સ્વર્ગ પ્રાપ્ત થાય છે.
શ્લોક નં.૧૬.૪ થી ૧૬.૨૦ સુધી એવા ગુણોનું વર્ણન છે, જેનાથી મનુષ્ય નર્કમાં જશે.
શ્લોક નં. ૧૬.૨૧-૧૬.૨૭ માં કામ, ક્રોધ અને લોભથી બચવા માટે કહેલ છે, કેમ કે આ પણ નર્કનાં દ્વાર છે. આનું આગળથી વર્ણન કરવાનું કારણ એ છે કે કઠિન મહેનતથી જો કોઈ પોતાના સ્વભાવને તમસથી સાત્વિક પણ કરી લે, તો પણ આ ત્રણ ભાવનાઓ તેનામાં સ્વાભાવિક રીતે હંમેશા રહેશે. સાત્વિક સ્વભાવ હોવાથી કામ, ક્રોધ અને લોભની ભાવના સમાપ્ત નહીં થઈ જાય. આ કારણે તેના પર વિશેષ ધ્યાન આપવું પડે છે.

---

## અધ્યાય

**ઈશ્વરની પ્રાર્થનાથી ઉત્પન્ન થતાં ગુણો**

### ૧૬.૧

**श्री भगवान उवाच,**
**अभयम् सत्व-संशुद्धिः ज्ञान योग व्यवस्थितिः ।**
**दानम् दमः च यज्ञः च स्वाध्यायः तपः आर्जवम् ।।१।।**

ઈશ્વરે કહ્યું, (કે તેના આદેશોનું પાલન કરવાથી જે સારો વ્યવહાર મનુષ્યમાં ઉત્પન્ન થાય છે તે આ છે) નિડર હોવું, શરીર અને આતમાની શુદ્ધિ, પવિત્ર-સ્વચ્છ હોવું. જ્ઞાનના પ્રકાશમાં ઈશ્વરથી નિકટ થવું (ઈશ્વરના સંપર્કમાં રહેવું), ઈશ્વરની પ્રાર્થનામાં દઢતાથી સ્થિત રહેવું, દાન આપવું, ઇચ્છાઓને વશમાં રાખવી અને અનિવાર્ય કર્તવ્યોને પૂરા કરવા અને વેદોનું અધ્યયન કરવું, તપ કરવું, સરળ જીવનશૈલી અપનાવવી.

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું, (अभयम्) નિડર (નિર્ભય) હોવું, सत्व-संशुद्धि) શરીર અને આતમાની શુદ્ધિ, પવિત્ર-સ્વચ્છ હોવું. (ज्ञान योग) જ્ઞાનના પ્રકાશમાં ઈશ્વરથી નિકટ થવું (ઈશ્વરના સંપર્કમાં રહેવું), (व्यवस्थितिः) ઈશ્વરની પ્રાર્થનામાં દઢતાથી સ્થિત રહેવું, (दानम्) દાન આપવું, (दम) ઇચ્છાઓને વશમાં રાખવી (च) અને (यज्ञ) અનિવાર્ય કર્તવ્યોને પૂરા કરવા (च) અને (स्वाध्याय) વેદોનું અધ્યયન કરવું, (तपः) તપ કરવું, (आर्जवम्) સરળ જીવનશૈલી અપનાવવી.

નોંધ : યજ્ઞનો અર્થ સમજવા માટે નોંધ નં. N-૧૩ વાંચો.

## ૧૬.૨

**अहिंसा सत्यम् अक्रोधः त्यागः शान्तिः अपैशुनम् ।
दया भूतेषु अलोलुप्तवम् मार्दवम् ह्रीः अचापलम् ।।२।।**

હિંસાને છોડી દેવી, હંમેશા સાચું બોલવું, ક્રોધ ન કરવો, વૈભવી જીવનનો ત્યાગ કરવો, પોતાના જીવનમાં અને સમાજમાં શાંતિ માટે પ્રયાસ કરવો, ચાડી-ચુગલી ન કરવી, (કોઈની નિંદા ન કરવી), બધા પ્રાણીઓ પર દયા કરવી, લોભ-લાલચથી દૂર રહેવું, નમ્ર સ્વભાવનું બનવું, ખરાબ કાર્યો કરવામાં શરમ અનુભવવી (શીલ ગ્રહણ કરવું), વચન (પ્રતિજ્ઞા)ને પૂરી કરવી.

(अहिंसा) હિંસાને છોડી દેવી, (सत्यम्) હંમેશા સાચું બોલવું, (अक्रोध) ક્રોધ ન કરવો, (त्याग) વૈભવી જીવનનો ત્યાગ કરવો, (शान्ति) પોતાના જીવનમાં અને સમાજમાં શાંતિ માટે પ્રયાસ કરવો, (अपैशुनम्) ચાડી-ચુગલી ન કરવી, (કોઈની નિંદા ન કરવી), (दया भूतेषु) બધા પ્રાણીઓ પર દયા કરવી, (अलोलुप्तवम्) લોભ-લાલચથી દૂર રહેવું, (मार्दवम्) નમ્ર સ્વભાવનું બનવું, (ह्री) ખરાબ કાર્યો કરવામાં શરમ અનુભવવી (શીલ ગ્રહણ કરવું), (अचापलम्) વચન (પ્રતિજ્ઞા)ને પૂરી કરવી.

## ૧૬.૩

**तेजः क्षमा धृतिः शौचम् अद्रोहः न अति-मानिता ।
भवन्ति सम्पदम् दैवीम् अभिजातस्य भारत ।।३।।**

સ્વાસ્થ્યનું સારું હોવું (શક્તિશાળી હોવું), બીજાઓને માફ કરી દેવું, પોતાના લક્ષ્ય પર દઢતાથી કાયમ રહેવું, સ્વચ્છ રહેવું, ન દ્વેષ ન શત્રુતા રાખવી, બીજાઓથી આદરની અપેક્ષા ન રાખવી, હે અર્જુન ! આ બધા ગુણો ઈશ્વરના આદેશોનું પાલન કરવાથી મનુષ્યને પ્રાપ્ત થાય છે, અથવા તેનામાં ઉત્પન્ન થાય છે.

(तेज) સ્વાસ્થ્યનું સારું હોવું (શક્તિશાળી હોવું), (क्षमा) બીજાઓને માફ કરી દેવું, (धृतिः) પોતાના લક્ષ્ય પર દઢતાથી કાયમ રહેવું, (शोचम्) સ્વચ્છ રહેવું, (अद्रोहः) ન દ્વેષ ન શત્રુતા રાખવી, (न अति-मानिता) બીજાઓથી આદરની અપેક્ષા ન રાખવી, (भारत) હે અર્જુન ! (भवन्ति) આ બધા (सम्पदम्) ગુણો (दैवीम्) ઈશ્વરના આદેશોનું પાલન કરવાથી (अभिजातस्य) મનુષ્યને પ્રાપ્ત થાય છે, અથવા તેનામાં ઉત્પન્ન થાય છે.

---

**નોંધ ૧૬.૨ :** લુકમાન હકીમે પોતાના પુત્રને જે ઉપદેશો આપ્યા હતા, તેનું વર્ણન પવિત્ર કુર્આનમાં આ પ્રમાણે છે : ''દીકરા ! નમાઝ કાયમ કર (પઢતો રહે), સત્કર્મનો આદેશ આપ, બૂરાઈથી રોક, અને જે મુસીબત પણ આવે તેના પર સબ્ર કર. આ એ વાતો છે, જેની ખૂબ તાકીદ કરેલ છે, અને લોકોથી મોઢું ફેરવીને વાત ન કર, ન જમીન પર અકડાઈને ચાલ, ઈશ્વર કદી કોઈ અહંકારી અને શેખી કરનારાને પસંદ કરતો નથી. પોતાની ચાલમાં સંતુલન બનાવી રાખ અને પોતાના અવાજને જરા ધીમો રાખ, બધા અવાજોમાં સૌથી ખરાબ અવાજ ગધેડાઓનો અવાજ હોય છે.'' (સૂરઃલુકમાન,૩૧,આ.૧૭-૧૯)

---

**નોંધ ૧૬.૩ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું છે કે, ''જે કંઈપણ તમને લોકોને આપવામાં આવ્યું છે તે માત્ર દુનિયાના થોડાક દિવસના જીવનનો સામાન છે, અને જે કંઈ ઈશ્વરના ત્યાં છે તે સારો પણ છે અને બાકી રહેવાવાળો પણ. તે એ લોકો માટે છે, જેઓ ઈમાન લાવ્યા અને પોતાના રબ પર ભરોસો કરે છે, જેઓ મોટા-મોટા ગુનાઓ અને અશ્લીલ કામોથી બચે છે, અને જો ગુસ્સો આવે તો માફ કરી દે છે, જેઓ પોતાના રબના આદેશો માને છે, નમાઝ કાયમ કરે છે, પોતાના મામલાઓ પરસ્પર પરામર્શથી ચલાવે છે. અમે જે કંઈ પણ રોજી તેમને આપી છે તેમાંથી ખર્ચ કરે છે, અને જ્યારે તેમના પર અતિરેક કરવામાં આવે છે તો તેનો સામનો કરે છે. બૂરાઈનો બદલો એવી જ બૂરાઈ છે, પણ જો કોઈ માફ કરી દે અને સુધારણા કરે તેનો બદલો ઈશ્વરના શિરે છે. ઈશ્વર જાલિમોને પસંદ નથી કરતો, અને જે લોકો જુલ્મ થયા પછી બદલો લે તો તેમની નિંદા કરી શકાય નહીં, નિંદનીય તો તઓ છે જેઓ બીજાઓ પર જુલ્મ કરે છે અને જમીન પર નાહક અતિરેક કરે છે. આવા લોકો માટે પીડાદાયક યાતના છે.'' (સૂરઃ અલ-શૂરા, ૪૨, આયત ૩૬-૪૨)

**આસૂરના પ્રભાવથી ઉત્પન્નન થતાં ગુણો**

## ૧૬.૪

**दम्भः दर्पः अभिमानः च क्रोधः पारुष्यम् एव च ।**
**अज्ञानम् च अभिजातस्य पार्थ सम्पदम् आसुरीम ।।४।।**

(ઈશ્વરે કહ્યું કે,) હે અર્જુન ! નિ:સંદેહ આ ગુણો આસૂર (શૈતાનના પ્રભાવથી) ઉત્પન્ન થાય છે. ધોકો આપવો (છળકપટ કરવું), અહંકારનું હોવું, ઘમંડનું હોવું, ક્રોધ કરવો, અને કઠોરતા રાખવી, અને જ્ઞાન અને વિવેકનું ન હોવું.

નોંધ :આસૂર કે 'શૈતાન'ને સમજવા માટે નોંધ નં. N-૧૮ વાંચો.

(पार्थ) હે અર્જુન ! (एव) નિ:સંદેહ (सम्पदम्) આ ગુણો (आसुरीम्) આસૂર (શૈતાનના પ્રભાવથી) (अभिजातस्य) ઉત્પન્ન થાય છે. (दम्भ) ધોકો આપવો (છળકપટ કરવું), (दर्पः) અહંકારનું હોવું, (अभिमान) ઘમંડનું હોવું, (क्रोधः) ક્રોધ કરવો, (च) અને (पारुष्यम्) કઠોરતા રાખવી, (अज्ञानम्) અને જ્ઞાન અને વિવેકનું ન હોવું.

## ૧૬.૫

**दैवी सम्पत् विमोक्षाय निबन्धाय आसुरी मता ।**
**मा शुचः सम्पदम् दैवीम् अभिजातः असि पाण्डव ।।५।।**

(ઈશ્વરે કહ્યું,) આ મારો નિર્ણય છે કે દિવ્ય ગુણ ઈશ્વરની ક્ષમા તરફ લઈ જાય છે. આસૂરી ગુણ ઈશ્વરની પકડ તરફ લઈ જાય છે. (પરંતુ) હે અર્જુન ! (તમે) ચિંતા ન કરો, (કારણ કે તમે) દિવ્ય ગુણોની સાથે જન્મ લીધો છે.

(मता) (ઈશ્વરે કહ્યું,) આ મારો નિર્ણય છે કે (दैवी) દિવ્ય (सम्पत्) ગુણ (विमोक्षाय) ઈશ્વરની ક્ષમા તરફ લઈ જાય છે. (आसुरी) આસૂરી ગુણ (निबन्धाय) ઈશ્વરની પકડ તરફ લઈ જાય છે. (पाण्डव) (પરંતુ) હે અર્જુન ! (शुचः) (તમે) ચિંતા (मा) ન કરો, (दैवीम्) (કારણ કે તમે) દિવ્ય (सम्पदम्) ગુણોની સાથે (अभिजातः) જન્મ લીધો (असि) છે.

**આસૂરી ગુણોનું વર્ણન**

## ૧૬.૬

**द्वौ भूत-सर्गो लोके अस्मिन दैवः आसुरः एव च ।**
**दैवः विस्तरशः प्रोक्तः आसुरम् पार्थ मे शृणु ।।६।।**

નિ:સંદેહ, આ પૃથ્વી લોકમાં મનુષ્યના અંદર બે પ્રકારના ગુણો હોય છે. દિવ્ય ગુણ અને આસૂરી (શૈતાની) ગુણ. દિવ્ય ગુણોને હે અર્જુન ! (તમને) વિસ્તારપૂર્વક બતાવી દીધા, (હવે) આસૂરી (શૈતાની) ગુણો વિશે મારાથી સાંભળો.

(एरा) નિ:સંદેહ, (अस्मिन) આ (लोके) પૃથ્વી લોકમાં (भूत) મનુષ્યના અંદર (द्वौ) બે પ્રકારના (सर्गो) ગુણો હોય છે. (दैवः) દિવ્ય ગુણ (च) અને (आसुरः) આસૂરી (શૈતાની) ગુણ. (दैवः) દિવ્ય ગુણોને (पार्थ) હે અર્જુન ! (विस्तरशः) (તમને) વિસ્તારપૂર્વક (प्रोक्तः) બતાવી દીધા, (आसुरम्) (હવે) આસૂરી (શૈતાની) ગુણો વિશે (मे) મારાથી (शृणु) સાંભળો.

## ૧૬.૭

**प्रवृत्तिम् च निवृत्तिम् च जनाः न विदुः आसुराः ।**
**न शौचम् न अपि च आचारः न सत्यम् तेषु विद्यते ।।७।।**

આસૂરિ ગુણોવાળા લોકો (એ) નથી જાણતા કે

(आसुराः) આસૂરી ગુણોવાળા લોકો (न) (એ) નથી (जनाः) જાણતા કે (प्रवृत्तिम्) ઉચિત વ્યવહાર (શું છે) (च) અને (निवृत्तिम्) અનુચિત વ્યહાર (શું છે)

ઉચિત વ્યવહાર (શું છે) અને અનુચિત વ્યવહાર (શું છે), અને મન અને શરીરની સ્વચ્છતાને પણ નથી જાણતા, અને (તેમના સારા) ચરિત્ર પણ નથી (હોતા), અને ન તેમનામાં સચ્ચાઈ હોય છે.

(च) અને (शाचम्) મન અને શરીરની સ્વચ્છતાને પણ (न) નથી (विदुः) જાણતા, (च) અને (आचार) (તેમના સારા) ચરિત્ર (अपि) પણ (न) નથી (હોતા), (च) અને (न) ન (तेषु) તેમનામાં (सत्यम्) સચ્ચાઈ (विद्यते) હોય છે.

## ૧૬.૮

**असत्यम् अप्रतिष्ठम् ते जगत् आहुः अनीश्वरम् ।**
**अपरस्पर सम्भूतम् किम्-अन्यत् काम-हैतुकम् ।।८।।**

તેઓ કહે છે, આ જગત (નું) નિર્માણ કોઈ ઉદ્દેશ્ય વગર થયું છે. આ અસત્ય છે (આની કોઈ વાસ્તવિકતા નથી). ન આનો કોઈ આધાર છે, (અને) ન ઈશ્વરનું અસ્તિત્વ છે, અને જીવનનો ઉદ્દેશ્ય યૌન સંતુષ્ટિ (Sexual gratification) સિવાય બીજો શું છે?

(ते) તેઓ (आहुः) કહે છે, (जगत्) આ જગત (નું) (सम्भूतम्) નિર્માણ (अपरस्पर) કોઈ ઉદ્દેશ્ય વગર થયું છે. (असत्यम्) આ અસત્ય છે (આની કોઈ વાસ્તવિકતા નથી). (अप्रतिष्ठम्) ન આનો કોઈ આધાર છે, (અને) (अनीश्वरम्) ન ઈશ્વરનું અસ્તિત્વ છે, (हैतुकम्) અને જીવનનો ઉદ્દેશ્ય (काम) યૌન સંતુષ્ટિ (Sexual gratification) (अन्यत्) સિવાય (किम) બીજો શું છે?

## ૧૬.૯

**एताम् दृष्टिम् अवष्टभ्य नष्ट आत्मानः अल्प-बुद्धयः ।**
**प्रभवन्ति उग्र-कर्माणः क्षयाय जगतः अहिताः ।।९।।**

આ મૂર્ખ લોકો આવો વિનાશકારી દૃષ્ટિકોણ સ્વયં અપનાવે છે, (અને એક) શત્રુ (ની જેમ) આ ઊભા થઈ જાય છે, અને એવા ક્રૂરતાવાળા કાર્યો કરે છે (જે) જગતનો વિનાશ કરી નાખે.

(अल्प-बुद्धयः) આ મૂર્ખ લોકો (एताम) આવો (नष्ट) વિનાશકારી (दृष्टिम्) દૃષ્ટિકોણ (आत्मान्) સ્વયં અપનાવે છે, (अहिताः) (અને એક) શત્રુ (ની જેમ) (प्रभवन्ति) આ ઊભા થઈ જાય છે, (उग्र-कर्माण) અને એવા ક્રૂરતાવાળા કાર્યો કરે છે (जगत) (જે) જગતનો (क्षयाय) વિનાશ કરી નાખે.

## ૧૬.૧૦

**कामम् आश्रित्य दुष्पूरम् दम्भ मान मद-अन्विताः ।**
**मोहात् गृहीत्व असत् ग्राहान् प्रवर्तन्ते अशुचि व्रताः ।।१०।।**

ક્યારેય પૂરી ન થવાવાળી ઇચ્છાઓના સહારે, છળ (અને) ઘમંડમાં ડૂબેલા, અશુદ્ધ (નાપાક) સંકલ્પને અપનાવીને, અસ્થાયી અને સાંસારિક મામલાઓમાં આ ઉન્નતિ કરે છે.

(दुष्पूरम्) ક્યારેય પૂરી ન થવાવાળી (कामम्) ઇચ્છાઓ (आश्रित्य) ના સહારે, (दम्भ) છળ (અને) (मान) ઘમંડમાં (अन्विताः) ડૂબેલા, (अशुचि) અશુદ્ધ (નાપાક) (व्रता) સંકલ્પને (गृहीत्वा) અપનાવીને, (असत् ग्राहान्) અસ્થાયી અને સાંસારિક મામલાઓમાં આ (प्रवर्तन्ते) ઉન્નતિ કરે છે.

## ૧૬.૧૧

**चिन्ताम् अपरिमेयाम् च प्रलय-अन्ताम् उपाश्रिताः ।**
**काम-उपभोग परमाः एतावत् इति निश्चिताः ।।११।।**

(અસૂરી ગુણોવાળા લોકો)
ઇચ્છાઓને પૂરી કરવી (એ જ) (જીવનનો) સૌથી મોટો (ઉદ્દેશ્ય) અપનાવે છે. હમણા તો મારા પાસે કેવળ આટલું જ છે, (મારે બીજું ઘણું પ્રાપ્ત કરવાનું છે) (આ પ્રકારનો તેમનો) મજબૂત (દષ્ટિકોણ હોય છે), અને (પછી) જીવનના અંત સુધી અનંત ચિંતાઓમાં ઘેરાયેલા રહે છે.

(અસૂરી ગુણોવાળા લોકો)
(काम-उपभोग) ઇચ્છાઓને પૂરી કરવી (એ જ) (परमाः) (જીવનનો) સૌથી મોટો (ઉદ્દેશ્ય) (उपश्रिता) અપનાવે છે. (एतावत् इति) હમણા તો મારા પાસે કેવળ આટલું જ છે, (મારે બીજું ઘણું પ્રાપ્ત કરવાનું છે) (निश्चिताः) (આ પ્રકારનો તેમનો) મજબૂત (દષ્ટિકોણ હોય છે), (च) અને (પછી) (प्रलय-अन्ताम्) જીવનના અંત સુધી (अपरिमेयाम्) અનંત (चिन्ताम्) ચિંતાઓમાં ઘેરાયેલા રહે છે.

## ૧૬.૧૨

**आशा-पाश शतैः बद्धाः काम क्रोध परायणाः ।**
**ईहन्ते काम भोग अर्थम् अन्यायेन अर्थ सञ्चयान् ।।१२।।**

(અસૂરી ગુણોવાળા લોકો)
સેંકડો આશાઓની જાળમાં ફસાયેલા રહે છે. (તેમના મન પર) હંમેશા ઇચ્છાઓ અને ક્રોધ (સવાર રહે છે). (તેઓ) અવૈધ રીતથી ધન-સંપત્તિ જમા કરવામાં (અને) મનચાહી વસ્તુઓથી આનંદ લેવાના પ્રયાસમાં લાગેલા રહે છે.

(અસૂરી ગુણોવાળા લોકો)
(शतै) સેંકડો (आशा-पाश) આશાઓની જાળમાં (बद्धा) ફસાયેલા રહે છે. (परायणाः) (તેમના મન પર) હંમેશા (काम क्रोध) ઇચ્છાઓ અને ક્રોધ (સવાર રહે છે). (अन्यायेन) (તેઓ) અવૈધ રીતથી (अर्थ) ધન-સંપત્તિ (सञ्चयान्) જમા કરવામાં (અને) (काम) મનચાહી વસ્તુઓથી (भोग) આનંદ લેવાના (इहन्ते) પ્રયાસમાં લાગેલા રહે છે.

## ૧૬.૧૩

**इदम् अद्य मया लब्धम् इमम प्राप्स्ये मनः रथम् ।**
**इदम् अस्ति इदम् अपि मे भविष्यति पुनः धनम् ।।१३।।**

(અસૂરી ગુણોવાળા લોકોનો દૃષ્ટિકોણ એ હોય છે કે)
આજે આ જે કંઈ પણ મને પ્રાપ્ત છે (તે) મારા (કારણે છે). (મારા) આ બુદ્ધિશાળી મસ્તિષ્ક અને પ્રયાસથી છે. આ (જે કંઈ) છે (તે) મારું (છે). ભવિષ્યમાં પણ આ ધન હજુ (વધારે હશે).

(અસૂરી ગુણોવાળા લોકોનો દૃષ્ટિકોણ એ હોય છે કે)
(अध) આજે (इदम) આ (लब्धम्) જે કંઈ પણ મને પ્રાપ્ત છે (मया) (તે) મારા (કારણે છે). (इदम) (મારા) આ (मनः रथम्) બુદ્ધિશાળી મસ્તિષ્ક અને પ્રયાસથી છે. (इदम) આ (જે કંઈ) (असित) છે (मे) (તે) મારું (છે). (भविष्यति) ભવિષ્યમાં (अपि) પણ (इदम) આ (धनम) ધન (पुनः) હજુ (વધારે હશે).

---

**નોંધ ૧૬.૧૩ :** ''આ જ મનુષ્ય જ્યારે સહેજ પણ મુસીબત તેને સ્પર્શી જાય છે, તો અમને પોકારે છે, અને જ્યારે અમે તેને અમારા તરફથી ને'મત (કૃપા, બક્ષિસ) આપીને તૃપ્ત કરી દઈએ છીએ, તો કહે છે કે આ તો મને મારા જ્ઞાનના કારણે આપવામાં આવ્યું છે. ના, બલ્કે આ પરીક્ષા છે, પરંતુ આમાંથી મોટાભાગના લોકો જાણતા નથી.'' (પવિત્ર કુર્આન, સૂરઃ અઝ્-ઝુમર, ૩૯, આયત ૪૯)

## ૧૬.૧૪

**असौ मया हतः शत्रुः हनिष्ये च अपरान् अपि ।**
**ईश्वरः अहम् भोगी सिद्ध अहम् बलवान् सुखी ।।१४।।**

(અસૂરી ગુણોવાળા લોકો વિચારે છે કે)
તે શત્રુ મારા દ્વારા જ માર્યો ગયો છે, અને બીજાઓને પણ હું જ મારીશ. હું સૌથી મોટો છું. સૌથી વધારે મોજ-મસ્તી કરવાવાળો છું. હું દરેક રીતે પરિપૂર્ણ છું. હું શક્તિશાળી છું (અને) સુખી છું.

(અસૂરી ગુણોવાળા લોકો વિચારે છે કે)
(असौ) તે (शत्रु) શત્રુ (मया) મારા દ્વારા જ (हतः) માર્યો ગયો છે, (च) અને (अपरान्) બીજાઓને (अपि) પણ (हनिष्ये) હું જ મારીશ. (ईश्वर अहम्) હું સૌથી મોટો છું. (अहम भोगी) સૌથી વધારે મોજ-મસ્તી કરવાવાળો છું. (सिद्ध) હું દરેક રીતે પરિપૂર્ણ છું. (अम बलवान) હું શક્તિશાળી છું (सुखी) (અને) સુખી છું.

## ૧૬.૧૫

**आढ्यः अभिजन-वान् अस्मि कः अन्यः अस्ति सदृशः मया।**
**यक्ष्ये दास्यामि मोदिष्ये इति अज्ञान विमोहिताः ।।१५।।**

અજ્ઞાનતા (ના કારણે), ગુમરાહ (પથભ્રષ્ટ) થઈને (તે) આ રીતે (વિચાર કરે છે કે) (હું) ધનવાન સંબંધીઓથી ઘેરાયેલો છું. મારા દ્વારા જ (મોટા-મોટા) ઈશ્વરની પ્રસન્નતાવાળા કાર્ય કરવામાં આવે છે. હું ખૂબ અધિક દાન આપવાવાળો છું. હું મોજ-મસ્તી કરવાવાળો છું. હવે બતાવો કે મારા સમાન બીજો કોણ છે ?

(अज्ञान) અજ્ઞાનતા (ના કારણે), (विमोहिता) ગુમરાહ (પથભ્રષ્ટ) થઈને (इति) (તે) આ રીતે (વિચાર કરે છે કે) (आढ्यः) (હું) ધનવાન (अभिजन-वान्) સંબંધીઓથી ઘેરાયેલો (अस्मि) છું. (मया) મારા દ્વારા જ (यक्ष्ये) (મોટા-મોટા) ઈશ્વરની પ્રસન્નતાવાળા કાર્ય કરવામાં આવે છે. (दास्यामि) હું ખૂબ અધિક દાન આપવાવાળો છું. (मोदिष्ये) હું મોજ-મસ્તી કરવાવાળો છું. (सदृश) હવે બતાવો કે મારા સમાન (अन्य) બીજો (कः) કોણ (अस्ति) છે ?

## ૧૬.૧૬

**अनेक चित्त विभ्रान्ताः मोह जाल समावृताः ।**
**प्रसक्ताः काम-भोगेषु पतन्ति नरके अशुचौ ।।१६।।**

અનેક ચિંતાઓ (અને) ઉલઝનો (અને) ભ્રમ (ના) જાળમાં ફસાયેલા, મનની ઇચ્છાઓને પૂરી કરવાની આદતવાળો (Addicted), (મૃત્યુ પછી) ગંદા નર્ક (માં) ઉતરી જાય છે.

(अनेक) અનેક (चित्त) ચિંતાઓ (અને) (विभ्रान्ताः) ઉલઝનો (અને) (मोह) ભ્રમ (ના) (जाल) જાળમાં (समावृताः) ફસાયેલા, (काम-भोगेषु) મનની ઇચ્છાઓને પૂરી કરવાની (प्रसक्ता) આદતવાળો (Addicted), (अशुचौ) (મૃત્યુ પછી) ગંદા (नरके) નર્ક (માં) (पतन्ति) ઉતરી જાય છે.

## ૧૬.૧૭

**आत्म-सम्भावीताः स्तब्धाः धन-मान मद अन्विताः ।**
**यजन्ते नाम यज्ञै ते दम्भेन अविधि-पूर्वकम् ।।१७।।**

(અસૂરી ગુણોના લોકો)
પોતાની ખોટી શ્રદ્ધાઓને સાચી સમજે છે. તેમની પ્રાર્થનાઓ, ધન અને સન્માનનો દેખાડો, ઘમંડ,

(અસૂરી ગુણોના લોકો)
(आत्म-सम्भाविताः) પોતાની ખોટી શ્રદ્ધાઓને સાચી સમજે છે. (यज्ञै) તેમની પ્રાર્થનાઓ, (धन-मान) ધન અને સન્માનનો દેખાડો, (मद) ઘમંડ, (स्तब्धा) નિર્લજ્જ ધૃષ્ટતા (अन्विताः) થી ભરેલ હોય છે. (ते) આ

નિર્લજ્જ ધ્રુષ્ટતાથી ભરેલ હોય છે. આ લોકો નામ અને દેખાડા માટે પ્રાર્થનાઓનું આયોજન કરે છે, એ પણ ધાર્મિક નિયમોનું પાલન ન કરીને.

લોકો (नाम) નામ (दम्भेन) અને દેખાડા માટે (यजनन्ते) પ્રાર્થનાઓનું આયોજન કરે છે, (अविधि-पूर्वकम्) એ પણ ધાર્મિક નિયમોનું પાલન ન કરીને.

## ૧૬.૧૮

**अहङ्कारम् बलम् दर्पम् कामम् क्रोधम् च संक्षिताः ।**
**माम् आत्म पर देहेषु प्रद्विषन्तः अभ्यसूयकाः ।।१८।।**

ઘમંડ, શક્તિ, ગર્વ, કામ-ભાવના (અને) ક્રોધમાં ડૂબેલા (આ લોકો), હું (જે) આત્મા (અને) શરીરથી પર છું, (મારાથી) શત્રુતા રાખે છે, (અને) આલોચના કરે છે.

(अहङ्कारम्) ઘમંડ, (बलम्) શક્તિ, (दर्पम्) ગર્વ, (कामम्) કામ-ભાવના (અને) (क्रोधम्) ક્રોધ (संक्षिताः) માં ડૂબેલા (આ લોકો), (माम) હું (જે) (आत्मा) આત્મા (અને) (देहेषु) શરીરથી (पर) પર છું, (अभ्यसूयकाः) (મારાથી) શત્રુતા રાખે છે, (प्रद्विषन्त) (અને) આલોચના કરે છે.

### અસૂરી ગુણોવાળા વ્યક્તિઓનું પરિણામ

## ૧૬.૧૯

**तान् अहम् द्विषतः क्रुरान् संसारेषु नर-अधनाम् ।**
**क्षिपामि अजस्त्रम् अशुभान् आसुरीषु एव योनिषु ।।१९।।**

હું (આ) ઘૃણાસ્પદ, નિર્દયી અને મનુષ્યોમાં સૌથી નીચ લોકોને સદા માટે ગંદા સંસાર (નર્કમાં) (જ્યાં) અસૂરોના વંશજોને રાખવામાં આવે છે, ફેંકી દઉં છું.

(अहम्) હું (આ) (द्विषत) ઘૃણાસ્પદ, (क्रुरान) નિર્દયી (नर-अधनाम्) અને મનુષ્યોમાં સૌથી નીચ લોકોને (अजस्त्रम्) સદા માટે (अशुभान) ગંદા (संसारेषु) સંસાર (નર્કમાં) (आसुरीषु योनिषु) (જ્યાં) અસૂરોના વંશજોને રાખવામાં આવે છે, (क्षिपामि) ફેંકી દઉં છું.

## ૧૬.૨૦

**आसुरीम् योनिम् आपन्नाः मूढाः जन्मनि जन्मनि ।**
**माम् अप्राप्य एव कौन्तेय ततः यान्ति अधमाम् गतिम् ।।२०।।**

આ મૂર્ખ લોકો અસૂરોના વંશમાં દરેક મૃત્યુ પછી જીવન પામે છે (અને) નર્કના સૌથી નીચેના ભાગ સુધી ચાલ્યા

(मूढा) આ મૂર્ખ લોકો (असुरीम् योनिम्) અસૂરોના વંશમાં (जन्मनि जन्मनि) દરેક મૃત્યુ પછી જીવન (आपन्ना) પામે છે (અને) (अधमाम् गतिम्) નર્કના સૌથી નીચેના ભાગ સુધી (यान्ति) ચાલ્યા

---

**નોંધ ૧૬.૧૭ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું છે કે, ''મને પોકારો, હું તમારી દુઆઓ (પ્રાર્થનાઓ) કબૂલ કરીશ. જે લોકો ઘમંડમાં આવીને મારી બંદગી (ઉપાસના)થી મોઢું ફેરવે છે, અવશ્ય તેઓ અપમાનતિ થઈને જહન્નમ (નર્ક)માં પ્રવેશ કરશે.'' (સૂરઃ મોમિન, ૪૦, આયત ૬૦)

---

**નોંધ ૧૬.૧૯ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું છે કે, ''આ બે પક્ષકારો (વિવાદી) છે, જેમના વચ્ચે પોતાના રબ વિશે ઝઘડો છે. આમાંથી એ લોકો, જેમણે ઇન્કાર કર્યો, તેમના માટે આગના વસ્ત્ર કપાઈ ચૂક્યા છે. તેમના માથાઓ પર ઉકળતું પાણી નાખવામાં આવશે, જેનાથી તેમની ચામડીઓ જ નહીં, પેટના અંદરના ભાગો સુદ્ધાં ગળી જશે, અને તેમની ખબર લઈ નાખવા લોખંડની ગદાઓ હશે. જ્યારે પણ ક્યારેક તેઓ ગભરાઈને જહન્નમ (નર્ક)માંથી નીકળવાની કોશિશ કરશે, તો ફરી એમાં જ ધકેલી દેવામાં આવશે કે ચાખો હવે બળવાની સજાની મજા.'' (સૂરઃ અલ-હજ, ૨૨, આયત ૧૯-૨૨)

જાય છે. આ રીતે નિઃસંદેહ, હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (આ લોકો) મને કદી પ્રાપ્ત કરી શકતા નથી.

જાય છે. (ततः) આ રીતે (एश) નિઃસંદેહ, (कौन्तेय) હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (આ લોકો) (माम) મને (अप्राप्य) કદી પ્રાપ્ત કરી શકતા નથી.

**કામ, ક્રોધ અને લોભ પણ વિનાશકના ગુણો (કે ભાવનાઓ) છે.**

## ૧૬.૨૧

**त्रिविधम् नरकस्य इदम् द्वारम् नाशनम् आत्मनः ।
कामः क्रोधः तथा लोभः तस्मात् एतत् त्रयम् त्यजेत ॥२१॥**

ત્રણ ભાવનાઓ પણ મનુષ્ય (માટે) વિનાશનું કારણ છે. (તે છે) પોતાની ઇચ્છાઓને પૂરી કરવી, લાલચ અને ક્રોધ. આ (ત્રણેય ભાવનાઓ પણ) નર્ક (ના) દ્વાર છે. આ કારણે આ ત્રણેય ભાવનાઓનો પણ ત્યાગ કરી દેવો જોઈએ.

(त्रिविधम्) ત્રણ ભાવનાઓ પણ (आत्मनः) મનુષ્ય (માટે) (नाशनम्) વિનાશનું કારણ છે. (તે છે) (काम) પોતાની ઇચ્છાઓને પૂરી કરવી, (लोभ) લાલચ (क्रोधः) અને ક્રોધ. (इदम्) આ (ત્રણેય ભાવનાઓ પણ) (नरकस्य) નર્ક (ના) (द्वारम्) દ્વાર છે. (तस्मात्) આ કારણે (एतत्) આ (त्रयम्) ત્રણેય ભાવનાઓનો પણ (त्यजेत) ત્યાગ કરી દેવો જોઈએ.

## ૧૬.૨૨

**एतैः विमुक्तः कौन्तेय तमः-द्वारेः त्रिभिः नरः ।
आचरति आत्मनः श्रेयः ततः याति पराम् गतिम् ॥२२॥**

હે કુન્તી-પુત્ર (અર્જુન) ! જે મનુષ્ય આ ત્રણેય (ભાવનાઓથી) મુક્તિ પામી લે છે, જે અજ્ઞાનતાના દ્વાર છે, અને પોતાના આચરણને ઉપર ઉઠાવે છે, (તે) ઈશ્વરનું શરણ (પ્રાપ્ત કરી લે છે). આ રીતે (તે) સૌથી મહાન લક્ષ્ય (અર્થાત્ સ્વર્ગ) પ્રાપ્ત કરી લે છે.

(कौन्तेय) હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (ના) જે મનુષ્ય (एतैः) આ (त्रिभिः) ત્રણેય (ભાવનાઓથી) (विमुक्त) મુક્તિ પામી લે છે, (तमः) જે અજ્ઞાનતાના (द्वारैः) દ્વાર છે, (आचरति) અને પોતાના આચરણને ઉપર ઉઠાવે છે, (તે) (आत्मनः) ઈશ્વરનું (श्रेयः) શરણ (પ્રાપ્ત કરી લે છે). (ततः) આ રીતે (તે) (पराम् गतिम्) સૌથી મહાન લક્ષ્ય (અર્થાત્ સ્વર્ગ) (याति) પ્રાપ્ત કરી લે છે.

## ૧૬.૨૩

**यः शास्त्र-विधिम् उत्सृज्य वर्तते काम-कारतः ।
न सः सिद्धिम् अवाप्नोति न सुखम् न पराम् गतिम् ॥२३॥**

જે (વ્યક્તિ) (માત્ર) પોતાની ઇચ્છાઓને પૂરી કરવાનું કામ કરે છે, ધાર્મિક નિયમોને છોડી દે છે, તે ન

(यः) જે (વ્યક્તિ) (काम-कारतः) (માત્ર) પોતાની ઇચ્છાઓને પૂરી કરવાનું કામ (वर्तते) કરે છે, (शास्त्र-विधिम्) ધાર્મિક નિયમોને (उत्सृज्य) છોડી દે છે, (सः)તે

**નોંધ ૧૬.૨૦ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું છે કે, "જે ઈશ્વરથી ડરે છે તે ઈશ્વરના આદેશોનું પાલન કરશે. જે ઈશ્વરથી નથી ડરતો તે દુર્ભાગી આદેશ નહીં માને. તેને પ્રલયના દિવસે મોટી આગમાં નાખવામાં આવશે. પછી તે ત્યાં ન મરશે, ન જીવશે. નિઃસંદેહ તે સફળ થયો જે પવીત્ર થયો અને પોતાના ઈશ્વરના નામનો જાપ કરતો રહ્યો અને નમાઝ પઢતો રહ્યો. પરંતુ તમે લોકો તો સાંસારિક જીવનને મહત્ત્વ આપો છો, જ્યારે કે અન્ય લોકનું જીવન અમર જીવન છે. આ વાત અગાઉના ગ્રંથોમાં લખેલી છે, અર્થાત્ ઇબ્રાહીમ અને મૂસાના ગ્રંથોમાં." (સૂરઃ અલ-આલા, ૮૭, આયત ૧૦-૧૯)

પ્રાર્થનાઓમાં પરિપૂર્ણતા (Perfection) પ્રાપ્ત કરી શકે છે (અને) ન (જીવનમાં) સુખ (પામે છે) (અને) ન સૌથી શ્રેષ્ઠ જીવનનું લક્ષ્ય (અર્થાત્) સ્વર્ગ પ્રાપ્ત કરી શકે છે.

(न) ન (सिद्धिम्) પ્રાર્થનાઓમાં (अवाप्नोति) પરિપૂર્ણતા (Perfection) પ્રાપ્ત કરી શકે છે (न) (અને) ન (सुखम्) (જીવનમાં) સુખ (પામે છે) (न) (અને) ન (पराम् गतिम्) સૌથી શ્રેષ્ઠ જીવનનું લક્ષ્ય (અર્થાત્) સ્વર્ગ પ્રાપ્ત કરી શકે છે.

### ઈશ્વરનો મહત્ત્વપૂર્ણ આદેશ

## ૧૬.૨૪

**तस्मात् शास्त्रम् प्रमाणम् ते कार्य अकार्य व्यवस्थितौ ।**
**ज्ञात्वा शास्त्र विधान उक्तम् कर्म कर्तुम् इह अर्हसि ।।२४।।**

આ કારણે તમારા કર્તવ્યો શું છે અને શું કાર્યો તમારે નથી કરવાના, તેનો નિર્ણય કરવા માટે ધાર્મિક જ્ઞાન જ તમારું પ્રમાણ હોવું જોઈએ. (આ કારણસર) શાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરો, ધર્મના નિયમોને સમજો, ઈશ્વરના આદેશોને જાણો, (અને) આ સંસારમાં (તેના જ અનુસાર) પોતાના (અનિવાર્ય) કર્તવ્યોને પૂરા કરો.

(तस्मात्) આ કારણે (ते) તમારા (कार्य) કર્તવ્યો શું છે (अकार्य) અને શું કાર્યો તમારે નથી કરવાના, (व्यवस्थितौ) તેનો નિર્ણય કરવા માટે (शास्त्रम् प्रमाणम्) ધાર્મિક જ્ઞાન જ તમારું પ્રમાણ હોવું જોઈએ. (ज्ञात्वा शास्त्र) (આ કારણસર) શાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરો, (विधान) ધર્મના નિયમોને સમજો, (उक्तम्) ઈશ્વરના આદેશોને જાણો, (इह) (અને) આ સંસારમાં (अर्हसि) (તેના જ અનુસાર) (कर्म) પોતાના (અનિવાર્ય) કર્તવ્યોને (कर्तुम्) પૂરા કરો.

(અધ્યાય–૧૭)

# શ્રદ્ધાત્રય વિભાગ યોગ

## પરિચય

જે રીતે કોલેજમાં અંતિમ વર્ષ (Final Year)ના વિદ્યાર્થીઓ માટે પ્રારંભિક પરીક્ષા (Preliminary Examination) હોય છે, એ જ રીતે જે વ્યક્તિ સંપૂર્ણપણે ધાર્મિક થઈ ગયો છે, અથવા જે ધાર્મિક નિયમોના પાલનનો પૂરેપૂરો પ્રયાસ કરે છે, આ અધ્યાય તેના માટે પ્રારંભિક પરીક્ષાનું પ્રશ્ન-પત્ર છે, તપાસ-સૂચિ (Check-list) છે.

સૌથી મોટી અને મહત્ત્વપૂર્ણ શિક્ષા જે આ અધ્યાયમાં છે, તે એ છે કે અવતરિત ગ્રંથમાં લખેલ આદેશોનું પાલન કરવું અનિવાર્ય છે. અવતરિત ગ્રંથ છે વેદ અને આ ભગવદ્ ગીતાની શિક્ષા. જો કોઈ વ્યક્તિ સાંભળેલી વાતો અનુસાર ધાર્મિક છે અને આ ગ્રંથોને નથી માનતો, તો તેણે શ્લોક નં. ૧૭.૬ 'આસૂર કહેલ છે.

## સારાંશ

- શ્લોક નં. ૧૭.૨ અને ૧૭.૩ માં એ સત્યનું વર્ણન છે કે જે રીતે મનુષ્યમાં સત્ત્વ, રજો અને તમો ગુણ જન્મથી હોય છે, એ જ રીતે ઈશ્વરમાં શ્રદ્ધાના ગુણ પણ દરેક વ્યક્તિમાં જન્મથી હોય છે. તે પછી જ્યારે તે સમાજ અને પરિવારની સંસ્કૃતિ અનુસાર જીવન વ્યતીત કરે છે, તો તેના ગુણો અને શ્રદ્ધા પણ સમાજ અને પરિવારના ગુણો અને શ્રદ્ધા અનુસાર થઈ જાય છે.
- શ્લોક નં. ૧૭.૪ માં લખ્યું છે કે ત્રણેય ગુણવાળાઓની પ્રાર્થનાઓ પણ અલગ-અલગ હોય છે. સત્ત્વ ગુણવાળા ઈશ્વરની પ્રાર્થના કરે છે. રજો ગુણવાળા યક્ષ અને રાક્ષસોની અને તમો ગુણવાળા ભૂત-પ્રેત અને બીજાઓની પ્રાર્થના કરે છે, તો મનુષ્ય જેમની પ્રાર્થના કરે છે તેમનાથી પોતાને ઓળખી લે.
- શ્લોક નં. ૧૭.૪થી ૧૭.૧૦ માં ત્રણેય ગુણોવાળાઓના ભોજનનું વર્ણન છે. મનુષ્ય પોતાની પસંદના ભોજનથી પોતાના સ્વભાવને ઓળખી શકે છે કે તે સાત્ત્વિક છે કે રજો છે કે તમો ગુણનો છે.
- શ્લોક નં. ૧૭.૧૧ થી ૧૭.૧૩ માં ત્રણેય ગુણોવાળા યજ્ઞ કેવી રીતે કરે છે તેનું વર્ણન છે. (સ્વામી રામસુખદાસજીએ શ્લોક નં. ૧૬.૧ની વ્યાખ્યામાં યજ્ઞને અનિવાર્ય કર્તવ્યનું પાલન કરવું કહેલ છે.)
- શ્લોક નં. ૧૭.૧૪ થી ૧૭.૧૬ માં શરીરના, વાતચીતના અને મન (વિચાર)ના તપનું વર્ણન છે.

તપનો અર્થ છે એ દૃઢ સંકલ્પ અને શારીરિક કૃત્ય (Act) જે ધાર્મિક નિયમો અનુસાર હોય અને જેનાથી શરીરને કષ્ટ થાય, અને જેનું લક્ષ્ય મન, શારીરિક અંગો અને આત્માને વશમાં રાખવાનું હોય.

- શ્લોક નં. ૧૭.૧૭ થી ૧૭.૨૨ સુધી તેનું વર્ણન છે કે લોકો પુણ્યના લક્ષ્યથી તપ અને દાન કરે છે. પરંતુ સ્વભાવ અનુસાર ત્રણેય ગુણોવાળાઓના તપ અને દાન પણ

અલગ-અલગ પ્રકારના હોય છે. તો મનુષ્ય પોતાના પર વિચાર કરે અને સાત્ત્વિક બનવાનો પ્રયાસ કરે.

● જેટલા દેવી-દેવતાઓ છે, જેટલા અવતારો છે, તેમના વિશે આપણને બધી જ જાણકારી છે. પરંતુ આકાશવાણી કે ઈશ્વરમાં શ્રદ્ધા વિશે આપણને કંઈપણ જ્ઞાન નથી. આ જ ભગવદ્ ગીતામાં ઈશ્વરે કહ્યું છે કે વેદોને વાંચવું મનુષ્યને વિષ (ઝેર) સમાન લાગે છે, પરંતુ તેનું પરિણામ અમૃત સમાન છે. આપણે વેદ નથી વાંચતા, તેથી આપણને ઈશ્વર વિશે કંઈ ખબર નથી. ઋગ્વેદમાં મુખ્ય વિષય ઈશ્વરની સ્તુતિ, પ્રશંસા અને પ્રાર્થનાનું જ વર્ણન છે.

● દયાળુ ઈશ્વરે કૃપા કરી અને આ દિવ્ય ગ્રંથમાં પણ પોતાના ત્રણ નામ બતાવ્યા. એ નામોનું મહત્ત્વ આ પ્રમાણે છે :

શ્લોક નં. ૧૭.૨૩ માં ઈશ્વરે પોતાના ત્રણ નામ ૐ, તત અને સત બતાવ્યા. ૐ નું મહત્ત્વ એ છે કે ઈશ્વરે માનવ-જાતિ પર કૃપા કરસ અને પોતાનું એક નામ બતાવ્યું, જેને કોઈપણ કામના આરંભ કરતાં પહેલા કહેવાથી તે કામ સફળ થાય છે. મુશ્કેલીઓ ઓછી થાય છે, અને તેનાથી લાભ પ્રાપ્ત થાય છે. મૃત્યુ વખતે કહેવાથી સ્વર્ગ પ્રાપ્ત થાય છે. આ કારણસર ઈશ્વરે માનવ-જાતિને આદેશ આપ્યો કે પ્રાર્થના અને દરેક કામ શરૂ કરતા પહેલાં ૐ કહેવાનું રાખે.

તો આ નામ મોઢેથી કહીને અવાજથી ઈશ્વરને યાદ કરવાનું નામ છે.

● ઈશ્વરનું બીજું નામ છે 'તતઃ'. આનો અર્થ છે 'તે'. જ્યારે કોઈ મોટી ઘટના ઘટે છે, આ એવું કામ હોય છે, જે મનુષ્યના કાબૂથી બહાર હોય છે તો આપણે કહીએ છીએ –

'તેની ઇચ્છા હતી.'

આપણું 'તેની' કહેવાનો અર્થ થાય છે કે ઈશ્વરની ઇચ્છા હતી. ઈશ્વરના આ નામનું મહત્ત્વ એ છે કે આપણે જાણીએ છીએ 'તે' છે, જોઈ રહ્યો છે, સાંભળી રહ્યો છે, કૃપા કરશે, સ્વર્થ આપશે; અને આપણે તેને પ્રસન્ન કરવા માટે યજ્ઞ, દાન અને તપ કરીએ છીએ. અર્થાત્ શારીરિક કર્મ દ્વારા આપણે તેને પ્રસન્ન કરીએ છીએ. તો આ નામનું મહત્ત્વ એ છે કે 'તે' જોઈ રહ્યો છે, તેને હંમેશા યાદ રાખો.

● ઈશ્વરનું ત્રીજું નામ છે 'સત' (સત્ય કે સચ્ચાઈ).

આનો અર્થ એ રીતે સમજવાનો પ્રયત્ન કરો કે ઈશ્વર સત્ય છે, ઈશ્વર હંમેશાથી હતો, છે અને રહેશે. અર્થાત્ ઈશ્વર સ્થાયી છે. પુણ્યનું પરિણામ સ્થાયી હોય છે. તે હંમેશા રહે છે. મૃત્યુ પછીસ તમને સ્વર્ગમાં મળશે અને સદૈવ તમારા સાથે રહેશે.

દાન આપવું પુણ્ય છે. તમે દાન આપ્યું, પરંતુ તમારું લક્ષ્ય પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવાનું હતું, તો આ પુણ્યના કર્મથી તમે કેવળ પ્રસિદ્ધ જ થશો, પુણ્ય નહીં કમાઈ શકો.

તો અંદરની ભાવના, જે કોઈ જોઈ નથી શકતું, ન પારખી શકે છે, કર્મોનું ફળ એ ભાવના પર નિર્ભર કરે છે.

તો જ્યારે મનુષ્ય અંદરથી 'સત' હશે, સચ્ચાઈ પર હશે, તો જ તે શારીરિક રીતે જે કરે છે તે પુણ્ય કહેવાશે, અને તેનું પરિણામ સ્થાઈ હશે. તો ઈશ્વરનું ત્રીજું નામ 'સત' છે.

આપણે આપણા લક્ષ્યને, વિચારોને, મનો દષ્ટિને, દષ્ટિકોણને 'સત' કરીને તેને યાદ કરીએ છીએ. તો પછી જે રીતે ઈશ્વર સ્થાયી છે, આપણા કર્મોનું પુણ્ય-ફળ પણ સ્થાયી હશે.

તો આ શ્લોક નં. ૧૭.૨૩ સ્વર્ગ અપાવનાર શ્લોક છે. આપણે હંમેશા ૐ કહીને કોઈપણ કામનો આરંભ કરીએ. હંમેશા યાદ રાખીએ કે 'તે' જોઈ રહ્યો છે, અને આપણા ભીતરમાં સદૈવ 'સત'ની ભાવના હોય. કોઈ દેખાડો, આડંબર, કોઈ સ્વાર્થ, કોઈ છળ-કપટ ન હોય. માત્ર શુદ્ધ 'સત' રહે.

અંતે ઈશ્વરે શ્લોક નં. ૧૭.૨૮ માં કહ્યું છે કે ઈશ્વરમાં શ્રદ્ધા વગર યજ્ઞ, દાન અને તપ બધું જ અસત્ય છે. ન તેનું આ સંસારમાં અને (પ્રેત્ય) મૃત્યુ પછી કોઈ ફળ મળશે.

## અધ્યાય

### ૧૭.૧

**अर्जुन उवाच,**

**ये शास्त्र-विधिम् उत्सृज्य यजन्ते श्रद्धया अन्विताः ।**
**तेषाम् निष्ठा तु का कृष्ण सत्त्वम् आहो रजः तमः ।।१।।**

અર્જુનેકહ્યું, તે જે ધાર્મિક શાસ્ત્રોના નિયમોને નથી માનતો, પરંતુ ઈશ્વરની પ્રાર્થના કરે છે પૂરી શ્રદ્ધાની સાથે, હે શ્રી કૃષ્ણ ! તેમની શ્રદ્ધા (ની) શું હકીકત છે ? (શું તે) સત્ત્વ ગુણ (વાળા છે, કે) રજો ગુણ (વાળા છે), કે તમો ગુણ (વાળા છે) ?

(अर्जुन उवाच) અર્જુનેકહ્યું, (ये) તે જે (शास्त्र-विधिम्) ધાર્મિક શાસ્ત્રોના નિયમોને (उत्सृज्य) નથી માનતો, (तु) પરંતુ (यजन्ते) ઈશ્વરની પ્રાર્થના કરે છે (श्रद्धया अन्विताः) પૂરી શ્રદ્ધાની સાથે, (कृष्ण) હે શ્રી કૃષ્ણ ! (तेषाम्) તેમની (निष्ठा) શ્રદ્ધા (ની) શું હકીકત છે ? (सत्त्वम्) (શું તે) સત્ત્વ ગુણ (વાળા છે, કે) (रजः) રજો ગુણ (વાળા છે), (आहो) કે (तमः) તમો ગુણ (વાળા છે) ?

**ઈશ્વરમાં શ્રદ્ધા જન્મથી મનુષ્યના સ્વભાવમાં છે.**

### ૧૭.૨

**श्री भगवान उवाच,**

**त्रि-विधा भवति श्रद्धा देहिनाम् सा स्व-भाव-जा ।**
**सात्विकी राजसी च एव तामसी च इति ताम् शृणु ।।२।।**

ઈશ્વરે (શ્રી કૃષ્ણના માધ્યમથી) કહ્યું, (જે રીતે) ત્રણેય ગુણો (સત્ત્વ, રજો, તમો ગુણ) શરીરવાળા (મનુષ્યમાં) ઉત્પન્ન કરવામાં આવ્યા છે, (એ જ રીતે) તે એક ઈશ્વરમાં શ્રદ્ધા પણ જન્મથી જ (મનુષ્યના) સ્વભાવ (માં ઉત્પન્ન કરવામાં આવ્યા છે). સાંભળો

(श्री भगवान उवाच) ઈશ્વરે (શ્રી કૃષ્ણના માધ્યમથી) કહ્યું, (त्रि-विधा) (જે રીતે) ત્રણેય ગુણો (સત્ત્વ, રજો, તમો ગુણ) (देहिनाम्) શરીરવાળા (મનુષ્યમાં) (भवति) ઉત્પન્ન કરવામાં આવ્યા છે, (सा) (એ જ રીતે) તે (श्रद्धा) એક ઈશ્વરમાં શ્રદ્ધા (जा) પણ જન્મથી જ (स्व-भाव) (મનુષ્યના) સ્વભાવ (માં ઉત્પન્ન કરવામાં આવ્યા છે). (शृणु) સાંભળો

**નોંધ ૧૭.૧ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું છે કે, ''અને (એક ઈશ્વરને ન માનવાવાળા)માંથી મોટાભાગના લોકો તો નરી કલ્પના (અટકળ) પર ચાલે છે. તેમાં કોઈ સંદેહ નથી કે કલ્પના સત્યની તુલનામાં કંઈપણ ઉપયોગ નથી. જે કંઈ આ લોકો કરી રહ્યા છે તેને ઈશ્વર બરાબર જાણે છે.'' (સૂરઃ યૂનુસ, ૧૦, આયત ૩૬)

(બરાબર જાણી લો કે જે રીતે) સત્ત્વ ગુણ, રજો ગુણ અને તમો ગુણ (મનુષ્યમાં છે), નિઃસંદેહ તે (એક ઈશ્વરમાં શ્રદ્ધા પણ) એ જ રીતે (મનુષ્યના સ્વભાવમાં જન્મથી છે).

(બરાબર જાણી લો કે જે રીતે) (सात्विकी) સત્ત્વ ગુણ, (राजसी) રજો ગુણ (च) અને (तामसी) તમો ગુણ (મનુષ્યમાં છે), (एव) નિઃસંદેહ (ताम्) તે (એક ઈશ્વરમાં શ્રદ્ધા પણ) (इति) એ જ રીતે (મનુષ્યના સ્વભાવમાં જન્મથી છે).

**મનુષ્યની શ્રદ્ધા કેવી રીતે બદલાય છે ?**

## ૧૭.૩

**सत्व-अनुरुपा सर्वस्य श्रद्धा भवति भारत ।**
**श्रद्धा मयः अयम् पुरुषः यः यत् श्रद्धः सः एव सः ॥३॥**

હે ભારત (અર્જુન) ! તમામ લોકોમાં (એક ઈશ્વરમાં) શ્રદ્ધા જો સત્ત્વ ગુણની જેમ છે, (તે જન્મથી જ મનુષ્યના અંદર) હોય છે, (તે પછી) જે મનુષ્ય જે પ્રકારની શ્રદ્ધા (ની સાથે) આ સંસારમાં (જીવન વ્યતીત કરે છે) તે નિઃસંદેહ એ જ શ્રદ્ધા (ની સાથે હોય છે જ્યારે) તે (મૃત્યુ પામે છે).

(भारत) હે ભારત (અર્જુન) ! (सर्वस्य) તમામ લોકોમાં (श्रद्धा) (એક ઈશ્વરમાં) શ્રદ્ધા (सत्व) જો સત્ત્વ ગુણ (अनुरुपा) ની જેમ છે, (भवति) (તે જન્મથી જ મનુષ્યના અંદર) હોય છે, (यः) (તે પછી) જે (पुरुषः) મનુષ્ય (मयः) જે પ્રકારની (श्रद्धा) શ્રદ્ધા (ની સાથે) (अयम्) આ સંસારમાં (જીવન વ્યતીત કરે છે) (सः) તે (एव) નિઃસંદેહ (यत्) એ જ (श्रद्धा) શ્રદ્ધા (ની સાથે હોય છે જ્યારે) (सः) તે (મૃત્યુ પામે છે).

**ત્રણેય ગુણોવાળા કોની ઉપાસના કરે છે ?**

## ૧૭.૪

**यजन्ते सात्विकाः देवान् यक्ष-रक्षांसि राजसाः ।**
**प्रेतान् भूत-गणान् च अन्ये यतन्ते तामसाः जनाः ॥४॥**

(મનુષ્ય ત્રણ પ્રકારની શ્રદ્ધાની સાથે જીવન વ્યતીત કરે છે, અને એ જ શ્રદ્ધાની સાથે મૃત્યુ પામે છે), સત્ત્વ ગુણવાળા ઈશ્વરની પ્રાર્થના કરે છે. રજો ગુણવાળા યક્ષ અને રાક્ષસો (શૈતાનો)ની પ્રાર્થના કરે છે. તમો ગુણવાળા લોકો મૃત્યુ પામેલ લોકોની આત્માઓની અને ભૂતોની અને અન્ય (શક્તિઓની) પ્રાર્થના કરે છે.

(મનુષ્ય ત્રણ પ્રકારની શ્રદ્ધાની સાથે જીવન વ્યતીત કરે છે, અને એ જ શ્રદ્ધાની સાથે મૃત્યુ પામે છે), (सात्विम्) સત્ત્વ ગુણવાળા (देवान्) ઈશ્વરની પ્રાર્થના કરે છે. (राजसः) રજો ગુણવાળા (यक्ष-रक्षांसि) યક્ષ અને રાક્ષસો (શૈતાનો)ની પ્રાર્થના કરે છે. (तामसाः जनाः) તમો ગુણવાળા લોકો (प्रेतान्) મૃત્યુ પામેલ લોકોની આત્માઓની અને (भूत-गणान्) ભૂતોની (च) અને (अन्य) અન્ય (શક્તિઓની) (यतन्ते) પ્રાર્થના કરે છે.

---

**નોંધ ૧૭.૩ :** શ્લોક નં. ૧૭.૩ માં લખ્યું છે કે તમે જે ગુણ અનુસાર જીવત વીતાવશો, તમારું મૃત્યુ એ જ અવસ્થામાં થશે. શ્લોક નં. ૧૪.૧૫ અનુસાર રજો ગુણ અને તમો ગુણવાળાઓનું નર્કમાં જવું અટલ છે.

દયાળુ ઈશ્વરે આ અધ્યાયમાં પોતાને ઓળખવાની પદ્ધતિ બતાવી છે. ભોજન, યજ્ઞ, તપ તથા દાન - આ ત્રણેય ગુણવાળાઓના અલગ-અલગ હોય છે. આ ચારેય કામ આપણે કઈ રીતે કરીએ છીએ તેનાથી આપણે પોતાને ઓળખી શકીએ છીએ, અને સત્ત્વ ગુણ પોતાનામાં ઉત્પન્ન કરવાનો પ્રયાસ કરી શકીએ છીએ.

(અર્થાત્ - જન્મથી બધામાં એક ઈશ્વરની શ્રદ્ધાની ભાવના જ હોય છે, પરંતુ સમાજ અને પરિવારની સંસ્કૃતિ અને શિક્ષાના કારણે તે જીવનમાં બીજાઓની પ્રાર્થના કરવા લાગે છે.)

**અવતરિત ગ્રંથોને ન માનવાવાળા અસૂરી ગુણોના છે.**

## ૧૭.૫

**अ-शाख विहितम् घोरम् तप्यन्ते ये तपः जनाः ।**
**दम्भ अहंकार संयुक्ताः काम राग बल अन्विताः ।।५।।**

પાખંડ, કપટ, અહંકાર, પોતાની ઇચ્છાની પૂર્તિમાં વ્યસ્ત, ક્રોધ અને સત્તાથી પ્રભાવિત થઈને તે જે શાસ્ત્રોને ન માનીને જીવત વ્યતીત કરે છે, તે તપ (ઈશ્વરની પ્રાર્થના કરવાવાળા) લોકોને ઘોર યાતનાઓ આપે છે.

(दम्भ) પાખંડ, કપટ, (अहंकार) અહંકાર, (संयुक्ताः काम) પોતાની ઇચ્છાની પૂર્તિમાં વ્યસ્ત, (राग बल) ક્રોધ અને સત્તાથી (अन्विताः) પ્રભાવિત થઈને (ये) તે જે (अशास्त्र विहितम्) શાસ્ત્રોને ન માનીને જીવત વ્યતીત કરે છે, તે (तपः जनाः) તપ (ઈશ્વરની પ્રાર્થના કરવાવાળા) લોકોને (घोरम् तप्यन्ते) ઘોર યાતનાઓ આપે છે.

## ૧૭.૬

**कर्षयन्तः शरीर-स्थम् भृत-ग्रामम् अचेतसः ।**
**माम् च एव अन्तः शरीरस्थम् तान् विद्धि आसुर-निश्चयान् ।।६।।**

નિઃસંદેહ, અનેક પ્રકારના પ્રાણીઓના શરીર (નું નિર્માણ કરીને), તેમને સ્થિત રાખવાવાળા, અને શરીરના અંદર (હૃદયમાં) સ્થિત મુજ ન દેખાઈ રહેલા (ઈશ્વરને આ લોકો હૃદયથી) કાઢી નાખવા માગે છે. આલોકોને નિશ્ચિતપણે અસૂર સમજો.

**(જે પ્રશ્ન અર્જુનને શ્લોક નં. ૧૭.૧ માં કર્યો હતો, તેનો ઉત્તર આ શ્લોકમાં છે.)**

(एवं) નિઃસંદેહ, (भृत-ग्रामम्) અનેક પ્રકારના પ્રાણીઓના (शरीर) શરીર (નું નિર્માણ કરીને), (स्थम्) તેમને સ્થિત રાખવાવાળા, (च) અને (शरीर) શરીરના (अन्त) અંદર (હૃદયમાં) (स्थम्) સ્થિત (माम) મુજ (अचेतस) ન દેખાઈ રહેલા (ઈશ્વરને આ લોકો હૃદયથી) (कर्षयन्तः) કાઢી નાખવા માગે છે. (तम) આ લોકોને (निश्चयान) નિશ્ચિતપણે (आसूर) અસૂર (विद्धि) સમજો.

**નોંધ ૧૭.૬ :** જે લોકો ઈશ્વરને નથી માનતા અને કેવળ કલ્પના અનુસાર ધર્મનું અનુસરણ કરે છે, તેઓ જે ઓ ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાવાળાઓ પર અત્યાચાર કરે છે તેમનું વર્ણન નીચેના શ્લોમાં છે :
''તેઓ (ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાવાળા) લોકો નાહક (અનુચિતરૂપે અને અકારણ) પોતાના ઘરોમાંથી કાઢી મૂકવામાં આવ્યા, માત્ર એટલા માટે કે તેઓ કહે છે કે અમારો પાલનહાર એક ઈશ્વર છે, અને જો ઈશ્વર લોકોને એક-બીજાથી હટાવતો ન રહેતો, તો (સંતો, સંન્યાસીઓ વગેરેના) આશ્રમ (અને ખ્રિસ્તીઓના) ગિરજાઘરો અને યહૂદીઓના) ઉપાસનાગૃહો અને મસ્જિદો, જેમાં ઈશ્વરનું પુષ્કળ નામ લેવામાં આવે છે, બધાને ધ્વસ્ત કરી નાખવામાં આવતા. નિશ્ચિતપણે, ઈશ્વર તેની સહાયતા કરશે, જે ઈશ્વર ની સહાયતા કરશે. (નિઃસહાયને) સહાયતા આપવા અને સમાજમાં સુખ-શાંતિ બાહલ રાખવામાં નિઃસંદેહ ઈશ્વર શક્તિશાળી અને પ્રભુત્વશાળી છે.'' (પવિત્ર કુર્આન, સૂરઃ અલ-હજ, ૨૨, આયત ૪૦)

**પોતાના પ્રિય ભોજનથી પોતાના ગુણોને ઓળખો**

## ૧૭.૭

**आहारः तु अपि सर्वस्य त्रि-विधः भवति प्रियः ।**
**यज्ञः तपः तथा दानम् तेषाम् भेदम् इमम् शृणु ।।७।।**

નિઃસંદેહ, તમામ મનુષ્યોનો પ્રિય આહાર, યજ્ઞ, તપ અને દાન પણ ત્રણ પ્રકારના હોય છે. એ બધાના આ ભેદ (અંતરને) (મારાથી) સાંભળો.

(तु) નિઃસંદેહ, (सर्वस्य) તમામ મનુષ્યોનો (प्रियः) પ્રિય (आहार) આહાર, (यज्ञ) યજ્ઞ, (तपः) તપ (तथा) અને (दानम्) દાન (अपि) પણ (त्रि) ત્રણ (विधः) પ્રકારના (भवति) હોય છે. (तेषान) એ બધાના (इमम) આ (भेदम्) ભેદ (અંતરને) (शृणु) (મારાથી) સાંભળો.

## ૧૭.૮

**आयुः सत्व बल आरोग्य सुख प्रीति विवर्धनाः ।**
**रस्याः स्निग्धाः स्थिराः हृद्याः आहाराः सात्विक प्रियाः ।।८।।**

સાત્વિક ગુણવાળા મનુષ્યોના પ્રિય આહાર (ભોજનની વસ્તુઓ) રસ-યુક્ત, ચીકણા (ઘી-યુક્ત) ટિવાડ (વધારે સમય સુધી શક્તિ આપનાર) હોય છે, (જે) આયુષ્ય, સત્ત્વ ગુણ, શક્તિ, સારા સ્વાસ્થ્યને વધારનાર અને હૃદયને આનંદ અને શાંતિ (આપવાવાળા હોય છે).

(सात्विक) સાત્વિક ગુણવાળા મનુષ્યોના (प्रिया) પ્રિય (आहाराः) આહાર (ભોજનની વસ્તુઓ) (रस्या) રસ-યુક્ત, (स्निग्ध) ચીકણા (ઘી-યુક્ત) (स्थिराः) ટિવાડ (વધારે સમય સુધી શક્તિ આપનાર) હોય છે, (आयुः) (જે) આયુષ્ય, (सत्व) સત્ત્વ ગુણ, (बल) શક્તિ, (आरोग्य) સારા સ્વાસ્થ્યને (विवर्धनाः) વધારનાર (हृद्याः) અને હૃદયને (सुख) આનંદ અને (प्रीति) શાંતિ (આપવાવાળા હોય છે).

## ૧૭.૯

**कटु अम्ल लवण अति-उष्ण तीक्ष्ण रुक्ष विदाहिनः ।**
**आहाराः राजसस्य इष्टाः दुःख शोक आमय प्रदाः।।९।।**

રજો ગુણ (વાળાઓનું) પ્રિય ભોજન ખૂબ જ કડવું, ખૂબ જ ખાટું, વધારે નમકીન, ખૂબ જ ગરમ, વધારે તીખું, વધારે શુષ્ક અને બળતરા કરવાવાળું હોય છે, (જે) દુઃખ, શોક, રોગોને ઉત્પન્ન કરે છે.

(राजसस्य) રજો ગુણ (વાળાઓનું) (इष्टाः) પ્રિય (आहारा) ભોજન (कटु) ખૂબ જ કડવું, (अम्ल) ખૂબ જ ખાટું, (लवण) વધારે નમકીન, (उष्ण) ખૂબ જ ગરમ, (तीक्ष्ण) વધારે તીખું, (रुक्ष) વધારે શુષ્ક (विदाहिन) અને બળતરા કરવાવાળું હોય છે, (दुःख) (જે) દુઃખ, (शोक) શોક, (आमय) રોગોને (प्रदाः) ઉત્પન્ન કરે છે.

## ૧૭.૧૦

**यात-यामम् गत-रसम् पूति पर्युषितम् च यत् ।**
**उच्छिष्टम् अपि च अमेध्यम् भोजनम् तामस् प्रियम् ।।१०।।**

તમો ગુણ (વાળાઓનું) પ્રિય ભોજન સડેલું, રસહીન, દુર્ગંધવાળું, વાસી અને ભ્રષ્ટ કરેલ હોય છે, તથા અપવિત્ર પણ હોય છે.

(तामस्) તમો ગુણ (વાળાઓનું) (प्रियम्) પ્રિય (भोजनम्) ભોજન (यात्-यामम्) સડેલું, (गत-रसम्) રસહીન, (पूति) દુર્ગંધવાળું, (पर्युषितम्) વાસી (च) અને (यत) (उच्छिष्टम्) ભ્રષ્ટ કરેલ હોય છે, (च) તથા (अमेध्यम्) અપવિત્ર (अपि) પણ હોય છે.

**ગુણો અનુસાર પુણ્ય કરવાની પદ્ધતિમાં અંતર**

## ૧૭.૧૧

**अपल-आकाङ्क्षिभिः यक्षः विधि-दिष्टः यः इज्यते ।**
**यष्टव्यम् एव इति मनः समाधाय सः सात्विकः ।।११।।**

જે યજ્ઞ ફળની અપેક્ષા કર્યા વગર ધાર્મિક નિયમો અનુસાર પોતાનું કર્તવ્ય સમજીને (અને) મનને એકાગ્ર કરીને કરવામાં આવે છે, એ જ રીતે (જે પણ પુણ્યના કાર્યો કરવામાં આવે છે) નિઃસંદેહ તે સાત્વિક ગુણથી પ્રેરિત થઈને કરવામાં આવે છે.

(यः) જે (यज्ञः) યજ્ઞ (अपल-आकाङ्क्षिभिः) ફળની અપેક્ષા કર્યા વગર (विधि-दिष्ट) ધાર્મિક નિયમો અનુસાર (यष्टव्यम्) પોતાનું કર્તવ્ય સમજીને (અને) (मनः समाधाय) મનને એકાગ્ર કરીને (इज्यते) કરવામાં આવે છે, (इति) એ જ રીતે (જે પણ પુણ્યના કાર્યો કરવામાં આવે છે) (एव) નિઃસંદેહ (सः) તે (सात्विकः) સાત્વિક ગુણથી પ્રેરિત થઈને કરવામાં આવે છે.

## ૧૭.૧૨

**अभिसन्धाय तु फलम् दम्भ अर्थम् अपि च एव यत् ।**
**इज्यते भरत-श्रेष्ठ तम् यज्ञम् विद्धि राजसम् ।।१२।।**

પરંતુ હે અર્જુન ! જે (પુણ્યકર્મ) કરવામાં આવે છે, ફળની અપેક્ષા રાખીને, દેખાડા માટે, સાંસારિક લાભ માટે, તમે (એ) યજ્ઞને નિઃસંદેહ રજો ગુણ (થી પ્રેરિત) સમજો.

(तु) પરંતુ (भरत-श्रेष्ठ) હે અર્જુન ! (यत) જે (इज्यते) (પુણ્યકર્મ) કરવામાં આવે છે, (फलम्) ફળની (अभिसन्धाय) અપેક્ષા રાખીને, (दम्भ) દેખાડા માટે, (अर्थम्) સાંસારિક લાભ માટે, (तम) તમે (એ) (यज्ञम्) યજ્ઞને (एव) નિઃસંદેહ (राजसम्) રજો ગુણ (થી પ્રેરિત) સમજો.

## ૧૭.૧૩

**विधि-हीनम् असृष्ट-अन्नम् मन्त्र-हीनम् अदक्षिणम् ।**
**श्रद्धा विरहितम् यज्ञम् तामसम् परचक्षते ।।१३।।**

એ યજ્ઞ જે ધાર્મિક નિયમોને ન માનીને, અન્ન દાન વગર, મંત્રોને બોલ્યા વગર, દક્ષિણા આપ્યા વગર (કરવામાં આવે છે), એ કર્મ તમો ગુણથી પ્રેરિત છે, એવું માનવામાં આવે છે.

(यज्ञम्) એ યજ્ઞ (विधि-हीनम्) જે ધાર્મિક નિયમોને ન માનીને, (असृष्ट-अन्नम्) અન્ન દાન વગર, (मन्त्र हीनम्) મંત્રોને બોલ્યા વગર, (अदक्षिणम्) દક્ષિણા આપ્યા વગર (કરવામાં આવે છે), (तामसम्) એ કર્મ તમો ગુણથી પ્રેરિત છે, (परिचक्षते) એવું માનવામાં આવે છે.

**શરીરના તપનું વર્ણન**

## ૧૭.૧૪

**देव द्विज गुरु प्राज्ञ पूजनम् शौचम् आर्जवम् ।**
**ब्रह्मचर्यम् अहिंसा च शारीरम् तपः उच्यते ।।१४।।**

ઈશ્વર કહી રહ્યો છે કે, ઈશ્વર (નો), ગુરુ (નો)પ જ્ઞાનીઓનો આદર કરવો, સ્વચ્છ રહેવું, સરળતાની સાથે ઈશ્વરના આદેશ અનુસાર જીવન વ્યતીત કરવું, હિંસાથી દૂર રહેવું (એ) શરીરનું તપ છે.

(उच्यते) ઈશ્વર કહી રહ્યો છે કે, (देव) ઈશ્વર (નો), (गुरु) ગુરુ (નો), (प्राज्ञ) જ્ઞાનીઓનો (पूजनम्) આદર કરવો, (शौचम्) સ્વચ્છ રહેવું, (आर्जवम्) સરળતાની સાથે (ब्रहाचर्यम्) ઈશ્વરના આદેશ અનુસાર જીવન વ્યતીત કરવું, (अहिंसा) હિંસાથી દૂર રહેવું (शारीरम्) (એ) શરીરનું (तपः) તપ છે.

### વાતચીતના તપનું વર્ણન

## ૧૭.૧૫

**अनुद्वेग-करम् वाक्यम् सत्यम् प्रिय हितम् च यत् ।**
**स्वाध्याय अभ्यसनम् च एव वाक्-मयम् तपःउच्यते ।।१५।।**

એ વાક્યો (શબ્દો) જે કોઈને સંકટ, પીડા, આપત્તિમાં ન નાખવાવાળા હોય; સાચા, પ્રિય, અને લોકોના હિતમાં હોય, અને જે (શબ્દો) વેદોમાં (વિચાર કરીને) અને તેને વાંચીને (બોલવામાં આવે છે), નિસંદેહ (એવા શબ્દોમાં બોલવું) વાણી સંબંધે તપ કહેવામાં આવે છે.

(वाक्यम्) એ વાક્યો (શબ્દો) (अनुद्वेग-करम्) જે કોઈને સંકટ, પીડા, આપત્તિમાં ન નાખવાવાળા હોય; (सत्यम्) સાચા, (प्रिय) પ્રિય, અને (हितम्) લોકોના હિતમાં હોય, (च) અને (यत) જે (શબ્દો) (स्वाध्याय) વેદોમાં (વિચાર કરીને) (अभ्यसनम्) અને તેને વાંચીને (બોલવામાં આવે છે), (एव) નિસંદેહ (એવા શબ્દોમાં બોલવું) (वाक्-मयम्) વાણી સંબંધે (तप) તપ (उच्यते) કહેવામાં આવે છે.

### વિચારના તપનું વર્ણન

## ૧૭.૧૬

**मनःप्रसाद सोम्यत्वम् मौनम् आत्म विनिग्रह ।**
**भाव संशुद्धिः इति एतत् तपः मानसम् उच्यते ।।१६।।**

મનનું શાંત હોવું, દયાળુ હોવું, છૂપું રહેવું, પોતાને વશમાં રાખવું, જીવનના ઉદ્દેશ્યને શુદ્ધ (પવિત્ર) રાખવો, એ જ રીતે આ આખા મન સંબંધે તપ કહેવામાં આવે છે.

(मनःप्रसाद) મનનું શાંત હોવું, (सौम्यत्वम्) દયાળુ હોવું, (मौनम्) છૂપું રહેવું, (आत्म-विनिग्रहः) પોતાને વશમાં રાખવું, (भाव संशुद्धि) જીવનના ઉદ્દેશ્યને શુદ્ધ (પવિત્ર) રાખવો, (इति) એ જ રીતે (एतत) આ આખા (मानसम्) મન સંબંધે (तपः) તપ (उच्यते) કહેવામાં આવે છે.

### ગુણો અનુસાર તપ કરવાની પદ્ધતિમાં અંતર

## ૧૭.૧૭

**श्रद्धया परया तप्तम् तपः ततः त्रि-विधम् नरैः ।**
**अपल-आकाङ्क्षिभिः युक्तैःसात्विकम् परिचक्षते ।।१७।।**

ઈશ્વર કહી રહ્યો છે કે એક ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાવાળા મનુષ્યો ત્રણ પ્રકારથી તપ કરે છે. તેઓ નિઃસ્વાર્થ કર્મ કરે છે. (ઈશ્વર સિવાય) કોઈનાથી

(परिचक्षते) ઈશ્વર કહી રહ્યો છે કે (परया) એક ઈશ્વરમાં (श्रद्धा) શ્રદ્ધા રાખવાવાળા (नरैः) મનુષ્યો (त्रि) ત્રણ (विधम्) પ્રકારથી (तपः) તપ કરે છે. (अफल) તેઓ નિઃસ્વાર્થ કર્મ કરે છે. (ઈશ્વર સિવાય) કોઈનાથી

---

**નોંધ ૧૭.૧૫ :** ઈશ્વરે માનવ-જાતિને પવિત્ર કુર્આનમાં વાતચીત બાબતે આ ઉપદેશ આપ્યો છે – ''(હે મુહમ્મદ !) મારા બંદાઓથી કહી દો કે એ વાત કહે જે ઉત્તમ હોય. શૈતાન તો તેમના વચ્ચે ફસાદ (બગાડ) નાખે છે (ઝઘડો અને લડાઈ કરાવે છે). નિઃસંદેહ, શૈતાન મનુષ્યનો ખુલ્લો દુશ્મન છે.'' (સૂરઃ બની ઇસરાઈલ, ૧૭, આયત ૫૩)

---

ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું છે કે, ''ભલાઈ અને બૂરાઈ એક સમાન નથી. કડવી વાતનો એ રીતે જવાબ આપો, જે ખૂબ જ સારી હોય. આવું કરવાથી તમે જોશો કે જેનામાં અને તમારામાં દુશ્મની હતી તે તમારો ગાઢ મિત્ર છે, અને આ વાત એ જ લોકોને પ્રાપ્ત થાય છે, જેઓ સહનશીલતાવાળા છે, અને તેમને જ પ્રાપ્ત થાય છે જેઓ મોટા નસીબવાળા (ભાગ્યશાળી) છે.'' (સૂરઃ હા-મીમ સજદહ, ૪૧, આયત ૩૪-૩૫)

અપેક્ષા રાખતા નથી, સદૈવ ઈશ્વરની યાદમાં ડૂબેલા રહે છે. આ બધા સાત્વિક ગુણોથી પ્રેરિત ગુણના કારણે હોય છે.

અપેક્ષા રાખતા નથી, (युक्तैः) સદૈવ ઈશ્વરની યાદમાં ડૂબેલા રહે છે. (तत) આ બધા (सात्विकम्) સાત્વિક ગુણોથી પ્રેરિત ગુણના કારણે હોય છે.

## ૧૭.૧૮

**सत्-कार मान पूजा अर्थम् तपः दम्भेन च एव यत् ।**
**क्रियते तत् इह प्रोक्तम् राजसम् चलम् अध्रुवम् ।।१८।।**

ઈશ્વર કહી રહ્યો છે કે (જો કોઈ ઈશ્વરમાં શ્રદ્ધા રાખવા -વાળો પ્રશંસા મેળવવા, માન-સન્માન મેળવવા, દેખાડા માટે, સાંસારિક લાભ માટે જે પણ તપ કરે છે,તેને રજો ગુણથી પ્રેરિત સમજો. નિઃસંદેહ આ સંસારમાં આ અશાંતિ પેદા કરે છે, (અને આ કર્મ) અસ્થાયી છે (આનું પુણ્ય નહીં મળે).

(प्रोक्तम्) ઈશ્વર કહી રહ્યો છે કે (જો કોઈ ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાવાળો (सत्कार) પ્રશંસા મેળવવા, (पूजा) માન-સન્માન મેળવવા, (दम्भेन) દેખાડા માટે, (अर्थम्) સાંસારિક લાભ માટે (यत) જે પણ (तपः) તપ (क्रियते) કરે છે, (तव) તેને (राजसम्) રજો ગુણથી પ્રેરિત સમજો. (एव) નિઃસંદેહ (इह) આ સંસારમાં આ (चलम्) અશાંતિ પેદા કરે છે, (अध्रुवम्) (અને આ કર્મ) અસ્થાયી છે (આનું પુણ્ય નહીં મળે).

## ૧૭.૧૯

**मूढ ग्राहेण आत्मनः यत् पीडया क्रियते तपः ।**
**परस्य उत्सादन-अर्थम् वा तत् तामसम् उदाहृतम् ।।१९।।**

જે તપ મૂર્ખતાથી, પોતાને પીડા આપીને, અથવા બીજાઓને કષ્ટ આપવા માટે કરવામાં આવે છે, તે (તપ) તમો ગુણથી પ્રેરિત કહેવામાં આવેલ છે.

(यत) જે (तपः) તપ (मूढ ग्राहेण) મૂર્ખતાથી, (आत्मना) પોતાને (पीडया) પીડા આપીને, (वा) અથવા (परस्थ) બીજાઓને (उत्सादन-अर्थम्) કષ્ટ આપવા માટે (क्रियते) કરવામાં આવે છે, (तत) તે (તપ) (तामसम्) તમો ગુણથી પ્રેરિત (उदाहृतम्) કહેવામાં આવેલ છે.

## ગુણો અનુસાર દાન આપવાની પદ્ધતિમાં અંતર

## ૧૭.૨૦

**दातव्यम् इति यत् दानम् दीयते अनुपकारिणे ।**
**देशे काले च पात्रे च तत् दानम् सात्त्विकम् स्मृतम् ।।२०।।**

(આગળના ત્રણ શ્લોકોમાં પોતાના દાન આપવાના સ્વભાવથી પોતાને ઓળખવાની શિક્ષા છે).

દાન જે આપવામાં આવે, તે આપવા યોગ્ય હોય (નકામી વસ્તુ ન હોય). (એવાને આપવામાં આવે) જે તેનો બદલો નથી આપી શકતો (અર્થાત્ નિઃસહાય, નિર્ધન). ઉચિત સ્થાને આપવામાં આવે. ઉચિત સમયે આપવામાં આવે, અને દાન માટે યોગ્ય વ્યક્તિને આપવામાં આવે. આ રીતે જે (દાન આપવામાં આવે છે) તે દાન સાત્વિક ગુણથી પ્રેરિત કહેવામાં આવે છે.

(दानम्) દાન (दीयते) જે આપવામાં આવે, (दातव्यम्) તે આપવા યોગ્ય હોય (નકામી વસ્તુ ન હોય). (अनुपकारिणे) (એવાને આપવામાં આવે) જે તેનો બદલો નથી આપી શકતો (અર્થાત્ નિઃસહાય, નિર્ધન). (देशे) ઉચિત સ્થાને આપવામાં આવે. (काले) ઉચિત સમયે આપવામાં આવે, (च) અને (पात्र) દાન માટે યોગ્ય વ્યક્તિને આપવામાં આવે. (इति) આ રીતે (यत) જે (દાન આપવામાં આવે છે) (तत) તે (दानम्) દાન (सात्विकम्) સાત્વિક ગુણથી પ્રેરિત (स्मृतम्) કહેવામાં આવે છે.

**નોંધ ૧૭.૨૦ :** દાન વિશે પવિત્ર કુર્આનમાં આ પ્રમાણે આદેશ છે : ''(હે મુહમ્મદ સલ્લ.!) લોકો તમને પૂછે છે કે અમે કયા પ્રકારનું ધન દાન કરીએ? કહી દો કે જે માલ પણ તમે ખર્ચ કરો તે માતા-પિતા, અનાથો અને મુસાફરો (યાત્રીઓ) માટે છે, અને જે ભલાઈ પણ તમે કરશો, ઈશ્વર તેને બરાબર જાણી લેશે.'' (સૂરઃ અલ-બકરહ, ૨, આયત ૨૧૫)

## ૧૭.૨૧

**यत् तु प्रति-उपकार-अर्थम् फलम् उद्दिश्य वा पुनः ।**
**दीयते च परिक्लिष्टम् तत् दानम् राजसम् स्मृतम् ।।२१।।**

જે (દાન) પાછું મળવાની આશા રાખીને, ઉપકાર બતાવીને, અને પોતાના લાભ માટે, લોકો પાસેથી તેનું ફળ (ફાયદો) પામવાના ઉદ્દેશ્યથી (લક્ષ્યથી), અથવા પસ્તાવો કરીને આપવામાં આવે તે દાન રજો ગુણથી પ્રેરિત સમજો.

(यत्) જે (દાન) (प्रति) પાછું મળવાની આશા રાખીને, (उपकार) ઉપકાર બતાવીને, (च) અને (अर्थम्) પોતાના લાભ માટે, (पुनः-फलम्) લોકો પાસેથી તેનું ફળ (ફાયદો) પામવાના (उद्दिश्य) ઉદ્દેશ્યથી (લક્ષ્યથી), (वा) અથવા (परिक्लिष्टम्) પસ્તાવો કરીને (दीयते) આપવામાં આવે (तत) તે (दानम्) દાન (राजसम्) રજો ગુણથી પ્રેરિત (स्मृतम्) સમજો.

## ૧૭.૨૨

**अदेश काले यत् दानम् अपात्रेभ्यः च दीयते ।**
**असत्-कृतम् अवज्ञातम् तत् तामसम् उदाहृतम् ।।२२।।**

જે (દાન) ખોટા સ્થાન પર, ખોટા સમય પર, એવા વ્યક્તિને જે દાન લેવા યોગ્ય નથી (એવાને દાન આપવામાં આવે), અથવા ખોટા કામ માટે, અને (નિર્ધનને) અપમાનિત કરીને જે દાન આપવામાં આવે, તે (દાન) તમો ગુણથી પ્રેરિત સમજો.

(अदेश) જે (દાન) ખોટા સ્થાન પર, (काले) ખોટા સમય પર, (अपात्रेभ्यः) એવા વ્યક્તિને જે દાન લેવા યોગ્ય નથી (એવાને દાન આપવામાં આવે), અથવા (असत-कृतम) ખોટા કામ માટે, (च) અને (अवज्ञातम्) (નિર્ધનને) અપમાનિત કરીને (यत) જે (दानम) દાન (दीयते) આપવામાં આવે, (तत्) તે (દાન) (तामसम्) તમો ગુણથી પ્રેરિત સમજો.

---

**નોંધ ૧૭.૨૧ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું છે કે, ''હે લોકો જેઓ ઈમાન લાવ્યા છો! જે માલ તમે કમાવ્યા છે અને જે કંઈ અમે ધરતીમાંથી તમને તમારા માટે કાઢેલ છે, તેમાંથી સારો ભાગ ઈશ્વરના માર્ગમાં ખર્ચ કરો, અને ખરાબ વસ્તુ આપવાનો પ્રયાસ ન કરો કે (એ વસ્તુઓ જો તમને આપવામાં આવે તો) (લેતી વખતે) આંખ બંધ કર્યા વગર તેને કદી ન લો, અને જાણી રાખો કે ઈશ્વર નિઃસ્પૃહ અને પ્રશંસનીય છે.'' (સૂરઃ બકરહ, ૨, આયત ૨૬૭)

---

**નોંધ ૧૭.૨૨ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે 'ઝકાત' (અનિવાર્ય દાન) નીચે દર્શાવેલ આઠ ઉદ્દેશ્ય માટે ખર્ચ કરવાનો આદેશ આ પ્રમાણે આપવામાં આવ્યો છે :

''ઝકાત (દાન) તો વાસ્તવમાં ગરીબો, મોહતાજો (જરૂરતમંદો) માટે છે, અને એ કર્મચારીઓ (ના વેતન) માટે જેઓ આ (દાનને જમા કરવા અને ખર્ચ કરવા માટે) નિયુક્ત હોય, અને તેમના માટે જેમના હૃદયમાં ઈશ્વરની શ્રદ્ધા ઉત્પન્ન કરવાની હોય, અને ગુલામો (દાસ-દાસીઓ)ને ગુલામીથી મુક્ત કરાવવા માટે, અને જે કરજમાં ફસાઈ ગયો હોય તેનું કરજ અદા કરવા માટે, અને ઈશ્વરના માર્ગમાં (સત્કર્મો માટે) અને યાત્રીઓની સહાયતા માટે છે. આ ઈશ્વરનો આદેશ છે, અને ઈશ્વર જાણવાવાળો અને તત્ત્વદર્શી છે.'' (સૂરઃ અત્-તૌબા, ૯, આયત ૬૦)

## ઈશ્વરના ત્રણ નામ - ૐ, તત અને સતનું વર્ણન

### ૧૭.૨૩

**ॐ तत् सत् इति निर्देशः ब्रह्मणः त्रि-विध स्मृतः ।**
**ब्राह्मणाः तेन वेदाः च यज्ञाः च विहिताः पुरा ।।२३।।**

(સામાજિક જીવનના) આરંભમાં બ્રાહ્મણોને (ઈશ્વરે) નિર્દેશ આપ્યો કે (ઈશ્વરના) ત્રણ નામોથી (જે) ૐ, તત અને સત (છે), (ઈશ્વરને) યાદ કરવાનું રાખો. એ જ રીતે આ (નામોથી બ્રાહ્મણ) યજ્ઞ અને વેદોની શિક્ષાનો પ્રબંધ કરતા હતા.

(पुरा) (સામાજિક જીવનના) આરંભમાં (ब्रह्मणः) બ્રાહ્મણોને (ઈશ્વરે) (निर्देश) નિર્દેશ આપ્યો કે (ઈશ્વરના) (त्रि) ત્રણ (विधः) નામોથી (જે) (ॐ) ૐ, (तत्) તત (सत्) અને સત (છે), (स्मृत) (ઈશ્વરને) યાદ કરવાનું રાખો. (इति) એ જ રીતે (तेन) આ (નામોથી બ્રાહ્મણ) (यज्ञ) યજ્ઞ (च) અને (वेदाः) વેદોની શિક્ષાનો (विहिताः) પ્રબંધ કરતા હતા.

### ૧૭.૨૪

**तसमात् ॐ इति उदाहृत्य यज्ञ दान तपः क्रियाः ।**
**प्रवर्तन्ते विधान-उक्ताः सततम् ब्रह्म-वादिनाम् ।।२४।।**

તેથી (ઈશ્વરના) કહેલા આદેશ અનુસાર એક ઈશ્વરની પ્રાર્થના કરવાવાળાઓ, આ રીતે યજ્ઞ, દાન, તપ ક્રિયાના આરંભમાં હંમેશા ૐ કહે છે.

(तस्मात्) તેથી (उक्ता) (ઈશ્વરના) કહેલા (विधान) આદેશ અનુસાર (ब्रह्म) એક ઈશ્વરની પ્રાર્થના કરવાવાળાઓ (इति) આ રીતે (यज्ञ) યજ્ઞ, (दान) દાન, (तपः क्रियाः) તપ ક્રિયાના (प्रवर्तन्ते) આરંભમાં (सततम्) હંમેશા (ॐ) ૐ (उदाहृत्य) કહે છે.

### ૧૭.૨૫

**तत् इति अनभिसन्धाय फलम् यज्ञ तपः क्रियाः ।**
**दान क्रिया च विविधाः क्रियन्ते मोक्ष-काङ्क्षिभिः ।।२५।।**

મોક્ષ ચાહવાવાળા જુદા-જુદા પ્રકારના સત્કર્મ કરતા હતા, (જેમ કે) ફળની અપેક્ષા કર્યા વગર કર્મ કરવા, યજ્ઞ, તપ ક્રિયા અને દાન ક્રિયા. આ રીતે (સારા કર્મથી તેઓ ઈશ્વરના નામ) તતને યાદ કરતા હતા.

(मोक्ष) મોક્ષ (काङ्क्षिभिः) ચાહવાવાળા (विविधाः) જુદા-જુદા પ્રકારના સત્કર્મ (क्रियन्ते) કરતા હતા, (જેમ કે) (अनभिसन्धाय) ફળની અપેક્ષા કર્યા વગર કર્મ કરવા, (यज्ञ) યજ્ઞ, (तपः क्रियाः) તપ ક્રિયા અને (दान क्रियाः) દાન ક્રિયા. (इति) આ રીતે (સારા કર્મથી તેઓ ઈશ્વરના નામ) (तत्) તતને યાદ કરતા હતા.

### ૧૭.૨૬

**सत्-भावे साधु-भावे च सत् इति एतत् प्रयुज्यते ।**
**प्रशस्ते कर्मणि तथा सत्-शब्द पार्थ युज्यते ।।२६।।**

હે પાર્થ (અર્જુન) ! સત શબ્દ કહેવામાં આવે છે ઈશ્વરના અવિનાશી ગુણ સતને યાદ કરવાના ઉદ્દેશ્યથી, અને (ઈશ્વરના) શ્રેષ્ઠ, શુભ, ઉપકારવાળા ગુણો માટે પણ, અને એ જ રીતે આ (શબ્દ) ઉપયોગ થાય છે એ કર્મો માટે જે ઈશ્વરને પ્રસન્ન કરવા માટે કરવામાં આવે છે.

(पार्थ) હે પાર્થ (અર્જુન) ! (सत्-शब्द) સત શબ્દ (युज्यते) કહેવામાં આવે છે (सत-भावे) ઈશ્વરના અવિનાશી ગુણ સતને યાદ કરવાના ઉદ્દેશ્યથી, (च) અને (साधु-भावे) (ઈશ્વરના) શ્રેષ્ઠ, શુભ, ઉપકારવાળા ગુણો માટે પણ, (तथा) અને (इति) એ જ રીતે (एतत) આ (શબ્દ) (प्रयुज्यते) ઉપયોગ થાય છે (कर्मणि) એ કર્મો માટે (प्रशस्ते) જે ઈશ્વરને પ્રસન્ન કરવા માટે કરવામાં આવે છે.

## ૧૭.૨૭

**यज्ञे तपसि दाने च स्थितिः सत् इति च उच्यते ।**
**कर्म च एव तत् अर्थीयम् सत् एव अभिधीयते ।।२७।।**

યજ્ઞ, તપસ્યા, દાન અને ઈશ્વરની પ્રાર્થનામાં સ્થિત થઈ જવું, અને આ બધું પણ સત કહેવાય છે, અને નિઃસંદેહ એ કર્મ જે આ (શુભ) ઉદ્દેશ્ય માટે કરવામાં આવે, નિઃસંદેહ તે પણ સત-ભાવને પ્રગટ કરે છે.

(यज्ञे) યજ્ઞ, (तपसि) તપસ્યા, (दान) દાન (च) અને (स्थितिः) ઈશ્વરની પ્રાર્થનામાં સ્થિત થઈ જવું, (इति च) અને આ બધું પણ (सत) સત (उच्यते) કહેવાય છે, (च) અને (एव) નિઃસંદેહ (कर्म) એ કર્મ (अर्थीयम्) જે આ (શુભ) ઉદ્દેશ્ય માટે કરવામાં આવે, (इति एवं) નિઃસંદેહ તે પણ (सत) સત (अभिधीयते) ભાવને પ્રગટ કરે છે.

### ઈશ્વરમાં શ્રદ્ધાનું મહત્ત્વ

## ૧૭.૨૮

**अश्रद्धया हुतम् दत्तम् तपः तप्तम् कृतम् च यत् ।**
**असत् इति उच्यते पार्थ न च तत् प्रेत्य न उ इह ।।२८।।**

હે પાર્થ (અર્જુન) ! ઈશ્વરમાં શ્રદ્ધા વગર જે દુઆઓ (પ્રાર્થનાઓ) માંગવામાં આવે છે, દાન કરવામાં આવે છે અને જે પણ કર્મ કરવામાં આવે છે, (તે સૌ) વ્યર્થ છે. એવું કહેવામાં આવે છે કે એ (સત્કર્મોનું) ન તો આ સંસારમાં, અને ન મૃત્યુ પછી (કોઈ ફળ મળશે).

(पार्थ) હે પાર્થ (અર્જુન) ! (अश्रद्धया) ઈશ્વરમાં શ્રદ્ધા વગર (हुतम्) જે દુઆઓ (પ્રાર્થનાઓ) માંગવામાં આવે છે, (दत्तम) દાન કરવામાં આવે છે (च यत्) અને જે પણ (कृतम्) કર્મ (तप्तम्) કરવામાં આવે છે, (તે સૌ) (असत) વ્યર્થ છે. (इति उच्यते) એવું કહેવામાં આવે છે કે (तत्) એ (સત્કર્મોનું) (न) ન તો (इह) આ સંસારમાં, (न च) અને ન (प्रेत्य) મૃત્યુ પછી (કોઈ ફળ મળશે).

(અધ્યાય–૧૮)

# મોક્ષ સંન્યાસ યોગ

## પરિચય

● આ અધ્યાયમાં અર્જુન માટે અને સમગ્ર માવ-જાતિ માટે નિર્ણય કરઈ રીતે લેવામાં આવે તેનું જ્ઞાન છે.

સૌપ્રથમ સંન્યાસ અને ત્યાગ વચ્ચેના ભેદને સમજાવેલ છે, અને ઈશ્વરે ત્યાગને સંન્યાસથી શ્રેષ્ઠ બતાવેલ છે, જયારે કે સમાજમાં સંન્યાસને શ્રેષ્ઠ સમજવામાં આવે છે.

સંન્યાસ અને ત્યાગના અંતરને એક સામાન્ય ઉદાહરણથી સમજવાની કોશિશ કરીએ.જો કોઈ તમને કહે કે આ મારો બધો વેપાર લઈ લો અને સુખથી જીવન વ્યતીત કરો, અને તમે કહો કે ના, મને ન જોઈએ. હું સાધારણ જીવવા માગું છું. તો આ સંન્યાસ કહેવાય. અને જો તમે એ વેપારને લઈ લો છો. ધન કમાવો છો અને બધું ધન પુણ્યના કાર્યમાં ખર્ચ કરીને પોતે સાધારણ જીવન જીવો છો, તો આ ત્યાગ કહેવાય, અને ઈશ્વરે ત્યાગને સંન્યાસથી વધારે શ્રેષ્ઠ કહેલ છે.

● આમાં અર્જુન માટે શીખ કે શિક્ષા એ છે કે તેમનું એ વિચારવું કે મારા માટે આ યુદ્ધ લડવાથી વધારે સારું છે કે ભિક્ષા માંગીને પોતાનું પેટ ભરું - ખોટું છે. (ભગવદગીતા, ૨.૫) અર્જુને યુદ્ધ કરીને વિજયી થવાનું છે. રાજ મળ્યા પછી જો તે સાધારણ જીવન વીતાવે છે, તો આ વધારે શ્રેષ્ઠ છે. આ તેમનો ત્યાગ થયો, જે સંન્યાસથી શ્રેષ્ઠ છે.

## સારાંશ

● શ્લોક નં. ૧૮.૪ થી ૧૮.૯ સુધી ત્યાગના ત્રણ પ્રકારોનું વર્ણન છે. આનાથી માનવ-જાતિ પોતાના કર્મોને સમજે અને પુણ્ય કરે.

● અધ્યાય નં. ૨ માં આપણે વાંચ્યું કે અર્જુન આ યુદ્ધ વિશે Confused હતા કે આ ઉચિત છે કે ખોટું છે, અને તેમનું એ પણ વિચારવું હતું કે આ યુદ્ધથી તે નર્કમાં જઈ શકે છે. તો શ્લોક નં. ૧૮.૧૦, ૧૮.૧૧ અને ૧૮.૧૨ અને ૧૮.૧૭ માં ઈશ્વરે કહ્યું કે નિઃસવાર્થ કર્મ કરવાવાળો કદી નર્કમાં નથી જતો.

● અને ઈશ્વરે શ્લ્ક નં. ૧૮.૧૩ થી ૧૮.૧૬ માં પોતાના કર્મોને સાચા છે કે ખોટા છે તેને પારખવાનું માપદંડ (Standard) બતાવી દીધું. આનાથી અર્જુન અને સમગ્ર માનવ-જાતિ પોતાના કર્મોને પારખી શકે છે કે તે સાચા છે કે ખોટા છે.

● શ્લોક નં. ૧૮.૧૮ માં ઈશ્વરે કહ્યું કે માનવ-જાતિને સત્કર્મ માટે પ્રેરિત કરવા માટે પ્રણ કારણો છે :

૧. ધાર્મિક જ્ઞાન
૨. અન્ય લોકનું જીવન
૩. ઈશ્વર

અને કોઈપણ કર્મ ત્રણ અંશો (Elements) થી બનેલ છે :

૧. કર્મની ઇચ્છા
૨. કર્મને કરવાવાળો વ્યક્તિ
૩. કર્મ

● શ્લોક નં. ૧૮.૧૯માં ઈશ્વરે કહ્યું કે

જ્ઞાન, કર્મ અને કર્મને કરવાવાળો વ્યક્તિ પણ ત્રણ પ્રકારના હોય છે. મનુષ્યને તેમને ઓળખવા જોઈએ અને માત્ર સાત્વિક ગુણથી પ્રેરિક જ્ઞાન અને કર્મને અપનાવવા જોઈએ.

● શ્લોક નં. ૧૮.૨૦ થી ૧૮.૨૨ માં ત્રણ પ્રકારના જ્ઞાનનું વર્ણન છે.

● શ્લોક નં. ૧૮.૨૩ થી ૧૮.૨૫ માં ત્રણ પ્રકારના કર્મનું વર્ણન છે.

● શ્લોક નં. ૧૮.૨૬ થી ૧૮.૨૮ માં ત્રણ પ્રકારના કર્મ કરવાવાળાઓનું વર્ણન છે. મનુષ્ય કંઈક વિચારે છે અને કોઈ કામનો દૃઢ સંકલ્પ કરે છે. પરંતુ ઈશ્વર તેને એ કામના પુણ્ય આપશે કે પાપ એ કેવી રીતે નિશ્ચિત કરવામાં આવે. દયાળુ ઈશ્વરે શ્લોક નં. ૧૮.૩૦ થી ૧૯.૩૫ માં આનું માપદંડ આપ્યું, જેમાં અર્જુન અને સમગ્ર માનવ-જાતિ પોતાના વિચાર અને સંકલ્પને પારખી શકે છે કે તે માત્ર સાત્વિક ગુણથી પ્રેરિત હોય. કારણ કે રજો અને તમો ગુણથી પ્રેરિત કર્મનું ફળ માત્ર પાપ હોય છે.

● શ્લોક નં. ૧૮.૨૯ થી ૧૮.૩૨ સુધી વિચારને પારખવાનું વર્ણન છે.

● શ્લોક નં. ૧૮.૩૩ થી ૧૮.૩૫ સુધી પોતાના સંકલ્પને પારખવાનું વર્ણન છે.

● અર્જુન સુખ-શાંતિ માટે યુદ્ધ કરવા નહોતા માંગતા, તો ઈશ્વરે શ્લોક નં. ૧૮.૩૬ થી શ્લોક નં. ૧૮.૩૯ માં બતાવ્યું કે સ્થાયી સુખ-શાંતિ કેવી રીતે મળશે.

● ઈશ્વરે અર્જુનને શાસ્ત્રીય ગુણોની સાથે બનાવેલ હતો, પરંતુ અર્જુન પંડિતોની જેમ શાંતિવાળું કામ કરવા માગતા હતા. તો ઈશ્વરે શ્લોક નં. ૧૮.૪૧ થી ૧૮.૪૮ સુધી વિગતવાર સમજાવ્યું કે ઈશ્વરે માનવ-જાતિને ચાર ગુણોની સાથે પેદા કરેલ છે, જેમાં જે ગુણ છે તે તેને ઓળખે અને તેના જ અનુસાર પોતાના કર્મો કરે. આમાં જ સફળતા છે.

● જે રીતે શાળાના પુસ્તકોમાં પ્રકરણના અંતે એ પ્રકરણનો સાર હોય છે, એ જ રીતે શ્લોક નં. ૧૮.૫૧ થી ૧૮.૫૪ સુધી આ દિવ્ય ગ્રંથનો સાર છે.

● શ્લોક નં. ૧૮.૫૫ માં ઈશ્વરે કહ્યું કે ઈશ્વરની પ્રાર્થનાથી વ્યક્તિ ઈશ્વર સુધી Direct પહોંચી શકે છે. ઈશ્વર સુધી પહોંચવા માટે મનુષ્યને કોઈ અન્યની જરૂર નથી.

● હવે દિવ્ય ગ્રંથનું સમાપન થઈ રહ્યું છે તેથી ઈશ્વર અર્જુનને સૌથી મહત્ત્વપૂર્ણ તથ્ય બતાવી રહ્યો છે, જેને જીવનમાં ક્યારેય પણ ભુલવું ન જોઈએ, જે નીચે મુજબ છે :

૧) (શ્લોક નં. ૧૮.૫૬) સફળતા માત્ર ઈશ્વરની () કૃપાદૃષ્ટિથી જ મળે છે.

૨) (શ્લોક નં.૧૮.૫૭) બધું જ ઈશ્વર માટે કરવું જોઈએ.

૩) (શ્લોક નં. ૧૮.૫૮) મુશ્કેલીઓમાંથી માત્ર ઈશ્વરની કૃપાથી નીકળી શકાય છે.

૪) (શ્લોક નં. ૧૮.૬૦) મનુષ્ય એ જ કરશે જે તેના ભાગ્યમાં હશે.

૫) (શ્લોક નં. ૧૮.૬૧) મનુષ્ય આ સંસારમાં પરીક્ષા આપી રહ્યો છે. આ જીવન અસ્થાયી છે. તેથી સ્થાયી જીવન જે મૃત્યુ પછી હશે તેને હંમેશા યાદ રાખવું જોઈએ.

૬) (શ્લોક નં. ૧૮.૬૨) પોતાને ઈશ્વરના

શરણમાં આપી દેશો તો સ્વર્ગ મળશે.
૭) (શ્લોક નં.૧૮.૬૬) ચિંતા ન કરતાં બધા ધર્મોને છોડીને એક ઈશ્વરના શરણમાં આવી જાઓ, તે તમારા બધા પાપો ક્ષમા કરી દેશે.

● આ શ્લોકની સાથે ઈશ્વરના દિવ્ય આદેશોનું સમાપન થાય છે. તેના પછી ઈશ્વરે આ જ્ઞાનના પ્રચારના નિયમો અને મહત્ત્વનું વર્ણન શ્લોક નં. ૧૮.૬૭ થી ૧૮.૭૧ માં કર્યું છે.

● શ્લોક નં. ૧૮.૭૪ થી ૧૮.૭૮ સુધી સંજય, જેમણે બધું જ પોતાની આંખોથી જોયું અને કાનોથી સાંભળ્યું હતું, પોતાના વિચારો વ્યક્ત કરે છે.

## અધ્યાય

### ૧૮.૧

**अर्जुन उवाच, संन्यासस्य महाबाहो तत्त्वम् इच्छामि वेदितुम्। त्यागस्य हृषीकेश पृथक केशी-निषूदन ।।१।।**

અર્જુને કહ્યું, હે મહાબાહો (શ્રી કૃષ્ણ)! હે હૃષિકેશ (શ્રી કૃષ્ણ)! હે કેશીને પરાજિત કરવાવાળા (શ્રી કૃષ્ણ)! સંન્યાસની હકીકત (સત્ય, સચ્ચાઈ) વિશે અને ત્યાગની હકીકત (સત્ય, સચ્ચાઈ) વિશે અલગ-અલગ જાણવાની ઈચ્છા રાખું છું.

(अर्जुन उवाच) અર્જુને કહ્યું, (महाबाहो) હે મહાબાહો (શ્રી કૃષ્ણ)! (हृषीकेश) હે હૃષિકેશ (શ્રી કૃષ્ણ)! (केशी निषूदन) હે કેશીને પરાજિત કરવાવાળા (શ્રી કૃષ્ણ)! (सन्यासस्य) સંન્યાસની (तत्त्वम्) હકીકત (સત્ય, સચ્ચાઈ) વિશે (च) અને (त्यागस्थ) ત્યાગની હકીકત (સત્ય, સચ્ચાઈ) વિશે (पृथक) અલગ-અલગ (वेदितुम) જાણવાની (इच्छामि) ઈચ્છા રાખું છું.

#### સંન્યાસ અને ત્યાગમાં અંતર

### ૧૮.૨

**श्री भगवान उवाच,**
**काम्यानाम् कर्मणाम् न्यासम् संन्यासम् कवयःविदुः । सर्व कर्म फल त्यागम् प्राहुः त्यागम् विचक्षणाः ।।२।।**

ઈશ્વરે (શ્રી કૃષ્ણના માધ્યમથી) કહ્યું, મનને આનંદ આપનાર કર્મોને છોડી દેવાને જ્ઞાનીઓ સંન્યાસ સમજે છે. બધા કર્મોના ફળને ત્યાગી દેવાને બુદ્ધિશાળી લોકો ત્યાગ કહે છે.

(श्री भगवान उवाच) ઈશ્વરે (શ્રી કૃષ્ણના માધ્યમથી) કહ્યું, (काम्यानाम्) મનને આનંદ આપનાર (कर्मनाम्) કર્મોને (न्यासम्) છોડી દેવાને (कवयः) જ્ઞાનીઓ (सन्यासम्) સંન્યાસ (विदु) સમજે છે. (सर्व कर्म) બધા કર્મોના (फल) ફળને (त्यागम्) ત્યાગી દેવાને (विचक्षणाः) બુદ્ધિશાળી લોકો (त्यागम्) ત્યાગ (प्राहुः) કહે છે.

#### યજ્ઞ, દાન, તપ બદી ન છોડવા જોઈએ

### ૧૮.૩

**त्याज्यम् दोष-वत् इति एके कर्म प्राहुः मनीषिणः । यज्ञ दान तपः कर्म न त्याज्यम् इति च अपरे ।।३।।**

એ જ રીતે બીજા લોકો કહે છે કે (દરેક) કર્મને કરવું ભૂલ કરવું છે (તેથી દરેક કર્મને) છોડી દેવું જોઈએ. (પરંતુ)

(इति) એ જ રીતે (च) (अपरे) બીજા લોકો (प्राहुः) કહે છે કે (एके) (દરેક) (कर्म) કર્મને કરવું (दोष-वत्) ભૂલ કરવું છે, (त्याज्यम्) (તેથી દરેક કર્મને) છોડી દેવું જોઈએ. (मनीषिणः) (પરંતુ) જ્ઞાનીઓ (इति) આ રીતે

જ્ઞાનીઓ આ રીતે (કહે છે કે) યજ્ઞ, દાન, તપ (જેવા) કર્મ (કદી) ન છોડવા જોઈએ.

**નોંધ : યજ્ઞ સમજવા માટે નોં નં. N-૧૩ વાંચો.**

જ્ઞાનીઓ આ રીતે (કહે છે કે) (यज्ञ) યજ્ઞ, (दान) દાન, (तपः) તપ (જેવા) કર્મ (કદી) (न) ન (त्याज्यम्) છોડવા જોઈએ.

**સત્ત્વ, રજો અને તમો ગુણવાળાઓના ત્યાગની પદ્ધતિ**

## ૧૮.૪

**निश्चयम् शृणु मे तत्र त्यागे भरत-सत्-तम ।**
**त्यागः हि पुरुष-व्याघ्र त्रि-विधः सम्प्रकीर्तितः ।।४।।**

ભારતમાં સૌથી શ્રેષ્ઠ (અર્જુન) ! હવે ત્યાગ (વિશે) મારો (ઈશ્વરનો) નિર્ણય સાંભળો. હે મનુષ્યોમાં સિંહ (અર્જુન) ! નિઃસંદેહ, ત્રણ પ્રકારના ત્યાગ (મારા દ્વારા) બતાવવામાં આવ્યા છે.

(भरत-सत्-तम) ભારતમાં સૌથી શ્રેષ્ઠ (અર્જુન) ! (तत्र) હવે (त्यागे) ત્યાગ (વિશે) (मे) મારો (ઈશ્વરનો) (निश्चयम्) નિર્ણય (शृणु) સાંભળો. (पुरुष) હે મનુષ્યોમાં (व्याघ्र) સિંહ (અર્જુન) ! (हि) નિઃસંદેહ, (त्रि) ત્રણ (विधः) પ્રકારના (त्याग) ત્યાગ (सम्प्रकीर्तित) (મારા દ્વારા) બતાવવામાં આવ્યા છે.

## ૧૮.૫

**यज्ञ दान तपः कर्म न त्याज्यम् कार्यम् एव तत् ।**
**यज्ञः दानम् तपः च एव पावनानि मनीषिणाम् ।।५।।**

યજ્ઞ, તપ, દાન (જેવા) કર્મો (ને) (કદી પણ) છોડવા ન (જોઈએ), (કેમ કે) નિઃસંદેહ, આ (કર્મો) અનિવાર્ય કર્તવ્યો છે. યજ્ઞ, તપ, દાન નિઃસંદેહ વિચારશીલ વ્યક્તિઓને પવિત્ર કરવાવાળા છે.

(यज्ञ) યજ્ઞ, (तप) તપ, (दान) દાન (જેવા) કર્મો (ને) (त्याज्यम्) (કદી પણ) છોડવા (न) ન (જોઈએ), (एव) (કેમ કે) નિઃસંદેહ, (तत्) આ (કર્મો) (कार्यम्) અનિવાર્ય કર્તવ્યો છે. (यज्ञ) યજ્ઞ, (तप) તપ, (दान) દાન (एव) નિઃસંદેહ (मनीषिणाम्) વિચારશીલ વ્યક્તિઓને (पावनानि) પવિત્ર કરવાવાળા છે.

## ૧૮.૬

**एतानि अपि तु कर्माणि सङ्गम् त्यक्त्वा फलानि च ।**
**कर्तव्यानि इति मे पार्थ निश्चितम् मतम् उत्तमम् ।।६।।**

પરંતુ હે પાર્થ (અર્જુન)! (યજ્ઞ, તપ, દાન જેવા) કર્મની સાથે સંગમ (શિર્કને અને) આ (કર્મોના) ફળ (ને પણ)

(तु) પરંતુ (पार्थ) હે પાર્થ (અર્જુન)! (कर्माणि) (યજ્ઞ, તપ, દાન જેવા) કર્મની સાથે (सङ्गम्) સંગમ (શિર્કને અને) (फलानि) આ (કર્મોના) ફળ (ને પણ) (त्यक्त्वा)

**નોંધ ૧૮.૩ :** પવિત્ર કુર્આનમાં વૈરાગ્યનું વર્ણન આ પ્રમાણે છે : ''અને અમે નૂહ (વિવસ્વત મનુ) અને ઇબ્રાહીમને પયગંબર બનાવીને મોકલ્યા અને તેમની સંતાનોમાં પયગંબરી અને દિવ્ય ગ્રંથો અવતરિત કરવાનું કાર્ય ચાલુ રાખ્યું. તો તેમાંથી કેટલાક (સમુદાયો) તો સન્માર્ગ પર છે, અને મોટાભાગના ઈશ્વરની આજ્ઞાનું પાલન નથી કરતા. ત્યારબાદ તેમના પાછળ તેમના પદચિહ્નો પર અમે અમારા બીજા પયગંબરો મોકલતા રહ્યા, અને તેમના પછી મરયમના પુત્ર ઈસાને મોકલ્યા અને તેમને ઈંજીલ (બાઈબલ) પ્રદાન કરી, અને જે લોકોએ તેમનું અનુસરણ કર્યું તેમના હૃદયોમાં અમે કરુણા અને દયા મૂકી દીધી, અને સંસાર-ત્યાગ (વૈરાગ્ય)ની પ્રથા તેમણે સ્વયં કાઢી, અમે તેમને આનો આદેશ આપ્યો ન હતો. પરંતુ તેમણે પોતાની કલ્પનામાં ઈશ્વરની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે પોતે જ આવી કરી લીધું હતું. પછી જે રીતે તેને નિભાવવું જોઈતું હતું, નિભાવી ન શક્યા. તો તેમાંથી જે લોકો ઈમાન લાવ્યા તેમને અમે તેમનું કર્મ-ફળ આપ્યું, અને તેમાંથી મોટાભાગના લોકો અવજ્ઞાકારી છે.'' (સૂરઃ અલ-હદીદ, ૫૭, આયત ૨૭)

છોડી દેવા જોઈએ, (અર્થાત્ નિઃસ્વાર્થ કર્મ કરવા જોઈએ). (યજ્ઞ, તપ, દાન અને સંગમને છોડવું) અનિવાર્ય કર્તવ્ય સમજવું જોઈએ. આ રીતે મારો આદેશ છે (અને સૌથી) ઉત્તમ નિર્ણય છે.

છોડી દેવા જોઈએ, (અર્થાત્ નિઃસ્વાર્થ કર્મ કરવા જોઈએ). (कर्तव्यानि) (યજ્ઞ, તપ, દાન અને સંગમને છોડવું) અનિવાર્ય કર્તવ્ય સમજવું જોઈએ. (इति) આ રીતે (मे) મારો (मतम्) આદેશ છે (उत्तमम्) (અને સૌથી) ઉત્તમ (निश्चितम्) નિર્ણય છે.

## ૧૮.૭

**नियतस्य तु संन्यासः कर्मणः न उपपद्यते ।**
**मोहात् तस्य परित्यागः तामसः परिकीर्तितः ।।७।।**

સત્કર્મ (યજ્ઞ, દાન, તપ અને સંગમને છોડવું) (જેને ઈશ્વરે) અનિવાર્ય કરેલ છે. (તે) છોડી દેવાને યોગ્ય નથી. જો કોઈ ભ્રમના કારણે આને છોડી દે છે (તો તે) નિઃસંદેહ અજ્ઞાની (તમો ગુણવાળો) કહેવાશે.

(कर्मण) સત્કર્મ (યજ્ઞ, દાન, તપ અને સંગમને છોડવું) (नियतस्य) (જેને ઈશ્વરે) અનિવાર્ય કરેલ છે. (संन्यास) (તે) છોડી દેવાને (न उपपद्यते) યોગ્ય નથી. (मोहात्) જો કોઈ ભ્રમના કારણે (तस्य) આને (परित्याग) છોડી દે છે (તો તે) (तु) નિઃસંદેહ (तमस) અજ્ઞાની (તમો ગુણવાળો) (परिकीर्तित) કહેવાશે.

## ૧૮.૮

**दुःखम् इति एव यत् कर्म काय क्लेश भयात् त्यजेत् ।**
**सः कृत्वा राजसम् त्यागम् न एव त्याग फलम् लभेत।।८।।**

નિઃસંદેહ જે કર્મ શારીરિક અસુવિધા (કે) પીડા વગેરેના ભયથી છોડી દેવામાં આવે તે ત્યાગ રજો ગુણના કારણ (થી સમજવામાં આવશે). આ પ્રકારના ત્યાગનું ફળ પણ નથી મળતું.

(एवं) નિઃસંદેહ (यत) જે (कर्म) કર્મ (काय क्लेश) શારીરિક અસુવિધા (दुःखम्) (કે) પીડા (इति) વગેરેના (भयात्) ભયથી (त्यजेत्) છોડી દેવામાં આવે (सः) તે (त्यागम्) ત્યાગ (राजसम्) રજો ગુણ (कृत्वा) ના કારણ (થી સમજવામાં આવશે). (एव त्याग) આ પ્રકારના ત્યાગનું (फलम्) ફળ પણ (न) નથી (लभेत) મળતું.

## ૧૮.૯

**कार्यम् इति एव यत् कर्म नियतम् क्रियते अर्जुन ।**
**सङ्गम् त्यक्त्वा फलम् च एव सः त्यागः सात्तिक मतः ।।९।।**

હે અર્જુન ! જે કંઈ કર્મ કરવામાં આવે છે, એ રીતે કે તે ધાર્મિક નિયમ અનુસાર હોય, કર્તવ્ય સમજીને કરવામાં આવે, સંગમ (શિર્ક) અને ફળની આશાને છોડીને કરવામાં આવે છે. તે ત્યાગ સાત્ત્વિક ગુણથી પ્રેરિત છે, એવો મારો નિર્ણય છે.

(अर्जुन) હે અર્જુન ! (यत्) જે કંઈ (कर्म) કર્મ (क्रियते) કરવામાં આવે છે, (इति एव) એ રીતે કે તે (नियतम्) ધાર્મિક નિયમ અનુસાર હોય, (कार्यम्) કર્તવ્ય સમજીને કરવામાં આવે, (सङ्गम्) સંગમ (શિર્ક) (च) અને (फलम्) ફળની આશાને (त्यक्त्वा) છોડીને કરવામાં આવે છે. (सः) તે (त्यागः) ત્યાગ (सात्विक) સાત્ત્વિક ગુણથી પ્રેરિત છે, (मत्) એવો મારો નિર્ણય છે.

**સાચો ત્યાગી સ્વર્ગ પ્રાપ્ત કરશે.**

## ૧૮.૧૦

**न द्वेष्टि अकुशलम् कर्म कुशले न अनुषज्जते ।**
**त्यागी सत्त्व समाविष्टः मेधावी छिन्न संशयः ।।१०।।**

સત્કર્મ (ને કરતી વખતે) ન નફરત કરો કઠીન કામથી, (અને) ન ઇચ્છા કરો સરળ કામની. (જે) ત્યાગી વ્યક્તિ સત્કર્મ (કરવામાં) લાગેલો રહે છે, (તે) બુદ્ધિશાળી છે, તેમાં કોઈ સંદેહ નથી.

(कर्म) સત્કર્મ (ને કરતી વખતે) (न) ન (द्वेष्टि) નફરત કરો (अकुशलम्) કઠીન કામથી, (न) (અને) ન (अनुषज्जते) ઇચ્છા કરો (कुशले) સરળ કામની. (त्यागी) (જે) ત્યાગી વ્યક્તિ (सत्व) સત્કર્મ (કરવામાં) (समाविष्ट) લાગેલો રહે છે, (मेधावी) (તે) બુદ્ધિશાળી છે, (छिन्न संशय) તેમાં કોઈ સંદેહ નથી.

## ૧૮.૧૧

**न हि देह-भृता शक्यम् त्यक्तुम् कर्माणि अशेषतः ।**
**यः तु कर्म फल त्यागी सः त्यागी इति अभिधीयते ।।११।।**

નિઃસંદેહ, આ અસંભવ નથી મનુષ્ય (માટે કે) કર્મને સંપૂર્ણપણે છોડી દે. તેમ છતાં તે જો પોતાના કર્મના ફળના મળવાની ઇચ્છાને છોડી દેશે (અર્થાત્ હંમેશા નિઃસ્વાર્થ કામ કરે) તે નિઃસંદેહ ત્યાગી કહેવાશે.

(हि) નિઃસંદેહ, (शक्यम्) આ અસંભવ (न) નથી (देह-भृता) મનુષ્ય (માટે કે) (कर्माणि) કર્મને (अशेषतः) સંપૂર્ણપણે (त्यक्तुम) છોડી દે. (तु) તેમ છતાં (यः) તે જો (कर्म फल) પોતાના કર્મના ફળના મળવાની ઇચ્છાને (त्यागी) છોડી દેશે (અર્થાત્ હંમેશા નિઃસ્વાર્થ કામ કરે) (सः) તે (इति) નિઃસંદેહ (त्यागी) ત્યાગી (अभिधीयते) કહેવાશે.

## ૧૮.૧૨

**अनिष्टम् इष्टम् मिश्रम् च त्रि-विधम् कर्मणः फलम् ।**
**भवति अत्यागिनाम् प्रत्ये न तु संन्यासिनाम् क्वचित् ।।१२।।**

જે લોકો નિઃસ્વાર્થ કર્મ નથી કરતા (તેમના માટે) મૃત્યુ પછી ત્રણ પ્રકારના ફળ છે. (તે ફળ જે) નર્ક તરફ લઈ જાય, (તે ફળ જે) સ્વર્ગ તરફ લઈ જાય, અને મિશ્રિત ફળ. પરંતુ (એ લોકો જેઓ) નિઃસ્વાર્થ કર્મ કરે છે (તેમના માટે) ક્યારેય પણ (ત્રણ પ્રકારના ફળ) નથી. (માત્ર એક પ્રકારનું ફળ છે અને તે છે સ્વર્ગ).

(अत्यागिनाम्) જે લોકો નિઃસ્વાર્થ કર્મ નથી કરતા (તેમના માટે) (प्रेत्य) મૃત્યુ પછી (त्रि-विधम्) ત્રણ પ્રકારના ફળ (भवति) છે. (अनिष्टम्) (તે ફળ જે) નર્ક તરફ લઈ જાય, (इष्टम्) (તે ફળ જે) સ્વર્ગ તરફ લઈ જાય, (च) અને (मिश्रम्) મિશ્રિત ફળ. (तु) પરંતુ (संन्यासिनाम्) (એ લોકો જેઓ) નિઃસ્વાર્થ કર્મ કરે છે (તેમના માટે) (क्वचित) ક્યારેય પણ (ત્રણ પ્રકારના ફળ) (न) નથી.
(માત્ર એક પ્રકારનું ફળ છે અને તે છે સ્વર્ગ).

---

**નોંધ ૧૮.૩ :** જે લોકો આ જ જીવનમાં પોતાનું કર્મ-ફળ અને ઉન્નતિ ચાહે છે, અને નિઃસ્વાર્થ કર્મ નથી કરતા તેમના વિશે પવિત્ર કુર્આનમાં આ પ્રમાણે વર્ણન છે— ''જે લોકો આ જ સાંસારિક જીવન અને તેની શોભાના ઇચ્છુક હોય છે, એ લોકોને તેમના કર્મોનો બદલો (ફળ) અમે આ જ સંસારમાં આપી દઈએ છીએ, અને તેમાં તેમના સાથે કોઈ કમી કરવામાં આવતી નથી. આ જ એ લોકો છે, જેમના માટે આખિરત (મૃત્યુ પછીના જીવન)માં (નર્કની) આગ સિવાય બીજું કંઈ નથી, અને તેમણે અહીં જે કંઈ કર્મ કર્યા બધા વ્યર્થ ગયા અને તેમનું કર્યું-કરાવ્યું બધું નિરર્થક રહ્યું.'' (સૂરઃ હૂદ, ૧૧, આયત ૧૫-૧૬)

**પોતાના કર્મને પારખવાનું પ્રમાણ**

## ૧૮.૧૩

**पन्च एतानि महा-बाहो कारणानि निबोध मे ।**
**सांख्ये कृत-अन्ते प्रोक्तानि सिद्धये सर्व कर्मणाम् ।।१३।।**

અર્જુનને પોતાના યુદ્ધ કરવાના કર્મ પર સંદેહ હતો કે તે પુણ્ય છે કે પાપ. તો ઈશ્વરે આ શ્લોકોમાં કોઈ કર્મ પુણ્ય કે પાપ છે તેનો નિર્ણય કરવાનું માપદંડ બતાવ્યું છે.

હે મહાબાહો (અર્જુન) ! બધા કર્મોના સાચા (Perfect) હોવા માટે પાંચ કારણ (બતાવવામાં આવ્યા છે). વેદોમાં કર્મને પ્રોત્સાહિત કરવાવાળા કારણ (બતાવેલ છે) અને એ કર્મોના અંત (પરિણામ)નું (હું તમારા સામે) વર્ણન કરું છું. આ બધા વિશે મારાથી સાંભળો.

(महाबाहो) હે મહાબાહો (અર્જુન) ! (सर्व) બધા (कर्मनाम्) કર્મોના (सिद्धये) સાચા (Perfect) હોવા માટે (पन्च) પાંચ (कारणानि) કારણ (બતાવવામાં આવ્યા છે). (सांख्ये) વેદોમાં (कृत-अन्ते) કર્મને પ્રોત્સાહિત કરવાવાળા કારણ (બતાવેલ છે) અને એ કર્મોના અંત (પરિણામ)નું (प्रोक्तानि) (હું તમારા સામે) વર્ણન કરું છું. (एतानि) આ બધા વિશે (मे) મારાથી (निबोध) સાંભળો.

## ૧૮.૧૪

**अधिष्ठानम् तथा कर्ता करणम् च पृथक-विधम् ।**
**विविधाःच पृथक् चेष्टाः दैवम् च एव अत्र पन्चमम् ।।१४।।**

સ્થાન અને કર્મ કરવાવાળો વ્યક્તિ, અને વિભિન્ન પ્રકારના કારણો (સ્થિતિ/Situation) અને વિભિન્ન પ્રકારના પ્રયાસો, અને ઈશ્વરની ઇચ્છા (આજ્ઞા). નિઃસંદેહ, આ પાંચ (કર્મના સાચા હોવાના કારણો છે).

(अधिष्ठानम्) સ્થાન (तथा) અને (कर्ता) કર્મ કરવાવાળો વ્યક્તિ, (च) અને (पृथक-विधम्) વિભિન્ન પ્રકારના (करणम्) કારણો (સ્થિતિ/Situation) (च) અને (विविधाः पृथक) વિભિન્ન પ્રકારના (चेष्टा) પ્રયાસો, (च) અને (देवम्) ઈશ્વરની ઇચ્છા (આજ્ઞા). (एरा) નિઃસંદેહ, (अत्र पन्चमम्) આ પાંચ (કર્મના સાચા હોવાના કારણો છે).

## ૧૮.૧૫

**शरीर वाक् मनोत्भः यत् कर्म प्रारभते नरः।**
**न्याय्यम् वा विरीतम् वा पन्च एते तस्य हेतवः ।।१५।।**

મનુષ્ય જે કંઈપણ શરીરથી, જીભથી, કે બુદ્ધિથી કર્મ કરે છે, તે (ધાર્મિક) નિયમના અનુસાર છે કે તેનાથી વિપરીત છે, તેના સાચા કે ખોટા હોવાના આ જ પાંચ કારણો છે.

(नरः) મનુષ્ય (यत्) જે કંઈપણ (शरीर) શરીરથી, (वाक) જીભથી, (वा) કે (मनोभिः) બુદ્ધિથી (कर्म) કર્મ (प्रारभते) કરે છે, (न्याय्यम्) તે (ધાર્મિક) નિયમના અનુસાર છે (वा) કે (विपरीतम्) તેનાથી વિપરીત છે, (तस्य) તેના (हेतव) સાચા કે ખોટા હોવાના (एते) આ જ (पन्च) પાંચ કારણો છે.

## ૧૮.૧૬

**तत्र एवम् सति कर्तारम् आत्मानम् केवलम् तु यः ।**
**पश्यति अकृत-बुद्धित्वात् न सः पश्यति दुर्ततिः ।।१६।।**

પરંતુ, તે જે અલ્પ બુદ્ધિશાળી છે, (તે) કેવળ પોતાને

(तु) પરંતુ, (य) તે જે (अकृत) અલ્પ (बुद्धित्वात्) બુદ્ધિશાળી છે, (केवलम्) (તે) કેવળ (आत्मानम्) પોતાને

(દરેક વસ્તુને) કરવાવાળો જુએ છે, આ (પાંચ કારણો) છતાં. (તો) એ (વ્યક્તિ) મૂર્ખ છે, (અને કંઈ) નથી જોતો (સમજતો).

(દરેક વસ્તુને) કરવાવાળો (पश्यति) જુએ છે, (तत्र) આ (પાંચ કારણો) (एवम् सति) છતાં. (सः) (તો) એ (વ્યક્તિ) (दुर्ततिः) મૂર્ખ છે, (न) (અને કંઈ) નથી (पश्यति) જોતો (સમજતો).

**કઈ ભાવનાઓના પ્રભાવથી કર્મ કરવાથી કર્મ પાપ નથી બનતા.**

## ૧૮.૧૭

**यस्य न अहंकृतो भावः बुद्धिः यस्य न लिप्यते ।**
**हत्वा अपि सः इमान् लोकान् न हन्ति न निबध्यते ।।१७।।**

જેના સ્વભાવમાં અહંકાર નથી, જેની (બુદ્ધિ) (સંસારમાં ઉન્નતિ કરવામાં) લાગેલી નથી, આ ધરતી પર જો તે હત્યા પર કરે, તો ન તેણે હત્યા કરી (એવું માનવામાં આવશે), (અને) ન તેના કર્મોની ઈશ્વર પાસે પકડ થશે.

(यस्य) જેના (भावः) સ્વભાવમાં (अहंकृतो) અહંકાર (न) નથી, (यस्य) જેની (બુદ્ધિ) (लिपयते) (સંસારમાં ઉન્નતિ કરવામાં) લાગેલી (न) નથી, (इमान् लोकान्) આ ધરતી પર (अपि सः) જો તે (हत्वा) હત્યા પર કરે, તો (न हन्ति) ન તેણે હત્યા કરી (એવું માનવામાં આવશે), (न) (અને) ન (निबध्यते) તેના કર્મોની ઈશ્વર પાસે પકડ થશે.

**(નોંધ : निबध्यते નો અર્થ સમજવા માટે નોંધ નં. -૧૧ વાંચો.)**

## ૧૮.૧૮

**ज्ञानम् ज्ञेयम् परिज्ञाता त्रि-विधा कर्म चोदना ।**
**करणम् कर्म कर्ता इति त्रि-विधः कर्म संग्रहः ।।१८।।**

દિવ્ય જ્ઞાન, (અન્ય લોક) જેનું જ્ઞાન હોવું જોઈએ, (ઈશ્વર) જે બધું જ જાણે છે, આ ત્રણ કર્મ માટે પ્રેરિત કરવાવાળો છે. કર્મની ઇચ્છા, કર્મ અને કર્મને કરવાવાળો આ ત્રણ કર્મના તત્ત્વ છે.

(ज्ञानम्) દિવ્ય જ્ઞાન, (ज्ञेयम्) (અન્ય લોક) જેનું જ્ઞાન હોવું જોઈએ, (परिज्ञाता) (ઈશ્વર) જે બધું જ જાણે છે, (त्रि-विधा) આ ત્રણ (कर्म चोदना) કર્મ માટે પ્રેરિત કરવાવાળો છે. (करणम्) કર્મની ઇચ્છા, (कर्म) કર્મ અને (कर्ता) કર્મને કરવાવાળો (इति त्रि विधः) આ ત્રણ (कर्म संग्रह) કર્મના તત્ત્વ છે.

## ૧૮.૧૯

**ज्ञानम् कर्म च कर्ता च त्रिधा एव गुण-भेदतः ।**
**प्रोच्यते गुण-संख्याने यथा-वत् शृणु तानि अपि ।।१९।।**

જ્ઞાન, કર્મ અને કર્મને કરવાવાળો (મનુષ્ય) પણ ત્રણ પ્રકારના છે. નિઃસંદેહ, (જે) ત્રણ ગુણો અનુસાર ઓળખાય છે. ગુણોનું જે રીતે વેદોમાં વર્ણન થયું છે તે પણ સાંભળો.

(ज्ञानम्) જ્ઞાન, (कर्म) કર્મ (च) અને (कर्ता) કર્મને કરવાવાળો (મનુષ્ય) (च) પણ (त्रिधा) ત્રણ પ્રકારના છે. (एव) નિઃસંદેહ, (જે) (गुण-भेदतः) ત્રણ ગુણો અનુસાર ઓળખાય છે. (गुण) ગુણોનું (यथा-वत्) જે રીતે (संख्याने) વેદોમાં (प्रोच्यते) વર્ણન થયું છે (तानि) તે (अपि) પણ (शृणु) સાંભળો.

### ત્રણ ગુણો અનુસાર જ્ઞાનના પ્રભાવિત હોવાનું વર્ણન

## ૧૮.૨૦

**सर्व-भूतेषु येन एकम् भावम् अव्ययम् ईक्षते ।**
**अविभक्तम् विभक्तेषु तत् ज्ञानम् विद्धि सात्विकम् ।।२०।।**

(એ જ્ઞાન) જેના દ્વારા (મનુષ્ય) જુએ છે કે સંપૂર્ણ પ્રાણીઓ એક અવિનાશી (ઈશ્વર દ્વારા) નિર્માણ કરવામાં આવ્યા છે, (અને તે ઈશ્વર) વિભિન્ન પ્રકારના (પ્રાણીઓને નિર્માણ કરવા અને પાલન-પોષણ કરવા માટે) વિભાજિત નથી, તો સમજી લો કે તે જ્ઞાન સાત્વિક ગુણથી પ્રેરિત છે.

(येन) (એ જ્ઞાન) જેના દ્વારા (ईक्षते) (મનુષ્ય) જુએ છે કે (सर्व) સંપૂર્ણ (भूतेषु) પ્રાણીઓ (एवम्) એક (अव्ययम्) અવિનાશી (ઈશ્વર દ્વારા) (भावम्) નિર્માણ કરવામાં આવ્યા છે, (विभक्तेषु) (અને તે ઈશ્વર) વિભિન્ન પ્રકારના (પ્રાણીઓને નિર્માણ કરવા અને પાલન-પોષણ કરવા માટે) (अविभक्तम्) વિભાજિત નથી, (विद्धि) તો સમજી લો કે (तत्) તે (ज्ञानम्) જ્ઞાન (सात्विकम्) સાત્વિક ગુણથી પ્રેરિત છે.

## ૧૮.૨૧

**पृथक्त्वेन् तु यत् ज्ञानम् नाना-भावान् पृथक-विधान ।**
**वेत्ति सर्वेषु भूतेषु तत् ज्ञानम् विद्धि राजसम् ।।२१।।**

પરંતુ એ જ્ઞાન (જેના દ્વારા) વિભિન્ન પ્રકારના બધા પ્રાણીઓ, વિભિન્ન પ્રકારના અલગ-અલગ (ઈશ્વરો દ્વારા) નિર્માણ કરવામાં આવ્યા છે એવું સમજવામાં આવે છે. એ જ્ઞાનને રજો ગુણથી પ્રેરિત સમજો.

(तु) પરંતુ (यत) એ (ज्ञानम्) જ્ઞાન (જેના દ્વારા) (पृथक) વિભિન્ન (विधान) પ્રકારના (सर्वेषु) બધા (भूतेषु) પ્રાણીઓ, (पृथक्त्वेन) વિભિન્ન પ્રકારના (तत्) અલગ-અલગ (ઈશ્વરો દ્વારા) (भावान्) નિર્માણ કરવામાં આવ્યા છે (वेत्ति) એવું સમજવામાં આવે છે. (तत) એ (ज्ञानम्) જ્ઞાનને (राजसम्) રજો ગુણથી પ્રેરિત (विद्धि) સમજો.

## ૧૮.૨૨

**यत् तु कृत्स्नवत् एकस्मिन् कार्ये सक्तम् अहैतुकम् ।**
**अतत्त्व-अर्थ-वत् अल्पम् च तत् तामसम् उदाहृतम् ।।२२।।**

પરંતુ (ઈશ્વર) કહી રહ્યો છે કે, જે જ્ઞાન દ્વારા (મનુષ્ય) કોઈ એક કામમાં સંપૂર્ણપણે લાગી જાય, (અને તે કોઈ) ઉદ્દેશ્ય વગર હોય, અને તે હકીકત પર આધારિત ન હોય, અને તે મામૂલી કે ખૂબ જ નાનુંસરખું કામ હોય, (તો) તે (જ્ઞાન) તમો ગુણથી પ્રેરિત કહેવાશે.

(तु) પરંતુ (उदाहृतम्) (ઈશ્વર) કહી રહ્યો છે કે, (यत) જે જ્ઞાન દ્વારા (મનુષ્ય) (एकस्मिन्) કોઈ એક કામમાં (कृत्स्नवत्) સંપૂર્ણપણે (सक्तम्) લાગી જાય, (अहैतुकम्) (અને તે કોઈ) ઉદ્દેશ્ય વગર હોય, (अतत्त्व-अर्थ-वत्) અને તે હકીકત પર આધારિત ન હોય, (च) અને (अल्प) તે મામૂલી કે ખૂબ જ નાનુંસરખું કામ હોય, (तत) (તો) તે (જ્ઞાન) (तामसम्) તમો ગુણથી પ્રેરિત (उदाहृतम्) કહેવાશે.

### ત્રણ ગુણો અનુસાર સત્કર્મના પ્રભાવિત હોવાનું વર્ણન

## ૧૮.૨૩

**नियतम् सङ्ग-रहितम् अराग-द्वेषतः कृतम् ।**
**अफल-प्रेप्सुना कर्म यत् तत् सात्विकम् उच्यते ।।२३।।**

જે કર્મ ધાર્મિક નિયમો અનુસાર કરવામાં આવે છે, સંગમ (શિર્ક)થી મુક્ત થઈને, ક્રોધ અને દ્વેષ

**(આગળના ત્રણ શ્લોક કર્મ વિષયે છે.)**

(यत) જે (कर्म) કર્મ (नियतम्) ધાર્મિક નિયમો અનુસાર (कृतम्) કરવામાં આવે છે, (सङ्ग) સંગમ (શિર્ક)થી (रहितम्) મુક્ત થઈને, (अराग द्वेपतः) ક્રોધ અને દ્વેષ

વગર, નિઃસ્વાર્થ કરવામાં આવે છે, તે સાત્વિક ગુણથી પ્રેરિત કહેવાશે.

વગર, (अफल) નિઃસ્વાર્થ (प्रेप्सुना) કરવામાં આવે છે, (तत) તે (सात्त्विकम्) સાત્વિક ગુણથી પ્રેરિત (.च्यते) કહેવાશે.

## ૧૮.૨૪

**यत् तु काम-ईप्सुना कर्म साहङ्कारेण वा पुनः ।**
**क्रियते बहुल-आसायम् तत् राजसम् उदाहृतम् ।।२४।।**

પરંતુ જે કર્મ ફળની અપેક્ષાથી, અહંકારની સાથે કરવામાં આવે, અથવા વારંવાર કરવામાં આવે, ખૂબ વધારે કષ્ટ (ની સાથે કરવામાં આવે), તે (કર્મ) રજોગુણથી પ્રેરિત કહેવાશે.

(तु) પરંતુ (यत्) જે (कर्म) કર્મ (काम-ईप्सुना) ફળની અપેક્ષાથી, (साहङ्कारेण) અહંકારની સાથે કરવામાં આવે, (वा) અથવા (पुनः) વારંવાર (क्रियते) કરવામાં આવે, (बहुल) ખૂબ વધારે (आसायम्) કષ્ટ (ની સાથે કરવામાં આવે), (तत) તે (કર્મ) (राजसम) રજોગુણથી પ્રેરિત (उदाहृतम्) કહેવાશે.

## ૧૮.૨૫

**अनुबन्धम् क्षयम् हिंसाम, अनपेक्ष्य च पौरुषम् ।**
**मोहात् आरभ्यते कर्म यत् तत् तामसम् उच्यते ।।२५।।**

જે કર્મ ધાર્મિક નિયમ વગર કરવામાં આવે, વિનાશ (અને) હિંસા (માટે), પોતાની ક્ષમતા અને પરિણામની અવગણના કરીને, કોઈ ભ્રમમાં આવીને આરંભ કરવામાં આવે, તે (કર્મને) તમો ગુણથી પ્રેરિત કહેવાશે.

(यत्) જે (कर्म) કર્મ (अनुबन्धम्) ધાર્મિક નિયમ વગર કરવામાં આવે, (क्षयम्) વિનાશ (અને) (हिंसाम्) હિંસા (માટે), (पौरुषम्) પોતાની ક્ષમતા (च) અને (अनपेक्ष्य) પરિણામની અવગણના કરીને, (मोहात) કોઈ ભ્રમમાં આવીને (आरभ्यते) આરંભ કરવામાં આવે, (तत) તે (કર્મને) (तामसम्) તમો ગુણથી પ્રેરિત (उच्यते) કહેવાશે.

### ત્રણ ગુણો અનુસાર મનુષ્યના સ્વભાવના બદલાવાનું વર્ણન

## ૧૮.૨૬

**मुक्त-सङ्गः अनहम्-वादी धृति उत्साह समन्वितः ।**
**सिद्धि असिद्धयोः निर्विकारः कर्ता सात्त्विकः उच्यते ।।२६।।**

સંગમ (શિર્ક)થી મુક્ત, અહંકારથી મુક્ત, દૃઢ સંકલ્પવાળો, ઉત્સાહવાળો, સુખ શાંતિ (અને) કઠિન સમયમાં એક સમાન રહેવાની ક્ષમતાવાળો, આવો કર્મ કરવાવાળો વ્યક્તિ સાત્વિક ગુણવાળો કહેવાશે.

(सङ्गः) સંગમ (શિર્ક)થી (मुक्त) મુક્ત, (अनहम-वादी) અહંકારથી (मुक्त) મુક્ત, (धृति) દૃઢ સંકલ્પવાળો, (उत्साह) ઉત્સાહવાળો, (सिद्धि) સુખ શાંતિ (અને) (असिद्धयोः) કઠિન સમયમાં (निर्विकार) એક સમાન (समन्वितः) રહેવાની ક્ષમતાવાળો, (कर्ता) આવો કર્મ કરવાવાળો વ્યક્તિ (सात्त्विक) સાત્વિક ગુણવાળો (उच्यते) કહેવાશે.

## ૧૮.૨૭

**रागी कर्म-फल प्रेप्सुः लुब्धः हिंसा-आत्मकः अशुचि ।**
**हर्ष-शोक-अन्वितः कर्ता राजसः परिकीर्तितः ।।२७।।**

કર્મ કરવાવાળો વ્યક્તિ (જો) ક્રોધ કરવાવાળો છે, લાલચુ સ્વભાવનો છે, પોતાના સત્કર્મોના ફળની આશા રાખે છે, હિંસક સ્વભાવવાળો છે, સ્વચ્છ નથી રહેતો, સારા સમય અને કઠીન સમયનો (તેના પર) પ્રભાવ પડે છે, (આવો વ્યક્તિ) રજો ગુણ (ના સ્વભાવવાળો) કહેવાશે.

(कर्ता) કર્મ કરવાવાળો વ્યક્તિ (જો) (रागी) ક્રોધ કરવાવાળો છે, (लुब्ध) લાલચુ સ્વભાવનો છે, (कर्म-फल) પોતાના સત્કર્મોના ફળની (प्रेप्सु) આશા રાખે છે, (हिंसा-आत्मकः) હિંસક સ્વભાવવાળો છે, (अशुचि) સ્વચ્છ નથી રહેતો, (हर्ष) સારા સમય (शोक) અને કઠીન સમયનો (अन्वित) (તેના પર) પ્રભાવ પડે છે, (राजसः) (આવો વ્યક્તિ) રજો ગુણ (ના સ્વભાવવાળો) (परिकीर्तितः) કહેવાશે.

## ૧૮.૨૮

**अयुक्तः प्राकृतः स्तब्धः शठः नैकृतिकः अलसः ।**
**विषादी दीर्घ-सूत्री च कर्ता तामसः उच्यते ।।२८।।**

કર્મ કરવાવાળો વ્યક્તિ (જો) (ઈશ્વરની પ્રાર્થનામાં નથી) લાગેલો રહેતો, ભૌતિકવાદી (Materialistic) છે, હઠાગ્રહી છે, છળ-કપટ સ્વભાવનો છે, બીજાઓનું અપમાન કરવાવાળો છે, આળસુ છે, દુઃખી રહેવાવાળો છે, અને ટાળમટોળ અને વિલંબ કરવાવાળો છે, (આવો વ્યક્તિ) તમો ગુણના સ્વભાવવાળો કહેવાશે.

(कर्ता) કર્મ કરવાવાળો વ્યક્તિ (જો) (अयुक्तः) (ઈશ્વરની પ્રાર્થનામાં નથી) લાગેલો રહેતો, (प्राकृतः) ભૌતિકવાદી (Materialistic) છે, (स्तब्ध) હઠાગ્રહી છે, (शठ) છળ-કપટ સ્વભાવનો છે, (नैकृतिकः) બીજાઓનું અપમાન કરવાવાળો છે, (अलस) આળસુ છે, (विषादी) દુઃખી રહેવાવાળો છે, (च) અને (दीर्घ-सूत्री) ટાળમટોળ અને વિલંબ કરવાવાળો છે, (तामसः) (આવો વ્યક્તિ) તમો ગુણના સ્વભાવવાળો (उच्यते) કહેવાશે.

## ૧૮.૨૯

**बुद्धेः भेदम् धृतेः च एव गुणतः त्रि-विधम् शृणु ।**
**प्रोच्यामानम् अशेषण पृथक्त्वेन धनन्जय ।।२९।।**

હે અર્જુન ! ગુણો અનુસાર નિઃસંદેહ બુદ્ધિ (વિચાર અને સમજ) () અને દૃઢ નિશ્ચય () (પણ) ત્રણ પ્રકારના છે. આના ભેદને અલથી (અને) વિગતવાર સાંભળો (જે હું તમને) કહી રહ્યો છું.

(धनन्जय) હે અર્જુન ! (गुणतः) ગુણો અનુસાર (एव) નિઃસંદેહ (बुद्धि) બુદ્ધિ (વિચાર અને સમજ) (Intelligence) (एव) અને (धृतेः) દૃઢ નિશ્ચય (Determination) (પણ) (त्रि-विधम्) ત્રણ પ્રકારના છે. (भेदम्) આના ભેદને (पृथक्त्वेन) અલથી (અને) (अशेषण) વિગતવાર (शृणु) સાંભળો (प्रोच्यमानम्) (જે હું તમને) કહી રહ્યો છું.

### ત્રણ ગુણો અનુસાર વિચાર-સમજના બદલાવાનું વર્ણન

## ૧૮.૩૦

**प्रवृत्तिम् च निवृत्तिम् च कार्य अकार्ये भय अभये ।**
**बन्धम् मोक्षम् च या वेत्ति बुद्धिः सा पार्थ सात्त्विकी ।।३०।।**

હે અર્જુન ! જે બુદ્ધિ જાણે છે કે (આચરણ અને કર્મોની) પ્રવૃત્તિ (ઉન્નતી) શું છે ? અને પતન શું છે ? સત્કર્મ શું છે (અને) તે કર્મ શું છે જે ન કરવા જોઈએ ? (કોનાથી અને કઈ વાતોથી) ડરવું જોઈએ ? (કોનાથી અને કઈ વાતોથી) ન ડરવું જોઈએ ? (ઈશ્વરની સામે પ્રલયના દિવસે કયા કર્મો નિરીક્ષણના સમય બાંધી દેશે) અને કયા કર્મોના આધારે ઈશ્વર ક્ષમા કરશે (મુક્તિ આપશે) ? આવી એ (બુદ્) સાત્વિક ગુણથી પ્રેરિત કહેવાશે.

(पार्थ) હે અર્જુન ! (य) જે (बुद्धि) બુદ્ધિ (वेत्ति) જાણે છે કે (प्रवृत्तिम्) (આચરણ અને કર્મોની) પ્રવૃત્તિ (ઉન્નતી) શું છે ? (च) અને (निवृत्तिम्) પતન શું છે ? (कार्य) સત્કર્મ શું છે (અને) (अकार्य) તે કર્મ શું છે જે ન કરવા જોઈએ ? (भय) (કોનાથી અને કઈ વાતોથી) ડરવું જોઈએ ? (अभये) (કોનાથી અને કઈ વાતોથી) ન ડરવું જોઈએ ? (बन्धम्) (ઈશ્વરની સામે પ્રલયના દિવસે કયા કર્મો નિરીક્ષણના સમય બાંધી દેશે) (मोक्षम्) અને કયા કર્મોના આધારે ઈશ્વર ક્ષમા કરશે (મુક્તિ આપશે) ? (सः) આવી એ (બુદ્ધિ) (सात्त्विक) સાત્વિક ગુણથી પ્રેરિત કહેવાશે.

## ૧૮.૩૧

**यया धर्मम् अधर्मम् च कार्यम् च अकार्यम् एव च ।**
**अयथा-वत् प्रजानाति बुद्धिः सा पार्थ राजसी ।।३१।।**

બુદ્ધિ જે બરાબર નથી જાણતી ધર્મ અને અધર્મ (ને), અને કર્તવ્ય અને અકર્તવ્યને, એ (બુદ્ધિ) રજો ગુણથી પ્રેરિત કહેવાશે.

(बुद्धि) બુદ્ધિ (यया) જે (अयथा-वत्) બરાબર નથી (प्रजानाति) જાણતી (धर्मम्) ધર્મ (च) અને (अधर्मम्) અધર્મ (ને), (च) અને (कार्यम्) કર્તવ્ય (च) અને (अकार्यम्) અકર્તવ્યને, (सा) એ (બુદ્ધિ) (राजसी) રજો ગુણથી પ્રેરિત કહેવાશે.

## ૧૮.૩૨

**अधर्मम् धर्मम् इति या मन्यते तमसा आवृत्ता ।**
**सर्व-अर्थात् विपरीतान् च बुद्धिः सा पार्थ तामसी ।।३२।।**

હે પાર્થ (અર્જુન) ! જે બુદ્ધિ અધર્મને ધર્મ સમજે અને સંપૂર્ણ વસ્તુઓને (તેના ઉદ્દેશ્યથી વિપરીત કે) ઊલટું (માને છે કે સમજે છે કે ઉપયોગ કરે છે) એ બુદ્ધિ તમો ગુણથી પ્રેરિત માનવામાં આવશે.

(पार्थ) હે પાર્થ (અર્જુન) ! (या) જે (बुद्धि) બુદ્ધિ (अधर्मम्) અધર્મને (धर्मम्) ધર્મ સમજે (च) અને (सर्व अर्थात) સંપૂર્ણ વસ્તુઓને (विपरीतान) (તેના ઉદ્દેશ્યથી વિપરીત કે) ઊલટું (માને છે કે સમજે છે કે ઉપયોગ કરે છે) (सा) એ (बुद्धि) બુદ્ધિ (तामसी) તમો ગુણથી પ્રેરિત માનવામાં આવશે.

---

**નોંધ ૧૮.૩૦ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું છે કે, ''તેથી મારા એ બંદાઓને શુભસૂચના આપી દો, જેઓ વાતને ધ્યાનથી સાંભળે છે, પછી એ સારામાં સારી વાતનું અનુપાલન કરે છે. તેઓ જ છે જેમને ઈશ્વરે માર્ગ બતાવ્યો છે, અને તેઓ જ બુદ્ધિ અને સમજવાળા છે.'' (સૂરઃ અઝ્-ઝુમર, ૩૯, આયત ૧૮)

**ત્રણ ગુણો અનુસાર લોકોના સંકલ્પના બદલાવાનું વર્ણન**

## ૧૮.૩૩

**धृत्या यया धारयते मनः प्राण इन्द्रिय क्रियाः ।**
**योगेन अव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्त्विकी ।।३३।।**

હે પાર્થ (અર્જુન) ! દઢ નિશ્ચય, જે દઢતાથી વશમાં રાખેલ મન (ને), પોતાના પ્રાણની સુરક્ષા માટે, પોતાની ઈચ્છાઓ અનુસાર (આનંદનો અનુભવ કરાવનારા) કર્મથી બચવા માટે, ઈશ્વરથી જોડવાવાળી પ્રાર્થનામાં સંયમની સાથે લાગી રહેવા માટે, તે દઢ નિશ્ચિય સાત્વિક ગુણથી પ્રેરિત કહેવાશે.

(पार्थ) હે પાર્થ (અર્જુન) ! (धृत्या) દઢ નિશ્ચય, (यथा) જે (अव्यभिचारिण्या) દઢતાથી વશમાં રાખેલ (मन) મન (ને), (प्राण) પોતાના પ્રાણની સુરક્ષા માટે, (इन्द्रिय) પોતાની ઈચ્છાઓ અનુસાર (क्रिया) (આનંદનો અનુભવ કરાવનારા) કર્મથી બચવા માટે, (योगेन) ઈશ્વરથી જોડવાવાળી પ્રાર્થનામાં (धारयते) સંયમની સાથે લાગી રહેવા માટે, (सा) તે (धृतिः) દઢ નિશ્ચિય (सात्त्विकी) સાત્વિક ગુણથી પ્રેરિત કહેવાશે.

## ૧૮.૩૪

**यया तु धर्म काम अर्थान् धृत्या धारयते अर्जुन ।**
**प्रसङ्गेन फल-अकाङ्क्षी धृतिः सा पार्थ राजसी ।।३४।।**

હે અર્જુન ! જો (કોઈ) દઢ સંકલ્પ અપનાવે છે ધાર્મિક કામ કરવાનો, પોતાના મનની ઈચ્છાને પૂરી કરવાના કામને કરવાનો, અથવા સંસારી કામને કરવાનો, પરંતુ ફળની આશાની સાથે, (તો તેનો) એ દઢ સંકલ્પ રજો ગુણથી પ્રેરિત માનવામાં આવશે.

(अर्जुन) હે અર્જુન ! (यथा) જો (કોઈ) (धृत्या) દઢ સંકલ્પ (धारयते) અપનાવે છે (धर्म) ધાર્મિક કામ કરવાનો, (काम) પોતાના મનની ઈચ્છાને પૂરી કરવાના કામને કરવાનો, (अर्थान) અથવા સંસારી કામને કરવાનો, (तु) પરંતુ (फल) ફળની (अकाङ्क्षी) આશાની સાથે, (सः) (તો તેનો) એ (धृति) દઢ સંકલ્પ (राजसी) રજો ગુણથી પ્રેરિત માનવામાં આવશે.

## ૧૮.૩૫

**यया स्वप्नम् भयम् शोकम् विषादम् मदम् एव च ।**
**न विमुन्चति दुर्मेधा धृतिः सा पार्थ तामसी ।।३५।।**

હે પાર્થ (અર્જુન) ! મૂર્ખ લોકો જે (દઢ સંકલ્પની સાથે) નિરાધાર કલ્પના કરવાનું, ભયભીત કરવાનું, શોક કરવાનું, પરેશાન થવાનું અને ભ્રમમાં રહેવાનું નથી છોડતા, નિઃસંદેહ એ દઢ સંકલ્પ તમો ગુણથી પ્રેરિત કહેવાશે.

(पार्थ) હે પાર્થ (અર્જુન) ! (दुर्मेधा) મૂર્ખ લોકો (यया) જે (દઢ સંકલ્પની સાથે) (स्वप्नम्) નિરાધાર કલ્પના કરવાનું, (भयम्) ભયભીત કરવાનું, (शोकम्) શોક કરવાનું, (विषादम्) પરેશાન થવાનું (च) અને (मदम्) ભ્રમમાં રહેવાનું (न) નથી (विमुन्चति) છોડતા, (एव) નિઃસંદેહ (सा) એ (धृति) દઢ સંકલ્પ (तामसी) તમો ગુણથી પ્રેરિત કહેવાશે.

### ત્રણ પ્રકારના સુખ-શાંતિનું વર્ણન

## ૧૮.૩૬

**सुखम् तु इदानीम् त्रि-विधम् मे भरत-ऋषभ ।**
**अभ्यासात् रमते यत्र दुःख अन्तम् च निगच्छति ।।३६।।**

હે ભરત શ્રેષ્ઠ (અર્જુન) ! હવે મારાથી ત્રણ પ્રકારના સુખ (વિશે) સાંભળો. (સૌથી પહેલું) આ વેદોનું અધ્યયન અને તેમાં ચિંતન-મનન છે, (જેના કારણે) પ્રસન્નતા મળે છે, અને દુઃખોનો અંત થાય છે.

(भरत-ऋषभ) હે ભરત શ્રેષ્ઠ (અર્જુન) ! (इदानीम्) હવે (मे) મારાથી (त्रि) ત્રણ (विधम्) પ્રકારના (सुखम्) સુખ (વિશે) (शृणु) સાંભળો. (यत्र) (સૌથી પહેલું) આ (अभ्यासात्) વેદોનું અધ્યયન અને તેમાં ચિંતન-મનન છે, (रमते) (જેના કારણે) પ્રસન્નતા (निगच्छति) મળે છે, (च) અને (दुःख) દુઃખોનો (अन्तम्) અંત થાય છે.

## ૧૮.૩૭

**यत् यत् अग्रे विषम्-इव परिणामे अमृत-उपमम् ।**
**तत् सुखम् सात्विकम् प्रोक्तम् आत्म बुद्धिप्रसाद-जम् ।।३७।।**

આ (વેદોનું અધ્યયન એ સુખ છે), જે આરંભમાં વિષ (ઝેર)ની સમાન લાગે છે. (પરંતુ) પરિણામમાં અમૃત સમાન છે. (સારી રીતે જાણી લો કે) ઈશ્વર (ની યાદથી) મન (માં) સુખ શાંતિ જન્મ લે છે. (આ) એ સુખ શાંતિ છે (જે) સાત્વિક ગુણથી કહેવામાં આવેલ છે.

(तत्) આ (વેદોનું અધ્યયન એ સુખ છે), (यत) જે (अग्रे) આરંભમાં (विषम् इव) વિષ (ઝેર)ની સમાન લાગે છે. (परिणामे) (પરંતુ) પરિણામમાં (अमृत) અમૃત (उपमम्) સમાન છે. (आत्म) (સારી રીતે જાણી લો કે) ઈશ્વર (ની યાદથી) (बुद्धि) મન (માં) (प्रसाद) સુખ શાંતિ (जम) જન્મ લે છે. (तत) (આ) એ (सुखम्) સુખ શાંતિ છે (જે) (सात्विकम्) સાત્વિક ગુણથી (प्रोक्तम्) કહેવામાં આવેલ છે.

## ૧૮.૩૮

**विषय इन्द्रिय संयोगात् यत् तत् अग्रे अमृत-उपमम् ।**
**परिणामे विषम् इव तत् सुखम् राजसम् स्मृतम् ।।३८।।**

યાદ રાખો, જે (સુખ) મનને આનંદ આપવાવાળી વસ્તુઓના .પયોગથી મળે છે, તે આરંભમાં અમૃત સમાન પ્રતીત થાય છે, (પરંતુ) પરિણામ વિષની સમાન હોય છે. આવું સુખ રજો ગુણના કારણે છે.

(स्मृतम्) યાદ રાખો, (यत्) જે (સુખ) (इन्द्रिय) મનને આનંદ આપવાવાળી (विषय) વસ્તુઓના (संयोगात्) .પયોગથી મળે છે, (तत) તે (अग्रे) આરંભમાં (अमृत) અમૃત (उपमम्) સમાન પ્રતીત થાય છે, (परिणामे) (પરંતુ) પરિણામ (विषय) વિષ (इव) ની સમાન હોય છે. (तत) આવું (सुखम्) સુખ (राजसम्) રજો ગુણના કારણે છે.

## ૧૮.૩૯

**यत् अग्रे च अनुबन्धे च सुखम् मोहमम् आत्मनः ।**
**निद्रा आलस्य प्रमाद उत्थम् तत् तामसम् उदाहृतम् ।।३९।।**

જે સુખ મનુષ્યને આરંભથી ભ્રમમાં ફસાવી દે, અને ઊંઘ (ગફલત), આળસ અને બેપરવાઈ ઉત્પન્ન કરે, તે તમો ગુણ થી કહેવામાં આવશે.

(यत्) જે (सुखम्) સુખ (आत्मनः) મનુષ્યને (अग्रे) આરંભથી (मोहमम्) ભ્રમમાં (अनुबन्धे) ફસાવી દે, (च) અને (निद्रा) ઊંઘ (ગફલત), (आलस्य) આળસ (च) અને (प्रमाद) બેપરવાઈ (उत्थम्) ઉત્પન્ન કરે, (तत) તે (तामसम्) તમો ગુણથી (उदाहृतम्) કહેવામાં આવશે.

## ૧૮.૪૦

**न तत् अस्ति पृथिव्याम् वा दिवि देवेषु वा ।**
**पुनःसत्त्वम् प्रकृति-जैःमुक्तम् यत् एभिःस्यान त्रिभिय् गुणैः।।४०।।**

તે (મનુષ્ય) જે પૃથ્વી પર છે, અને આધ્યાત્મિક પ્રાણી (જિન્ન, યક્ષ વગેરે) અને વારંવાર સત્કર્મ કરવાવાળા ઋષિ મુનિ (વલી), (જે કોઈને ઈશ્વરને પોતાની) પ્રાકૃતિક શક્તિથી જન્મ આપ્યો છે, તે ત્રણ પ્રકારના ગુણોના પ્રભાવથી મુક્ત નથી.

(तत) તે (મનુષ્ય) (पृथिव्याम) જે પૃથ્વી પર (अस्ति) છે, (दिवि देवेषु) અને આધ્યાત્મિક પ્રાણી (જિન્ન, યક્ષ વગેરે) (वा) અને (पुनः सत्त्वम्) વારંવાર સત્કર્મ કરવાવાળા ઋષિ મુનિ (વલી), (प्रकृति) (જે કોઈને ઈશ્વરને પોતાની) પ્રાકૃતિક શક્તિથી (जैः) જન્મ આપ્યો છે, (यत) તે (त्रिभिय गुणैः) ત્રણ પ્રકારના ગુણોના (एभिः) પ્રભાવથી (मुक्त) મુક્ત (न स्यात) નથી.

**ઈશ્વરે મનુષ્યમાં જન્મથી જે વ્યવસાયિક ગુણો મૂકેલા છે, તે અનુસાર વ્યક્તિએ વ્યવસાય અપનાવવો જોઈએ.**

## ૧૮.૪૧

**ब्राहाण क्षत्रिय विशाम् शूद्राणाम् च परन्तप ।**
**कर्माणि प्रविभक्तानि स्वभाव प्रभवैः गुणैः ।।४१।।**

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર, હે અર્જુન ! આ કામ વહેંચી દેવામાં આવ્યા છે સ્વભાવ, પ્રભાવ, ગુણોના આધારે (ન કે જન્મના આધારે).

Swami Mukundananda ji has translated this shlok in following words : "the duties of the brahmins, Kshatriyas, Vaishyas and Shudras are distributed acoording to their qualities, inaccor-dance with their gunas (and not by birth)." www.holy-bhagavad-gita-org

(ब्राहाण) બ્રાહ્મણ, (क्षत्रिय) ક્ષત્રિય, (विशाम्) વૈશ્ય (च) અને (शुद्रणाम) શુદ્ર, (परन्तप) હે અર્જુન ! (कर्मणि) આ કામ (प्रविभक्तानि) વહેંચી દેવામાં આવ્યા છે (स्वभाव) સ્વભાવ, (प्रभावे) પ્રભાવ, (गुणै) ગુણોના આધારે (ન કે જન્મના આધારે).

## ૧૮.૪૨

**शमः दमः तपः शौचम् क्षान्तिः आर्जवम् एव च ।**
**ज्ञानम् विज्ञानम् आस्तिक्यम् ब्रहा कर्म स्वभाव जम् ।।४२।।**

મનનું શાંત હોવું, ઇન્દ્રિયોને વશમાં કરવું, ધર્મપાલન માટે કષ્ટ સહેવું, બહાર અંદરથી સ્વચ્છ રહેવું, બીજાઓને ક્ષમા કરવું, સરળ જીવન વ્યતીત કરવું, વેદ અને દિવ્ય ગ્રંથોનું જ્ઞાન હોવું, બુદ્ધિમત્તા (Wisdom)નું હોવું, (અન્ય લોક) મૃત્યુ પછીના જીવનમાં વિશ્વાસ રાખવો, (Beleif in Hereafter) નિઃસંદેહ (આ) બ્રાહ્મણના સ્વાભાવિક કર્મ છે.

(शमः) મનનું શાંત હોવું, (दमः) ઇન્દ્રિયોને વશમાં કરવું, (तपः) ધર્મપાલન માટે કષ્ટ સહેવું, (शौचम्) બહાર અંદરથી સ્વચ્છ રહેવું, (क्षान्ति) બીજાઓને ક્ષમા કરવું, (आर्जवम्) સરળ જીવન વ્યતીત કરવું, (ज्ञानम्) વેદ અને દિવ્ય ગ્રંથોનું જ્ઞાન હોવું, (विज्ञानम्) બુદ્ધિમત્તા (Wisdom)નું હોવું, (अस्तिक्यम्) (અન્ય લોક) મૃત્યુ પછીના જીવનમાં વિશ્વાસ રાખવો, (Beleif in Hereafter) (एवं)નિઃસંદેહ (આ) (ब्रहाकर्म स्वभाव जम्) બ્રાહ્મણના સ્વાભાવિક કર્મ છે.

Note : Swami Mukundananda translated this shlok as follow :
"Tranquility, restraint, ansterily punly, patience, integrily, knowledge, wisdom and belief in hereafter, these are the intrinsic qualities of world for Brahmins." (www.holy-bhgavad-gita-org)

## ૧૮.૪૩

**शौर्यम् तेजः धृतिः दाक्ष्यम् युद्धे च अपि अपलायनम् ।**
**दानम् ईश्वर भावः च क्षात्रम् कर्म स्वभाव-जम् ।।४३।।**

શૂરવીરતા, તેજ, દૃઢ સંકલ્પ, પ્રજાના સંચાલનમાં ચાતુર્ય (Good administration ability) અને યુદ્ધમાં પીઠ ન બતાવવી, દાન કરવું, શાસન કરવાનો સ્વભાવ, નિઃસંદેહ ક્ષત્રિયના (આ) સ્વભાવિક કર્મ છે.

(शौर्यम्) શૂરવીરતા, (तेज) તેજ, (धृतिः) દૃઢ સંકલ્પ, (दाक्ष्यम्) પ્રજાના સંચાલનમાં ચાતુર્ય (Good administration ability) (च) અને (युद्धे अपलायनम्) યુદ્ધમાં પીઠ ન બતાવવી, (दानम्) દાન કરવું, (ईश्वर भावः) શાસન કરવાનો સ્વભાવ, (एव) નિઃસંદેહ (क्षात्रम्) ક્ષત્રિયના (આ) (स्वभाव-जम्) સ્વભાવિક (कर्म) કર્મ છે.

## ૧૮.૪૪

**कृषि गो रक्ष्य वाणिज्यम् वैश्य कर्म स्वभाव-जम् ।**
**परिचर्या आत्मकम् कर्म क्षुद्रस्य अपि स्वभाव-जम् ।।४४।।**

ખેતીવાડી કરવી, ગાયની રક્ષા કરવી, (અને) વેપાર કરવો વૈશ્યના કર્મો છે, અને આ ગુણ તેમનામાં જન્મથી હોય છે, (અને એ જ રીતે) સેવાથી સંબંધિત કર્મ શૂદ્રના છે. આ સ્વાભાવિક ગુણ પણ (શુદ્રમાં) જન્મથી હોય છે.

(कृषी) ખેતીવાડી કરવી, (गो) ગાયની (रक्ष्य) રક્ષા કરવી, (અને) (वाणिज्यम्) વેપાર કરવો (वैश्य कर्म) વૈશ્યના કર્મો છે, (स्वभाव-जम्) અને આ ગુણ તેમનામાં જન્મથી હોય છે, (परिचर्या आत्मकम्) (અને એ જ રીતે) સેવા (आत्मकम् कर्म) થી સંબંધિત કર્મ (शुद्ध) શૂદ્રના છે. (अपि स्वभाव-जम्) આ સ્વાભાવિક ગુણ પણ (શુદ્રમાં) જન્મથી હોય છે.

## ૧૮.૪૫

**स्वे स्वे कर्मणि अभिरतः संसिद्धिम् लभते नरः ।**
**स्व-कर्म निरतः सिद्धिम् यथा विन्दति तत् शृणु ।।४५।।**

પોત-પોતાના (સ્વાભાવિક ગુણો અનુસાર) કામમાં લાગેલા મનુષ્યો (જ) સફળતા પ્રાપ્ત કરે છે. પોતાના સ્વાભાવિક ગુણો અનુસાર કામ કરવાવાળા જે રીતે સફળતા પ્રાપ્ત કરે છે તે (મારાથી) સાંભળો.

(स्वे स्वे) પોત-પોતાના (कर्माणि) (સ્વાભાવિક ગુણો અનુસાર) કામમાં (अभिरतः) લાગેલા (नरः) મનુષ્યો (જ) (संसिद्धिम्) સફળતા (लभते) પ્રાપ્ત કરે છે. (स्व-कर्म) પોતાના સ્વાભાવિક ગુણો અનુસાર કામ (निरत) કરવાવાળા (यथा) જે રીતે (सिद्धिम्) સફળતા (विन्दति) પ્રાપ્ત કરે છે (तत) તે (મારાથી) (शृणु) સાંભળો.

---

**નોંધ ૧૮.૪૪ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું છે કે, ''સાંસારિક જીવનમાં મનુષ્યના જીવનયાપનના સાધનો (Economy and Status) અમે તેમના વચ્ચે વહેંચ્યા છે, અને અમે તેમનામાંથી કેટલાક લોકોને બીજા કેટલાક લોકોથી શ્રેણીઓની દૃષ્ટિએ ઉચ્ચ રાખ્યા છે, જેથી તેમના પૈકી તેઓ એક-બીજાથી કામ લે, અને તમારા રબની દયા તેનાથી ઘણી ઉત્તમ છે, જેને તેઓ સમેટી રહ્યા છે.'' (સૂરઃ અઝ્-ઝુખરુફ, ૪૩, આયત ૩૨)

## ૧૮.૪૬

**यतः प्रवृत्तिः भूतानाम् येन सर्वम् ततम् ।**
**स्व-कर्मणा तम् अभ्यर्च्य सिद्धिम् विन्दति मानवः ।।४६।।**

(એ ઈશ્વર) જેણે સંપૂર્ણ પ્રાણીઓને ઉત્પન્ન કર્યા, જેણે આ સંપૂર્ણ (બ્રહ્માંડને) સ્થાપિત કર્યું, એ (ઈશ્વરની) પ્રાર્થના કરીને પોતાના સ્વાભાવિક ગુણો અનુસાર કામ કરવાથી જ મનુષ્ય સફળતા પ્રાપ્ત કરે છે.

(यतः) (એ ઈશ્વર) જેણે (भूतानाम्) સંપૂર્ણ પ્રાણીઓને (प्रवृत्ति) ઉત્પન્ન કર્યા, (येन) જેણે (इदम) આ (सर्वम्) સંપૂર્ણ (બ્રહ્માંડને) (ततम्) સ્થાપિત કર્યું, (तम्) એ (ઈશ્વરની) (अभ्यर्च्य) પ્રાર્થના કરીને (स्व-कर्मणा) પોતાના સ્વાભાવિક ગુણો અનુસાર કામ કરવાથી જ (मानवः) મનુષ્ય (सिद्धिम्) સફળતા (विन्दति) પ્રાપ્ત કરે છે.

## ૧૮.૪૭

**श्रेयान् स्व-धर्मः विगुणः परधर्मात् सु-अनुष्ठितात् ।**
**स्वभाव-नियतम् कर्म कुर्वन न आप्नोति किल्बिषम् ।।४७।।**

બીજાઓના સ્વભાવિક ગુણોવાળા કર્તવ્યો (કર્મો)ને સારી રીતે કરવાથી વધારે ઉત્તમ છે કે ઓછા સ્વાભાવિક ગુણો હોવા છતાં પણ (મનુષ્ય) પોતાના સ્વાભાવિક ગુણો અનુસાર કામ કરે, (કેમ કે) પોતાના સ્વાભાવિક ગુણો અનુસાર કામ કરવાથી અસફળતા નથી મળતી.

(पर) બીજાઓના સ્વભાવિક ગુણોવાળા (धर्मात) કર્તવ્યો (કર્મો)ને (सु-अनुष्ठितात्) સારી રીતે કરવાથી (श्रेयान्) વધારે ઉત્તમ છે કે (विगुणः) ઓછા સ્વાભાવિક ગુણો હોવા છતાં પણ (स्व-धर्म) (મનુષ્ય) પોતાના સ્વાભાવિક ગુણો અનુસાર કામ કરે, (કેમ કે) (स्वभाव) પોતાના સ્વાભાવિક ગુણો (नियतन) અનુસાર (कर्म) કામ (कुर्वन) કરવાથી (किल्बिषम्) અસફળતા (न) નથી (आप्नोति) મળતી.

## ૧૮.૪૮

**सहजम् कर्म मौन्तेय स-दोषम् अपि न त्यजेत् ।**
**सर्व-आरम्भाः हि दोषेण धूमेन अग्निः इव आवृता ।।४८।।**

નિઃસંદેહ, બધા પ્રયાસો, કામ (માં) કમી થાય છે. (બધા કામ દોષયુક્ત - Imperfect હોય છે). (અને આ દોષનું હોવું એવું સ્વાભાવિક છે કે) જેમ કે અગ્નિનું ધૂમાડાથી યુક્ત (હોવું સ્વાભાવિક છે). નિઃસંદેહ, હે અર્જુન ! (બધા સ્વાભાવિક ગુણો) દોષની સાથે (જ મનુષ્યની સાથે) નિર્માણ કરવામાં આવ્યા છે. (આ કારણસર પોતાના સ્વાભાવિક ગુણો અનુસાર કર્મોનો) કદી ત્યાગ ન કરવો જોઈએ.

(हि) નિઃસંદેહ, (सर्व) બધા (आरम्भा) પ્રયાસો, કામ (दोषेण) (માં) કમી થાય છે. (બધા કામ દોષયુક્ત - Imperfect હોય છે). (इव) (અને આ દોષનું હોવું એવું સ્વાભાવિક છે કે) જેમ કે (अग्नि) અગ્નિનું (धूमेन) ધૂમાડાથી (आवृताः) યુક્ત (હોવું સ્વાભાવિક છે). (अपि) નિઃસંદેહ, (कौन्तेय) હે અર્જુન ! (दोषम्) (બધા સ્વાભાવિક ગુણો) દોષ (स) ની સાથે (सहजम्) (જ મનુષ્યની સાથે) નિર્માણ કરવામાં આવ્યા છે. (कर्म) (આ કારણસર પોતાના સ્વાભાવિક ગુણો અનુસાર કર્મોનો) (त्यजेत्) કદી ત્યાગ (न) ન કરવો જોઈએ.

---

**નોંધ ૧૮.૪૬ :** પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.)એ કહ્યું, ''ઈશ્વરે કેટલાક મનુષ્યોને લોકોની આવશ્યકતાઓ પૂરી કરવા માટે પેદા કરેલ છે. લોકો તેમના પાસે પોતાની આવશ્યકતાઓ લઈને જાય છે અને તેઓ તેને પૂરી કરે છે. લોકોની આવશ્યકતાઓને પૂરી કરવાવાળા આ લોકો ઈશ્વરના પ્રકોપથી સુરક્ષિત રહેશે.'' (તબરાની કબીર - ૧૩૩૩૪, અન્ અબ્દુલ્લાહ બિન ઉમર)

## ૧૮.૪૯

**असक्त-बुद्धिः सर्वत्र जित-आत्मा विगत-स्पृहः ।**
**नैष्कर्म्य-सिद्धिम् परमाम् संन्यासेन अधिगच्छति ॥४९॥**

જેણે બધાથી પોતાની બુદ્ધિને (Expectation)ને હટાવી લીધી છે, (જેણે) પોતાને જીતી લીધો છે, જેણે પોતાની ઇચ્છાઓને (પૂરી કરવાનું) છોડી દીધું છે, જેણે કર્મ-ફળ પામવાની ઇચ્છાને સંપૂર્ણપણે છોડી દીધી છે, તે મહાન ઈશ્વરને પામી લે છે.

(सर्वत्र) જેણે બધાથી (बुद्धि) પોતાની બુદ્ધિને (Expe -ctation)ને (असक्त) હટાવી લીધી છે, (आत्मा) (જેણે) પોતાને (जित) જીતી લીધો છે, (स्पृहः) જેણે પોતાની ઇચ્છાઓને (विगत) (પૂરી કરવાનું) છોડી દીધું છે, (नैष्कर्म्य-सिद्धिम्) જેણે કર્મ-ફળ પામવાની ઇચ્છાને સંપૂર્ણપણે (संन्यासेन) છોડી દીધી છે, (परमान) તે મહાન ઈશ્વરને (अधिगच्छति) પામી લે છે.

## ૧૮.૫૦

**सिद्धिम् प्राप्तः यथा ब्रह्म तथा आप्नोति निबोध मे ।**
**समासेन एव कौन्तेय निष्ठा ज्ञानस्य या परा ॥५०॥**

દિવ્ય જ્ઞાન જેના દ્વારા (મનુષ્ય) ઈશ્વરમાં શ્રદ્ધા પ્રાપ્ત કરે છે, અને ઈશ્વરની (યાદમાં) પૂર્ણતા (Perfection) પ્રાપ્ત કરે છે, એ (જ્ઞાનને) સંક્ષિપ્તમાં મારાથી સમજવાનો પ્રયાસ કરો.

(परा) દિવ્ય જ્ઞાન (या) જેના દ્વારા (મનુષ્ય) (निष्ठा) ઈશ્વરમાં શ્રદ્ધા (प्राप्त) પ્રાપ્ત કરે છે, (तथा) અને (ब्रह्म) ઈશ્વરની (યાદમાં) (सिद्धिम्) પૂર્ણતા (Perfection) (आप्नोति) પ્રાપ્ત કરે છે, (यथा) એ (જ્ઞાનને) (समासेन) સંક્ષિપ્તમાં (मे) મારાથી (निबोध) સમજવાનો પ્રયાસ કરો.

### ઈશ્વરને ઓળખવા માટે અનિવાર્ય ગુણ અને કર્મ

## ૧૮.૫૧

**बुद्धया विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च ।**
**शब्द-आदीन् विषयान् त्यक्त्वा राग द्वेषौ व्युदस्य च ॥५१॥**

(નીચે બતાવેલ કર્મ કરવાથી મનુષ્ય ઈશ્વરની કૃપા-દૃષ્ટિ પ્રાપ્ત કરે છે.)

પોતાના મનને સંગમ (શિર્ક, અનેકેશ્વરવાદ)થી શુદ્ધ રાખો અને ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલા રહો. દૃઢતાથી પોતાને ધાર્મિક નિયમોના પાલનમાં સ્થિત રાખો. મનને આનંદ આપવાવાળી વસ્તુઓ અને કામ અને વધારે વાતચીત છોડી દો. ક્રોધ અને કોઈનાથી નફરત કરવાને એક બાજુ મૂકી દો (છોડી દો).

(बुद्धया विशुद्धया युक्तो) પોતાના મનને સંગમ (શિર્ક, અનેકેશ્વરવાદ)થી શુદ્ધ રાખો અને ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલા રહો. (धृत्यात्मानं नियम्य) દૃઢતાથી પોતાને ધાર્મિક નિયમોના પાલનમાં સ્થિત રાખો. (शब्द-आदीन् विषयान् त्यक्त्वा) મનને આનંદ આપવાવાળી વસ્તુઓ અને કામ અને વધારે વાતચીત છોડી દો. (व्युदस्य राग द्वेषौ) ક્રોધ અને કોઈનાથી નફરત કરવાને એક બાજુ મૂકી દો (છોડી દો).

## ૧૮.૫૨

**विविक्त-सेवी लघु-आशी यत वाक् काय मानसः ।**
**ध्यान-योगपरः नित्यम् वैराग्यम् समुपाश्रितः ।।५२।।**
શાંત સ્થાન પર હો. ઓછું ભોજન કરો. વાણી, શરીર અને મનને વશમાં રાખો. ધ્યાન દ્વારા હંમેશા પોતાના મનને ઈશ્વરના સંપર્કમાં રાખો. ઈશ્વરનું શરણ લો. નિષ્પક્ષ રહો (તમારા સ્વભાવમાં ન્યાય હોય).

(विविक्त-सेवी) શાંત સ્થાન પર હો. (लघु आशी) ઓછું ભોજન કરો. (यत वाक काय मानसः) વાણી, શરીર અને મનને વશમાં રાખો. (ध्यान-योगपरः नित्यम्) ધ્યાન દ્વારા હંમેશા પોતાના મનને ઈશ્વરના સંપર્કમાં રાખો. (समुपाश्रितः) ઈશ્વરનું શરણ લો. (वैराग्यम्) નિષ્પક્ષ રહો (તમારા સ્વભાવમાં ન્યાય હોય).

## ૧૮.૫૩

**अहंकारम् बलम् दर्पम् कामम् क्रोधम् परिग्रहम् ।**
**विमुच्य निर्ममः शान्तः ब्रह्म-भूयाय कल्पते ।।५३।।**
જે મનુષ્ય અહંકાર, હિંસા, ઘમંડ, પોતાની ઇચ્છાઓને પૂરી કરવી, ક્રોધ, સ્વાર્થ, આપમતલબ છોડી દે છે, (ધન-સંપત્તિના) પ્રેમને છોડી દે છે અને શાંતિપ્રિય છે, (એવો મનુષ્ય) ઈશ્વરના વિવેકને (ઓળખવાને /Realization) યોગ્ય છે.

જે મનુષ્ય (अहंकारम्) અહંકાર, (बलम्) હિંસા, (दर्पम्) ઘમંડ, (कामम्) પોતાની ઇચ્છાઓને પૂરી કરવી, (क्रोधम्) ક્રોધ, (परिग्रहम्) સ્વાર્થ, આપમતલબ (विमुच्य) છોડી દે છે, (निर्ममः) (ધન-સંપત્તિના) પ્રેમને છોડી દે છે (शान्ता) અને શાંતિ-પ્રિય છે, (ब्रह्म) (એવો મનુષ્ય) ઈશ્વરના (भूयाय) વિવેકને (ઓળખવાને / Realization) (कल्पतै) યોગ્ય છે.

## ૧૮.૫૪

**ब्रह्म-भूत प्रसन्न-आत्मा न शोचति न काङ्क्षति ।**
**समः सर्वेषु भूतेषु मत् भक्तिम् लभते पराम् ।।५४।।**
ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલા મનુષ્યો શાંત મન (ના હોય છે). ન (તો તેઓ) ચિંતિત હોય છે, ન (તો તેઓ) કોઈનાથી કોઈ વસ્તુની આશા રાખે છે. (તેઓ) સૌ મનુષ્યો સાથે એક જેવો વ્યવહાર કરે છે. (તેઓ માત્ર) મારી પ્રાર્થના કરે છે, (અને સ્વર્ગના) સૌથી શ્રેષ્ઠ સ્થાનને પામી લે છે.

(ब्रह्म-भूत) ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલા મનુષ્યો (प्रसन्न आत्मा) શાંત મન (ના હોય છે). (न) ન (તો તેઓ) (शोचति) ચિંતિત હોય છે, (न) ન (તો તેઓ) (काङ्क्षति) કોઈનાથી કોઈ વસ્તુની આશા રાખે છે. (सर्वेषु) (તેઓ) સૌ (भूतेषु) મનુષ્યો સાથે (सम) એક જેવો વ્યવહાર કરે છે. (मत) (તેઓ માત્ર) મારી (भक्तिम्) પ્રાર્થના કરે છે, (पराम्) (અને સ્વર્ગના) સૌથી શ્રેષ્ઠ સ્થાનને (लाभते) પામી લે છે.

---

**નોંધ ૧૮.૫૩ :** ઈશ્વરે પવિત્ર કુર્આનમાં કહ્યું છે કે, ‘‘અને એ કે અનાથના માલના નજીક ન જાઓ, પરંતુ એવી રીતે જે સૌથી સારી હોય, ત્યાં સુધી કે તેઓ પોતાની યુવાવસ્થાની ઉંમરે પહોંચી જાય, અને માપ-તોલમાં પૂરેપૂરો ન્યાય કરો. અમે દરેક વ્યક્તિની જવાબદારીનો એટલો જ બોજ મૂકીએ છીએ જેટલું તેનામાં સામર્થ્ય છે, અને જ્યારે વાત કહો તો ન્યાયની કહો, ચાહે મામલો પોતાના સગા-સંબંધીઓનો જ કેમ ન હોય, અને ઈશ્વરની પ્રતિજ્ઞાને (અર્થાત્ ઈશ્વરથી કરેલ વચનો-વાયદાઓ વગેરેને) પૂરા કરો. આ વાતોનો આદેશ ઈશ્વરે તમને આપ્યો છે, કદાચ કે તમે શિખામણ કબૂલ કરો. વધુમાં તેનો આદેશ એ છે કે આ જ મારો સીધો માર્ગ છે, તેથી તમે આના પર જ ચાલો અને બીજા માર્ગો પર ન ચાલો કે તે તેના માર્ગથી હટાવીને તમને વિખેરી નાખશે. આ છે એ આદેશ, જે તમારા ઈશ્વરે તમને આપ્યો છે, કદાચ તમે પથભ્રષ્ટતાથી બચો. પછી અમે મૂસાને ગ્રંથ પ્દાન કર્યો હતો, જે ભલાઈની નીતિ અપનાવનારા લોકો માટે ને’મત (કૃપા)ની પૂર્ણતા અને દરેક જરૂરી વસ્તુનું વિવરણ અને સંપૂર્ણપણે સત્ય-માર્ગની સૂચના અને દયા હતો. (અને ઈસરાઈલની સંતાનને એટલા માટે આપવામાં આવ્યો હતો કે) કદાચ લોકો પોતાના ઈશ્વરથી મળવા પર ઈમાન લાવે.’’ (સૂરઃ અલ-અન્આમ, ૬, આયત ૧૫૨-૧૫૪)

**મનુષ્ય કોઈની સહાયતા વગર સ્વયં ઈશ્વર સુધી પહોંચી શકે છે.**

## ૧૮.૫૫

**भक्त्या माम् अभिजानाति यावान् यः च अस्मी तत्त्वतः ।**
**ततः माम् तत्त्वतः ज्ञात्वा विशते तत-अनन्तरम् ।।५५।।**

તે (ભક્ત) મારી સચ્ચાઈને (અર્થાત્) હું જેવો છું અને (અથવા) જે છું (મારી) પ્રાર્થનાથી જ જાણી લે છે, (અને પછી) મારી સચ્ચાઈને જાણવાવાળો એ (ભક્ત) (મારા અને તેના) વચ્ચે બીજા કોઈને લાવ્યા વગર (મારા સુધી) પહોંચે છે.

(तत) તે (ભક્ત) (तत्त्वतः) મારી સચ્ચાઈને (અર્થાત્) (यावान्) હું જેવો છું (च) અને (અથવા) જે (अस्मि) છું (भक्त्या) (મારી) પ્રાર્થનાથી જ (अभिजानाति) જાણી લે છે, (माम) (અને પછી) મારી (तत्त्वतः) સચ્ચાઈને (ज्ञात्वा) જાણવાવાળો (तत) એ (ભક્ત) (अनन्तरम्) (મારા અને તેના) વચ્ચે બીજા કોઈને લાવ્યા વગર (विशते) (મારા સુધી) પહોંચે છે.

**સફળતામાં ઈશ્વરની કૃપા-દૃષ્ટિનું મહત્ત્વ**

## ૧૮.૫૬

**सर्व कर्माणि अपि सदा कुर्वा णः मतत्व्यपाश्रयः ।**
**मतत्प्रसादात् अवाप्नोति शाश्वतम् पदम् अव्ययम् ।।५६।।**

પરંતુ (સાચું તો એ છે કે) બધા સત્કર્મોને મારા સહારે કરવાવાળો, મારી કૃપા-દૃષ્ટિ (થી જ) (સ્વર્ગનો) હંમેશા સ્થિત રહેવાવાળો અવિનાશી સ્થાન પામી શકે છે.

(अपि) પરંતુ (સાચું તો એ છે કે) (सर्व) બધા (कर्माणि) સત્કર્મોને (मत) મારા (व्यापाश्रयः) સહારે (कुर्वाण) કરવાવાળો, (मत) મારી (प्रसादत) કૃપા-દૃષ્ટિ (થી જ) (शाश्वतम्) (સ્વર્ગનો) હંમેશા સ્થિત રહેવાવાળો (अव्ययम्) અવિનાશી (पदम्) સ્થાન (अवाप्नोति) પામી શકે છે.

**અર્જુન અને સમગ્ર માનવ-જાતિને ઈશ્વરનો આદેશ**

## ૧૮.૫૭

**चेतसा सर्व-कर्माणि मयि संन्यस्य मत-परः ।**
**बुद्धि-योगम् उपाश्रित्य मत्-चित्तः सततम् भव ।।५७।।**

સંપૂર્ણ ચેતનાની સાથે પોતાના બધા કર્મો (કેવળ) મને સમર્પિત કરો. મને પોતાના જીવનનું લક્ષ્ય બનાવો. પોતાની બુદ્ધિને મારાથી જોડીને રાખો. (મારું) શરણ લો, મારામાં સદૈવ લીન રહેવાવાળા બની જાઓ.

(चेतसा) સંપૂર્ણ ચેતનાની સાથે (सर्व-कर्माणि) પોતાના બધા કર્મો (मयि) (કેવળ) મને (संन्यस्य) સમર્પિત કરો. (मत-परः) મને પોતાના જીવનનું લક્ષ્ય બનાવો. (बुद्धि-योगम्) પોતાની બુદ્ધિને મારાથી જોડીને રાખો. (उपाश्रित्य) (મારું) શરણ લો, (मत) મારામાં (सततम्) સદૈવ (चित्तः) લીન રહેવાવાળા (भव) બની જાઓ.

## ૧૮.૫૮

**मत् चित्तः सर्व दुर्गाणि मत् प्रसादात् तरिष्यति ।**
**अथ चेत् त्वम् अहंकारान् न श्रोष्यसि विनङ्क्ष्यसि ।।५८।।**

(હંમેશા) મારામાં લીન રહેવાવાળા (બનશો) તો બધી રુકાવટો મારી કૃપાથી પાર કરી જશો. પરંતુ જો તમે (મારા આદેશને) ન સાંભળીને અહંકારમાં ડૂબેલા રહેશો તો બરબાદ થઈ જશો.

(मत) (હંમેશા) મારામાં (चित्तः) લીન રહેવાવાળા (બનશો) તો (सर्व) બધી (दुर्गाणि) રુકાવટો (मत) મારી (प्रसादात्) કૃપાથી (तरिष्यति) પાર કરી જશો. (अथ) પરંતુ (चेत) જો (त्वम्) તમે (મારા આદેશને) (न) ન (श्रोष्यसि) સાંભળીને (अहंकारात) અહંકારમાં ડૂબેલા રહેશો તો (विनङ्क्ष्यसि) બરબાદ થઈ જશો.

## ૧૮.૫૯

**यत् अहंकारम् आश्रित्य न योत्स्ये इति मन्यसे ।**
**मिथ्या एष व्यवसायः ते प्रकृतिः त्वाम् नियोक्ष्यति ॥५९॥**

અહંકારના સહારા (ના કારણે) જો (તમે) આ રીતે વિચારી રહ્યા છો કે (હું) યુદ્ધ નહીં (કરું) તો તમારી આ પ્રતિજ્ઞા ખોટી છે. (ઈશ્વરે રચેલ) ભાગ્ય તમને (આ યુદ્ધમાં) ઝોંકી દેશે.

(अहंकारम्) અહંકારના (आश्रित्य) સહારા (ના કારણે) (यत) જો (તમે) (इति) આ રીતે (मन्यसे) વિચારી રહ્યા છો કે (योत्स्ये) (હું) યુદ્ધ (न) નહીં (કરું) (एष) તો (ते) તમારી (व्यवसाय) આ પ્રતિજ્ઞા (मिथ्या) ખોટી છે. (પ્રકૃતિ) (ઈશ્વરે રચેલ) ભાગ્ય (त्वाम्) તમને (नियोक्ष्यति) (આ યુદ્ધમાં) ઝોંકી દેશે.

## ૧૮.૬૦

**स्वभाव-जेन कौन्तेय निबद्ध स्वेन कर्मणा ।**
**कर्तुम् न इच्छसि यत् मोहात् करिष्यसि अवशः अपि तत् ॥५६॥**

હે કુન્તી-પુત્ર (અર્જુન) ! ભ્રમના કારણે જે અનિવાર્ય કર્તવ્યને કરવા માટે (તમે) તૈયાર નથી, ઈશ્વર દ્વારા રચેલ સ્વભાવથી મજબૂર થઈને, નિઃસંદેહ (તમે) આપોઆપ એ કર્મ ન ચાહવા છતાં પણ કરવા લાગશો.

(कौन्तेय) હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (मोहात्) ભ્રમના કારણે (यत्) જે (कर्तुम) અનિવાર્ય કર્તવ્યને કરવા માટે (ईच्छसि) (તમે) તૈયાર (न) નથી, (जेन) ઈશ્વર દ્વારા રચેલ (स्वभाव) સ્વભાવથી (निबद्ध) મજબૂર થઈને, (अपि) નિઃસંદેહ (स्वेन) (તમે) આપોઆપ (तत्) એ (कर्मणा) કર્મ (अवशः) ન ચાહવા છતાં પણ (करिष्यसि) કરવા લાગશો.

### ઈશ્વરની પરીક્ષા લેવાની પદ્ધતિ

## ૧૮.૬૧

**ईश्वरः सर्व-भूतानाम् हृत-देशे अर्जुन तिष्ठति ।**
**भ्रामयन् सर्व-भूतानि यन्त्र आरुढानि मायया ॥६१॥**

હે અર્જુન ! બધા મનુષ્યોના હૃદયમાં ઈશ્વર સ્થિત છે (હાજર છે), (અને તે) બધા મનુષ્યોની પરીક્ષા લેવા માટે (તેમને સમયના) યંત્ર પર સવાર કરીને ફેરવતો રહે છે.

(अर्जुन) હે અર્જુન ! (सर्व) બધા (भूतानाम) મનુષ્યોના (हृत) હૃદય (देशे) માં (ईश्वर) ઈશ્વર (तिष्ठति) સ્થિત છે (હાજર છે), (सर्व) (અને તે) બધા (भूतानि) મનુષ્યોની (मायया) પરીક્ષા લેવા માટે (यन्त्र) (તેમને સમયના) યંત્ર પર (आरुढानि) સવાર કરીને (भ्रामयन्) ફેરવતો રહે છે.

## ૧૮.૬૨

**तम् एछ शरणम् गच्छ सर्व-भावेन भारत ।**
**तत प्रसादात् पराम् शान्तिम् स्थानम् प्राप्स्यसि शाश्वतम् ॥६२॥**

હે અર્જુન ! એ (ઈશ્વરના) શરણમાં દરેક રીતે આવી જાઓ. એ (ઈશ્વરની) કૃપાથી (તમને) સર્વશ્રેષ્ઠ શાંતિવાળું સ્થાન (સ્વર્ગ) હંમેશા માટે પ્રાપ્ત થશે.

(भारत) હે અર્જુન ! (तम्) એ (ઈશ્વરના) (शरणम्) શરણમાં (सर्व भावेन) દરેક રીતે આવી જાઓ. (तत) એ (ઈશ્વરની) (प्रसादात) કૃપાથી (તમને) (पराम्) સર્વશ્રેષ્ઠ (शान्तिम्) શાંતિવાળું (स्थान) સ્થાન (સ્વર્ગ) (शाश्वतम्) હંમેશા માટે (प्राप्स्यसि) પ્રાપ્ત થશે.

---

**નોંધ ૧૮.૬૧ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું છે કે, ''નિશ્ચિતપણે ધરતી પર જે કંઈ છે તેને અમે તેની શોભા બનાવેલ છે, જેથી અમે તેમની (મનુષ્યોની) પરીક્ષા લઈએ કે કોણ તેમના પૈકી કર્મની દૃષ્ટિએ સૌથી શ્રેષ્ઠ છે.'' (સૂરઃ અલ-કહફ, ૧૮, આયત ૭)

## ૧૮.૬૩

**इति ते ज्ञानम् आख्यातम् गुह्यात् गुह्यतरम् मया ।**
**विमृश्य एतत अशेषेण यथा इच्छसि तथा कुरु ॥६३॥**

આ રીતે મારા દ્વારા તમને અત્યંત ગુપ્ત જ્ઞાન કહેવામાં આવ્યું. આ (જ્ઞાન પર) સારી રીતે વિચાર કરીને જેવું ઈચ્છો છો એવું કરો.

(तत) આ રીતે (मया) મારા દ્વારા (ते) તમને (गुह्यतरम्) અત્યંત ગુપ્ત (ज्ञानम्) જ્ઞાન (आख्यातम्) કહેવામાં આવ્યું. (एतत) આ (જ્ઞાન પર) (अशेषेण) સારી રીતે (विमृश्य) વિચાર કરીને (यथा) જેવું (इच्छसि) ઈચ્છો છો (तथा) એવું (करु) કરો.

## ૧૮.૬૪

**सर्व-गुह्य-तमम् भूयः शृणु मे परमम् वचः ।**
**इष्टः असि मे दृढम् इति ततः वक्ष्यामि ते हितम् ॥६४॥**

(તમે) મારા પર દઢતાથી શ્રદ્ધા રાખવાવાળા મિત્ર છો, તેથી તમારા હિત માટે મારા દ્વારા એ તમામ ગુપ્ત આદેશોમાંથી એ સૌથી શ્રેષ્ઠ આદેશને ફરીથી કહી રહ્યો છું (તેને ધ્યાનથી) સાંભળો.

(मे) (તમે) મારા પર (दृढम्) દઢતાથી શ્રદ્ધા રાખવા-વાળા (इष्ट) મિત્ર (असि) છો, (इति) તેથી (ते) તમારા (हितम्) હિત માટે (मे) મારા દ્વારા (तमम्) એ (सर्व) તમામ (गुह्य) ગુપ્ત (वच) આદેશોમાંથી (तत) એ (परमम्) સૌથી શ્રેષ્ઠ આદેશને (भूयः) ફરીથી (वक्ष्यामि) કહી રહ્યો છું (शृणु) (તેને ધ્યાનથી) સાંભળો.

### અર્જુન અને સમગ્ર માનવ-જાતિ માટે સોનેરી આદેશો

## ૧૮.૬૫

**मत-मनाः भव मतभक्तः मत् याजी माम् नमस्कुरु ।**
**माम् एव एष्यसि सत्यम् ते प्रतिजाने प्रियः असि मे ॥६५॥**

(હંમેશા) મારા (વિશે) વિચારતા રહો. (માત્ર) મારી ભક્તિ કરવાવાળા બનો. દરેક સત્કર્મને (કેવળ) મારા માટે કરો. મને જ નમસ્કાર કરો. નિઃસંદેહ (આ બધા કામોને કરવાથી તમે) મને પામી લેશો (આ મારું) તમારાથી સાચું વચન છે, (કેમ કે તમે) મને પ્રિય છો.

(मत) (હંમેશા) મારા (मना) (વિશે) વિચારતા રહો. (मत) (માત્ર) મારી (भक्त) ભક્તિ કરવાવાળા (भव) બનો. (याजी) દરેક સત્કર્મને (मत्) (માત્ર) મારા માટે કરો. (माम्) મને જ (नमस्कुरु) નમસ્કાર કરો. (एत) નિઃસંદેહ (माम्) (આ બધા કામો કરવાથી તમે) મને (एष्यसि) પામી લેશો (ते) (આ મારું) તમારાથી (सत्यम्) સાચું (प्रतिजाने) વચન છે, (मे) (કેમ કે તમે) મને (प्रिया) પ્રિય (असि) છો.

---

**નોંધ ૧૮.૬૨ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું છે કે, ''તમારું ધન અને તમારી સંતાન તો એક પરીક્ષા છે, અને ઈશ્વર જ છે જેના પાસે મોટો બદલો છે. તેથી યથાશક્તિ ઈશ્વરથી ડરતા રહો, અને સાંભળો અને આજ્ઞાપાલન કરો, અને પોતાનું ધન ખર્ચ કરો. આ તમારા માટે સારું છે. જેઓ પોતાના હૃદયની તંગીથી (કંજૂસીથી) સુરક્ષિત રહી ગયા, બસ તેઓ જ સફળતા પ્રાપ્ત કરવાવાળા છે. જો તમે ઈશ્વરને સારું ઋણ આપો તો તે તમને અનેકગણું વધારીને આપશે અને તમારી ભૂલોને માફ કરશે. ઈશ્વર મોટો ગુણગ્રાહી અને સહનશીલ છે. પ્રત્યક્ષ અને પરોક્ષ દરેક વસ્તુને જાણે છે, પ્રભુત્વશાળી અને તત્ત્વદર્શી છે.'' (સૂરઃ અત્-તગાબુન, ૬૪, આયત ૧૫-૧૮)

---

**નોંધ ૧૮.૬૩ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું છે કે, ''પરંતુ જે વ્યક્તિ રસૂલના વિરોધ પર કટિબદ્ધ હોય અને ઈમાનવાળાઓના માર્ગ સિવાય બોઈ અન્ય માર્ગ પર ચાલે, જ્યારે કે તેના પર સીધો માર્ગ સ્પષ્ટ થઈ ચૂક્યો હોય, તો તેને અમે એ જ તરફ ચલાવીશું જે તરફ તે પોતે ફરી ગયો, અને તેને જહન્નમમાં નાખી દઈશું, જે સૌથ ખરાબ ઠેકાણું છે.'' (સૂરઃ અત્-તગાબુન, ૬૪, આયત ૧૫-૧૮)

## ૧૮.૬૬

**सर्व-धर्मान् परित्यज्य माम् एकम् शरणम् व्रजा ।**
**अहम् त्वाम् सर्व पापेभ्यः मोक्षयिष्यामि मा शुचः ॥६६॥**

બધા ધર્મોને છોડીને મુજ એક પર ઈશ્વરના શરણમાં આવી જાઓ. ચિંતા ન કરો. હું તમારા બધા પાપોને ક્ષમા કરી દઈશ.

(सर्व) બધા (धर्मान्) ધર્મોને (परित्यज्य) છોડીને (माम) મુજ (एकम्) એક પર ઈશ્વરના (शरणम्) શરણમાં (व्रज) આવી જાઓ. (शुच) ચિંતા (मा) ન કરો. (अहम) હું (त्वाम्) તમારા (सर्व) બધા (पापेभ्य) પાપોને (मोक्षयिष्यामि) ક્ષમા કરી દઈશ.

**જ્ઞાનનો પ્રચાર કેવી રીતે કરવામાં આવે ?**

## ૧૮.૬૭

**इदम् ते न अतपस्काय न अभक्ताय कदाचन ।**
**न च अशुश्रूषवे वाच्यम् न च माम् यः अभ्यसूयति ॥६७॥**

જે વ્યક્તિ પોતાને વશમાં નથી રાખતો, જે પ્રાર્થના નથી કરતો અને જે (ઈશ્વરના આદેશોને) સાંભળવામાં રુચિ નથી રાખતો, (આવા લોકોને) તમારા દ્વારા આ (ઈશવાણી) કદાપિ કહેવામાં ન (આવે) અને જે (વ્યક્તિ) મારાથી દ્વેષ રાખે છે, ન (ઈશવાણી તેમને કહેવામાં આવશે).

(अतपस्काय) જે વ્યક્તિ પોતાને વશમાં (न) નથી રાખતો, (अभक्ताय) જે પ્રાર્થના નથી કરતો (च) અને (अशुश्रुषवे) જે (ઈશ્વરના આદેશોને) સાંભળવામાં રુચિ (न) નથી રાખતો, (ते) (આવા લોકોને) તમારા દ્વારા (इदम) આ (ઈશવાણી) (कदाचन) કદાપિ (वाच्यम्) કહેવામાં (न) ન (આવે) (च) અને (य) જે (વ્યક્તિ) (माम) મારાથી (अभ्यसूयति) દ્વેષ રાખે છે, (न) ન (ઈશવાણી તેમને કહેવામાં આવશે).

---

**નોંધ ૧૮.૬૬ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું છે કે, ''આરંભમાં બધા લોકો એક જ પદ્ધતિ (ધર્મ) પર હતા. (પછી આ સ્થિતિ બાકી ન રહી અને મતભેદો ઊભા થયા) ત્યારે ઈશ્વરે પયગંબરો મોકલ્યા, જેઓ સીધા માર્ગ પર ચાલવા માટે ખુશખબર આપવાવાળા અને ખોટ માર્ગે ચાલવાના પરિણામોથી ડરાવવાવાળા હતા, અને તેમના સાથે સત્ય પર આધારિત ગ્રંથો અવતરિત કર્યા, જેથી સત્ય વિશે લોકો વચ્ચે જે મતભેદ ઊભા થઈ ગયા હતા તેનો નિર્ણય કરે. (અને આ મતભેદો ઊભા થવાનું કારણ એ નહોતું કે આરંભમાં લોકોને સત્યનું જ્ઞાન કરાવ્યું નહોતું, ના, બલ્કે) મતભેદો એ લોકોએ કર્યા જેમને સત્યનું જ્ઞાન આપી દેવામાં આવ્યું હતું. તેમણે સ્પષ્ટ આદેશો મળી ગયા પછી માત્ર પોતાની હઠ (જીદ)ના કારણે સત્યને છોડીને જુદા-જુદા રસતાઓ ઉપજાવી કાઢ્યા. આમ, જે લોકોએ પયગંબરોને માન્ય, તેમને ઈશ્વરે પોતાની અનુમતિથી એ સત્યનો માર્ગ બતાવી દીધો, જેમાં લોકોએ મતભેદો કર્યા હતા. ઈશ્વર જેને ઇચ્છે છે સીધો માર્ગ બતાવી દે છે.'' (સૂરઃ અલ-બકરહ, ૨, આયત ૨૧૩)

---

**નોંધ ૧૮.૬૭ :** પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું છે કે, ''(કુર્આન) એ ગ્રંથ આ જ છે, જેમાં કોઈ સંદેહ નથી, માર્ગદર્શન છે (ઈશ્વરથી) ડરવાવાળાઓ માટે. (સૂરઃ અલ-બકરહ, ૨, આયત ૨)
અર્થાત્ કુર્આન બધા વાંચશે, પરંતુ તેનાથી માર્ગદર્શન તેઓ જ પ્રાપ્ત કરશે જેઓ ઈશ્વરથી ડરે છે.
એ જ પ્રમાણે ભગવદ્ગીતા માટે શ્લોક નં. ૧૮.૬૭માં કહેવામાં આવ્યું કે જેને પોતાની ઇચ્છાઓ પર કાબૂ નથી અને જેઓ ઈશ્વરની ભક્તિ નથી કરતા તેને આ ગ્રંથ સંભળાવવામાં ન આવે, કેમ કે તે આનાથી કંઈ નહીં શીખે, આ સમયને નષ્ટ કરવા જેવું છે.

**જ્ઞાનના પ્રચારકનું મહત્ત્વ**

## ૧૮.૬૮

**यः इदम् परमम् गुह्यम् मत् भक्तेषु अभिधास्यति ।**
**भक्तिम् मायि पराम् कृत्वा माम् एव एष्यति असंशयः ।।६८।।**

સાચું તો એ છે કે મારી ભક્તિ કરીને, જે પ્રચારક મારા ભક્તોને આ સૌથી શ્રેષ્ઠ અને દિવ્ય છુપા જ્ઞાનને સમજાવે છે, નિઃસંદેહ તે મારા સૌથી શ્રેષ્ઠ અને દિવ્ય (સ્વર્ગના) ધામને પ્રાપ્ત કરે છે.

(एरा) સાચું તો એ છે કે (मयि) મારી (भक्तिम्) ભક્તિ (कृत्वा) કરીને, (यः) જે પ્રચારક (मत्) મારા (भक्तेषु) ભક્તોને (इदम्) આ (परमम्) સૌથી શ્રેષ્ઠ અને દિવ્ય (गुह्यम्) છુપા જ્ઞાનને (अभिधास्यति) સમજાવે છે, (असंशय) નિઃસંદેહ (माम्) તે મારા (पराम्) સૌથી શ્રેષ્ઠ અને દિવ્ય (સ્વર્ગના) ધામને (एष्यति) પ્રાપ્ત કરે છે.

## ૧૮.૬૯

**न च तस्मात् मनुष्येषु कश्चित् मे प्रिय-कत् तमः ।**
**भविता न च मे तस्मात् अन्यः प्रिय-तरः भुवि ।।६९।।**

આ સંસારના મનુષ્યોમાં આ ધર્મના પ્રચારકની તુલનામાં કોઈ અન્ય નથી, જેનાથી હું પ્રેમ કરું છું અને (ભવિષ્યમાં પણ) આની તુલનામાં બીજો કોઈ મને આનાથી વધારે પ્રિય નહીં હોય.

(भुवि) આ સંસારના (मनुष्येषु) મનુષ્યોમાં (तस्मात्) આ ધર્મના પ્રચારકની તુલનામાં (कश्चित्) કોઈ (च) અન્ય (न) નથી, (मे) જેનાથી હું (प्रिय) પ્રેમ (कत् तमः) કરું છું (च) અને (तस्मात्) (ભવિષ્યમાં પણ) આની તુલનામાં (अन्य) બીજો કોઈ (मे) મને (तरः) આનાથી વધારે (प्रिया) પ્રિય (न) નહીં (भविता) હોય.

## ૧૮.૭૦

**अध्येष्यते च यः इमम् धर्म्यम् संवादम् आवयोः ।**
**ज्ञान अज्ञेन तेन अहम् इष्टः स्याम् इति मे मतिः ।।७०।।**

જે મનુષ્ય આ (ઈશ્વરના આદેશો અને નિયમો પર આધારિત) ધર્મ વિશે કરવામાં આવેલ સંવાદમાં ચિંતન-મનન કરશે અને ધીમે-ધીમે આના ટુકડે-ટુકડાને સમજશે, તે જ્ઞાન દ્વારા ઈશ્વરની પ્રસન્નતા પ્રાપ્ત કરશે, અને હું તેની તમામ આશાઓને પૂરી કરીશ, આ રીતનો મારો નિર્ણય છે.

(यः) જે મનુષ્ય (धर्म्यम्) આ (ઈશ્વરના આદેશો અને નિયમો પર આધારિત) ધર્મ વિશે કરવામાં આવેલ (संवादम्) સંવાદમાં (अध्येष्यते) ચિંતન-મનન કરશે (च) અને (आवयोः) ધીમે-ધીમે આના ટુકડે-ટુકડાને સમજશે, (ज्ञान) તે જ્ઞાન દ્વારા (यज्ञेन) ઈશ્વરની પ્રસન્નતા પ્રાપ્ત કરશે, (अहम्) અને હું (तेन) તેની (इष्टः) તમામ આશાઓને (स्याम्) પૂરી કરીશ, (इति) આ રીતનો (मे) મારો (मतिः) નિર્ણય છે.

## ૧૮.૭૧

**श्रद्ध-वान् अूसूयः च शृणुयात् अपि यः नरः ।**
**सःअपि मुक्तःशुभान लोकान् प्राप्नुयात् पुण्य-कर्मणाम् ।।७१।।**

નિઃસંદેહ, જે મનુષ્ય એક ઈશ્વર પર શ્રદ્ધા રાખીને અને ઈશ્વરથી ઈર્ષ્યા ન રાખીને, (આ જ્ઞાનને) સાંભળશે, તે (સંસારમાં ભય અને દુઃખથી) મુક્ત થઈ જશે (અને મૃત્યુ પછી સ્વર્ગમાં) ભલાઈવાળા કર્મ કરનારાઓના પવિત્ર અને શ્રેષ્ઠ ધામ (સ્વર્ગ)ને પણ પામશે.

(अपि) નિઃસંદેહ, (यः) જે (नरः) મનુષ્ય (श्रद्धावान) એક ઈશ્વર પર શ્રદ્ધા રાખીને (च) અને (अनसूयः) ઈશ્વરથી ઈર્ષ્યા ન રાખીને, (शृणुयात्) (આ જ્ઞાનને) સાંભળશે, (सः) તે (मुक्त) (સંસારમાં ભય અને દુઃખથી) મુક્ત થઈ જશે (कर्मणाम्) (અને મૃત્યુ પછી સ્વર્ગમાં) ભલાઈ-વાળા કર્મ કરનારાઓના (शुभान) પવિત્ર અને શ્રેષ્ઠ (लोकान) ધામ (સ્વર્ગ)ને (अपि) પણ (प्राप्नुयात्) પામશે.

## ૧૮.૭૨

**कश्चित् एतत श्रुतम् पार्थ त्वया एक अग्रेण चेतसा ।**
**कश्चित् अज्ञान सम्मोहः प्रणष्टः ते धनन्जय ।।७२।।**

હે પાર્થ (અર્જુન) ! શું તમારા મનને એક ઈશ્વરમાં એકાગ્ર કરીને, આ જ્ઞાનને તમે સાંભળ્યું ? હે ધનન્જય (અર્જુન) ! શું તમારી અજ્ઞાન પર આધારિત ઉલઝન દુર થઈ ગઈ ?

(पार्थ) હે પાર્થ (અર્જુન) ! (कश्चित्) શું (त्वया) તમારા (चेतसा) મનને (एक-अग्रेण) એક ઈશ્વરમાં એકાગ્ર કરીને, (एतत) આ જ્ઞાનને (श्रुतम्) તમે સાંભળ્યું ? (धनन्जय) હે ધનન્જય (અર્જુન) ! (कश्चित्) શું (ते) તમારી (अज्ञान) અજ્ઞાન પર આધારિત (सम्मोहः) ઉલઝન (प्रणष्टः) દૂર થઈ ગઈ ?

### અર્જુનનું યુદ્ધ માટે માની જવું.

## ૧૮.૭૩

**अर्जुन उवाच,**
**नष्टः मोहः स्मृतिः लब्धा त्वत्-प्रसादात् मया अच्युत ।**
**स्थितः अस्मि गत सन्देहः करिष्ये वचनम् तव ।।७३।।**

અર્જુને કહ્યું, હે અચ્યુત (કૃષ્ણ) ! મારી બધી ઉલઝનો દૂર થઈ ગઈ, અને તમારી કૃપાથી મેં ઈશ્વરના ઉપદશોને યાદ રાખવાની શક્તિ પ્રાપ્ત કરી લીધી છે. હવે હું એક ઈશ્વરની શ્રદ્ધા પર મજબૂતીથી સ્થિત થઈ ગયો છું. મારી બધી શંકાઓ દૂર થઈ ગઈ છે. (હે કૃષ્ણ ! હવે હું) તમારા દ્વારા કહેલ (ઈશ્વરના) આદેશોનું સંપૂર્ણપણે પાલન કરીશ.

(अर्जुन उवाच) અર્જુને કહ્યું, (अच्युत) હે અચ્યુત (કૃષ્ણ)! (मया) મારી (मोहः) બધી ઉલઝનો (नष्टः) દૂર થઈ ગઈ, અને (त्वत्) તમારી (प्रसादात्) કૃપાથી (स्मृतिः) મેં ઈશ્વરના ઉપદશોને યાદ રાખવાની શક્તિ (लब्धा) પ્રાપ્ત કરી લીધી છે. (अस्मि) હવે હું એક ઈશ્વરની શ્રદ્ધા પર મજબૂતીથી સ્થિત થઈ ગયો છું. (सन्देह) મારી બધી શંકાઓ (गत) દૂર થઈ ગઈ છે. (तव) (હે કૃષ્ણ ! હવે હું) તમારા દ્વારા (वचनम्) કહેલ (ઈશ્વરના) આદેશોનું (करिष्ये) સંપૂર્ણપણે પાલન કરીશ.

### સંજયના વિચારો અને આચરણ

## ૧૮.૭૪

**संजय उवाच,**
**इति अहम् वासुदेवस्य पार्थस्य च महा-आत्मनः ।**
**संवादम् इमम् अश्रौषम् अद्भुतम् रोम-हर्षणम् ।।७४।।**

સંજયે કહ્યું, અને આ રીતે મેં ઈશ્વર, કૃષ્ણ અને અર્જુનના અદ્ભુત અને રૂંવા ઊભા કરી નાખનારા આ સંવાદ કે વાર્તાને સાંભળી.

(संजय उवाच) સંજયે કહ્યું, (च) અને (इति) આ રીતે (अहम्) મેં (महा-आत्मनः) ઈશ્વર, (चवासुदेवस्य) કૃષ્ણ (पार्थ) અને અર્જુનના (अद्भुतम्) અદ્ભુત (हर्षणम्) અને રૂંવા ઊભા કરી નાખનારા (इमम) આ (संवादम्) સંવાદ કે વાર્તાને (अश्रौषम्) સાંભળી.

## ૧૮.૭૫

**व्यास-प्रसादात् श्रुतवान् एतत् गुह्यम् अहम् परम् ।**
**योगम् योग-ईश्वरात् कृष्णात् साक्षात् कथयतः स्वयम् ।।७५।।**

વ્યાસની કૃપાથી, ભક્તિની આ સૌથી શ્રેષ્ઠ રહસ્યની વાતોને યોગેશ્વર કૃષ્ણને કહેતાં મેં (સાક્ષાત્) તદ્દન સ્પષ્ટ રીતે સ્વયં સાંભળી છે.

(व्यास) વ્યાસની (प्रसादात्) કૃપાથી, (योगम्) ભક્તિની (एतत) આ (परम्) સૌથી શ્રેષ્ઠ (गुह्यम्) રહસ્યની વાતોને (योग-ईश्वरात्) યોગેશ્વર (कृष्णात्) કૃષ્ણને (कथयतः) કહેતાં (अहम्) મેં (साक्षात्) તદ્દન સ્પષ્ટ રીતે (स्वयम्) સ્વયં (श्रुतवान) સાંભળી છે.

## ૧૮.૭૬

**राजन् संस्मृत्य संस्मृत्य संवादम् इमम् अद् भुतम् ।**
**केशव अर्जुनयोः पुण्यम् हृष्यामि च मुहुःमुहुः ।।७६।।**

હે રાજા ધૃતરાષ્ટ્ર ! કૃષ્ણ અને અર્જુનના આ અદ્‌ભુત અને પવિત્ર સંવાદને યાદ કરું છું, તો વારંવાર યાદ કરીને હું પ્રસન્ન થાઉં છું.

(राजन) હે રાજા ધૃતરાષ્ટ્ર ! (केशव) કૃષ્ણ (च) અને (अर्जुनयोः) અર્જુનના (इमम्) આ (अद्भुतम्) અદ્‌ભુત (पुण्यम्) અને પવિત્ર (संवादम्) સંવાદને (संस्मृत्य) યાદ કરું છું, તો (मुहुःमुहः) વારંવાર (संस्मृत्य) યાદ કરીને (हृष्यमि) હું પ્રસન્ન થાઉં છું.

## ૧૮.૭૭

**तत् च संस्मृत्य संस्मृत्य रुपम् अति अद्भुतम् हरेः ।**
**विस्मयः मे महान राजन हृष्यामि च पुनःपुनः ।।७७।।**

અને હે મારા મહાન રાજા (ધૃતરાષ્ટ્ર)! ઈશ્વર દ્વારા (બતાવવામાં આવનાર) એ અત્યધિક અદ્‌ભુત અને આશ્ચર્યચકિત કરી દેનાર દિવ્ય વસ્તુઓને યાદ કરું છું, તો વારંવાર હું ખૂબ જ પ્રસન્ન થાઉં છું.

(च) અને (मे) હે મારા (महान) મહાન (राजन्) રાજા (ધૃતરાષ્ટ્ર)! (हरेः) ઈશ્વર દ્વારા (બતાવવામાં આવનાર) (तत्) એ (अति) અત્યધિક (अद्भुतम्) અદ્‌ભુત (च) અને (विस्मयः) આશ્ચર્યચકિત કરી દેનાર (रुपम्) દિવ્ય વસ્તુઓને (संस्मृत्य) યાદ કરું છું, તો (पुनः पुनः) વારંવાર (हृष्यामि) હું ખૂબ જ પ્રસન્ન થાઉં છું.

## ૧૮.૭૮

**यत्र योग-ईश्वरः कृष्णः यत्र पार्थः धनुः धरः ।**
**तत्र श्ः विजयः भूतिः ध्रुवा नीतिः मतिः मम ।।७८।।**

જ્યાં યોગેશ્વર કૃષ્ણ છે, અને જ્યાં ધનુષ્ય રાખવાવાળા અર્જુન છે, ત્યાં સંપૂર્ણપણે સુખ અને શાંતિ, વિજય, સારું ભાગ્ય, સાચી નીતિ અને ધૈર્ય હશે, એવું મારું માનવું છે.

(यत्र) જ્યાં (योग-ईश्वरः) યોગેશ્વર (कृष्ण) કૃષ્ણ છે, (यत्र) અને જ્યાં (धनुः) ધનુષ્ય (धरः) રાખવાવાળા (पार्थ) અર્જુન છે, (तत्र) ત્યાં (श्रीः) સંપૂર્ણપણે સુખ અને શાંતિ, (विजयः) વિજય, (भूति) સારું ભાગ્ય, (नीति) સાચી નીતિ (च) અને (ध्रुवा) ધૈર્ય હશે, (मम) એવું મારું (मतिः) માનવું છે.

# N-1.1

## ઈશ્વર કેટલો મહાન છે ?

- પ્રકાશની કિરણો એક સેકંડમાં ૩ લાખ કિલો-મીટરનો પ્રવાસ કરે છે, અર્થાત્ એક સેકંડમાં આ કિરણો આ ધરતીના, જેના પર આપણે રહીએ છીએ, ૭ વાર ચક્કર લગાવી શકે છે.

- આપણો સૂર્ય ધરતીથી એટલો દૂર છે કે તેનાથી નીકળતી એક પ્રકાશ-કિરણને ધરતી સુધી પહોંચવા માટે ૮ મિનિટ લાગે છે.

- સૂર્ય પૃથ્વીથી ૧૩ લાખ ગણો મોટો છે. પરંતુ માત્ર સૂર્ય જ આ સૃષ્ટિનો સૌથી મોટો તારો નથી, બલ્કે ઈટાક્રિના (Etacarina) નામનો તારો સૂર્યથી લગભગ ૫૦ ગણો મોટો છે. બેટલ જ્યૂસ (Betel Geuse) નામનો તારો આપણા સૂર્યથી ૩૦ કરોડ ગણો મોટો છે. વી. વાય. કેનિસ્મેજોરિસ (V. Y. Canismajoris) નામનો તારો સૂર્યથી ૧ અબજ ગણો મોટો છે. આપણે જે આકાશગંગામાં છીએ, તેનું નામ મિલ્કી-વે ગેલેક્ષી છે, અને આ આકાશગંગામાં આપણા સૂર્ય જેવા ૩૦૦ અબજ સૂર્ય છે.

- આપણી આકાશગંગા એટલી વ્યાપક અને મોટી છે કે ૩ લાખ કિલોમીટર પ્રતિ સેકંડની ગતિથી પ્રવાસ કરવાવાળી પ્રકાશની એક કિરણને આ આકાશગંગાના એક છેડાથી બીજા છેડા સુધી પ્રવાસ કરવા માટે ૧ લાખ વર્ષ લાગે.

- આપણી આ આકાશગંગાથી બમણી મોટી આકાશગંગા, જે આપણાથી નજીક છે, તેનું નામ ઍંડ્રોમિડા (Andromeda) છે, અને જે ૬૦ ગણી મોટી છે, તેનું નામ M-81 અને જે ૬૦૦ ગણી મોટી છે તેનું નામ છે IC-10111. આવી ઘણીબધી આકાશગંગાઓ મળીને એક ક્લસ્ટર બનાવે છે. આપણે જે ક્લસ્ટરમાં છીએ તેનું નામ વિરગો ક્લસ્ટર છે. આ ક્લસ્ટરમાં લગભગ ૪૦ હજાર આકાશ-ગંગાઓ છે.

- ઘણાબધા ક્લસ્ટર મળીને એક સુપર ક્લસ્ટર બનાવે છે. આપણી આકાશગંગા જે સુપર ક્લસ્ટરમાં છે તેનું નામ લોકલ સુપર ક્લસ્ટર છે. આ લોકલ સુપર ક્લસ્ટરમાં ૧૦૦ થી વધારે ક્લસ્ટર છે, અને આપણી સૃષ્ટિમાં આવા ૧ કરોડથી વધારે સુપર ક્લસ્ટર છે, અને સમગ્ર સૃષ્ટિને એક ઈશ્વરે બનાવી છે, જે આ બધાથી મોટો અને મહાન છે.

શું તમે અનુમાન કરી શકો છો કે ઈશ્વર કેટલો મહાન છે અને આપણી આ ધરતી અને આપણે ઈશ્વરના મહાન સામ્રાજ્યમાં કેટલા નાના છીએ ?

અમે જે કંઈ કહ્યું છે તે તમે youtube ની આ લિંક પર જોઈ શકો છો –

https://youtu.be/x7QRVP2JGzM

# N-1.2

## જન્મ અને મૃત્યુ ઈશ્વર માટે કેમ નથી ?

આઈન્સ્ટાઈનનો બીજો સિદ્ધાંત 'Law of Relativity' કહે છે કે, જ્યારે કોઈ વસ્તુની ગતિ પ્રકાશથી વધારે છે, અર્થાત્ ૩,૦૦,૦૦૦ કિ.મી./પ્રતિ સેકંડથી વધારે છે, ત્યારે એ વસ્તુ માટે સમયની ગતિ ધીમી થવા લાગે છે, અને અસીમિત (Infinite) ગતિ પર તેના માટે સમય રોકાઈ જાય છે. આ વાતને બરાબર સમજવા માટે આપણે એક અંતરીક્ષયાન અને તેના અંદર લાગેલી એક દીવાલ-ઘડિયાળના ઉદાહરણ પર વિચાર કરીએ છીએ. માની લો કે એક અંતરીક્ષ-યાન પ્રકાશની ગતિ કરતાં વધારે ગતિમાં પ્રવાસ કરવાની ક્ષમતા રાખે છે અને તેના કેબિનની દીવાલ પર એક ઘડિયાળ લાગેલી છે.

જ્યારે અંતરીક્ષયાન પ્રકાશની ગતિ કરતાં ઓછી ગતિમાં પ્રવાસ કરે છે, તો દીવાલ-ઘડિયાળ પોતાની નિયમિત ગતિથી કાર્ય કરશે, પરંતુ જેવી અંતરીક્ષ-યાનની ગતિ પ્રકાશની ગતિને પાર કરે છે, તો દીવાલ ઘડિયાળ ધીમી થવાની શરૂ થઈ જાય છે. તે પછી જેમ-જેમ અંતરીક્ષયાનની ગતિ વધતી જશે, ઘડિયાળ વધારે ધીમી થતી જશે. જ્યારે યાનની ગતિ અનંત (Infinite-speed) થઈ જશે, તો ઘડિયાળ તદ્દન અટકી જશે. યાનમાં સમય રોકાઈ જશે. એ યાનમાં કોઈ વૃદ્ધ નહીં હોય અને ન તો કોઈ વસ્તુ જૂની-પુરાણી હશે, કેમ કે એ યાનમાં સમય રોકાઈ ગયેલો છે.

આરંભમાં એમ સમજવામાં આવતું હતું કે પ્રકાશમાં માત્ર સાત રંગોની કિરણો છે. પછી એ શોધ થઈ કે બીજા પ્રકાશની કિરણો પણ છે. ઉદાહરણરૂપે Infrared and Ultraviolet કિરણો. તે પછી બીજા પ્રકારની શોધ થઈ, જેમ કે X-ray અને Radio active તત્ત્વોનું રેડિએશન. શોધની પ્રક્રિયા હજુ સમાપ્ત થઈ નથી અને હજુ પણ અનેક પ્રકારના કિરણો અને લહેરોની શોધ બાકી છે. તેમાંથી કેટલાકને અમે સામાન્ય રીતે જાણે છીએ, જેમ કે આંખોની દૃષ્ટિ અને વિચાર-શક્તિ બંનેની ગતિ પ્રકાશની ગતિ કરતાં પણ વધારે છે.

- પવિત્ર કુર્આનની એક આયત આ પ્રમાણે છે :

"દૃષ્ટિએ (ઈશ્વરને) નથી પામી શકતી (જોઈ શકતી), પરંતુ તે દૃષ્ટિને પામી લે છે. (તે જાણે છે કે તમારી દૃષ્ટિ કઈ તરફ અને ક્યાં-ક્યાં જઈ રહી છે). તે અત્યંત સૂક્ષ્મ (અને સૂક્ષ્મદર્શી), ખબર રાખવા-વાળો છે." (સૂરઃ અલ-અન્આમ, ૬, આયત ૧૦૩)

- તમે રસ્તા પર ચાલતા જઈ રહ્યા છો અને એક સાયકલ-સવાર તમારા પાસેથી પસાર થઈ જાય, તો શું તમે તેને જોઈને તેની ગતિનું અનુમાન લગાવી શકો છો ?

નિઃસંદેહ...

જો તમારા પાસેથી તેજ રફ્તાર મોટરકાર પસાર થઈ જાય, તો શું તમે તેની સ્પીડનું અનુમાન લગાવી શકો છો ?

નિઃસંદેહ...

જો એક બંદૂકની ગોળી તમારા પાસેથી પસાર થઈ જાય, તો શું તમે તેની ગતિનું અનુમાન લગાવી શકો છો ?

ના – !

કેમ કે તમારી ગતિ અને બંદૂકની ગોળીની ગતિમાં ખૂબ મોટું અંતર છે. જો તમે કોઈ એવા

વાહનમાં સવાર હોવ, જે બંદૂકની ગોળીની ગતિ જેટલી ગતિથી ચાલતું હોય, તો પછી તમે ગોળીની ગતિનું પણ અનુમાન લગાવી શકો છો.

આકાશમાં જે તારાઓ દેખાય છે, તે કેટલાય અબજ પ્રકાશ વર્ષ (Light Year) દૂર છે, અને આપણી નજર તેમના સુધી એક સેકંડથી પણ ઓછા સમયમાં પહોંચી જાય છે, અને ઈશ્વર આપણી નજરોને એ તારાઓ સુધી જતાં જુએ છે. આ ત્યારે જ સંભવ છે, જ્યારે ઈશ્વરના પ્રકાશની ગતિ આપણી નજરોની ગતિના સમાન હોય અથવા વધારે હોય, અને નિઃસંદેહ ઈશ્વરના પ્રકાશની ગતિ આપણી નજરોની ગતિ કરતાં વધારે અને અનંત છે, અને આ કારણસર સમય ઈશ્વર માટે રોકાઈ ગયેલો છે. તેથી ઈશ્વર અજન્મા અને અમર છે.

Theory of Relativity ને સમજવા માટે નીચે મુજબની youtube વીડિઓ જુઓ. આ વીડિઓ ૧૨ મિનિટની છે. વીડિઓનું ટાઈટલ છે :

Does Time really exist ? Time travel through speed and gravity explained.

Link : https://youtu.be/hA2RVSb-Kdm

# N-1.3

## ઈશ્વરને દરેક વસ્તુનું જ્ઞાન કેવી રીતે છે ?

જ્યારે આપણે વીજળીની સ્વીચ ઑન કરીએ છીએ, તો વીજળીનો બલ્બ પોતાનો પ્રકાશ ફેલાવે છે. બલ્બ શક્તિનો એક નાનકડો સ્ત્રોત છે, તેથી બલ્બ દ્વારા ફેલાતો પ્રકાશ નબળો હોય છે, અને એક સનગ્લાસ (Sunglass) દ્વારા રોકી પણ શકાય છે. એક વેલ્ડિંગ આર્ક (Welding Arc)ની શક્તિનું સ્તર ઊંચું હોય છે. તેથી તેના કિરણો સાધા સનગ્લાસ દ્વારા રોકી શકાતા નથી, બલ્કે તેના અલ્ટ્રાવાયોલેટ (Ultraviolet) કિરણોને રોકવા માટે એક વિશેષ સનગ્લાસની જરૂર હોય છે.

X-ray ઉચ્ચતર સ્તરની શક્તિ ધરાવે છે અને તેના કિરણોને વેલ્ડિંગ ગ્લાસ દ્વારા પણ રોકી શકતા નથી, ત્યાં સુધી કે મનુષ્યનું માંસ પણ તેને રોકી શકતું નથી. આ કિરણોને હાડકાઓની જેમ ઘન પદાર્થ દ્વારા પણ રોકી શકાતા નથી.

રેડિઓ એક્ટિવ કિરણો યુરેનિઅમ વગેરેથી નીકળે છે, જે એટમિક પ્લોટ્સમાં પ્રયોગ કરવામાં આવે છે. આ કિરણો એવી ઉચ્ચ સતરની શક્તિ ધરાવે છે કે તે મનુષ્યોનાં હાડકા, લાકડાના પાર્ટીશન અને ઈંટોની દીવાલમાંથી આરપાર થઈ જાય છે. તેને રોકવા માટે વૈજ્ઞાનિકો સીસા (Lead)ની ઈંટોની ત્રણ ફૂટ પહોળી દીવાલ બનાવે છે. આમ, જેટલો વધારે ઉચ્ચ સ્તરની શક્તિનો સ્ત્રોત હશે, તેનાથી એટલા જ શક્તિશાળી અને પદાર્થોના આરપાર થઈને પસાર થવાવાળા કિરણો નીકળે છે.

મેં એક વ્યક્તિને પોતાની આંખોની એક નજરથી ટેબલ પર સિક્કાને ફેરવતા જોયો છે. કેટલાય યોગીઓ અને ઋષિઓ જેઓ કુંડલીઓ જાગૃત કરે છે, તેઓ પોતાની આંખોની એક નજરથી વસ્તુઓને પણ હલાવી શકે છે. ઉપરના બે ઉદાહરણોથી હું માનું છું કે આંખોની દૃષ્ટિ પણ પ્રકાશના કિરણોની જેમ છે, જેમાં ઊર્જા અને ચુંબક જેવી શક્તિ છે, જેને વૈજ્ઞાનિકો હજુ પણ સમજી શક્યા નથી.

- ઈશ્વરના તેજને આપણે ભગવદ્ ગીતાના નીચે મુજબના શ્લોકથી સમજી શકીએ છીએ :

**दिवि सूर्य सहस्त्रस्य भवेत् युगपत् उत्थिना ।**
**यदि भाः सदृशी सा स्यात् भासः तस्य महात्मनः ।।११.१२।।**

''એ જ વખતે અર્જુને ઈશ્વરના તેજને પણ જોયું. તે એવું હતું કે જો આકાશમાં હજારો સૂર્ય એક સાથે નીકળે તો પણ તેમનો પ્રકાશ એ મહાન ઈશ્વરના તેજ સમાન ન થવા પામે.''

પવિત્ર કુર્આનની સૂરઃ અલ-કહફ, ૧૮, આયત નં.૩૯માં લખ્યું છે કે ઈશ્વર સિવાય કોઈમાં શક્તિ નથી.

અર્થાત્ સૃષ્ટિમાં ઈશ્વરની શક્તિ જ શક્તિનો મૂળ સ્ત્રોત છે.

- આ સૃષ્ટિમાં મહાન ઈશ્વરની શક્તિ મૂળ અને ઉચ્ચતમ્ સ્ત્રોત છે. તેથી તેનો પ્રકાશ ઉચ્ચતમ્ સ્થિતિ અથવા સ્તર ધરાવે છે, અને એટલા માટે તેની દૃષ્ટિ અને તેનો પ્રકાશ સૃષ્ટિમાં પ્રત્યેક વસ્તુઓમાંથી પસાર થઈ શકે છે. એક કિરણ જે રેડિઓ-એક્ટિવ પદાર્થ દ્વારા નીકળે છે, તેને સીસાની પહોળી દીવાલ દ્વારા રોકી શકાય છે. પરંતુ ઈશ્વરની દૃષ્ટિને કોઈપણ વસ્તુ રોકી શકતી નથી. આ સંપૂર્ણ સૃષ્ટિ ઈશ્વરની સામે અને ઈશ્વર માટે પારદર્શી છે.

● પ્રકાશના કિરણોની ગતિ ૩,૦૦,૦૦૦ km/sec છે. આ ગતિથી ચાલવા છતાં સૂર્યના કિરણોને ધરતી પર પહોંચવા માટે ૮ મિનિટ લાગે છે. પરંતુ ઈશ્વરના પ્રકાશની ગતિ એટલી વધારે છે કે સૃષ્ટિની સીમા પર પણ ઈશ્વરનો પ્રકાશ કે દૃષ્ટિ શૂન્ય (Zero) સેકંડમાં પહોંચી જાય છે, એટલા માટે કે ઈશ્વરના પ્રકાશની ગતિ અનંત (Infinite) છે.

● ઈશ્વરે કહ્યું છે :

''જે કંઈપણ તમે જાહેર કરો છો અથવા જે કંઈપણ તમે પોતાના હૃદયમાં છુપાવો છો, તે તેને જાણે છે.'' (પવિત્ર કુર્આન, ૨:૨૮૪, સારાંશ)

● ઈશ્વરે કહ્યું છે :

''હું તમારી ધોરી નસથી પણ વધારે તમારા નજીક છું.'' (પવિત્ર કુર્આન, ૫૦:૧૬, સારાંશ)

● ઈશ્વરે કહ્યું છે :

''તમે સ્વયં પોતાના વિશે એટલું નથી જાણતા, જેટલું હું તમને જાણું છું.'' (પવિત્ર કુર્આન, ૬૭:૧૪, સારાંશ)

● કેમ કે તેની દૃષ્ટિ આપાણામાંથી થઈને પસાર થાય છે. તેથી તેનાથી આપણું કંઈપણ છૂપું નથી, બધું જ તે જાણે છે. તે આપણા શરીરના પ્રત્યેક કોષ, પ્રત્યેક પરમાણુ અને કણ-કણ જાણે છે; ત્યાં સુધી કે આપણા હૃદયની ધડકન, આપણા મનની દરેક વાત તે જાણે છે. નિશ્ચિતરૂપે તે આપણાથી આપણા શરીરની ધોરી નસથી પણ વધારે નજીક છે, તથા આ સંસારમાં ગમે ત્યાં, કોઈપણ સમયે ઈશ્વરની ઇચ્છાનુસાર શક્તિ અને પદાર્થ રૂપ ધારણ કરે છે. તેથી આપણે કહી શકીએ છીએ કે તે દરેક જગ્યાએ વિદ્યમાન છે, સર્વવ્યાપી (Omnipresent) છે.

● પવિત્ર કુર્આનની સૂરઃ નં. ૪૨ (શૂરા), આયત ૧૧નો અર્થ છે કે ઈશ્વર સમાન કોઈ નથી.

તો અમે અહીં જે કોઈપણ ઉદાહરણ આપીએ છીએ, તે માત્ર મારા પોતાના અને આપણા-સૌના સમજવા માટે આપી રહ્યા છીએ. વાસ્તવમાં ઈશ્વર વિશે ઈશ્વર સિવાય બીજું કોઈ નથી જાણતું.

# N-1.4
## ઈશ્વર બ્રહ્માંડ કેવી રીતે ચલાવે છે ?

આ વાતને સમજવા માટે કે ઈશ્વર બ્રહ્માંડને કેવી રીતે ચલાવે છે, નીચે દર્શાવેલ ભગવદ્ ગીતાના શ્લોકના અર્થને યાદ રાખો :

• **सर्व इन्द्रिय गुण आभासम् सर्व इन्द्रिय विवर्जितम् । असक्तम् सर्वभुत् च एव निर्गुणम् गुण-भोक्तृ च ।।१३:१५।।**

(એ ઈશ્વર) બધી ઇન્દ્રિયો (Sensory organs) (અને) વિષયો (ને) પ્રકાશિત કરવાવાળો છે, (તેમાં પ્રાણ નાખવાવાળો છે). (પરંતુ તે) બધી ઇન્દ્રિય વગરનો છે, અને તે બધાને પાળે-પોષે છે, પરંતુ તે કોઈના પર નિર્ભર નથી (કોઈની સહાયતાથી જોડાયેલો નથી). નિઃસંદેહ (એ ઈશ્વર) (મનુષ્યોમાં) ગુણોનો રચયિતા છે, પરંતુ તે (સ્વયં) નિર્ગુણ છે.

• **बहिः अन्तः च भूतानाम् अचरम् चरम् एव च । सूक्ष्मत्वाम् तत् अविज्ञेयम् दूर-स्थम् च अन्तिके च तत् ।।१३:१६।।**

નિઃસંદેહ, એ (ઈશ્વર) (દરેક) સજીવ અને નિર્જીવ પ્રાણીઓના બહાર અને અંદર છે, અને તે અત્યંત સૂક્ષ્મ હોવાના કારણે જાણવામાં આવતો નથી, અને (તે ઈશ્વર) દુરથી દૂર તેમજ નજીકથી નજીક પણ છે.

• **अनादित्वात् निर्गुणत्वात् परम आत्मा अयम् अव्ययः। शरीर-स्थःअपि कौन्तेय न करोति न लिप्यते ।।१३:२९।।**

હે કુન્તી-પુત્ર (અર્જુન) ! તે (ઈશ્વર) આરંભ વગરનો છે (અજન્મ છે). (તેનામાં મનુષ્ય જેવા) ગુણો નથી, ઈશ્વર મહાન છે, અવિનાશી છે. તે હૃદયમાં સ્થિત છે, (પરંતુ) (તે ન) કંઈ કરે છે (અને) ન (જ) કોઈનાથી જોડાયેલો છે.

• **यथा आकाश-स्थितः नित्यम् वायुः सर्वत्र-गः महान् । तथा सर्वाणि भूतानि मत्-स्थानि इति उपधारय ।।९:६।।**

જે રીતે વાયુ હંમેશા અને દરેક ઠેકાણે આકાશમાં ઉપસ્થિત છે, (અને જીવન માટે અત્યંત) મહત્ત્વપૂર્ણ છે, એ રીતે આ (સત્યને સમજો કે) બધા પ્રાણીઓ મારા પર નિર્ભર છે (મારા વગર એક ક્ષણ પણ જીવિત રહી શકતા નથી).

ઉપર વર્ણન કરવામાં આવેલ શ્લોકોમાં આપણે સમજી શકીએ છીએ કે આપણે અને આ બ્રહ્માંડની તમામ વસ્તુઓ ઈશ્વરના તેજના એક અંશથી જીવિત છે. આ વાતને બરાબર સમજવા માટે હજુ વધારે ઉદાહરણો જોઈએ.

• **સોલાર ઘડિયાળ કઈ રીતે કામ કરે છે ?**

સૂર્યના પ્રકાશથી ચાલતી ઘડિયાને જો આપણે અંધારામાં મૂકી દઈએ તો તે રોકાઈ જશે, અને જો તેને સૂર્યના પ્રકાશમાં મૂકી દઈશું તો ચાલવા લાગે છે.

આવું કેમ ?

સૂર્ય પૃથ્વીથી ૧૩ લાખ ગણો મોટો છે, અને તેનું તાપમાન ૧.૫ C કરોડ ડિગ્રી સેન્ટીગ્રેડ છે. જો તે પૃથ્વીના નજીક પણ આવી જાય તો સોલાર ઘડીયાળ અને પૃથ્વી બધું જ બળી જશે. જે રીતે વરસાદમાં પાણીના ટીપાઓ વરસે છે, એ જ રીતે સૂર્યનો પ્રકાશથી ફોટોન (Photon) વરસાવે છે. ફોટોન એ પ્રકાશનું ટીપું કે એક અંશ છે. જ્યારે તે ટીપા સોલાર ઘડિયાળના Photo Cell પર પડે છે, તો ઊર્જા ઉત્પન્ન થાય છે અને એ ઊર્જાથી ઘડિયાળ ચાલવા લાગે છે.

આમ, આપણે કહી શકીએ છીએ કે સૂર્ય સોલાર

ઘડિયાળના ચાલવાનું કારણ છે. પરંતુ આપણે એ પણ જાણીએ છીએ કે જો સૂર્ય પૃથ્વીના નજીક પણ આવી જાય તો બધું જ બળી જશે. તો સૂર્ય સોલાર ઘડિયાળના અંદર પણ છે અને ખૂબ દૂર પણ.

એ જ રીતે ઈશ્વરના તેજના એક અંશથી આપણું હૃદય ધડકે છે અને આપણે જીવિત છીએ. પરંતુ ઈશ્વર જો ધરતી પર પ્રગટ થઈ જાય તો સમગ્ર ધરતી બળી જાય, જે રીતે પયગંબર મૂસાની સાથે થયું હતું, જેનું વર્ણન પવિત્ર કુર્આનની સૂરઃ નં. ૭ (આ'રાફ), આયત નં. ૧૪૩માં છે.

આમ, ઈશ્વર આપણા અંદર પણ છે અને ખૂબ દૂર પણ છે. એ જ રીતે જે કંઈ આ સંસારમાં થાય છે તે બધું ઈશ્વરના કારણે થાય છે. પરંતુ તે સંસારમાં ઉપસ્થિત નથી અને ન કોઈનાથી જોડાયેલ છે.

આ જ સચ્ચાઈને ઈશ્વરે પવિત્ર કુર્આન અને ભગવદ્ ગીતામાં આ પ્રમાણે વ્યક્ત કરી છે :

● ઈશ્વર જ ધરતી અને આકાશનો પ્રકાશ છે.

(પવિત્ર કુર્આન, ૨૪:૩૧)

**● यथा प्रकाशयति एकःकृत्स्नम् लोकम् इमम् रविः।**
**क्षेत्रम् क्षेत्री तथा कृत्स्नम् प्रकाशयति भारत ।।१३:३१।।**

હે અર્જુન ! જે રીતે એક સૂર્ય આ (સંસારને) પ્રકાશિત (જીવિત) કરે છે, એ જ રીતે આ શરીરને (માત્ર એક) ઈશ્વર (જ) પ્રકાશિત (જીવિત) કરે છે.

**● यत् यत् विभूति मत् सत्त्वम् श्री-मत् उर्जितम् एव वा।**
**तत् तत् एव अवगच्छ त्वम् मम तेजः अंश सम्भवम्**
**।।४१।।**

(સંસારમાં) જે જે દિવ્ય રચનાઓ કે સમૃદ્ધિ, ઉર્જા (કે જ્ઞાન) કે સુખ શાંતિ (અને) માનવતા (સચ્ચાઈ) માનવામાં આવે છે, નિઃસંદેહ એ સૌને તમે મારા તેજના અંશથી ઉત્પન્ન થઈ છે એમ સમજો.

**● अथवा बहुना एतेन किम् ज्ञातेन तव अर्जुन ।**
**विष्टभ्य अहम् इदम् कृत्स्नम् एक अंशेन स्थितः जगत्**
**।।४२।।**

પરંતુ હે અર્જુન ! તમને આ પ્રકારે ઘણીબધી વાતો જાણવાની શું આવશ્યકતા છે ? મેં આ સંપૂર્ણ જગતને મારા કેવળ એક તેજ અંશથી સ્થિત અને ફેલાવી રાખેલ છે.

ઈશ્વરના તેજનો અંશ જે આપણા અને બધા પ્રાણીઓના શરીરમાં છે તેને આપણે પ્રાણ કે જીવ કહીએ છીએ.

આપણો પ્રશ્ન હતો કે ઈશ્વર બ્રહ્માંડને કેવી રીતે ચલાવે છે, તો ઉત્તર છે કે આ બ્રહ્માંડ કે સૃષ્ટિ ઈશ્વરના તેજના એક અંશથી એ જ પ્રમાણે જીવિત અને સક્રિય છે, જે રીતે સોલાહ ઘડિયાળ સૂર્યના પ્રકાશથી જીવીત અને સક્રિય રહે છે.

# N-1.5
## ઈશ્વર વિશેનો દૃષ્ટિકોણ

સમાજમાં ઈશ્વરના અસ્તિત્વ વિશે બે દૃષ્ટિકોણ છે :

૧. દ્વૈતવાદ.

૨. અદ્વૈતવાદ.

જ્યારે યોગીઓએ ઈશ્વરમાં ધ્યાન લગાવ્યું અને પોતાનું ધ્યાન સૃષ્ટિ અને સ્વર્ગ તરફ કેન્દ્રિત કર્યું, તો તેમણે અનુભવ કર્યો કે ઈશ્વર સ્વર્ગથી પણ ઉપર સ્થિત છે અને આ બ્રહ્માંડ તેની રચના છે. આમ, તેમણે એ નિષ્કર્ષ કાઢ્યો કે ઈશ્વર અને સંસાર અલગ-અલગ છે. આને દ્વૈતવાદ કહે છે, અર્થાત્ બંનેનું અલગ અસ્તિત્વ છે.

કેટલાક યોગીઓએ ઈશ્વરમાં ધ્યાન લગાવ્યું અને પોતાના અંદર ધ્યાનને કેન્દ્રિય કર્યું તો તેમણે પોતાના હૃદયમાં ઈશ્વરની અનુભૂતિ કરી અને એ રીતે સમગ્ર બ્રહ્માંડ ઈશ્વરથી જીવિત છે એવો અનુભવ કર્યો. આમ, તેમણે નિષ્કર્ષ કાઢ્યો કે ઈશ્વર દરેકમાં છે અને દરેક વસ્તુમાં છે. આ દર્શનને તેમણે અદ્વૈતવાદનું નામ આપ્યું, અર્થાત્ બે નથી, અથવા ઈશ્વર અને બ્રહ્માંડ અલગ અલગ નથી.

આ બંને સિદ્ધાંતો કે દૃષ્ટિકોણોને મુસ્લિમ સૂફીઓ 'વહદતુલ શુહૂદ' અને 'વહદતુલ વજૂદ' કહે છે. તેમનો પણ આ જ દૃષ્ટિકોણ છે. પરંતુ અમે જે ઈશ્વર વિશે વર્ણન કર્યું, તેનાથી તમે સમજી શકો છો કે બંને ૫૦% સાચા છે. જ્યારે બંને સિદ્ધાંતો કે દૃષ્ટિકોણોને એક સાથે મેળવી દેવામાં આવશે, ત્યારે જ વાત ૧૦૦% સાચી હશે.

# N-1.6
## ઈશ્વર કેટલા છે ?

ભગવદ્ ગીતાના શ્લોક નં. ૧૩.૫ આ પ્રમાણે છે :

માનવ-જાતિઓના કલ્યાણના લક્ષ્યથી ઋષિઓએ ખૂબ જ વિસ્તારથી વેદોની ઋચાઓ દ્વારા (ઈશ્વરની પ્રશંસા) વિભિન્ન રીતે કરી છે. બ્રહ્મ સૂત્ર (ના) વેદો દ્વારા આ વાત સૌથી નિશ્ચિત (સ્પષ્ટ) રૂપે કહેવામાં આવી છે.

બ્રહ્મ સૂત્ર આ પ્રમાણે છે :

**एकम् ब्रह्म द्वितीये नास्ते, नेह ना नास्ते किंचन ।**

ઈશ્વર એક છે, બીજો નથી, નથી જ નથી, જરા પણ નથી.

આ દિવ્ય ગ્રંથ ભગવદ્ ગીતાના નીચે દર્શાવેલ શ્લોકોમાં ઈશ્વર એક જ છે તેની શિક્ષા મળે છે :

૨.૪૧, ૬.૩૧, ૭.૧૭, ૯.૧૫, ૧૩.૫, ૧૪.૨૭.

તમે આ શ્લોકોને આ દિવ્ય ગ્રંથમાં વાંચી લો.

બીજા ઘણા ધાર્મિક ગ્રંથોમાં પણ ઈશ્વરના એક હોવાની શિક્ષા છે. તેમાંથી કેટલાક શ્લોકો નીચે મુજબ છે :

૧. **एक एवं अद्वितीयम्**

(તે ઈશ્વર) એક (છે) બીજા (ની ભાગીદારી) વગર.

૨. **स एष एक वृदेक एरा**

તે ઈશ્વર એક (છે) વાસ્તવમાં કેવળ એ જ એક છે.

(અથર્વવેદ, કાંડ-૧૩, સુક્ત-૪, મંત્ર-૧૨)

૩. **एक सद्विपा बहुधा वदन्त्यग्नि यम मातरिश्वानमाहु**

જ્ઞાનીઓ એક ઈશ્વરનું જુદા-જુદા નામોથી સમરણ કરે છે.

# N-1.7

## આકાશવાણી શું છે ?

આકાશવાણીને સમજવા માટે આપણે 'શિવ પુરાણ'નું અધ્યયન કરીશું. શિવ પુરાણના અમુક શ્લોકો આ પ્રમાણે છે :

શંકરજીના જન્મથી સંબંધિત શ્લોક આ પ્રમાણે છે :

- **तपस्यतश्च सृष्ट्यर्थ भ्रुवोर्घ्राणस्य मध्यतः ।**
**अविमुक्ताभिधाद्देशात् स्वकीययान्मे विशषतः॥५५॥**
**त्रिमूर्तिनां महेशस्य प्रादुरासीद् घृणानिधिः ।**
**अर्धनारीश्वरो भूत्वा पूर्णाशः सकलेश्वर।५६॥**

(શિવ પુરાણ, ભા-૧, રૂદ્રસંહિતા, સતીખંડ-૧, અધ્યાય-૧૫, શ્લોક : ૫૫-૫૬, પૃ.૨૪૯)

અર્થાત્ જ્યારે બ્રહ્માજી ઈશ્વરની યાદમાં ધ્યાન લગાવી બેસ્યા હતા, ત્યારે શંકરજી તેમના માથામાંથી પ્રગટ થયા.

સ્વર્ગ લોકમાં દક્ષે શંકરજીનું ઘોર અપમાન કર્યું હતું. તેના શબ્દો આ પ્રમાણે છે :

- **एते शि सर्वे च सुराऽसुरा भृशं नमस्ति मां विप्रवरास्तथर्षयः ।**
**कथं ह्यसौ दुर्जनवन्महामनास्त्वभूत्तु यः प्रेतपिशाचसंवृतः ॥१४॥**

(શિવ પુરાણ, ભા-૧, રૂદ્રસંહિતા, સતીખંડ-૨, અધ્યાય-૨૬, શ્લોક : ૧૪, પૃ. ૩૮૭)

આ તમામ દેવતાઓ, ઋષિઓ, બ્રાહ્મણો અને રાક્ષસોએ મને આવતો જોઈને પ્રણામ કર્યો. પરંતુ પ્રેત-પિશાચોથી યુક્ત આ મહામનસ્વી શિવે મારા સાથે આ રીતે દુર્જનની જેમ વ્યવહાર કેમ કર્યો ?।૧૪।

- **स्मशानवासी तिरपत्रयो ह्ययं कथं प्रमाणं न करोति मेऽ धुना ।**
**लुप्तक्रियो भूतपिशाचसेवितो मत्तोऽविधो नीतिविदूषकः सदा ॥१५॥**

(શિવ પુરાણ, ભા-૧, રૂદ્રસંહિતા, સતીખંડ-૨, અધ્યાય-૨૬, શ્લોક : ૧૫, પૃ. ૩૮)

સ્મશાનવાસી, નિર્લજ્જ, ક્રિયાહીન, ભૂત-પિશાચોથે સેવિત, ઉન્મત્ત અને નીતિના માર્ગને દૂષિત કરવાવાળા આ શિવે મને પ્રણામ કેમ ન કર્યો ?।૧૫।

- **पाखण्डिनो दुर्जनपापशीला दृष्टता दढविजं प्रोद्धतनिन्दकाश्च ।**
**बध्वां सदासक्तरतिप्रवीणस्तसमादमुं शप्नुमहं प्रवृत्तः ॥१६॥**

(શિવ પુરાણ, ભા-૧, રૂદ્રસંહિતા, સતીખંડ-૨, અધ્યાય-૨૬, શ્લોક : ૧૬, પૃ. ૩૮૭)

પાખંડી, દુર્જન, પાપી, બ્રાહ્મણોને જોઈને તેમની નિંદા કરવાવાળા, ઉદ્ધત, સ્ત્રીનો આસક્ત અને વ્યભિચારી એ શ્રાપને લાયક છે, તેથી હું આ પાપી રૂદ્રને શ્રાપ આપી રહ્યો છું.

- સ્વર્ગ લોકમાં સતી શંકરજીના પત્ની હતા. શંકરજીનું અપમાન તેમનાથી સહન ન થયું અને તેમણે પોતાને બાળી નાખ્યા.

આ ઘટનાથી ક્રોધિત થઈને આકાશવાણીએ આ શબ્દોમાં દક્ષને શ્રાપ આપ્યો અને દેવતાઓને ચેતવણી આપી :

- **जगत्पिता शिवः शक्तिर्जगन्ता च सासती ।**
**सत्कृतौ न त्वया मूढः कथं श्रेयो भविष्यति ।२५।**

(શિવ પુરાણ, ભા-૧, રૂદ્રસંહિતા, સતીખંડ-૨, અધ્યાય-૩૧, શ્લોક : ૨૫, પૃ. ૪૦૯)

શિવ અને સતી આ જગતના માતા-પિતા છે. હે મૂર્ખ ! તેં તેમનો સત્કાર ન કર્યો, તેથી કેવી રીતે તારું કલ્યાણ થશે ? ।૨૫।

- **यदी देवाः करिष्यन्ति साह्याय्यमधुना तव ।**
**तदा नाशं समाप्स्यन्ति शलभा ईव वहिना ।२९।**

જો આ સમયે કોઈપણ દેવતાએ તમારી સહાયતા કરી તો તે અગ્નિમાં પતંગિયાની જેમ નષ્ટ થઈ જશે.

- **ज्वलत्वद्य मुखं ते वै यज्ञध्वंसो भवत्वति ।**
**सहायास्तव यावन्तस्ते ज्वलन्त्वद्य सत्वरम् ।३०।**

નિશ્ચિતરૂપે સતીના આ અપમાનથી તારું મુખ બળી જાય, યજ્ઞ નષ્ટ થઈ જાય અને આ બધા તમારા સહાયક દેવતાઓ પણ શીઘ્ર બળીને નષ્ટ થઈ જાય.।૩૦।

- **निर्गच्छन्त्वमराः वोकमेतदध्वरमण्डपात् ।**
**अन्यथा भवतांनाशोभविष्यत्यद्य सर्वथा ।३२।**

દેવતા લોકો તરત જ આ યજ્ઞ મંડપમાંથી બહાર નીકળી જાય, નહિં તો અવશ્ય વિનાશ થઈ જશે.।૩૨।

- **निर्गच्छ त्वं हरे शीघ्रमेतध्वरामण्डपात् ।**
**अन्यथा भवतो नाशो भविष्यत्यद्य सर्वथा ।३४।**

(શિવ પુરાણ, ભા-૧, રૂદ્રસંહિતા, સતીખંડ-૨, અધ્યાય-૩૧, શ્લોક : ૩૪, પૃ. ૪૦૯)

હે વિષ્ણુ ! તમે પણ આ યજ્ઞ મંડપમાંથી બહાર ચાલ્યા જાઓ, નહિં તો તમારો પણ વિનાશ થઈ જશે.।૩૪।

- **निर्गच्छ त्वं विधे ! शीघ्रमेतदध्वरामण्डपात् ।**
**अन्यथा भवतो नाशो भविष्यत्यद्य सर्वथा ।३५।**

(શિવ પુરાણ, ભા-૧, રૂદ્રસંહિતા, સતીખંડ-૨, અધ્યાય-૩૧, શ્લોક : ૩૫, પૃ. ૪૦૯)

હે વિધાતા (બ્રહ્મા) ! તમે શીઘ્ર આ સ્થાનથી બહાર ચાલ્યા જાઓ, નહિં તો તમારો સર્વથા નાશ થઈ જશે.।૩૫।

- **इत्युत्वाऽध्वरशालायामखिलायां सुसंस्थितान् ।**
**व्यरमत् सा नभोवाणी सर्वकल्याणकारिणी ।३६।**

આ રીતે બધાનું કલ્યાણ કરવાવાળી એ આકાશવાણી યજ્ઞ મંડપમાં આવેલા સર્વે લોકોને સંભળાવતાં મૌન થઈ ગઈ.।૩૬।

- **तच्छुत्वा व्योमवचनं सर्वे हर्यादयः सुराः ।**
**अकार्षुर्विस्मयं तात मुनयश्च तथाऽपरे ।३७।**

આકાશવાણીને સાંભળતાં જ વિષ્ણવાદી દેવગણ અને સમસ્ત મુનિગણ આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગયા.।૩૭।

- બાઈબલ (Exodus 3 NIV)માં લખ્યું છે કે જ્યારે હઝરત મૂસા મદયનથી મિસર (ઇજિપ્ત) જઈ રહ્યા હતા, તો સિનાઈ (Sinai) પહાડના ઉપર તેમને પ્રકાશ દેખાયો. તો તેઓ ત્યા આગ લેવા ગયા. પરંતુ જ્યારે તેઓ એ પ્રકાશની પાસે પહોંચ્યા તો એક આકાશવાણી સંભળાઈ, ''હે મૂસા ! હું તમારો ઈશ્વર છું. તમે અત્યારે તૂવાના પવિત્ર સ્થાન પર છો. તેથી પોતાના પગરખા ઉતારી નાખો. હું તમને ઈસરાઈલ સમુદાયનો પયગંબર (સંદેશવાહક) નિયુક્ત કરું છું.''

- આ જ વાત કુર્આનમાં સૂરઃ નં. ૨૦ (તા-હા) આયત નં. ૧૧-૧૨માં પણ લખેલી છે.

- આમ, આકાશવાણી એ ઈશ્વરનો અવાજ છે.

- પોતાના જન્મ પછી જ્યારે બ્રહ્માજી પોતાના જન્મદાતાને જાણવાની ઇચ્છા કરી તો આ જ આકાશવાણીએ તેમનું માર્ગદર્શન કર્યું હતું અને તપ કરવાનો આદેશ કર્યો હતો.

- હઝરત આદમ, હઝરત હવ્વા અને ઇબ્લીસને જે પણ આદેશો પ્રાપ્ત થયા, તે બધા આકાશવાણીના રૂપમાં હતા. કોઈએ ઈશ્વરને પોતાની આંખોથી ક્યારેય નથી જોયો.

- આમ, આકાશવાણી એ ઈશ્વરનો અવાજ છે. શિવ પુરાણના શ્લોકોને વાંચીને આપણે સમજી શકીએ છીએ કે શિવજી, વિષ્ણુજી અને બ્રહ્માજી આ બધાનું અસ્તિત્વ છે, અને આ બધા દિવ્ય અને આદરણીય છે. પરંતુ ઈશ્વરનું પોતાનું એક અલગ અસ્તિત્વ છે અને તે સૌથી મહાન છે અને તેણે જ આ બધાની રચના કરી છે.

ભગવદ્ ગીતાના શ્લોક નં. ૮.૪ માં ઈશ્વરે કહ્યું છે કે હું જ અધિદૈવતમ્ છું, અર્થાત્ દેવતાઓનો ઈશ્વર છું.

આમ, દેવતાઓ અને મનુષ્યો સૌનો માલિક એક છે.

# N-1.8

## ઈશ્વરના ગુણ શું છે ?

● ઈશ્વરનું જે વર્ણન આપણને ભગવદ્ ગીતામાં જોવા મળે છે, તે નીચે મુજબ છે :

ભગવદ્ ગીતામાં ઈશ્વરના છ ગુણોનું વર્ણ છે :

૧ — અજન્મા

૨ — અદર્શી.

૩ — અવિનાશી

૪ — ઈશ્વર જ સૃષ્ટિ કે બ્રહ્માંડનો રચયિતા છે.

૫ — બધું પાલન-પોષણ ઈશ્વર જ કરે છે.

૬ — સૃષ્ટિનો અંત ઈશ્વરના આદેશથી થશે.

આ છ ગુણોથી સંબંધિત શ્લોકો નીચે મુજબ છે :

### અજન્મા (Unborn) :

**यः माम् अजम् अनादिम् च वेत्ति लोक महा-ईश्वरम् ।**
**असम्मूढः सः मर्त्येषु सर्व-पापैः प्रमुच्यते ।।१०:३।।**

જે મને અજન્મા અનાદિ (આરંભરહિત) અને બ્રહ્માંડનો મહાન ઈશ્વર માને છે, તે મૂર્ખ નથી. મૃત્યુ પછી (તે) બધા પાપોથી પણ મુક્ત થઈ જશે.

### અદર્શી (Formless) :

**अव्यक्तम् व्यक्तिम् अपन्नम् मन्यन्ते माम् अबुद्धयः ।**
**परम् भावम् अजानन्तः मम अव्ययम् अनुत्तमम् ।।७:२४।।**

મારા મહાન અને સૌથી શ્રેષ્ઠ અવિનાશી ભાવને ન જાણીને, બુદ્ધિહીન મનુષ્ય, હું (જે) અદશ્ય (નિર્ગુણ અને નિરાકાર છું) (મેં) મનુષ્યની જેમ શરીર ધારણ કરી લીધું છે, એવું માને છે.

### અવિનાશી (Immortal) :

**अविनाशि तु तत् विद्धि येन सर्वम् इदम् ततम् ।**
**विनाशम् अव्ययस्य अस्य न कश्चित् कर्तुम् अर्हति ।।२:१७।।**

(હે અર્જુન !) નિઃસંદેહ તમારે જાણવું જોઈએ કે તે ઈશ્વર અવિનાશી છે, જેના કારણે આ સમગ્ર વિશ્વનું અસ્તિત્વ છે. એ ઈશ્વરનો વિનાશ કોઈ નથી કરી શકતું.

### ઈશ્વર જ સૃષ્ટિનો રચયિતા છે :

**सर्वभूतानि कौन्तेय प्रकृतिम् यान्ति मामिकाम् ।**
**कल्प-क्षये पुनः तानि कल्प-आदौ विसृजामि अहम् ।।९:७।।**

હે કુન્તી-પુત્ર (અર્જુન) ! મેં બ્રહ્માંડના આરંભમાં આ બધા (મનુષ્યો)નું નિર્માણ કર્યું છે, અને બ્રહ્માંડના અંત (પ્રલય) વખતે મારી ઈચ્છાથી ઈશ્વરીય પ્રકૃતિ દ્વારા બધા મનુષ્યો ફરીથી (ઉઠાવવામાં) આવશે (જીવિત કરવામાં આવશે).

**स्वयम् एव आत्मना आत्मानम् वेत्थ त्वम् पुरुष-उत्तम।**
**भूत-भावन भूत-ईश देव-देव जगत्-पते ।।१०:१५।।**

નિઃસંદેહ (હે ઈશ્વર !) તમે જ પોતાને સ્વયં જ (સૌથી સારી રીતે) જાણો છો. (હે ઈશ્વર !) તમે મહાન વ્યક્તિત્વવાળા છો. બધા પ્રાણીઓના ઈશ્વર છો. દેવતાઓના ઈશ્વર છો. બ્રહ્માંડના શાસક છો.

### બધાનું પાલન-પોષણ ઈશ્વર જ કરે છે :

**प्रकृतिम् स्वाम् अवष्टभ्य विसृजामि पुनः पुनः ।**
**भूत-ग्रामम् इमम् कृत्स्नम् अवशम् प्रकृतेः वशान् ।।९:८।।**

મારી પોતાની પ્રકૃતિના સહારે પ્રાણીઓના વિભિન્ન

સમુદાયોનું વારંવાર નિર્માણ કરી રહ્યો છું. (એ જ રીતે) આ બધાનું (પ્રલય વખતે ફરીથી) અવશ્ય નિર્માણ કરીશ, (કારણ કે આ મારી નિર્માણ કરવાવાળી) પ્રકૃતિના વશમાં છે.

**अनन्याः चिन्तयन्तः माम् ये जनाः पर्युपासते ।**
**तेषाम् नित्य अभियुक्तानाम् योग क्षेमम् वहामि अहम्**
**।।९:२२।।**

જે મનુષ્ય મારી સારી રીતે પ્રાર્થના કરે છે, કોઈ અન્ય વિશે વિચાર્યા વગર હંમેશા મારી ભક્તિમાં લાગેલ છે, હું એ (લોકોની) રક્ષાની જવાબદારી લઈને ચાલું છું.

## સૃષ્ટિનો અંત ઈશ્વરના આદેશથી થશે :

**पुरुषः सः परः पार्थ भक्त्या लभ्यः तु अनन्यया ।**
**यस्य अन्तः-स्थानि भूतानि येन सर्वम् इदम् ततम् ।।८:२२।।**

હે અર્જુન ! એ (ઈશ્વર) મનુષ્ય (હોવાથી) પર છે. નિઃસંદેહ કોઈ અન્ય (પ્રાણી કે દેવતા)ની ભક્તિ વગર તેની ભક્તિ કરવાથી જ તેને પ્રાપ્ત કરી શકાય છે. (આ એ ઈશ્વર છે) જેના દ્વારા સમગ્ર સંસારનું આ અસ્તિત્વ છે, અને જેના દ્વારા બધા પ્રાણીઓનો અંત (અર્થાત્ પ્રલયનું) સ્થિત થવું છે.

**एतत योनीनि भूतानि सर्वाणि इति उपधारय ।**
**अहम् कृत्स्नस्य जगतः प्रभवः प्रलयः तथा ।।७:६।।**

આ રીતે બધા ધરતી પર જન્મ લેનારા પ્રાણીઓની (સફળતા અને નિષ્ફળતા) નિર્ભર કરે છે આ (બંને પર, અર્થાત્ પૃથ્વી લોક અને અન્ય લોક પર), અને હું (જ) આ સૃષ્ટિનો આરંભ કરવાવાળો છું, (અને) સંપૂર્ણ જગતનો (હું જ) વિનાશ કરવાવાળો છું.

# N-1.9

## ઈશ્વરની પ્રાર્થના કેવી રીતે કરીએ ?

●

**योगी युञ्जीत सततम् आत्मानम् रहसि स्थितः ।**
**एकाकी यत-चित्त-आत्मा निराशीः अपरिग्रहः॥६:१०॥**

(योगी) ઈશ્વરની પ્રાર્થના કરવાવાળાએ જોઈએ કે (युञ्जीत) ઈશ્વરની પ્રાર્થના માટે (सततम्) હંમેશા (आत्मानम्) પોતાને (रहसि) શાંત સ્થાન પર લઈ જાય. (एकाकी) એકાંતમાં (आत्मा) પોતાને (स्थितः) સ્થિત કરીને, (अपरिग्रह) નમ્રતાથી, (निराशी) ઇચ્છાઓનો ત્યાગ કરીને (यत-चित्त) પોતાના મન અને બુદ્ધિને ઈશ્વરના ધ્યાનમાં લગાવે.

ઈશ્વરની પ્રાર્થના કરવાવાળાએ જોઈએ કે ઈશ્વરની પ્રાર્થના માટે હંમેશા પોતાને શાંત સ્થાન પર લઈ જાય. એકાંતમાં પોતાને સ્થિત કરીને, નમ્રતાથી, ઇચ્છાઓનો ત્યાગ કરીને પોતાના મન અને બુદ્ધિને ઈશ્વરના ધ્યાનમાં લગાવે.

**शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरम् आसनम् आत्मनः ।**
**न अति उच्छितम् न अति नीचम् चैल-अजिन कुश उत्तरम् ॥६:११॥**

(शुचौ) પવિત્ર (देशे) ધરતી (न) જે ન (अति) ખૂબ વધારે (उच्छितम्) ઊંચી હોય (न) અને ન (अति) ખૂબ વધારે (नीचम्) નીચી હોય, (कुश) તેના પર ઘાસ અથવા પાતળું (चैल) મુલાયમ વસ્ત્ર (अजिन) અથવા મૃગચર્મ (उत्तरम्) બીછાવીને (आत्मनः) પોતાને (स्थिर) દૃઢતાથી (प्रतिष्ठाप्य) સ્થિત કરીને (आसनम्) બેસી જાય.

પવિત્ર ધરતી જે ન ખૂબ વધારે ઊંચી હોય અને ન ખૂબ વધારે નીચી હોય, તેના પર ઘાસ અથવા પાતળું મુલાયમ વસ્ત્ર અથવા મૃગચર્મ બીછાવીને પોતાને દૃઢતાથી સ્થિત કરીને બેસી જાય.

**तत्र एक-अग्रम् मनः कृत्वा यत-चित्त इन्द्रिय क्रियः ।**
**उपविश्य आसने युञ्जयात् योगम् आत्म विशुद्धये ॥६:१२॥**

(तत्र) આ (आसने) આસન પર (उपविश्य) બેસીને (चित्त) મન, (क्रियः) ઇચ્છાઓ અને કર્મોને (यत्) વશમાં (कृत्वा) કરીને (मनः) મનમાં (ए) માત્ર એક (अग्रम) સૌથી શ્રેષ્ઠ ઈશ્વરને (રાખીને) (युञ्जयात) ઈશ્વરની પ્રસન્નતા (आत्म) અને મનને (દુષ્કર્મોથી) (विशुद्धये) પવિત્ર કરવા માટે (योगम्) ઈશ્વરના સ્મરણમાં લીન થઈ જાઓ.

આ આસન પર બેસીને મન, ઇચ્છાઓ અને કર્મોને વશમાં કરીને મનમાં માત્ર એક સૌથી શ્રેષ્ઠ ઈશ્વરને (રાખીને) ઈશ્વરની પ્રસન્નતા અને મનને (દુષ્કર્મોથી) પવિત્ર કરવા માટે ઈશ્વરના સ્મરણમાં લીન થઈ જાઓ.

**समम् काय शिरः ग्रीवम् धारयन् अचलम् स्थिरः ।**
**सम्प्रेक्ष्य नासिका अग्रम् स्वम् दिशः च अनवलोकयन् ॥६:१३॥**

(काय) શરીર (शिरः) શીશ (ग्रीवम्) અને ગરદનને (समम्) સીધા રાખીને (अचलम्) મનને કોઈ (ની તરફ) ન ભટકાવીને (स्थिर) એક ઈશ્વરની યાદને સ્થિર કરીને (च) કોઈપણ (दिशः) દિશામાં (अनवलोकयन्) ન જોતાં (स्वम्) પોતાના (नासिका) નાકના (अग्रम) આગળના ભાગની જગ્યાએ (सम्प्रेक्ष्य) જોતાં.

શરીર, શીશ અને ગરદનને સીધા રાખીને મનને કોઈ (ની તરફ) ન ભટકાવીને એક ઈશ્વરની યાદને સ્થિર કરીને કોઈપણ દિશામાં ન જોતાં પોતાના નાકના આગળના ભાગની જગ્યાએ જોતાં.

**प्रशान्त आत्मा विगत-भीः ब्रह्मचार-व्रते स्थितः ।**
**मनः संयम्य मत् चित्तः युक्तः आसीत मत् परः ।।६:१४।।**

(प्रशान्त आत्मा) શાંત મન (विगत भीः) અને ભય વગર, (व्रते स्थितः) દૃઢ સંકલ્પની સાથે (ब्रह्मचारि) ઈશ્વરના આદેશ અનુસાર જીવન વ્યતીત કરશે, (मनः संयम्य) પોતાના વિચારોને કાબૂમાં રાખો, અને (आसीत मत् परः) મને સૌથી મહાન માનીને બેસો, અને (मत् चित्तः युक्तः) મારામાં પોતાના ધ્યાનને લગાવો.
શાંત મન અને ભય વગર, દૃઢ સંકલ્પની સાથે ઈશ્વરના આદેશ અનુસાર જીવન વ્યતીત કરશે, પોતાના વિચારોને કાબૂમાં રાખો, અને મને સૌથી મહાન માનીને બેસો, અને મારામાં પોતાના ધ્યાનને લગાવો.

**युञ्जन् एवम् सदा आत्मानमयोगी नियत-मानसः।**
**शान्तिम् निर्वाण-परमाम् मत्-संस्थाम अधिगच्छति ।।६:१५।।**

(एराम्) આ રીતે (योगी) ભક્ત (सदा) હંમેશા (आत्मानम्) પોતાના (मानसः) મનને (नियत) વશમાં રાખીને (युञ्जन्) નિયોજિત સમય અનુસાર ભક્તિ કરીને (शान्तिम्) (સંસારમાં) સાચી શાંતિ (मत्) (અને મૃત્યુ પછી) મારા (संस्थाम्) ધામ (निर्माण परमाम्) અર્થાત્ સ્વર્ગના સૌથી શ્રેષ્ઠ શાંતિવાળા ધામને (अधिगच्छति) પામે છે.

આ રીતે ભક્ત હંમેશા પોતાના મનને વશમાં રાખીને નિયોજિત સમય અનુસાર ભક્તિ કરીને (સંસારમાં) સાચી શાંતિ (અને મૃત્યુ પછી) મારા ધામ અર્થાત્ સ્વર્ગના સૌથી શ્રેષ્ઠ શાંતિવાળા ધામને પામે છે.

**यत्र उपरमते चित्तम् निरुद्धम् योग-सेवया ।**
**यत्र च एव आत्मना आत्मानम् पश्यन् आत्मनि तुष्यति ।।६:२०।।**

(एवम्) નિઃસંદેહ, (आत्मना) મનુષ્ય (यत्र) જ્યારે (ઈશ્વરની યાદમાં એકાગ્ર રહે છે) (आत्मनि) (તો) સ્વયં (તે) (आत्मनम्) ઈશ્વરના અસ્તિત્વની (पश्यन्) અનુભૂતિ (અનુભવ) કરે છે (तुष्यति) અને સંતુષ્ટ થઈ જાય છે (શાંત થઈ જાય છે), (च) અને (આ) (उपरमते) અંદરની શાંતિની (यत्र) સ્થિતિ (चित्तम्) અને મનનું (योग) ઈશ્વરથી જોડાઈ જવું (निरुद्धम्) દુષ્કર્મોથી બચવાનું (सेवया) કારણ બને છે.

નિઃસંદેહ, મનુષ્ય જ્યારે (ઈશ્વરની યાદમાં એકાગ્ર રહે છે) (તો) સ્વયં (તે) ઈશ્વરના અસ્તિત્વની અનુભૂતિ (અનુભવ) કરે છે અને સંતુષ્ટ થઈ જાય છે (શાંત થઈ જાય છે), અને (આ) અંદરની શાંતિની સ્થિતિ અને મનનું ઈશ્વરથી જોડાઈ જવું દુષ્કર્મોથી બચવાનું કારણ બને છે.

**सुखम् आत्यन्तिकम् यत् तन् बुद्धि ग्राह्यम् अतीन्द्रियम् ।**
**वेत्ति यत्र न च एव अयम् स्थितः चलति तत्त्वतः ।।६:२१।।**

(एव) નિઃસંદેહ, (तत्) જે ભક્ત (यत्) જે (अतीन्द्रियम्) સમજી-વિચારીને (बुद्धि) ઇચ્છાઓથી દુર (ग्राह्यम) થઈ જાય છે, (आत्यन्तिकम्) અને સૌથી શ્રેષ્ઠ (सुखम्) સુખને (वेत्ति) જાણી લે છે, (यत्र) તો પછી તે (अयम्) (એકાગ્રતા દ્વારા) એ (स्थितः) ઈશ્વરની યાદને સ્થિત કરવાથી (च) અને (तत्त्वत) સચ્ચાઈથી (न) ક્યારેય પણ નથી (चलति) હટતો.

નિઃસંદેહ, જે ભક્ત જે સમજી-વિચારીને ઇચ્છાઓથી દુર થઈ જાય છે, અને સૌથી શ્રેષ્ઠ સુખને જાણી લે છે, તો પછી તે (એકાગ્રતા દ્વારા) એ ઈશ્વરની યાદને સ્થિત કરવાથી અને સચ્ચાઈથી ક્યારેય પણ નથી હટતો.

**यम् लब्ध्वा च अपरम् लाभम् मन्यते न अधिकम् ततः ।**
**यस्मिन् स्थितः न दुःखेद गुरुणा अपि विचाल्यते ।।६:२२।।**

(लब्ध्वा) (ઈશ્વર તરફથી શાંતિ) પ્રાપ્ત (यम्) થયા પછી (તે ભક્ત) (ततः) એ ઈશ્વર (अपरम्) સિવાય કોઈ અન્ય (શક્તિને) (अधिकम्) વધારે (लाभम्) લાભ આપનાર (न) નથી (मन्यते) માનતો. (यस्मिन्) એ (શાંત) (स्थितः) સ્થિતિ (પછી તે ભક્ત) (गुरुणा अपि) ખૂબ મોટા (दुःखेन) કઠિન સમયમાં પણ (विचाल्यते)

ડગમગતો (ન) નથી.

(ઈશ્વર તરફથી શાંતિ) પ્રાપ્ત થયા પછી (તે ભક્ત) એ ઈશ્વર સિવાય કોઈ અન્ય (શક્તિને) વધારે લાભ આપનાર નથી માનતો. એ (શાંત) સ્થિતિ (પછી તે ભક્ત) ખૂબ મોટા કઠિન સમયમાં પણ ડગમગતો નથી.

**सः निश्चयेन योक्तव्यः योगः अनिर्विण्ण-चेतमा ।**
**तम् विद्यात् दुःख-संयोग वियोगम् योग-संज्ञितम् ।।६:२३।।**

(विधात) મનુષ્યએ જાણવું જોઈએ કે (योग संज्ञितम्) એકાગ્ર થઈને કરવામાં આવતી ઈશ્વરની પ્રાર્થના (दुःख संयोग) કઠિન પરિસ્થિતિઓમાં પડવાથી (वियोगम्) બચાવી લે છે. (तम्) તેથી (सः) તે (ઈશ્વરની) (योग) પ્રાર્થનાને (अनिर्विण्ण चेतसा) એકાગ્ર મન (निश्चयेन) અને દૃઢતાની સાથે (योक्तव्य) કરવી જોઈએ.

મનુષ્યએ જાણવું જોઈએ કે એકાગ્ર થઈને કરવામાં આવતી ઈશ્વરની પ્રાર્થના કઠિન પરિસ્થિતિઓમાં પડવાથી બચાવી લે છે. તેથી તે (ઈશ્વરની) પ્રાર્થનાને એકાગ્ર મન અને દૃઢતાની સાથે કરવી જોઈએ.

# N-2
# રૂહ અને આત્માનો પરિચય

## N-2.1 રૂહ

રૂહ અને આત્મા વચ્ચેના ભેદને સમજવું ખૂબ મુશ્કેલ છે. વિશ્વમાં ૯૯% લોકો આ બંને વચ્ચેનો ભેદ જાણતા નથી.

સૌપ્રથમ હું તમારા સામે એ પ્રમાણ અને પુરાવો આપીશ કે આ બંને અલગ-અલગ છે, તો તમને વિશ્વાસ થશે અને તમે આ અધ્યાયને રસપૂર્વક વાંચશો.

**ભગવદ્ ગીતાના કેટલાક શ્લોકો આ પ્રમાણે છે :**

**૧) यः एनम् वेत्ति हन्तारम् यः च एनम् मन्यते हतम् ।**
**उवौ तौ न विजानीतः न अयम् हन्ति न हन्यते ।।२:१९।।**

જે મનુષ્ય આ (અવિનાશી રૂહ)ને મારવાવાળી માને છે, અને જે મનુષ્ય આ (રૂહને) મરવાવાળી માને છે, આ બંને કંઈ નથી જાણતા. આ રૂહ ન કોઈનો વધ કરે છે (અને) ન મરે છે.

**૨) न जायते म्रियते वा कदाचित् न अयम् भूत्वा भविता वा न भूयः ।**
**अजः नित्यः शाश्वतः अयम् पुराणः न हन्यते हन्यमाने शरीरे ।।२:२०।।**

આ (આત્મા) ન જન્મ લે છે અને ન મૃત્યુ પામે છે અને કોઈપણ સમયે ન તેનું અસ્તિત્વ હતું, ન તેનું અસ્તિત્વ છે, ન તેનું અસ્તિત્વ હશે. આ (આત્મા) સૌથી પ્રાચીન છે. આ શરીરના મૃત્યુની સાથે નથી મરતો.

**૩) अव्यक्तः अयम् अचिन्त्यः अयम् अविकार्यः अयम् उच्यते।**
**तस्मात् एराम् विदित्वा एनम् न अनशोभितुम अर्हसि ।।२:२५।।**

ઈશ્વરે કહ્યું, આ (રૂહ) ન દેખાવાવાળી છે. આ (રૂહ) ન સમજમાં આવે એવી છે. આ (રૂહ) ન બદલાવાવાળી છે. તેથી આ (રૂહ)ને જાણી લીધા પછી તમારે અવશ્ય ચિંતા ન કરવી જોઈએ.

**૪) उद्धरेत् आत्मना आत्मानम् न आत्मानम् अवसादयेत् ।**
**आत्मा एव हि आत्मनः बन्धुः आत्मा एव रिपुः आत्मनः ।।६:५।।**

નિઃસંદેહ, મનુષ્યએ જોઈએ કે પોતાના આત્માને ઉપર ઉઠાવે (પવિત્ર કરે). મનુષ્યએ જોઈએ કે (પોતાના આત્માને) નીચેની તરફ ન લઈ જાય (અપવિત્ર ન કરે). આત્મા મનુષ્યની મિત્ર છે, અને આત્મા (ન) મનુષ્યનો શત્રુ પણ છે.

**૫) बन्धुः आत्मा आत्मनः तस्य येन आत्मा एव आत्मना जितः।**
**अनात्मनः तु शत्रुत्वे वर्तेत आत्मा एव शत्रु-वत् ।।६:६।।**

જે વ્યક્તિએ પોતાના આત્મા (ને) જીતી લીધો, તેના માટે તેનો આત્મા મિત્ર બની જાય છે. પરંતુ એ જ આત્મા એ વ્યક્તિનો, જેણે તેને વશમાં નથી કર્યો, શત્રુ બની જાય છે, અને નિઃસંદેહ હંમેશા શત્રુની જેમ વ્યવહાર કરે છે.

- જે વસ્તુનું પહેલા ત્રણ શ્લોકોમાં વર્ણન છે, તેના ગુણ એ છે કે તે –

૧. અજન્મા છે.
૨. અમર છે.
૩. અસ્તિત્વ નહોતું, ન છે, અને ન હશે.
૪. ન આ કોઈને નુકસાન પહોંચાડી શકે છે અને ન તેનું નુકસાન થઈ શકે છે.
૫. તેને જોઈ શકાય એમ નથી.

૬. તેને સમજી શકાય એમ નથી.

૭. આમાં પરિવર્તન કરી શકાય એમ નથી.

● પછી જે બે શ્લોક છે, અર્થાત્ શ્લોક નં. ૬.૫ અને ૬.૬ માં જેનું વર્ણન છે, તેની સુધારણા થઈ શકે છે, તથા તેને ખરાબ અને નીચ પણ કરી શકાય છે.

હવે તમે વિચારો કે આ બંને વસ્તુઓ એક હોઈ શકે છે ?

કદાપિ નહીં, આમાં પહેલી વસ્તુ 'રૂહ' છે અને બીજી 'આત્મા' છે.

રૂહનું સૌથી વધારે વર્ણન ભગવદ્ ગીતામાં છે. પરંતુ તે પહેલાં આપણે અન્ય ગ્રંથોમાં આના વિશે શું લખેલ છે તે જોઈ લઈએ.

## બાઈબલ :

● બાઈબલની એક આયતનો અર્થ આ પ્રમાણે છે :

ઈશ્વરના શબ્દો જીવિત છે અને સક્રિય છે. આ બેધારી તલવારથી પણ વધારે તેજ છે. આ આત્મા (Soul) અને રૂહ (Spirit)ને અલગ-અલગ કરી શકે છે. આ સાંધાઓ અને હાડકાંની માંસપેશી સુદ્ધાંને અલગ-અલગ કરી શકે છે. (અર્થાત્ કોઈ જટિલ ધાર્મિક સમસ્યા હોય તો તેનો સાચો જવાબ બતાવી શકે છે.) આ વિચાર અને ઉદ્દેશ્યને ઓળખી શકે છે. (Hebrew 4:12, Biblia.com)

આ આયતથી એ સ્પષ્ટ થાય છે કે આત્મા (Soul) અને રૂહ (Spirit) આ બંને અલગ-અલગ વસ્તુ છે.

## કુર્આન :

● કુર્આનમાં રૂહનું ખૂબ ઓછું વર્ણન છે. પવિત્ર કુર્આનની એક આયત આ પ્રમાણે છે :

(ઈશ્વરે ફરિશ્તાઓને કહ્યું) તો જ્યારે હું આદમને સંપૂર્ણ બનાવી લઉં અને તેમાં મારી રૂહ ફૂંકી દઉં તો તમે તેના સામે સિજદામાં પડી જજો. (સૂરઃ હિજ્ર, ૧૫, આયત ૨૯)

આ આયતથી એ વાત સ્પષ્ટ થાય છે કે રૂહને ઈશ્વર પોતાની રૂહમાંથી મનુષ્યના શરીરમાં ફૂંકી છે, તો આ ઈશ્વર તરફથી છે, અને હંમેશા પવિત્ર રહેશે. બીજી વાત એ છે કે આને ફૂંકવામાં આવી છે, તેને નાખવામાં નથી આવી, અથવા તેનું નિર્માણ કરવામાં આવ્યું નથી. તેથી તેનું અસ્તિત્વ નથી.

● ખ્રિસ્તી ધર્મમાં ૧૨ બાઈબલો છે. પરંતુ ૮ બાઈબલમાં પયગંબર ઈસાને ઈશ્વરના પુત્ર કહેવામાં નથી આવ્યા. તેથી ખ્રિસ્તી ધર્મ તેને માનતા નથી. આવી જ એક બાઈબલનું નામ ગોસ્પેલ ઑફ બર્નાબાસ (Gospel of Barnabas) છે.

આમાં લખ્યું છે કે જ્યારે ઈશ્વરે આદમમાં રૂહ ફૂંકી તો તેઓ જીવિત થઈ ગયા. આદમે સ્વર્ગમાં કલેમા લખેલો જોયો, તો ઈશ્વરને પૂછ્યું કે આનો અર્થ શું છે ? (Rif)

● બર્નાબાસની બાઈબલની આયતથી જે વાત આપણે સમજી શકીએ છીએ તે એ છે કે મનુષ્ય જીવિત આ જ રૂહના કારણે છે. જ્યારે આદમમાં રૂહ ફૂંકવામાં આવી, તો તેઓ જીવિત થઈ ગયા.

આત્મા શરીરમાં ન હોય તો પણ મનુષ્ય જીવિત રહે છે. મનુષ્ય જ્યારે સૂઈ જાય છે, તો તેનો આત્મા શરીરથી અલગ થઈ જાય છે. આ વાત કુર્આનની સૂરઃ નં. ૩૯ (ઝુમર), આયત નં. ૪૨ અને ભગવદ્ ગીતામાં અધ્યાય-૮, શ્લોક નં. ૧૯ માં છે.

આમ, મનુષ્યના જીવિત રહેવાનું એક કારણ આ રૂહ છે.

● જે બીજી વાત આપણને બર્નાબાસની બાઈબલથી સમજમાં આવે છે તે એ છે કે મનુષ્યમાં બુદ્ધિ કે વિવેક (Conscience) આ જ રૂહના કારણે છે. આદમ જેવા જીવિત થયા, તેમણે ઈશ્વરને એ કલેમા વિશે પ્રશ્ન કર્યો, જે તેમને સ્વર્ગમાં લખેલો જોયો હતો.

ઈશ્વરે પોતાની રૂહમાંથી આદમમાં રૂહ ફૂંકી હતી. ઈશ્વર સ્વયં અનંત બુદ્ધિ (Infinite Inte-

lligence) ધરાવે છે. તો જે ઈશ્વરે આદમમાં ફૂંક્યું હતું તે સંભવ છે કે પોતાની અનંત બુદ્ધિમાંથી સીમિત બુદ્ધિ મનુષ્યને આપી હોય.

● મનુષ્યના પહેલા ધરતી ,ર તદ્દન મનુષ્ય જેવા હોમોસેપિઅન (Homosaptians) નામના પ્રાણીઓ રહેતા હતા. તેઓ બે લાખ વર્ષથી વધારે મુદ્દત સુધી ધરતી પર રહ્યા. પરંતુ પોતાના માટે ક્યારેય એક ઝુંપડી સુદ્ધાં ન બનાવી. તેઓ જાનવરોની જેમ રહેતા હતા અને સમય જતાં વિલુપ્ત થઈ ગયા. મનુષ્ય માત્ર પંદર હજાર વૃષથી ધરતી પર છે અને સમગ્ર ધરતીને તેણે બદલી નાખી. આ તેની બુદ્ધિની સિદ્ધિ છે, જે રૂહના રૂપમાં ઈશ્વરે તેનામાં ફૂંકી છે.

● ઈશ્વર એક છે અને ઈશ્વરે પોતાની રૂહમાંથી મનુષ્યમાં રૂહ ફૂંકી છે. આ કારણસર બધાની રૂહ એક સમાન છે. ભગવદ્ ગીતાના શ્લોક નં. ૧૩.૬ થી ૧૩.૯ માં મનુષ્યમાં જે સદ્ગુણોનું વર્ણન છે તે આ જ રૂહના કારણે છે.

આ રૂહ કદાપિ દોષિત નહીં થાય, ચાહે મનુષ્ય ગમે તેટલા પાપ કરી લે. તેની રૂહ તેને હંમેશા ખોટા કામ કરવાથી રોકે છે. આ કારણસર તેને 'અંતરાત્મા' કે 'વિવેક' પણ કહે છે.

● સૌથી વધારે રૂહનું વર્ણન ચગવદ્ ગીતામાં છે. હવે અમે તેના વિશે જે ૧૨ શ્લોક છે, તે તમારા સમક્ષ મૂકીએ છીએ. આને વાંચતી વખતે તમે એક વાતની નોંધ અવશ્ય લેશો કે ભગવદ્ ગીતામાં 'આત્મા' શબ્દનો ઉપયોગ ઘણી વાર થયો છે, પરંતુ આ ૧૨ શ્લોકોમાં 'રૂહ'નું વર્ણન કરતી વખતે ઈશ્વરે કદી એક વાર પણ 'આત્મા' નથી કહ્યું.

● **यः एनम् वेत्ति हन्तारम् यः च एनम् मन्यते हतम् ।**
**उवौ तौ न विजानीतः न अयम् हन्ति न हन्यते ।।२:१९।।**

જે મનુષ્ય આ (અવિનાશી રૂહ)ને મારવાવાળી માને છે, અને જે મનુષ્ય આ (રૂહને) મરવાવાળી માને છે, આ બંને કંઈ નથી જાણતા. આ રૂહ ન કોઈનો વધ કરે છે (અને) ન મરે છે.

● **न जायते म्रियते वा कदाचित् न अयम् भूत्वा भविता वा न भूयः ।**
**अजः नित्यः शाश्वतः अयम् पुराणः न हन्यते हन्यमाने शरीरे ।।२:२०।।**

આ (આત્મા) ન જન્મ લે છે અને ન મૃત્યુ પામે છે અને કોઈપણ સમયે ન તેનું અસ્તિત્વ હતું, ન તેનું અસ્તિત્વ છે, ન તેનું અસ્તિત્વ હશે. આ (આત્મા) સૌથી પ્રાચીન છે. આ શરીરના મૃત્યુની સાથે નથી મરતો.

● **वेद अविनाशिनम् नित्यम् यः एनम् अजम् अव्ययम्।**
**कथम् सः पुरुषः पार्थ कम् धातयति हन्ति कम् ।।२:२१।।**

જે મનુષ્ય જાણે છે કે આ (આત્મા) અવિનાશી છે, અનંત છે, અજન્મી છે, અમર છે, તે પુરુષ કેવી રીતે કોઈને મારી શકે છે, (અથવા કેવી રીતે) કોઈનો વધ કરાવી શકે છે.

● **वांसांसि जीर्णानि यथा विहाय नवानि गृहणति नरः अपराणि ।**
**तथा शरीरणि विहाय जीर्णानि अन्यानि संयाति नवानि देही ।।२:२१।।**

જે રીતે મનુષ્ય જૂના કપડાંનો ત્યાગ કરી દે છે અને બીજા નવા કપડાં ધારણ કરે છે, એ જ રીતે (આ આત્મા) જૂના શરીરનો ત્યાગ કરીને નવું શરીર બીજા લોકમાં ધારણ કરે છે.

● **न एनम् छिन्दन्ति शस्त्राणि न एनम् दहति पावकः ।**
**न च एनम् क्लेदयन्ति आपः न शोषयति मारुतः ।।२:२३।।**

આ રૂહ (આત્મા)ની ન હથિયારથી ટુકડા કરી શકાય છે, ન આ રૂહને અગ્નિ બાળી શકે છે, અને ન આ (રૂહ)ને પાણી પલાળી શકે છે, અને ન (આ રૂહને) વાયુ સૂકાવી શકે છે.

• अच्छेद्यः अयम् अदाह्यः अयम् अक्लेद्यः अशोष्यः एव य ।
नित्यः सर्व-गतः स्थाणुः अचलः अयम् सनातनः ।।૨:૨૪।।

આ રૂહ તૂટવાવાળી નથી, બળવાવાળી નથી, આ રૂહ પલળવાવાળી નથી. આ (રૂહ)ને સૂકાવી શકાતી નથી, અને નિઃસંદેહ આ રૂહ અનંત, ન બદલાવાવાળી, બ્રહ્માંડમાં દરેક જગાએ રહેવાવાળી અને દૃઢ છે (અર્થાત્ સમયથી પહેલા શરીરનો સાથ છોડતી નથી).

• अव्यक्तः अयम् अचिन्त्यः अयम् अविकार्यः अयम् उच्यते ।
तस्मात् एराम् विदित्वा एनम् न अनशोभितुम अर्हसि ।।૨:૨૫।।

ઈશ્વરે કહ્યું, આ (રૂહ) ન દેખાવાવાળી છે. આ (રૂહ) ન સમજમાં આવે એવી છે. આ (રૂહ) ન બદલાવાવાળી છે. તેથી આ (રૂહ)ને જાણી લીધા પછી તમારે અવશ્ય ચિંતા ન કરવી જોઈએ.

• अथ च एनम् नित्य-जातम् नित्यम् वा मन्यसेमृतम्।
तथा अपि त्वम् महा-बाहोन एनम शोचितुम् अर्हसि ।।૨:૨૬।।

તેમ છતાં જો તમે વિચારો છો કે આ (રૂહ) હંમેશા જન્મ લેવાવાળી છે, અથવા હંમેશા મરવાવાળી છે, તો પણ હે અર્જુન ! આ જન્મ અને મૃત્યુ વિશે તમારે ચિંતા ન કરવી જોઈએ.

• जातस्य हि ध्रुवः मृत्युः ध्रवम् जन्म मृतस्य च ।
तस्मात् अपरिहार्ये अर्थेन् त्वम् शोचितुम् अर्हसि ।।૨:૨૭।।

નિઃસંદેહ જેનાથી જન્મ લીધો તે અવશ્ય મૃત્યુ પામશે. તેથી એ પણ અટલ છે કે આપણે જન્મ અને મૃત્યુની ઘટનાથી બચી નથી શકતા. તેથી હે અર્જુન ! તમારે આ વિશે આટલા ચિંતિત ન થવું જોઈએ.

• अव्यक्त-आदीनि भूतानि व्यक्त मध्यानि भारत ।
अव्यक्त निधनानि एव तत्र का परिदेवता ।।૨:૨૮।।

હે અર્જુન ! બધા પ્રાણીઓ જન્મથી પહેલા પ્રગટ ન હતા. વચ્ચે જન્મ પછી જોવા મળે છે, અને પછી મૃત્યુ બાદ જોવા નહીં મળે. તો (જો તેઓ) (મૃત્યુ પામીને અપ્રગટ થઈ ગયા તો તેમાં) દુઃખની શું વાત છે.

• आश्चर्यवत् पश्यति कश्चित् एनम् आश्चर्यवत् वदति तथा एब च अन्यः ।
आश्चर्यवत् भ एनम् अन्यः श्रृणोति श्रुत्वा अपि एनम् वेद न च एरा कश्चित् ।।૨:૨૯।।

કોઈ આ (રૂહ)ને આશ્ચર્યની જેમ જુએ છે, અને આમ પણ બીજા લોકો એનું આશ્ચર્યની જેમ વર્ણન કરે છે, તેમજ અન્ય લોકો આ (રૂહ)ને આશ્ચર્યની જેમ સાંભળે છે, અને સાચું તો એ છે કે કેટલાક લોકો આ (રૂહ) વિશે સાંભળીને પણ કંઈ નથી સમજી શકતા.

• देही नित्यम् अवध्यः अयम् देहेसर्वस्य भारत ।
तस्मात् सर्वाणि भूतानि न त्वम् शोचितुम अर्हसि ।।૨:૩૦।।

હે અર્જુન ! આ (રૂહ) જે સૌ મનુષ્યોના શરીરમાં છે, અમર છે, અને તેની હત્યા નથી કરી શકાતી. તેથી તમારે બધા પ્રાણીઓના મૃત્યુ પર પણ આટલું દુઃખ ન કરવું જોઈએ.

## N-2.2 આત્માનો પરિચય

### આત્મા

હવે આપણે 'આત્મા'નું અધ્યયન કરીએ છીએ. આતમાને બાઈબલમાં 'સૉલ' (Soul) અને કુર્આનમાં 'નફ્સ' કહેવામાં આવેલ છે. આત્માના કારણે મનમાં ઈચ્છાઓ ઉત્પન્ન થાય છે, તેથી આત્માને 'સેલ્ફ' (Self), મન વગેરે પણ કહેવામાં આવે છે. આત્મા વિશે સૌથી વધારે વર્ણન પવિત્ર કુર્આનમાં છે. તેથી આત્માના અધ્યયનમાં કુર્આનની આયતો વધારે વાંચવામાં આવશે.

- આપણે આત્માના સંદર્ભે નીચેના વિષયો પર ચર્ચા કરીશું :

૧. — આત્માનું અસ્તિત્વ.

૨. — આત્માનો જન્મ.

૩. — કમ્પ્યુટરના ઉદાહરણથી આત્માને સમજવું.

૪. — આત્મા વિશે સત્ય અને તથ્ય અને તેના સંદર્ભો (References).

## N-2.3 આત્માનું અસ્તિત્વ

પવિત્ર કુર્આનની બે આયતો આ પ્રમાણે છે :

- (જેઓ ઈશ્વરના અસ્તિત્વનો ઇન્કાર કરે છે તેમને ઈશ્વર કહે છે કે,) જો તમે ઈશ્વરના વશમાં નથી તો મરતા વ્યક્તિના આત્માને તમે તેના શરીરમાં શોકી કેમ લેતા નથી ? (સૂરઃ અલ-વાકિઆ,૫૬,આયત ૮૬-૮૭)

(આ આયતથી એ સાબિત થાય છે કે આતમાનું અસ્તિત્વ છે અને તેને રોકી શકાય છે.)

- ઈશ્વર આત્માને તેમના (મનુષ્યના) મૃત્યુ વખતે પૂર્ણપણે ગ્રસ્ત કરી લે છે. (સૂરઃ અઝ્-ઝુમર, ૩૯, આયત ૪૨ નો પહેલો ભાગ)

(આ આયતથી પણ સાબિત થાય છે કે આત્માનું અસ્તિત્વ છે અને પકડી શકાય છે.)

## N-2.4 આત્માનો જન્મ

- અને હે પયગંબર ! લોકોને યાદ દેવડાવો એ સમય, જ્યારે કે તમારા ઈશ્વરે આદમની પીઠોથી તેમના વંશની (આત્માઓને સ્વર્ગ-લોકમાં) કાઢી હતી અને તેમને પોતાને તેમના પર સાક્ષી બનાવી બનાવતાં પૂછ્યું હતું, ''શું તમારો ઈશ્વર નથી ?'' તેમણે કહ્યું, ''અવશ્ય, તમે જ અમારા ઈશ્વર છો, અમે આના પર સાક્ષી આપીએ છીએ.'' (ઈશ્વરે કહ્યું કે) આ અમે એટલા માટે કર્યું કે ક્યાંક તમે કયામતના દિવસે એમ ન કહી દો કે, ''અમે તો આ વાતથી અજાણ હતા.'' અથવા એમ ન કહેવા લાગો કે શિર્ક (અનેકેશ્વર-વાદ)નો આરંભ તો અમારા બાપ-દાદાઓએ અમારાથી પહેલાં કર્યો હતો અને અમે તેમના પછી તેમના વંશમાંથી પેદા થયા, પછી શું તમે અમને એ ગુનામાં પકડો છો જે ખોટું કરનારાઓએ કર્યો હતો ?''

(સૂરઃ અલ-આરાફ, ૭, આયત ૧૭૨-૧૭૩)

- અને હે પયગંબર (મુહમ્મદ) ! યાદ રાખો એ પ્રતિજ્ઞાને, જે અમે બધા પયગંબરોથી (સ્વર્ગ-લોકમાં) લીધી છે, તમારાથી પણ અને નૂહ અને ઇબ્રાહીમ અને મૂસા અને મરયમના પુત્ર ઈસાથી પણ. સૌથી અમે દૃઢ વચન લઈ ચૂક્યા છીએ. (સૂરઃ અલ-અહઝાબ, ૩૩, આયત ૭)

ઉપર લખેલ આયતોથી આપણે એ નિષ્કર્ષ કાઢીએ છીએ કે,

૧) ઈશ્વરે બધા મનુષ્યોના આત્માઓની રચના સ્વર્ગમાં મનુષ્ય (આદમ)ની સાથે કે પહેલા કરી હતી.

૨) જન્મથી પહેલાં આત્મા એટલો નાનો હતો કે સમગ્ર માનવ-જાતિની આત્માઓ હઝરત આદમની પીઠમાં સમાઈ શકતી હતી.

૩) ઈશ્વરે આરંભમાં જ આત્માને પરિપૂર્ણ વ્યક્તિત્વની સાથે નિર્માણ કરેલ હતો. આ જ કારણસર તે ઈશ્વરના પ્રશ્નનો ઉત્તર આપી શક્યો.

જે રીતે એક એટમ (Atom) પરમાણુ ખૂબ જ નાનો હોય છે, પરંતુ તેનામાં તેના પદાર્થો (Substance)ના બધા ગુણો હોય છે, એ જ રીતે આરંભમાં આતમા ખૂબ જ નાનો હોય છે, પરંતુ તેનામાં મનુષ્યના બધા ગુણો હોય છે.

## N-2.5 કમ્પ્યુટરના ઉદાહરણથી આત્માને સમજવાનો પ્રયત્ન કરીએ.

કમ્પ્યુટરના અંગો આ પ્રમાણે છે :

૧) કમ્પ્યુટરની બૉડી (Computer Body)

૨) વીજળીનો પુરવઠો (Electric supply)

૩) સી.પી.યુ. (CPU)

૪) હાર્ડ ડિસ્ક (Hard Disk)

૫) કમ્પ્યુટરની બૉડી (Application Software)

૧) કમ્પ્યુટર બૉડી જેવું આપણુ શરીર છે.

૨) વીજળીનો પુરવઠો એ આપણો પ્રાણ છે.

૩) સી.પી.યુ. એ આપણી રૂહ છે.

૪) હાર્ડ ડિસ્ક એ આપણો આત્મા છે.

૫) એપ્લિકેશન સોફ્ટવૅયર એ આપણી બુદ્ધિ-યોગમ છે.

• જેમ કે જ્યારે વીજળીનો પુરવઠો ચાલુ થશે તો કમ્પ્યુટર કામ કરશે, એ જ રીતે ઈશ્વરના તેજના એક અંશથી આપણે અને આખી સૃષ્ટિ જીવિત છે અને આપણા શરીરમાં પ્રાણ છે.

• CPU અથવા Central Processing Unit આ જ અંગથી કમ્પ્યુટરમાં વિચાર કરવાને યોગ્ય બને છે. કમ્પ્યુટરનો ઉપયોગ કરવાવાળો આને બદલી શકતો નથી. એક મોડલના બધા કમ્પ્યુટરમાં એક સમાન CPU હોય છે.

• આપણી રૂહ એ CPU સમાન છે. હોમો-સેપિઅન અને મનુષ્યમાં આ જ રૂહનો ફરક હતો. આ ઈશ્વર તરફથી છે. હંમેશા પવિત્ર હે છે. પ્રાણ અને રૂહ બધા મનુષ્યોમાં એક સમાન છે. આપણામાં વિવેક આ જ રૂહના કારણે છે, અને આ જ આપણો અંતરાત્મા છે.

• આપણો આત્મા કમ્પ્યુટરના હાર્ડ ડિસ્ક જેવો છે. જે કંપનીથી તમે કમ્પ્યુટર લેશો તે આ હાર્ડ ડિસ્કમાં ઘણાબધા અલગ-અલગ કામ માટે સૉફ્ટવૅયર લોડ કરીને આપે છે.

એ જ રીતે ઈશ્વર આપણા આ આત્મામાં સત્ત્વ ગુણ, રજો ગુણ, તમો ગુણ, કામ ભાવના, લોભ, ક્રોધ વગેરે સૉફ્ટવૅયર લોડ કરીને મનુષ્યને પેદા કરે છે.

જે રીતે હાર્ડ ડિસ્કમાં ક્યારેક સૉફ્ટવૅયર બદલી શકાય છે, એ જ રીતે આપણે આપણા સ્વભાવને પણ તમો ગુણથી રજો ગુણ કે સત્ત્વ ગુણ કરી શકીએ છીએ.

• કમ્પ્યુટર પર તમે જે પણ કામ કરો છો, તમારો બધો ડેટા હાર્ડ ડિસ્કમાં એકત્ર રહે છે. કોઈ કારણથી હાર્ડ ડિસ્ક કાઢીને તમે આખું કમ્પ્યુટર નષ્ટ કરી નાખો અને પછી બીજા કમ્પ્યુટરમાં હાર્ડ ડિસ્ક લગાવી દો તો તમને તમારો બધો ડેટા મળી જશે અને તમારું નવું કમ્પ્યુટર પણ જૂના કમ્પ્યુટરની જેમ બની જશે. આમ, કમ્પ્યુટરમાં તમારા માટે સૌથી મહત્ત્વપૂર્ણ વસ્તુ તેની હાર્ડ ડિસ્ક છે.

• એ જ પ્રમાણે તમારો આત્મા છે. આમાં જ તમારા બધા કર્મો અને ગુણ છે. તમે આ જ આત્મા છો. મૃત્યુ વખતે ઈશ્વર આને કાઢી લેશે અને પ્રલય વખતે શરીર ઉત્પન્ન કરીને ફરીથી એ આત્માને શરીરમાં નાખશે. આમ, ફરી તમે પહેલા જેવા બની જશો.

● ઈશ્વરે આ જ આત્મામાં છ પ્રકારની ઈચ્છાઓ મૂકી છે. તો જયારે તમે કહો છો કે મારું મન ઈચ્છે છે, તો તે ઈચ્છા આ જ આત્માની હોય છે. તેથી આપણે આ આત્માને મન, હૃદય, Self પણ કહીએ છીએ.

● પોતાના આત્માને તપથી પવિત્ર પણ કરી શકાય છે અને પાપથી દૂષિત પણ કરી શકાય છે.

## N-2.6 આત્માનો પરિચય

ભગવદ્ ગીતામાં આત્માનો પરિચય નીચે દર્શાવેલ શ્લોકમાં છે :

**अर्जुन उवाच,**

**किम् तत् ब्रह्म किम् अध्यात्मम् किम् कर्म पुरुष-उत्तम ।**
**अधि-भूतम् च किम् प्रोक्तम् अधि-दैवम् किम् उच्यते ॥८:१॥**

(अर्जुन उवाच) અર્જુને કહ્યું, (तत) તે (ब्रह्म) ઈશ્વર (किम्) કોણ છે ? (अध्यात्मम्) આત્મા (किम्) શું છે ? (पुरुष उत्तम) પુરુષ ઉત્તમ (ઈશ્વર)ના (कर्म) કામ (किम्) શું છે ? (च) અને (अधि-भूतम्) તમામ પ્રાણીઓનો ઈશ્વર (किम्) કોને (प्रोक्तम) કહે છે ? (अधि-दैवम्) દેવતાઓનો ઈશ્વર (किम्) કોને (उच्यते) કહે છે ?

અર્જુને કહ્યું, તે ઈશ્વર કોણ છે ? આત્મા શું છે ? પુરુષ ઉત્તમ (ઈશ્વર)ના કામ શું છે ? અને તમામ પ્રાણીઓનો ઈશ્વર કોને કહે છે ? દેવતાઓનો ઈશ્વર કોને કહે છે ?

● **श्री भगवान उवाच,**

**अक्षरम् ब्रह्म परमम् स्वभावः अध्यात्मम् उच्यते ।**
**भूत-भाव-उद्भव-करः विसर्ग कर्म संज्ञितः ॥८:३॥**

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું, (परमम्) મહાન (अक्षरम्) અવિનાશી (ॐ)ને (ब्रह्म) બ્રહ્મ (ઈશ્વર) (उच्यते) કહે છે. (स्वभाव) મનુષ્યનો પોતાનો જે સ્વભાવ (વ્યક્તિત્વ) છે તેને (अध्यात्मम्) આત્મા કહે છે. (भूत) પ્રાણીઓના (भाव) સ્વભાવની (उद्भव) રચના કરવી અને (करः) (તેમને તેમના પ્રાકૃતિક જીવનના) કર્મ (તેમને) (विसर्ग) પ્રદાન કરવા (कर्म) (તેને ઈશ્વરના) કર્મ (संज्ञितः) કહેવામાં આવે છે.

ઈશ્વરે કહ્યું, મહાન અવિનાશી (ॐ)ને બ્રહ્મ (ઈશ્વર) કહે છે. મનુષ્યનો પોતાનો જે સ્વભાવ (વ્યક્તિત્વ) છે તેને આત્મા કહે છે. પ્રાણીઓના સ્વભાવની રચના કરવી અને (તેમને તેમના પ્રાકૃતિક જીવનના) કર્મ (તેમને) પ્રદાન કરવા (તેને ઈશ્વરના) કર્મ કહેવામાં આવે છે.

● ભગવદ્ ગીતાના શ્લોક નં. ૮.૩ ની વ્યાખ્યા સ્વામી મુકુન્દાનંદે નીચે મુજબ કરી છે :

The blessed lord said, The supreme indestructible entity is called Brahman. One's own self is called adhyatma. Action pertaining to the materail personality of living beings, and its development are called Karma. Or fruitive activities.

Shree Krishna says that the supreme Entity is called Brahman (In the Vedas, God is referred to by many Names and Brahman is one of them.) It is beyond space, time and the chain of cause and effect. These are the characteristics of the material realm, while Brahman is transcen-dental to the material plane. It is unaffected by the changes in the universe, and is imperishable. Hence4 it is described as aksharam. In the Brihadaranyak Upnishad 3.8.8m Brahman has been described in the same manner : "Learned people speak of Brahman as akshar (Indestructible). It is

also designed as param (Supreme), because It possesses qualities beyond those possessed by Maya and the soul." (www.holy-bhagvad-gita.org)

## N-2.7 આત્માને પવિત્ર કે દૂષિત કરી શકાય છે :

• **उद्धरेत् आत्मना आत्मानम् न आत्मानम् अवसादयेत्। आत्मा एव हि आत्मनः बन्धुः आत्मा एव रिपुः आत्मनः ।।६:५।।**

(हि) નિઃસંદેહ, (आत्मानम्) મનુષ્યએ જોઈએ કે (आत्मन) પોતાના આત્માને (उद्धरेत) ઉપર ઉઠાવે (પવિત્ર કરે). (आत्मानम्) મનુષ્યએ જોઈએ કે (अवसादयेत) (પોતાના આત્માને) નીચેની તરફ (न) ન લઈ જાય (અપવિત્ર ન કરે). (आत्मा) આત્મા (आत्मना) મનુષ્યનો (बन्धु) મિત્ર છે, (आत्मन) અને આત્મા (જ) (आत्मना) મનુષ્યનો (रिपुः) શત્રુ પણ છે.

નિઃસંદેહ, મનુષ્યએ જોઈએ કે પોતાના આત્માને ઉપર ઉઠાવે (પવિત્ર કરે). મનુષ્યએ જોઈએ કે (પોતાના આત્માને) નીચેની તરફ ન લઈ જાય (અપવિત્ર ન કરે). આત્મા મનુષ્યની મિત્ર છે, અને આત્મા (ન) મનુષ્યનો શત્રુ પણ છે.

• **बन्धुः आत्मा आत्मनः तस्य येन आत्मा एव आत्मना जितः।
अनात्मनः तु शत्रुत्वे वर्तेत आत्मा एव शत्रु-वत् ।।६:६।।**

(येन) જે (आत्मनः) વ્યક્તિએ (आत्मा) પોતાના આત્મા (ને) (जितः) જીતી લીધો, (तस्य) તેના માટે (आत्मा) તેનો આત્મા (बन्धु) મિત્ર બની જાય છે. (तु) પરંતુ (आत्मा एव) એ જ આત્મા (आतमाना) એ વ્યક્તિનો, (अनात्मानः) જેણે તેને વશમાં નથી કર્યો, (शत्रुत्वे वर्तेत) શત્રુ બની જાય છે, (एव) અને નિઃસંદેહ (शत्रु-वत्) હંમેશા શત્રુની જેમ વ્યવહાર કરે છે.

જે વ્યક્તિએ પોતાના આત્મા (ને) જીતી લીધો, તેના માટે તેનો આત્મા મિત્ર બની જાય છે. પરંતુ એ જ આત્મા એ વ્યક્તિનો, જેણે તેને વશમાં નથી કર્યો, શત્રુ બની જાય છે, અને નિઃસંદેહ હંમેશા શત્રુની જેમ વ્યવહાર કરે છે.

• પવિત્ર કુર્આનમાં લખ્યું છે કે,

''સફળ થઈ ગયો (તે) જેણે તેને (પોતાના આત્માને) વિકસિત કર્યો (પવિત્ર કર્યો), અને નિષ્ફળ થયો જેણે તેને (પોતાના આત્માને) દબાવી દીધો (દૂષિત કર્યો).

(સૂરઃ અશ્-શમ્સ, ૯૧, આયત ૯-૧૦)

ઉપર લખેલ શ્લોક અને આયતથી આપે સમજી શકીએ છીએ કે આત્મા, રૂહની જેમ પવિત્ર નથી, અને એક જ સ્થિતિમાં નથી રહેતો. તેને પવિત્ર કરવો પડે છે, અને પાપ કર્મોથી તે દૂષિત થઈ જાય છે.

## N-2.8 ગુણ શરીરના બદલે આત્મામાં હોય છે :

ભગવદ્ ગીતામાં ત્રણ ગુણોનું વર્ણન છે :

**૧ – સત્વ ગુણ :** આ ગુણ પુણ્ય તરફ લઈ જાય છે. આને કુર્આનમાં 'મુત્મઈન્ના' કહેવામાં આવેલ છે. (સૂરઃ અલ-ફજ્ર, ૮૯, આયત૨૭-૩૦)

**૨ – રજો ગુણ :** આ ગુણ નિરંતર પરિશ્રમ (Passion) તરફ લઈ જાય છે. આને કુર્આનમાં 'લવ્વામા' કહેવામાં આવેલ છે. (સૂરઃ અલ-કિયામા, ૭૫, આયત ૧-૨)

**૩ – તમો ગુણ :** આ ગુણ અજ્ઞાનતા અને પા તરફ લઈ જાય છે. આને કુર્આનમાં 'અમ્મારાહ' કહેવામાં આવેલ છે. (સૂરઃ યૂસુફ, ૧૨, આયત ૫૩)

આ ત્રણેય ગુણોનું વર્ણન ભગવદ ગીતામાં અધ્યાય નં. ૧૪ માં વિસ્તારથી આપવામાં આવેલ છે.

પવિત્ર કુર્આનની એક આયત આ પ્રમાણે છે :

''હે શાંત આત્મા ! પાછો ફર પોતાના ઈશ્વર તરફ, એ રીતે કે તુ તેનાથી પ્રસન્ન (ઈશ્વરની કૃપાથી સંતુષ્ટ) અને તે (ઈશ્વર) તારાથી પ્રસનન, (અને તુ) સામેલ થઈ જા મારા (પવિત્ર) બંદાઓમાં, અને પ્રવેશ કર મારા સ્વર્ગમાં.'' (સૂરઃ અલ-ફજ, ૮૯, આયત૨૭-૩૦)

આ આયતમાં અરબી શબ્દ છે - 'નફસે મુત્મઈન્ના' 'નફસ'નો અર્થ છે આત્મા અને 'મુત્મઈન્ના'નો અર્થ છે સત્વ ગુણ.

'નફસે મુત્મઈન્ના'નો અર્થ થયો સત્વ ગુણવાળો આત્મા. આ આયતથી આપણે એ પણ નિષ્કર્ષ કાઢી શકીએ છીએ કે ગુણ આત્મામાં જ હોય છે.

## N-2.9 મનુષ્યમાં ચેતના કે સાન-ભાન કે Consciousness આત્માના કારણે હોય છે.

ભગવદ્ ગીતાના બે શ્લોક આ પ્રમાણે છે :

• **अक्तात् व्यक्तयः सर्वाः प्रभवन्ति अहः-आगमे । रात्रि-आगमे प्रलीयन्ते तत्र एव अव्यक्त संज्ञके ।।૮:૧૮।।**

(अहः) દિવસના (उगमे) આગમન પર (अव्यक्तात्) (આત્મા) જે દેખાતી નથી, (व्यक्तयः) (તે પ્રાણીઓમાં) જોવા મળે છે, (सर्वाः प्रभवन्ति) (અર્થાત્ જીવન) બધા પ્રાણીઓમાં જોવા મળે છે. (एवं) નિઃસંદેહ (આ જ રીતે) (रात्रि आगमे) રાતના આગમન પર (संज्ञके) (આત્મા) જે (अव्यक्त) દેખાતી નથી (प्रलीयन्ते) (તેનું) મૃત્યુ જઈ જાય છે.

દિવસના આગમન પર (આત્મા) જે દેખાતી નથી, (તે પ્રાણીઓમાં) જોવા મળે છે, (અર્થાત્ જીવન) બધા પ્રાણીઓમાં જોવા મળે છે. નિઃસંદેહ (આ જ રીતે) રાતના આગમન પર (આત્મા) જે દેખાતી નથી (તેનું) મૃત્યુ જઈ જાય છે.

• **भूतः-ग्रामः सः एव अयम् भूत्वा भूत्वा प्रलीयते । रात्रि आगमे अवशः पार्थ प्रभवति अहः आगमे ।।૮:૧૯।।**

(रात्रि आगमे) રાતના આગમન પર (બધા પ્રાણીઓ) (अवशः) આપોઆપ (प्रलीयते) મૃત્યુ પામે છે. (अहः आगमे) દિવસના આગમન પર (प्रभवति) (તેમનામાં જીવન) જોવા મળે છે. (पार्थ) હે પાર્થ (અર્જુન !) (भूत ग्राम) બધા પ્રાણીઓનું (एवं) નિઃસંદેહ (अयम्) આ બધું (सः) (મારા દ્વારા) તેમનું (भूत्वा भूत्वा) વારંવાર નિર્માણ કરવું કે જીવન આપવું છે.

રાતના આગમન પર (બધા પ્રાણીઓ) આપોઆપ મૃત્યુ પામે છે. દિવસના આગમન પર (તેમનામાં જીવન) જોવા મળે છે. હે પાર્થ (અર્જુન !) બધા પ્રાણીઓનું નિઃસંદેહ આ બધું (મારા દ્વારા) તેમનું વારંવાર નિર્માણ કરવું કે જીવન આપવું છે.

• આ વાતને ઈશ્વરે પવિત્ર કુર્આનમાં આ પ્રમાણે કહી છે :

''ઈશ્વર આત્માને તેમના (મૃત્યુ વખતે) પૂર્ણપણે ગ્રસ્ત કરી લે છે, (કબજામાં કરી લે છે), અને જે હજુ મૃત્યુ નથી પામ્યો, તેને તેના ઊંઘવાની અવસ્થામાં (ગ્રસ્ત કરી લે છે). પછી જેના માટે મૃત્યુનો નિર્ણય થઈ ચૂક્યો હોય છે તેને રોકી લે છે અને બીજાઓને એક નિશ્ચિત સમય સુધી માટે છોડી દે છે. ચોક્કસ, આમાં વિચારશીલ લોકો માટે મોટી નિશાનીઓ છે.'' (સૂરઃ અલ-કિયામા, ૨૫, આયત ૫૨-૨૫)

• આનો અર્થ એ છે કે વ્યક્તિ જ્યારે સૂઈ જાય છે, તો ફરિશ્તાઓ તેની આત્માને શરીરથી બહાર કાઢીને પોતાના કબજામાં કરી લે છે.

જેમના ભાગ્યમાં ઊંઘમાં જ મૃત્યુ લખેલું હોય છે તેમનો આત્મા ફરી શરીરમાં પ્રવેશ નથી કરતો, અને જેમના મૃત્યુનો સમય હજુ નથી થયો તેમના આત્માને જાગતી વખતે ફરિશ્તાઓ શરીરમાં પ્રવેશ કરાવી દે

છે. આમ, દરરોજ આપણો આત્મા શરીરથી નીકળે છે અને ફરી શરીરમાં સમાય છે.

● આ આયતથી આપણે એ વાત પણ સમજી શકીએ છીએ કે ચેતના કે સાન-ભાન કે Consciousness મનુષ્યમાં આત્માના કારણે હોય છે, અને રૂહથી વિવેક, Conscience બુદ્ધિ, Intelligence હોય છે.

સૂઈ ગયા હોઈએ તે વખતે આપણા શરીરમાં પ્રાણ હોય, જેનાથી આપણું હૃદય ધડકતું રહે છે. રૂહ હોય છે, જેનાથી આપણે સ્વપ્નમાં પણ સારી રીતે આપણી બુદ્ધિનો ઉપયોગ કરી શકીએ છીએ. માત્ર આત્મા નથી હોતો, તેને લઈને આપણે ભાનમાં નથી હોતા.

## N-2.10 આત્મા અમર છે :

ભગવદ્ ગીતાના બે શ્લોક આ પ્રમાણે છે.

● **उत्तमः पुरुषः तु अन्य परम आत्मा इति उदाहृतः। यः लोक त्रयम् आविश्य विभिर्ते अव्ययः इश्वरः ।।૧૫:૧૭।।**

(तु) પરંતુ (उदाहृत) (ઈશ્વર) કહી રહ્યો છે કે (इति) તે ઈશ્વર (સ્વયં) (अन्य) બીજાઓથી (उत्तम) મહાનતમ (पुरुष) દિવ્ય વ્યક્તિત્વ છે. (आत्मा) (તે) આત્મા (થી પણ) (परम) મહાનતમ છે, (अव्ययः) તે અવિનાશી છે, (लोक त्रयम्) ત્રણેય લોકો પર (आविश्य) છવાયેલ છે (विभिर्ति) અને તેની રક્ષા કરે છે.

પરંતુ (ઈશ્વર) કહી રહ્યો છે કે તે ઈશ્વર (સ્વયં) બીજાઓથી મહાનતમ દિવ્ય વ્યક્તિત્વ છે. (તે) આત્મા (થી પણ) મહાનતમ છે, તે અવિનાશી છે, ત્રણેય લોકો પર છવાયેલ છે અને તેની રક્ષા કરે છે.

● **यस्मात् क्षरम् अतीतः अहम् अक्षरात् अपि च उत्तमः। अतःअस्मि लोके वेदे च प्रथितःपुरुष-उत्तमः।।૧૫:૧૮।।**

(यस्मत्) કારણ કે (अहम) હું (क्षरम्) નાશવંત (શરીરથી) (अतीत) પર છું, (च) અને (अक्षरात) અવિનાશી (આત્માથી) (अपि) પણ (उत्तम) મહાનતમ્ છું, (अतः) તેથી (लोके) આ સંસારમાં (च) અને (वेद) વેદોમાં (उत्तम पुरुष) મહાનતમ્ દિવ્ય વ્યક્તિત્વ પુરુષોત્તમ (प्रथितः) ના (નામથી) પ્રસિદ્ધ છું.

કારણ કે હું નાશવંત (શરીરથી) પર છું, અને અવિનાશી (આત્માથી) પણ મહાનતમ્ છું, તેથી આ સંસારમાં અને વેદોમાં મહાનતમ્ દિવ્ય વ્યક્તિત્વ પુરુષોત્તમના (નામથી) પ્રસિદ્ધ છું.

● પવિત્ર કુર્આનની એક આયત આ પ્રમાણે છે :

''પ્રત્યેક આત્માને મૃત્યુનો સ્વાદ ચાખવાનો છે. પછી તમે અમારા તરફ પાછા ફરશો.'' (સૂરઃ અલ-અન્કબૂત, ૨૯, આયત ૫૭)

આ શ્લોક અને આ આયતથી આપણે એ નિષ્કર્ષ કાઢી શકીએ છીએ કે આત્મા અમર છે, પરંતુ શરીરનો ત્યાગ કરતી વખતે તેણે મૃત્યુનો અનુભવ કરવો પડશે. આત્માનો અંત નહીં થાય, માત્ર એ ધરતીથી પિતૃલોક તરફ પ્રસ્થાન કરશે.

## N-2.11 આત્મા પવિત્ર કેવી રીતે કરી શકાય છે ?

ભગવદ્ ગીતાના શ્લોક નં. ૧૭.૩ માં કહેવામાં આવ્યું છે કે,

**सत्व-अनुरुपा सर्वस्य श्रद्धा भवति भारत ।**
**श्रद्धा मयः अयम् पुरुषः यःयत् श्रद्धः सः एव सः।।૧૭:૩।।**

હે ભારત (અર્જુન) ! તમામ લોકોમાં (એક ઈશ્વરમાં) શ્રદ્ધા જો સત્ત્વ ગુણની જેમ છે, (તે જન્મથી જ મનુષ્યના અંદર) હોય છે, (તે પછી) જે મનુષ્ય જે પ્રકારની શ્રદ્ધા (ની સાથે) આ સંસારમાં (જીવન વ્યતીત

કરે છે) તે નિઃસંદેહ એ જ શ્રદ્ધા (ની સાથે હોય છે જ્યારે) તે (મૃત્યુ પામે છે).

● આ શ્લોક અનુસાર બાળક સંસારમાં ઈશ્વર પર શ્રદ્ધાની સાથે જન્મ લે છે. પરંતુ તે જેવું જીવન વ્યતીત કરે છે એવો જ મૃત્યુ સમયે તેનો સ્વભાવ હોય છે.

● કયા પ્રકારનું જીવન વ્યતીત કરવાથી મનુષ્યમાં કયા પ્રકારના ગુણ ઉત્પન્ન થાય છે તેનું વર્ણન નીચે મુજબ છે :

**રજો ગુણ :** જો પરિવારની સંસ્કૃતિ વ્યવસાયિક છે, આધુનિક વિશ્વ અનુસાર જીવન વ્યતીત કરે છે, જેમ કે –

૧ – પોતાનું જીવન પોતાની ઈચ્છા અનુસાર વ્યતીત કરો.

૨ – જીવનનો ભરપૂર આનંદ લો.

૩ – ધન-સંપત્તિ જ સર્વસ્વ છે.

૪ – સારી ઊંઘ લોઘ સારું ભોજન ખાઓ, સારા કપડાં પહેરો.

૫ – સંસારને છોડીને પોતાની ચિંતા કરો. વગેરે...

જો આ પ્રકારની વિચારધારની સાથે બાળક મોટો થશે તો તેનામાં રજો ગુણ હશે.

**સત્વ ગુણ :**

૧ – જો પરિવારની સંસ્કૃતિ ધાર્મિક છે.

૨ – સવારે વહેલા ઊઠે છે.

૩ – ધાર્મિક ગ્રંથોનું અધ્યયન કરે છે.

૪ – વહેલી સવારે ઈશ્વરની પ્રાર્થના કરે છે.

૫ – ઓછું ઊંઘે છે, મધ્યમ ભોજન કરે છે અને ઓછી વાતો કરે છે. વગેરે...

જો આ પ્રકારની પારિવારિક સંસ્કૃતિની સાથે બાળક મોટો થશે તો તેનામાં સત્વ ગુણ હશે.

**તમો ગુણ :**

જો પરિવારની સંસ્કૃતિ ગુનાઈત, સાંપ્રદાયિક, ભ્રષ્ટ માનસીકતાવાળી છે તો બાળકમાં પણ તમો ગુણ હશે.

● જો કોઈ વ્યક્તિને એ વાતની પ્રતીતી હોય કે તેનામાં રજો કે તમો ગુણ છે, તો ખૂબ પરિશ્રમથી તે પોતાનામાં સત્વ ગુણ ઉતપન્ન કરી શકે છે.

## N-2.12 સત્વ ગુણ ઉત્પન્ન કરવાના ઉપાયો

આત્મા હંમેશા સુખથી, આરામથી, સ્વતંત્ર રહેવાનું પસંદ કરે છે, અને નિરંતર આનંદ લેવા માગે છે. જો મનુષ્ય હંમેશા સુખથી જીવન વ્યતીત કરે અને આનંદનો અનુભવ કરતો રહે, તો આતમામાં રજો કે તમો ગુણ ઉત્પન્ન થાય છે. જ્યારે આપણે આપણા આત્માને શરીર દ્વારા કષ્ટ આપીએ છીએ અને કષ્ટ આપતા રહીએ છીએ, તો તેનો સ્વભાવ બદલાવા લાગે છે. જો કષ્ટ ધાર્મિક જ્ઞાન અને શિક્ષા અનુસાર હોય તો આત્માનો સ્વભાવ ધીમે-ધીમે સાત્વીક કે અતીત થઈ જાય છે.

આત્માને શરીર દ્વારા જે કર્મોથી કષ્ટ થાય છે તે નીચે મુજબ છે :

૧ – ખૂબ વહેલી સવારે ઊઠવું.

૨ – વહેલી સવારે ઈશ્વરની પ્રાર્થના કરવી.

૩ – ઉપવાસ રાખવા.

૪ – દાન આપવું.

૫ – ધાર્મિક નિયમો અનુસાર પોતાના શારીરિક અંગોને વશમાં રાખવા.

૬ – ભોજન, ઊંઘ અને વ્યવહાર ધાર્મિક નિયમો અનુસાર અને સંતુલિત રાખવા.

જો આ કામ આપણે મન અને શરીરને કષ્ટ આપીને કરતા રહીએ, તો આપણો સ્વભાવ સાત્વીક થઈ જશે.

● જે અમે કહ્યું છે તેનો સંદર્ભ આ પ્રમાણે છે :

પવિત્ર કુર્આનમાં ઈશ્વરે કહ્યું કે,

''હે મુહમ્મદ ! રાત્રે ઊઠીને (નમાઝમાં) ઊભા રહેવાનું રાખો, સિવાય (રાતના) થોડા ભાગમાં, અડધી રાત કે તેનાથી થોડુંક ઓછું કરી લો, અથવા તેના થી થોડુંક વધારી લો, અને કુર્આનને સારી રીતે થોભી-થોભીને પઢો. નીશ્ચિતપણે અમે તમારા પર એક ભારે વાત (જવાબદારી) નાખવાવાળા છીએ. નિઃસંદેહ, રાત્રે ઊઠવું અત્માને ખુબ જ કષ્ટ આપે છે, અને એ સમયની પ્રાર્થના પણ દુરસ્ત હોય છે. (સૂરઃ અલ-મુઝ્ઝમ્મિલ, ૭૩, આયત ૧-૬, અનુવાદ : ફત્હ મુહમ્મદ)

● બધા ધર્મોમાં વહેલી સવારે ઊઠવાનું ખૂબ મહત્ત્વ રહ્યું છે.

સનાતન ધર્મમાં પણ સૂર્યોદયથી ૧ કલાક ૩૬ મીનિટ પહેલાના સમયને 'બ્રહ્મ મુહુર્ત' કહે છે. આ ઈશ્વરની પ્રાર્થના અને બધા શુભ કામો માટે સૌથી ઉચિત સમય છે, અને પોતાનામાં સાત્વિક ગુણ ઉત્પન્ન કરવા માટે અનિવાર્ય છે.

લગભગ આ જ સમયને મુસલમાનો 'સુબ્હ સાદીક' કહે છે. રોઝા (ઉપવાસ) આ જ સમયથી શરૂ થાય છે. અહલે હદીસ સમુદાય આ સમયના ૧૦ મીનિટ પછી અઝાન આપે છે.

સામાન્ય મુસલમાન માટે પાંચ વખતની નમાઝ પઢવી અનિવાર્ય છે. તેમાંથી પહેલી નમાઝનો સમય 'સુબ્હ સાદીક' (બ્રહ્મ મુહુર્ત)થી સૂર્યોદય સુધી છે. પરંતુ પયગંબર મુહમ્મદ સાહેબ પર છ સમયની નમાઝ અનિવાર્ય હતી. તેમાં પહેલી નમાઝનો સમય અડધી રાતથી આરંભ થતો હતો અને સુબ્હ સાદીક (બ્રહ્મ મુહુર્ત) સુધી હતો અને બીજી નમાઝનો સમય સુબ્હ સાદીકથી સૂર્યોદય સુધી હતો.

સુબ્હ સાદીક (બ્રહ્મ મુહુર્ત)થી પહેલા જે નમાઝ હોય છે તેને 'તહજ્જુદ' કહે છે. આ નમાઝ વગર કોઈ વલી (ઋષિ) નથી હોઈ શકતો.

● આપણો આત્મા અથવા આપણું મન, ધન-સંપત્તિને જમા કરવાનું ઇચ્છે છે. જ્યારે આપણે દાન આપીએ છીએ તો આપણા રજો અને તમો ગુણવાળા આત્માને કષ્ટ થાય છે. જો આપણે કષ્ટ નિરંતર આપતા રહીએ તો તે સ્વયં બદલાવા લાગે છે અને સાત્વિક ગુણવાળો બની જાય છે. તેથી હંમેશા દાન આપતા રહેવું જોઈએ.

● આપણો આત્મા ઇચ્છે છે કે હંમેશા આપણું પેટ સારા-સારા ભોજનથી ભરેલું રહે. જ્યારે આપણે ઉપવાસ કરીએ છીએ તો શરીરને કષ્ટ થાય છે. આ જ કષ્ટ આત્માને સાત્વિક બનાવે છે.

રોઝા (ઉપવાસ) રાખવાનું કારણ પવિત્ર કુર્આનમાં ઈશ્વરે આ પ્રમાણે બતાવ્યું છે,

''હે ઈમાનવાળાઓ ! તમારા પર રોજા ફર્ઝ (અનિવાર્ય) કરવામાં આવ્યા છે, જે રીતે તમારાથી પહેલાના લોકો પર ફર્જ કરવામાં આવ્યા હતા, જેથી તમે અતીત ગુણવાળા (મુત્તકી) બની જાઓ.''

(અતીત ગુણ, સત્વ ગુણથી પણ શ્રેષ્ઠ છે. આનું વર્ણન અધ્યાય નં. માં છે.)

આમ, ઈશ્વરના આદેશ અનુસાર જીવન વ્યતીત કરવું જોઈએ, ચાહે મનને સારું ન લાગે, અને તપ કરવું, અર્થાત્ ઉપવાસ રાખવા જોઈએ અને દાન આપવું જોઈએ અને બ્રહ્મ મુહુર્તના સમયે ઊઠીને ઈશ્વરની પ્રાર્થના કરવી જોઈએ. આનાથી આપણો સ્વભાવ સાત્વિક થઈ જાય છે, જે સ્વર્ગ પામવા જરૂરી છે.

# N-3
## બુદ્ધિ-યોગમ્ નો પરિચય

● સ્ટીફન હૉકિંગ (Stephen Hawking) એક મહાન વૈજ્ઞાનિક હતો. તેણે એક પ્રસિદ્ધ પુસ્તક 'A breif History of Time' લખ્યું છે, જેમાં તેણે Big Bang Theory થી લઈને Black Hole સુધી બધી વાતોનું વિસ્તારથી વર્ણન કર્યું છે.

તે લખે છે કે આ સૃષ્ટિ એક પરફેક્ટ મશીનની જેમ સ્થિત છે અને કામ કરી રહી છે. આ સૃષ્ટિમાં તારાઓની ગતિ થોડીક સેકંડ ઓછી કે વધારે થઈ જાય તો સમગ્ર સૃષ્ટિ નષ્ટ થઈ જશે.

આવી પરફેક્ટ સૃષ્ટિ એક મહાન ઈશ્વર જ નિર્માણ કરીની ચલાવી શકે છે, આ સચ્ચાઈને જાણવા છતાં સ્ટીફન હૉકિંગ નાસ્તિક હતો.

● પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.)ના પિતાનું મૃત્યુ આપના જન્મથી પહેલા થઈ ગયું હતું. આપને આપના કાકા અબૂ તાલિબે ઉછેર્યા હતા. જ્યારે પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.) યુવાન થયા અને પોતાની પયગંબરીની ઘોષણા કરી તો આખું મક્કા શહેર આપનું દુશ્મન બની ગયું. અબૂ તાલિબ પોતાના કબીલાના સરદાર હતા, અને હંમેશા આપની રક્ષા કરતા હતા. પરંતુ જ્યારે પણ પયગંબર મુહમ્મદ (સલ્લ.) પોતાના કાકાને ઇસ્લામનો સ્વીકાર કરવાનું આમંત્રણ આપતા, તો અબૂ તાલિબ કહેતા કે હું જાણું છું કે તું સાચો છે, તારો ધર્મ સાચો છે, પરંતુ હું મારા પૂર્વજોના ધર્મનું પાલન જ કરીશ, અને એ ધર્મ પર તેનું અવસાન થઈ ગયું.

● આવું કેમ થાય છે કે એક મહાન વૈજ્ઞાનિક, જે સારી રીતે જાણતો હતો કે આટલી પરફેક્ટ સૃષ્ટિ એક ઈશ્વર સિવાય બીજું કોઈ બનાવી શકતું નથી, તેમ છતાં તે ઈશ્વરનો ઇન્કાર કરે છે અને નાસ્તિક રહે છે; અને એવું કેમ થાય છે કે એક વ્યક્તિ જાણે છે કે આ સાચા પયગંબર છે, તેમનો ધર્મ સાચો છે, તેમ છતાં તે એ ધર્મનો સ્વીકાર કરતો નથી.

● આ પ્રશ્નનો ઉત્તર પવિત્ર કુર્આનમાં ઈશ્વરે આ પ્માણે આપ્યો છે :

''હે મુહમ્મદ ! તમે જેને ઇચ્છો (સત્ય ધર્મના) માર્ગ પર નથી લાવી શકતા, પરંતુ ઈશ્વર જેને ઇચ્છે છે (સત્ય ધર્મના) માર્ગ લાવે છે, અને તે (ઈશ્વર) સત્ય માર્ગ પામનારાઓને બરાબર જાણે છે.'' (સૂરઃ અલ-કસસ, ૨૮, આયત ૫૬)

અર્થાત્ સત્ય ધર્મનું અનુસરણ એ જ લોકો કરશે, જેમને ઈશ્વર ઇચ્છશે, અને ઈશ્વર તેમને જ અનુસરણની પ્રેરણા અને બુદ્ધિ આપે છે જેઓ મનથી ઈશ્વરથી ડરે છે અને સત્ય માર્ગ પર ચાલવા માગે છે.

ભગવદ્ ગીતાના બે શ્લોક આ પ્રમાણે છે :

**श्री भगवान उवाच,**
**तेषाम् सतत-युक्तानाम् भजताम् प्रीति-पूर्वकम् ।**
**ददामि बुद्धि-योगम् तम् येन माम् उपयान्ति ते ।।१०:१०।।**

એ (મુની/પવિત્ર વ્યક્તિઓને) જે પ્રેમપૂર્વક હંમેશા મારી પ્રાર્થનામાં લાગેલા છે, તેમને (હું) મારાથી જોડાઈ રહે એવી બુદ્ધિ આપું છું, જેનાથી તે મને પામી લે છે.

**तेषाम् एव अनुकम्पा-अर्थम् अहम् अज्ञान-जम् तमः ।**
**नाशयामि आत्म-भाव स्थः ज्ञान दीपेन भास्वता ।।१०:११।।**

નિઃસંદેહ , એ (પવિત્ર વ્યક્તિઓ) પર પોતાની વિશેષ કૃપા કરવા માટે હું તેમના હૃદયની અંદર જ્ઞાનનો

દીપક સ્થાપિત કરી દઉં છું, જેના પ્રકાશમાં જે અંધકાર અજ્ઞાનતાના કારણે હૃદયમાં જન્મ લે છે તે નષ્ટ થઈ જાય છે.

● બુદ્ધિ-યોગમ્ કે Divine Consciousness ને મુસલમાનો 'ઈમાન' કહે છે. જે વ્યક્તિને ઈશ્વર બુદ્ધિ યોગમ આપશે એ જ સત્ય માર્ગ પર ચાલશે, અને બુદ્ધિ યોગમ ઈશ્વર તેમને જ આપે છે જેઓ તેની ઈચ્છા કરે છે, અને જીવનના અંત સુધી આ તેમના જ પાસે રહે છે જેઓ ઈશ્વરથી તેના માટે પ્રાર્થના કરે છે. વેદ અને કુર્આનની કેટલીક આવી જ પ્રાર્થનાઓ નીચે દર્શાવેલ છે :

● ઋગ્વેદ આ ધરતી પર સૌથી પ્રાચીન ઈશ્વરીય વાણી છે. ઈશ્વરે આમાં માનવ-જાતિને બતાવ્યું છે કે કેવી રીતે ઈશ્વરની પ્રાર્થના કરવામાં આવે અને કેવી રીતે તેની કૃપા માંગવામાં આવે. ઋગ્વેદનું મંડલ નં. ૩, સુક્ત નં. ૬૨નો મંત્ર નં. ૧૦ આવો જ એક મંત્ર છે. આને ગાયત્રી મંત્ર પણ કહે છે. આસ્થા એ છે કે વિશ્વામિત્રએ આની રચના કરી છે. પરંતુ આ મંત્ર ઋગ્વેદનો મંત્ર છે અને ઋગ્વેદ ઈશવાણી છે. વિશ્વામિત્રએ લોકોને આના મહત્ત્વનો પરિચય કરાવ્યો હશે.

<u>**ગાયત્રી મંત્ર :**</u>

ॐ

**भूर्भुवः स्वः**

**तत् सवितुर्वरेन्यं**

**भर्गो देवस्य धीमहि**

**धियो यो नः प्रचोदयात्**

(ઋગ્વેદ, ૩:૬૨:૧૦)

ॐ = પ્રાર્થનાનો આરંભ ઈશ્વરના નામથી કરું છું.

**भू** = ધરતી

**भुव** = અન્ય લોક

**स्व** = સ્વર્ગ

**तत** = તે (ઈશ્વર)

**सवितुर** = જે સત્ય માર્ગ બતાવે છે.

**वरेन्यम्** = જેના માટે સર્વ પ્રશંસા છે.

**भर्गो** = પાપોને ક્ષમા કરવાવાળો,

**धियो** = મન અને આત્માથી

**धीमहि** = ઈશ્વરની પ્રાર્થના કરે છે.

**देवस्य** = ઈશ્વર

**यो** = જે

**नः** = અમને

**प्रचोदयात्** = પ્રકાશિત કરે (સત્ય માર્ગ બતાવે).

**(ॐ)** પ્રાર્થનાનો આરંભ ઈશ્વરના નામથી કરું છું, **(यो)** જે **(भू)** ધરતી **(भुव)** અન્ય લોક **(स्व)** સ્વર્ગ લોક (નો સ્વામી છે). **(तत)** તે (ઈશ્વર) **(सवितुर)** સત્ય માર્ગ બતાવે છે, **(वरेन्यम्)** તેના માટે સર્વ પ્રશંસાઓ છે, **(भर्गो)** પાપોને ક્ષમા કરવાવાળો છે, **(धियो)** મન અને આત્માથી **(धीमहि)** (આપણે) ઈશ્વરની પ્રાર્થના કરીએ છીએ. **(देवस्य)** (હે) ઈશ્વર ! **(नः)** અમને **(प्रचोदयात्)** પ્રકાશિત કરો (સત્ય માર્ગ બતાવો).

પ્રાર્થનાનો આરંભ ઈશ્વરના નામથી કરું છું, જે ધરતી અન્ય લોક, સ્વર્ગ લોક (નો સ્વામી છે). તે (ઈશ્વર) સત્ય માર્ગ બતાવે છે, તેના માટે સર્વ પ્રશંસાઓ છે, પાપોને ક્ષમા કરવાવાળો છે, મન અને આત્માથી (અમે) ઈશ્વરની પ્રાર્થના કરીએ છીએ. (હે) ઈશ્વર ! અમને પ્રકાશિત કરો (સત્ય માર્ગ બતાવો).

જે આ મંત્રને દરરોજ તેના અર્થને સમજીને ઈશ્વરની પ્રાર્થનાના રૂપમાં બોલશે, તો તેને ઈશ્વર અવશ્ય સત્ય માર્ગ બતાવશે, જે સ્વર્ગ તરફ જવાવાળો માર્ગ છે.

**પવિત્ર કુર્આન, સૂરઃ નં. ૧ :**

● પવિત્ર કુર્આનની પહેલી સૂરઃ પણ આ જ પ્રકારે

ઈશ્વરની પ્રાર્થના છે, જે દરેક નમાઝમાં પઢવામાં આવે છે. તે સૂરઃ નીચે મુજબ છે :—

**અલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન.**

સર્વ પ્રશંસા ઈશ્વર માટે છે જે સમગ્ર સૃષ્ટિઓનો પ્રભુ છે. (૧)

**અર્રહમાનિર્રહીમ.**

અત્યંત કૃપાળુ અને દયાળુ છે. (૨)

**માલિકિ યૌમુદ્દીન.**

પ્રલયના દિવસનો માલિક છે. (૩)

**ઈય્ય-ક નઅ્-બુદુ વ ઈય્ય-ક નસ્તઈન.**

હે ઈશ્વર ! અમે તારી જ પ્રાર્થના કરીએ છીએ અને તારાથી જ મદદ માંગીએ છીએ. (૪)

**ઈહ્-દિનસ્-સીરાતલ્-મુસતકીમ.**

હે પ્રભુ ! અમને સત્ય માર્ગ બતાવો. (૫)

**સિરાતલ્લઝી-ન અન્અમ્ત- અલૈહિમ.**

એ લોકોનો માર્ગ જે તારી કૃપાને પાત્ર ઠર્યા. (૬)

**ગૈરિલ મગ્ઝૂબિ અલૈહિમ વ લઝ્-ઝૉલ્લીન.**

ન એ લોકોનો માર્ગ, જેમના પર તારો પ્રકોપ ઊતર્યો અને ન પથભ્રષ્ટ લોકોનો માર્ગ. (૬)

# N-4

## અન્ય લોક શું છે ?

● ભગવદ્ ગીતાનો શ્લોક નં. ૧૫.૮ આ પ્રમાણે છે :

**शरीयम् यत् अवाप्नोति यत् भ अपि उत्क्रामति ईश्वरः । गृहीत्वा एतानि संयाति वायुः गन्धान् इव आशयात् ।।१५:८।।**

(મનુષ્ય) જે શરીર (મૃત્યુ સમયે) છોડી જાય છે, નિ:સંદેહ (પ્રલયના દિવસે તેને) ફરીથી પ્રાપ્ત કરે છે. તે (શરીર) જેના (થી) (આત્મા) દૂર થઈ જાય છે, ઈશ્વર (તેને) લાવે છે (કર્મોનો હિસાબ લેવાના સ્થાને એ જ રીતે) જે રીતે વાયુ સ્થળાંતર કરે છે સુગંધનું.

● અર્થાત્ પ્રલયના દિવસે ઈશ્વર બધાને ફરીથી જીવિત કરશે અને કર્મોનો હિસાબ લેશે, અને પુણ્યનું ફળ સ્વર્ગ અને પાપોની સજા નર્કમાં જીવન વ્યતીત કરવું પડશે. આ મૃત્યુ પછી ફરીથી જીવિત થઈને સ્વર્ગ કે નર્કમાં જીવન વીતાવવાને Hereafter કે 'આખિરત' કે 'અન્ય' કે 'અન્ય લોક' કહે છે.

### અન્ય લોકથી સંબંધિત ભગવદ્ ગીતાના શ્લોક આ પ્રમાણે છે :

**• अपरा इयम् इतः तु अन्याम् प्रकृतिम् विद्धि मे पराम्। जीव-भूताम् महा-बाहो यया इदम् धार्यते जगत् ।।७:५।।**

પરંતુ હે અર્જુન ! આ હીન (પૃથ્વીના) ઉપરાંત મારી શ્રેષ્ઠ રચના અન્ય લોકને જાણવાનો પ્રયાસ કરો, જેના પર આ સંસારના બધા પ્રાણીઓની (સફળતા કે નિષ્ફળતા) નિર્ભર કરે છે.

**• एतत योनीनि भूतानि सर्वाणि इति उपधारय । अहम् कृत्स्नस्य जगतः प्रभवः प्रलयः तथा ।।७:६।।**

આ રીતે બધા ધરતી પર જન્મ લેનારા પ્રાણીઓની (સફળતા અને નિષ્ફળતા) નિર્ભર કરે છે આ (બંને પર, અર્થાત્ પૃથ્વી લોક અને અન્ય લોક પર), અને હું (જ) આ સૃષ્ટિનો આરંભ કરવાવાળો છું, (અને) સંપૂર્ણ જગતનો (હું જ) વિનાશ કરવાવાળો છું.

**• परः तस्मात् तु भावः अन्यः अव्यक्तः अव्यक्तात् सनातनः। यः सः सर्वेषु नश्यत्सु न विनश्यति ।।८:२०।।**

પરંતુ (ઈશ્વર દ્વારા પ્રત્યેક દિવસ નિર્માણ કર્યા) પછી (પણ) (એક) નિર્માણ (છે) (અને તે એ છે કે) અન્ય લોક (એ લોક જ્યાં મનુષ્યોને મૃત્યુ પછી ફરી જીવિત કરવામાં આવશે અને પછી ત્યાં અનંત કાળ સુધી રહેશે) જે ન જોવાઈ શકે તેનાથી વધારે ન જોવાઈ શકે એવી છે. હંમેશા સ્થિત રહેવાવાળી છે, અને તે જે બધા પ્રાણીઓના મૃત્યુ પર પણ (જેનો) વિનાશ નહીં થાય.

**• वांसांसि जीर्णानि यथा विहाय नवानि गृहणति नरः अपराणि ।
तथा शरीरणि विहाय जीर्णानि अन्यानि संयाति नवानि देही ।।२:२२।।**

જે રીતે મનુષ્ય જૂના કપડાંનો ત્યાગ કરી દે છે અને બીજા નવા કપડાં ધારણ કરે છે, એ જ રીતે (આ આત્મા) જૂના શરીરનો ત્યાગ કરીને નવું શરીર બીજા લોકમાં ધારણ કરે છે.

**• पार्थ न एव इह न अमुत्र विनाशः तस्य विद्यते ।
न हि कल्याण-कृत् कश्चित् दुर्गतिम् तात गच्छति ।।६:४०।।**

ઈશ્વરે કહ્યું, હે અર્જુન ! ન આ સંસારમાં અને ન અન્ય લોકમાં (સત્ય કર્મ કરવાવાળા) વ્યક્તિનો વિનાશ થાય છે. મારા પ્રિય (અર્જુન) ! લોકોનું કલ્યાણ કરવાવાળો વ્યક્તિ નિ:સંદેહ ક્યારેય નર્કના સ્થાનને નથી પામતો.

• यज्ञ-शिष्ट अमृत-भुजः यान्ति ब्रह्म सनातनम् ।
न अयम् लोकः अस्ति अयज्ञस्य कृतः अन्यः कुरु-सत्-तम ।।४:३१।।

પોતાની પ્રાર્થનાના ફળ-સ્વરૂપે (ઈશ્વરની પ્રાર્થના કરવાવાળા) પામે છે ઈશ્વરના સદૈવ રહેવાવાળા સ્વર્ગને, અને અમર જીવનનો આનંદ. હે કુરુ-શ્રેષ્ઠ (અર્જુન) ! જેઓ ઈશ્વરની પ્રસન્નતા માટે પ્રાર્થના નથી કરતા, (તેમને) આ સંસારમાં શાંતિ નથી મળતી. (જો આ સંસારમાં શાંતિ નથી મળતી, તો) મૃત્યુ પછીના જીવનમાં (શાંતિ) ક્યાંથી મળશે.

• अज्ञः च अश्रद्दधानः च संशय आत्मा विनश्यति ।
न अयम् लोकः अस्ति न परः न सुखम् संशय आत्मनः ।।४:४०।।

તે જેને ઈશ્વરીય ગ્રંથનું જ્ઞાન પ્રાપ્ત નથી, અને (તે) જેની ઈશ્વરમાં શ્રદ્ધા નથી અને એ લોકો જેઓ ઈશ્વર અને તેના અવતરિત જ્ઞાનમાં સંદેહ (શંકા) કરે છે તેમનો વિનાશ થશે. આવા સંદેહ કરનારા લોકોનું ન આ લોક (પૃથ્વી)માં (ભલું થશે), ન અન્ય લોક (માં ભલું થશે) (અને તેમને ન ક્યાંય સુખ મળશે.

## પ્રલયના દિવસે પુનઃ જીવિત થવાથી સંબંધિત શ્લોક આ પ્રમાણે છે :

• काम्यानाम् कर्मणाम् न्यासम् संन्यासम् कवयःविदुः ।
सर्व कर्म फल त्यागम् प्राहुः त्यागम् विचक्षणाः ।।१८:२।।

ઈશ્વરે (શ્રી કૃષ્ણના માધ્યમથી) કહ્યું, મનને આનંદ આપનાર કર્મોને છોડી દેવાને જ્ઞાનીઓ સંન્યાસ સમજે છે. બધા કર્મોના ફળને ત્યાગી દેવાને બુદ્ધિશાળી લોકો ત્યાગ કહે છે.

• सर्वभूतानि कौन्तेय प्रकृतिम् यान्ति मामिकाम् ।
कल्प-क्षये पुनः तानि कल्प-आदौ विसृजामि अहम् ।।९:७।।

હે કુન્તી-પુત્ર (અર્જુન) ! મેં બ્રહ્માંડના આરંભમાં આ બધા (મનુષ્યો)નું નિર્માણ કર્યું છે, અને બ્રહ્માંડના અંત (પ્રલય) વખતે મારી ઈચ્છાથી ઈશ્વરીય પ્રકૃતિ દ્વારા બધા મનુષ્યો ફરીથી (ઉઠાવવામાં) આવશે (જીવિત કરવામાં આવશે).

• प्रकृतिम् स्वाम् अवष्टभ्य विसृजामि पुनः पुनः ।
भूत-ग्रामम् इमम् कृत्स्नम् अवशम् प्रकृतेः वशात् ।।९:८।।

મારી પોતાની પ્રકૃતિના સહારે પ્રાણીઓના વિભિન્ન સમુદાયોનું વારંવાર નિર્માણ કરી રહ્યો છું. (એ જ રીતે) આ બધાનું (પ્રલય વખતે ફરીથી) અવશ્ય નિર્માણ કરીશ, (કારણ કે આ મારી નિર્માણ કરવાવાળી) પ્રકૃતિના વશમાં છે.

• शरीयम् यत् अवाप्नोति यत् भ अपि उत्क्रामति ईश्वरः।
गृहीत्वा एतानि संयाति वायुः गन्धान् इव आशयात् ।।१५:८।।

(મનુષ્ય) જે શરીર (મૃત્યુ સમયે) છોડી જાય છે, નિઃસંદેહ (પ્રલયના દિવસે તેને) ફરીથી પ્રાપ્ત કરે છે. તે (શરીર) જેના (થી) (આત્મા) દૂર થઈ જાય છે, ઈશ્વર (તેને) લાવે છે (કર્મોનો હિસાબ લેવાના સ્થાને એ જ રીતે) જે રીતે વાયુ સ્થળાંતર કરે છે સુગંધનું.

• श्रोत्रम् चक्षुः स्पर्शनम् च रसनम् घ्राणम् एव च ।
अधिष्ठाय मनः च अयम् विषयान् उपसेवते ।।१५:९।।

કાન, આંખ, સ્પર્શની અનુભૂતિ, અને જીભ, નાક અને મન (બુદ્ધિ), નિઃસંદેહ આ બધા ફરીથી જીવિત થઈ જાય છે. (આ રીતે મનુષ્ય ફરીથી) મનને સારી લાગવાવાળી વસ્તુઓનો આનંદ લઈ શકે છે.

• उत्क्रामन्तम् स्थितम् वा अपि भुज्जनम् वा गुण-अन्वितम्।
विमूढाः न अनुपश्यन्ति पश्यन्ति ज्ञान-चक्षुषः ।।१५:१०।।

મૃત્યુ પછી (પ્રલયના દિવસે ફરીથી) સ્થિત (જીવિત) થવું, અને (વસ્તુઓથી) આનંદ લેવો અથવા (મૃત્યુ પામેલ શરીરનો સંબંધ) ગુણોથી હોવું (આ બધી વાતો) મૂર્ખ અને અજ્ઞાની ક્યારેય નથી સમજી શકતા, (બલ્કે તેમને માત્ર) જ્ઞાનની આંખો રાખવાવાળા લોકો જ જોઈ શકે છે.

**ઈશ્વર પ્રલયના દિવસે કર્મોનો હિસાબ લેશે :**

**• न आदत्ते कस्यचित् पापम् न च एव सु-कृतम् विभुः ।
अज्ञानेन आवृत्तम् ज्ञानम् तेन मुह्यन्ति जन्तवः ।।५:१५।।**

અજ્ઞાનતાએ (મનુષ્યના) જ્ઞાનને ઢાંકી લીધું છે, જેના કારણે મનુષ્ય મોહિત થઈ ગયો છે (ભ્રમમાં લે અને કલ્પના કરે છે કે) (એ) ઈશ્વર (જે સર્વવ્યાપી છે) (તે) ન (કોઈના) સારા કર્મોનો સ્વીકાર કરશે (અને) ન પાપોનો દંડ આપશે.

## પવિત્ર કુર્આનની 'અન્ય લોક'થી સંબંધિત આયતો નીચ મુજબ છે :

● આ જ જમીનથી અમે તમને પેદા કર્યા છે, આમાં જ અમે તમને પાછા લઈ જઈશું, અને આમાંથી જ તમને ફરીથી કાઢીશું. (સૂરઃ તા-હા, ૨૦, આયત ૫૫)

● તમારો ઈશ્વર માત્ર એક જ ઈશ્વર છે. પરંતુ જે લોકો આખિરત (અન્ય લોક) ને નથી માનતા તેમના હૃદયોમાં ઇન્કાર વસીને રહી ગયો છે અને તેઓ ઘમંડમાં પડી ગયા છે.(સૂરઃઅન્-નહ્લ, ૧૬, આયત ૨૨)

● (ઈશ્વરે કહ્યું કે,) અને જે લોકો આખિરત (અન્ય લોક)ને ન માને, તેમને આ સૂચના આપી દો કે તેમના માટે અમે પીડાદાયક અઝાબ (યાતના) તૈયાર રાખી છે. (સૂરઃ બની ઇસરાઈલ, ૧૭, આયત ૧૦)

● અને આ દુનિયાનું જીવન કંઈ નથી, પરંતુ એક ખેલ અને દિલને બહેલાવવાની વસ્તુ. વાસ્તવિક જીવનનું ઘર તો આખિરતનું ઘર છે, કદાચ, આ લોકો જાણતા હોત ! (સૂરઃ અલ-અન્કબૂત, ૨૯, આયત ૬૪)

● અને જો તમે ઈશ્વર અને તેના પયગંબર અને આખિરત (અન્ય લોક)ના ઘરના ઈચ્છુક હોવ તો જાણી લો કે તમારામાંથી જે સદાચારી છે ઈશ્વરે તેમના માટે મોટો બદલો તૈયાર કરી રાખ્યો છે. (સૂરઃ અલ-અહઝાબ, ૩૩, આયત ૨૯)

# N-5
## કર્મ-ફળની આશા કેમ ન રાખવી જોઈએ ?

● મનુષ્ય ફળની આશામાં જ કૃમ કરે છે. પરંતુ ભગવદ્ ગીતામાં કેટલાય શ્લોકોમાં લખ્યું છે કે કર્મ-ફળની આશા ન કરો, અથવા નિઃસ્વાર્થ કર્મ કરો. આવું કેમ ? પુણ્યની લાલચમાં મનુષ્ય સત્કર્મ કેમ ન કરે ?

આ ખૂબ જ મુશ્કેલ પ્રશ્ન છે. સરળતાથી તેને સમજવા માટે નીચે દર્શાવેલ કથા વાંચો :

● યહૂદી સમુદાયમાં એક ઋક્ષિ હતા. તેમણે ઈશ્વરને પ્રાર્થના કરી, ''હે ઈશ્વર ! તમે મને સંસારની ચિંતાઓથી મુક્ત કરી દો, જેથી હું દિવસ-રાત તમારી ભક્તિ કરતો રહું.'' ઈશ્વરે તેમની પ્રાર્થના સાંભળી લીધી. તેમને એક દ્વીપ પર પહોંચાડી દેવામાં આવ્યા. દ્વીપ પર એક ઝરણું વહાવી દેવામાં આવ્યું અને એક ફળનું વૃક્ષ ઊગાડી દેવામાં આવ્યું.

તે ઋષિ તેના રોજ ફળ ખાતા, ઝરણાનું પાણી પીતા અને દિવસ-રાત ઈશ્વરની ભક્તિમાં લાગેલા રહેતા.

પાંચસો વર્ષ સુધી તેઓ ઈશ્વરની, પાપ કર્યા વગર, ભક્તિ કરતા રહ્યા. તેમના મૃત્યુ પછી જ્યારે ફરિશ્તાઓએ તેમને ઈશ્વરની સામે રજૂ કર્યા, તો ઈશ્વરે કહ્યું કે, ''હું મારી કૃપાથી તને ક્ષમા કરું છું અને સ્વર્ગ પ્રદાન કરું છું.''

ઋષિને આશ્ચર્ય થયું. તેમણે પોતાના મનમાં વિચાર કર્યો કે સ્વર્ગ તો મને મારી ૫૦૦ વર્ષની ભક્તિના કારણે મળવું જોઈએ, ઈશ્વરની કૃપાની શું આવશ્યકતા હતી ?

ઈશ્વર તો મનના ભાવને પણ જાણે છે. તેણે ફરિશ્તાઓને કહ્યું કે, ''ઋષિને સ્વર્ગ તરફ લઈ જાઓ, પરંતુ પગપાળા.''

(ભગવદ્ ગીતાના શ્લોક નં. ૮.૧૬નો અર્થ છે કે સ્વર્ગની ચારે બાજુ નર્ક છે, અને શ્લોક નં. ૮.૨૪ નો અર્થ છે કે સ્વર્ગનો માર્ગ ઉજ્જવળ હશે.) નર્કના ઉપર સ્વર્ગ જવા માટે જે પુલ છે તેને ઇસ્લામી ગ્રંથોમાં 'પુલ-સીરાત' કહેવામાં આવે છે.

ઋષિને નર્કના ઉપરથી સ્વર્ગમાં જવાનું હતું. જેમ-જેમ નર્ક નિકટ આવની ગઈ, ગરમી વધતી ગઈ. ગરમીથી ઋષિનું ગળું સૂકાઈ ગયું અને ખૂબ તીવ્ર તરસ લાગી. એ જ વખતે એક હાથ પ્રગટ થયો, જેણે પાણીથી ભરેલો એક ગ્લાસ પકડી રાખ્યો હતો. તેણે પૂછ્યું, ''પાણી ખરીદશો ?'' ઋષિનો તો જીવ જઈ રહ્યો હતો, તેણે પૂછ્યું, ''શું કિંમત છે ?'' અવાજ આવ્યો, ''૫૦૦ વર્ષની ભક્તિ.''

ઋષિના પાસે ૫૦૦ વર્ષની જ ભક્તિ હતી, તરત જ તેણે પોતાની ભક્તિ આપીને પાણી પી લીધું.

જ્યારે ફરિશ્તાઓએ ઋષિને પુણ્યથી ખાલી જોયો, તો તેઓ ફરી તેને ઈશ્વરની પાસે લઈ ગયા.

ઈશ્વરે કહ્યું, ''તમે પોતે એક ગ્લાસ પાણીનું મૂલ્ય ૫૦૦ વર્ષની ભક્તિ નક્કી કરી છે. ૫૦૦ વર્ષ સુધી હું તમને દરરોજ પીવા માટે પાણી, ખાવા માટે ફળ આપતો રહ્યો. તેનો આભાર તમે કેવી રીતે વ્યક્ત કર્યો તેનો હિસાબ આપો.''

ઋષિ સિજદામાં પડી ગયો અને કહ્યું, ''નિઃસંદેહ, હે ઈશ્વર ! જેને તમે તમારી કૃપાથી સ્વર્ગ પ્રદાન કરી દો, માત્ર એ જ સ્વર્ગ પ્રાપ્ત કરી શકે છે.''

પયગંબર મુહમ્મદ (સલ્લ.)એ પોતાના સાથીઓને

કહ્યું કે, ''તમારામાંથી કોઈપણ પોતાના સત્કર્મોના આધારે સ્વર્ગમાં નહીં જાય.'' તો કેટલાક સાથીઓએ પૂછ્યું, ''હે પયગંબર સાહેબ, તમે પણ?'' પયગંબર મુહમ્મદ (સલ્લ.)એ કહ્યું, ''હું પણ સત્કર્મોના કારણે સ્વર્ગમાં નથી જઈ શકતો. હું પણ ઈશ્વરની કૃપાથી જ સ્વર્ગમાં જઈ શકું છું.'' (સહીહ બુખારી-૬૦૯૯, સહીહ મુસ્લિમ-૨૮૧૮)

એવા પયગંબર, જેઓ જીવનમાં પાપ જ નથી કરતા, જ્યારે તેઓ પણ પોતાના પુણ્યના સહારે સ્વર્ગ પ્રાપ્ત નથી કરી શકતા, તો સાધારણ વ્યક્તિની પાસે પુણ્ય હોય છે જ કેટલું કે તેના કારણે તેમને સ્વર્ગ મળે !

ઈશ્વરની આપણા પર એટલી કૃપા હોય છે કે આપણે સંપૂર્ણપણે તેનો આભાર પણ વ્યક્તિ કરી શકતા નથી કે આભાર માની શકતા નથી. હવા, પાણી, પ્રકાશ, સારું સ્વાસ્થ્ય, ઈશ્વરના આ એ અણમોલ ઉપહારો છે, કૃપા છે, જેનો મોલ આપણે પ્રાર્થના દ્વારા કે આભાર વ્યક્તિ કરીને કદી આપી શકતા નથી. તેથી આપણને સ્વર્ગ પણ ઈશ્વરની કૃપાથી જ મળશે. આ જ કારણસર મુક્તિ માટે જે સૌથી મુખ્ય વસ્તુ છે તે ઈશ્વર પ્રસન્નતા અને કૃપા છે, ન કે પુણ્ય.

**આ જ વિશે કેટલાક શ્લોક આ પ્રમાણે છે :**

• **सर्व कर्माणि अपि सदा कुर्वा णः मतत्व्यपाश्रयः । मतत्प्रसादात् अवाप्नोति शाश्वतम् पदम् अव्ययम्** ।।૧૮:૫૬।।

પરંતુ (સાચું તો એ છે કે) બધા સત્કર્મોને મારા સહારે કરવાવાળો, મારી કૃપા-દૃષ્ટિ (થી જ) (સ્વર્ગનો) હંમેશા સ્થિત રહેવાવાળો અવિનાશી સ્થાન પામી શકે છે.

• **मत्-मनाः भव मत् भक्तः मत् याजी माम् नमस्कुरु । माम् एव एष्यसि युक्तत्वा एवम् आत्मानम् मत-परायणः** ।।૯:૩૪।।

મને પોતાના મનમાં રાખો. મારા ભક્ત બની જાઓ. મારી પ્રાર્થના કરો. મને નમસ્કાર (સિજદો) કરો. પોતાને (મારી પ્રાર્થનામાં) વ્યસ્ત રાખો. નિઃસંદેહ, આ રીતે મારા સહારે (તમે) મને પામી લેશો.

'મત પ્રસાદાત' અને મત પરાયણ' - આ જ આપણા માટે મુક્તિનો માર્ગ છે, પુણ્ય નહીં. તેથી પુણ્યની લાલચ ન કરીને નિઃસ્વાર્થ કર્મ કરવો જોઈએ.

# N-6

## ધાર્મિક ગ્રંથોમાં 'સગમ'નો અર્થ શું છે ?

● નાલન્દા વિશાલ શબ્દ સાગર કોષમાં પૃ. નં. ૧૩૭૩ પર 'સંગમ'ના ચાર અર્થ લખેલા છે. તે આ પ્રમાણે છે :

૧. સંમેલન.

૨. એ સ્થાન, જ્યાં બે નદીઓ મળે છે.

૩. સાથ, સોબત.

૪. બે કે વધારે વસ્તુઓનું એક સાથે મળવું.

● ધાર્મિક ગ્રંથોમાં 'સંગમ'(**सङ्ग**)નો અર્થ છે, ''એક ઈશ્વરની પ્રાર્થનાની સાથે કોઈ અન્યની પ્રાર્થના પણ કરવી.'' ભગવદ્ ગીતામાં આનાથી ૧૯ વાર મનાઈ કરવામાં આવી છે. આ શ્લોકોના નંબર આ પ્રમાણે છે :

૨.૪૮, ૩.૯, ૪.૨૩, ૫.૧૦, ૫.૧૧, ૮.૨૨, ૯.૧૫, ૯.૨૨, ૯.૩૦, ૧૧.૫૫, ૧૨.૬, ૧૨.૧૮, ૧૩.૧૧, ૧૪.૨૬, ૧૫.૩, ૧૫.૫, ૧૮.૯, ૧૮.૨૩, ૧૮.૨૬.

**ભગવદ્ ગીતાનો શ્લોક નં. ૨.૪૮ આ પ્રમાણે છે :**

**योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनजय ।**
**सिद्धि-असिद्धयोः समः भुत्वा समत्वम् योगः उच्यते**
**।।२:४८।।**

(उच्यते) ઈશ્વરે કહ્યું, (धनंजय) હે અર્જુન ! (संगम) સંગમ (त्यकत्वा) છોડી દો, (कर्माणि) પોતાના કર્તવ્યનું પાલન કરો, (योगस्थ) ઈશ્વરના સંપર્કમાં રહો. (सिद्धि) સફળતા અને (असिद्धयो) નિષ્ફળતામાં (समः) ધૈર્યથી એક સમાન (भुत्वा) રહો. (समत्वम-योग) આવું કરવું ધૈર્ય (કર્મ) દ્વારા ઈશ્વરની પ્રાર્થના છે.

ઈશ્વરે કહ્યું, હે અર્જુન ! સંગમ છોડી દો. પોતાના કર્તવ્યનું પાલન કરો. ઈશ્વરના સંપર્કમાં રહો. સફળતા અને નિષ્ફળતામાં ધૈર્યની સાથે એક સમાન રહો. આવું કરવું ધૈર્ય (કર્મ) દ્વારા ઈશ્વરની પ્રાર્થના છે.

● આ વિશેના અન્ય શ્લોકો તમે પોતે આ પવિત્ર ગ્રંથમાં વાંચી શકો છો.

● ઈશ્વરે પવિત્ર કુર્આનમાં નીચે મુજબના શબ્દોમાં નિંદા કરી છે :

''નિઃસંદેહ, ઈશ્વર તેને ક્ષમા નહીં કરે કે તેનો ભાગીદાર ઠેરવવામાં આવે, અને તેના સિવાય (ને કંઈ (પાપ મનુષ્ય કરે) છે તેને જેના માટે ઇચ્છશે ક્ષમા કરી દેશે, અને જે કોઈ ઈશ્વરનો ભાગીદાર ઠેરવે તેણે ખુબ મોટું પાપ કર્યું છે.'' (સૂરઃ અન્-નિસા, ૪, આયત ૪૮)

ભાગીદાર ઠેરવવાનો અર્થ છે - કોઈ અન્યને પણ ઈશ્વર કહેવું, માનવું અથવા કોઈની ઈશ્વરની જેમ પ્રાર્થના કરવી. આને 'શિર્ક' (અનેકેશ્વરવાદ) કે 'સંગમ' પણ કહે છે.

# N-7
## 'યોગ'નો અર્થ શું છે ?

● નાલન્દા વિશાલ શબ્દ સાગર કોષમાં પૃ. નં. ૧૧૪૪ પર 'યોગ' શબ્દના ૩૮ અર્થ લખેલા છે. તે આ પ્રમાણે છે :

સંયોગ, મેળાપ, મેળ, દૂત, ઉપાય, યુક્તિ, ધ્યાન, સંગતી, પ્રેમ, ઔષધ, ધન, લાભ, ફાયદો, ન્યાયિક, નામ, કૌશલ્ય, ચતુરાઈ, પરિણામ, નતીજો, નિયમ, કાયદો, ઉપયુક્તતા, નાવ વગેરેની સવારી, સામ-દામ-દંડ અને ભેદ આ ચારેય ઉપાયો, સંબંધ, સૂત્ર, સદ્ભાવ, ધન અને સંપત્તિ પ્રાપ્ત કરવા અને વધારવા, કોઈ શુભ કાળ, મેળ-મેળાપ, વૈરાગ્ય. (નાલંદા વિશાલ શબ્દ સાગર, પૃ. નં. ૧૧૪૪)

સ્વામી મુકુન્દાનન્દે શ્લોક નં. ૪.૪૧ ની વ્યાખ્યામાં લખ્યું છે કે 'યોગ'નો અર્થ છે 'To unite with God.' (www.holy-bhagavad-gita.org)

સરળ શબ્દોમાં આનો અર્થ છે પ્રાર્થના કે ધ્યાન દ્વારા ઈશ્વરની યાદથી જોડાવું.

**'યોગ'**નો એક અર્થ **'દૂત'** પણ છે. એ રીતે **'યોગેશ્વર'** નો અર્થ થયો **'ઈશ્વરનો દૂત'**. આ શબ્દ શ્લોક નં. ૧૮.૭૮ માં શ્રી કૃષ્ણજી માટે કહેવામાં આવ્યો છે.

# N-8
## કામ ભાવના શું છે ?

● સ્વામી રામુખદાસજી શ્લોક નં. ૩.૩૭ ની વ્યાખ્યામાં લખ્યું છે કે, ''મારી મનચાહી હોય'' એ જ 'કામ' છે, અને લખ્યું છે કે, ''આ મને મળી જાય''. આ પ્રકારની ઇચ્છા 'કામ' કહેવાય છે.

● સ્વામી મુકુન્દાનન્દજી આ જ શ્લોક નં. ૩.૩૭ ની વ્યાખ્યામાં લખે છે કે વેદોમાં 'કામ' શબ્દનો ઉપયોગ માત્ર 'યૌન-ઇચ્છા' માટે નથી ઉપયોગ થયો, બલ્કે શરીરથી જોડાયેલ બધા પ્રકારના આનંદની ઇચ્છા માટે આ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ઉદાહરણરૂપે ધનની ઇચ્છા, સત્તાની ઇચ્છા, માન-સન્માનની ઇચ્છા, આ બધા માટે 'કામ' શબ્દનો ઉપયોગ થયો છે. (www.holybhagavad-gita.org)

● મેં મારા સંશોધનથી જાણ્યું છે કે આનો અર્થ છે આપણી એવી પ્રબળ ઇચ્છા કે આપણે તેને પૂરી કરવામાં ધાર્મિક નિયમોને પણ છોડી દઈએ.

જેમ કે એક ધાર્મિક વ્યક્તિ ઈશ્વરની પ્રાર્થનામાં લાગેલો રહે છે. એ જ રીતે જેની કામ-ભાવનામાં પ્રબળ હોય છે તે પોતાની ઇચ્છા પૂરી કરવામાં લાગેલો રહે છે.

આમ, જે રીતે ઈશ્વરની પ્રાર્થનાને ઈશ્વરની ભક્તિ કહે છે, એ જ રીતે ધર્મને છોડીને પોતાની ઇચ્છાને પૂરી કરવાને 'ઇચ્છા-ભક્તિ' કહે છે. શ્લોક નં. ૩.૩૭ માં આને **वैरिणम्** (મહાન શત્રુ), **महापाम्पा** (મહા પાપ), **महाअशन** (વિનાશનું કારણ) લખેલ છે.

● પવિત્ર કુર્આનમાં પણ 'ઇચ્છા-ભક્તિ'નો આ શબ્દોમાં નિષેધ કરેલ છે :

''(હે મુહમ્મદ !) શું તમે તેને જોયો, જેણે પોતાનો ઈશ્વર (પૂજ્ય) પોતાની (તુચ્છ) ઇચ્છાને બનાવી રાખેલ છે ? તો શું તમે તેના (સીધા માર્ગ પર લાવવા માટેના) જવાબદાર બની શકો છો ?

શું તમે સમજો છો કે આ લોકોમાં મોટાભાગના સાંભળે કે સમજે છે ? આ તો બસ ચોપગા પશુઓની જેમ છે, બલ્કે આ લોકો તેનાથી આગળ માર્ગથી ભટકી ગયેલા છે.''

● અર્થાત્ ધર્મને ભુલાવીને પોતાની ઇચ્છાને પૂરી કરવામાં લાગેલ મનુષ્ય પશુઓની જેમ હોય છે. તેમને સત્ય માર્ગ પર પયગંબર પણ લાવી શકતા નથી.

# N-9

## શ્લોક નં. ૨.૧૭ નું સ્પષ્ટીકરણ

શ્લોક નં. ૨.૧૭ ને સમજતા પહેલા આપણે શ્રી કૃષ્ણજીના અસ્તિત્વને સમજવું પડશે.

શ્રી કૃષ્ણજીને સમજવા માટે આપણે ભગવદ્ ગીતાના નીચેના શ્લોકોનું અધ્યયન કરીશું :

**• अर्जुन उवाच,**
**किम् तत् ब्रह्म किम् अध्यात्मम् किम् कर्म पुरुष-उत्तम । अधि-भूतम् च किम् प्रोक्तम् अधि-दैवम् किम् उच्यते ॥८:१॥**

અર્જુને કહ્યું, તે ઈશ્વર કોણ છે ? આત્મા શું છે ? પુરુષ ઉત્તમ (ઈશ્વર)ના કામ શું છે ? અને તમામ પ્રાણીઓનો ઈશ્વર કોને કહે છે ? દેવતાઓનો ઈશ્વર કોને કહે છે ?

**• श्री भगवान उवाच,**
**अक्षरम् ब्रह्म परमम् स्वभावः अध्यात्मम् उच्यते ।**
**भूत-भाव-उद्भव-करः विसर्ग कर्म संज्ञितः ॥८:३॥**

ઈશ્વરે કહ્યું, મહાન અવિનાશી (ॐ)ને બ્રહ્મ (ઈશ્વર) કહે છે. મનુષ્યનો પોતાનો જે સ્વભાવ (વ્યક્તિત્વ) છે તેને આત્મા કહે છે. પ્રાણીઓના સ્વભાવની રચના કરવી અને (તેમને તેમના પ્રાકૃતિક જીવનના) કર્મ (તેમને) પ્રદાન કરવા (તેને ઈશ્વરના) કર્મ કહેવામાં આવે છે.

શ્લોક નં. ૮.૩ ની વ્યાખ્યા સ્વામી શ્રી મુકુન્દાનન્દજી એ નીચે મુજબ કરેલ છે :

**अक्षरम् ब्रह्म परमम् स्वभावः अध्यात्मम् उच्यते ।**
**भूत-भाव-उद्भव-करः विसर्ग कर्म संज्ञितः ॥८:३॥**

આ વ્યાખ્યાથી એ વાત સમજમાં આવે છે કે ભગવદ્ ગીતામાં નિરંકાર ઈશ્વર હોવાની સ્પષ્ટ શ્રદ્ધા છે.

• ભગવદ્ ગીતાનો એક શ્લોક આ પ્રમાણે છે :

**• अधिभूताम् क्षरः भावः पुरुषः च अधिदैवतम् ।**
**अधियज्ञः अहम् एव अत्र देहे-भृताम् वर ॥८:४॥**

હે દેહધારીઓમાં શ્રેષ્ઠ (અર્જુન) ! (હું) તમામ પ્રાણીઓનો ઈશ્વર છું, અને મનુષ્ય નાશ થવાવાળી પ્રકૃતિવાળો (નાશવંત) છે. હું (જ) દેવતાઓનો ઈશ્વર છું. બધી પ્રાર્થનાઓ માત્ર મારા માટે છે. નિઃસંદેહ આ શરીર પર (મારું જ શાસન છે).

અર્થાત્ જ્યારે પણ અર્જુને ઈશ્વર વિશે પ્રશ્ન કર્યો, તો શ્રી કૃષ્ણજીએ એવું કદાપિ નથી કહ્યું કે હું જ ઈશ્વર છું, બલ્કે શ્રી કૃષ્ણજીએ હંમેશા ઈશ્વરના અનેક ગુણોનું અને મહાનતાનું વર્ણન કર્યું.

**• एवम् एतत् यथा आत्य त्वम् आत्मानाम् परम-ईश्वर ।**
**द्रष्टुम् इच्छामि ते रुपम् ऐश्वरम् पुरुष-उत्तम ॥११:३॥**

(पुरुष-उत्तम) હે મહાપુરુષ (શ્રી કૃષ્ણ) ! (यथा) જે રીતે (आत्मानम्) સ્વયં (त्वम्) તમે (ईश्वरम्) ઈશ્વર (ની) (परम) મહાનતા (નું પ્રમાણ આપવા) (एतत) આ (ઈશ્વરની દિવ્ય સાંસારિક નિર્માણ) (आत्थ) (વિશે) કહ્યું, (एवम्) એ જ રીતે (હું) (ते) તમારાથી (ऐश्वरम्) ઈશ્વર (ની) (रुपम) આધ્યાત્મિક રચનાને (दृष्टुम्) જોવાનો (इच्छामि) ઇચ્છુક છું.

('रुप' નો અર્થ હિન્દી ભાષામાં 'आकार' (આકાર) છે. પરંતુ આ વેબસાઈટ પર 'रुप'ના ૪૫ અર્થ બતાવવામાં આવ્યા છે. તો આનો અર્થ 'आकार' (આકાર) સિવાય પણ બીજા પણ ઘણા થાય છે. ઈશ્વરચંદે પોતાના શબ્દકોષના પૃ.નં.૭૮૮ પર 'रुपम'નો અર્થ અલંકારિક વર્ણન લખ્યું છે. શ્લોક નં. ૧૧.૪૩ માં ઈશ્વરને અપ્રતિમ કહેવામાં આવેલ છે, અર્થાત્ જેની કોઈ પ્રતિમા નથી અથવા આકાર નથી.

શ્લોક નં. ૧૧.૬ માં ઈશ્વરે પોતાને બતાવવાના બદલે પોતાની દિવ્ય રચનાઓને બતાવી. આ કારણસર આપણે આ શબ્દનો અર્થ 'દિવ્ય રચના' જ લઈશું.)

હે મહાપુરુષ (શ્રી કૃષ્ણ) ! જે રીતે સ્વયં તમે ઈશ્વર (ની) મહાનતા (નું પ્રમાણ આપવા) આ (ઈશ્વરની દિવ્ય સાંસારિક નિર્માણ) (વિશે) કહ્યું, એ જ રીતે (હું) તમારાથી ઈશ્વર (ની) આધ્યાત્મિક રચનાને જોવાનો ઈચ્છુક છું.

આ શ્લોકથી આપણને એ વાત સમજમાં આવે છે કે અર્જુન પણ ઈશ્વરને અને શ્રી કૃષ્ણજીના અસ્તિત્વને અલગ-અલગ માનતા હતા. તેમણે શ્રી કૃષ્ણજીને પુરુષ-ઉત્તમ (પુરુષોત્તમ) કહ્યા અને ઈશ્વરને પરમ ઈશ્વર કહ્યા.

**• वृष्णीनाम् वासुदेवः अस्मि पाण्डवानाम् धनञ्जयः ।**
**मुनीनाम् अपि अहम् व्यासः कवीनाम् उशना कविः ॥१०:३७॥**

વૃષ્ણીની પેઢીમાં વાસુદેવ અર્થાત્ કૃષ્ણ છું. પાંડવોમાં અર્જુન છું. મુની લોકોમાં વ્યાસ પણ હું છું. કવીઓમાં ઉશના કવી છું.

અર્જુનની વિનંતી પર ઈશ્વરે પોતાની મહાન રચનાઓનું વર્ણન શ્લોક નં. ૧૦.૨૦થી ૧૦.૩૬ માં કર્યું, અને અંતે કહ્યું કે હું શ્રી કૃષ્ણ, અર્જુન અને વેદ વ્યાસ છું; અર્થાત્ આ પણ મારી મહાન રચનાઓ છે. તેમને જોઈને મારી મહાનતાની પ્રતીતી કરો.

આ શ્લોકથી એ વાત સમજમાં આવે છે કે અર્જુન અને વેદ વ્યાસજીના સમાન શ્રી કૃષ્ણજીને પણ ઈશ્વરે જ બનાવ્યા છે.

**• बहुनाम्, जन्मनाम् अन्ते ज्ञान-वान् माम् प्रपद्यते ।**
**वासुदेवःसर्वम् इति सः महा-आत्मा सु-दुर्लभः॥७:१९॥**

આ રીતે મૃત્યુ સુધી બધા કર્મોને (માત્ર) મારા સહારા પર કરવાવાળા કૃષ્ણ જેવા ઘણા બધા જન્મ લેવાવાળા જ્ઞાનીઓમાં અત્યંત દુર્લભ છે.

આ શ્લોકમાં ઈશ્વરે શ્રી કૃષ્ણજીની પ્રશંસા કરી છે.

● શ્રી વિષ્ણુ પુરાણ ૫/૩૩/૧૨ માં શ્રી કૃષ્ણએ કહ્યું,

**नाह देवो न गन्धर्वो, न यक्षो न च दानवः ।**
**अहं वो बान्धवो जाति नैताच्चिन्त्यमितोहन्यथ ।**

(વિષ્ણુ પુરાણ, ૫/૩૩/૧૨)

અનુવાદ : હું ન દેવ છું, ન ગન્ધર્વ છું, ન યક્ષ છું અને ન દાનવ છું. હું તો તમારો બંધુ (મિત્ર) સ્વરૂપે જ ઉત્પન્ન થયો છું. તમારા લોકોએ આ વિશે બીજો કોઈ વિચાર ન કરવો જોઈએ.

આ શ્લોકમાં શ્રી કૃષ્ણજીએ પણ પોતાને મનુષ્ય કહેલ છે :

**• यत्र योग-ईश्वरः कृष्णः यत्र पार्थः धनुः धरः ।**
**तत्र श्ः विजयः भूतिः ध्रुवा नीतिः मतिः मम ॥१८:७८॥**

જ્યાં યોગેશ્વર કૃષ્ણ છે, અને જ્યાં ધનુષ્ય રાખવાવાળા અર્જુન છે, ત્યાં સંપૂર્ણપણે સુખ અને શાંતિ, વિજય, સારું ભાગ્ય, સાચી નીતિ અને ધૈર્ય હશે, એવું મારું માનવું છે.

આ શ્લોકમાં સંજયે શ્રી કૃષ્ણજીને યોગ-ઈશ્વર કૃષ્ણ કહ્યું છે, તેઓ ઈશ્વર કૃષ્ણ પણ કહી શકતા હતા. પરંતુ તેઓ જાણતા હતા કે શ્રી કૃષ્ણજી યોગેશ્વર છે.

નાલન્દા વિશાલ શબ્દ સાગર કોષમાં 'યોગ'ના ૩૮ અર્થ લખેલા છે, જેમાંથી એક અર્થ છે જોડાવું કે મળવું છે, અને બીજો અર્થ છે **દૂત**. (પૃ.નં. ૧૧૪૪)

આમ, 'યોગ-ઈશ્વર'નો અર્થ **'ઈશ્વરના દૂત'** થયો.

● શ્લોક નં. ૧૧.૯ માં પણ શ્રી કૃષ્ણજીને 'મહા-યોગ' કહેવામાં આવેલ છે.

**संजय उवाच**
**एवम् उक्त्वा ततः राजन् महा-योग-ईश्वर हरिः ।**
**दर्शयामास पार्थाय परमम् रुपम् ऐश्वरम् ॥११:९॥**

(સંજય ઉવાચ) સંજયે કહ્યું, (રાજન) હે રાજન (ધૃતરાષ્ટ્ર) ! (एवम्) આ રીતે (उक्त्वा) કહેતાં (योग-ईश्वर) યોગેશ્વર (महा) મહાન (हरिः) શ્રી કૃષ્ણ (आस) ના સ્થાનથી (तत) એ (ઈશ્વરે) (पार्थ) પાર્થ (અર્જુન)ને (ऐश्वरम्) ઈશ્વર દ્વારા નિર્માણ કરવામાં આવેલ (परमम्) મહાન (रुपम) રચનાઓને (दर्शयामास) બતાવી.

સંજયે કહ્યું, હે રાજન (ધૃતરાષ્ટ્ર) ! આ રીતે કહેતાં યોગ-ઈશ્વર મહાન શ્રી કૃષ્ણના સ્થાનથી એ (ઈશ્વરે) પાર્થ (અર્જુન)ને ઈશ્વર દ્વારા નિર્માણ કરવામાં આવેલ મહાન રચનાઓને બતાવી.

આમ, આ શ્લોકમાં પણ શ્રી કૃષ્ણજીને ઈશ્વરના દૂત કહેવામાં આવેલ છે.

● પયગંબર મુહમ્મદ (સલ્લ.)એ કહ્યું, ભારતમાં ઈશ્વરના એક દૂત થયા છે, જેમનો શ્યામ રંગ હતો અને નામ કહાન હતું.

(Taarikh-i-Hamdaan Dailami, Chapter Al-kaaf, P-854 by Malik Abdur Rahman Khadim)

શ્રી કૃષ્ણજીનું એક નામ 'કાન્હા' હતું, અને તેમનો રંગ શ્યામ હતો.

ભગવદ્ ગીતાનો પરિચય :

બાઈબલમાં લખ્યું છે, પ્રોફેટ ડેવિડે કહ્યું,

''સ્થિર રહો, અને એ વાતને જાણી લો કે હું ઈશ્વર છું.'' (Oremns Bible : Psalm 48:10)

લોકો જાણતા હતા કે આ આકાશવાણી છે અને ઈશ્વરના શબ્દો છે. કોઈએ પણ પ્રોફેટ ડેવિડને ઈશ્વર ન કહ્યા.

એ જ રીતે પયગંબર મુહમ્મદ (સલ્લ.) એ કહ્યું, નિઃસંદેહ, હું જ ઈશ્વર છું, મારા સિવાય અન્ય કોઈ ઈશ્વર નથી, તેથી માત્ર મારી પ્રાર્થના કરો. (પવિત્ર કુર્આન, સૂરઃ તા-હા, ૨૦, આયત ૧૪)

જ્યારે પયગંબર મુહમ્મદ (સલ્લ.)એ આ શબ્દો કહ્યા તો કોઈએ ન કહ્યું કે પયગંબર મુહમ્મદ (સલ્લ.) જ ઈશ્વર છે. બધા જાણતા હતા કે આ આકાશવાણી છે અને ઈશ્વરના શબ્દો છે. પયગંબર મુહમ્મદ (સલ્લ.) માત્ર તેને માનવ-જાતિને પોતાના મોઢેથી સંભળાવી રહ્યા હતા.

એ જ રીતે આ ભગવદ્ ગીતા ઈશ્વરની વાણી છે, જેને શ્રી કૃષ્ણજીએ કુરુક્ષેત્રના યુદ્ધ-મેદાનમાં અર્જુનને કહી હતી અને મહાઋષિ વેદ વ્યાસજીએ લખીને સમગ્ર માનવ-જાતિ સુધી પહોંચાડી દીધી.

ગીતાનો એક શ્લોક આ પ્રમાણે છે :

**● यः माम् अजम् अनादिम् च वेत्ति लोक महा-ईश्वरम् । असम्मूढः सः मर्त्येषु सर्व-पापैः प्रमुच्यते ।।१०:३।।**

જે મને અજન્મા અનાદિ (આરંભરહિત) અને બ્રહ્માંડનો મહાન ઈશ્વર માને છે, તે મૂર્ખ નથી. મૃત્યુ પછી (તે) બધા પાપોથી પણ મુક્ત થઈ જશે.

આ શબ્દો શ્રી કૃષ્ણજીએ પોતાના મુખથી કહ્યા હતા, પરંતુ કહેવામાં આવેલ વાતથી આપણે સમજી શકીએ છીએ કે આ ઈશ્વરની વાણી છે, કેમ કે શ્રી કૃષ્ણજી અજન્મા ન હતા. તેમનો જન્મ વાસુદેવજીના ત્યાં થયો હતો અને મૃત્યુ ઝારાની ભૂલથી તીર વાગવાથી થયું હતું.

આમ, આ ભગવદ્ ગીતા ઈશ્વરની વાણી છે, જેને ઈશ્વરે શ્રી કૃષ્ણજીના માધ્યમથી અર્જુનને કહી હતી. સંસ્કૃત મહાપંડિત શ્રી સુંદરલાલજીએ પોતાના પુસ્તક 'ગીતા ઔર કુરઆન'ના પૃ. નં. ૧૦૨ પર લખ્યું છે કે જ્ઞાનીઓ અનુસાર કુરુક્ષેત્રની રણભૂમિમાં ઈશ્વરે અર્જુને શ્રી કૃષ્ણના માધ્યમથી લગભગ ૧૦૦ આદેશો આપ્યા હતા, જેને તરત જ લખવામાં આવ્યા ન હતા, બલ્કે વેદ વ્યાસજીએ યુદ્ધ પછી તેને સાધારણ લોકોને

સમજવા માટે ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોકોમાં વિસ્તારથી લખેલ છે.

- સનાતન ધર્મમાં ઈશ્વરમાં શ્રદ્ધાના સ્પષ્ટ આદેશો છે, અને શ્રી કૃષ્ણજી સ્વયં યોગેશ્વર છે, અર્થાત્ ઈશ્વરના દૂત છે. તેથી શ્લોક નં. ૨.૧૭ મા તેમણે ઈશ્વરનું વર્ણન કર્યું છે.

# N-9.1

## શ્લોક નં. ૨.૧૨ અને ૪.૫ નો અર્થ શું છે ?

શ્લોક નં. ૨.૧૨ અને ૪.૫ આ પ્રમાણે છે :

**• न तु एव अहम् जातु न आसम् न त्वम् न इसे जन-अधिपाः।**
**न च एव न भविष्यामः सर्वे वयम् अतः परम् ।।२:१२।।**

(કોઈ એવો) કાળ ન હતો જ્યારે હું (ધર્મનો ઉપદેશ આપવાવાળો) ન રહ્યો હોઉં, અને કોઈ એવો કાળ ન હતો જ્યારે તમારા (જેવા ધર્મની સ્થાપના કરવાવાળા) ન રહ્યા હોય, અને કોઈ એવો કાળ ન હતો જ્યારે માનવ-જાતિ પર અત્યાચાર કરવાવાળા આ રાજા લોકો ન રહ્યા હોય, અને આનાથી આગળ ભવિષ્ય કાળમાં પણ એવો કોઈ યુગ નહીં હોય જ્યારે આપણે સૌ ન હોઈએ.

**• बहूनि मेव्यतीतानि जन्मानि तव च अर्जुन ।**
**तानि अहम् वेद सर्वाणि त्वम् वेत्थ परन्तप ।।४:५।।**

ઈશ્વરે કહ્યું, હે અર્જુન ! હું અને તમે (આ ધરતી પર) ઘણી વાર સંસારના સંમુખ આવી ચૂક્યા છીએ. હું એ સૌને જાણું છું. (પરંતુ) તમે (એ બધાને) જાણતા નથી.

પવિત્ર વેદોમાં પુનર્જન્મની શિક્ષા નથી. 'પુનઃ'નો અર્થ છે ફરી વાર કે ફરીથી, અને પ્રલયના દિવસે આ કેવી રીતે થશે તેનું વર્ણન શ્લોક નં. ૧૫.૮, ૧૫.૯, ૧૫.૧૦ અને ૧૫.૧૧ માં છે.

નીચે દર્શાવેલ વર્ણનથી આપણે એ સમજી શકીએ છીએ કે શ્લોક નં. ૨.૧૨ અને ૪.૫ માં પુનર્જન્મની શિક્ષા નથી.

● મહાભારતના યુગમાં દુર્યોધન રાજકુમાર હતો. તેના કર્મો એવા ન હતા કે દરેક જન્મમાં તેને વારંવાર રાજકુમારનું જીવન મળે. પુનર્જન્મના સિદ્ધાંત અનુસાર પાપીઓને આગળના જન્મમાં કીડા-મકોડા કે પશુનું જીવન મળે છે. આમ, દરેક યુગમાં દુર્યોધન રાજકુમાર બનીને યુદ્ધ નથી કરી શકતો.

● વેદ વ્યાસજીએ લખ્યું છે કે મહાભારતના અંતે બધા પાંડવ ભાઈઓને સ્વર્ગ પ્રાપ્ત થયું હતું. ભગવદ્ ગીતામાં લખ્યું છે કે એક વાર સ્વર્ગ પ્રાપ્ત થઈ ગયા પછી ફરી કોઈ ધરતી પર નથી આવતો. આમ, અર્જુન દરેક યુગમાં ધરતી પર યુદ્ધ કરવા માટે કેમ આવશે ?

● શ્લોક નં. ૪.૬ અને ૪.૯ માં ઈશ્વરે કહ્યું કે હું અજન્મા છું, અર્થાત્ હું જન્મ નથી લેતો. આમ, દરેક યુગમાં ઈશ્વર પણ જન્મ નહીં લે.

● શ્લોક નં. ૨.૧૨ અને ૪.૫ નો અર્થ છે કે, દરેક યુગમાં શ્રી કૃષ્ણ જેવા મહાન માનવતાની રક્ષા કરવાવાળા મહાપુરુષ હશે. દરેક યુગમાં અર્જુનની જેમ મહાપુરુષોની સાથે અન્યાય વિરુદ્ધ લડવાવાળા યોદ્ધા હશે.

અને દરેક યુગમાં દુર્યોધનની જેમ સત્તા પર કબજો કરીને સાધારણ મનુષ્યોનું શોષણ કરવાવાળા અને અત્યાચાર કરવાવાળા લોકો હશે, અને દરેક યુગમાં તેમનો સંઘર્ષ હશે, અને જે રીતે અર્જુન ઓછા સૈન્ય-બળ છતાં વિજયી રહ્યા, એ જ રીતે દરેક યુગમાં સત્ય માટે અને ધર્મની સ્થાપના માટે યુદ્ધ કરવાવાળા સંખ્યામાં ઓછા હોવા છતાં વિજયી રહેશે.

# N-10

## 'ભગવાન' શબ્દનો અર્થ

નાલંન્દા વિશાલ શબ્દ સાગર કોષ, પૃ. નં. ૧૦૦૭ પર '**भगवान**' શબ્દના અર્થ નીચે મુજબ લખેલ છે :

૧. ધન-સંપત્તિ કે ઐશ્વર્યતા.

૨. ઈશ્વર.

૩. પૂજ્ય અને આદરણીય વ્યક્તિ.

૪. શિવ.

૫. વિષ્ણુ.

૬. કાર્તિકેય.

૭. બુદ્ધ.

'**भगवान**' શબ્દ ઈશ્વર અને પૂજ્ય વ્યક્તિ બંને માટે પ્રયુક્ત થાય છે. આ જ કારણસર આ દિવ્ય પુસ્તકમાં પણ આ શબ્દ શ્રી કૃષ્ણજી અને ઈશ્વર બંને માટે પ્રયુક્ત થયો છે.

# N-11

## શ્લોક નં. ૪.૪૧ નું સ્પષ્ટીકરણ

● પવિત્ર કુર્આનની બે આયતો આ પ્રમાણે છે :

''કદાપિ નહીં, તમે તો (પ્રલયના દિવસે કર્મોનો) બદલો આપવાની વાતને ખોટી ઠેરવો છો.

જ્યારે કે તમારા પર નિરીક્ષણ કરવાવાળા (ફરિશ્તાઓ) નિયુક્ત છે. (ફરિશ્તાઓ) નિષ્ઠાવાન છે (અને કર્મોને) લખતા રહે છે.'' (સૂરઃ અલ-ઇન્ફિતાર, ૮૨, આયત ૯-૧૧)

● ''એ દિવસે (પ્રલયના દિવસે) લોકો અગલ-અલગ (સમૂહ)માં નીકળશે કે તેમને તેમના કર્મો બતાવવામાં આવે, તો જે કણભાર પણ કોઈ ભલાઈ લઈને આવશે તે તેને જોઈ લેશે અને જે કણભાર પણ કોઈ બૂરાઈ લઈને આવશે તે તેને જોઈ લેશે.'' (સૂરઃ અલ-ઝિલઝાલ, ૯૯, આયત ૬-૮)

● પયગંબર મુહમ્મદ સાહેબે કહ્યું, પ્રલયના દિવસે કોઈ વ્યક્તિ પોતાની જગ્યાએથી ત્યાં સુધી હલી શકશે નહીં, જ્યાં સુધી તે પાંચ પ્રશ્નોના ઉત્તર ન આપી દે. તે પાંચ પ્રશ્નો નીચે મુજબ છે :

૧. જીવન કેવી રીતે વ્યતીત કર્યુ ?

૨. યુવાનીનો ઉપયોગ કેવી રીતે કર્યો ?

૩. ધન કેવી રીતે કમાવ્યું :

૪. ધન ખર્ચ ક્યાં કર્યુ ?

૫. પોતાના જ્ઞાનનું શું કર્યુ ?

પયગંબર મુહમ્મદ સાહેબ (સલ્લ.)એ કહ્યું, મારા અનુયાયીઓમાં ૭૦,૦૦૦ લોકો એવા હશે, જેઓ પ્રલયના દિવસે કર્મોનો હિસાબ આપ્યા વગર સ્વર્ગમાં જશે. આ એ લોકો હશે જેઓ ઈશ્વરમાં દઢ શ્રદ્ધા રાખતા હતા. (હદીસ : મુસ્નદ અહમદ)

● શ્લોક નં. ૪.૪૧ આ પ્રમાણે છે :

**● योग संन्यस्त कर्माणम् ज्ञान सछिन्न संशयम् ।**
**आत्म-वन्तम् न कर्माणि निबध्नन्ति धनज्जय ।।૪:૪૧।।**

(धनज्जय) હે અર્જુન ! (योग) જે ઈશ્વરથી જોડવાવાળી પ્રાર્થના કરે છે, (कर्मणाम्) જે પોતાના સત્કર્મો (ના ફળને) (संन्यस्त) છોડી દે છે, (ज्ञान) જે જ્ઞાનના પ્રકાશથી (संशयम्) પોતાની શંકા (સંદેહ)ને (सदिच्छन्न) દૂર કરે છે, (आत्म-वक्तम्) ઈશ્વરમાં દઢ શ્રદ્ધાવાળો આવો વ્યક્તિ (कर्माणि निबध्नान्ति) કર્મોથી બંધાયેલો રહેતો નથી.

હે અર્જુન ! જે ઈશ્વરથી જોડવાવાળી પ્રાર્થના કરે છે, જે પોતાના સત્કર્મો (ના ફળને) છોડી દે છે, જે જ્ઞાનના પ્રકાશથી પોતાની શંકાને દૂર કરે છે, ઈશ્વરમાં દઢ શ્રદ્ધાવાળા આવા વ્યક્તિ કર્મોથી બંધાયેલો રહેતો નથી.

આ શ્લોકનો અર્થ કુર્આન અને હદીસના પ્રકાશમાં એ છે કે જેણે જ્ઞાનથી પોતાના સંદેહોને દૂર કર્યા, અને ઈશ્વરમાં દઢ શ્રદ્ધા રાખીને તેની પ્રાર્થના કરી, જેણે જીવન નિઃસ્વાર્થ સેવા કરવામાં વ્યતીત કર્યુ, પ્રલયના દિવસે તેના કર્મો તેને સ્વર્ગમાં જવાથી નહીં બાંધે અથવા નહીં રોકે. તે કર્મોના હિસા વગર સ્વર્ગમાં જશે.

# N-12
## ભાગ્ય શું છે ?

• જો તમે વિજ્ઞાન વિભાગ (Science Stream)ના વિદ્યાર્થી છો, તો તમે Periodic Table શીખ્યા હશો. પીરિઓડિક ટેબલમાં પૃથ્વી પર જોવા મળતા બધા તત્ત્વો (Elements)ને એક વિશિષ્ટ પ્રકારે મૂકેલા છે. આ વિશે વધારે જાણકારી માટે Wikipedia પર Periodic Table ને જોઈને સમજી લો.

આ ટેબલમાં ૨૦૧૬ સુધી કેટલાક ખાનાઓ કે સ્થાન ખાલી હતા, અને એ તત્ત્વો કે Elements ની શોધ થઈ ન હતી. તેની શોધ પહેલા આ તત્ત્વને નામ આપવામાં આવ્યું Ununseptium અને Ununtrium, અને પીરિઓડિક ટેબલમાં જે સ્થાન પર તેમને લખવામાં આવતું હતું, એ સ્થાન અનુસાર આપણે શોધ પહેલાંથી જ એ તત્ત્વો વિશે બધું જ જાણતા હતા, જેમ કે તેમની Density, Boiling Temperature, Mechanical and Chemical property etc.

આપણે આ તત્ત્વોને તેમની શોધ પહેલાં જ આટલી સારી રીતે કેમ જાણતા હતા ? એટલા માટે કે પીરિઓડિક ટેબલમાં જે સ્થાન પર તેમને લખવામાં આવતા હતા, એ સ્થાનના તત્ત્વોમાં એ ગુણોનું હોવું અનિવાર્ય હતું. પરંતુ ઈશ્વરની પાસે એક અન્ય પીરિઓડિક ટેબલ છે. તેમાં આ ધરતી પર જેટલા મનુષ્યો જન્મ લેશે એટલા સ્થાન છે, અને દરેક સ્થાન પર જે હશે તેનો જન્મ, મૃત્યુ, શું ભોજન કરશે, શું વ્યવસાય કરશે, શું શિક્ષણ પ્રાપ્ત કરશે વગેરે બધું જ પહેલાંથી જ સુનિશ્ચિત હશે. આને જ ભાગ્ય કહે છે.

પંડિત ઈશ્વરચંદે પોતાના સંસ્કૃત હિન્દી શબ્દ કોષમાં (પૃ. નં. ૫૭૭) માં પ્રકૃતિનો અર્થ લખ્યો છે - માયા, અને સૃષ્ટિની રચનામાં પરમાત્માની ઇચ્છા. આને આપણે બીજા શબ્દોમાં એમ કહી શકીએ છીએ કે સૃષ્ટિમાં જે કંઈ થાય છે તે ઈશ્વરની ઇચ્છાથી થઈ રહ્યું છે અને જે પહેલાંથી સુનિશ્ચિત છે.

આ કારણસર જે કંઈ ઈશ્વરની ઇચ્છાથી પૃથ્વી પર થાય છે તેનું કારણ આપણે 'પ્રકૃતિ' કહીએ છીએ, અને જે કંઈ મનુષ્યના જીવનમાં થાય છે વાસ્તવમાં તે પણ પ્રકૃતિ છે, પરંતુ આપણે બીજા શબ્દ 'ભાગ્ય'થી વધારે પરિચિત છીએ. આમ, ભાગ્ય અને પ્રકૃતિ એ ઈશ્વરની સુનિશ્ચિત ઇચ્છા છે.

**ભગવદ્ ગીતામાં 'ભાગ્ય' વિશે પાંચ શ્લોકો છે, જે આ પ્રમાણે છે :**

**• प्रकृतिम् पुरुषम् च एव विद्धि अनादी उभौ अपि ।
विकारान् च गुणान् च एव विद्धि प्रकृति सम्भवान्
।।૧૩:૨૦।।**

(एवं) નિઃસંદેહ, (प्रकृतिम्) ભાગ્ય (च) અને (पुरुषम्) મનુષ્ય (च) બંનેય પણ (अनादी) અનાદિ (Eternal) ઈશ્વરથી (विद्धि) જાણો. (विकारान्) મનુષ્યના શરીરમાં જે પરિવર્તન થાય છે (च) અને (गुणान) મનુષ્યમાં જે ગુણ છે, (च) નિઃસંદેહ (प्रकृति) (ઈશ્વરની) પ્રાકૃતિક શક્તિથી (सम्भवान्) ઉત્પન્ન કરવામાં આવે છે (विद्धि) એવું જાણો.

નિઃસંદેહ, ભાગ્ય અને મનુષ્ય બંનેય પણ અનાદિ (Eternal) ઈશ્વરથી જાણો. મનુષ્યના શરીરમાં જે પરિવર્તન થાય છે અને મનુષ્યમાં જે ગુણ છે, નિઃસંદેહ (ઈશ્વરની) પ્રાકૃતિક શક્તિથી ઉત્પન્ન કરવામાં આવે છે એવું જાણો.

• **कार्य कारण कर्तृत्वे हेतुः प्रकृतिः उच्यते ।
पुरुषः सुख दुःखनाम् भोक्तृत्वे हेतुः उच्यते ।।૧૩:૨૦।।**

(उच्यते) ઈશ્વરે કહ્યું, (कर्म) કર્મ કરવાને (कारण) કારણે, (कर्तृत्वे) કર્મોને કરવાવાળો (આ બધું) (प्रकृति) ભાગ્ય (हेतु) ના કારણે થાય છે. (उच्यते) ઈશ્વર એ પણ કહી રહ્યો છે કે (पुरुषः) મનુષ્ય (सुख) સુખ, (दुःखानाम्) દુઃખનો (भोक्तृत्वे) જે અનુભવ કરે છે (हेतुः) તેનું કારણ પણ ભાગ્ય છે.

ઈશ્વરે કહ્યું, કર્મ કરવાને કારણે, કર્મોને કરવાવાળો (આ બધું) ભાગ્યના કારણે થાય છે. ઈશ્વર એ પણ કહી રહ્યો છે કે મનુષ્ય સુખ, દુઃખનો જે અનુભવ કરે છે તેનું કારણ પણ ભાગ્ય છે.

• **पुरुषः प्रकृतिस्थः हि भुङ्क्ते प्रकृति-जान् गुणान् ।
कारणम् गुण-सङ् अस्य सत् असत् योनि जन्मसु ।।૧૩:૨૨।।**

(प्रकृतिस्थः) ભાગ્યમાં વિશ્વાસ રાખવાવાળા (पुरुष) મનુષ્યો (भुङ्क्ते) અનુભવ કરે છે કે (गुणन) મનુષ્યના ગુણ (कारणम्) અને કર્મ કરવાને કારણે, (प्रकृति) ભાગ્યથી જ ઉત્પન્ન થાય છે, (अस्य) (અને) મનુષ્ય (योनि) વીર્ય સ્થિતિથી જ (सत्) (સત્ય) સારા (असत्) અને ખરાબ (गुण) ગુણોની સાથે (जन्मसु) જન્મ લે છે.

ભાગ્યમાં વિશ્વાસ રાખવાવાળા મનુષ્યો અનુભવ કરે છે કે મનુષ્યના ગુણ અને કર્મ કરવાને કારણે, ભાગ્યથી જ ઉત્પન્ન થાય છે, (અને) મનુષ્ય વીર્ય સ્થિતિથી જ (સત્ય) સારા અને ખરાબ ગુણોની સાથે જન્મ લે છે.

• **उपद्रष्टा अनुमन्ता च भर्ता भोक्ता महा-ईश्वरः ।
परम् आत्मा इति च अपि उक्तः देहे अस्मिन् पुरुषः परः ।।૧૩:૨૩।।**

(उपद्रष्टा) ઈશ્વર સાક્ષી છે (અર્થાત્ સૃષ્ટિમાં આરંભથી અંત સુધી જે થઈ ચૂક્યું અને થશે તે તેને જોઈ રહ્યો છે). (अनुमन्ता) બ્રહ્માંડમાં જે કંઈ થાય છે તે તેના આદેશથી થાય છે, (च) અને (તે) (भर्ता) પ્રાણીઓનું પાલન-પોષણ કરે છે. (भोक्ता) સર્વ પ્રાર્થનાઓ એ જ ઈશ્વર માટે કરવામાં આવે છે. (महा-ईश्वरः) તે ઈશ્વર સૌથી મહાન છે, (च) અને (उक्तः) (ઈશ્વર) કહી રહ્યો છે કે, (ईति अपि) નિઃસંદેહ તે (अस्मिन) આ (देहे) શરીરવાળા (पुरुष) મનુષ્ય હોવાથી (परः) પર છે (મહાન છે), અને (परम आत्मा) આત્માથી પણ મહાન છે.

ઈશ્વર સાક્ષી છે (અર્થાત્ સૃષ્ટિમાં આરંભથી અંત સુધી જે થઈ ચૂક્યું અને થશે તે તેને જોઈ રહ્યો છે). બ્રહ્માંડમાં જે કંઈ થાય છે તે તેના આદેશથી થાય છે, અને (તે) પ્રાણીઓનું પાલન-પોષણ કરે છે. સર્વ પ્રાર્થનાઓ એ જ ઈશ્વર માટે કરવામાં આવે છે. તે ઈશ્વર સૌથી મહાન છે, અને (ઈશ્વર) કહી રહ્યો છે કે, નિઃસંદેહ તે આ શરીરવાળા મનુષ્ય હોવાથી પર છે (મહાન છે), અને આત્માથી પણ મહાન છે.

• **य एवम् वेत्ति पुरुषम् प्रकृतिम् च गुणैः सह ।
सर्वथा वर्तमानः अपि न सः भूयः अभिजायते ।।૧૩:૨૪।।**

(एवम्) આ રીતે (य) જે વ્યક્તિ (प्रकृतिम्) ભાગ્યને (च) અને (पुरुषम्) મનુષ્યને (गुणैः सह) ગુણોની સાથે (वेत्ति) જાણી લે છે, (सर्वथा) અને દરેક બાજુ (वर्तमान) જે કંઈ થઈ રહ્યું છે, (અર્થાત્ જે કંઈ થઈ રહ્યું છે તે ભાગ્ય અને ઈશ્વરના આદેશથી થઈ રહ્યું છે એવું કાની લે છે તો) (अपि) નિઃસંદેહ (सः) તે (भूयः) (નર્કમાં) વારંવાર (જન્મ નથી પામતો).

આ રીતે જે વ્યક્તિ ભાગ્યને અને મનુષ્યને ગુણોની સાથે જાણી લે છે, અને દરેક બાજુ જે કંઈ થઈ રહ્યું છે, (અર્થાત્ જે કંઈ થઈ રહ્યું છે તે ભાગ્ય અને ઈશ્વરના આદેશથી થઈ રહ્યું છે એવું કાની લે છે તો) નિઃસંદેહ તે (નર્કમાં) વારંવાર જન્મ નથી પામતો.

• પયગંબર મુહમ્મદ સાહેબે (સલ્લ.) કહ્યું, ઈશ્વરે

સૌથી પહેલા કલમ (Pen) નું નિર્માણ કર્યું, પછી ઈશ્વરે કલમને લખવાનો આદેશ આપ્યો. કલમે પૂછ્યું, શું લખું ? ઈશ્વરે કહ્યું, ભાગ્ય લખો. પછી કલમે સૃષ્ટિના આરંભથી અંત સુધી જે કંઈ થશે બધું લખી નાખ્યું. (તિરમિઝી, મુન્તખબ અબ્વાબ, વૉલ્યૂમ-૧, હદીસ-૮૮)

ઈશ્વરે કુર્આનમાં કહ્યું,

''અમે સાંસારિક જીવનમાં તેમના વચ્ચે તેમની આજીવિક વહેંચી છે, અને અમે તેમાં એકને બીજા પર દરજ્જાઓમાં ઉચ્ચતા પ્રદાન કરી, જેથી તેઓ એક-બીજાથી કામ લેતા રહે.'' (સૂરઃ અઝ્-ઝુખરુફ, ૪૩, આયત ૩૨)

અર્થાત્, સમાજમાં જે માલિક છે અને જે નોકર છે એ બંને ઈશ્વરની આજ્ઞા અનુસાર છે.

**જ્યારે બધું જ ભાગ્યથી થાય છે તો આપણા પાપના જવાબદાર આપણે શા માટે ?**

**• ईश्वरः सर्व-भूतानाम् हृत-देशे अर्जुन तिष्ठति ।**
**भ्रामयन् सर्व-भूतानि यन्त्र आरुढानि मायया ।।१८:६१।।**

(अर्जुन) હે અર્જુન ! (सर्व) બધા (भूतानाम) મનુષ્યોના (हृत) હૃદય (देशे) માં (ईश्वर) ઈશ્વર (तिष्ठति) સ્થિત છે (હાજર છે), (सर्व) (અને તે) બધા (भूतानि) મનુષ્યોની (मायया) પરીક્ષા લેવા માટે (यन्त्र) (તેમને સમયના) યંત્ર પર (आरुढानि) સવાર કરીને (भ्रामयन्) ફેરવતો રહે છે.

હે અર્જુન ! બધા મનુષ્યોના હૃદયમાં ઈશ્વર સ્થિત છે (હાજર છે), (અને તે) બધા મનુષ્યોની પરીક્ષા લેવા માટે (તેમને સમયના) યંત્ર પર સવાર કરીને ફેરવતો રહે છે.

**दैवी हि एषा गुण-मयी मम माया दुरत्यया ।**
**माम् एव ये प्रपद्यन्ते मायाम् एतात् तरन्ति ते ।।७:१४।।**

(हि) નિઃસંદેહ, (मयी) મારા દ્વારા (બનાવવામાં આવેલ) (एषा) આ (दैवी) દિવ્ય (गुण) ગુણો (પર આધારિત) (मम्) મારી (माया) પરીક્ષાને (दुरत्यया) પાર કરવી ખૂબ કઠિન છે. (ये) (પરંતુ) જે લોકો (मामे) મારા (प्रपद्यन्ते) શરણમાં આવી જાય છે (ते) તેઓ (एतात) આ (मायाम्) પરીક્ષાને (एवं) નિઃસંદેહ (तरन्ति) પાર કરી જાય છે.

નિઃસંદેહ, મારા દ્વારા (બનાવવામાં આવેલ) આ દિવ્ય ગુણો (પર આધારિત) મારી પરીક્ષાને પાર કરવી ખૂબ કઠિન છે. (પરંતુ) જે લોકો મારા શરણમાં આવી જાય છે તેઓ આ પરીક્ષાને નિઃસંદેહ પાર કરી જાય છે.

● આ પરીક્ષામાં મનુષ્ય પોતાનું લક્ષ્ય બનાવવા, ઇરાદો કરવા અને કોશિશ કરવા માટે સ્વતંત્ર છે.

અને પોતાના લક્ષ્ય કે ઇરાદા અનુસાર તે જે કંઈ કર્મ કરશે તે પુણ્ય કે પાપ હશે. એ કર્મનું પરિણામ કે અંજામ મનુષ્યના કર્મ પર નહીં, બલ્કે ઈશ્વરની ઇચ્છા અનુસાર હશે.

● **આ જ વાત આ શ્લોકમાં પણ છે :**

**कर्मणि एव अधिकारः मा फलेषु कदाचन ।**
**मा कर्म-फलहेतुः भुः मा ते सङ्गःअस्तु अकर्मणि ।।२:४७।।**

(एरां) નિઃસંદેહ (कर्मणि) પોતાના કર્તવ્યના પાલન કરવાનો અધિકાર તમને છે, (फलेषु) (પરંતુ કાર્યના) પરિણામ (પર તમારું) (कदाचन) કોઈ (નિયંત્રણ નથી), (मा) ન તમે (कर्म-फल) (પોતાના) કર્મોના પરિણામનું (हेतु भुः) પોતાને કારણ અથવા કરવાવાળા સમજો, (मा) અને ન (ते) તમે (संगम-अस्तु) એવી વિચારધારા ને અપનાવો જેમાં (अकर्माणि) પોતાના કર્તવ્યને પૂરું કરવામાં આવતું નથી.

નિઃસંદેહ પોતાના કર્તવ્યના પાલન કરવાનો અધિકાર તમને છે. (પરંતુ કાર્યના) પરિણામ (પર તમારું) કોઈ (નિયંત્રણ નથી). ન તમે (પોતાના) કર્મોના

પરિણામનું પોતાને કારણ અથવા કરવાવાળા સમજો, અને ન તમે એવી વિચારધારાને અપનાવો જેમાં પોતાના કર્તવ્યને પૂરું કરવામાં આવતું નથી.

- પયગંબર મુહમ્મદ સાહેબે (સલ્લ.)એ કહ્યું,

''ઇરાદો કરવો અને કોશિશ કરવી એ મનુષ્યના વશમાં છે, પરંતુ પરિણામ ઈશ્વરની ઇચ્છા અનુસાર હશે.'' (મુસ્નદ અહમદ)

**એક ઉદાહરણથી આને સમજવાનો પ્રયાસ કરીએ :**

બે વ્યક્તિઓ એક ઘરની છત પર લડી રહ્યા હતા. ક્રોધમાં આવીને એકે બીજા પર ગોળી ચલાવી દીધી. બીજાને બચાવવાના હેતુથી ત્રીજા વ્યક્તિએ બીજાને ધક્કો મારી દીધો કે ગોળી તેને ન વાગે, અને ગોળી તેને ન વાગી, પરંતુ બીજો વ્યક્તિ ધક્કાના કારણે છતથી નીચે પડી ગયો.

હવે બીજો વ્યક્તિ છત પરથી નીચે પડીને જીવિત બચશે કે મરી જશે એ તેના ભાગ્ય અનુસાર થશે. જો તે મરી જાય તો પહેલા વ્યક્તિને હત્યાનું પાપ લાગશે, કેમ કે તેનો હેતુ અને કોશિશ બંને હત્યાના હતા.

ત્રીજા વ્યક્તિના હાથથી હત્યા થઈ, પરંતુ તેને જીવન બચાવવાનું પુણ્ય મળશે, કેમ કે તેનો હેતુ અને કોશિશ જીવન બચાવવાના હતા.

આમ, જે થશે તે ભાગ્ય અનુસાર થશે, અને મનુષ્યને તેના હેતુ અને કોશિશ અનુસાર પાપ કે પુણ્ય મળશે, કેમ કે હેતુ અને કોશિશમાં તે સ્વતંત્ર છે, માત્ર પરિણામ તેના વશમાં નથી.

# N-13
## યજ્ઞ શું છે ?

● સ્વામી ્ખરામ દાસજી સાધક સંજીવતીમાં ભગવદ્ ગીતાના અધ્યાય નં. ૧૬ ના પહેલા શ્લોકમાં 'યજ્ઞ'નો અર્થ નીચે મુજબ લખે છે :

● 'યજ્ઞ' શબ્દનો અર્થ આહુતિ આપવું થાય છે. તેથી પોતાના વર્ણાશ્રમ અનુસાર હોમ-હવન, બલિવૈશ્વદેવ વગેરે કરવું યજ્ઞ છે. તેના સિવાય ગીતાની દૃષ્ટિએ પોતાના વૃણ, આશ્રમ, પરિસ્થિતિ વગેરે અનુસાર કોઈપણ સમયે જે કર્તવ્ય પ્રાપ્ત થઈ જાય તેને સ્વાર્થ અને અભિમાનનો ત્યાગ કરીને બીજાઓના હિતની ભાવનાથી અથવા ભગવત્પ્રીત્યર્થ કરવું યજ્ઞ છે. આ ઉપરાંત, આજીવિકા-સંબંધે વેપાર, ખેતી વગેરે તેમજ શરીર-નિવાર્હ સંબંધે ખાવું-પીવું, ચાલવું-ફરવું, ઊંઘવું-જાગવું, લેવડ-દેવડ વગેરે બધી પ્રવૃત્તિઓ ભગવત્પ્રીત્યર્થ કરવું યજ્ઞ છે. એ જ રીતે માતા-પિતા, આચાર્ય અને ગરુજન વગેરેને આજ્ઞાઓનું પાલન કરવું, તેમની સેવા કરવી, તેમને મન, વાણી, તન અને ધનથી સુખ પહોંચાડીને તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરવી, પરમાત્મા વગેરેનું પૂજા કરવી આ બધું પણ યજ્ઞ છે.

# N-14
## ગાયત્રી મંત્રનું વર્ણન

**ગાયત્રી મંત્ર :**

**ॐ**

**भूर्भुवः स्वः**

**तत् सवितुर्वरेन्यं**

**भर्गो देवस्य धीमहि**

**धियो यो नः प्रचोदयात्**

(ઋગ્વેદ, ૩:૬૨:૧૦)

| | |
|---|---|
| ॐ | **પ્રાર્થનાનો આરંભ ઈશ્વરના નામથી કરું છું.** |
| भू | ધરતી |
| भुव | અન્ય લોક |
| स्व | સ્વર્ગ |
| तत | તે (ઈશ્વર) |
| सवितुर | જે સત્ય માર્ગ બતાવે છે. |
| वरेन्यम् | જેના માટે સર્વ પ્રશંસા છે. |
| भर्गो | પાપોને ક્ષમા કરવાવાળો, |
| धियो | મન અને આત્માથી |
| धीमहि | ઈશ્વરની પ્રાર્થના કરે છે. |
| देवस्य | ઈશ્વર |
| यो | જે |
| नः | અમને |
| प्रचोदयात् | પ્રકાશિત કરે (સત્ય માર્ગ બતાવે). |

(**ॐ**) પ્રાર્થનાનો આરંભ ઈશ્વરના નામથી કરું છું, (**यो**) જે (**भू**) ધરતી (**भुव**) અન્ય લોક (**स्व**) સ્વર્ગ લોક (નો સ્વામી છે). (**तत**) તે (ઈશ્વર) (**सवितुर**) સત્ય માર્ગ બતાવે છે, (**वरेन्यम्**) તેના માટે સર્વ પ્રશંસાઓ છે, (**भर्गो**) પાપોને ક્ષમા કરવાવાળો છે, (**धियो**) મન અને આત્માથી (**धीमहि**) (આપણે) ઈશ્વરની પ્રાર્થના કરીએ છીએ. (**देवस्य**) (હે) ઈશ્વર ! (**नः**) અમને (**प्रचोदयात्**) પ્રકાશિત કરો (સત્ય માર્ગ બતાવો).

પ્રાર્થનાનો આરંભ ઈશ્વરના નામથી કરું છું, જે ધરતી, અન્ય લોક, સ્વર્ગ લોક (નો સ્વામી છે). એ (ઈશ્વર) સત્ય માર્ગ બતાવે છે. તેના માટે સર્વ પ્રશંસાઓ છે, પાપોને ક્ષમા કરવાવાળો છે. મન અને આત્માથી (આપણે) ઈશ્વરની પ્રાર્થના કરીએ છીએ. (હે) ઈશ્વર ! અમને પ્રકાશિત કરો (સત્ય માર્ગ બતાવો).

જે આ મંત્રને દરરોજ તેના અર્થને સમજીને ઈશ્વરની પ્રાર્થનાના રૂપમાં પઢશે, તો તેને ઈશ્વર અવશ્ય સત્ય માર્ગ બતાવશે, જે સ્વર્ગ તરફ જવાવાળો હશે.

# N-15

## શંકરજી અને હઝરત આદમ (અલૈ.)માં સમાનતાઓ

● જો આપણે શંકરજીના જીવનનો અભ્યાસ કરીએ તો આપણને તેમના અથવા તેમના જીવનથી સંબંધિત સાત તથ્યોની જાણકારી મળે છે.

● શંકરજી વિશે તથ્યો આપણને 'શિવપુરાણ'માં મળે છે. એ સાત ઘટનાઓ અથવા તથ્યો નીચે મુજબ છે :

૧) શંકરજી માતા-પિતા વગર અસ્તિત્વમાં આવ્યા. જ્યારે બ્રહ્માજી ઈશ્વરની યાદમાં ધ્યાન લગાવીને બેસ્યા હતા, ત્યારે શંકરજી તેમના માથાથી પ્રગટ થયા.

**तपस्यतश्च सृष्टयर्थ भ्रुवोर्घ्राणस्य मध्यतः ।**
**अविमुक्ताभिधादेशात् स्वकीयान्मे विशेषतः ।।५५।।**
(શિવપુરાણ, ભા-૧, રુદ્રનું પ્રગટીકરણ, પ્ર-૧૫, પૃ. ૨૪૮)

૨) જ્યારે શંકરજી અસ્તિત્વમાં આવ્યા તો તેમનું અડધું શરીર પુરુષ અને અડધું સ્ત્રીનું હતું.

**त्रिमूर्तीना महेशस्य प्रादुरासीद् घृणानिधिः ।**
**अर्ध्वनारीश्वरो भूत्वा पूर्णाशः सकलेश्वरः ।।५६।।**
(શિવપુરાણ, ભા-૧, રુદ્રનું પ્રગટીકરણ, પ્ર-૧૫, શ્લોક-૫૬, પૃ. ૨૪૯)

૩) દક્ષે શંકરજીનું અપમાન કર્યું હતું.

**एते हि सर्वे च सुराऽसुरा भृशं नमस्ति मां विप्रवरास्तथर्षयः।**
**कथं ह्यसौ दुर्जनवन्महामनास्त्वभूतु यः प्रेतपिशाचसंवृत्त ।।१४।।**
(શિવપુરાણ, ભા-૧, રુદ્ર સંહિતા, સેક્શન-૨, સતી કથા, પ્ર-૨૬, શ્લોક : ૧૪-૧૬, પૃ. ૩૯૬)

૪) આ અપમાનને કારણે આકાશવાણીએ (ઈશ્વરે) દક્ષને શ્રાપ આપ્યો અને તેને ધિક્કાર દીધો.

**ज्वलत्वद्य मुखं वै यज्ञध्वंसौ भवत्वति ।**
**सहायास्तव यावन्तस्ते ज्वलन्वद्य सत्वरम् ।।३०।।**
(શિવપુરાણ, ભા-૧, રુદ્ર સંહિતા, સેક્શન-૨, સતી કથા, પ્ર-૩૧, શ્લોક : ૧-૨, પૃ. ૪૧૭)

૫) દક્ષે જ્યારે શંકરજીનું અપમાન કર્યું હતું, તો આ અપમાનથી ક્રોધિત થઈને તેમની પત્ની સતી દેવીએ પોતાનું શરીર સ્વર્ગ-લોકમાં ત્યાગી દીધું અને પોતાની ખુશીથી પૃથ્વી પર મેના પર્વતની પુત્રી બની ગઈ. ધરતી પર તેમનું નામ પાર્વતી હતું.

**समयं प्रप्यं सा देवी सर्वदेवस्तुता पुनः ।**
**सती त्यक्ततनुः प्रीत्या मेनकातनयाऽ भवत् ।।६।।**
(શિવપુરાણ, ભા-૨, પાર્વતી ખંડ, સેક્શન-૨, સતી ખંડ, પ્ર-૧, શ્લોક : ૪૪-૪૫, પૃ. ૨૭૮)

૬) આ પૃથ્વી પર શંકરજી અને પાર્વતીજીના લગ્ન થયા અને એ બંને <u>હરમની પવિત્ર ભૂમિ</u> પર રહેવા લાગ્યા.

**तत्रौद्यनमुप्राप्य देव्या सह महेश्वरः ।**
**हरम रमणीयासु दिव्यान्तः पुर भूमिषु ।।२३।।**
(શિવપુરાણ, ભા-૪, વાયવ્યીયા સંહિતા, સેક્શન-૧, પ્ર-૨૪, શ્લોક : ૨૩, પૃ. ૧૮૫૧)

૭) શંકરજી અને પાર્વતીજીના બે પુત્રો હતા - ગણેશ અને કાર્તિકેય. લગ્નનો વાદ-વિવાદ અને ગણેશજીના કારણે કાર્તિકેય હંમેશ માટે માતા-પિતાને છોડીને જતા રહ્યા.

**न स्थातव्यं मया तातौ क्षणमप्यत्र किश्चन ।**
**यद्येवं कपटं प्रीतिमपहाय कृतं मयि ।।२५।।**
(શિવપુરાણ, રુદ્ર સંહિતા, કુમાર ખંડ-૪, પ્ર-૨૦, પૃ. ૭૭૫, શ્લોક : ૨૫)

● જો આપણે હઝરત આદમ (અલૈ.)ના જીવનનો અભ્યાસ કરીએ તો સાત ઘટનાઓ કે તથ્યો જે શંકરજીથી સંબંધિત છે, આપણે જોઈએ છીએ કે એ જ સાત તથ્યો કે ઘટનાઓ હઝરત આદમ (અલૈ.) સાથે પણ બની છે.

**એ સાત ઘટનાઓ નીચે મુજબ છે :**

૧) હઝરત આદમ (અલૈ.) માતા-પિતા વગર અસ્તિત્વમાં આવ્યા. (પવિત્ર કુર્આન, સૂરઃ અલ-હિજ્ર, આયત : ૨૯)

૨) ઈશ્વરે હવ્વાને હઝરત આદમના શરીરના ડાબા (Left) ભાગથી ઉત્પન્ન કર્યા. (પવિત્ર કુર્આન, સૂરઃ નિસા, આયત : ૧)

૩) ઇબ્લીસે તેમને આદરયુક્ત પ્રણામ (સિજદો) ન કર્યો. (પવિત્ર કુર્આન, સૂરઃ અલ-હિજ્ર, આયત : ૩૨)

૪) તેમનો આદર ન કરવાના કારણે ઈશ્વરે ઇબ્લીસને ધિક્કારી દીધો અને સ્વર્ગથી કાઢી મૂક્યો.
(પવિત્ર કુર્આન, સૂરઃ અલ-હિજ્ર, આયત : ૩૪)

૫) ઇબ્લીસના કારણે હઝરત આદમ અને હઝરત હવ્વાને પણ જન્નત (સ્વર્ગ)થી બહાર નીકાળી દેવામાં આવ્યા. (પવિત્ર કુર્આન, સૂરઃ અલ-આ'રાફ, આયત : ૨૪)

હઝરત હવ્વા પૃથ્વી પર મિનાની પાસે (મક્કાની પાસે એક સ્થળ) પર ઊતર્યા અને હઝરત આદમ (અલૈ.)નું આગમન શ્રીલંકામાં થયું.

૬) તેઓ બંને મક્કાના નજીક અરાફતમાં મળ્યા અને આવીને <u>હરમની પવિત્ર ભૂમિ</u> મક્કામાં વસી ગયા. તેમણે પહેલી વાર કાબાનું નિર્માણ કર્યું. (પવિત્ર કુર્આન, સૂરઃ આલે-ઇમરાન, આયત : ૯૬, હદીસ : બૈહકી)

૭) પહેલા તેમના બે પુત્રો હતા - કાબીલ (Cain) અને હાબીલ (Abel). લગ્નના વાદ-વિવાદમાં મોટા પુત્ર કાબીલે નાના પુત્ર હાબીલની હત્યા કરી નાખી.
(પવિત્ર કુર્આન, સૂરઃ માઈદા, આયત : ૨૭-૩૧)

● શ્રીલંકામાં 'શ્રીપદ' નામનો એક પહાડ છે. અહીં મનુષ્યના એક ખૂબ મોટા પટના ચિહ્નો છે. આ ચિહ્નોને હિંદુ સમુદાયના લોકો શંકરજીના પદ-ચિહ્નો કહે છે, અને મુસલમાનો અને ખ્રિસ્તીઓ પયગંબર હઝરત આદમ (અલૈ.)ના પદ-ચિહ્નો કહે છે.

આનાથી અનુમાન લગાવી શકાય છે કે બંને વ્યક્તિત્વો એક જ હોઈ શકે છે.

(આ પદ-ચિહ્નોને તમે Youtube પર નીચે દર્શાવેલ લિંક દ્વારા જોઈ શકો છો :

https://youtu.be/TJN_3iZo61E

# N-16

## પ્રલયની વાસ્તવિકતા


તમામ ધાર્મિક ગ્રંથોમાં પ્રલયનું વર્ણન છે. પરંતુ આ પ્રલય માત્ર કલ્પના છે કે તે વાસ્તવમાં ઘટિત થશે ?

આપણે વિજ્ઞાનના આધારે તેને સમજવાનો પ્રયત્ન કરીએ :

સૂર્યમાં પરમાણુ એકીકરણ (Atomic Fusion)ની પ્રક્રિયા નિરંતર ચાલતી રહે છે. હેલિયમ ગેસના બે એટમ Fusion દ્વારા મળીને એક By product બનાવે છે, અને આ પ્રક્રિયામાં ગરમી અને પ્રકાશ ઉત્પન્ન થાય છે, જે આપણા સૌર-મંડળ (Solar System) અને આપણે પ્રાપ્ત કરીએ છીએ. જે રીતે તેલ અને પેટ્રોલ પૃથ્વીમાં એક સીમિત માત્રામાં છે અને એક મુદ્દત પછી તે વપરાઈ જશે અને સમાપ્ત થઈ જશે, એ જ રીતે સૂર્યમાં હેલિયમ ગેસ સીમિત છે અને એક મુદ્દત પછી વપરાઈ જશે. વૈજ્ઞાનિકો અનુમાન લગાવે છે કે આમાં ખૂબ વધારે સમય લાગશે, પરંતુ કોઈપણ એ ભવિષ્યવાણી નથી કરીશકતું કે આ બધું ક્યારે થશે ?

જ્યારે હેલિયમ ગેસ વપરાઈ જશે અને Fusion Process અટકી જશે, તો સૂર્ય ઠંડો થવાનો શરૂ થઈ જશે તેમજ સૂર્ય અને આ સોલાર સિસ્ટમના મૃત્યુની પ્રક્રિયા શરૂ થઈ જશે. સૂર્ય ગુલાબી રંગનો થવાનું અને વિસ્તૃત થવાનું શરૂ થઈ જશે, તથા બુધ, શુક્ર, મંગળ, પૃથ્વી અને બીજા કેટલાક ગ્રહો જે પૃથ્વીથી દુર છે તેમને પણ પોતાના ઘેરામાં લઈ લેશે. તેઓ બધા લાંબી મુદ્દત સુધી એ જ અવસ્થામાં રહેશે, પછી સૂર્ય સંકોચાવાનું શરૂ કરશે અને એક નક્કર ગઠ્ઠો (Mass) બની જશે અથવા બ્લેક હૉલ બની જશે. જ્યારે ગેસવાળો સૂર્ય પૃથ્વીને ઘેરી લેશે, ત્યારે કોઈ રાત નહીં હોય અને લગાતાર તે એક ખૂબ લાંબી મુદ્દત સુધી ચાલશે.

પૃથ્વીમાં ગુરુત્વાકર્ષણ બળ (Gravitational Force) છે, જે દરેક વસ્તુને પૃથ્વીના કેન્દ્ર તરફ આકર્ષિત કરે છે. જ્યારે શક્તિશાળી સૂર્યનો ગોળો પૃથ્વીને પોતાના ઘેરામાં લઈ લેશે, તો સૂર્યનું ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળને નકામું (Neutral) કરી નાખશે, અને પૃથ્વી પર દરેક વસ્તુ ભારરહિત (Weightless) પ્રતીત થશે.તેથી પૃથ્વી પર દરેક વસ્તુ તરવા અને ઊડવાનું શરૂ કરી દેશે, જે રીતે વસ્તુઓ અંતરીક્ષમાં રૉકેટના કૉકપિટમાં તરે છે અથવા આકાશમાં વાદળો ઊડે છે.



- આ ચિત્ર નાસાના હબલ સ્પેસ ટેલિસ્કોપ દ્વારા લેવામાં આવ્યું છે. આ ચિત્રમાં સૂર્ય જેવો એક નક્ષત્ર છે, જેનું વૈજ્ઞાનિક સ્થાન (Designation) NGC 2440 છે, તેને મૃત્યુ પામતો બતાવવામાં આવ્યો છે. આ મરી રહેલા સૂર્યએ પોતાનો ગેસ પોતાના ચારે તરફ દૂર-દૂર સુધી ફેલાવી દીધો છે. આ ગેસના ગોળાના કેન્દ્રમાં જે સફેદ બિંદુ છે એ જ પહેલા નક્ષત્ર (સૂર્ય) હતો. આ મરી રહેલા નક્ષત્ર (સૂર્ય)ની ચમક Ultraviolet Light ના કારણે છે, અને અલગ-અલગ રંગ હેલિયમ, ઑક્સિજન, નાઈટ્રોજનના બળવાના કારણે છે.

● ચિત્ર (Photograph) અને વધુ માહિતી માટે જુઓ :

http:hubblesite.org.news.2007.09

• [On 13th Feb. 2007 NASA released an image (news release number STScl-2007-09) with title "The colorful demise of a sun like star". (Visit http:/hubblesite.org/news/2007/09. To know more about a dying star NGC 2440 which is similar to our sun.)]

**ધાર્મિક તથ્ય :**

● પવિત્ર કુર્આનમાં પ્રલય (કયામત)નું વર્ણન આ પ્રમાણે છે :

૧. માત્ર ઈશ્વર જ જાણે છે કે નિર્ણયનો દિવસ (પ્રલય) ક્યારે આવશે. (સૂરઃ અલ-આરાફ, ૭, આયત ૧૮૭)

૨. પ્રલયના દિવસે આકાશ ગુલાબની જેમ ગુલાબી થઈ જશે. (સૂરઃ અર્-રહમાન, ૫૫, આયત ૩૭)

૩. પ્રલયના દિવસે પૃથ્વી પોતાનું ગુરુત્વાકર્ષણ બળ ખોઈ નાખશે અને પર્વતો વાદળો અને ઊનના ગોળાઓની જેમ તરવા અને ઊડવા લાગશે. (સૂરઃ અલ-મઆરિજ, ૭૦, આયત ૯)

૪. પ્રલયના દિવસનો સમય (કયામતનો એક દિવસ) સોલાર કેલેન્ડરના ૫૦,૦૦૦ વર્ષના બરાબર હશે. (સૂરઃ અલ-મઆરિજ, ૭૦, આયત ૪)

૫. પ્રલયના દિવસે સૂર્ય તદ્દન આપણા માથાઓની ઉપર હશે અને પૃથ્વી તાંબાની જેમ લાલચોળ અને ગરમ હશે. (સૂરઃ અલ-મઆરિજ, ૭૦, આયત ૮)

૬. પ્રલયના દિવસે ઈશ્વર દરેક વ્યક્તિના કર્મોનો હિસાબ-કિતાબ કરશે.

**પરિણામ – Conclusion :**

વૈજ્ઞાનિકો તથ્યો ધાર્મિક વિશ્વાસને પ્રમાણિત કરે છે. તેથી પ્રલય થશે એ ધાર્મિક વિશ્વાસ સત્ય છે.

# N-17

## શ્લોક નં. ૧૫.૭ નું સ્પષ્ટીકરણ

- શ્લોક નં. ૧૫.૭ આ પ્રમાણે છે :

- **मम एव अंशः जीव-लोके जीवभूतः सनातनः । मनः षष्ठानि इन्द्रियाणि प्रकृति स्थानि कर्षति ।।१५:७।।**

(एवं) નિઃસંદેહ, (जीव-लोके) પ્રાણીઓના આ જીવ-લોકના (जीवभूतः) જીવિત પ્રાણીઓ (मम) મારા (सनातन) હંમેશા એક જેવા રહેવાવાળા (अंश) (તેજના) અંશ (થી) (स्थानि) સ્થિત (કાયમ) છે, (मनः) (અને મનુષ્ય) આત્મા (षष्ठानि) છ (इन्द्रियाणि) ઈચ્છાઓ, (प्रकृति) (અને) ભાગ્ય (कर्षति) (ના કારણે) બધા કામ કરે છે.

નિઃસંદેહ, પ્રાણીઓના આ જીવ-લોકના જીવિત પ્રાણીઓ મારા હંમેશા એક જેવા રહેવાવાળા (તેજના) અંશ (થી) સ્થિત (કાયમ) છે, (અને મનુષ્ય) આત્મા છ ઈચ્છાઓ, (અને) ભાગ્ય (ના કારણે) બધા કામ કરે છે.

**આ શ્લોકમાં ૪ (ચાર) વસ્તુઓનું વર્ણન છે :**

૧. સનાતન અંશ (તેજ અંશ).

૨. મન.

૩. છ ઈચ્છાઓ.

૪. ભાગ્ય.

આના વિશે વધુ જાણકારી નીચે દર્શાવેલ શ્લોક અને આયતમાં છે.

**તેજ અંશ :**

ભગવદ્ ગીતાના શ્લોક નં. ૧૦.૪૧ આ પ્રમાણે છે :

- **यत् यत् विभूति मत् सत्त्वम् श्री-मत् उर्जितम् एव वा। तत् तत् एव अवगच्छ त्वम् मम तेजः अंश सम्भवम् ।।४१।।**

(यत् यत्) (સંસારમાં) જે જે (विभूति मत्) દિવ્ય રચનાઓ કે સમૃદ્ધિ, (उर्जितम्) ઉર્જા (કે જ્ઞાન) (वा) કે (श्री मत्) સુખ શાંતિ (અને) (सत्त्वम्) માનવતા (સચ્ચાઈ) (मत्) માનવામાં આવે છે, (एवं) નિઃસંદેહ (तत् तत्) એ સૌને (त्वम्) તમે (मम) મારા (तेज अंश) તેજના અંશથી (सम्भवम्) ઉત્પન્ન થઈ છે એમ (अवगच्छ) સમજો.

(સંસારમાં) જે જે દિવ્ય રચનાઓ કે સમૃદ્ધિ, ઉર્જા (કે જ્ઞાન) કે સુખ શાંતિ (અને) માનવતા (સચ્ચાઈ) માનવામાં આવે છે, નિઃસંદેહ એ સૌને તમે મારા તેજના અંશથી ઉત્પન્ન થઈ છે એમ સમજો.

જે રીતે સૂર્યના પ્રકાશથી સોલાર ઘડિયાળ ચાલવા લાગે છે, એ જ રીતે બ્રહ્માંડ કે સૃષ્ટિ ઈશ્વરના તેજના એક અંશથી જીવિત છે. આપણા શરીરમાં પ્રાણ પણ આ જ કારણે છે.

**મન (આત્મા) :**

શ્લોક નં. ૮.૩ આ પ્રમાણે છે :

- **श्री भगवान उवाच,**
**अक्षरम् ब्रह परमम् स्वभावः अध्यात्मम् उच्यते । भूत-भाव-उद्भव-करः विसर्ग कर्म संज्ञितः ।।८:३।।**

(श्री भगवान उवाच) ઈશ્વરે કહ્યું, (परमम्) મહાન (अक्षरम्) અવિનાશી (ૐ)ને (ब्रहा) બ્રહ્મ (ઈશ્વર) (उच्यते) કહે છે. (स्वभाव) મનુષ્યનો પોતાનો જે સ્વભાવ (વ્યક્તિત્વ) છે તેને (अध्यात्मम्) આત્મા કહે છે. (भूत) પ્રાણીઓના (भाव) સ્વભાવની (उद्भव) રચના કરવી અને (करः) (તેમને તેમના પ્રાકૃતિક જીવનના) કર્મ

(તેમને) (विसर्ग) પ્રદાન કરવા (कर्म) (તેને ઈશ્વરના) કર્મ (संक्षितः) કહેવામાં આવે છે.

ઈશ્વરે કહ્યું, મહાન અવિનાશી (ૐ)ને બ્રહ્મ (ઈશ્વર) કહે છે. મનુષ્યનો પોતાનો જે સ્વભાવ (વ્યક્તિત્વ) છે તેને આત્મા કહે છે. પ્રાણીઓના સ્વભાવની રચના કરવી અને (તેમને તેમના પ્રાકૃતિક જીવનના) કર્મ (તેમને) પ્રદાન કરવા (તેને ઈશ્વરના) કર્મ કહેવામાં આવે છે.

આ જે આપણો આત્મા છે, તેમાં ઈશ્વરે સત્વ ગુણ, રજો ગુણ, તમો ગુણ, કામ, ક્રોધ, લોભ વગેરે ભાવનાઓ મૂકી છે. જેના કારણે મનુષ્ય નિરંતર કામ કરતો રહે છે.

**છ ઈચ્છાઓ :**

ઈશ્વરે દરેક મનુષ્યના અંદર છ ઈચ્છાઓ મૂકી દીધી છે, જેને પૂરી કરવાની મનુષ્ય નિરંતર કોશિશ કરતો રહે છે. તે છ ઈચ્છાઓનું વર્ણન પવિત્ર કુર્આનમાં આ પ્રમાણે છે :

''લોકો માટે તેમની મનગમતી વસ્તુઓ - સ્ત્રીઓ, સંતાનો, સોના-ચાંદીના ઢગલા, નિશાન લગાવેલા (સારી નસલના ચુનંદા) ઘોડાઓ, ચોપગા પશુઓ અને ખેતી ખૂબ લોભામણી બનાવી દેવામાં આવેલ છે. આ બધી સાંસારિક જીવનની સુખ-સામગ્રી છે, અને ઈશ્વરની પાસે જ ઉત્તમ ઠેકાણું છે.'' (સૂરઃ આલે ઈમરાન, ૩, આયત ૧૪)

- આજના યુગમાં આ છ ઈચ્છાઓ આ પ્રમાણે હોઈ શકે છે :

૧. સ્ત્રીઓ.

૨. પુત્રો.

૩. બેંક બેલેન્સ.

૪. સારી કાર.

૫. વ્યવસાય (Business)

૬. સંપત્તિ (Property)

**ભાગ્ય :**

**कार्य कारण कर्तृत्वे हेतुः प्रकृतिः उच्यते ।**
**पुरुषः सुख दुःखनाम् भोक्तृत्वे हेतुः उच्यते ।।१३:२१।।**

(उच्यते) ઈશ્વરે કહ્યું, (कर्म) કર્મ કરવાને (कारण) કારણે, (कर्तृत्वे) કર્મોને કરવાવાળો (આ બધું) (प्रकृति) ભાગ્ય (हेतु) ના કારણે થાય છે. (उच्यते) ઈશ્વર એ પણ કહી રહ્યો છે કે (पुरुषः) મનુષ્ય (सुख) સુખ, (दुःखानाम्) દુઃખનો (भोक्तृत्वे) જે અનુભવ કરે છે (हेतुः) તેનું કારણ પણ ભાગ્ય છે.

ઈશ્વરે કહ્યું, કર્મ કરવાને કારણે, કર્મોને કરવાવાળો (આ બધું) ભાગ્યના કારણે થાય છે. ઈશ્વર એ પણ કહી રહ્યો છે કે મનુષ્ય સુખ, દુઃખનો જે અનુભવ કરે છે તેનું કારણ પણ ભાગ્ય છે.

# N-18
## શૈતાન કોણ છે ?

● શ્રી રામ ચન્દ્રજીના ત્રેતા યુગમાં દેવતાઓની સાથે દાનવો પણ ધરતી પર રહેતા હતા. રાવણ તેમાંથી એક હતો, જેનાથી આપણે સૌ પરિચિત છીએ. રાવણ એક મહાજ્ઞાની દાનવ હતો.

● ડૉ. વેદપ્રકાશ ઉપાધ્યાયે ઘણા પુસ્તકો ઈખ્યા છે. તેમાંથી એક છે - 'વેદોં ઔર પુરાણોં કે આધાર પર ધાર્મિક એકતા કી જ્યોતિ. આ પુસ્તકની પ્રસ્તાવનામાં તેમણે લખ્યું છે કે શ્રી રામ, શ્રી કૃષ્ણ એ મનુષ્યો ન હતા. આ બધા દેવતાઓ હતા. તેઓ અલૌકિક અસ્તિત્વવાળા હતા.

એ જ પ્રમાણે દાનવો પણ અલૌકિક (Super Natural Entity) હતા. તેઓ મનુષ્યોની જેમ સામાન્ય નહોતા.

સત્ય યુગ ૩૯ લાખ વર્ષ પૂર્વે આરંભ થયો, પરંતુ દ્વાપર યુગના અંત સુધી (૧૨૦૦૦ B.C. સુધી) કોઈ મનુષ્ય ધરતી પર ન હતો.

બધા દાનવો દુષ્ટ સ્વભાવના ન હતા. તેમાં સજ્જન પણ હતા અને ઋષિ પણ હતા.

ડૉ. વેદપ્રકાશ ઉપાધ્યાય (વેદોં ઔર પુરાણોં કે આધાર પર ધાર્મિક એકતા કી જ્યોતિ) પુસ્તકમાં લખે છે કે જ્યારે ઋષિઓને ખબર પડી કે ધરતી પર મનુષ્ય રાજ કરશે, તો તેઓ પહાડોમાં ચાલ્યા ગયા.

એ શ્લોક આ પ્રમાણે છે :

**आर्यदेशा क्षीणवन्तो म्लेच्छवंशा बलान्विता ।**
**भविष्यन्ति भृगुश्रेष्ठ तस्माच्च तुहिनाचलम् ।**
**गत्वा विष्णुं समाराध्य गमिष्यामो हरेः पदम् ।**
**इति श्रुत्वा द्विजाः सर्वे नैमिक्षारण्यवासिनः ।**
**अष्टाशीति सहस्त्रणि गतास्ते तुहिनाचलम् ।**

(ભવિષ્ય પુરાણ, પ્રતિસર્ગપર્વ, ચતુર્થ અધ્યાય-૪)

આ ઋષિ કોણ હતા ? જો તેઓ દેવતા હોત તો દેવતા તો સ્વર્ગ તરફ જાય છે, પહાડોમાં શા માટે જશે ? આ દાનવ ઋષિઓ હતા, જેઓ પહાડોમાં ચાલ્યા ગયા.

આમ, ડૉ. વેદપ્રકાશ ઉપાધ્યાય લખે છે કે દેવતાઓ અને દાનવો વચ્ચે યુદ્ધ થયું હતું. અંતે દેવતાઓ વિજયી રહ્યા અને તેમણે દાનવોને ધરતીમાંથી કાઢી મૂક્યા.

● પવિત્ર કુર્આનમાં દાનવોને જિન્ન કહેવામાં આવ્યા છે, અને ધાર્મિક ગ્રંથોમાં એ પણ લખવામાં આવ્યું છે કે ફરિશ્તાઓએ જીન્નોને પરાજિત કરીને જંગલ અને પહાડો તરફ ધકેલી દીધા હતા.

અજાજીલ નામનો એક ઋષિ દાનવ હતો. તેણે એટલી બધી ઈશ્વરની પ્રાર્થના કરી હતી કે ઈશ્વરે તેને ફરિશ્તાઓની સાથે સ્વર્ગમાં રહેવાની અનુમતિ આપી હતી.

દાનવને ધરતીથી ભગાડ્યા પછી ઈશ્વરે માનવ-જાતિને ધરતી પર વસાવવાનો નિર્ણય કર્યો.

જ્યારે ઈશ્વર પયગંબર આદમનું શરીર માટીથી નિર્માણ કરી રહ્યા હતા, ત્યારે તે અજાજીલ દાનવ ઋષિ ત્યાં હાજર હતો.

જ્યારે ઈશ્વરે પહેલા માનવ (**स्वयमभव मनु**) આદમનું નિર્માણ કર્યું, તો ફરિશ્તાઓને કહ્યું કે જ્યારે હું મારી રૂહથી આદમમાં રૂહ ફૂંકુ અને જ્યારે તે જીવિત થઈ જાય, તો તમે સૌ તેમને આદરપૂર્વક પ્રણામ (સિજદા) કરજો.

● જ્યારે આદમ જીવિત થયા તો સૌએ આદરપૂર્વક પ્રણામ (સિજદા) કર્યો, પરંતુ અજાજીલે ન કર્યો.

દાનવ આગથી બને છે, તેથી તેનામાં અહંકાર, ક્રોધ, ઈર્ષ્યા, દ્વેષ વગેરે વધારે હોય છે.

ઈશ્વરે જ્યારે અજાજીલને પૂછ્યું કે તેં આદમને સિજદો કેમ ન કર્યો ? તો તેણે કહ્યું કે, હું આગથી બન્યો છું, આદમ માટીથી બન્યા છે. હું તેમનાથી શ્રેષ્ઠ છું, તો હું તેમનો આદર કેમ કરું ?

ઈશ્વરને અજાજીલનો અહંકાર અને ઘમંડ સારો ન લાગ્યો અને તેને સ્વર્ગમાંથી બહાર નીકળી જવાનું કહ્યું.

આના પર અજાજીલ વધારે વિદ્રોહ પર ઊતરી આવ્યો અને તેણે ઈશ્વરને પડકાર કર્યો કે જે માનવના કારણે તું મને સ્વર્ગમાંથી બહાર કાઢી મૂકી રહ્યો છે, જો તું મને પ્રલય સુધી મૃત્યુ ન આપે તો હું તેમાંથી કેટલાકને છોડીને સમગ્ર માનવ-જાતિને સત્ય માર્ગથી હટાવી દઉં.

ઈશ્વરે તેના પડકારને સ્વીકાર લીધો અને તેને પ્રલય સુધી જીવિત રહેવાનું વરદાન આપી દીધું, અને તેના સાથે એ પણ કહ્યું કે જે તારી વાત માનશે તેનાથી અને તારાથી નર્કને ભરી દઈશ.

● અજાજીલ પર ઈશ્વરના પ્રકોપના કારણે તેનું નામ ઇબલીસ પડી ગયું, જેનો અર્થ છે 'એ જેની મુક્તીની કોઈ સંભાવના નથી.'

અને તે માનવ-જાતિને સત્ય માર્ગથી હટાવે છે એટલા માટે તેને શૈતાન કહે છે. આ તેનું નામ નથી, બલ્કે તેને આપવામાં આવેલ ઉપાધિ (Title) છે.

આમ, આ ઋષિ દાનવ અજાજીલ છે, જે આજે માનવ-જાતિનો સૌથી મોટો દુશ્મન છે, અને તેનો પ્રયાસ છે કે સમગ્ર માનવ-જાતિને સત્ય માર્ગથી હટાવી દે.

● પવિત્ર કુર્આનની એ આયત, જેમાં ઇબલીસને જિન્ન કરીને સંબોધિત કરવામાં આવેલ છે તે નીચે મુજબ છે :

''યાદ કરો જ્યારે અમે ફરિશ્તાઓને કહ્યું કે આદમને સિજદો કરો, તો તેમણે સિજદો કર્યો, પરંતુ ઇબલીસે ન કર્યો. તે જીન્નોમાંથી હતો, તેથી પોતાના રબના આદેશનું ઉલ્લંઘન કર્યું. (હે માનવ-જાતિ !) હવે શું તમે મને છોડીને તેને અને તેની સંતતિને પોતાનો સંરક્ષક બનાવો છો, જો કે તે તમારો શત્રુ છે ? ખૂબ ખરાબ વિકલ્પ છે, જેને જાલિમ લોકો અપનાવે છે.''

(સૂરઃ અલ-કહ્ફ, ૧૮, આયત ૫૦)

● ભગવદ્ ગીતામાં આના વિશે છ શ્લોકો છે, જે આ પ્રમાણે છે :

**● दम्भः दर्पः अभिमानः च क्रोधः पारुष्यम् एव च । अज्ञानम् च अभिजातस्य पार्थ सम्पदम् आसुरीम ।।१६:४।।**

(पार्थ) હે અર્જુન ! (एव) નિઃસંદેહ (सम्पदम्) આ ગુણો (आसुरीम्) આસૂર (શૈતાનના પ્રભાવથી) (अभिजातस्य) ઉત્પન્ન થાય છે. (दम्भ) ધોકો આપવો (છળકપટ કરવું), (दर्पः) અહંકારનું હોવું, (अभिमान) ઘમંડનું હોવું, (क्रोधः) ક્રોધ કરવો, (च) અને (पारुष्यम्) કઠોરતા રાખવી, (अज्ञानम्) અને જ્ઞાન અને વિવેકનું ન હોવું.

(ઈશ્વરે કહ્યું કે,) હે અર્જુન ! નિઃસંદેહ આ ગુણો આસૂર (શૈતાનના પ્રભાવથી) ઉત્પન્ન થાય છે. ધોકો આપવો (છળકપટ કરવું), અહંકારનું હોવું, ઘમંડનું હોવું, ક્રોધ કરવો, અને કઠોરતા રાખવી, અને જ્ઞાન અને વિવેકનું ન હોવું.

**● न माम दुष्कृतिनः मूढाः प्रपद्यन्ते नर-अधमाः । मायया अपहृत ज्ञानाः आसुरम् भावम् आश्रिताः ।।७:१५।।**

(मायया) (આ દિવ્ય જ્ઞાન પર આધારિત) પરીક્ષા

(માંથી પાર થવાવાળા) (ज्ञाना) દિવ્ય જ્ઞાનને (आसुरम) અસૂર (શૈતાની/રાક્ષસી) (भावम) ભાવ (સ્વભાવ) (आश्रिता) અપનાવનારાઓથી (अपहृत) અસૂરે (શૈતાને) અપહરણ કરી લીધેલ છે (ભુલાવી દીધેલ છે). (मूढा) (કારણ કે આ) મૂર્ખ (दुष्कृतिन) દુષ્કર્મ કરવાવાળા, (नर अधमा) નર્કમાં પડવાવાળા આ મનુષ્યો (माम) મારું (प्रपद्यन्ते) શરણ નથી લેતા (મારી પ્રાર્થના નથી કરતા).

(આ દિવ્ય જ્ઞાન પર આધારિત) પરીક્ષા (માંથી પાર થવાવાળા) દિવ્ય જ્ઞાનને અસૂર (શૈતાની/રાક્ષસી) ભાવ (સ્વભાવ) અપનાવનારાઓથી અસૂરે (શૈતાને) અપહરણ કરી લીધેલ છે (ભુલાવી દીધેલ છે).(કારણ કે આ) મૂર્ખ દુષ્કર્મ કરવાવાળા, નર્કમાં પડવાવાળા, આ મનુષ્યો મારું શરણ નથી લેતા (મારી પ્રાર્થના નથી કરતા).

**• मोघ आशाः मोघ-कर्माणः मोघ-ज्ञानाः विचेतसः । राक्षसीम् आसुरीम् च एव प्रकृतिम् मोहिनीम् श्रिताः ।।९:१२।।**

(एवं) નિઃસંદેહ, (ઈશ્વરને મનુષ્ય સમાન શરીરવાળો સમજવું) (राक्षसीम्) રાક્ષસી (विचेतसः) વિચાર કે દૃષ્ટિકોણ છે, (च) અને (मोहिनीम्) આ ભ્રમના કારણે (असुरीम्) (લોકોએ) આસુરી શક્તિઓનું (श्रिताः) શરણ લીધું છે. (આ કારણે તેમના) (मोध आशा) (મૃત્યુ પછીના જીવનમાં સફળતાની કોઈ) આશા નથી. (मोघ कर्माणः) તેમના બધા સત્કર્મ નષ્ટ થઈ ગયા, (मोघ ज्ञानाः) અને તેમનું જ્ઞાન પણ વ્યર્થ થઈ ગયું.

નિઃસંદેહ, (ઈશ્વરને મનુષ્ય સમાન શરીરવાળો સમજવું) રાક્ષસી વિચાર કે દૃષ્ટિકોણ છે, અને આ ભ્રમના કારણે (લોકોએ) આસુરી શક્તિઓનું શરણ લીધું છે. (આ કારણે તેમના) (મૃત્યુ પછીના જીવનમાં સફળતાની કોઈ) આશા નથી. તેમના બધા સત્કર્મ નષ્ટ થઈ ગયા, અને તેમનું જ્ઞાન પણ વ્યર્થ થઈ ગયું.

**• द्वौ भूत-सर्गो लोके अस्मिन दैवः आसुरः एव च । दैवः विस्तरशः प्रोक्तः आसुरम् पार्थ मे शृणु ।।१६:६।।**

(एरा) નિઃસંદેહ, (अस्मिन) આ (लोके) પૃથ્વી લોકમાં (भूत) મનુષ્યના અંદર (द्वौ) બે પ્રકારના (सर्गो) ગુણો હોય છે. (दैवः) દિવ્ય ગુણ (च) અને (आसुरः) આસૂરી (શૈતાની) ગુણ. (दैवः) દિવ્ય ગુણોને (पार्थ) હે અર્જુન ! (विस्तरशः) (તમને) વિસ્તારપૂર્વક (प्रोक्तः) બતાવી દીધા, (आसुरम्) (હવે) આસૂરી (શૈતાની) ગુણો વિશે (मे) મારાથી (शृणु) સાંભળો.

નિઃસંદેહ, આ પૃથ્વી લોકમાં મનુષ્યના અંદર બે પ્રકારના ગુણો હોય છે. દિવ્ય ગુણ અને આસૂરી (શૈતાની) ગુણ. દિવ્ય ગુણોને હે અર્જુન ! (તમને) વિસ્તારપૂર્વક બતાવી દીધા, (હવે) આસૂરી (શૈતાની) ગુણો વિશે મારાથી સાંભળો.

**• तान् अहम् द्विषतः क्रुरान् संसारेषु नर-अधनाम् । क्षिपामि अजस्त्रम् अशुभान् आसुरीषु एव योनिषु ।।१६:१९।।**

(अहम्) હું (આ) (द्विषत) ઘૃણાસ્પદ, (क्रुरान) નિર્દયી (नर-अधनाम्) અને મનુષ્યોમાં સૌથી નીચ લોકોને (अजस्त्रम्) સદા માટે (अशुभान) ગંદા (संसारेषु) સંસાર (નર્કમાં) (आसुरीषु योनिषु) (જ્યાં) અસૂરોના વંશજોને રાખવામાં આવે છે, (क्षिपामि) ફેંકી દઉં છું.

હું (આ) ઘૃણાસ્પદ, નિર્દયી અને મનુષ્યોમાં સૌથી નીચ લોકોને સદા માટે ગંદા સંસાર (નર્કમાં) (જ્યાં) અસૂરોના વંશજોને રાખવામાં આવે છે, ફેંકી દઉં છું.

**• आसुरीम् योनिम् आपन्नाः मूढाः जन्मनि जन्मनि । माम् अप्राप्य एव कौन्तेय ततः यान्ति अधमाम् गतिम् ।।१६:२०।।**

(मूढा) આ મૂર્ખ લોકો (असुरीम् योनिम्) અસૂરોના વંશમાં (जन्मनि जन्मनि) દરેક મૃત્યુ પછી જીવન

(आपन्ना) પામે છે (અને) (अधमाम् गतिम्) નર્કના સૌથી નીચેના ભાગ સુધી (यान्ति) ચાલ્યા જાય છે. (ततः) આ રીતે (एरा) નિઃસંદેહ, (कौन्तेय) હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (આ લોકો) (माम) મને (अप्राप्य) કદી પ્રાપ્ત કરી શકતા નથી.

આ મૂર્ખ લોકો અસૂરોના વંશમાં દરેક મૃત્યુ પછી જીવન પામે છે (અને) નર્કના સૌથી નીચેના ભાગ સુધી ચાલ્યા જાય છે. આ રીતે નિઃસંદેહ, હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (આ લોકો) મને કદી પ્રાપ્ત કરી શકતા નથી.

● બૌદ્ધ ધર્મમાં ઇબલીસ (શૈતાન)ને 'મારા' કહેવામાં આવેલ છે.

# N-19
## પુનર્જન્મની વાસ્તવિકતા

**પુનર્જન્મની વિચારધારા (Concept) આ પ્રમાણે છે :**

(૧) મનુષ્ય મૃત્યુ પછી આ જ ધરતી પર ફરીથી જન્મ લેશે. પરંતુ તેનો બીજો જન્મ તેના પાપો અનુસાર હશે. પહેલા જન્મમાં જેટલા વધારે પાપ કર્યા હશે, બીજા જન્મમાં એટલી અપમાનજનક જીવન-શૈલી તેને મળશે.

(૨) મૃત્યુ સમયે જો સૂર્ય દક્ષિણ તરફ હશે, તો એક સજ્જન અને પવિત્ર મૃતકને પણ સ્વર્ગનો માર્ગ નહીં મળે. સૂર્ય જ્યારે ઉત્તર તરફ હશે તો જ એક સજ્જન વ્યક્તિને સ્વર્ગનો માર્ગ મળશે.

(૩) બૃહદારણ્યક ઉપનિષદમાં લખ્યું છે કે જે લોકો પંચાગ્નિ વિદ્યાને જાણે છે અને વનમાં રહીને ઈશ્વરની પ્રાર્થના કરે છે, માત્ર તેઓ જ સ્વર્ગ પ્રાપ્ત કરી શકશે, બાકી બધા લોકો મૃત્યુ પછી આવાગમનના ચક્કરમાં ફસાયેલા રહેશે.

પુનર્જન્મની બીજી પણ ઘણી વિચારધારાઓ છે, પરંતુ આ નાનકડા પુસ્તકમાં એ સૌને સમાવવું સંભવ નથી.

### પુનર્જન્મનો દૃષ્ટિકોણ શા માટે ખોટો છે ?

● પવિત્ર વેદ જ હિંદુ ધર્મના સૌથી પ્રમાણિત (Authentic) ગ્રંથો છે, અને વેદોમાં આવાગમનની શિક્ષા કે વર્ણન જરા પણ નથી. તેનાથી વિપરીત આવાગમનનો વેદોએ વિરોધ કર્યો છે.

● પુનર્જન્મનું વર્ણન નીચે દર્શાવિલ ત્રણ પુસતકોમાં મળે છે :

૧) મહાભારત.

૨) છાન્દોગ્ય ઉપનિષદ.

૩) બૃહદારણ્યક ઉપનિષદ.

● મહારાજ વિકાસાનન્દ બ્રહ્મચારી હિંદુ ધર્મના જ્ઞાની અને પ્રસિદ્ધ આચાર્ય છે. જ્યારે તેમણે આ ત્રણ ગ્રંથોનું અધ્યયન કર્યું તો જોયું કે ત્રણેય ગ્રંથોમાં બંને પ્રકાશની શિક્ષાઓ છે, કે પુનર્જન્મનું વર્ણન છે. અર્થાત્ આ ગ્રંથોમાં પવિત્ર વેદોની જેમ પુનર્જન્મ ન હોવાનો પણ ઉલ્લેખ છે અને પુનર્જન્મ હોવાનો પણ ઉલ્લેખ છે.

અને, પુનર્જન્મ હોવાના શ્લોકોમાં ખૂબ જ વિરોધાભાસો છે, અથવા અલગ-અલગ શ્લોકોમાં અલગ-અલગ વાતો કહેવામાં આવી છે.

મહારાજ વિકાસાનન્દજી કહે છે કે સત્ય સ્થિર અને એક સમાન રહે છે, અને અસત્ય અસ્થિર અને બદલાતું રહે છે. આવાગમનનો દૃષ્ટિકોણ કે વિશ્વાસ કે શીખ એવું અસત્ય છે, જે બદલાતું રહે છે. (અલગ-અલગ ગ્રંથોમાં અલગ-અલગ વર્ણન છે.)

અને, આવાગમનના ન હોવું એ પવિત્ર વેદોની શિક્ષા છે, અને વેદ જ સૌથી પ્રમાણિત છે, તેથી વેદોની શિક્ષાને જ સાચી માનવામાં આવશે.

મહારાજ વિકાસાનન્દજીએ એક પુસ્તક લખ્યું છે, જેનું નામ છે 'પુનર્જન્મ એક રહસ્ય''. આ પુસ્તકમાં તેમણે મહાભારત, છાન્દોગ્ય ઉપનિષદ અને બૃહદરાણ્યક ઉપનિષદમાં બતાવવામાં આવેલ બંને પ્રકારની શિક્ષાઓનું વર્ણન કર્યું છે. અર્થાત્ પુનર્જન્મ ન હોવા વિશે વેદો અનુસાર શિક્ષાનું પણ વર્ણન છે,

અને પુનર્જન્મ હોવાની શિક્ષાનું પણ વર્ણન છે.

અમે મહારાજ વિકાસાનન્દજીના પુસ્તકને વાંચીને આ પુસ્તકમાં પુનર્જન્મ વિશે લખેલ છે.

પહેલા આપણે મહાભારતનું અધ્યયન કરીએ છીએ અને જોઈએ છીએ કે તેમાં પુનર્જન્મ વિશે શું લખ્યું છે. પરંતુ તેનાથી પહેલા આપણે સૂર્યના ઉત્તર અને દક્ષિણમાં હોવાનો મૃત્યુ પામનાર વ્યક્તિની મુક્તિ પર શું પ્રભાવ થાય છે એ વિશે પણ થોડુંક બતાવી દઉં. આ જ્ઞાનથી તમને ભીષ્મ પિતામહના બાણશય્યા પર સૂતા રહેવાનું કારણ સમજમાં આવી જશે.

**સૂર્યના ઉત્તરમાં હોવાનો અર્થ શું છે ?**

- મહાભારતના યુદ્ધ વખતે સૂર્ય દક્ષિણ તરફ હતો. ગંભીરરૂપે ઘાયલ હોવા છતાં ભીષ્મ પિતામહે પોતાના મૃત્યુને સૂર્યના ઉત્તર તરફ આવવા સુધી ટાળે રાખ્યું. તો આ અધ્યાયમાં આપણે એ સમજવાનો પ્રયત્ન કરીશું કે સૂર્યના ઉત્તરમાં હોવાનો અર્થ શું છે.

- હજારો વર્ષથી ઉત્તર ભારતના લોકોને પૃથ્વીના ઉત્તર ભાગની ઋતુઓનું પૂરેપૂરું જ્ઞાન હતું.

- ઔરંગાબાદમાં પવનચક્કીની પાસે એક રશિયાના વલીનો મઝાર (કબર) છે. અર્થાત્ પ્રાચીન કાળમાં લોકો રશિયા (Russia)થી ભારત પણ આવતા હતા. તેથી ભારતીય લોકોને એ વાતનું જ્ઞાન હતું કે જ્યારે સૂર્ય ઉત્તર તરફ હોય છે તો પૃથ્વીના ઉત્તર ભાગમાં દિવસ ખૂબ મટો અને રાત ખૂબ નાની હોય છે. નોર્ગ-પૉલ (North Pole) પર ૩ મહિને દિવસ ૨૪ કલાકનો હોય છે અને રાત નથી હોતી.

- આપણા દેશમાં પણ ઉત્તર ભારતના ક્ષેત્રમાં ગરમીની ઋતુમાં જ્યારે સૂર્ય ઉત્તર તરફ હોય છે, તો દિવસ મોટા અને રાત નાની હોય છે.

- વર્ષના છ મહિના સૂર્ય ઉત્તર તરફ હોય છે અને દિવસ મોટા અને પ્રકાશિત હોય છે. તેથી સમજવા માટે વેદમાં એ ઉદાહરણ આપવામાં આવ્યું છે કે સ્વર્ગનો માર્ગ ઉજ્જવળ છે અને તે એવી રીતે ઉજ્જવળ છે જેમ કે સૂર્ય ઉત્તર તરફ હોય.

- આમ, સૂર્યનું ઉત્તર તરફ હોવું એ તેના ઉજ્જવળ હોવાનું ઉદાહરણ માત્ર છે. સૂર્યના ઉત્તર કે દક્ષિણ તરફ હોવાથી સ્વર્ગના માર્ગનો કોઈ સંબંધ નથી.

- એવા શ્લોકો, જેમાં સ્વર્ગના માર્ગનું વર્ણન છે તે નીચે મુજબ છે :

- ''આપણે બધા કયા માર્ગથી જઈશું ને (માર્ગ) યમદૂત (અર્થાત્ પરલોકના માલિક કે ઈશ્વર) પહેલાથી જ બતાવી દે છે. તે માર્ગ કદાપિ નષ્ટ ન થવાવાળો છે. જે માર્ગથી પૂર્વ ગણો ગયા છે, પ્રત્યેક પ્રાણી પોત-પોતાના કર્મો અનુસાર એ જ માર્ગથી જશે.'' (ઋગ્વેદ ૧૦-૧૪-૨)

- ''જે લોકો જ્ઞાન ધરાવે છે, તેઓ બીજાઓથી પહેલા જીવન પ્રદાન કરવાવાળા શ્વાસ લઈને આ શરીરમાંથી નીકળીને આકાશમાં પહોંચીને પોતાના સમસ્ત સાથીઓની સાથે રહે છે. જે માર્ગોથી દેવતાઓએ યાત્રા કરી હતી, તેનાથી પસાર થતાં સ્વર્ગ પહોંચી જાય છે.'' (અથર્વવેદ ૨-૩૪-૫)

- ''પવિત્ર કરવાવાળાઓ દ્વારા પવિત્ર થઈને એવા શરીરની સાથે, જેમાં અસ્થિઓ નહીં હોય, તેઓ પ્રતાપવાન અને પ્રજ્વલિત થઈજે ઉજ્જવળ સંસારમાં પહોંચે છે. તેમના ઉજ્જવળ શરીરોને આગ બાળતી નથી. સ્વર્ગ લોકમાં તેમના માટે ખૂબ આનંદ છે.'' (અથર્વવેદ ૪-૩૪-૨)

- ''ઈશ્વરને જાણવાવાળા અને તેની પ્રાર્થના કરવાવાળા મનુષ્યો, મૃત્યુ પછી ઈશ્વર તરફ ઉજ્જવળ માર્ગ દ્વારા (એ રીતે) જશે કે ત્યાં (એવું

પ્રતીત થશે જાણે) છ મહિના સૂર્ય ઉત્તર તરફ ચાલ્યો ગયો છે, (જેના કારણે) દિવસ છે, અજવાળું છે અને પ્રકાશ ફેલાયેલો છે.'' (ભગવદ્ ગીતા ૮:૨૪)

- ''મારા દ્વારા વેદોમાં પણ મૃત્યુ પછી આ સંસારથી જવાના બે માર્ગો બતાવવામાં આવ્યા છે. આ બંને માર્ગોમાં નિઃસંદેહ એક ઉજ્જવળ માર્ગ છે અને બીજો અંધકારમય માર્ગ છે. એક માર્ગ જન્મ અને મૃત્યુના વારંવાર પાછા ન આવવાવાળા ધામ (સ્વર્ગ) તરફ જાય છે, અને બીજો અંધકારમય માર્ગ છે, જે વારંવાર જન્મ અને મૃત્યુના પાછા આવવાવાળા નર્કના ધામ તરફ જાય છે.'' (ભગવદ્ ગીતા ૮:૨૬)

- ઉપર બતાવેલ શ્લોકોથી તમે સમજી શકો છો કે,

૧) યમદુત મૃતકને સ્વર્ગ અને નર્કનો માર્ગ પહેલાથી જ બતાવી દે છે.

૨) આ સ્વર્ગ અને નર્કનો માર્ગ એ વ્યક્તિના કર્મોના આધારે હશે.

૩) સ્વર્ગનો માર્ગ એ જ રીતે ઉજ્જવળ હશે, જે રીતે જ્યારે સૂર્ય ઉત્તર તરફ હોય છે તો દિવસ ખૂબ જ વધારે ઉજ્જવળ રહે છે.

૪) સૂર્યના .ત્તર અને દક્ષિણાયણમાં હોવાથી સ્વર્ગના માર્ગનો કોઈ સંબંધ નથી.

- ''સૂર્યનું ઉત્તર કે દક્ષિણમાં હોવાનો સ્વર્ગના માર્ગથી કોઈ સંબંધ નથી.'' આ તથ્ય (Fact)ને ઘણા વિદ્વાનો પણ માને છે; જેમ કે આચાર્ય શંકરજીએ પોતાના પુસ્તક ''વેદાન્ત દર્શન''માં લખ્યું છે કે છાન્દોગ્ય ઉપનિષદમાં લખ્યું છે કે આત્મા સૂર્યના કિરણોની સહાયતાથી ઉપર તરફ પ્રવાસ કરે છે. પરંતુ તમે જો કહો કે રાત્રે સૂર્યના કિરણો નથી હોતા તો એવું કહેવું ખોટું છે, કેમ કે સૂર્યના કિરણો મનુષ્યની નસની ગરમીથી તે સમય સુધી હંમેશા જોડાયેલા રહે છે, જ્યાં સુધી મનુષ્ય જીવિત રહે છે.

અથવા, મનુષ્ય જ્યાં સુધી જીવીત રહે છે, તેની નસથી નીકળવાવાળી ઊર્જા સૂર્યની ઊર્જાથી હંમેશા સંપર્કમાં રહે છે. તેથી મૃત્યુ ગમે તે સમયે થાય, એક સજ્જન મનુષ્યને પરલોકનો ઉજ્જવળ માર્ગ શોધવામાં કે પામવામાં કોઈ મુશ્કેલી નથી હોતી. તેથી એવું વિચારવું ખોટું છે કે જ્યારે સૂર્ય ઉત્તર તરફ હશે તો જ મુક્તિ મળશે.'' (પુનર્જન્મ એક રહસ્ય, પૃ.નં. ૧૧)

**મહાભારતમાં પુનર્જન્મનો ઉલ્લેખ**

- મહાકાવ્ય મહાભારતના લેખક શ્રી મહર્ષિ વેદ વ્યાસજીએ પોતે આ મહાકાવ્યમાં પુનર્જન્મ હોય છે એવું સ્પષ્ટ રૂપે ક્યાંય લખ્યું નથી. પરંતુ આ મહાકાવ્યમાં ભીષ્મ પિતામહના મૃત્યુ પુનર્જન્મ તરફ સંકેત કરે છે. તેથી આપણે એ જોવાનો પ્રયાસ કરીએ છીએ કે ભીષ્મ પિતામહના મૃત્યુ વિશે જે મહાભારતમાં લખેલ છે તેમાં કેટલું સત્ય છે.

- ભીષ્મ પિતામહની વાર્તા ટૂંકમાં આ પ્રમાણે છે :

મહાભારતના યુદ્ધમાં તેઓ કૌરવોના સેનાપતિ હતા. યુદ્ધની શરૂઆતના દસ દિવસોમાં તેઓ ખૂબ બહાદુરીથી લડ્યા અને પાંડવોના લાખો સૈનિકોનો વધ કર્યો. પરંતુ જ્યારે ભીષ્મ પિતામહ યુદ્ધમાં અર્જુનના તીરોથી ઘાયલ થઈને પોતાના રથથી નીચે પડી ગયા, તો તેમના શરીરમાં એટલા તીર આરપાર ઘૂસી ગયા હતા કે તેમનું શરીર ધરતીને સ્પર્શ કરવાને કદલે તીરો પર જ અટકી ગયું હતું. એવું લાગતું હતું કે જાણે તેઓ તીરોના ખાટલા પર સૂઈ રહ્યા છે.

● મહાભારતના યુદ્ધના સમયે સૂર્ય દક્ષિણ તરફ હતો. અર્થાત્ દક્ષિણયણ કાળ ચાલી રહ્યો હતો. કથાનુસાર ભીષ્મ પિતામહનો એવો વિશ્વાસ હતો કે આવા સમયે એક સજ્જન વ્યક્તિનું પણ જો મૃત્યુ થાય છે તો તે પણ સ્વર્ગનો માર્ગ પ્રાપ્ત કરી શકતો નથી. આ કલ્પનાના કારણે ભીષ્મ પિતામહે પોતાના પિતાથી પોતાના મૃત્યને સૂર્યના ઉત્તર તરફ આવવા સુધી, અર્થાત્ ઉત્તરાયણ સુધી આગળ વધારવાની આજ્ઞા માંગી અને આજ્ઞા મળતાં તેઓ ઘણા દિવસો સુધી બાણશય્યા પર સૂતા રહ્યા, પછી દેહ ત્યાગ કર્યો.

● મહારાજ વિકાસાનન્દ બ્રહ્મચારીજીની શોધ અનુસાર ભીષ્મ પિતામહના બાશય્યા પર મૃત્યુ સંબંધેજે મહાભારતમાં શ્લોકો છે તે પ્રક્ષિપ્ત છે, અર્થાત્ પાછળથી જોડવામાં આવેલ છે. (પુનર્જન્મ એક રહસ્ય, પૃ.નં.૮)

● મહારાજની શોધ અનુસાર ભીષ્મ પિતામહ જ્યારે ગંભરી રીતે ઘાયલ થઈને રથથી નીચે પડી ગયા હતા એ જ વખતે તેમનું મૃત્યુ થઈ ગયું હતું.

● મહારાજ વીકાસાનન્દ બ્રહ્મચારીજી અનુસાર એ વિશ્વાસ પણ ખોટો છે કે જ્યારે સૂર્ય દક્ષિણમાં હોય છે એ સમયે મૃત્યુ પામનારે મુક્તિ નથી મળતી.

● મહારાજજીએ આ બંનેના ખોટા હોવાના જે કારણો વેદો અને સ્વયં મહાભારત જેવા મહા-કાવ્યમાંથી બતાવ્યા છે તે નીચે મુજબ છે :

**ભીષ્મ પિતામહના મૃત્યુનું વર્ણન :**

● મહારાજ વિકાસાનન્દ બ્રહ્મચારીજી અનુસાર ભીષ્મ પિતામહના પિતા શાંતનુને ઇચ્છા-કૃત્યુ વરદાન આપવાનો અધિકાર ન હતો, એટલા માટે કે શાંતનુના બે પુત્રો પહેલા જ મૃત્યુ પામ્યા હતા. જો શાંતનુને મૃત્યુનુ આગળ વધારવાનો અધિકાર હોત તો તેમના બંને પુત્રો કેવી રીતે મૃત્યુ પામતા ?

● મહર્ષિ શ્રી વેદ વ્યાસજી હિંદુ ધર્મના સૌથી મોટા વિદ્વાન છે. મહાભારત મહાકાવ્ય તેમણે જ લખેલ છે. ભગવદ્ ગીતાને પુસ્તક સ્વરૂપે તેમણે જ લખ્યું છે. ચારેય વેદોમાં ઋચાઓ અને સુક્તોનો ક્રમ તેમણે જ આપ્યો છે. તેમણે ૧૭ પુરાણો લખ્યા છે, જેમાં એક ભવિષ્ય પુરાણ પણ છે.

● શ્ વેદ વ્યાસજીએ માત્ર ૨૪૦૦૦ શ્લોકો મહાભારતમાં લખ્યા હતા. આજે એ શ્લોકોની સંખ્યા એક લાખથી વધારે છે. આ ૭૫૦૦૦ થી વધારે શ્લોકો પાછળથી ઉમેરવામાં આવ્યા છે. (પુનર્જન્મ એક રહસ્ય, પૃ. નં. ૧૪)

● મહાભારતના અઢાર પર્વમાંથી એક પર્વનું નામ ભીષ્મ પર્વ છે. આ પર્વના ચાર ઉપ-પર્વ છે, જેના નામ નીચે મુજબ છે :

૧) જમ્બુખંડ વિનિર્માણ પર્વ.

૨) ભૂમિ પર્વ.

૩) શ્રીમદભગવદ્ગીતા પર્વ.

૪) ભીષ્મ વધ પર્વ.

● મહારાજ વિકાસાનન્દ બ્રહ્મચારીજી કહે છે કે ગંભીર રીતે ઘાયલ થઈને જીવિત રહેવું એ એક અદભુત અને મહત્ત્વપૂર્ણ ઘટના છે. જો વાસ્તવિક રૂપે આવું થયું હતો તો વેદ વ્યાસજી કદાપિ તેની ઉપેક્ષા (Neglect) ન કરતા. પરંતુ આવુ થયું નહોતું. તેથી તેમણે પણ એ પર્વનું નામ 'શરશૈય્યા' (બાણશય્યા) પર્વ ન રાખ્યું, બલ્કે ભીષ્મ વધ પર્વ રાખ્યું.

● મહાભારતના આરંભના બે પર્વનું ના પર્વસંગ્રહ છે. આ બંનેમાં 'મહાભારત' પુસ્તકના અધ્યાયો અને

ઘટનાઓનું વર્ણન (Details of Topics) છે.

● પર્વ સંગ્રહ અનુસાર ભીષ્મ પર્વમાં કુલ ૧૧૭ અધ્યાય અને ૫૮૮૪ શ્લોક હોવા જોઈએ. પરંતુ અત્યારે અધ્યાયની સંખ્યા ૧૨૨ અને શ્લોકોની સંખ્યા ૬૧૦૦ છે. મહારાજ વિકાસાનન્દજી કહે છે કે આ એ વાતનું પ્રમાણ છે કે મહાભારતમાં પાછળથી શ્લોકો અને અધ્યાયો ઉમેરવામાં આવ્યા છે. (પુનર્જન્મ એક રહસ્ય, પૃ.નં. ૬)

● ભીષ્મ પિતામહના બાણશય્યા પર સૂવાની ઘટના પાછળથી ઉમેરવામાં આવી છે. તેના કેટલાક પ્રમાણો નીચે મુજબ છે :

● ભીષ્મ પર્વના અધ્યાય ૧૩ અને ૧૪ માં સંજય, ધૃતરાષ્ટ્રને ભીષ્મ પિતામહના વધની જાણકારી આપી રહ્યા છે. હકીકતમાં થવું તો એ જોઈતું હતું કે બંને અધ્યાયમાં માત્ર ભીષ્મ પિતામહના તીરોના બિસ્તર (બાણશય્યા) પર સૂવાનું વર્ણન હોય. પરંતુ અધ્યાય ૧૩ માં ચાર વાર અને અધ્યાય ૧૪ માં ૧૩ વાર ભીષ્મ પિતામહના મૃત્યની વાત કહેવામાં આવી છે. અધ્યાય ૧૩ ના એ ચાર શ્લોક આ પ્રમાણે છે :

૧. **निहंत भीष्म भरतानां पितामहः** ११(१३/२)

૨. **हतो भीष्म शान्तनवो भरतानां पितामहः** ११(१३/३)

૩. **सशेते निहतो राजन संख्ये भीष्मः शिखण्डिना** ११(१३/५)

૪. **न हतो जाम दन्येन स हनोहृदय शिखण्डिना** ११(१३/२)

● એ જ રીતે પહેલા પર્વસંગ્રહમાં શ્લોક નં. ૧૮૩ અને ૧૮૪ માં પણ ભીષ્મ પિતામહના મૃત્યુનું વર્ણન છે, ન કે બાણશય્યા પર સૂવાનું. એ શ્લોક નીચે મુજબ છે :

૧. **स्वयं मृत्यु विहिंत धार्मिकेम ।**
**(महाः आदि पर्व - १/१८३)**

૨. **यथोश्रोवं ाीष्ममत्यान्तशूरं हतं पार्थे नाह वेष्ब प्रधृश्यम । (महाः आदि पर्व - १/१८३)**

● મહારાજ વિકાસાનન્દજી લખે છે કે મહાભારતના લેખક શ્રી વેદ વ્યાસજીએ મહાભારત મહાકાવ્યમાં ઘણા મહાપુરુષોના મૃત્યની ઘટનાઓનું વર્ણન કર્યું છે; જેમ કે અભિમન્યુ, દ્રોણાચાર્ય, કર્ણ વગેરે. પરંતુ શ્રી વેદ વ્યાસજીએ સ્વર્ગારોહણ પર્વ, અધ્યાય ૫, મંત્ર નં. ૨૬-૨૭ માં આ બધાને સ્વર્ગ પ્રાપ્ત થયું એવું લખ્યું છે. જ્યારે કે એ સમયે સૂર્ય દક્ષિણમાં હતો. તો ભીષ્મ પિતામહને ગંભીર રૂપે ઘાયલ હોવા છતાં પણ ઘણા દિવસો સુધી બાણશય્યા પરૂ સૂઈ રહેવાનું શું કારણ હતું ? વાસ્તવમાં કોઈ કારણ ન હતું.

● શ્રી વેદ વ્યાસજીએ આખા મહાભારતમાં ક્યાંય પણ કોઈના પુનર્જન્મનું વર્ણન નથી કર્યું. તેથી મહાભારતમાં ભીષ્મ પિતામહના પુનર્જન્મના ડરથી બાણશય્યા પર સૂવાની ઘટના પાછળથી મહાભારતમાં ઉમેરવામાં આવે છે, અને આ ઘટના સત્ય નથી.

● ઉપર અમે જે કંઈ કહ્યું તેનો સાર એ છે કે હિંદુ ધર્મના સૌથી મહાન વિદ્વાન મહર્ષિ શ્રી વેદ વ્યાસજી પુનર્જન્મમાં વિશ્વાસ નહોતા રાખતા, ન તેમણે કોઈને તેની શિક્ષા આપી અને ન તેને કોઈ ગ્રંથમાં લખ્યું.

● મહાભારતમાં ભીષ્મ પિતામહના પોતાના મૃત્યુને પુનર્જન્મના ડરથી આગળ વધારવાની જે ઘટનાનું વર્ણન છે, તે મહાભારતમાં પાછળથી ઉમેરવામાં આવેલ છે. તે વેદ વ્યાસજીની શિક્ષા નથી.

## છાન્દોગ્ય ઉપનિષદમાં પુનર્જન્મનો ઉલ્લેખ

● મહર્ષિ વેદ વ્યાસજીના એક શિષ્યનું નામ ઋષિ વૈશ્યંમ્પાયન હતું, અને ઋષિ વૈશ્યંમ્પાયનના શિષ્યનું ના ઋષિ તાણ્ડ હતું. તાણ્ડે સામવેદની એક શાખા પર શોધ કરી, પછી તેની વ્યાખ્યા કરી, જેને તાણ્ડ શાખા કહેવામાં આવે છે.

● આ તાણ્ડ શાખાના એક ભાગનું નામ છાન્દોગ્ય ઉપનિષદ છે. આ છાન્દોગ્ય ઉપનિષદમાં દસ ભાગો છે, જેમાંથી ૮ ભાગોને એક પુસ્તકનું રૂપ આપવામાં આવ્યું છે, જેને 'છાન્દોગ્ય ઉપનિષદ' કહે છે.

● છાન્દોગ્ય .પનિષદમાં ૬ અધ્યાય, ૧૫૨ ખંડ અને ૬૨૮ મંત્ર છે. આ ઉપનિષદમાં બે જગ્યાએ પરલોકના માર્ગો અને પુનર્જન્મનું વિસ્તારથી વર્ણન છે.

● અધ્યાય ૫, ખંડ ૧૦ ના બધા ૧૦ મંત્રોમાં પરલોકના માર્ગોની વ્યાખ્યા છે. અધ્યાય ૮ ના ખંડ ૬ ના પાંચમા મંત્રમાં પણ પરલોકના માર્ગોનું વર્ણન છે.

● છાન્દોગ્ય ઉપનિષદના અધ્યાય ૫ અને ખંડ ૧૦ ના આઠ શ્લોકોનું વર્ણન નીચે મુજબ છે :

**મંત્ર નં.-૧ :**

**''तद्य इत्थं विदुर्ये चेमेहरण्ये श्रद्धा तप इरयुपासते ते हर्चिषममि संमवन्वर्चिपोहरह आपूर्यमाण-पक्षमा पूर्यमाण पक्षा धान्श डु दङ् डेति मासांस्तान् ।''**

**અનુવાદ :** જે પંચાગ્નિના જ્ઞાનને પ્રાપ્ત કરે છે અને જંગલમાં રહીને સાચી શ્રદ્ધાથી પ્રાર્થના કરે છે તે મૃત્યુ પામ્યા પછી તેજ પ્રકાશના કિરણો પર સવારી કરે છે. કિરણોથી દિવસ, દિવસથી શુક્લ પક્ષ, પછી શુક્લ પક્ષથી ઉત્તરાયણના છ મહિનાઓને પામી લે છે.

(અધ્યાય-૫, ખંડ-૧૦, શ્લોક-૧)

**મંત્ર નં.-૨ :**

**''मासे य संवत्सर संवत्सरा दादित्य मादित्याच्चन्द्रमसं चन्द्रमसो विद्युतं तत्पुरुषो हमानवः स इनान्ब्रहा गमयत्येश देवयानः पन्था इति ।''**

**અનુવાદ :** ઉત્તરાયણના છ મહિનાઓ પછી સંવત્સરને પામી લે છે. સંવત્સરથી આદિત્ય, પછી આદિત્યથી ચન્દ્રમા. પછી ચન્દ્રમાથી વિદ્યુતને પામી લે છે. ત્યાં એક પવિત્ર આત્મા છે, જે મૃતકને પરબ્રહ્માથી મેળવી દે છે. ત્યાં જ સ્વર્ગનો માર્ગ અર્થાત્ દેવયાન છે. (શ્લોક-૨)

● મંત્ર નં.-૧ અને ૨ નો ભાવાર્થ :અર્થાત્ સ્વર્ગનો માર્ગ તેમને જ મળે છે, જેઓ જંગલમાં પંચાગ્નિ જ્ઞાનના માધ્યમથી પ્રાર્થના કરે છે.

**મંત્ર નં.-૩ :**

**''अथ य इमे भ्राम इष्टापूर्ते दन्तमिव्युपासते ते धूममभिसं अवन्ति धूमाद्रत्रिं रात्रेर पर पक्षम परपक्षाद्यान्ष इदक्षिणैति मासांस्तान्नैते संवत्सर गणि प्रागुवन्ति ।''**

**અનુવાદ :** અને જે લોકો શહેરો અને ગામડાઓમાં રહે છે અને જેઓ ઈશ્વરની પ્રાર્થના દ્વારા અથવા સમાજ સેવાના માધ્યમથી, અથવા દાન પુણ્યના માધ્યમથી પ્રાર્થના કરે છે, તેઓ મૃત્યુ પછી ધૂમાડા પર સવારી કરે છે. ધૂમાડાથી રાત્રે, પછી રાતથી કૃષ્ણ પક્ષને પામી લે છે. આ લોકોને સંવત્સર નથી મળતું. (શ્લોક-૩)

**મંત્ર નં.-૪ :**

**''मासे यः पितृलोकं पितृलोकादाश माकाशाच्चन्द्रमसमेष सोमो राजा तददवाना मझं तं देवा अक्ष्यन्ति ।''**

**અનુવાદ :** કૃષ્ણ પક્ષથી તે દક્ષિણાયણને ગ્રહણ કરે છે. (દક્ષિણાયણ અર્થાત્ સૂર્ય જ્યારે દક્ષિણ તરફ હોય છે). પછી તે પિતૃલોકને પ્રાપ્ત કરે છે, પછી પિતૃલોકથી

આકાશ, પછી આકાશથી ચન્દ્રમાને પામી લે છે. આ ચન્દ્રમા જ રાજા સોમ છે. તે સૌનું અન્ન છે. બધા દેવગણો તેનું ભક્ષણ કરે છે. (શ્લોક-૪)

**મંત્ર નં.-૫ :**

**''तस्मिन्या वत्सं पात तृषित्वा थैत मेवाध्यानं पुनर्निबर्तन्ते यथेतमाकाशा द्वायुं वायु धूर्त्वा घूमो अवति घूमो भूत्वाभ्रंभवति ।''**

**અનુવાદ :** જ્યાં સુધી સારા કર્મોના બદલામાં સારા દિવસો પસાર કરવાનો સમય હોય છે, તેઓ ચંદ્ર-મંડળમાં રહે છે. પછી ત્યારબાદ બતાવવામાં આવેલ માર્ગથી પાછા ફરી જાય છે. પહેલા તેઓ આકાશ પર આવે છે, પછી હવા પર સવાર થાય છે, પછી ધૂમાડા પર સવાર થાય છે, પછી ધૂમાડાથી વાદળ બની જાય છે. (શ્લોક-૫)

**મંત્ર નં. ૬ :**

**''अभ्रं भूत्वा मेधो भवति मेधो भूत्वा प्रवर्षति त इह व्रीहियवा औषधि वनस्पत यस्ति ला भाषा इति जायन्ते हतो वै खलु दुर्निश्प्रपतरं यो द्यन्न भान्ति यो रेतः सिन्चति तध्दुय एवं भवति ।''**

**અનુવાદ :** પછી વાદળોથી વર્ષાના રૂપમાં વરસે છે. તે સમયે તે બધી આત્માઓ આ દુનિયામાં ચોખા, જઉ, દવાઓ, વૃક્ષ અને છોડ, અડદની દાળ અને તલ વગેરે બનીને પ્રગટ થાય છે. પછી એ બધી વસ્તુઓને, જે જીવધારીઓ ખાય છે અને જ્યારે તેઓ બાળક જણે છે, તો તે સૌ આત્માઓ એ જ જીવધારીઓના બચ્ચાઓના રૂપમાં જન્મ લે છે. આવા આવાગમનથી નીકળવું ખૂબ મુશ્કેલ છે. (શ્લોક-૬)

**મંત્ર નં.-૭ :**

**''तद्य इह रमणीयचरणा अ याशो ह यन्ते रमणीयां योनिमापघेरन्ब्रहाणयोनि वा क्षत्रिययोनि वा वेश्य यौनि वाथ य इह कपूयचरणा अ याशो ह यत्ते कपूयां योनिमापद्येरन् श्रयोनिं वा सूकरयोनिं व चण्डालयानिं वा ।''**

**અનુવાદ :** એ તમામ આત્માઓમાં જે સારા કર્મવાળી હોય છે તે ફરીથી સારો જન્મ લે છે; જેમ કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વગેરે, અને જે કુકર્મ કરવાવાળા હોય છે, તેઓ વધારે ખરાબ સ્વરૂપમાં પેદા થાય છે, જેમ કે સુવ્વર, કૂતરો, ચંડાળ. (શ્લોક-૭)

**મંત્ર નં.-૮ :**

**''अथतयोः पर्थार्न कतरेण च न तानिमानि क्षद्वाण्यसकृदावर्तीनी भूतानि भवन्त । (छा-५/१०/)**

**અનુવાદ :** જે આતમાઓ આ બંને માર્ગો અર્થાત્ (અંધકારભર્યા અને ઉજ્જવળ માર્ગો)ને નથી પામતી, તેમને ત્રીજો માર્ગ મળે છે, જેને તૃતીય માર્ગ કહે છે. આ માર્ગને પામવાવાળા કીડા-મકોડાના સ્વરૂપમાં પેદા થાય છે, જેમનું જીવનમાં જીવવું અને મરવું એ જ બે કામ હોય છે. તેથી દુનિયાદારીથી નફરત કરવી જોઈએ અને જંગલનું જીવન અપનાવવું જોઈએ. (શ્લોક-૮)

- ઉપર વર્ણન કરવામાં આવેલ શ્લોકના અનુવાદને જો આપણે ફરીથી વાંચીશું તો વાતો સમજમાં આવે છે.

<u>૧.</u> વ્યક્તિ પંચાગ્નિ વિદ્યાને જાણવાવાળો હોવો જોઈએ.

<u>૨.</u> વ્યક્તિ પંચાગ્નિ વિદ્યાને જાણીને જંગલમાં રહેવાવાળો હોય.

<u>૩.</u> વ્યક્તિ પંચાગ્નિ વિદાને જાણીને જંગલમાં રહીને વિશ્વાસની સાથે ઉપાસના અને ભક્તિ કરવાવાળો હોય. આવો વ્યક્તિ જ મૃત્યુ પછી દેવયાન અર્થાત્ સ્વર્ગના માર્ગને પામશે.

● વિકાસાનન્દ બ્રહ્મચારીજી કહે છે કે સ્વર્ગનો માર્ગ પ્રાપ્ત કરવાની જે ત્રણ શરતો છે તે શું ભીષ્મ પિતામહમાં હતી ? તેથી કાં તો ભીષ્મ પિતામહને પણ સ્વર્ગનો માર્ગ ન મળ્યો, અને જો ભીષ્મ પિતામહને સ્વર્ગનો માર્ગ મળી ગયો તો આ ત્રણ શરતો ખોટી છે.

● મહારાજજી કહે છે કે જે લોકો સમાજમાં રહીને ઈશ્વરની ઉપાસના કરે છે અને માનવ-સેવાનું કાર્ય કરે છે, અને દાન પુણ્યનું કાર્ય કરે છે, તેમણે શું ખોટું કામ કર્યું કે તેમને સ્વર્ગનો માર્ગ ન મળે. સમાજમાં રહીને પુણ્ય કાર્ય કરવું શું પાપ છે ?

● જો આ સૃષ્ટિના વિધાતાએ (ઈશ્વરે) મુક્તિનો માર્ગ કેવળ જંગલમાં રહીને ઉપાસના કરવાથી મૂક્યો હોય તો આજે મનુષ્ય પેદા જ ન થતા, ન આપણે હોતા.

● જંગલમાં રહેવું એ વેદોની શિક્ષા નથી. તેથી પુરાણા જમાનાના વિદ્વાનો ગામડાઓ અને શહેરોમાં રહેતા હતા, અને તેમના જીવનમાં પણ પત્ની અને બાળકોનું વર્ણન મળે છે. (ઉદાહરણરૂપે ઋગ્વેદના બીજા મંડલના બધા મંત્રોમાં આનું જ વર્ણન છે.)

● એ જ રીતે ઋગ્વેદના છઠ્ઠા મંડલના ૬, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૭, ૨૪ સુધષી બધા સુક્તોના અંતે લખ્યું છે કે, ''અમે લોકો અમારા પુત્રોની સાથે ૧૦૦ વર્ષ સુધી સુખી જીવન વ્યતીત કરીએ.'' અર્થાત્ પત્ની અને સંતાનોની સાથે સુખી જીવન વ્યતીત કરવું એ ઈશ્વરનું એક વરદાન છે, જેના માટે પ્રાર્થના કરવામાં આવે છે.

● આમ, વેદો સત્ય છે, અને જે કંઈ વેદોના જ્ઞાનના વિરુદ્ધ લખેલું છે તે સત્ય નથી હોઈ શકતું. તેથી જંગલમાં રહીને ઉપાસના કરવાથી જ સ્વર્ગ મળશે એ વાત સત્ય નથી.

● છાન્દોગ્ય ઉપનિષદ (૮:૧૦:૦૫) માં આપણે વાંચ્યું કે દેવયાન અને પિતૃયાન આ બંને માર્ગો ઉપરાંત એક ત્રીજો માર્ગ પણ છે. એ વાત પણ આ ઉપનિષદમાં ખોટી છે, કેમ કે વેદો અને ભગવદ્ ગીતામાં માત્ર બે જ માર્ગોનું વર્ણન છે. ઉદાહરણ રૂપે ભગવદ્ ગીતામાં લખેલું છે,

● ''મારા દ્વારા વેદોમાં પણ (મૃત્યુ પછી) આ સંસારથી (જવા માટે બે) માર્ગો (બતાવવામાં આવ્યા છે). આ બંને માર્ગોમાં નિઃસંદેહ એક ઉજ્જવળ (સફળતાનો) માર્ગ છે અને બીજો અંધકારભર્યો (નિષ્ફળતાનો) માર્ગ છે. એક માર્ગ (જન્મ અને મૃત્યુના વારંવાર) પાછા ન આવવાવાળા (સ્વર્ગના) ધામ તરફ જાય છે, અને બીજો (અંધકારભર્યો માર્ગ છે જે) વારંવાર (જન્મ અને મૃત્યુના) પાછા આવવા-વાળા (નર્કના) ધામ તરફ જાય છે.'' (૮:૨૬)

જ્યારે ત્રીજા માર્ગનું વર્ણન કોઈ વેદમાં નથી, તો તે ઉપનિષદમાં કેવી રીતે આવી ગયું !

## છાંન્દોગ્ય ઉપનિષદના એ શ્લોકો, જે વેદોની શિક્ષા આપે છે :

● છાન્દોગ્ય ઉપનિષદમાં અત્યાર સુધી જે આપણે વાંચ્યુ એ બધામાં વેદોના જ્ઞાનના વિરુદ્ધ વાતો હતી. હવે આપણે એ જ ઉપનિષદમાં પરલોકની કેટલીક બીજી વાતો વાંચીએ છીએ, જે વેદોના જ્ઞાન અનુસાર છે. તે વાતો નીચે મુજબ છે :

● **''अथ सत्र एरात् अस्मात शरीरम उत्कामति अथ एतैः एवं रश्मिनिः उर्ध्दम आकमते, सः ओम इति व उद्वउत वा मीयते, स यावत क्षिप्यते, मनः तावत् आद्रिव्यम मच्छति । एतत् वै खलू लोक द्वारम विदुषाम प्रपदनम् निरोधः अविदृषाम ।** (छा.-८/६/५)

● આ જ છાંદોગ્ય ઉપનિષદમાં અધ્યાય-૮, મંડલ-૬ અને મંત્ર-૫ માં લખ્યું છે કે જ્યારે આત્મા શરીરથી

નીકળે છે, તો પ્રકાશના માધ્યમથી ઉપરની તરફ યાત્રા કરે છે. જો કોઈ મનુષ્યનું મૃત્યુ ઈશ્વરને યાદ કરતાં થયું હશે તો જરૂરથી તે ઉપરની તરફ ગમન કરે છે. તે આદિત્ય નામના લોકમાં એટલી ઝડપથી પહોંચી જાય છે જેટલી વારમાં મન એક વિચારથી બીજા વિચાર તરફ જાય છે. (અર્થાત્ ખૂબ જ તીવ્ર ઝડપથી). આ આદિત્ય લોક જ સ્વર્ગનો માર્ગ છે, જેમાં માત્ર જ્ઞાનીઓ અને તપસ્વીઓ જ પ્રવેશ કરશે. તેમાં અજ્ઞાનીઓ પ્રવેશ નહીં કરી શકે. (પુનર્જન્મ એક રહસ્ય, પૃ.નં.૨૨)

● હવે છાન્દોગ્ય ઉપનિષદના આ જ્ઞાન પર ધ્યાન આપો. આ જ્ઞાન વેદોથી મળતું છે. એક જ ઉપનિષદમાં બે પ્રકાશની શિક્ષા કેવી રીતે હોઈ શકે છે ? હમણા આપણે આ ઉપનિષદમાં વાંચ્યું કે પંચાગ્નિના જ્ઞાન અને જંગલમાં રહીને ઉપાસના વગર સ્વર્ગ નહીં મળે, અને મૃત્યુ વખતે જો સૂર્ય ઉત્તર દિશા તરફ ન હોય તો ધરતી પર ફરી જન્મ લેવો પડશે, અને હવે આપણે વાંચી રહ્યા છીએ કે સજ્જન મનુષ્ય જો ઈશ્વરનું નામ લેતા પ્રોતાના પ્રાણ ત્યાગી દે તો સ્વર્ગના દ્વારા સુધી પહોંચી જાય છે. શું એક જ ઉપનિષદમાં બે પ્રકારની શિક્ષાઓ, શું તમને આનાથી આશ્ચર્ય થતું નથી ! જી હા, આ ખૂબ આશ્ચર્યજનક વાત છે, અને આ એટલા માટે છે કે આમાં એક સાચી અને એક ખોટી છે. સાચું જ્ઞાન એ છે જે વેદોથી મળતું હોય, અર્થાત્ મનુષ્યનો આત્મા મૃત્યુ પછી ઉપરની તરફ યાત્રા કરે છે અને ખૂબ ઝડપથી પરલોકમાં પહોંચી જાય છે, જ્યારે કે પુનર્જન્મવાળી અને સૂર્યથી સંબંધિત સ્વર્ગના માર્ગની શિક્ષા એ વેદની શિક્ષા નથી. તેથી તે બધી શિક્ષા આ .પનિષદમાં પાછળથી સામેલ કરવામાં આવી છે અને બનાવટી (Fabricated) છે.

## બૃહદારણ્યક ઉપનિષદમાં પુનર્જન્મનું વર્ણન

**બૃહદારણ્યક ઉપનિષદ :**

● બૃહદારણ્યક ઉપનિષદને ઋષિ યાજ્ઞવલ્કયે લખ્યું હતું. ઋષિ યાજ્ઞવલ્કય ઋષિ વૈશમ્પાયકના શીષ્ય હતા અને ઋષિ વૈશમ્પાયક ઋષિ મહર્ષિ વેદ વ્યાસજીના શિષ્ય છે. બૃહદારણ્યક ઉપનિષદ યજુર્વેદ ભાગના બ્રાહ્મણ શતપથના ૧૪ અધ્યાયને લઈને બનેલ છે. આ ઉપનિષદના કુલ ૬ અધ્યાય છે. આ અધ્યાયોમાં કુલ ૪૭ બ્રાહ્મણ છે અને કુલ ૪૩૫ મંત્રો છે.

● આ ઉપનિષદમાં કુલ ૩ જગ્યાએ પરલોકનું વર્ણન છે.

૧. ચોથા અધ્યાયના ચોથા બ્રાહ્મણમાં.

૨. પાંચમા અધ્યાયના દસમા બ્રાહ્મણમાં.

૩. છઠ્ઠા અધ્યાયના બીજા બ્રાહ્મણમાં.

**ચોથા અધ્યાયના ચોથા બ્રાહ્મણમાં શ્લોક નં. ૩ આ પ્રમાણે છે :**

● જે રીતે ઘાસ પર ચાલવાવાળો કીડો એક ઘાસના તણખલાથી બીજા તણખલા પર જવા માટે પોતાના શરીરને પહેલા સંકોચે છે, પછી બીજા તણખલાનો સહારો લીધા બાદ પહેલા તણખલાને છોડી દે છે, એ જ રીતે આત્મા પહેલા શરીરનો સહારો છોડીને અવિદ્યાનો પરિત્યાગ કરીને પોતાનો ઉપસંહાર કરીને બીજા નવીન શરીરનો આશ્રય ગ્રહણ કરી લે છે.

(૪/૪/૩)

**ચોથો શ્લોક આ પ્રમાણે છે :**

● જે રીતે સુવર્ણકાર સુવર્ણ લઈને તેને નવીન કલ્યાણકારી રૂપ પ્રદાન કરે છે, એ જ રીતે આ આત્મા

વર્તમાન શરીરને ચેતનારહિત કરીને, અવિદ્યાથી મુક્તિ પામીને પિતૃ, ગન્ધર્વ, દેવ, પ્રજાપતિ, બ્રહ્મ અથવા અન્ય પ્રાણીઓના નવીન સ્વરૂપને ધારણ કરે છે, અથવા નવીન રૂપોનું નિર્માણ કરે છે. (૪/૪/૪)

● મહારાજ વિકાસાનન્દજી કહે છે કે બૃહદારણ્યક ઉપનિષદમાં વર્ણવવામાં આવેલ બંને શ્લોકોનું જ્ઞાન વેદોના નીચે દર્શાવેલ મંત્રોના જ્ઞાનથી અલગ છે. વેદોના બંને મંત્રો આ પ્રમાણે છે :

● પલોકમાં આત્માને નવું શરીર મળશે, પરલોકમાં તમામ આત્માઓને દેવતાઓના વંશમાં રહેવું પડશે. પરલોકમાં આત્માઓ સ્વતંત્ર નહીં હોય, અને એ આત્માઓને પોતાના કર્મોનું ફળ પણ ત્યાં જ ભોગવવું પડશે. (ઋગ્વેદ ૨:૧૬:૧૦)

● આત્માઓ કયા માર્ગથી પરલોક જશે એ માર્ગ યમદૂત પહેલાથી જ લખાવી દે છે. તે માર્ગ કદાપિ નષ્ટ ન થવાવાળો છે. જે માર્ગથી પહેલાના લોકો ગયા છે, પોત-પોતાના કર્મોના આધારે પ્રત્યેક પ્રાણી એ જ માર્ગથી જશે. (ઋગ્વેદ ૧૦:૧૪:૨, રમેશચન્દ્ર દત્ત) (પુનર્જન્મ કા રહસ્ય, પૃ.નં.૨૪)

● આમ, આ બંને શ્લોકોથી સ્પષ્ટ થાય છે કે આત્માઓ પોતાની મરજીથી કોઈપણ રૂપમાં ફરી જન્મ લેવા માટે સ્વતંત્ર નથી.

**અને, આ બંને શ્લોકોથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે,**

૧. પુનર્જન્મ નથી, બલ્કે મૃત્યુ પામનારાઓને પરલોકમાં (દેવતાઓ કે ફરિશ્તાઓની જેમ) એક નવું શરીર મળશે.

૨. મૃત્યુ પામનારને કયા માર્ગથી સ્વર્ગ કે નર્કમાં જવાનું છે એ યમદૂત બતાવશે, અને કર્મો અનુસાર સ્વર્ગ કે નર્કનો માર્ગ મળશે.

૩. પરલોકમાં જ તેને પોતાના કર્મોનું ફળ ભોગવવું પડશે.

● આ ઉપનિષદના ચોથા અધ્યાયના ચોથા બ્રાહ્મણના છઠ્ઠા શ્લોકનો અધ્યાય એ છે કે જે લોકોનું દિલ ઇચ્છાઓથી ભરેલું હોય છે, તેઓ જો સત્કર્મો કરે તો પણ તેઓ પોતાના સત્કર્મો અનુસાર અમુક દિવસ પરલોકમાં આરામથી રહે છે, પરંતુ તેઓ આરામનો થોડોક સમય સમાપ્ત થઈ ગયા પછી ફરી એ જ દુનિયામાં વારંવાર જન્મ લેવા માટે પાછા આવી જાય છે, અને જેઓ કોઈ વસ્તુની ઇચ્છા નથી રાખતા અને જેઓ દરેક કાર્ય માત્ર ઈશ્વરથી બદલાની આશાથી કરે છે, તેમનો પુનર્જન્મ થતો નથી. તેઓ તો બ્રહ્મામાં જ સમાઈ જાય છે.

● ઉપર વર્ણવેલ શ્લોક અનુસાર બધી ઇચ્છાઓવાળા મનુષ્યને સ્વર્ગ નહીં મળે. મહારાજ વિકાસાનન્દજી કહે છે કે એવો કયો મનુષ્ય છે, જેના મનમાં કોઈ ઇચ્છા ન હોય? માત્ર ઇચ્છા કરવાથી જો નર્ક મળવા લાગે તો આ રીતે તો કોઈ મનુષ્ય સફળ થઈ જ શકતો નથી.

● આમ, જે કંઈ બૃહદારણ્યક ઉપનિષદના ત્રણ શ્લોકોમાં છે તે વેદોની શિક્ષાથી વિરુદ્ધ છે.

● હવે આપણે બૃહદરાણ્યક ઉપનિષદના એક શ્લોક પરલોક વિશે જોઈએ છીએ, જે વેદો અનુસાર છે :

**● यदा वै पुरुषो हस्माल्लोकात्प्रेति स वायुमागच्छति तस्मै स तत विजिहते यथा रथचक्रस्य एरां तेन स उर्ध्व आक्रमते ख आदित्य मा गच्छति तस्मै स तत विजिहते यथा लम्बरस्य ख तेन स उर्ध्व आक्रमते स चन्द्रमसमागच्छते तस्मै स तत विजिहते यथा दुन्दु भेः खं तेन स उर्ध्व आक्रमते स लोक मागच्छत्य भाकमहिम तस्मिनवसति भाश्वती समाः ।**

**(बृहदारण्यक उपनिषद, ४/१०/१ मन्त्र)**

**અનુવાદ :** જ્યારે મનુષ્ય મૃત્યુ પછી પરલોક તરફ

યાત્રા કરે છે, તો તે સૌથી પહેલા વાયુલોકમાં પ્રવેશ કરે છે. ત્યાં વાયુ પોતાની ચાદરમાં છેદ કરીને તેને માર્ગ આપે છે. આ છેદ રથના પૈડાઓના રૂપમાં હોય છે. આ માર્ગથી તે ઉપરની તરફ ઉઠે છે. તે સૂર્યના લોકમાં પ્રવેશ કરે છે. એ લોકમાં પણ લમ્બર નામના હથિયારના રૂપના છેદની જેમ તેનો માર્ગ હોય છે. ત્યાંથી તે ઉપર તરફ ઉઠે છે, અને ચંદ્રલોકમાં પહોંચી જાય છે. ત્યાંથી તેના માટે દુન્દુભિના સ્વરૂપનો છેદનો માર્ગ આપવામાં આવે છે. આ લોકથી તે ઉપર ઉઠે છે અને તે 'અહિમ' (જ્યાં માનસિક તણાવ નથી) અને 'હમ' (જ્યાં શારીરિક પીડા નથી) એવા લોકમાં પહોંચી જાય છે, ત્યાં ચીરકાળ માટે નિવાસ કરે છે.

- જ્યારે એક જ ઉપનિષદમાં બે અલગ-અલગ શિક્ષા હોય તો તે શિક્ષા જો વેદોથી મળતી છે, તેને જ અપનાવવામાં આવશે. ઉપર આપવામાં આવેલ શ્લોકમાં મૃત્યુ પામનારના માર્ગનું વર્ણન વેદની શિક્ષા અનુસાર છે, તેથી તેને અપનાવીને પહેલાના બધા શ્લોકોને, જેમાં પુનર્જન્મનું વર્ણન છે અને મુક્તિ મળવાની ઘણી મુશ્કેલીઓ છે આપણે તે બધાને છોડી દઈએ છીએ.

- મહારાજ વિકાસાનન્દ બ્રહ્મચારીજી કહે છે કે સત્ય હંમેશા એક સમાન અને હંમેશા કાયમ રહે છે, અને જૂઠ વારંવાર બદલાતું રહે છે.

- એક જ ઉપનિષદમાં આ રીતે મૃત્યુ પછી અને પુનર્જન્મના બે કે ત્રણ પ્રકારનું વર્ણન એ વાતનો પુરાવો છે કે આ પુનર્જન્મની શિક્ષા ઉપનિષદમાં પાછળથી ઉમેરવામાં આવી છે, અને તે મૂળ વેદના જ્ઞાન અનુસાર નથી અને પ્રક્ષિપ્ત છે.

- આમ, એ સાબિત થઈ ગયું કે મહાભારત, છાન્દોગ્ય ઉપનિષદ અને બૃહદારણ્યક ઉપનિષદમાં જે પુનર્જન્મની શિક્ષા છે તે વેદોનું જ્ઞાન નથી, બલ્કે પાછળથી ઉમેરવામાં આવી છે (પ્રક્ષિપ્ત છે) અથવા ભેળવવામાં આવી છે.

- ઋગ્વેદનો નીચે દર્શાવેલ શ્લોક સ્પષ્ટ રૂપે એ વાત કહે છે કે પુનર્જન્મનો દૃષ્ટિકોણ તદ્દન ખોટો છ :

- પુનઃ પુનઃ ઉત્પન્ન થવાનું વર્ણન 'સસાન શુમ્ભ' (શૈતાન) જેવા પ્રાચીન કાળ (ના લોકો દ્વારા) કરવામાં આવતું રહ્યું છે, ત્યારે પાપીઓ સમાન એ પ્રકારે માનવાવાળાઓને વર્જિત કરો. મૃત્યુ પામનારાઓની દેવી આયુષ્યને બાળે છે (અર્થાત્ જલ્દી કરો, જીવનની મુદ્દત સમાપ્ત થતી જઈ રહી છે). (ઋગ્વેદ ૧:૯૨:૧૦)

- ઉપર વર્ણવવામાં આવેલ અનુવાદ પંડિત દુર્ગાશંકર સત્યાર્થીનો છે. આ અનુવાદમાં સ્પષ્ટ રૂપે કહેવામાં આવ્યું છે કે વેદે પુનર્જન્મના વિશ્વાસને ખોટો બતાવ્યો છે, અને આવા વિશ્વાસને સમાપ્ત કરવાનું કહ્યું છે.

## શું ભગવદ્ ગીતામાં પુનર્જન્મની શિક્ષા છે ?

- ભગવદ્ ગીતાના નીચે દર્શાવેલ શ્લોકનો અર્થ શું છે ?

- હે અર્જુન ! ઈશ્વરના ધામની આસપાસ જેટલા પણ લોક છે, ત્યાં વારંવાર પેદા થવા અને મૃત્યુ પામવાનું ચક્કર ચાલતું રહે છે, પરંતુ હે કુન્તી-પુત્ર (અર્જુન) ! (ઈશ્વર કહી રહ્યો છે કે) મને પામ્યા પછી (સ્વર્ગમાં) કોઈનો વારંવાર જન્મ નથી થતો. (૮:૧૬)

- આવા શ્લોકની વ્યાખ્યા સામાન્ય રીતે એવી રીતે કરવામાં આવે છે કે, જે લોકો જીવનમાં પાપ કરે છે, તેઓ મૃત્યુ પછી પોતાના પાપોની સજા ભોગવવા માટે આ ધરતી પર ફરી જન્મ લે છે. તેઓ જીવનમાં ફરી પાપ કરતા રહે છે અને મૃત્યુ પછી ફરી જન્મ લેતા રહે છે. આ રીતે તેમનો જીવવા-મરવાનો ક્રમ તે સમય સુધી ચાલતો રહે છે, જ્યાં સુધી તેઓ પુણ્ય

કરીને પોતાના આત્માને પવિત્ર ન કરી લે. જ્યારે તેઓ બધા પાપોથી મુક્ત થઈ જાય છે, તો મુક્તિ પામીને ઈશ્વરમાં સમાઈ જાય છે.

- ઈશ્વરમાં સમાઈ જવાની શ્રદ્ધા કે વિશ્વાસ રાખવાવાળા પોતાના વિશ્વાસને નીચે દર્શાવેલ ઉદાહરણથી સમજાવે છે :

ઈશ્વર એક મહાન સાગરની જેમ છે. ધરતી પર જેટલું પાણી છે તે સાગરથી વાદળની તરફ નીકળીને વરસેલ પાણી છે, અને ધરતીનું પાણી એક દિવસ ફરી ચક્ર (Water Cycle) પૂરું કરીને સાગરમાં સમાઈ જાય છે. એ જ રીતે આપણો આત્મા પણ મહાન ઈશ્વરથી નીકળ્યો છે અને એક દિવસ પવિત્ર થઈને અને મુક્તિ પામીને તેનામાં સમાઈ જશે.

- ઉપર લખવામાં આવેલ પુનર્જન્મ અને ઈશ્વરમાં સમાઈ જવાના બે વિશ્વાસ કે શ્રદ્ધા કેટલા અંશે સાચી છે, આવો આપણે તેને સમજીએ :

- ભગવદ્ ગીતાના ત્રણ શ્લોક આ પ્રમાણે છે :

- મારી ન દેખાઈ શકતી મૂર્તિ, શરીર કે રૂપ દ્વારા આ સમગ્ર સંસારનો ફેલાવો છે. સમગ્ર નિર્મિત વસ્તુઓ મારાથી સ્થિત છે અને હું તેમનાથી સ્થિત નથી. (૯:૪)

(નોંધ : નિર્મિત વસ્તુઓ એ બધી વસ્તુઓ છે જેને ઈશ્વરે નિર્માણ કરી છે, જેમ કે ધરતી, આકાશ, પશુ-પક્ષી, માનવ-જાતિ વગેરે.)

- અને હું નિર્મિત વસ્તુઓમાં સ્થિત નથી, અને નિર્મિત વસ્તુઓ મારામાં સ્થિત નથી. પુરાવારૂપે મારી પ્રકૃતિથી જોડાયેલ (નિર્મિત વસ્તુઓ)ને જુઓ, તો જાણી લેશો કે હું સ્વયં સમગ્ર નિર્મિત વસ્તુઓનું પાલન-પોષણ કરવાવાળો છું. (૯:૫)

- હે કૃન્તી-પુત્ર (અર્જુન) ! (ઈશ્વર કહી રહ્યો છે કે) મારી નિર્માણ કરવાવાળી પ્રકૃતિના આદેશથી જ સજીવ અને નિર્જીવ વસ્તુઓ પેદા થઈ રહી છે. આ જ કારણસર આ સંસાર કે ભૂમિનું પરિવર્તન કરવું પણ મારી પ્રકૃતિના વશમાં છે. (૯:૧૦)

- આ ત્રણેય શ્લોકોથી જે શિક્ષા મળે છે તે આ પ્રમાણે છે :

૧) ઈશ્વરે સૌનું નિર્માણ કર્યું.

૨) ઈશ્વરની આા અને મહિમાથી જ બધા જીવન અને મૃત્યુ પામે છે.

૩) ઈશ્વર કોઈમાં સમાતો નથી, અને ન કોઈ ઈશ્વરમાં સમાય છે.

- આમ, એ વિશ્વાસ કે શ્રદ્ધા કે લોકો પોતાના આત્માને પવિત્ર કરીને મુક્તિ અને મોક્ષ પામીને ઈશ્વરમાં સમાઈ જાય છે, એ ભગવદ્ ગીતાની શિક્ષા અનુસાર નથી.

- હવે આપણે વારંવાર જન્મ લેવા અને મૃત્યુ પામવાના વિશ્વાસ કે શ્રદ્ધાને સમજીએ છીએ.

- શ્લોક નં. ૮:૧૬ માં લખ્યું છે કે ઈશ્વરના ધામની આસપાસ જેટલા પણ લોકો છે ત્યાં વારંવાર પેદા થવા અને મૃત્યુ પામવાનું ચક્કર ચાલતું રહે છે.

- ઈશ્વરનું ધામ ક્યાં છે ?

  ઈશ્વરનું ધામ સ્વર્ગ છે.

- સ્વર્ગની આસપાસ શું છે ?

  આપણી ધરતી ?

  ના — !

- સ્વર્ગના ચારે તરફ ૮૪ લાખ નર્ક છે. (ગરુડ પુરાણ, અધ્યાય-૩, મંત્ર-૬૦)

- સ્વર્ગના ચારે તરફ ૮૪ લાખ નર્ક છે અને

સ્વર્ગ તેમના વચ્ચે એક ઊંચી અને વિશાળ જગ્યા છે.

**ઋગ્વેદમાં સ્વર્ગ વિશે આ શ્લોક છે :**

- ''તમે ત્યાં પોતાની સચ્ચાઈની સહાયતાથી એ જગ્યાને જોજો, જે અત્યંત વિસ્તૃત દશ્યોવાળી છે.''(ઋગ્વેદ ૧:૨૧:૬)

- આચાર્ય સયાને પોતાના વેદોની વ્યાખ્યામાં આ વિસ્તૃત સ્થાનને સ્વર્ગ કહેલ છે.

જે રીતે કોઈ મજબૂત કિલ્લાના ચારે તરફ ઊંડી ખાઈ હોય છે, એ જ રીતે સ્વર્ગની ચારે તરફ નર્કની ઊંડી ખાઈ છે.

- નર્કની ઊંડી ખાઈ વિશે ઋગ્વેદમાં આ પ્રમાણે વર્ણન છે :

- ''જે પાપી છે, તેમના માટે આ અગાધ ઊંડાઈવાળું સ્થાન અસ્તિત્વમાં આવ્યું છે.'' (ઋગ્વેદ ૪:૫:૫)

- આચાર્ય સયાને પોતાના વેદોની વ્યાખ્યામાં આ અગધ ઊંડાઈવાળા સ્થાનને નર્ક કહેલ છે.

(નોંધ: ગરુડ પુરાણ, અધ્યાય-૪, મંત્ર-૨ અનુસાર પાપી એક નર્કથી બીજા નર્કમાં જાય છે અને કુલ ૮૪ લાખ નર્ક છે. આને જ પુનર્જન્મમાં વિશ્વાસ રાખવાવાળા લોકો ૮૪ લાખ વાર જન્મ લેવાનું કહે છે.)

- ગરુડ પુરાણમાં જે નર્કમાં યાતના અને સજાનું વર્ણન છે તે આપણે આ પુસ્તકના અંતમાં જોઈશું.

- ગરુડ પુરાણ અનુસાર નર્કમાં પાપીના શરીરને સાપ ગળી જાય છે, અથવા દેવદૂત પાપીને ઊંચા પહાડ પરથી નીચે ફેંકી દે છે, જેનાથી પાપીનું શરીર ટુકડે-ટુકડા થઈ જાય છે, અથવા યમદૂત તેને શસ્ત્રથી કાપી-કાપીને ટુકડે-ટુકડા કરી નાખે છે. આમ, જ્યારે એક વાર શરીર યાતના અને સજાને લાયક નથી રહેતું, તો ઈશ્વર એ પાપીને નવું શરીર પ્રદાન કરે છે, જેથી યાતનાઓ અને સજા આપવાનો ક્રમ ચાલતો રહે.

- શ્લોક નં. ૮:૧૬ નો એ જ યોગ્ય અર્થ છે કે ઈશ્વર-ધામની આસપાસ જે ૮૪ લાખ નર્ક છે, ત્યાં જીવન અને મૃત્યુનું ચક્કર ચાલતું રહે છે, અને જે ઈશ્વરના ધામને (સ્વર્ગને) પામી લે છે, પછી તેને મૃત્યુ નથી આવતું, એટલા માટે કે સ્વર્ગનું જીવન અમર જીવન છે, સ્વર્ગમાં કોઈનું મૃત્યુ નહીં થાય.

- આમ, ભગવદ્ ગીતામાં જ્યાં-જ્યાં આ પ્રકારે વારંવાર જીવન અને મૃત્યુ વિશે લખવામાં આવેલ છે, તે ધરતી પર નહીં બલ્કે નર્ક માટે લખેલ છે. આમ ભગવ્દ ગીતામાં પણ પુનર્જન્મની શિક્ષા નથી.

- ભગવદ્ ગીતાના શ્લોક નં. ૧૫:૪ થી પણ પુનર્જન્મના ન હોવાની શિક્ષા મળે છે. તે શ્લોક આ પ્રમાણ છે :

- પછી એ (અન્ય ધામ અર્થાત્ મૃત્યુ પછીવાળા) ધામને શોધવું જોઈએ, જ્યાં જઈને કોઈપણ પુનઃ આ સંસારમાં પાછો નથી આવતો, અને જ્યાં જઈને નિઃસંદેહ તેને એ સૌથી પહેલા પુરુષ (ઈશ્વર)નું શરણ મળી જાય છે. (આ અન્ય ધામ એ છે) જેના કારણે આ પ્રાચીન સંસારનો આરંભ અને ફેલાવો છે.

- મહારાજ વિકાસાનન્દ્ રહ્મચારીજી કહે છે કે પુનર્જન્મ વિશે સમગ્ર લેખ વાંચ્યા દ અને સંશોધન કર્યા પછી જે વાત સમજમાં આવે છે તે આ પ્રમાણે છે કે — મહર્ષિ વેદ વ્યાસજી હિંદુ ધર્મના સૌથી મોટા આચાર્ય છે. તેમણે મહાભારત અને ૧૭ પુરાણ લખ્યા છે. ભગવદ્ ગીતાને પણ પુસ્તકનું સ્વરૂપ તેમણે જ આપ્યું હતું. પુનર્જન્મ એ એક મહત્ત્વપૂર્ણ વિશ્વાસ કે શ્રદ્ધા છે. જો એમાં થોડીક પણ સચ્ચાઈ અને વાસ્તવિકતા હોત તો તેઓ આ વિશે કંઈ-ને-કંઈ

અવશ્ય લખતા. પરંતુ તેમણે આ વિશે કંઈ જ નથી લખ્યું.


- છાન્દોગ્ય ઉપનિષદ અને બૃહદારણ્યક ઉપનિષદના લેખક ઋષિ તાણ્ડ અને ઋષિ યાજ્ઞવલ્કય એ મહર્ષિ વેદ વ્યાસજીના શિષ્ય હતા. એ રીતે જે શિક્ષા અને વિચાર ગુરુના હોય છે, એ જ તેના શિષ્યોના હોય છે. આમ, ઋષિ તાણ્ડ અને ઋષિ યાજ્ઞવલ્કય પણ પુનર્જન્મ પર વિશ્વાસ રાખવાવાળા ન હતા. તેમના ઉપનિષદોમાં બંને પ્રકારના વિચારો છે અને શ્લોકો છે. અર્થાત્ તેમના ઉપનિષદોમાં વેદોની શિક્ષા અનુસાર પુનર્જન્મ ન હોવાના પણ શ્લોકો છે, અને વેદોની શિક્ષાના વિરુદ્ધમાં પુનર્જન્મ હોવાના પણ શ્લોકો છે. આમ, જે શ્લોકો વેદો અનુસાર પુનર્જન્મ ન હોવાના શ્લોકો છે એ જ લેખકના વિચાર છે, અને જે શ્લોકો પુનર્જન્મ હોવાની શિક્ષા આપે છે તે લેખકના વિચાર નથી, અને તે પાછળથી ઉપનિષદમાં લખવામાં આવ્યા, અથવા ભેળવી દેવામાં આવ્યા છે. તે પ્રક્ષિપ્ત (Fabricated) છે.

ભગવદ્ ગીતા અને કુર્આનને સમજવા માટે અમે નીચે દર્શાવેલ ભગવદ્ ગીતાના અનુવાદ, વેબસાઈટ અને APP થી સહાયતા લીધી છે.

## ભગવદ્ગીતા

**કુર્આનના પ્રકાશમાં**

**અનુવાદક : ડૉ. સાજિદ સિદ્દિકી**




## ગીતા ઔર કુર્આન

**લેખક : પંડિત સુંદરલાલ**

**ભમ્બનાથ-વિશ્વવાણી પ્રેસ, અલાહાબાદ**


**પ્રકાશન - ૧૯૩૬**





## શ્રીમદ્ભગવદ્ગીતા
## સાધક-સંજીવની

**અનુવાદક : સ્વામી સુખરામદાસજી**

http://www.swamiramsukhdasji.net/eBooks/eBooks_Hindi/Sadhak-Sanjeevani-Hindi.pdf




Bhagwad Gita
(The Song of God)
Translated by :
Swami Mukundananda
http://www.holy-bhagwad-gita.org




**કુર્આનના હિન્દી અનુવાદને જાણવા માટે અમે આ APP નો ઉપયોગ કર્યો છે.**

Quran Majeed - القرآن المجيد

**કુર્આનને વિસ્તારથી સમજવા માટે અમે નીચે દર્શાવેલ વેબસાઈટથી સહાયતા લીધી છે.**

www.quranx.com

# શ્રીમદ્ભગવદ

# ગીતા

# કુર્આન

## ના પ્રકાશમાં

‘‘ઈશ્વરના આદેશ અનુસાર ભોજન કરવું અને જીવન વ્યતીત કરવું, ઈશ્વરના આદેશ અનુસાર પ્રયત્ન અને કર્મ કરવા, ઈશ્વરના આદેશ અનુસાર ઊંઘવું અને જાગવું આ જ (ઈશ્વરની) પ્રાર્થના છે, (અને) આ જ તમામ દુ:ખોથી મુક્તિ પામવાનો ઉપાય છે.’’

(ભગવદ્ ગીતા, અધ્યાય–૬, શ્લોક નં. ૧૭)



ISBN 978-81-951129-4-4

₹ 400/-

Gita Publication
Mumbai-400078 (India)
Website : www.gitaquran.com
Email : qsk1961@gmail.com
Tele. : +91-22-25965930